
# શ્રી દશવૈકાલિક વાચના



વાચનાદાતા : આગમવિશારદ પૂ.પં. ગુરુદેવ શ્રી અભયસાગરજી મ.સા.

સંપાદક : પ.પૂ. આચાર્ય શ્રી અશોકસાગર સૂરિજી મ.સા.ના શિષ્ય રત્ન
પૂ. મુનિપ્રવર શ્રી મતિચંદ્રસાગરજી મ.સા.




સંયમનિષ્ઠ પૂ. પાદ પં. ગુરૂદેવ શ્રી અભયસાગરજી મ.સા.



મુનિરાજની જીવનચર્યાથી પ્રભાવિત થતો ગૃહસ્થ

# ભવિજન ! એહવા મુનિ વંદો





પરમાત્મ ધ્યાન કરતાં ગુરૂદેવશ્રી



'ણમો અરિહંતાણં' પદનો જાપ કરતા મુનિશ્રી.





**મુનિ ભગવંતની નિર્લેપતા ( વત્થ-ગંધ**
**ભૌતિક-સંપતિ-સ્ત્રી-અલંકાર પ્રત્યે નિર્લેપ**







પૂજનીય ગુરુભગવંત પ્રત્યે સાચા શ્રાવકનો અહોભાવ તથા
પૂ. ગુરૂદેવની વિહાર ચર્યા - ગોચરી ચર્યા વિગેરે.



દેશના દાતા મુનિના મનમંદિરમાં જિનેશ્વરદેવ
અને હૃદયમાં જિનાગમ.



સમવસરણની ચિંતવનામાં પ્રફુલ્લિત મુનિભગવંત



પરાવર્તના-સ્વાધ્યાયમગ્ન મુનિશ્રી







સમભાવે મુનિરાજનું ષડ્જીવનિકાય-ચિંતન

गंध मलंकार इत्थिय० )

**લેંપતા ધારે તે જૈન સાધુ**

શ્રી આદિનાથાય નમઃ

નમો નમઃ ગુરૂ સાગરાનંદ સૂરયે

## ગુરૂ ગુણ સ્તુતિ

નવકારના જે અતુલધ્યાની શ્રેષ્ઠ યોગીશ્વર હતા,
જે આર્ય સંસ્કૃતિ તણાં સુવિશુદ્ધ સંયમધર હતા;
આગમકેરી વાણીને વરસાવતા વાદળ હતા.
પંન્યાસ ગુરૂવર અભયસાગર, ચરણે હોજો વંદના.

પૂ.આ. શ્રી સ્વયંભવસૂરિજી મ. ગુંફિત...

# શ્રી દશ વૈકાલિક વાચના

## વાચનાદાતા

આગમવિશારદ પૂ. પંન્યાસ ગુરૂદેવશ્રી
અભયસાગરજી મહારાજા

## સંપાદક

શાસન પ્રભાવક
પૂ. આ. શ્રી અશોકસાગરસૂરિજી મ.ના
શિષ્યરત્ન પૂ. મુનિપ્રવર
શ્રી મતિચંદ્રસાગરજી મ.સા

પ્રકાશન સં ૨૦૫૯

પ્રકાશક :- આગમોદ્ધારક પ્રતિષ્ઠાન

પ્રથમ આવૃતિ :- પ્રતિ નકલ ૧૦૦૦

મુલ્ય :- રત્નત્રયીની શુધ્ધિ

## પ્રાપ્તિ સ્થાન

આગમોદ્ધાર પ્રતિષ્ઠાન
બીપીનભાઈ શાહ
વાણીયાવાડ, મુ. છાણી,
ડી. વડોદરા.

ચંદ્રકાંતભાઇ
એ. શાહ
૭, રાજઘાટ સોસાયટી,
પાલડી, અમદાવાદ.
ફોન ૬૬૪૪૩૦૯

વસંતભાઈ
વમળચંદ શાહ
માતૃછાંયા,
મુલ્લાવાડી,
મુ. વલસાડ

શ્રેયસ કે. મરચંટ
૧, નિશા એપા.
કાજીનું મેદાન,
ગોપીપુરા સુરત
ફોન ૨૪૧૮૩૨૬

સંજય ટ્રેડીંગ
ધીરજલાલ એલ. ખંડોર
૨૭૪/૭૬ ભાતબજાર,
નલીની મેન્સન, મસ્જીદ
બંદર રોડ, મુંબઇ-૯
ફોન ૨૩૭૫૮૭૬૯

મુદ્રક
કનક ગ્રાફીક્સ
અનંતદર્શન એપાર્ટમેન્ટ,
ગોપીપુરા, સુરત.
ફોન : (૦૨૬૧)
૨૪૧૯૩૪૯

સુકૃતના સહભાગી

શ્રી દશ વૈકાલીક વાચના

## પુસ્તક પ્રકાશનનો
## સંપૂર્ણ લાભ લેનાર
## શ્રી દીપક જ્યોતિ જૈન સંઘ

કાલાચૌકી-આંબાવાડી
જી. ડી. આંબેડકર રોડ
મુંબઇ - ૪૦૦૦૩.

-: મૂલ્ય :-

**પૂ. સાધુ સાધ્વીજી મ. ના**
**અધ્યયન પરીશીલન**
**આચરણ માટે**
**જ્ઞાનખાતામાંથી**

શ્રી મહાવીર સ્વામિને નમઃ
શ્રી ગૌતમ સ્વામિને નમઃ
નમો નમોઃ ગુરૂ સાગરાનંદ સૂરયે

# આપનું આપને જ સમર્પણ

**સમર્પણ એક અધ્યાત્મયોગી પૂ.પંન્યાસ ગુરૂદેવ**
**શ્રી અભયસાગરજી મ.સા.ના કરકમલે.**

- જેમના જન્મથી ઉનાવાનગર ધન્ય બન્યું.
- જેમને શંખેશ્વર તીર્થે સંયમજીવનમાં પગલા માંડ્યા.
- જેમના વિચરણથી કેટલાયે પ્રદેશો-માંડવગઢ-નાગેશ્વર-પરાસલીતીર્થ-વહીપાર્શ્વનાથતીર્થ-રતલામઈન્દૌર આદિ માલવદેશ તીર્થ સમાન બન્યો.
- જેમની આગમ વાચના શ્રેણીથી અનેક પૂ.સાધુ સાધ્વીજી ભગવંતો ચારિત્રશુધ્ધિ કરી રત્નપ્રયીની સાધના-ઉપાસનામાં આગળ વધ્યા.
- જેમના હૃદય કમલમાં શ્રી નમસ્કાર મહામંત્ર ગુંજતો હતો.
- જેમના જીવનમાં ૯(નવ)નો આંક વણાઈ ચૂક્યો હતો તેવા પૂજ્ય ગુરૂદેવશ્રી નો કાલધર્મ.

| | | |
|---|---|---|
| *કા.વ.૯-* | | ૯ |
| *સંવત ૨૦૪૩હતી-સરવાળો* | = | ૯ |
| *બપોરે ૩-૩૩મિનિટે.સરવાળો* | = | ૯ |
| *ઉંમર ૬૩ વર્ષની.સરવાળો* | = | ૯ |

નવના આંકને વરી ચૂકેલા એવા પૂ. ગુરુદેવે ઉંઝાની ધરતીને સમાધિતીર્થ બનાવ્યું. આવા પૂજ્ય ગુરૂદેવશ્રી. આપ કૃપા કરી આપનો કૃપા પ્રસાદ આપના જ કરકમલમાં સમર્પણ કરું છું.

**મુનિશ્રી મતિચંદ્રસાગર**

# પ્રસ્તાવના

## શ્રમણ જીવનની પ્રાથમિક શિક્ષાની ધરોહર
## શ્રી દશવૈકાલિક સૂત્ર

- આ. હેમચન્દ્રસાગરસૂરિ.

માનવ જીવન પામ્યા પછી
એના એક એક દિવસની ખબર લેવી જોએ
કે મારો દિવસ કઈ રીતે પસાર થઈ રહ્યો છે ?
કેમ કે બહુ જ નાની જીંદગી છે
પણ અતિશય મૂલ્યવાન્ છે...
એનો સદુપયોગ સૌભાગ્યના શિખર પણ સર કરાવી શકે
એનો દુરૂપયોગ દુર્ભાગ્યની ગર્ત્તામાં પણ પાડી શકે
એટલે બહુ સાવચેતી ને સાવધાની
પૂર્વક આ જીવન વીતાવવું જોઈએ.
એના માટે બહુ સરસ ચિન્તન-પ્રદાન
કરતો શ્લોક છે.
प्रत्यहं प्रत्यवेक्षेत, नरश्र्वरित्रमात्मनः ।
किं नु मे पशुमिस्तुल्यं-किंवा सत्पुरुषंरिव ।।
આ શ્લોકમાં તો 'પ્રત્યહં' શબ્દ છે.
પ્રત્યહં એટલે પ્રતિદિન...
પરંતુ ખરેખર તો પ્રતિક્ષણ આ જીવનની ખબર લેવી જોઈએ...
મારું જીવન કઈ રીતે પસાર થઈ રહ્યું છે.
પશુઓની જેમ અધમતા તરફ તો નથી જતું ને?
સત્પુસષોની જેમ કે સંતપુરુષોની જેમ
સિદ્ધિ તરફ ગતિશીલ છે ને ?
જીવન જો ઉત્તમ-માનવ-અવતારનુંમળ્યું છે.
તો પછી શા માટે એની ઉચ્ચત્તમ શક્યતાને ન સ્વીકારવી?
માનવ-જીવનની ઉચ્ચત્તમ શક્યતા ભગવાન બનવું તે છે.

ભગવાન કદાચ ન જ બની શકાય.
તો સંત તો બનવું જ છે.
સંત એટલે સાધુ...
સાધુ એટલે સાધના કરે તે !
કઈ સાધના ?
જે સાધના અન્ય જીવોની હિંસાને રોકી
પોતાના આત્માની પણ હિંસાથી છૂટકારો અપાવે !
એ જ સાચી સાધના કહેવાય ને ?
હિંસાના હવનમાં જીવોને સેકે એ વળી સાધના શી ?
આવી સાધનાને સાધનારો જ ખરો સાધુ
એવા સાધુને 'જૈન-સાધુ' કહેવાય !
જૈન-સાધુને ઉપરોક્ત સાધનાની
પ્રાથમિક-શિક્ષા આપવા માટે
પૂર્વધર-મહાપુરૂષ શયંભવ સૂરિ ભગવંતે સૂત્ર આપ્યું છે.
'શ્રી દશવૈકાલિક સૂત્ર'
આ સૂત્રના દશ અધ્યયન અને એની બે ચૂલિકામાં સાધુએ
કેવી રીતે બેસવું ? કેવી રીતે ઉઠવું ? કેવા રસ્તે ચાલવું ? શું સાંભળવું ? શું જોવું ? શું ન જોવું ? શું બોલવું ? કેવી રીતે બોલવું ? કેમ બોલવું ? શું ખાવું ? કેવી રીતે ખાવું ? ખાવાનું કેવી રીતે મેળવવું ? ક્યાં ખાવું ? ક્યાં રહેવું ? કોની સાથે કેવી રીતે વર્તન કરવું ? એમનો વિનય કેવી રીતે જાળવવો ? સમસ્ત વિશ્વના જીવો સાથે કેવો કોમળ વ્યવહાર કરવો ? મન-વચન-કાયાનો ઉપયોગ ક્યાં કેવી રીતે કરવો ? દરેક આચરણમાં વિવેક શ્રી રીતે કરવો ?
મતલબ સાધુ-જીવનમાં થતી પ્રત્યેક પ્રવૃત્તિને કેવો ઓપ આપવો જેથી પ્રવૃત્તિ સાધનાની સરિતાનું સ્વરૂપ પકડી સિદ્ધિના સારનો મેળાપ કરી આપે...
એનું અદ્ભુત બયાન દશવૈકાલિક સૂત્રમાં છે.

આ અદ્ભુત દશવૈકાલિક ઉપર
વાચનાદાનનાં અદ્ભુત-કસબી પરમતારક
આગમવિશારદ પંન્યાસપ્રવર પૂજ્ય ગુરૂદેવ શ્રી અભયસાગરજી મ. જે
અસ્ખલિત વાક્પ્રવાહ વહાવ્યો છે.
વાચના આપવાની તેઓશ્રીની માસ્ટરી આ સદીના તમામ પૂજ્યોની
પ્રશંસાના પુષ્પોથી
પૂજાએલી છે.
આથી જ તેઓશ્રીની વાચનાનું કોઈપણ પુસ્તક
દરેક પૂજ્ય શ્રમણ-શ્રમણ થકી
સમાદર જ નહિ અનિવાર્ય માંગ બની ગયું છે.
સુવિનેય ગણિ શ્રી નયચંદ્રસાગરજી દ્વારા સંપાદિત
ગરવો - ગિરિરાજ
યતિ-દિન-ચર્યા-ભા.૧, ૨.
એના ખુલ્લા ઉદાહરણ છે.
એમાંનું જ એક પુસ્તક
**લઘુ-ગુરુ-બન્ધુ મુનિ શ્રી મતિચન્દ્રસાગરજીના**
સારા એવા ખંત-પ્રયાસ અને પુરુષાર્થથી
સંપાદન પામી પ્રકાશમાં આવી રહ્યું છે.
દશવૈકાલિકના પદાર્થોને અનેક સંદર્ભો, સાક્ષીઓ સાથે
વર્તમાન સમયને સામે રાખીને
સ્ફૂટ કરવામાં આવ્યા છે.
એનું અધ્યયન - પઠન - પાઠન
અનેક શ્રમણ-શ્રમણીની સાધનાના સોનાને
નિખારનારું બનશે જ
એ વિશ્વાસ સાથે...

*- હેમચન્દ્રસાગર*

સિધ્ધગિરિમંડન શ્રી આદિનાથાય નમઃ
શ્રી શાંતિનાથાયનમો નમઃ
બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
જંબૂદ્વીપ મંડન શ્રી મહાવીર સ્વામિને નમઃ
શ્રી આનંદ-માણિક્ય-ચંદ્ર-ધર્મ-અભય-અશોક-જિન-હેમચંદ્ર સાગર-સૂરિભ્યો નમઃ

# સંપાદકીયની કલમે.....

'વાચના' એ શાસન સ્થાપના કાળથી ચાલી આવતી શાસ્ત્રીય પરંપરા છે. હિમાલયના કૈલાસ શિખરને સર કરવા આખે આખી જીંદગી લાગી જાય. આ શિખરને સર કરે તે મહાપુરુષ. તેમ જેઓએ આગમોના શિખરને સર કરવા આખેઆખી જીંદગી લગાવી દીધી છે એવા મહાપુરુષ આગમોદ્ધારક બહુશ્રુત શિરોમણી પૂજ્યપાદ સાગરાનંદ સૂરીશ્વરજી મ.સા.એ. ઈ.સ. ૨૦મી સદીમાં આ વાચનાની પરંપરાને જીવિતદાન આપ્યું છે તે વાતની પરંપરાને **પૂજ્યપાદ આગમવિશારદ ગુરૂદેવશ્રી પંન્યાસપ્રવર અભયસાગરજી મ.સા.**એ પાંગરી છે..... આગળ વધારી છે પૂજ્ય ગુરૂદેવશ્રીનેવાચનાનું મહત્વ ખૂબ જ હતું.

આ શ્રી દશ વૈકાલીક સૂત્રની વાચના પૂજ્ય ગુરૂદેવશ્રીએ પાલીતાણા સ્થિત આગમ મંદીરમાં પૂ.સાધૂ-સાધ્વીજી મ.ને ઉદ્દેશીને આપી હતી. અને શાસ્ત્રોક્ત સાધૂ સામાચારીને વર્તમાન કાળે કેવી રીતે જીવનમાં ઉતારવી. તેમજ નિર્દોષ પંચાચારની આચરણા અને સમિતિ ગુપ્તિમાં કઇ રીતે પ્રવૃત્તિ-નિવૃત્તિ કરવી ઈત્યાદિ વિભિન્ન પ્રેરણાઓ માર્મિક રીતે પ્રસંગોપાત આ વાચનામાં આવરી છે અર્થાત્ આ વાચનામાં સાધૂ જીવનની મર્યાદા-આચાર-જયણાતથા લોકોત્તર ધર્મ સ્વરૂપ તથા ભાવ ચારિત્રની વાત પણ જણાવી છે. ગુરૂપાસે સાંભળેલુ જ શ્રુતજ્ઞાન ભીતરનું જ્ઞાન પ્રગટ કરે છે.

મહાપુરુષોની ભાષામાં સાકરથી પણ વધૂ માધૂર્ય હોય છે! વળી ક્યાંક દેખાતી કઠોરતામાં પણ અનુગ્રહ બુધ્ધિની સહજ:પ્રતિભા એમના કથનમાં દેખાતી હોય છે. એના જ પરિણામે એમનું વચન સૌને આદેય હોવાથી આદરણીયબની જતું હોય છે.

આ છે બધી તીર્થંકરો ઉપદિષ્ટ શાસ્ત્રની તેમજ ગુરૂગમની ભવ્ય રંગોળીઓ જે અધ્યાત્મના વ્યોમમાં સમતાના સૌમ્ય અને આહલાદક રંગોથી મહાપુરુષોએ પૂરી છે એ જ રંગોળીઓને પ્રસ્તુત આ વાચનાના પુસ્તકમાં શ્રમણ-શ્રમણીભગવંતો સમક્ષ પ્રસ્તુત કરાઈ છે.

આ પાંચમાં આરાના છેડા સૂધી જેની નિતાન્ત અવસ્થિતિ રહેવાની છે એવા પરમ પવિત્ર ચાર મૂલસૂત્રોમાં જેની ગણના છે તે આ શ્રી દશ વૈકાલીક સૂત્રની સંકલના ચૌદ પૂર્વધર પૂજ્ય સ્વયંભવ સૂરિજી મ. એ સંસારી પક્ષે પુત્ર શ્રી મનકમુનિના આત્મહિતાર્થે તેના અલ્પાયુને અનુલક્ષીને સાધૂ જીવનના સારભૂત વૈરાગ્યરસથી ભરપૂર ગાથાઓ દ્વારા દશ અધ્યયન રૂપી દશ ઘડાઓમાં સંગ્રહીત કરી છે. કે જેનાં અધ્યયનથી પ્રભુ મહાવીરના શાસનના શ્રમણ-શ્રમણી ગણ સંયમ ભાવમાં સહજ રીતે સ્થિર થઈ શકે છે. આ સૂત્ર ઉપર અનેક નિર્યૂક્તિ ભાષ્ય, ચૂર્ણી તેમજ અનેક વ્યાખ્યાઓ થયેલી છે. પરંતુ તેમાં સર્વ શ્રેષ્ઠ વ્યાખ્યા પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ 'શિષ્યહિતા' નામની કરી છે.

પૂ. મનક મુનિના કાળધર્મ પછી શ્રી સંઘની વિનંતિ થી પૂ. આચાર્ય મ.જે શ્રી દસ વૈકાલીક સૂત્ર યથાવત્ રાખ્યું. આ સૂત્ર ૮૩૫ શ્લોક પ્રમાણ છે તે સંબંધી પ્રમાણ કુલ ૩૨૧૪૮ શ્લોક જેટલુ સાહિત્ય ઉપલબ્ધ છે આ સૂત્રના દશ અધ્યયન છે અને સ્થુલભદ્રની બ્હેન યક્ષાસાધ્વીએ શ્રી સીમંધર પ્રભુના સાક્ષાત્ મુખારવિંદથી સાંભળેલ ૪ ચૂલિકામાંથી ૨ ચૂલિકા આ સૂત્રમાં કળશરૂપે શોભે છે.

નવદિક્ષિત સાધૂને સંયમજીવનની રૂપરેખા સ્પષ્ટ થાય અને મોહના સંસ્કારો ઢીલા પડે તે માટે પ્રતિદિન શ્રી દશ વૈ. સૂત્રનું શ્રવણ કરાવવું જરૂરી છે અને તે ન થાય તો પૂ. વૃધ્ધિ વિજયજી મ. કૃત દશ વૈ.ની ૧૦ ઢાળોનો સ્વાધ્યાય કરાવવો.

ઈચ્છા અને રાગની વ્યાખ્યામાં વાચનાકારે નવિનતા ખોલી છે. ઈચ્છા એટલે વસ્તુ પદાર્થ સામે આવતા માનસિક વિકલ્પ થવો તે ઈચ્છા અને તેમાં અજ્ઞાન તેમજ મિથ્યાત્વ મોહ ભળે ત્યારે તે રાગમાં પરિણમે છે.

જીવ ચરમાવર્તમાંનઆવે ત્યાં સૂધી તેને સંસાર પ્રતિ નફરત ન થાય અને પ્રભુપ્રતિ આદર ન જાગે.

ચારિત્ર ખાંડાની ધાર કેમ ? તો ઈન્દ્રીયોના અનુકુળ પદાર્થો પ્રાસુક એષણીય હોય પણ તેમાં મોહનીયનો ઉદય ન થવા દે મોહનીય કર્મના નિમિત્તોને નિષ્ફળ બનાવે - મોહનીય કર્મનો ક્ષય કે ક્ષયોપશમ કરે - અનુકુળ - પ્રતિકુળ સંયોગોમાં સમતા ન છોડે રાગમાં ફસાય નહીં - દ્વેષમાં તિરસ્કાર ન કરે ઈત્યાદિ સાવધાની રાખવાની દ્રષ્ટિએ ચારિત્ર ખાંડાની ધાર છે.

ધ્યાનની વ્યાખ્યા ખૂબ સરસ છે. મન-વચન-કાયાનાયોગથી થાય તે દ્રવ્ય ધ્યાન અને આત્મામાં ઉપયોગ દ્વારા ભગવાનની આજ્ઞામાં એકાકાર થવું તે ભાવધ્યાનની વાતબતાવી છે. સ્વરૂપ રમણતા એ આત્માનો વિષય છે સ્વરૂપ સ્થિરતા એ યોગનો સંવર છે આત્મ પ્રદેશમાં જે પુદગલ જન્ય મોહની ચંચલતા છે તેને ઘટાડવાનો પ્રયત્ન તે ધ્યાન છે અભ્યંતર તપનાં ૬ ભેદમાં છેલ્લુ પગથીયું ધ્યાન છે આવા અવનવા અદ્ભૂત રહસ્યો પૂજ્યશ્રીએ આ વાચના દ્વારા ખોલ્યા છે જે આપણને પ્રગતિના પંથે પ્રયાણ કરાવવામાં સંબલ રૂપ થશે.

**જંબૂદ્વીપ પ્રેરક અધ્યાત્મયોગી પૂજ્યપાદ પંન્યાસ ગુરૂદેવશ્રી અભય સાગરજી મ.** જે સ્વમુખે ફરમાવેલ વાચનાને પૂ. આ. દેવશ્રી ભક્તિ સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પૂ.સા.શ્રી સૌમ્ય પ્રજ્ઞા શ્રી મ. જે. સ્વાક્ષરે ઉતારેલ તે કોપીને શુદ્ધાક્ષરે પૂ.સા.શ્રી સૌમ્યરસાશ્રી મ. (વાગડવાળા) એ ઉતારો કરેલ તેમનું સ્મરણ આ અવસરે કેમ ભૂલાય?

આ વાચનાનું સંકલન તથા સંપાદન કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું તેથી હું ધન્યતા અનુભવું છું આ વાચનાનું પુસ્તક વાંચતા જ પૂજ્યપાદ ગુરૂદેવશ્રીની ઝળહળતી પ્રતિભાનું આબેહૂબ દર્શન થશે અને સંયમ શુધ્ધિ તરફ ગતિ થશે.

આ પ્રસ્તુત વાચના પ્રવચનકાર વડીલગુરૂબંધુ પૂ. આ. દેવશ્રી હેમચંદ્રસાગર સૂરીશ્વરજી મ.ની દૃષ્ટિતળેથી પસાર થઈ ગઈ છે અને તેઓશ્રી એ પ્રસ્તાવના લખી આપી મહદ્ ઉપકાર કર્યો છે.

આ પુસ્તક પ્રકાશનમાં પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.પાદ શાસન પ્રભાવક આચાર્ય ગુરૂદેવશ્રી અશોકસાગરસૂરીશ્વરજીમ.સા. તથા પૂજ્યપાદ ઉભય ગુરૂબંધૂ

**પરમાત્મભક્તિ રસિક પૂ.આ.દેવ શ્રી જિનચંદ્રસાગરસૂરિજી મ. પ્રવચન પ્રભાવક પૂ. આ. હેમચંદ્રસાગરસૂરિજીમ.** આદિની પરમ કૃપા બળે આશીર્વાદ બળે અને પૂ.સાધૂ-સાધ્વીજીમ. આદિ ચતુર્વિધ સંઘના પૂન્યોદયે તથા આત્મીય પૂ. ગણી શ્રી - અક્ષયચંદ્ર સા.મ.ના પ્રસ્તુત કરવાની પ્રેરણા બળે તે સિવાય પંડિતવર્ય શ્રી રમેશભાઈ હરીયા આદિ બીજા કેટલાયના સહયોગ થી આ કાર્યમાં મને અણધારી સફળતા પ્રાપ્ત થઈ છે.

આ વાચનાના સંકલનમાં જે કાંઈ પ્રસ્તુત છે એમાં જે કોઈ તત્ત્વ યા પદાર્થ ગ્રંથાંતર જણાય તો ત્યાં પૂ. પં. ગુરૂદેવશ્રી એ અન્ય શાસ્ત્રાધારે નિરૂપણ કર્યું છે તેની નોંધ લેવી પહેલી જ વાર કરાતા આ સંકલન કાર્યમાં વાચકવર્ગને ત્રુટીઓ જણાય તો ક્ષમ્ય ગણી પુનઃદોષ શુધ્ધિની બુધ્ધિથી મને તે તરફ અંગુલી નિર્દેશ કરવા નમ્ર વિનંતિ.

આ વાચના પ્રકાશનમાં દ્રવ્ય સહાયક **શ્રી દિપક જ્યોતિ જૈન સંઘ (મુંબઈ)** જેને સંપૂર્ણ લાભ લીધો છે તેમાં મૂલચંદજી આદિનો ખૂબ સહયોગ રહ્યો.

આગમોદ્ધારક પ્રતિષ્ઠાન આ પ્રકાશનનું કાર્ય હાથમાં લઈ મને હળવો કર્યો. પૂજ્ય કૃપાળુ ગુરૂદેવશ્રીની વાચનાને આ પુસ્તકરૂપ સ્વરૂપ આપી વાચકવર્ગને આ વાચનાશ્રેણી ચારિત્ર શુધ્ધિ પ્રયાસની યાત્રામાં પ્રાણરૂપ બનશે. આ વાચનાના બળે ચારિત્ર શુધ્ધિ મેળવી અંતે પરમપદ એવી મુક્તિની મંઝીલ સૂધી પહોંચાડે એવી શુભેચ્છા અંતમાં પ્રાપ્ત થયેલ નોટબુકના આધાર લઈ મેં જે સંકલન સંપાદન કર્યું છે તેમાં મૂળગ્રંથકાર કે વાચનાદાતા પૂજ્ય પં. ગુરૂદેવશ્રીની આગમાનુસારી મતિ વિરુધ્ધ કંઈ પણ લખાયું હોય તો અવતરણકારિકા તથા મારા તરફથી ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું.

મિચ્છા મિ દુક્કડં

*સં.૨૦૫૯ શ્રા.સુ. ૬ રવિવાર* **મુનિ મતિચંદ્રસાગર**

*(શ્રી નેમિનાથ પ્રભુના દીક્ષા કલ્યાણક દિન)*

*અયોધ્યાપુરમ્ તીર્થ*

# આગમ વાઘ પર સંયમ સંગીત
# અમારી સિદ્ધિ અને સંઘની સમૃદ્ધિ

કોઈ સિદ્ધહસ્ત સંગીતકારની કલા-કરામતથી સંગીત પ્રેમી અને શીખાઉ સંગીતકારનાહૃદય રણઝણી ઉઠે છે વાહઃ વાહઃ કાબિલે દાદ બોલી ઉઠે છે.

એવું જ અહીં બન્યું છે. દશ-વૈકાલિક સૂત્રના આગમવાઘ પર સંયમસિદ્ધ આગમવિશારદ પૂ. પંન્યાસ પ્રવર ગુરુદેવશ્રી અભયસાગરજી મ. ની વાચના કરામતે જે સંયમ સંગીત વહેતુ કર્યું છે એથી મુમુક્ષુઓ તથા શ્રમણ-શ્રમણીઓના હૃદયના તાર રણઝણી ઉઠશે અને સંયમ જીવન ઝળહળી ઉઠશે વિદ્વાન સમાજમાં આદર પાત્ર લેખાશે પૂ. પંન્યાસ ગુરૂદેવશ્રીની સંયમશુદ્ધિ-સિદ્ધાન્તનિષ્ઠાથી શ્રીસંઘ પરિચિતપ્રભાવિતછે. આ વાચના-પુસ્તક એમાં મજબૂતાઈ ઉમેરશે. તેઓ સંયમજીવનને જીવંત અને જાજ્વલ્યમાન રાખવા જાગરૂક અને પ્રયત્નશીલ હતાં. આ પુસ્તક એનો સાક્ષીબંધછે.

તેઓશ્રીના કૃપાપાત્ર પૂ. બંધુ-બેલડી આ. શ્રી જિનચંદ્રસાગર સૂરીશ્વરજી મ., પૂ. આચાર્ય શ્રી હેમચંદ્રસાગર સૂરીશ્વરજી મ. તથા તેઓશ્રીના શિષ્ય પરિવારના સર્જન-સંપાદન અને સંકલન કરેલાં પુસ્તકોએ અમારા પ્રતિષ્ઠાનને ગરિમા બક્ષી છે.

એમાંય આ સંગીત વહેતું મૂકવાનું સૌભાગ્ય અમને હાંસલ થયું એનો હર્ષ અને ગર્વ છે.

પૂ. આ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજીમ. ના શિષ્યરત્નપૂ. મુનિપ્રવર શ્રી મતિચંદ્રસાગરજીમ. ના ઝીણવટ તથા ચીવટભર્યા સંપાદને પુસ્તક વધુ સુઘડ બન્યું છે. આ પુસ્તક અમારા પ્રતિષ્ઠાનની સિદ્ધિ અને જૈન-પ્રવચનની સમૃદ્ધિ સાબીત થશે. સિદ્ધિ અને સમૃદ્ધિ દેનાર મુનિશ્રીના અમે ઋણિ છીએ. ફરી આવી તક આપે એવી આશા પુસ્તક પ્રગટ કરવામાં શ્રી દીપકજ્યોતિ જૈન સંઘનો આર્થિક સહકાર અને સુંદર મુદ્રણ બદલ શ્રી કનક ગ્રાફીક્સનોહાર્દિક આભાર

*લી. આગમોદ્ધારક પ્રતિષ્ઠાન*

# પદાર્થ દર્શન

**શ્રી દશવૈકાલિકવાચના-૧ પૃ. ૧ થી પૃ. ૪.**

* સ્વાધ્યાયનો અર્થ * ૫ પ્રકારે સ્વાધ્યાય * શુભ સ્પંદન અને અશુભ સ્પંદનની વાત * ક્રિયા આદિનો સમય * દશવૈકાલિક સૂત્રની પૂર્વભૂમિકા * મનકમુનિની વાત * મંગલાચરણ

**શ્રી દશવૈકાલિકવાચના-૨ પૃ. ૫ થી પૃ. ૮.**

* વિરતિ-સંયમની વાત * અશુભક્રિયા - શુભક્રિયા * ૪ મૂલસૂત્ર * વૃદ્ધિવિજયકૃત ૧૦ સજ્ઝાયની વાત * આજ્ઞા ૩ પ્રકારે તીર્થંકર - શાસ્ત્ર - ગુરુની * વડીદીક્ષાનીવાત.

**શ્રી દશવૈકાલિકવાચના-૩ પૃ. ૯ થી પૃ. ૧૧**

* અષ્ટ પ્રવચન માતા * અહિંસા - સંયમ - તપ * દ્રવ્ય અહિંસા - ભાવ અહિંસા * ભમરાનું દ્રષ્ટાંત * ગવેષણા નંદીષેણ મુનિની * શ્રમણનો અર્થ

**શ્રી દશવૈકાલિકવાચના-૪ પૃ. ૧૨ થી પૃ. ૧૪**

* પાંચ સમિતિમાં એષણા સમિતિનું મહત્ત્વ * નિર્દોષ ગૌચરી * છેદસૂત્રમાં અનિશ્રાનો અર્થ * જીવની નિશ્રા ૪ પ્રકારે - નિશ્રા તથા અનિશ્રિતનાં અર્થ

**શ્રી દશવૈકાલિકવાચના-૫ પૃ. ૧૫ થી પૃ. ૧૯**

* દ્રવ્યતપ - ભાવતપમાં ધૃતિ * શ્રમણનાં અર્થ * દ્રવ્ય-શ્રમણ-ભાવશ્રમણ-આગમ-નોઅગમથીશ્રમણ.

**શ્રી દશવૈકાલિકવાચના-૬ પૃ. ૨૦ થી પૃ. ૨૨**

* બીજુ અધ્યયન * ગુરુદત્તાત્રેયના ૨૮ ગુરુ * અશુભમન-શુભ મનની વ્યાખ્યા * સાધુની બાર ઉપમાની વ્યાખ્યા.

**શ્રી દશવૈકાલિકવાચના-૭ પૃ. ૨૩ થી પૃ. ૨૬**

* સાધુનાં ૧૧ વિશેષણો * ભાવસાધુની વ્યાખ્યા * પ્રવ્રજ્યાનો અર્થ * અણગાર-ભિક્ષુ-નિગ્રંથ વિગેરેની વ્યાખ્યા.

**શ્રી દશવૈકાલિકવાચના-૮ પૃ. ૨૭ થી પૃ. ૨૯**

* દ્રવ્યપૂર્વ-કાળપૂર્વની વાત * નિક્ષેપાના ૩ ભેદ * દ્રવ્યકામ-ભાવકામની વ્યાખ્યા * ઈચ્છા બે પ્રકારે.

# પદાર્થ દર્શન


**શ્રી દશવૈકાલિકવાચના - ૯ પૃ. ૩૦ થી પૃ. ૩૪**

* દશવૈકાલિકની સંકલના * કલ્યાણમિત્ર કોને કહેવાય * દ્રવ્યપદ-ભાવપદની વ્યાખ્યા

**શ્રી દશવૈકાલિકવાચના - ૧૦ પૃ. ૩૫ થી પૃ. ૪૦**

* છેદસૂત્રમાં ઉપાનદનાં ૫ ભેદ * શંખડી દોષ * સમાચારીનો અર્થ *આગમ-શ્રુત-આજ્ઞા-ધારણા-જિતવ્યવહારની વાત * ૪ ધ્યાન - ૪ ગતિના કારણો * આધાકર્મી-શય્યાતરનીવાત * ઢંઢણમુનિનીવાત * સંયોજના દોષ.

**શ્રી દશવૈકાલિકવાચના - ૧૧ પૃ. ૪૧ થી પૃ. ૪૪**

* ૧૮ હજાર શીલાંગરથ * સારણા - વારણા - ચોયણા - પડિચોયણાનીવાત * દ્રવ્યસમાધિ-ભાવસમાધિ * ૧૦ પ્રકારે અસંયમનીવાત.

**શ્રી દશવૈકાલિકવાચના - ૧૨ પૃ. ૪૫ થી પૃ. ૪૮**

* દશવિધ યતિધર્મની વ્યાખ્યા * ભાવશૌચની વાત * વૃત્તિની વ્યાખ્યા *ઘરનું ઘર - મિત્રનું ઘર - દુશ્મનનું ઘર.

**શ્રી દશવૈકાલિકવાચના - ૧૩ પૃ. ૪૯ થી પૃ. ૫૨**

* ઘાતિ - અઘાતિ કર્મ - નિમિત્ત - ઉપાદાનની મહત્તા * આગમવાંચવાની ચાવી * અણસણનાં ૩ પ્રકાર * ઈચ્છાપૂર્વકનોત્યાગ.

**શ્રી દશવૈકાલિકવાચના - ૧૪ પૃ. ૫૩ થી પૃ. ૬૦**

* ૫ ઈન્દ્રિયયોની વાત * 'વાપરવું' - શબ્દની વ્યાખ્યા * પ્રકલ્પનો અર્થ * શ્રી આચારાંગ સૂત્રના ૨ વિભાગ - તેની ૫ મી ચૂલિકા નિશિથ અધ્યયન * સંયમયાત્રાનીવાત * દ્રવ્યપાપ - ભાવપાપ.

**શ્રી દશવૈકાલિકવાચના - ૧૫ પૃ. ૬૧ થી પૃ. ૬૮**

* આ તાપની વ્યાખ્યા * આર્તધ્યાન ક્યારે ? * દ્રવ્યભૂખ - ભાવભૂખની વાત * સંપરાયની વ્યાખ્યા * રાગ-દ્વેષ કેવી રીતે બને ? ભરત બાહુબલિનું દૃષ્ટાંત-ચારિત્ર મોહનીયની વાત * दुरासयं ની વ્યાખ્યા * ગંધન-અગંધન સાપની વાત * રાજુલ-રથનેમિનું દૃષ્ટાંત.

# પદાર્થ દર્શન

**શ્રી દશવૈકાલિકવાચના - ૧૬ પૃ. ૬૯ થી પૃ. ૭૨**

* એકાંત ખતરનાક * કાલચારિણી - અકાલચારિણીની વાત * 'સંબુદ્ધા'ની વ્યાખ્યા * રુકિમ સાધ્વીની વાત * નુપૂરપંડિતાનું દૃષ્ટાંત.

**શ્રી દશવૈકાલિકવાચના - ૧૭ પૃ. ૭૩ થી પૃ. ૭૯**

* ઉજુઅધ્યયન - ક્ષુલ્લકાચારની * મહત્ નાં ૮ નિક્ષેપ * સમુદ્ઘાતની વાત * પરિણામભાવ - ઔદયિક ભાવની વ્યાખ્યા * દ્રવ્યાચાર-ભાવાચારની વ્યાખ્યા * શંકાભેદ-દેશશંકા-સર્વશંકા * અંબડ-સુલસાનું દૃષ્ટાંત.

**શ્રી દશવૈકાલિકવાચના - ૧૮ પૃ. ૮૦ થી પૃ. ૯૧**

* ગુણ પ્રધાનતા * વાત્સલ્યની વ્યાખ્યા * 'શાસન'નો અર્થ * પ્રવચન આશ્રવ-સંવરની વાત * પ્રભાવકની વાત * અંગુલના ૩ પ્રકાર તથા તેનું વર્ણન * સમવસરણનો અધિકાર.

**શ્રી દશવૈકાલિકવાચના - ૧૯ પૃ. ૯૨ થી પૃ. ૯૮**

* કાલિક-ઉત્કાલિકસૂત્રનું વર્ણન * 'અનુપ્રેક્ષા'ની વ્યાખ્યા * ૪ યોગની વ્યાખ્યા * યુગપ્રધાન - ગીતાર્થની વાત * આગમની વ્યાખ્યા * ચાર વિકાળવેળાની વાત * પંચાચારની વાત - તેને ટકાવવા શું કરવું તે સમજણ.

**શ્રી દશવૈકાલિકવાચના - ૨૦ પૃ. ૯૯ થી પૃ. ૧૦૭**

* विहरामि નો અર્થ * આહાર-વિહાર-નિહાર * આજ્ઞાની મહત્તા * આશ્રવની વ્યાખ્યા * સૂત્રાર્થની વાત * આવડ્યુ-તેનો અર્થ * વાસક્ષેપ શા માટે?

**શ્રી દશવૈકાલિકવાચના - ૨૧ પૃ. ૧૦૮ થી પૃ. ૧૧૩**

* દ્રવ્યજ્ઞાન-ભાવજ્ઞાન * ગિહિજોગની વાત * જ્ઞાન શા માટે ? * આશ્રવ છોડવા જેવો * કાલગ્રહણની વાત * 'હિન્દુ'ની વ્યાખ્યા * દિવસ દરમ્યાન ક્રિયાની મહત્તા * પૂર્વે ઘડિયાલ નહી પણ નક્ષત્ર - ચંદ્ર - સૂર્ય જોઈને સમયની વાત.

**શ્રી દશવૈકાલિકવાચના - ૨૨ પૃ. ૧૧૪ થી પૃ. ૧૧૮**

* આત્મા પાંડવ - કર્મ કૌરવ * ત્રિપદી તે શાસન * 'ધર્મ' અને 'શાસન'માં ફેર? * મોહશાસન સામે આજ્ઞાની આધીનતા.

# પદાર્થ દર્શન

**શ્રી દશવૈકાલિકવાચના - ૨૩ પૃ. ૧૧૯ થી પૃ. ૧૨૨**

✻ સંવર વધે ✻ આશ્રવ ઘટે ✻ કાલિક-ઉત્કાલિકની વ્યાખ્યા ✻ વાંચનાની મહત્તા ✻ ગુરુવિનયવિષે.

**શ્રી દશવૈકાલિકવાચના - ૨૪ પૃ. ૧૨૩ થી પૃ. ૧૨૫**

✻ આલાપ-સંલાપ-ઉલ્લાપનીવ્યાખ્યા ✻ વિનયની ચતુર્ભંગી ✻ જ્ઞાનવરણીય ન તૂટયુ મોહનીય ગયું ✻ વ્યંજનભેદ - અર્થભેદ ✻ શ્રુતગ્રહણનીવાત.

**શ્રી દશવૈકાલિકવાચના - ૨૫ પૃ. ૧૨૬ થી પૃ. ૧૨૮**

✻ સામ - દામ - દંડ ભેદ ✻ ધર્મકથાનાં ૪ ભેદ ✻ પરમાત્માનીવાણી કેવી ? ✻ દક્ષપણાનુંદ્વાર પૂર્ણ ✻ ધમ્મોમંગલ નો ઉભયભેદ

**શ્રી દશવૈકાલિકવાચના - ૨૬ પૃ. ૧૨૯ થી પૃ. ૧૩૫**

✻ રૂપશ્રુત ✻ મોક્ષરસિકનાં ૪ ભેદ ✻ સમ્યગ્દર્શનઋદ્ધિ ✻ સંસ્તવને વિષે ✻ઈહલોક-પરલોકનીચતુર્ભંગી.

**શ્રી દશવૈકાલિકવાચના - ૨૭ પૃ. ૧૩૬ થી પૃ. ૧૪૩**

✻ જિતકલ્પની મર્યાદા ✻ ૪ પ્રકારે પિંડ ✻ જોગની વાત ✻ સાત પ્રકારે પિંડૈષણા ✻ નિગ્રન્થસાધુનાંવિશેષણો.

**શ્રી દશવૈકાલિકવાચના - ૨૮ પૃ. ૧૪૪ થી પૃ. ૧૪૭**

✻ ધર્મપ્રજ્ઞપ્તિ નામનું ૪થું અધ્યયન ✻ ધર્મપ્રજ્ઞપ્તિની વ્યાખ્યા ✻ દ્રવ્યનયથી આત્મા ✻ ગુણથી ગુણી ઓળખાય.

**શ્રી દશવૈકાલિકવાચના - ૨૯ પૃ. ૧૪૮ થી પૃ. ૧૫૩**

✻ જીવરક્ષા - જિનઆણા પડિલેહણનાં હેતુ ✻ નિકાયની વ્યાખ્યા ✻ છજીવનિકાયની પ્રરૂપણા ✻ દ્રવ્યભાવથી સાધુપણુ ✻ નિક્ષેપ નિર્યુક્તિ, સૂત્ર નિર્યુક્તિ.

**શ્રી દશવૈકાલિકવાચના - ૩૦ પૃ. ૧૫૪ થી પૃ. ૧૫૭**

✻ પ્રજ્ઞપ્તિની વ્યાખ્યા ✻ છકાયનો ક્રમ ✻ વ્યાખ્યાનની વ્યાખ્યા ✻ ચારિત્ર મોહનીય - દર્શન મોહનીયનીવાત.

# પદાર્થ દર્શન

**શ્રી દશવૈકાલિકવાચના - ૩૧ પૃ. ૧૫૮ થી પૃ. ૧૬૯**

❀ સ્વકાયશસ્ત્ર - પરકાયશસ્ત્ર - ઉભયકાયશસ્ત્રનીવાત ❀ સચિત્ત-અચિત્તભૂમિની વાત ❀ સચિત્તનું લક્ષણ ❀ ગતિના ૨ પ્રકાર ❀ ફુટ સચિત્ત-અચિત્તની વાત ❀ આત્માનાં ૩ ભેદ ❀ પુદ્ગલના ૬ ભેદ ❀ વિનય ચાર પ્રકારે.

**શ્રી દશવૈકાલિકવાચના - ૩૨ પૃ. ૧૭૦ થી પૃ. ૧૭૮**

❀ દયાની ચતુર્ભંગી ❀ પંચ મહાવ્રત વિષે ❀ પરિગ્રહ ચતુર્ભંગી ❀ રાત્રિભોજનની વાત તથા તેની ચતુર્ભંગી ❀ શ્રુત સામાયિક ❀ ૫મા ગુણઠાણાના ૩ ભાગ.

**શ્રી દશવૈકાલિકવાચના - ૩૩ પૃ. ૧૭૯ થી પૃ. ૧૮૭**

❀ ૧૮ વિરાધનાનાં સ્થાનો ❀ ૫૨ અનાચીર્ણના નામ ❀ પચ્ચક્ખાણનાં ૧૪૭ ભાંગા ❀ તંદુલીયા મત્સ્યની વાત ❀ જયણાની વ્યાખ્યા ❀ ભિક્ષુ - સંયત - વિરત - પ્રતિહત વિગેરેની વ્યાખ્યા.

**શ્રી દશવૈકાલિકવાચના - ૩૪ પૃ. ૧૮૮ થી પૃ. ૧૯૩**

❀ સાધુજીવનનો સાર ❀ ઢંઢણમુનિની વાત ❀ ગૌચરી આવ્યા પછી સ્વાધ્યાય કેટલો ? ❀ ભિક્ખુ અને ભિક્ખુણીની વ્યાખ્યા ❀ વેદનીય કર્મ વિષે.

**શ્રી દશવૈકાલિકવાચના - ૩૫ પૃ. ૧૯૪ થી પૃ. ૧૯૮**

❀ પ્રવૃત્તિરૂપ અને નિર્વૃત્તિરૂપ ચારિત્ર ❀ ધર્મ પમાડવા ૨ પ્રકાર ❀ સાધુજીવનની ૪ જવાબદારી ❀ રાત્રે ૪ પ્રહર સાધુ શું કરે ?

**શ્રી દશવૈકાલિકવાચના - ૩૬ પૃ. ૧૯૯ થી પૃ. ૨૦૩**

❀ છકાય વિરાધના અધિકાર ❀ પચ્ચક્ખાણ 'વોસિરામિ'ની વ્યાખ્યા આત્માના ૩ ભેદ ❀ પાપની આલોચના વિષે.

**શ્રી દશવૈકાલિકવાચના - ૩૭ પૃ. ૨૦૪ થી પૃ. ૨૧૦**

❀ અપ્કાયનાં ૭ પ્રકાર ❀ ૫ મહાવ્રત તોડવાથી શું થાય ? ❀ ઉકાળેલ પાણીની વાત ❀ ૯ વાડ સાચવવી ❀ પરમાત્મા સામે વિનયનો પ્રકાર ❀ સાધુનાં માંડલા ક્યારે ?

**શ્રી દશવૈકાલિકવાચના - ૩૮ પૃ. ૨૧૧ થી પૃ. ૨૧૫**

❀ આશ્રવને અટકાવવાં વિષે ❀ તેઉકાયના ૮ પ્રકાર ❀ અગ્નિની વિરાધના ૪

# પદાર્થ દર્શન

પ્રકારે ❀ કામળીના કકળની વાત ❀ ઉજેહીની વાત.

**શ્રી દશવૈકાલિક વાચના - ૩૯ પૃ. ૨૧૬ થી પૃ. ૨૨૦**

❀ ચારિત્ર ૨ પ્રકારે ❀ ચૌદ રાજલોકમાં સૂક્ષ્મજીવો ❀ 'રાઈપ્રતિક્રમણ-મંદસ્વરે'ની વાત ❀ વાઉકાય ૧૨ પ્રકારે.

**શ્રી દશવૈકાલિક વાચના - ૪૦ પૃ. ૨૨૧ થી પૃ. ૨૨૩**

❀ વનસ્પતિકાયની અવગાહના ❀ ત્રસકાયની વાત ❀ વનસ્પતિકાયના ૧૨ પ્રકાર અને તેની વિરાધનાનાં ૪ પ્રકાર ❀ ભાષાવર્ગણના પુદ્‌ગલો ❀ ત્રસકાયની વિરાધના.

**શ્રી દશવૈકાલિક વાચના - ૪૧ પૃ. ૨૨૪ થી પૃ. ૨૨૯**

❀ ત્રસકાયના પ્રકાર ❀ સંથારો ને શય્યા માં ફરક ❀ સાધુજીવનમાં ૪ પ્રકારનાં જીવોની વિરાધનાનો સંભવ ❀ કાપ ક્યારે ? ❀ સાધુજીવન સૂક્ષ્મ ❀ સંથારાનું પ્રમાણ ❀ દ્રવ્ય-ભાવવંદના.

**શ્રી દશવૈકાલિક વાચના - ૪૨ પૃ. ૨૩૦ થી પૃ. ૨૩૯**

❀ સ્વચ્છંદભાવ - અજયણા ❀ દિવસની ૪ પોરિસિમાં શું કરવું ? ❀ સમર્પણભાવ વિષે ❀ દ્રવ્યપ્રમાદ-ભાવપ્રમાદ ❀ હિંસા બે પ્રકારે ❀ આલોચનાની વાત.

**શ્રી દશવૈકાલિક વાચના - ૪૩ પૃ. ૨૪૦ થી પૃ. ૨૪૫**

❀ સાવચેતી બે પ્રકારે ❀ સંયમની વ્યાખ્યા ❀ દરેક જીવો આત્મતુલ્ય ❀ દ્રવ્યજયણા - ભાવ જયણા વિષે.

**શ્રી દશવૈકાલિક વાચના - ૪૪ પૃ. ૨૪૬ થી પૃ. ૨૫૨**

❀ સાવચેતી બે પ્રકારે ❀ શલ્યની વાત ❀ ચાર ભૂમિકા ❀ ૧૭માં પાપસ્થાનક અંગે.

**શ્રી દશવૈકાલિક વાચના - ૪૫ પૃ. ૨૫૩ થી પૃ. ૨૫૮**

❀ જયણાની વાત ❀ દ્રવ્યદયા-ભાવદયા ❀ શુદ્ધિની ચાવી ❀ સામાયિક શું ? ❀ જ્ઞાન ક્રિયા સાથે શોભે.

# પદાર્થ દર્શન

**શ્રી દશવૈકાલિકવાચના - ૪૬ પૃ. ૨૫૯ થી પૃ. ૨૬૬**

* સ્વભાવદશા * જ્ઞાનનું ફલ વિરતિ * જ્ઞાનની વ્યાખ્યા * કલ્યાણની વ્યાખ્યા * શ્રવણની વ્યાખ્યા * ભાવપાપ - અવિરતિ * ૪ થી ૭ માં ગુણઠાણાનીવાત * કૃષ્ણ મહારાજનું દૃષ્ટાંત * આત્મસ્વભાવશું ? * આત્મા અને પુદ્ગલનું જ્ઞાન.

**શ્રી દશવૈકાલિકવાચના - ૪૭ પૃ. ૨૬૭ થી પૃ. ૨૭૪**

* જીવ - અજીવનું જ્ઞાન * જ્ઞાની - અજ્ઞાનીની વ્યાખ્યા * સંયોગ બે પ્રકારે * દ્રવ્યલોચ - ભાવલોચ * અણગારની વ્યાખ્યા * સંવરની વ્યાખ્યા * દ્રવ્ય અને ભાવ - સંવરની વાત * દ્રવ્યધ્યાન-ભાવધ્યાન * ધ્યાનની ચતુર્ભંગી * અંતરનિરીક્ષણ * જ્ઞાન - દયા વિષે.

**શ્રી દશવૈકાલિકવાચના - ૪૮ પૃ. ૨૭૫ થી પૃ. ૨૮૧**

* જ્ઞાનમાંથી દયા * દ્રવ્યમુંડન-ભાવમુંડનનીવ્યાખ્યા * લૌકિક-લોકોત્તર માર્ગ * નિમિત્ત અને ઉપાદાન અંગે * છ દ્રવ્ય અને ચાર દ્રવ્યની વાત.

**શ્રી દશવૈકાલિકવાચના - ૪૯ પૃ. ૨૮૨ થી પૃ. ૨૯૧**

* અરતિની વ્યાખ્યા * વૈક્રિય શરીરની વાત * સમ્ય પ્રકારે પ્રવ્રજ્યા * કર્મબંધ - કર્મનિર્જરા * ભાવમલ-ક્રિયામલ * સમ્યગ્ગદર્શન * ઉત્તરાધ્યયનમાંપૂજા - ચાર પ્રકારે * ઈચ્છા બે પ્રકારે * ઘાતિ-અઘાતી કર્મ * ક્ષુધા વેદનીય વિષે.

**શ્રી દશવૈકાલિકવાચના - ૫૦ પૃ. ૨૯૨ થી પૃ. ૩૦૦**

* સર્વ ભૂતાત્મભાવ * સંસાર બે પ્રકારે - શુભ-અશુભ * શક્તિરૂપ જ્ઞાન * 'દીક્ષા'ની વ્યાખ્યા * ઈચ્છા-પ્રવૃત્તિચક્રની વાત * ગુર્વાજ્ઞાની વાત * અણગારનીવાત.

**શ્રી દશવૈકાલિકવાચના - ૫૧ પૃ. ૩૦૧ થી પૃ. ૩૦૭**

* આશ્રવ તે ગૃહસ્થ-સંવર તે સાધુ * णमो अरिहंताणं ની વાત * સાધુપણું - માખીની પાંખ જેવું * નિર્જરાનીવાત * કર્મસત્તા-ધર્મસત્તા

**શ્રી દશવૈકાલિકવાચના - ૫૨ પૃ. ૩૦૮ થી પૃ. ૩૧૮**

* સમ્યગ્જ્ઞાનનું કાર્ય * 'જ્ઞાની' અને 'જ્ઞાનવાન્'ની વ્યાખ્યા * ઉત્કૃષ્ટ સંવર

# પદાર્થ દર્શન

❀ માષતુષ મુનિનું દૃષ્ટાંત ❀ જ્ઞાન-ચારિત્ર ❀ દેવસૂર-આણસૂરની વાત ❀ જ્ઞાન-જ્ઞાનીની વાતમાં ભાવવિજય મુનિનું દૃષ્ટાંત ❀ જ્ઞાનાવરણીયને જીવાડનાર મોહનીય ❀ જયણાના ૧૪ પગથિયા વિષે.

**શ્રી દશવૈકાલિક વાચના - ૫૩ પૃ. ૩૧૯ થી પૃ. ૩૨૭**

❀ બોધ-અબોધિની વ્યાખ્યા ❀ ચાર જ્ઞાન વિષે ❀ જિનશાસનનું આરાધકપણું ❀ કેવલજ્ઞાની આત્મા ❀ યોગી પ્રવૃત્તિ વિષે ❀ દેવપિંડ વિષે.

**શ્રી દશવૈકાલિક વાચના - ૫૪ પૃ. ૩૨૮ થી પૃ. ૩૩૬**

❀ अभिगच्छ ની વ્યાખ્યા ❀ શ્રદ્ધા અંગે ❀ સૂક્ષ્મ કાયયોગ ❀ કેવલીને બાદરયોગ ❀ 'સાધુ'ની વ્યાખ્યા ❀ વચનના ચાર પ્રકાર

**શ્રી દશવૈકાલિક વાચના - ૫૫ પૃ. ૩૩૭ થી પૃ. ૩૪૦**

શૈલેશીભાવ ❀ અંતરકણ - અપૂર્વકરણની - ગુણકરણની વાત ❀ મન ને યોગની વાત ❀ યોગજન્ય ક્રિયા.

**શ્રી દશવૈકાલિક વાચના - ૫૬ પૃ. ૩૪૧ થી પૃ. ૩૪૫**

❀ જયણા - કેવલ - યોગનિરોધ - સર્વથા નિર્જરા ❀ વચનયોગ - મનોયોગની વ્યાખ્યા ❀ દ્રવ્યઈન્દ્રિય - ભાવ ઈન્દ્રિયની વ્યાખ્યા ❀ ગુરુની વ્યાખ્યા

**શ્રી દશવૈકાલિક વાચના - ૫૭ પૃ. ૩૪૬ થી પૃ. ૩૫૪**

❀ શ્રમણની વ્યાખ્યા ❀ હેમચન્દ્રાચાર્ય - કુમારપાળ ❀ પાપ કોને વધુ બંધાય ? ❀ ધ્યાનની વાત ❀ ક્રિયાની કિંમત ❀ છ આવશ્યકની મહત્તા.

**શ્રી દશવૈકાલિક વાચના - ૫૮ પૃ. ૩૫૫ થી પૃ. ૩૫૯**

❀ પરવસ્તુમાં મારાપણાની બુદ્ધિ-પાપ ❀ સાગર મડદા ફેંકે રત્નો ન ફેંકે ❀ ધર્મના ૩ પ્રકાર ❀ પતનનું મૂળ અહં ❀ સાધુવેષ તારક છે.

**શ્રી દશવૈકાલિક વાચના - ૫૯ પૃ. ૩૬૦ થી પૃ. ૩૬૮**

❀ સાધુને ૨ પ્રહર નિદ્રા ❀ મિથ્યાજ્ઞાન ❀ સ્વભાવ રમણતા સુખ-વિભાવ રમણતા દુઃખ ❀ દુર્ગતિનાં ચાર પાયા ❀ સુગતિ અને દુર્ગતિની વ્યાખ્યા ❀ સાધુની વ્યાખ્યા.

# શ્રી દશવૈકાલિક વાચના - ૧

અનંત પુણ્યોદયનાં ઉદયે સાધુજીવનને પ્રાપ્ત કરી એની સફળતાનો આધાર સ્વાધ્યાય ઉપર છે.

સ્વાધ્યાયનો અર્થ

સ્વ+અધિ+આય = આત્માની અંદર જવું તે સ્વાધ્યાય...

**જૈન દર્શન વિના ક્યાંય કર્મના બંધનમાંથી છુટવાની વાત નથી.** કર્મનો આશ્રવ ઉખેડવો એ વાત માત્ર અહીં જ છે..!

સ્વાધ્યાય પાંચ પ્રકારનો છે. પક્ખી પ્રતિક્રમણમાં પ્રાયશ્ચિત કહેલ છે જ્ઞાનીની દ્રષ્ટિએ અમુક અતિચારથી બચી શકાય જ નહિ છતાં બાર મહિને અટ્ઠમતપ કરવાની આજ્ઞા છે. માટે જ એના વિકલ્પો છે. અને એને સજઝાય ધ્યાન કહયું...

સંસ્કૃત સ્તોત્ર વિગેરેથી સ્વાધ્યાય ન કહેવાય. તે માત્ર પરાવર્તન જ કહેવાય. સ્વાધ્યાયતો એને જ કહેવાય જેમાં પરમાત્માની ઓરીજીનલ વાણી હોય. તત્વાર્થાદિ પૂર્વાચાર્યનું હોઈ સ્વાધ્યાયમાં ગણાય છે. પ્રજેમરતિ ગણાય છે. જેનો સંબંધ પૂર્વ કે પૂર્વધર સાથે હોય એવા ઉપદેશ માલા આદિ સ્વાધ્યાયમાં ગણાય.

અહીં સૂત્રનો ભાષા સાથે સંબંધ નથી - નિસ્બત નથી. ઉપદેશ માલામાં કહેલ છે-"**खणे खणे कुणइ सज्झायं" જ્યારે અવસર મળે ત્યારે સાધુ સ્વાધ્યાય્ કરે.**

**અનાદિનાં સંસ્કારો ઓળખવાનું બળ જેમાંથી મળે તે સ્વાધ્યાય..!** નિર્દોષ સંયમ પાલનનું બળ... સ્વાધ્યાયમાંથી જ મળે છે. વાણીનાં બળે કર્મની નિર્જરાના માર્ગે વળે તે સ્વાધ્યાય.

સ્વાધ્યાય - ધ્યાન એમાં ફેરી..... હા.. સ્વાધ્યાય માટે વિશિષ્ટ ક્ષયોપશમ અને વિશિષ્ટ સંયોગ જોઈએ. ગ્રહણ શકિત - ધારણા શકિત-અમુક ક્ષયોપશમ જ્ઞાનનો જોઈએ. કામ ન હોય તો સ્વાધ્યાય ધ્યાન.... ઈન્દ્રિયોનો જે અવ્યાપાર તે ધ્યાન નહીં પણ આત્મપ્રદેશોમાં વૃત્તિઓનું વિશ્રામ તે ધ્યાન...! ચંચળતા ઘટાડવી. (સ્પંદન - ઘટતું જાય.)

સ્પંદન બે પ્રકારે - શુભ- અશુભ...... ભ્રમરને ધ્યાન છે (માલતીના ફુલ પર બેસે.) ઈષ્ટ સંયોગમાં આર્તધ્યાન છે. આ અશુભ છે. આ ધ્યાન ત્યાગ કરવા લાયક છે.

પણ દાદાના દર્શન કરતાં ભાવના પરિણામની ધારા વડે આ આત્મામાં સ્કુરણા જાગે. શુભ સ્પંદન કહેવાય પછી ધ્યાન આવે... અશુભ સ્પંદન આર્ત્તધ્યાન. એનું કાર્ય રૌદ્ર ધ્યાન... શુભ સ્પંદન - ધર્મ ધ્યાન.... એનું કાર્ય શુક્લ ધ્યાન......

**વીતરાગ પરમાત્માની વાણીનાં સ્વાધ્યાય દ્વારા નિર્જરા થાય.** ધર્મ ધ્યાન દ્વારા સ્પંદન ઘટે. એથી મોહનીય જાય. પરંતુ જો નીચે ધર્મ અગ્નિ હોય તે તપેલીમાં રહેલું પાણી ઉછળે તેમ અશુભ યોગોનું સ્પંદન ચાલુ હોય તો તેમાં મોહનીયનું ઉત્તેજન છે.

આથી પરમાત્માની આજ્ઞા, સામાચારી અને ક્રિયાના આચરણ દ્વારા મોહનીય કર્મ ઘટે છે.

આજ્ઞાનુસારીતા વધુ એથી મોહ ઘટે અને સ્પંદન ઘટે. સ્વાધ્યાય શબ્દના આલંબનથી થાય... મહાનિશિથના... ચોથા અધ્યયનમાં કહ્યું છે - **पइदिण किरिया** - પ્રતિદિનની ક્રિયા સાધુની એમાં રહેલી છે, જેમ કે સાધુ ચાર પ્રહરમાં પહેલાને છેલ્લો પહોર સ્વાધ્યાય કરે. સૂત્ર

ભણે. રાત્રે પણ પહેલાં સૂત્ર પોરસી છે. એ કાળમાં ક્ષયોપશમ શાળી હતા. જેથી પાંચ હજારનો સ્વાધ્યાય કરે.

મહાનિશિથ સૂત્ર પાંચમા આરાના અંત સુધી રહેવાનું નથી. હાલમાં ત્રીજો ઉદય છે. ત્રેવીશ ઉદય થશે. આઠમા ઉદયમાં શ્રીપ્રભ યુગપ્રધાન થશે. ત્યારે કલંકી રાજા થશે. ત્યારે મહાનિશીથ સૂત્ર વિચ્છેદ થશે...!

૪ - મૂળસૂત્ર- ઓઘ નિર્યુહિત વિગેરે ચાર રહેશે. સાધુ રોજ-
ઉનાળામાં - ૩૦૦ શ્લોક

શિયાળામાં - ૮૦૦ શ્લોક

અને ચોમાસાંમાં - ૫૦૦ શ્લોક આટલો....

સ્વાધ્યાય અવશ્ય કરે....!

સ્વાધ્યાયથી અંતરમાં પ્રભુની-ભગવાનની વાણી ઘુંટાય..! એથી કર્મના - કુટેવોના- કુસંસ્કારોના થર જામ્યા હોય તે નાશ પામે છે - વિચ્છેદ થાય છે.

**''દશવૈકાલિક સૂત્ર દોષ જોવા માટે દીવા જેવું છે''**

મોહના પડલ ભેદાઈ જાય એવી રીતે સ્વાધ્યાય કરવો જોઈએ. મહાનિશીથમાં પ્રશ્ન પૂછયો કે "હે ભગવન્! ૨૫૦૦ સ્વાધ્યાય ન કરે તો શું કરે ? એટલા નવકાર ગણે પણ નવરા બેસી ન રહે. પચીશ બાંધી નવકારવાળી ગણે તો એટલા સ્વાધ્યાયની પૂર્તિ કરે. **અંતરના અજ્ઞાન રૂપ મોહને ખસેડવા આ સ્વાધ્યાય છે.** દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયને ખસેડવા માટે આ સ્વાધ્યાય છે. સવારે બે અને સાંજે ત્રણ નવકારવાળી ગણે અને પ્રમાદ ઘટાડે.

પૂ. સ્વયંભવસૂરિ મહારાજ પૂર્વભવની આરાધનાના બળે ગર્ભવતી સ્ત્રીને મૂકીને સંયમ ગ્રહણ કરે છે. અપૂર્વ **આરાધના** કરે છે. મનકને દીક્ષા આપે છે. તેનું આયુષ્ય માત્ર છ મહિના છે **એમ** પોતે

જ્ઞાન બળથી જાણ્યું. હવે થોડા સમયમાં ઘણી સાધના કઇ રીતે કરી લે, એનું કલ્યાણ કેમ થાય ? એના હિત માટે આ દશવૈકાલિક વિકાળવેળાએ પણ ભણી શકાય તે પૂર્વમાંથી ઉધ્ધર્યું..! વિકાળવેળાએ આ ગ્રંથની સંકલના થઇ માટે એનું નામ "દશવૈકાલિક" રાખ્યું. મૂળસૂત્ર - પાયો દશવૈકાલિક છે.

**શ્રી દશવૈકાલિકનાં આચારો ન હોય તો ચારિત્ર મોહનીય નો ક્ષયોપશમ ન થાય.** અને આ ક્ષયોપશમ ન થયો હોય તો બીજા આચારાંગાદિ સૂત્રો તો ન જ ભણાય. એમાં જે ગુણોનું વર્ણન છે એ હોય પછી જ પાત્રતા પ્રમાણે આચારાંગ વિગેરે ભણાવે.

મંગલાચરણ - ચિંતા શેમાંથી ઉત્પન્ન થાય ? પૌદ્ગલિક ભાવમાંથી થાય છે. **પૌદ્ગલિક ભાવ નાશ પામે તો જ ચિંતા જાય.** "જે કાળે જે બનવાનું છે તે બનશે જ" માટે ચિંતા કરવાથી શું...?

જયતિ - વર્તમાનકાળમાં પરમાત્માની આજ્ઞા... જય પામો. એનો અર્થ - **રાગદ્વેષના વિકારી ભાવોથી જેટલો છુટકારો એટલો શાસનનો જય...!**

વર્તમાન કાળ એટલા માટે કે જ્યારે જે આત્માઓ આ આગમનું સેવન કરે એવી આ તાકાત ધરાવે છે. માટે 'જયતિ' શબ્દ મૂકયો.

# શ્રી દશવૈકાલિક વાચના - ૨

પરમાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી સમવસરણમાં બેસીને જગતનાં જીવોને કલ્યાણનો માર્ગ બતાવ્યો....! **કર્મથી પ્રેરણાથી કરાતી પ્રવૃત્તિ તે કર્મનો બંધ કરાવે છે. કર્મબંધ કરાવે તેવી પ્રવૃત્તિથી અટકવું તે વિરતિ-સંયમ...!** તેમાંથી છુટવું કેવી રીતે ? અશુભમાંથી અટકવું, સંસારના પદાર્થમાં નહીં.

મન-વચન-કાયાને આજ્ઞાના પ્રમાણે જોડવા. આથી સત્તામાં રહેલ કર્મ ખચે. આ અભ્યાસ જન્ય છે. એ એક- ભવના સંસ્કારથી ન થાય, પણ અનેકભવના દ્રવ્ય ચારિત્રથી થાય. તેમાં (૧) અશુભ ક્રિયાનો ત્યાગ (૨) શુભક્રિયામાં પ્રવૃત્તિ... આ બે ખાસ જરૂરી છે. ઉપયોગ પૂર્વક શુભ નિશ્ચય ભાષા બોલે. **અંતરનો વિકાસ હોય તો જ ભાવ સાધુનાંનો વિકાસ થાય.**

પીસ્તાલીશ આગમો ભણવાનો અધિકાર ચાર મૂળસૂત્ર ભણે છે તેને જ પ્રાપ્ત થાય છે. અનાદિના ગંદા કચરા હોય અને આગમ ભણે તો રાગનું પોષણ કરે. ઉંધા અર્થ કરે. શાસ્ત્રના બહાના લઈ પાપ સેવે. માટે **સૂત્ર દ્વારા મોહને ઢીલો કરવાનો છે.**

આ ૪૫ આગમ પારો છે. એથી મૂળસૂત્ર દ્વારા હોય તો જ એ પારાનું પાચન થાય.... આવશ્યક સૂત્ર જરૂરી છે. **શ્રાવકકુળના સંસ્કાર એ ગળથુંથીમાંથી મળે છે.**

સામાન્યથી બે મહત્ત્વના પ્રેરણાના અંગો

| | | |
|---|---|---|
| ઉત્તરાધ્યયન | } | ઓઘ નિર્યુક્તિ |
| શ્રી દશવૈકાલિક | | આવશ્યક સૂત્ર |

અને શ્રી દશવૈકાલિકનાં યોગ-જોગ પહેલાં કરાવે પછી અને વડીદીક્ષા આપે. પ્રાચીનકાળમાં આચારાંગ શાસ્ત્રનું પહેલુ શસ્ત્રપરિક્ષા અધ્યયન ભણાવતા. તે પછી ગીતાર્થોએ મનકમાટે કરેલ શ્રી દશવૈકાલિક સૂત્ર નક્કી કર્યું....

સૂત્રથી - અર્થથી આચરણાથી એ ભણે - પરીક્ષા કરે - પાસ થાય. પછી જ વડી દીક્ષા આપે. **આત્માને અશુભ માર્ગેથી વાળવો. નવકોટિના પચ્ચક્ખાણ કરવા ! તે સંયમ...!** એનું મહત્ત્વ નવદીક્ષિતને સમજાવો. પ્રાચીન કાળમાં બાર વર્ષ સુધી પરીક્ષા કરતાં એ પાસ ન થાય તો એનો... વેશ.કાઢી લેતાં.

સાધુજીવનમાં એનાં નિર્ધ્વંસ પરિણામ થાય તે હરગીઝ ઊચિત નથી. નવકોટિથી શુધ્ધ પાળતાં દશવૈકાલિક પૂર્ણ ભણવું... સમજવું... બુધ્ધિનો અભાવ હોય તો... પૂ. વૃધ્ધિવિજય મહારાજ સાહેબની ૧૦-દશ સજઝાયો છે તે પાકી કરવી.

'દ્રુમપુષ્પિકા' ન્યાયની અપેક્ષાએ આ પહેલું.... અધ્યયન છે. આઠ વર્ષની ઉંમરમાં સંયમ ગ્રહણ કરનાર મનક મુનિ માટે આ પિતા સ્વયંભવસૂરી મહારાજાએ રચના કરી છે.

**મન-વચન-કાયાથી હિંસા કરે નહીં, કરાવે નહીં, કરતાને અનુમોદે નહીં, તેને અહિંસા કહેવાય. આ અહિંસા સર્વવિરતિમાં જ હોય.**

સંયમ - સમ્+યમ=સમ્યક્ પ્રકારે બાંધવું તે સંયમ...! પૌદ્ગલિક પદાર્થને બાંધી રાખવું...

સ્વછંદતા તથા કર્મના ઉદયથી વૃત્તિને છુટો દોર છે તેને

બાંધવો. **આજ્ઞા રૂપી ખીલે વૃત્તિને બાંધે.**

સાધુ સાધે તે - શેની સાધના - સાધના - ભૌતિક પૌદ - ગલિકની સાધના કરે તે સ્વચ્છંદપણે દોડતી વૃત્તિઓને પકડીને આજ્ઞાને ખીલે બાંધો. થતી વૃત્તિમાં આજ્ઞા છે કે નહીં તે વિચારે.

આજ્ઞા - ત્રણ.

તીર્થંકરની

શાસ્ત્રની

ગુરુની.....

તીર્થંકરની આજ્ઞા શાસ્ત્રમાં છે. **"छंदं निरोहेण हरइ मुकखं"** ઈચ્છાના નિરોધથી મોક્ષ. આમ શાસ્ત્રમાં... વિશિષ્ટ કોટીની આત્માને પ્રથમ બે આજ્ઞા પણ જેઓ વિશિષ્ટ કોટીના નથી તેમને ગુર્વાજ્ઞા એ સૌથી વધુ મહત્ત્વની. તીર્થંકરની આજ્ઞા કરતાં શાસ્ત્રાજ્ઞા મહત્ત્વની અને એ કરતાં ગુર્વાજ્ઞા મહત્ત્વની છે!

**જેના અનુશાસનમાં વૃત્તિ કાબુમાં રહેતી હોય તે ગુરુ...!** વિશિષ્ટ ક્ષયોપશમ ન હોય તો એને ગુરુઆજ્ઞામાં પોતાનું જીવન ઝુકાવવું એ વૃત્તિ કટ ક્યારે થાય? સંયમ આવે તો. દરેક વિચાર એમને કહેવા સંયમ ક્યારે આવે ? તપ આવે તો...! ગમે તેટલા પૌદ્ગલિક પદાર્થો સેવે છતાંય ઈચ્છા પૂર્ણ થતી જ નથી. **આકાશની જેમ ઇચ્છાનો કોઇ અંત જ નથી.**

(आउर पच्चक्खाण) ભવરોગને નાબુદ કરનાર ગુરુના ચરણે જ જો ઝુકાવે તો જ સંયમ.

**અહિંસા ક્યારે ? સંયમ હોય તો...**

**સંયમ ક્યારે ? તપ હોય તો...**

આ સાંકળના આંકડાઓની જેમ છે. આથી અનાદિના સંસ્કારો ઘટે દેવતાઓ પણ તેમને નમસ્કાર કરે છે. આમ કહેવાથી બાળ જીવોને પણ બહુમાન જાગે "**जस्स धम्मे सयामणो**" મનને ધર્મમાં જોડે. ધર્મને મનમાં નહીં. અંદરનું તાત્પર્ય આ છે. ધર્મને મનમાં રાખવાથી સ્વચ્છંદભાવ વધે. **મન એ મોહનીયનું એજન્ટ છે.** મન આપણી પાસેથી અને કર્મ પાસેથી પણ કમીશન ખાય છે. મકાનમાં રહેવાનું તે મકાનમાં આપણે કે આપણામાં.... મકાન.....? મકાનમાં રહેવાનું તેમ ધર્મમાં આપણે રહેવાનું.

**મન ઉંધુ કરો નમ થાય, આજ્ઞા જ મહત્ત્વની છે.** સ્વચ્છંદવાદમાં દોડેલ આપણને આજ્ઞા જ ગમતી નથી. કર્મનો ત્રાસ, વિપાક.... સંસાર..... આ બધું વિચારે તો જ આજ્ઞા મીઠી લાગે. કયારેક બળવાખોર વૃત્તિ પણ ઉપકારી થાય. પણ એ બળવો ક્યારે....? ક્યાં..? સમજણ પૂર્વક આજ્ઞા પ્રમાણે કરવું તે પણ ગુર્વાજ્ઞાપૂર્વક જ.

આવો સંયમ કલ્યાણકારી થાય છે. અને દેવો પણ નમસ્કાર કરે છે. આ તો અવાંતરનું અવાંતર ફળ છે. ધર્મનું ફળ તો કેવળજ્ઞાન અને મોક્ષ છે. બાળ જીવોને ઉપરની વ્યાખ્યા બતાવાય.

# શ્રી દશવૈકાલિક વાચના - ૩

પાંચમા આરાના છેડા સુધી જે મર્યાદા નક્કી કરી છે, તે..... તે શ્રી દશવૈકાલિકમાં છે. અનાદિના મોહના... સંસ્કારો શાસનની તરફ જવા તૈયાર થઈ જાય ત્યારે જ ત્યાંથી પાછા વાળવા એ પ્રયત્ન કરે છે. ત્યારે સંયમ-ચારિત્ર અષ્ટ પ્રવચન માતા દ્વારા પ્રયત્ન કરવો જરૂરી છે.

આરંભ - સમારંભ વિષય-કષાયથી અળગા થઈ ગયેલા સાધુ પ્રયત્ન દ્વારા શાસન તરફ જઇ શકે.

પહેલી ગાથામાં ધર્મનું ફળ ઉત્કૃષ્ટતા બતાવી છે. હવે બીજી ગાથામાં બીજી જ વાત મૂકી... પ્રથમ ગાથા સાથે સંબંધ શું છે ? તે બતાવે છે.

**ધર્મનો આધાર અહિંસા... સંયમ અને તપ પર.....!**

**ઉત્કૃષ્ટ સંયમનું બળ ક્યારે મળે ?** કોઈને તકલીફ ન આપે તો અને ભાવદ્રવ્ય અહિંસાનું બળ કેળવે તો....! એ માટે તો અને ભાવ દ્રવ્ય અહિંસાનું બળ કેળવે તો....! એ માટે બે ગાથા બતાવી. અહિંસા એટલે સંસારી જીવોના દ્રવ્યો, ભાવ પ્રાણોને બચાવવાનો પ્રયત્ન તે.

દ્રવ્યપ્રાણનો નાશ તે દ્રવ્યહિંસા છે. જો કે આપણે સ્થૂલ વૃત્તિથી જ વિચારીએ છીએ. જીવ મારે તે જ હિંસા માનીએ છીએ પણ **આજ્ઞાથી કે અજયણાથી બીજાને દુઃખ થાય એવું વર્તીએ કે**

**બોલીએ તો પણ હિંસા થાય.** આપણી રહેણી-કરણી શાસ્ત્રાનુસાર ન હોય અને સ્વચ્છંદતા હોય તેથી આપણે વિચારી શકતા નથી.

બીજી ગાથા મુખ્ય છે. ભ્રમરનું દ્રષ્ટાંત આવ્યું છે. જાણતાં-અજાણતાં મન-વચન-કાયાથી કોઈને દુઃખ ન થવું જોઈએ. ભ્રમર-ભમરો ઓટોમેટીક ઉગેલા ઝાડમાંથી ફુલમાંથી થોડો-થોડો રસ લઈ તૃપ્તિ કરે છે.

જરાક રસ લે એથી સહેજ કીલામણા થાય પણ એથી ફુલ વિગેરે કરમાઈ ન જાય. પોતે-પોતાના આત્માને તૃપ્તિ કરે. એવી રીતે સાધુ "પરિગ્રહ સંજ્ઞાના" ભારથી મુક્ત હોય...!.

'શ્રમણા' શા માટે ?

"સમાના મનઃ यस्य सः' **જેનું મન સોનામાં કે માટીમાં સમાન છે એ સાધુ છે.** માટે શ્રમણ કહ્યું... દ્રષ્ટાંત - બે જાતનાં. એકદેશી અને સર્વદેશી.- આમાં ભમરાનું દ્રષ્ટાંત એકદેશી અને સર્વદેશી.- આમાં ભમરાનું દ્રષ્ટાંત એકદશી છે. ભ્રમરને આ ઝાડ મારું છે એવી મમતા નથી. એ દ્રષ્ટિએ વળી જુદે-જુદે સ્થાનેથી થોડું - થોડું લે છે.

તે સાધુએ પ્રાસુક આહાર જુદી-જુદી જગ્યાએથી લેવો ભ્રમરને મન નથી. કુદરતી એ આમ કરે છે. સાધુને મન છે. આધાકર્મી વિગઈ વિગેરેનો સમજણ પૂર્વક ત્યાગ કરે છે. ભ્રમરને સમજણ નથી. સાધુને વિવેક છે માટે એકદેશી.

**दाण भत्ते सणे रया** -ભ્રમર તો ગમે તે જે ઝાડ હોય ત્યાં બેસી જાય. એથી અદત્ત લાગે. સાધુ પોતાના માટે બનેલી ચીજ લે નહીં. સાધુ ગમે તેટલા પાતરા ભરનાર શ્રાવક મળે તો ય થોડું જ લે. એનો આચાર જુદો શ્રાવક તો મોહનીયથી છુટવા દાન આપે. ત્યાગ ભાવના કેળવવા દેરાસર સાધુને તથા શ્રાવક..... સાધર્મિકને આપીને પછી જ વાપરે. સાધુએ ગવેષણાની પધ્ધતિ જાળવવી.

નંદીષેણને તેના મામાની છોકરી પરણવા તૈયાર ન થઇ માટે તૈયાર થાય ગુરૂના ઉપદેશ દ્વારા દીક્ષા લે..... પુરુષાર્થ દ્વારા કર્મ તોડવા તૈયાર થયા માસક્ષમણ વિગેરે તપ કરે. બધાય સાધુની ભક્તિ કરી પછી જ વાપરે. પારણું કરે. ઈન્દ્ર પ્રશંસા કરે દેવ અન્યનું રૂપ કરીને સાધુની પરીક્ષા કરવા તૈયાર થાય એકવાર નંદીષેણ પારણું કરવા બેસવા તૈયાર થાય છે ત્યાં એક સાધુ જોરથી.. આક્રોશાત્મક શબ્દ બોલે છે કે મારા ગુરુને સ્થંડીલ થયા છે છતાં કેમ આવતાં નથી. નંદીષેણને આક્રોશ કરે છે તું કેમ ખાવા બેસી ગયો ? છતાં પરીક્ષા કરવા માટે બીજીવાર કહે છે કે - સ્થંડીલ થઇ ગયેલા સાધુ માટે- વસ્ત્રનો કાપ કાઢવા માટે પાણી લઈને ચાલો.... પ્રાચીન કાળમાં જરૂરી પાણી લાવતાં. આપણી જેમ ભરી-ભરીને ન મૂકે.

ગવેષણા પૂર્વક એ નંદીષેણ મુનિ પાણી વહોરવા જાય છે...! જિનશાસનના સાધુ કેવા.... નિઃસ્પૃહ છે કે જે આપે છતાં લે નહીં.. પાણીની ગવેષણા કરે..! આપણી જેમ ઘડા ભરીને પાણી... લાવતા નથી. (દેવ) મુનિ-જાણીને અનેષણા કરે છે. (પરીક્ષા કરે છે.) વ્યવહાર સૂત્રમાં કહયું છે કે એકવાર ગવેષણા કરે. બીજી વાર ગવેષણા કરે. બીજીમાં નાના દોષ ગૌણ કરે. (અનુક્રમે પ્રાયશ્ચિત વધે.) ત્રીજી ગવેષણામાં દોષ ગૌણ કરે. (અનુક્રમે પ્રાયશ્ચિત વધે.) ત્રીજી ગવેષણમાં દોષ ગૌણ કરી પાણી લાવે.... આ ગવેષણા પૂર્વકની કરેલી વૈયાવચ્ચથી કર્મની નિર્જરા થાય. દવા પણ ગૃહસ્થને ત્યાં રાખે. વિહારમાં..... ગૃહસ્થ થકી રાખે જેથી સંનિધિ દોષ લાગે.! રાત્રિભોજનનો દોષ લાગે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૪

**પાંચ સમિતિમાંથી એષણા સમિતિથી બંનેનું કલ્યાણ થાય છે.** અન્ય ચાર સમિતિમાં કદાચ ઓછું વધુ પળાય તો કદાચ એમનું જ (પોતાનું જ) બગડે. પણ એષણા સમિતિ ન પાળે તો શ્રાવક શ્રધ્ધાથી ભ્રષ્ટ થાય. ઉપર બે અને નીચે બે એમ આ સમિતિ વચમાં રાખી છે. તે એષણા સમિતિ.. આરાધનાના સાધન ભૂત શરીર માટે જરૂરી છે. આ સમિતિ....!

સંસારના પૌદ્‌ગલિક પદાર્થો નો ઉપયોગ સમ્યગદષ્ટિને તો શું પણ સાધુને પણ હોય છે. પણ શરીરને ટકાવવા ત્રીજી સમિતિ પૂર્વક આહાર લે. આ સમિતિમાં ચૌદ જીવસ્થાનકમાંથી કોઈને બાધા-હિંસા ન પહોંચે તે રીતે આહાર લે. "अहागडे" યથાહીત ગૃહસ્થે પોતાના માટે કરેલ આહારમાંથી ફરી-ફરીને લે...! વિચારમાં રહેવું જોઈએ કે જેવું અન્ન (આહાર) તેવું મન.

શિથિલતા આવી જતા માર્ગને માર્ગ તરીકે સ્વીકારવાની તેયારી ગુમાવીએ છીએ..... પાલીતાણામાં તો આમ જ ચાલે... એમ કહીને આપણે આપણા દોષોને ઢાંકીએ છીએ...! આ ઉચિત નથી...."યથાહિત" ગૃહસ્થે આરંભ - સમારંભ કરીને જે કર્યું છે.. પણ છતાં ય સંઘટ્ટક ગૌચરી લાવી પોષણ કરે. ગૃહસ્થ ભલે પાતરા ભરે.... પણ એમ કરવાથી એના ભાવ ઘટે છે. વળી બીજા ઓછું વહોરાવે તો આપણને.... તિરસ્કાર થાય છે. ભમરાના એકદેશીય

દ્રષ્ટાંતથી પોતાના માટે કરેલું. કરાવેલું રસોઈમાંથી એષણાપૂર્વક થોડું જ લેવું...!

"ઘ્રાણી વિના ન દુગ્ધં" ગાયને ઘ્રાણી કહયું છે. એ થોડું - થોડું ઘાસ ખાય તો જ એને ધરપત થાય. (તૃપ્તિ થાય.)

અનાદિના સંસ્કારો ઘટાડવા એક જ જગ્યાએથી ગોચરી લેવાથી શુધ્ધિ જળવાતી નથી.

સામુદ્રાનિકી = સં+ઉદ+આનિકી=ગોચરી સમ્યક્ પ્રકારે ઉદ્ર એટલે મોહના સંસ્કારો ફેરવીને "आनिकी"લાવે તે "સામુદાનિકી". આ શાસ્ત્રીય શબ્દ છે.

**સંયમ જીવનનો મૂળ આધાર જ ગોચરી ઉપર છે.** ગોચરી શુધ્ધ હોય તો જ સંયમ પરિપુષ્ટ થાય ગોચરીથી જ આર્તધ્યાન વિગેરે ઘટે. માટે જ... પૂજયશ્રીએ પાંચ ગાથામાં ગોચરીનો અધિકાર બતાવ્યો છે.

મહુગાર... સમા... બુધ્ધા.....તત્ત્વનું રહસ્ય સમજનાર તે બુધ્ધ કોઈ જીવને કિલામણા ન પહોંચાડવી તે જ સંયમના તત્ત્વનું રહસ્ય છે. (ભોજનશાળામાં પણ દોષિત છે.)

અનિશ્રીત નિશ્રાના બે અર્થ છે.....! નિશ્રા કોઈની આજ્ઞાતળે રહેવું તે. સાધુ નિશ્રા રહિત હોય... પુદ્ગલ જન્ય નિશ્રા નહીં. આ જોઈએ...... આના વિના ન ચાલે. નિશ્રા આ પુદ્ગલ જન્ય..... નિશ્રા સાધુને નહીં....!

જીવની નિશ્રા રાખે... **વડીલ, જ્ઞાની, ગુરુ, સાધર્મિકની નિશ્રામાં રહે** પણ.... પૌદ્ગલિક ભાવની નિશ્રામાં ન રહે.

છેદસૂત્રમાં - અનિશ્રા અર્થ..... (૨) નિશ્રા- રાગ-દ્વેષ સહીત, અનિશ્રા - રાગદ્વેષ રહિત....नितराम् श्रयन्ते प्राणिन : यः निश्रा ।

સાધુ રાગ-દ્વેષ રહિત હોય માટે. अनिश्रित આમ છેદસૂત્રમાં અર્થ કહયો છે.

સાધુને "नाणापिंडरया दन्ता"અહીં - (મધ્યમ પદ લોપી સમાસ) અનેક ઘરની લાવેલી ગોચરી તે नाणापिंड ન કહેવાય.

ગીતાર્થની જ ગોચરી કહી છે. જેમણે અનાશકિત કેળવી છે તેવા (૧) સાધુની જ ગોચરી ખપે. ચૌદ પૂર્વધારી શય્યંભવસૂરિ પણ કહે છે કે આ વાત તીર્થંકર- પરમાત્માએ કહી છે. 'ઈતિ' કહી કોટેશન મૂકે છે. આમ પરમાત્માની વાણીનો સંબંધ..... જણાવ્યો. આમ પ્રથમ અધ્યયન પૂર્ણ થયું.....

# શ્રી દશવૈકાલિક વાચના - ૫

**વીતરાગ અવસ્થા મેળવવા, મોહના સંસ્કારો ઘટાડવા જરૂરી** છે. મોહના સંસ્કારો વધારનાર વાતાવરણનો ત્યાગ અને સંયમનો સ્વીકાર થાય તો જ.વીતરાગ અવસ્થા કેળવાય. એ સંયમ જીવન પણ યથાસ્થિત પાલન થવું જરૂરી છે. વિશિષ્ટ રીતે એષણાનો ઉપયોગ જોઈએ. ચાર મૂળ સૂત્રમાં આ બીજું સૂત્ર એની વાચના ચાલે છે.

સાધુજીવનના પૂર્વ અવસ્થામાં અધિકારનું બીજું અધ્યયન શરૂ થાય છે. ધર્મની પ્રશંસાવાળો ધર્મ આ જિનશાસનમાં જ છે.

અહિંસા-સંયમ-તપ... પરમાત્માના શાસન સિવાય ક્યાંય સંભવિત જ નથી. કેમ કે એમને છ જીવ નિકાયનું જ્ઞાન નથી. નવદીક્ષિતને હજી જાણથી સંયમ ન સ્પર્શ્યું હોય, નિમિત્ત પામતાં મોહના સંસ્કારો ધમાલ કરે માટે ધૃતિ ગુણ ધારણ કરવો. લીધેલા નિયમો પાળવામાં શૂરવીરતા તે ધૃતિ...!

સંમોહ - બેભાન ન હોય પણ મુંઝાયો હોય જેથી કહી ન શકે, રહી ન શકે આવું સંયમમાં ઘણીવાર બની શકે છે.

બહારનું વાતાવરણ જુદું હોય અંતરનું જુદુ હોય એથી સમન્વય ન કરી શકે. એથી મોહના ધડાકા થાય...!

જ્ઞાનપદની પૂજામાં..... "અન્નાણ સંમોહ" કહ્યું કે - અજ્ઞાનનો ફુટેલો ભેદ સંમોહ. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમની ખામી અથવા

જ્ઞાનાવરણીયનો પ્રગાઢ ઊદય. આથી સમજી ન શકે. આ કરતાં પણ સંમોહ ખરાબ છે.

જાણે, સમજે કે કરવા લાયક આ જ છે. પણ કરી ન શકે. ખેંચાણ બીજી દિશામાં થાય. એ... ખેંચાણ અટકાવવા ગુરુકુળવાસ જરૂરી છે.

વાસના-આસક્તિમાંથી છુટવા પ્રયત્ન ન થાય. એથી પહેલા ગુણઠાણાનો ઉદય. અગીયારમે ગુણઠાણે પણ.... સંમોહ ઉત્પન્ન થાય છે. મોહના ઉદયને આધીન થઈ છેક નિગોદમાં ચાલ્યા જાય. માટે ધૃતિ ધારણ કરવી. ગોચરી માટે ધીરજ કરવી તે ધીરજ ન કહેવાય. પાપ-સાપ-તલવાર-ઝેર કરતાં પણ ભયંકર છે. **આજ્ઞાનો ભંગ અનંતા ભવની પરંપરાને વધારે છે.**

પૌદ્ગલિક ચીજ મળી પણ પછી શું....? ઈચ્છાનો અંત છે જ નહિ. એના બદલામાં ભગવાનની આજ્ઞાનો ભંગ થયો. આથી દુર્ગતિ-સંસારનો વધારો....! આ ગુણ-દોષની વિચારણા તે ધૃતિ...! દોષની વિચારણા ન કરી શકે તે અધૃતિ...! કહેવાય.

જેને ધૃતિ છે તે જ તપ કરી શકે. પચ્ચક્ખાણ કર્યા પછી કારણવશ કર્મોદય થાય તો ડામાડોળ ન થાય. પણ સમજાવે, એ સહન કરીને નિર્જરા કરે... આ ધૃતિ ગુણથી જ તપ થાય. જેમને તપ છે તેમને જ સુગતિ મલે.

દ્રવ્ય તપમાં ધૃતિ જોઈએ. બાહ્યતપ - તે દ્રવ્ય તપ.

ભાવ તપમાં ધૃતિ જોઈએ. અભ્યંતરતપ - તે ભાવ તપ.

**દ્રવ્ય તપ વિના ભાવ તપ નથી...** ત્રણ વાર ખાશું અને સ્વાધ્યાય કરશું. આમ વિચારનાર ખોટાં છે. **બાહ્ય તપ વિના ભાવ તપ અભ્યંતર તપ સાચો નથી.** આમ તપમાં ધૃતિ તો જોઈએ જ...! તપ વિના સદ્ગતિ નથી. જેને જીવનમાં તપ ન હોય. દિવસમાં દસ

વાર ખાય. વાતાવરણ અને નિમિત્ત મળતાં ઢળી જાય... તેને ધૃતિ ન કહેવાય...

**બાહ્ય તપની અવગણનાથી ચારિત્ર મોહનીય કર્મ બંધાય. અભ્યન્તર તપની અવગણનાથી દર્શન મોહનીય કર્મ બંધાય** અને બંનેથી બીજા પણ કર્મો બંધાય....! તપ પ્રત્યે અવગણના તો ન જ જોઈએ...! અધૃતિ.... કરનારને દ્રવ્ય-ભાવ તપ પણ દુર્લભ થઈ જાય.

માનસિક-વાચિક રીતે કરાતો પ્રયત્ન તે ધૃતિ કહેવાય... પેલા ધર્મની પ્રશંસા કહી, પછી ધર્મ શાસનમાં જ છે. તેમ કહ્યું.... હવે એ ધર્મ સ્વીકારનાર કેવા હોય તે કહેશે!

(૧) ઉપક્રમ (૨) નિક્ષેપ (૩) અનુગમ (૪) નય આમ ચાર રીતે તેની વ્યાખ્યા હોય....! ઉપક્રમ તો ચારિત્ર મોહનીયના ક્ષયોપશમ માટે દરેક આગમમાં સરખો ન હોય.

श्रमन्यस्य भाव इति श्रामन्य ।

શ્રમ કરે તે શ્રમણ.... શ્રમ એટલે શ્રમ ધાતુ તપ અર્થમાં છે. શ્રમ - મજુરી તે બાહ્ય અર્થમાં છે. શ્રમણ-તપસ્વી તપ કરે તે. શ્રમણ **ઈચ્છાને કાબુમાં રાખવા પ્રયત્ન કરે તે શ્રમણ કહેવાય.**

એ સાધુપણાનું કારણ શું ? પૂર્વ એટલે પહેલાં થાય. પણ અહીં પૂર્વ શબ્દનો પારિભાષિક શબ્દ કરે છે. કાર્યની પહેલા રહે તે પૂર્વ કારણ...!

સાધુ પણાનું મૂળ કારણ શું....? ધૃતિ એટલે લક્ષ. **સંસ્કારોની પકડથી છુટી આજ્ઞામાં રહેવાનો પ્રયત્ન કરવો તે જ સાધુ પણાનું મૂળ છે.**

સાધુપણાના કારણ રૂપ ધૃતિ... એ ધૃતિમાં કેમ રહેવુંતે બતાવે છે. શ્રામણ્ય પૂર્વ એ એનું નામ છે.

સાધુપણાના ચાર અને પૂર્વ શબ્દના તેર નિક્ષેપા કહે છે. 'પૂર્વ' કયા કારણે હોય એના તેર નિક્ષેપા કહેશે.

નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવ. નામ શ્રમણ - અક્ષર આકૃતિ વિશેષ તે નામ સાધુ. દ્રવ્ય સાધુ **આગમથી જ્ઞાતા હોય પણ ઉપયોગ ન હોય તો આગમથી... દ્રવ્ય શ્રમણ કહેવાય !** નો આગમથી શરીર જાણકાર હોય પણ પ્રાણરહિત હોય. ભૂતકાળમાં ભાવકરણ. ("તદ્વ્યતિરિક્ત તે અન્યદર્શનીના સાધુને શ્રમણ કહેવાય.) આ બધા દ્રવ્યશ્રમણના આગમથી...!

શ્રમણપણાંના ઉપયોગમાં પ્રવર્તતો હોય તે...આગમથી ભાવશ્રમણ કહેવાય.

ભાવશ્રમણ બે પ્રકારે - પરિણામ હોય, પાળનાર હોય તે ભાવશ્રમણ...! આગમથી છટ્ઠે ગુણઠાણે પહોંચેલ શ્રમણપણાના આચારમાં પ્રવર્તતો તે ભાવસંયમ. નોઆગમથી ભાવ એટલે સત્તા-વિદ્યમાન-હાજરી-શાન્તિ. નિર્યુક્તિમાં બતાવેલ વ્યાખ્યા પ્રમાણે આચારણા કરે તે ભાવશ્રમણ નોઆગમથી.

એકેક ગુણઠાણે - સાત નય ઘટી શકે.

જેવી રીતે મને દુઃખ અનુકૂળ નથી પ્રતિકૂળ છે એવી રીતે જગતના સર્વ જીવોને છે. આથી હિંસા કરે નહીં, કરાવે નહીં, અનુમોદે નહીં તે (શ્રમણ...) સમણ... શ્રમણનું પ્રાકૃતમાં સમણ થાય.

समण अणति इति समणं । વિકારી ભાવનાં પ્રપંચથી ક્યાંય પણ એ હિંસા ન કરે. **પૌદ્ગલિક પદાર્થમાં જીવોની હિંસા તે માટે પૌદ્ગલિક પદાર્થની આસક્તિ છોડી દે.** માટે જીવોની હિંસા ન થાય. આત્માને સમજાવે રાખે તે શ્રમણ કહેવાય. બીજો અર્થ सम मनः यस्य सः । समण ।

તેને કોઈ પ્રિય ન હોય. ઈન્દ્રિયોની અનુકૂળ સામગ્રી લાવી

આપે તે આપણને પ્રિય. અને ઈન્દ્રિયોની અનુકૂળ સામગ્રી લાવી ન આપે તે અપ્રિય...! માટે પ્રિય-અપ્રિયનું "મેઝરમેન્ટ" ઈન્દ્રિયની લાલસા છે. **સાધુપણાના વિચારોમાં સ્થિરતા જોઈએ.** આપણી પાસે હંમેશા શાની વાત હોય છે. પૌદ્ગલિક ભાવની જ. **ઈન્દ્રિયોના વિકારોમાં જેનું મન નથી તે શ્રમણ....!** આ બીજો અર્થ - જે તેમાં પરાધીન નથી તે શ્રમણ...!

# શ્રી દશવૈકાલિક વાચના - ૬

દશવૈકાલિકના બીજા અધ્યયનનું નામ છે. "શ્રામણ્ય પૂર્વિકા". સાધુપણાનું કારણ ધૃતિ આવતાં જ દુઃખોમાં જ્ઞાનપૂર્વક ટકી રહેવું તે ધૃતિ. श्राम्यते इति श्रमण । કર્મના બંધનમાંથી છુટવા તપ વિગેરે કરે.

સુમના = જેનું મન સારું હોય....

અશુભ મનોવર્ગણાના પુદ્ગલોથી જે મન તે અશુભ મન.

શુભ મનોવર્ગણાના પુદ્ગલોથી જે મન તે શુભ મન.

સુમન :- સ્વપર કુટુંબના જેવો બીજા પર પ્રેમભાવ હોય... આ મારા સગા છે એમ કહેવાથી પણ મોહનીયનો સૂતેલો સાપ જાગે છે. સ્વજન અને પરજન બંનેમાં રાગ-દ્વેષ ન હોય. સમાન હોય. માન અપમાનમાં સમાન હોય. એને ભાવમન સારું છે. એમ કહેવાય. ભાવસાધુ કેવો હોય. સાપ જેવો હોય.

ગુરુ દત્તાત્રેયે - ૨૮ ગુરુ બનાવેલ. કૂતરા વિગેરે જેમાં ગુણો હોય તેને ગુરુ બનાવે. એમ સાધુ સાપજેવા એટલે શું કરડે? ના....! "ખોદે ઉંદર ભોગવે ઉરગ" સાપ જેમ પોતાના માટે દર ન કરે તેમ. ઉદર માટે બનાવેલા દરમાં સાપ રહે છે. તેમ પોતાને માટે બનાવેલા ઉપાશ્રય આધાકર્મી કહેવાય. બીજાને માટે કરેલા દરમાં જ સાપ રહે. પોતાને માટે બનાવેલ માં ન રહે. આમ એકદેશી દ્રષ્ટાંત લેવું. વળી સાપ દરમાં સીધો જ ચાલે અણીદાર કાંકરી આદિ હોવાથી એ જો આડો અવળો ચાલે તો શરીર છોલાઈ જાય. માટે સીધો ચાલે. એમ

સાપની જેમ જલ્દી સાધુ સ્વાદ વિના સીધું જ વાપરી જાય. કાં સાવ આડું-અવળું ન જુએ-સીધું જ જુએ તેમ સાધુ ઈર્યાસમિતિ પૂર્વક ચાલે. આડું-અવળું ન જુએ. ગિરિરાજ ચડતાં.... નવકારવાળી ન ગણે પણ સંયમ પૂર્વક જ ચાલે.

સાધુ પર્વત જેવા - ગમે તેવા પવનમાં પણ ડોલે નહીં - ઉપસર્ગ રૂપી પવનથી હલે નહીં.

સાધુ અગ્નિ જેવા જાજવલ્યમાન હોય. બ્રહ્મચર્યનો તપનો પ્રભાવ હોય પણ ક્રોધી ન હોય. અગ્નિનો ગુણ શું...? અગ્નિમાં ગમે તેટલું નાંખ્યો તો ય બંધ ન થાય. આમ એ અતૃપ્ત હોય. કેવળજ્ઞાન ન આવે ત્યાં સુધી અતૃપ્તિ...! ત્રીજો ગુણ - અગ્નિમાં ગમે તેને નાખો - ચંદન નાંખો કે લાકડું નાખો પણ બાળી જ નાખે. તેમ સાધુ... એષણીય ગોચરીમાં વિશેષ ન કરે. એક જ ધોરણ રાખે કે ૪૨-બેંતાલીશ દોષ રહિત લે. આમ અગ્નિની જેમ અવિશેષ ધોરણ રાખે.

વળી સાધુ સાગર જેવા ગંભીર... સાગરના ત્રણ ગુણો - ગંભીર. નદી-તળાવ-સરોવર ઉભરાય પણ... સમુદ્ર ન જ ઉભરાય. ચોમાસામાં દરિયો છલકાય પણ સમુદ્ર નહીં. ચૌદ હજાર શાશ્વતી નદીઓ લવણ સમુદ્રમાં ભળે છે. તેમ સાધુને પણ પુણ્યોદયથી બહારના લોકોથી માન-પાન મળે તો ય ઊભરાય કે છલકાય નહીં. પણ.... નિરભિમાન કેળવે કે આ તો શાસનનો પ્રભાવ છે...! રત્નાકર જેવા જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપી રત્નો ભરેલા છે. સમુદ્ર ક્યારે પણ પોતાની મર્યાદાને ઓળંગે નહીં. ભરતી ચડે ત્યારે ઘોડાપુર આવે ત્રીશ-ત્રીશ ફૂટ મોજાં ઉછળે. પણ પોતાની મર્યાદાથી આગળ ન જ જાય. તેમ સાધુ પણ પોતાની મર્યાદા પ્રાણાંતે ય ન જ ચૂકે.

વળી ભાવસાધુ આકાશ જેવા નિરાલંબન... કોઈના આધારે પોતાનું જીવન ચાલે એમ નહીં. ગુરુની આજ્ઞા પ્રમાણે એ કાળમાં એ સાધુ પાસે એ ક્ષેત્રમાં જાય. કોઈની સ્પૃહા નહીં. આ કાળમાં ય... આવા ભાવ સાધુ છે.

ગૃહસ્થના નિશ્રીત નહીં. (ગોચરી) આજ્ઞા પ્રમાણે મળે તો લે. નહીંતર તપોવૃધ્ધિ...!

પ્રશ્ન :- ઓઘો - મુહપતિ ગૃહસ્થ વિના કોણ છે ?

પરમાત્માની આજ્ઞા મુજબ ચાલુ સાધુ - સાહુ મળી ન રહે.

સા તરુ જેવા... વૃક્ષ જેવા... જીવોના આશ્રયરૂપ મોક્ષરૂપી ફળ મેળવનારા જીવોના આશ્રય સ્થાન રૂપ. સાધુ ઝાડ જેવા... એક બાજુથી પૂજા કરે અને એક બાજુ કુહાડાથી મારે તો ય સમાન...! પૂજા - માન - અપમાન કરે તો ય સમતા વાળા. ભ્રમર જેવા... અનિયવૃત્તિ...! એક જ વૃક્ષ પર ન બેસે તેમ પણ ગમે તેવા સ્થાનમાંથી ગોચરી લાવે.

"મૃગજેવા" :- હરણીયું જેમ ફફડે તેમ સાધુ પાપથી ધ્રુજે.

"ધરણી" જેવા :- ધરતી સમાન. સમતા-વૃષ્ટિ-વિષ્ટા કચરો વિગેરે બધું નાંખે તો ય સહન કરે તેમ સાધુ બધું અનુકૂળ-પ્રતિકૂળ સહન કરે...!

સાધુ "કમલવત્" કામરૂપી કમળ ભોગરૂપી પાણીથી જેમ કમલ અલિપ્ત રહે તેમ...!

સાધુ 'સૂર્ય જેવા પ્રકાશક' હોય. સૂર્ય જેવા... સૂર્યનો પ્રકાશ પચાશ હજાર યોજન સુધી જાય. પણ વધારે નહીં.. પણ સાધુ તો વિશેષ ધર્માસ્તિકાય... અધર્માસ્તિકાય વિગેરે તત્ત્વમાં પ્રકાશ કરનાર વળી સાધુ "પવન જેવા" પવન બંધાય નહીં તેમ સાધુ પણ દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી અપ્રતિબધ્ધ હોય.

આ પ્રમાણે સાધુને બાર ઉપમા આપી...ઉરગ - (સૂર્ય), પર્વત, અગ્નિ, સમુદ્ર, તરુ(વૃક્ષ), ભ્રમર, આકાશ, ધરતી, મૃગ, કમળ, સૂર્ય વિગેરેની બાર ઉપમા આપી.

# શ્રી દશવૈકાલિક વાચના - ૭

અનંત ઉપકારી તીર્થંકર પરમાત્માઓએ સાધુ જીવનની મર્યાદા આગમમાં લખી છે. એની સંકલના ટૂંકમાં પૂ. શય્યંભવસૂરી મહારાજે કરી છે...!

ધૃતિનું બળ હોય તો જ સાધુજીવનનું પાલન કરી શકે. વિષય-કષાયમાંથી છુટવાની તીવ્ર ઈચ્છા તે જ ધૃતિ...! ઉપર કહેલી બાર પ્રકારની આત્માની... વિશેષતા લઈ પરમાત્માની આજ્ઞા પ્રમાણે જીવન કેળવે તે સાધુ - ભાવ સાધુ કહેવાય...! સાધુએ વિષ જેવા હોય. ઝેરમાં અમુક પ્રકારની વિશેષતા હોય... મધુરતા હોય એ સર્વ રસમાં મિશ્રિત થઈ જાય. જુદા ન પડે. ભાવથી સર્વ રસ રહેલો છે. પોતાની માન્યતા - પોતાના વિચારો જુદા ન હોય. ઝેર ઝેરમાં અમુક રસનો અનુભવ ન થાય.

સાધુ નેતર જેવા - માન કષાયને હટાવે. પુદ્‌ગલીક ભાવમાં પકડ ન રાખે.

સાધુ પવન જેવા - પહેલાની જેમ અપ્રતિબદ્ધ... એ રાજમહેલમાં વાય અને ભંગીને ત્યાં પણ વાય... એવું નથી કે ભંગીને ત્યાં ન વાય ? તેમ સાધુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વેતસ વનસ્પતિ જેવા - ગમે તેવાઝેરને આ વેનસ વનસ્પતિ ઉતારી છે. તેમ સાધુ મોહનીયનું ઝેર ઉતારી દે. ક્રોધ - માન - માયા - લોભ વિષર્ય - કષાયના ઝેરને સાધુ પોતાના સહવાસથી... ઉતારે. સર્પ ભૂલેચૂકે ય

વેતસ વનસ્પતિ પાસે જાય તો નિર્વિષ થઈ જાય તેમ જીવો ગમે તેટલા કષાયના કાતિલ ઝેરવાળા હોય તો સાધુ એને શાંત કરે.

વળી, સાધુ કરેણના ફુલ જેવા - એ હંમેશા ખુલ્લું હોય તેમ સાધુ મન-વચન-કાયાથી ખુલ્લા હોય. કાંઈ છુપૂ ન હોય. વળી એ ફુલ (ખરાબ ગંધવાળું) ગંધ રહીત હોય.તેમ સાધુને વિષય-કષાયની ગંધ રહીત હોય...! તેમ આત્મગુણોની સુવાસવાળા હોય. ભ્રમર જેવા હોય. થોડી-થોડી ગોચરી લઈ એષણા જાળવે.

સાધુ ઉંદર જેવા હોય - જરાક અવાજ આવે અને દરમાં પેસી જાય. વળી રાતે જ બહાર નીકળે. આમ... એનામાં બે ઉપયોગની જાગૃતિ હોય. તેમ સાધુને જીવન નિર્દોષ કેમ જીવાય ? એની જાગૃતિ હોય. ઉંદરની જેમ અપ્રમત્ત ઉપયોગ હોય. જયણા રાખે..

સાધુ નટ જેવા હોય... નટનો વ્યવહાર જેવો હોય કે બહારથી સારું અને અંદરથી દંભી... તેમ નહીં પણ... તે - તે સમયે તેવા - તેવા વેશમાં જરાય તેને શરમ નહીં આમ ભાવથી તેનું ઉદાહરણ લેવું...પાટ પર આગમ વાચના કરે પણ મુકામમાં આવીને બાળ - ગ્લાન - આચાર્યની ભક્તિ ભાવપૂર્વક કરે... વ્યાખ્યાન વખતે વ્યાખ્યાન...! સેવા વખતે સેવા કરે...!

સાધુ કુકડા જેવા - એ કુકડો કદી એકલો ન ખાય. દરેક સાધુની ભક્તિ કરે. કુકડો એ આહારને પગથી વિખેરી નાખે પછી જ ખાય... તેમ સાધુ પણ ગોચરી નિરસ કરે પછી વાપરે...!

સાધુ દર્પણ જેવા - નિર્મળ...! મન - વચન - કાયામાં જુદુ - બહાર જુદુ એમ નહીં પણ નિખાલસ - નિર્મળ વળી પ્રતિબિંબ પડે આખા દર્પણમાં તે... તે... પ્રતિબિંબ પડે. તેમ સાધુ બાળ - ક્રોધી - નવદીક્ષિત વિગેરેને અનુકૂળ થઈને રહે. પણ છણક-ભણક ન કરે. એમનાં ગુણોની અનુમોદના કરે અને ઉત્સાહિત કરે. બાળની સાથે બાળની જેમ રહે. સામી વ્યક્તિનું અનુવર્તન કરે. એના આત્માના

અધ્યવસાયની ધારા જુવે... જેનો જેવો સ્વભાવ હોય તે પ્રમાણે વર્તે...રહે...!

આમ અગીયાર પ્રકારે વિશેષણ બતાવ્યા...!

પવન - ભ્રમર ઉપર કહ્યા હતા તો હવે કેમ...? તો એ નિગ્રંથની ગાથા હતી માટે દોષ નહીં...!

ભાવશ્રમણની વ્યાખ્યા શરૂ કરતા પહેલાં - પર્યાયવાચી શબ્દો કહે. શબ્દનયથી બદ્ધ અર્થ એક પણ સમભિરૂઢથી દૂર ગયા છે તે પ્રવ્રર્જિત...

અગાર - ગૃહ - ગચ્છ ધાતુ પરથી. न गच्छति ये ते ! अगा - अग् - वृक्ष - લાકડામાંથી અનલ હોય તે અગાર. न विद्यते ગૃહ यस्य - अणगार - દ્રવ્યથી પણ ઘર ન હોય અને ભાવથી વિષય-કષાયની વાસના ન હોય તે અણગાર. ભાવઘર રહીત હોય તે અણગાર કહેવાય.

પાખંડ :- દેશાચારથી આપણે ત્યાં 'પાખંડ' શબ્દ તુચ્છ કોટીનો છે. પણ અહીં - पापं खंडयति इति - पाखंड। મહાવ્રતના વિરતિનો સ્વીકારથી પાપનો નાશ થાય છે. તેથી પાખંડ. આરંભ - સમારંભનો ત્યાગ કરે તે પાખંડ. કર્મના પાસથી દૂર તે પાખંડ. નિર્મલ વ્રત જેમને છે તે

પાખંડ - તે પાખંડી કેવા - અચલ. નિર્મળ.

ચરક - આસામાં ચાલે તે ચરક.ભિક્ષૂ - ભિક્ષુ - ભિક્ષા માંગે તે નહિ પણ ભિનત્તિ -

અષ્ટકર્મ - ભિક્ષુ, ક્ષુધા વેદને ભેદી નાંખે. ક્ષુધાવેદ હેરાન કરે તો જ ગોચરી જાય. આ ક્ષુધાવેદથી આઠેય કર્મને લઈ લેવા.

પરિવ્રજતિ - પરિ-ચારે બાજુથી પાપનો ત્યાગ કરીને ચાલ્યા જવું તે પરિવ્રજતિ.

નિર્ગ્રંથ - બાહ્ય-અભ્યંતર પરિગ્રહ રહીત તે નિગ્રંથ અને સંયત - મુક્ત. નિગ્રંથ તે શરૂઆતની અવસ્થા.મુક્ત એ કાયમી અવસ્થા.

તીર્ણ - તરી ગયેલા. સંસાર રૂપી સમુદ્રથી તરી ગયેલા. પાંચ સમિતિત્રણ ગુપ્તિ - પાંચ મહાવ્રત રૂપી નાવમાં બેસી ગયેલ હોઈ નિશ્ચયથી ગણત્રીના ભવમાં તરી જશે.

ત્રાયતે - ત્રાતા - ધર્મકથાદિવડે સંસારથી તારે.

દ્રવ્ય - ભૂત-ભાવિનું કારણ હોય તે દ્રવ્ય. ખાલી ઘીનો ઘડો હોય તો પણ ઘીનો કહેવાય. ભાવિના ભાવનું કારણ તે દ્રવ્ય. તેમ સાધુ રાગાદિ ભાવથી રહિત માટે દ્રવ્ય. તે - તે પર્યાયમાં જાય તે દ્રવ્ય. આજે આ જ્ઞાન ભણે, કાલે બીજું ભણે. આમ જુદા - જુદા પર્યાયને પામે.

ક્ષાંત - ક્રોધને આધીન ન થાય. ઈન્દ્રિયોને દમનાર માટે.

દંત - રુક્ષ-સસ્નેહનો પરિણામ ન થાય.

રાગ-દ્વેષને જીતીને વિષય-કષાયને જીતીને પાર પામે તે

તીરેન. અર્થાત સમકિત પામ્યા એટલે કિનારો પ્રાપ્ત કરેલ. આ પ્રમાણે સાધુના પર્યાયવાચી શબ્દો કહ્યા. શ્રમણના ભેદ-પર્યાય વિશેષણ કહ્યા.

પૂર્વ શબ્દના૧૩-તેર વિશેષણ. શ્રમણનો ભાવ તે શ્રામણ્ય. તેનું કારણ તે પૂર્વ.

# શ્રી દશવૈકાલિક વાચના - ૮

હવે પૂર્વ શબ્દના નિક્ષેપા કહેશે. પૂર્વ એટલે પહેલાં. પહેલું કહેવું તે અપેક્ષીત છે. નામ-સ્થાપના સરલ છે. દ્રવ્ય પૂર્વ - સશરીર, ભવ્યશરીર, તદ્વ્યતિરિક્ત. દ્રવ્ય પેલાની અવસ્થા બીજ હોય પછી અંકુરો થાય... બીજ દ્રવ્ય પૂર્વ - દહીંને માટે દૂધ. એ પૂર્વાવસ્થા છે. ક્ષેત્ર પૂર્વ - શાલીનુ પૂર્વ - જમીન શાલીનું ક્ષેત્ર હોય પછી... જવનું ક્ષેત્ર થાય.

કાળપૂર્વ :- શરદની પહેલા વર્ષા ઋતુ, રાત્રિની પહેલા દિવસ. આવલીના પેલો સમય...! રુચકની અપેક્ષાએ પેલું રુચક. આઠ રુચક પ્રદેશ તે. પૂર્વદિશાની પૂર્વ! તે શાશ્વતી. સૂર્યના ઉધયતે - આ શરીરને પૂર્વ દિશા.

જેને જે દિશામાં સૂર્ય ઉગે તે તેની પૂર્વ દિશા. આચાર્ય જે દિશામાં મુખ કરીને બેઠા હોય તે તેની પૂર્વદિશા એ આધારે જ સાધુ કાર્ય કરે. જે દિશામાં આચાર્ય બેસે તે પૂર્વદિશા. પૂર્વ. પૂર્વ. ચૌદ પૂર્વમાં પ્રથમ પૂર્વ તે પૂર્વ પૂર્વ. આ શાસ્ત્રમાં સંગત છે. વસ્તુમાં જે સૌથી પેલી તે વસ્તુ પૂર્વ. આમ આટલા ભેદ પડે. પાહુડ પૂર્વ વિગેરેનો હાલ વિચ્છેદ છે. ભાવપૂર્વ-પૂર્વ ભાવ ક્યા...? ઔદયિક પિસ્તાલીશ આગમ પૈકી પંચકલ્પ હાલ નથી. માટે ૪૪-ચુમ્માલીશ આગમ છે. (છ છેદ સૂત્રમાં પાંચ જ મળે છે.) ૧૬૬૭ ની સાલ સુધી ખંભાતના ભંડારમાં હતું. પછી નથી. પંચકલ્પની ટીકા-ભાષ્ય છે

પણ મૂળ નથી...!

હવે નિક્ષેપાના ત્રણ ભેદ - સૂત્રાનુગમ વિગેરે. બીજું અધ્યયન - સંહીતા વિ.પૂર્વવત જ સમજવા. ૧ કહં નુ - કહ્ય હં, કતિ અહં, કદાહં,કથં અહં એમ જુદા જુદા પાઠ છે. હાલ તે નથી. હાલ કહં- નુ ક્ષેપે - ટોણા મારવાના અર્થમાં છે.

જેમ - એ શેના રાજા છે - કામ તો કરતો નથી.

એ વૈયાકરણ કેમ કહેવાય ? જેનાં શબ્દો અશુદ્ધ છે. આમ 'નુ' એ ટોણામાં છે. વૃત્તિના તરંગને ધીમે ધીમે કાબુમાં લે તે જ સાધુ પણું પાળી શકે.

શ્રમણપણાની ભૂમિકા એ જ પ્રાપ્ત કરે છે. જે વિષયને કાબુમાં લે. નિમિત્ત-કારણ-હેતુ જ્યાં હોય ત્યાં બધી વિભક્તિ મૂકી શકાય. આ વ્યાકરણનો નિયમ છે. કારણ કહે - "પયે-પયે" કામ ન નિવારે તો સંકલ્પ વિગેરે થાય. અને પદે-પદે સ્ખલના પામે. પેલા ઈન્દ્રિયમાં- નોઈન્દ્રિયમાં વિગેરે રાગદ્વેષ થાય. ગુર્વાજ્ઞા વિગેરેનો ખ્યાલ ન રહે. અને સંકલ્પને વશ થાય. સંકલ્પ એટલે શું ? અશુભ અધ્યવસાય. ચારિત્ર મોહનીયનાં ઉદયથી થતાં વિચારો તે સંકલ્પ. ચારિત્ર- મોહનીયના ઉદયથી ઈન્દ્રિયોનાં વિષયોને તૃપ્ત કરવાના વિશિષ્ટ અધ્યવસાય તે સંકલ્પ કહેવાય.

કામ એટલે ? એના નિક્ષેપા કહે છે. નામ - સ્થાપના સરળ છે. દ્રવ્ય કામ - શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ - મોહના ઉદયથી પીડીત જીવને ઈચ્છા થાય. ભાવકામ - અનેક પેટા ભેદ પડે છે. માટે વચમાં 'ચ' શબ્દ છે.

સંઘાટ્ટક - પતિ-પત્નીનું જોડલું તેને જોઈને વાસના થાય. આ ભાવકામ જેનાથી ઉત્પન્ન થાય તે દ્રવ્યકામ. મોહના ઉદયથી જે થાય તે ભાવકામ.

સ્પર્શેન્દ્રિય - રસનેન્દ્રિય - ઘ્રાણેન્દ્રિય - ચક્ષુરિન્દ્રિય - આ વર્તમાન વિષયક છે. શ્રોત્રેન્દ્રિય ત્રણેય કાળ વિષયક છે. હજારો વર્ષો પહેલાં સાંભળેલી વાત યાદ આવે. સ્વાદિષ્ટ વસ્તુની માત્ર સ્મૃતિ જ થાય...! ભાવકામ... ઈચ્છાકામ... મદનકામ...! માત્ર ઈચ્છાથી વસ્તુ ભોગવાય તે ઈચ્છાકામ. ચિત્તની અભિલાષા પ્રગટ થાય તે ઈચ્છા કામ. જેમાં મદ ચડે ઘેન ચડે (ચોથા વ્રત સંબંધી) તે મદનકામ.

હવે ઇચ્છાકામ કોને કહેવાય ?

ઈચ્છા બે પ્રકારે - પ્રશસ્ત - અને અપ્રશસ્ત.

ધર્મની મોક્ષની ઈચ્છા તે પ્રશસ્ત.

યુદ્ધની રાજની ઇચ્છા તે અપ્રશસ્ત.

મદનકામ - વેદ ભોગવાય તે વેદ ત્રણ પ્રકારે.

સ્ત્રીવેદ - પુરુષવેદ - નપુસંક વેદ.

વિપાકને ભોગવે તે દ્વારા જે ઇચ્છા થાય તેમ કરે. અહીં 'કામ' શબ્દ 'મદનકામમાં' સમજવો. મદનકામ શબ્દની નિયુક્તિ કરે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૯

તીર્થંકર દેવ પરમાત્માના શાસનમાં વિશિષ્ટ રીતે સંસારની વાસના ભૂલાય. અને અનાદિના મોહના સંસ્કારોથી છુટવા અનેક પ્રકારો બતાવ્યા છે.

ચોથા આરા પછી શ્રદ્ધા-ધારણા-આયુષ્ય વિગેરેમાં ઘટાડો થવા લાગ્યો. આથી શય્યંભવ સૂરીજીએ તે તે પૂર્વમાંથી તે તે ગાથાઓથી દશવૈકાલિકની સંકલના કરી. એ મનકમુનિના કાળધર્મ પછી એ દશવૈકાલિકને વિખેરી નાંખવા લાગ્યા. પણ ગીતાર્થ ભગવંતે ના પાડી તેમ કરવાની અને કહ્યું કે - બાળ જીવોને આ અત્યંત ઉપકારી છે. અત્યંત જરૂરી છે. અમુક પ્રકારનું આત્મબળ ન પામી શકે માટે જ પૂજ્યશ્રીએ અન્ય સાધુને ન કહ્યું કે - એ ઓ મારા... સંસારીપણાના પુત્ર છે... હતા...!

અસજઝાયમાં રચના ન થાય. એ તો સંકલના જ કરી હતી. પંચવિધ સ્વાધ્યાયમાં અનુપ્રેક્ષા કાળ સમયે થાય. તાત્ત્વિક પદાર્થનું ચિંતન કરી વૈરાગ્ય ભાવના દ્રઢ થાય.

આચારપ્રવાદ નામે નવમા પૂર્વની વિશેષ ગાથાઓ દશવૈકાલિકમાં છે. રચના એટલે ક્રમપૂર્વક - બધ્ધ. પધ્ધતિ પૂર્વક સંકલના - કાચો મસાલો - વ્યવસ્થિત નહીં. સીમેન્ટ - મિસ્ત્રી વિગેરેને બોલાવે તે સંકલના...!

આ સંકલના એમણે કાળવેળાએ કરી એ. વખતે સંપૂર્ણ

દ્વાદશાંગી હતી અને દેવર્ધ્ધિગણી ક્ષમાશ્રમણનાં સમયે પૂર્વ નાશ પામ્યા. ચૌદ સદીમાં પીસ્તાલીશ આગમની પરંપરા થઈ (મહેન્દ્ર સૂ. માં ૪૫ આગમની ગાથા કહી.) એમાં ચાર મૂળસૂત્ર છે. જે સાધુ જીવનનો પાયો છે. દુપ્પહસૂરી મહારાજના વખતમાં ચાર મૂળસૂત્ર રહેશે. દ્વાદશાંગી અર્થથી શાશ્વત પદથી નહીં. પૂર્વ મુનિઓની બુધ્ધિ વિગેરે વિશેષ હતી. પછી ઘટાડો થયો. ઋષભદેવ ભ.ની દ્વાદશાંગી મોટી અને મહાવીર સ્વામી ભગવાનની નાની પણ તત્ત્વ તો એજ હોય. કાળે-કાળે બુધ્ધિ હીન થવાથી અર્થનો વિસ્તાર ગણધરો આદિ ઘટાડે. શિષ્યોની બુધ્ધિ પ્રમાણે.. અર્થ સમજાવે.

શાસનની ઉત્પત્તિથી માંડીને વિચ્છેદ સુધી રહે તે મૂળસૂત્ર કહેવાય વિશિષ્ટ-શ્રાવક સચિત્ત ત્યાગી, બ્રહ્મચારી હોય તો ચાર અધ્યયન તથા આવશ્યક સૂત્ર ભણી શકે. ઐરાવતાદિ ક્ષેત્રમાં પણ આ મૂળસૂત્ર હોય જ.

સંસારત્યાગી સાધુ યોગોધ્વહન કરેલ સાધુ જ આગમ ભણી શકે. સંયમમાં ધૃતિ એટલે જ સાધુપણાનું કારણ પોતાની મર્યાદા તૂટીને જાય તે ધૃતિ. ધૃતિ ગુણ ન હોય તો દુઃખ આવ્યા પહેલાં જ ગભરાઈ જાય. જેનાથી પાંચે ઈન્દ્રિયોના વિષયો ભોગવવાની ઈચ્છા થાય તે ઈચ્છાં કામ. જેનાથી વેદોદય થાય તે મદનકામ. વ્યુત્પત્તિ અર્થ કામનો કંહે. वीषीद्रन्ति -अवबध्यन्ते (खेदपामे-બંધાય) एतेषु प्राणिनः इति विषयाः । क्रम ધાતુ- ફૂસકી પડવાના અર્થમાં- જેનાથી માણસ લપસી પડે વિ+સદ્ર ધાતુ . જેનામાં પ્રાણી વિશિષ્ટ રીતે બંધાય તે વિષયઃ, વિષયા સકત જીવ પડી જાય. વિષય સુખમાં પ્રસકતા બુધ = જ્ઞાની સમજુ, આજ્ઞાને સમજે તે. અનાદિના મોહના સંબંધીથી છુટવા આજ્ઞા પ્રમાણે વર્તે. તે બુધ જેમને કલ્યાણ મિત્રનો પરિવાર નથી તે અબુધ(વિશેષે પશ્યતિ ચિત્ત તે વિપશ્ચિત) અબુધજન વિશેષ્ય લેવુ....! મોજમજા કરાવનાર મિત્ર નહિ પણ આત્મ કલ્યાણના માર્ગે લઈ જાય તે કલ્યાણ મિત્ર કહેવાય. વિષયસુખમાં

આસકત જીવને - અબુધ છે પરિજન જેનો તે અબુધ જનને. પરિ+વૃ ધાતુ ચારે બાજુથી મેળવે ! શું?. તત્ત્વને મેળવે ! તે પરિવાર. કલ્યાણને મેળવે તે પરિવાર. કામરાગનો પ્રતિબંધ હોય તે કામ.

વિષયવાસનાથી વ્યાપ્ત જીવને વિષયમાં રાગ હોય. (જીવને ધર્મમાંથી ખસેડે છે.) અબુધ-કામરાગના પ્રતિબંધ પણાથી તે કામમાં પ્રસકત થાય. વિષયસુખની આસકિત ધર્મથી ખસેડે છે. ધર્મના રાગથી ખસેડે છે. કામરાગ, સ્નેહરાગ, દ્રષ્ટિરાગ એ ત્રણ રાગ પૈકી કામરાગની વાત છે. કામના બીજા શબ્દો કહે છે. (કામથી શરીર ધોવાય.) કામ-રોગ દરેક પ્રકારનાં દ્રવ્ય-ભાવરોગ ઉત્પન્ન થાય છે. આવો... અર્થ કેમ ? કામની ઈચ્છા, ભોગની ઈચ્છા, પરંપરાએ રોગની ઈચ્છા કહે છે. આ મદનકામની વાત છે. કામની ઈચ્છાને ન રોકનાર સાધુપણું કેમ પાળે?

હવે ગાથાના ઉતરાર્ધમાં પદના નિક્ષેપા કરે છે. ના સ્થાન સરળ છે. (૧) દ્રવ્યપદ - શરીર - મૃતક ભાવશરીર- બાળમુનિ.

તદ્રવ્યતિરિકત- જેની ઉપર આપણે કાંઇ ઉપયોગ થાય જે કોતરીને બનાવેલું હોય. (કુટ્ટીમ) પત્થરમાં નામ વિગેરે કોતરેલ હોય તે ઉત્કીર્ણ.... બીબામાં મીણનો રસ ઢાળે. પછી બીબા કાઢી નાખે. તે પણ ઉત્કીર્ણ કહેવાય. તેથી મદનમખા પુષ્ટ થાય. પાસે રહીને જે આકાર આપે તે ઉપનેજ્જા. જેનાં આંખ-કાન-નાક-વિગેરે રંગ કર્યા હોય તે પણ દ્રવ્યપદ.

પદ એટલે સ્થાન... દ્રવ્યપદમાં ચીજની જ ઓળખાણ હોય છે. ભાવપદ બે પ્રકારે.... અપરાધપદ નો અપરાધપદ રાધ એટલે વ્યવસ્થિત = તૈયાર કરેલું રાંધેલું.... નિષ્પન્ન = અનાજ કહેવાય.

નિષ્પન્ન થયેલાને બગાડે તે અપરાધ પદ. આત્માના વિકાસને બગાડે. આત્માના અપ્રશસ્ત અધ્યવસાય તે ભાવ અપરાધ.

અપરાધપદ - (ઈન્દ્રિયાદિ વસ્તુ) નો અપરાધપદ બે પ્રકારે. જેના દ્વારા આત્માની સિધ્ધિ - વિકાસ ન અટકે તે નો અપરાધ પદ 'નો' મૂકવાનું કારણ -નિષેધ કરવા છતાં થોડી અપરાધની શકયતા બતાવવા માટે છે. ન સર્વથા નિષેધ માટે છે. તે બે પ્રકારે (૧) માતૃકા પદ - માતૃકા - ક્ષરાણિ - બારાખડી અક્ષરો.. આ અક્ષરોથી શાસ્ત્રાભ્યાસ તેથી આત્મશુધ્ધિ વિકાસ થાય. નો માતૃકાપદ જે પદ માતા સમાન છે. એમાંથી બધું ઉત્પન્ન થાય છે. તે ત્રિપદી "ઉપમેઈવા" આદિ....!

સંકલ્પને વશ થઈશ તો પદે-પદે વિશાદ પામીશ એમ માનીને આગળ વધે તે.. તેના માટે નો માતૃકાપદ ચિલાતીને. ઉપશમ-વિવેક-સંવર એ નો માતૃકાપદ.

નોમાતૃકાપદ બે પ્રકારે(૧) ગ્રથિતં (૨) પ્રકીર્ણક ગ્રથિત ચાર પ્રકારે... ગદ્ય-પદ્ય-ગેય-ચૌર્ણ, ધર્મ-અર્થ-કામ માટે આ (કથોપયોગી પદ) ચારની રચના થાય. ત્રણમાંથી સમુત્થાન એનું તે ત્રિસમુત્થાન. મોક્ષ ધર્મનું ફળ હોવાથી ધર્મમાટે કહેવાયેલાં પદાદિથી મોક્ષ આવે માટે એને જુદુ કહયું નથી. અથવા તો આ લૌકિક માટે વાત કરીએ તો ત્રિસમુત્થાન કહયું. ગદ્યનું સ્વરૂપ-સૂત્ર-અર્થ ઉભયને ... સમજીને અમલમાં મૂકવી તે ક્રિયા. તદને અનુકુલ ક્રિયા તે તદુભય સૂત્ર-અર્થ વખતે બધી. મર્યાદા-સ્થાન-કાળાદિની જળવાય તે ઉભય. વળી (૧) શ્રવ્યમ્ (૨) હેતુનિયતુ (૩) ગ્રથિત - આનુપૂર્વીથી બહુવચન, પહેલાં સહેલું પછી કઠીન. આદિ રીતે છેલ્લે નિગમન વિગેરે....! (૪) અપાદ-છંદ રચનામાં ઉપયોગથી પાદવર્ણીત. (૫) વિરામવાળું-સંયુકત-અર્થથી (પાઠથી નહી).

જહાઅસમાહિઉં-પુરું ન થાય તેવું નહીં. (સદાણિ=બાયેલું) પદ્ય ત્રણ ભેદે - ચાર પદમાં સમ અક્ષર વડે. સમ (૧) પાદ અક્ષર વડે (૨) વિષમ = ૨-૪ પદો સરખા હોય તે. અર્થસમ - ઈન્દ પ્રકાર કરે તે.

ગેય - ૫ પ્રકારે. તન્ત્રી સમ. (૧) વીણા સાથે સમાન ચાલે તે. (૨) તાલસમ - તાલના તાલ સાથે હાથના તાલ સમાન ચાલે તે. (૩) વર્ણસમ- નિષાદ પંચમાદિ રે - હા આદિ ઉમેરવું ન પડે. (૪) આરોહ - ઊંચે લેવું - અવરોહ સાથે પૂરા થાય. તે ગ્રહ સમ લ લય સમ તન્ત્રીના ગુંજારવ સાથે પૂરા થાય. વીણાને કોણથી હલાવે. સ્પર્શે, નખથી હલાવે.... તેનો સ્વર ઉઠે તે લય.

ચૌર્ણ :~ ક્યાંક પ્રવૃત્તિ, ક્યાંક અપ્રવૃત્તિ, ક્યાંક વિભાષા ક્યાંક અન્વય. સૂત્રનું વિધાન ઘણા પ્રકારે હોય છે. (ચતુર્વિધ બાહુલક પ્રવૃત્તિ આદિથી થાય.) અન્યથાઉનુ - પધતિ લક્ષણ (સબળ) હેતુ ચૌર્ણ - અર્થ બહુલ - મહાર્થ હેતુનિપાત - ઉપસર્ગથી ગંભીર, બહુપદવાળું, અવ્યવછિન્ન, શબ્દ એક છતાં અર્થ જુદો શોભન્ત કાવ્યો. ચોથા અધ્યયનમાં નય શુધ્ધ, સાત નયો વિના શાસ્ત્રની શ્રધ્ધા ન થાય. આચાંરાંગનું બીજું નામ બ્રહ્મચર્યચૂર્ણપદ છે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૧૦

એકથી ચાલતું હોય તો બીજું ન વાપરવું... છેદસૂત્રમાં ઉપાનદનાં પાંચ ભેદ બતાવ્યા છે. જ્ઞાની ભગવંત બતાવે છે કે તીર્થંકર પરમાત્માના શાસનમાં આરાધના કરતાં વિરાધના ન થાય. તેનો ખાસ ખ્યાલ રાખવો.

શાસનમાં "पए पए विसीयन्तोनी ભાવના સમજાઈ જાય. તો ભગવાનની આજ્ઞાનું યથાર્થ પાલન થઈ શકે છે.

શીર્ષહર - માથાના ભાગને સાધુ મહારાજ ન ઢાંકે સાધ્વીજીએ ઢાંકવું...

દીક્ષાના પ્રથમ દિવસથી જ સાધુ સમાચારીનું સિંચન કરતાં જ રહેવું જોઈએ. નિધાન મળી જાય એ છતાં એ મળી ગયા પછી પણ તેનું યોગ્ય પણે પાળી રાખવું એ અતિ દુષ્કર છે.

સંખડી જમણવાર સમ્યક્ પ્રકારે જીવોને ખંડાય તે જેમાં તે ....! संखंडयंते जीवा यस्मिन् ! પુત્ર જમણવારમાં ખાવા જાય છે. ખૂબ ખાવાથી અજીર્ણ થાય છે મરી જાય છે.

જે આપણા આત્માને મોહમાંથી બચાવવા.... પરિ= ચારે બાજુથી जन = ઉત્પન્ન થાય, એની નિશ્રાનો લાભ લે. પરિવાર = ચારે બાજુથી મેળવો. (આત્મતત્ત્વને) તે પરિવાર, વળી મદનકામમાં પ્રતિબધ્ધ, કામરાગનો.... પ્રતિબધ્ધ. ઉત્પન્ન થયો છે તેથી અબુધજન પરિવારવાળો છે.

સઘાતિમાં-કર્મના ઉદયથી નિમિત્તની મહત્તા ખરી પણ... ઘાતિકર્મના ઉદયથી ઉપાદાન મળયું છે કર્મનો ક્ષયોપશમ કરવો એ પુરુષાર્થ છે.

સંસારના રાગનો ત્યાગ ન કરે ત્યાં સુધી ધર્મની સામાચારી પાળી ન શકે. આચાર ઉપર સમ અને 'ङ' ઉપસર્ગ લાગે. સમ્યક્પૂર્વક મર્યાદાથી શિષ્ટ પુરુષોએ....આચરેલી તે સામાચારી

| | |
|---|---|
| सम - સમ્યગ્ પ્રકારે. | સમાચાર + अण=સામાચારી |
| आ -મર્યાદા મુજબ | સામાચારી |
| चारी-સંયમમાં ચાલે તે. | સમાચાર સંબંધી જે મર્યાદા તે સામાચારી |

आगम વ્યવહાર

श्रुत - વ્યવહાર

आज्ञा - વ્યવહાર

धारणा વ્યવહાર

जीत વ્યવહાર - અત્યારે વર્તમાન.

આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા નથી.. જીત ભેદો પરંપરા વ્યવહાર ચાલે. વૃત્ત - પરિવૃતઃ

વૃત્તઃ—તે કાળના સર્વ આચાર્યો ભેગા થઈને શાસ્ત્રના.... અર્થને, આજ્ઞાને સામે રાખીને (દેશકાળને અનુસારે) અવિરુધ્ધપણે સ્વીકારે. - સામાચારી નક્કી રાખે તે વૃત્ત કહેવાય.

પ્રવૃત્ત- બીજી પેઢીમાં પરંપરાયુક્ત પ્રવૃત કહેવાય.

અનુકૃત - ત્રીજી પેઢીમાં પરંપરાયુક્ત અનુવૃત્ત કહેવાય.

જ્ઞાનીઓ કહે છે કે જેમ-જેમ કપડું ઉજ્જવલ થાય... તેમ-તેમ તેની ઉપર પરમાત્માનાં શાસનનો રંગ સુંદર ચડે.

સાધુની રહેણી - (કહેણી) કરણી વિશિષ્ટ ક્ષયોપશમનું કારણ છે. વિધિપૂર્વક કરેલી ક્રિયાના સંસ્કારો પછીના ભવમાં આત્મજાગૃતિમાં નિમિત્ત બને છે.

મોહનીય કર્મનો ઉદય એકવાર થયા પછી... સંસારના નિમિત્તો ચારિત્ર મોહનીય કર્મના ઉદયમાં સહાયક બને. ચારિત્ર મોહનીયના ક્ષયોપશમના નિમિત્તો ઓછા મળે.

સાધુ જીવનમાં સુંદર પાલન કરવા વધુ પડતો આગ્રહ રાખવા કહ્યું છે. સુંદર પાલન વિના યોગ્ય ફળ પામી શકાતું નથી. ચાર મૂળસૂત્રમાં અક્ષરો થોડા છતાં અર્થ ગંભીર છે. આની સંકલના કરનારે આપણી ઉપર નિઃસીમ ઉપકાર કર્યો છે.

✻ ધૃતિના અભાવે સાધુજીવનમાં દ્રષ્ટાંત - કોંકણદેશના પિતા-પુત્ર દીક્ષા ગ્રહણ કરે, સ્નેહથી છુટાછાટ આપે. છેવટે લગ્ન કરવા કહે. પિતા પુત્રને સંસારમાં મોકલી દે. વધુ ખવાઇ જતા અજીર્ણથી મૃત્યુ પામ્યો. ગેરવ્યાજબી છુટ માંગી અને મૃત્યુ પામી પાડા તરીકે થાય. એના પર પખાલ વિગેરે ભાર ઉપડાવે. પેલા દીક્ષિત પિતાજીએ બાળકને જે છુટછાટ આપેલી એની વિધિપૂર્વક આલોચના કરે તેઓ કાળ પામી દેવ થાય. અવધિજ્ઞાનથી જુએ...!

આર્તધ્યાન- તિર્યંચગતિનું કારણ...

રૌદ્રધ્યાન - નરકગતિનું કારણ...

ધર્મધ્યાન - દેવ તથા મનુષ્યગતિનું કારણ...

શુક્લ ધ્યાન - કેવળજ્ઞાનનું કારણ...

ઈષ્ટવસ્તુમાં સંયોગની ઝંખના તે જ આર્તધ્યાનનો પ્રથમ પાયો...! પુત્રનાં સ્નેહના કારણે મૃત્યુલોકમાં આવે છે. તે પાડાને વેચાતો લે. એના પર વધુ ભાર ભરે, નાકમાં જે દોરી હોય તે ખેંચે, પરોણુ ખેંચે, ગયા ભવમાં ફરીયાદ કરતો હતો કે - "મને લોચ ન

ફાવે." વિગેરે એને એના શબ્દો દેવ સંભળાવે. ત્યાં ગયા ભવનું જાતિ સ્મરણ જ્ઞાન થાય અને છેલ્લે લગ્નની માગણી હતી સંભળાવે.

અવિરઈયા સ્ત્રી - અવિરતિકા પરણેતર - આ પારિભાષિક શબ્દ છે. એ શબ્દોથી એને દ્રવ્યશ્રુતજ્ઞાન સંજ્ઞા થાય. દેવે અવધિજ્ઞાનથી ગવેષણા કરતાં જોયું કે એ પાડાને જાતિસ્મરણ જ્ઞાન થયું છે. પાડાને ધૃતિગુણ પ્રાપ્ત થયો આ કોના પ્રભાવે ? પૂર્વે કરેલ ચારિત્રના, ક્રિયાના પ્રભાવે કર્મની સ્થિતિ હ્રાસ થવાથી આ ગુણ પ્રાપ્ત થયો. ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ આ પાડાના ભવમાં કામ આવે. શાસન સંયમ પ્રાપ્ત થવા છતાં પણ હું સાધી ન શકયો. પશ્ચાતાપથી રડે છે. ચારેય આહારનો ત્યાગ કરાવે. ક્ષયોપશમ થવાથી એને જ્ઞાન થાય.. મરીને દેવ થયો.. દીક્ષા લેવા છતાં જે કામ ન કર્યું. એથી સુંદર આ ભવમાં કર્યું. ફાટેલા કપડામાં હાથ વધારે ભરાય. એને જો આજ્ઞા - ક્રિયા-જ્ઞાન વિગેરેથી સાંધીએ નહી તો વધુ ફાટે. મોહનીયના ઉદયથી આખો સંસાર... ભર્યો છે. ક્ષયોપશમ ભાવ જ દુર્લભ છે.

દીક્ષા લેતાં જ આધાકર્મી -શય્યાતર, વધારે ઉપધિ વિ. કરેતો ઉપેક્ષા થાય કે -"નવા છે ને એ તો ચાલે.""બેસતો રાજા અને આવતી વહુ." એને પહેલેથી જ કેળવવા પડે. ત્રણગુપ્તિથી ગુપ્ત જ્ઞાની - શ્વાસોચ્છવાસમાં જે કર્મ ખપાવે તે અજ્ઞાની ક્રોડવર્ષ સુધી ખપાવે છે. પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિ વાળો જ સંયમી કહેવાય. આવો સંયમી જ નવકારશીમાં ૧૦૦ - સો વર્ષનાં નારકીના આયુ તોડી શકે. શ્રાવક તો નવકારશીનાં કાંટા પર નવકારશી કરનારા છે.

ઢંઢણમુનિ નેમનાથ પ્રભુના સમયમાં થયા.... (એ કાળમાં આઠ માસના ઉપવાસ કરતાં) સતહી પિંડેષણાદિ પૂર્વક - એમાંય અભિગ્રહ ધારવા પૂર્વક ગોચરી જતા. મર્યાદિત સમય જ ફરતાં, પતંગવિધિ આદીની ધારણા કરે છે. આખો દિવસ ગોચરી માટે ફરતાં ન હતા..... પરમાત્મા કેવળજ્ઞાની હોઈ ને એમનાં ચડતાં પરિણામ જાણી તપની આજ્ઞા આપે.

કૃષ્ણમહારાજા પ્રભુને પૂછે આરાધક કોણ...? પ્રભુ કહે ઢંઢણમુનિ...! કૃષ્ણ મહારાજા ઘોડા પર નીકળે છે એને ઢંઢણમુનિ જતા હોય છે. ઘોડા પરથી ઉતરી વંદન કરે છે. કોઈ આ જુએ છે અને ઢંઢણમુનિ કૃષ્ણમહારાજાના સગા છે એવું તેને લાગે છે અને ઢંઢણમુનિને ગોચરી વહોરાવે છે. સર્વાંશ શુધ્ધ ગોચરી વહોરી લઈને ભગવાન પાસે ગયા.. ભગવાનને ગોચરી બતાવી અને પૂછયું કે મારી લબ્ધિની છે ને..? ભગવાને કહયું કે તારી લબ્ધિની નથી આ ગોચરી તો કૃષ્ણમહારાજાની લબ્ધિની છે. ઢંઢણમુનિ ગોચરી પરઠવે છે. જરાપણ....કલુષિત ભાવ નથી. કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

ભગવતી સૂત્રમાં પેલા અધ્યાયમાં છઠ્ઠા શતકમાં સ્પષ્ટ લખ્યું છે કે - આધાકર્મી વાપરનાર ટુંકી સ્થિતિને લાંબી કરે છે. અને તીવ્ર કર્મ બાંધે છે ઢંઢણમુનિ અતિશય જ્ઞાની હતા લબ્ધિનો વિષય હતો માટે સદોષ ગોચરી બીજાને ન આપતાં પરઠવી. એ વખતે આવો વ્યવહાર હતો માટે ન આપી. વળી એ પારિષ્ઠાપનિકા કેવળજ્ઞાનનો હેતુ હતો માટે જ પ્રભુએ પરઠવ્વાની રજા આપી.

વારતક મુનિનું દ્રષ્ટાંત- જાતે બ્રાહ્મણ-રાજમાન્ય પુરોહિત મંત્રી હતા. રસોઈમે વાર હતી. ઝરૂખામાં બેસીને જુવે છે.... એક સાધુભગવંત....., (વિશિષ્ટ આચારથી બીજાનાં ક્ષયોપવશમનાં આપણે નિમિત્ત બની શકીએ.) બે જ મિનિટમાં પાછા ફર્યા... વારતક સમજી ન શકયાં. એની સ્ત્રી કડાઈમાંથી લાપસી લાવેલી. એમાંથી ઘીના ટીપાં પડયા. એ ખાવા માખી આવી, માખીને પકડવા ગિરોળી, અને પકડવા ઉંદર આવ્યો.. ઉંદરને પકડવા બીલાડી અને તેને પકડવા કૂતરો... કૂતરાને પકડવા માણસો પછી વારતક સમજી ગયા. સાધૂ ભગવંત વિરાધનાના કારણે પાછા ફર્યા.

જિનશાસનમાં કેવી સૂક્ષ્મ અહિંસા...! દીક્ષા લે એને દર્શાવતું એ જ દ્રશ્ય... તથા વારતક મુનિની કાઉસગ્ગ ધ્યાનમાં એક પ્રતિમા

કરાવે છે. ઘીનાં ટીપાં ...માં થયેલી વિરાધનાથી બચવા દીક્ષાનું કારણ બતાવે ઉપદેશ ગોચરી આવે જિનશાસનની વિશિષ્ટ ક્રિયા છે.

લોકોને ધર્મ પમાડવા ઈલાચી કુમારનું દ્રષ્ટાંત પણ કેવું આદર્શક...! ગયા ભવની આરાધનાનું અહીં નિમિત્ત સ્વરૂપ બન્યું. આપણે કુરગડુ મુનિનું દ્રષ્ટાંત લઈ બચાવ કરીએ કે એને ય કેવળજ્ઞાન થયું જ હતું ને ? પણ એમની ગોચરી કેવી ? માત્ર ભાત હતા તેની સાથે... દાળ-શાક-ચટણી વિ. કાંઈ જ નહીં આપણે તો કેટલા સ્વાદ કરીએ ?

છંદના સમાચારીના પાલનથી એમને કેવળજ્ઞાન મેળવ્યું. આત્મ લઘુતા કરવા એ સમાચારીના પાલન કરે છે. કે ધન્ય આવા તપસ્વીઓ...! એની નવકારશી આપણે જોઈએ છીએ પણ એના ભાવને જોઈએ છીએ..?

બેંતાલીશ દોષ જેટલા મહત્ત્વના છે. દાળભાત ભેગા કરવા એ ય સંયોજના છે. એ આપણા સંઘયણથી... એકલી રોટલી કે એકલા ભાત આપણે ન વાપરી શકીએ. તો દાળ-ભાત શાક-રોટલી ભલે વાપરીએ તો તેની આલોચના નથી... અથાણા-મસાલા-ચટણી વિગેરે તો દોષયુક્ત જ છે. વધુ આલોચના આવે આવા સ્વાદપૂર્વક અને ચટકાવાળી નવકારશીથી સો વર્ષના નરકના આયુષ્યને તોડવાને બદલે ૫૦૦- પાંચસો વર્ષનું આયુ બંધાય...!

# શ્રી દશવૈકાલિક વાચના - ૧૧

અઢાર હજાર શીલાંગરથનું પાલન કરવા તત્પર બનવું. આજ્ઞાની તન્મયતા લાવવી. સર્વવિરતિ ધર્મના સ્વીકાર વિના મોહના સંસ્કારો કાબુમાં કરી શકાય નહીં. દેશવિરતિમાં મોહના સંસ્કાર કાબુમાં લેવાય પણ... કંચન-કામિની વિગેરેના કારણે તેમાં સ્થિરતા આવી શકે નહીં. શું કરવું જોઈએ ? તેમ કરવાથી શું લાભ છે? આજ્ઞા શું છે ? એ સમજવા માટે દશવૈકાલિક સૂત્ર પાંચમા આરાના છેડા સુધી રહેનાર છે. ૧૮' -સાડા અઢાર હજાર વર્ષ પછી અષાડ સુદ-૧૪-ચૌદશના સવારે રાજાનો, અગ્નિનો નાશ વિગેરે....બીજા પ્રહરે થશે. પછી પૃથ્વી પ્રલય થશે... ત્યાં સુધી ચાર મૂળસૂત્ર રહેશે. મૂળસૂત્રનું બીજું નામ આગમોરૂપ મહેલનો પાયો. વાસનાની નિગ્રહ, મોહનો ઘટાડો વિગેરે રૂપ આચારો કયાંથી? પાયો કયાંથી? દશવૈકાલિક વિગેરે ચાર મૂળસૂત્રથી..!

(पए पए विसियन्तो)વિષિદ્રન્તિ=ખેદ બાવીશ પરિષહો - કષાયોથી ગભરાય છે. જેના માટે સાધુપણું લીધું છે બાવીશ પરિષહોને જીતવા માટે લીધું છે. તે ન થાય તો ઈન્દ્રિયોને પ્રથમ કાબુમાં રાખો. થયેલી ઈચ્છાને તાબે થવા પ્રયત્ન કરે તો પાર જ ન આવે. જેમકે ડુંગળીના ફોતરા ઉખેડે રાખો તો પાર જ ન આવે. ઈચ્છા થતાં ગુરૂ મહારાજ પાસે જઈને તે વસ્તુનાં પચ્ચક્ખાણ કરે.

સંકલ્પને વશ થયેલ આત્મા સાધુજીવનમાં ટકી શકતો નથી. તો

શું કરવું ? અઢાર હજાર શીલાંગરથને યાદ કરે. મૂળ મહાવ્રત તેનો વિસ્તાર અઢાર હજાર શીલાંગ રથ છે.

આજ્ઞામાં સ્થિરતા, ચારિત્ર તે શીલ, તેનું સાધન તે શીલાંગ..! એમાંથી એકનો ભંગ તો સર્વનો ભંગ..! એકની ખામીમાં સર્વનો નાશ. એકના સપોર્ટીંગમાં બધા છે. જેમ ગાડીમાં એક ઘરી તૂટે તોય ગાડું ન ચાલે તેમ. બાવીશ પરિશહો - ઉપસર્ગો સહે તો જ ૧૮ હજાર શીલાંગ રથ ચાલી શકે.

સારણા- સ્મરણ કરાવે - સ્મરણ

વારણા - બીજી નીતિ કરે - નિવારણ

ચોયણા - સહેજ કડકથાય - તીખા શબ્દો

પડિચોયણા - વધારે કડકથાય - વધારે તીખા - માર્મિક શબ્દો કહે. શીલ એટલે ભાવસમાધિ. સમાધિ બે પ્રકારે -દ્રવ્ય - ભાવ. દ્રવ્યથી મળતી સમાધિ તે દ્રવ્ય સમાધિ.

શ્રેષ્ઠ સમાધિ, વરસમાહિ - ઉદયમાં આવેલ મોહનો ક્ષયોપશમ થાય તે ભાવ સમાધિ.

સારી વસ્તુ લઈને વાપરીએ તો સાધુ જીવનની પ્રાણ પ્રતિષ્ઠા ઓછી થાય છે. (ઢીલી થાય છે.) ભાવનામ્ સમાધિ = ષષ્ઠી તત્પુરુષ સમાસ કર્યો. મૂ.ધાતુ. ત્રિકાળ પરિણામ જેનો છે એવો આત્મા...! ભાવ એટલે આત્મા. મોહનો ક્ષયોપશમ તે ભાવ સમાધિ ઈન્દ્રિયની ઈચ્છાને કાબુમાં લીધા વિના ભાવ સમાધિ કદી ન આવે. મેળવવાની ઈચ્છા હોય જ નહીં.

ભાવ સમાધિમાં પૌદ્ગલિક ભાવની તુચ્છતા... વિષ્ટા કરતાં પણ તેને તુચ્છ ગણે. કદી લલચાય નહીં. ન મળે તો મનમાં ખળભળાટ ન થાય. મોહ ઉછાળા ન મારે.

ભાવ સમાધિમાં કારણભૂત ૧૮ હજાર શીલાંગ રથ છે. પરિક્ષણ

કરો. ઈન્દ્રિય - વિષય-કષાય, વેયણ-અશાતાં એનું ઉપસર્ગ કરો.

શુભ યા અશુભ કોઈપણ કાર્ય કાં મનથી, કાં વચનથી, કાંતોકાયાથી થાય. કરવાના ત્રણ, કરાવણના ત્રણ, અનુમોદવાના ત્રણ = ૯ ભેદ થયા. ૪ સંજ્ઞા- ૯x૪=૩૬ થયા. તે પાંચ ઈન્દ્રિયો ઉપર - એક ઈન્દ્રિયનાં ૩૬ થાય. ૧૦-દશ પ્રકારનો અસંયમ, પૃથ્વીકાયાદિ વિગેરે પાંચનો... અસંયમ, બેઈન્દ્રિયાદિ ચાર અને અજીવનો અસંયમ... થાંભલા સાથે અથડાય તો દ્વેષ, મુહપત્તિ, પ્લાસ્ટીક, ઓઘો વિ. કેવા સરસ છે ? એમ અજીવપર રાગ કરે.

પૃથ્વીકાયાદિ નવની વિરાધનાથી બચવું સહેલું છે પણ.... અજીવકાયની વિરાધનાથી બચવું મુશ્કેલ છે. ઘણું મુશ્કેલ છે. "કેટલું સરસ....?" એમ બોલવા માત્રથી ફેકટરી પ્રોસેસની જેમ પ્રક્રિયા વિગેરેનું બધું જ પાપ ચોંટે આમ અજીવકાયનો રાગ શાસનથી દૂર ખસેડી દે છે. ઉકરડો, વિષ્ટા, લોહી વિગેરે જોઈ જે સુગ થાય તે અજીવકાયના અસંયમથી છે.... કીડી માટે જેટલું પાપ નથી એટલું પાપ અજીવકાયની વિરાધનાનું છે.

આ દેરાસર સારું છે એમ વિરાધનામાં આપણે ન બોલાય. પણ તમે પૈસાનો સારો ઉપયોગ કર્યો એમ ગૃહસ્થને કહેવાય. પણ આ દેરાસરમાં ટ્રાઈલ્સ સારી છે એમ... બોલવાથી પૌદ્ગલિક ભાવ પોષાય છે. અંગરચના બાલ જીવોને ખેંચવા માટે છે.

| | |
|---|---|
| દ્રવ્ય પૂજા | એ ગૃહસ્થ માટે |
| દ્રવ્ય દાન | આરંભ-સમારંભથી |
| દ્રવ્ય ધર્મ | છુટવા માટે...., |
| દ્રવ્ય યાત્રા | |

આ કરે. આપણે એ કરવા લાયક નથી. એ તો આરંભાદિથી છુટવા માટે જ કરે. સાધુને માટે ભાવનું જ મહત્ત્વ.!

હીરાપન્નાની અંગરચના જોઈને આત્માની વીતરાગતા કેવી છે એ વિચારવું.... હીરાનો હાર પહેરેલ માણસ કેવો ફુલાઈ જાય.... ત્યારે આટલો-આવો વૈભવ છતાં.... કેવી વીતરાગતા છે...? આવું વિચારવું જોઈએ.

આંગીના દર્શન કરવા માટે અંધારમાં દોડવું એટલે એક પાઈને માટે લાખ રૂપિયા ગુમાવવા જેવું છે.... સાધુ-સાધ્વી બહારનાં રંગ-રાગમાં ફસાઈને સાધુજીવનને વિકૃત ન બનાવે... આ રંગ-રાગ સાધુ જીવનમાં વિકૃતિ લાવે છે. સાધુ-સાધ્વીએ ગભારામાં જવાય નહી માત્ર આચાર્ય ભગવંત જ પ્રતિષ્ઠા વખતે જઈ શકે....!

કારણકે :- આપણે સ્નાનાદિક નથી ઔદારિક શરીર હોવાથી આશાતના થાય. શ્રાવકને બહારગામ જવાનું થાય. પૂજાથી વંચિત રહે તો બહારથીજ - દૂર ઊંબરેથી જ જમણા અંગે વાસક્ષેપ પૂજા કરે. બાકી ત્રિકાળ પૂજામાં ધૂપ-દીપ-ફળ-નૈવેદ્ય-અક્ષત-પૂજા કરે. વાસક્ષેપ પૂજા નહીં.

વેધક દ્રષ્ટિથી પરમાત્માને જોતાં આપણે શીખ્યાજ નથી. ગમે તેટલા ભાવુકા હોય તોય આપણે એકસે-રેની જેમ સીધા જ પ્રભુને જોવા.

સંઘકો ગૌણ કરીને પણ વિશિષ્ટ દિવસે યાત્રા કરે જ!

છેદસૂત્રમાં છે કે સાધુ હાથ-પગ-દાંત વિગેરે ધુવે તો અનંત સંસારી થાય... બાકી સાધુનું તો માત્રું પણ પવિત્ર છે. માત્રાથી તો ભંયકર રોગો વિગેરે પણ દૂર થાય છે. પણ ખોરાકમાં ડાયજેશન ન થાય તો અશુચિ થાય. સાધુ તો વિગઈ વાપરે નહીં પછી માત્રામાં અશુચિ હોય જ કયાંથી? હાથ ધુવે વિગેરે ઉન્માર્ગથી તો અનંત સંસાર વધે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૧૨

બીજા અધ્યાયમાં ધૃતિગુણની જાગૃતિ માટે કહ્યું. સાધુ પણું શા માટે એ સમજવું. મોહને કાબુમાં લેવો એ ધૃતિ છે. વિશિષ્ટ આત્માઓ જ મોહના ઉદયમાં (સ્થુલીભદ્ર- જેવા) ટકી શકે. અપેક્ષાએ તીર્થંકર ભગવંત કરતાં પણ... ચઢીયાતા ૮૪ ચોવીશી સુધી નામ રહેશે. ધાર્મિક ક્રિયાના આંસેવનથી અસર આપણને થઇ છે. માટે જ સગાસ્નેહી પ્રત્યે ગાઢ રાગ નથી થતો. જેવો સંસારીને છે તેવો...!

જિનદાસ, જિનમતી, વિજય, વિજયા એ ચાર વિરલ વિરકત આત્માઓ જિનદાસ - જિનમતી ભરૂચમાં થયા કયા પ્રભુના વારામાં એ ખબર નથી.... વિજય-વિજ્યા એ ભદ્રેશ્વરમાં વિરપ્રભુના વારામાં થયા...!

ચૌદ હજાર મુનિને પ્રાસુકદાન શકય ન હતું. માટે... વીરપ્રભુએ શ્રેણિકને કહયું કે-વિજય-વિજ્યાને જમાડો એથી સંપૂર્ણ લાભ મળી શકે. ત્યાં ગૌતમસ્વામીએ ભગવાનને એમનો અધિકાર પૂછયો.

પ્રભુ કહે છે કે - બાલ્યવયથી એ ચુસ્ત શ્રાવક.... અને શ્રાવિકા... અચાનક એકાંતર બ્રહ્મચર્ય પાલનની પ્રતિજ્ઞા પ્રથમ રીતે સંયોગ વાતચીત કરે ત્યારે જિનદાસ કહે કે હું તો મારું જીવન પ્રભુ ચરણે સોંપીશ પણ તારું શું ? જિનમતી કહે ચિંતા શા માટે કરો છો? તમારા કરતાં પણ બ્રહ્મચર્યનો મહિમા હું સમજુ છે.... અને જીવનભર પાલન કરે છે. આ શ્રેણિક મહારાજા બહુમાન કરે ત્યારે

જાહેર થાય. નિમિત્ત મળે છતાં મોહને વશ થાય નહીં તે જ સાધુ પણું..! સેન પ્રશ્નમાં જિનદાસનો ઉદેશ્ય છે. ઉદયને યત્કિંચિત કરે, નિષ્ફળ કરે તે જ સાધુપણું..! વિસીયન્તો - અનાદિનાં મોહના સંસ્કારને આધીન થાય તે. ઈન્દ્રિય-વિષય-કષાય-વેદના-ઉપસર્ગ-પરિષહને આધીન ન થાય. ચારિત્રની ભૂમિકાને ટકાવવા ૧૮ હજાર શીલાંગ સાધન છે. ગઈકાલે ૧૦ પ્રકારનો અસંયમ કહ્યો. વૃત્તિઓમાં વિહારી ભાવ ન થાય. તે જ સંયમ. અજીવમાં દ્વેષ કે રાગ એ પણ અસંયમનું કારણ સંકલેશનું કારણ છે. રાગ-દ્વેષના પરિણામ ન થવા દેવા કાબુમાં રાખવા તે અજીવનું અસંયમનું કારણ. સંકલેશનું કારણ છે. રાગ-દ્વેષના પરિણામ ન થવા દેવા કાબુમાં રાખવા તે અજીવનું અસંયમ. થાંભલો-પાટલો વાગે તો પોતાની અનુપયોગતા ન વિચારતા દ્વેષ કરે. એ તો સમજાય પણ રાગ - સારી ગોચરી જોઈને ન થાય તે અજીવકાયનો સંયમ.

૧ ખંત્તિ - ક્ષમા - ક્રોધનો અભાવ.

૨ મુત્તિ- નિર્લોભતા - લોભનો અભાવ. (વિજય)

ક્રોધ શામાંથી ઉત્પન્ન થાય ? લોભમાંથી... મેળવવા માટે માયા.... મળી જાય તો માન અભિમાન.

પ્રથમ ક્રોધ વિજય, પછી લોભવિજય પછી આર્જવ(૩) માર્દવ (૪) (સરળતા-નમ્રતા) બીજું મહાવ્રત તે સત્ય. વિકારીભાવનો ઘટાડો જેમાં હોય તે સત્ય.

| | | |
|---|---|---|
| સજ્જન કોણ ? | પરમાર્થ વૃત્તિનો વિકાસ | તે |
| | સ્વાર્થ વૃત્તિનો ઘટાડો. | સજ્જન |

આત્મા તે સત્ , આત્માને હીતકારી તે સત્ , કર્મના બંધનોને છુટકારો થાય તે સત્ , આ પારિભાષિક શબ્દ છે.

પ્રથમ આજ્ઞાને અનુકૂળ બીજું ફળ બતાવ્યું. આત્માને

કર્મબંધનાંથી છોડાવે તે ફળ તે સત્યનો બીજો અર્થ...

શૌચ-આત્માની પવિત્રતા. દેહની નહીં. શુચિમાત્ર આત્મા જ છે. દેહ તો માત્ર અશુચિમય છે. આત્માની શૌચતા જ શાસનની આરાધનામાં કેળવવી. ભાવશૌચ એટલે મોહનીયનો ક્ષયોપશમ તે ભાવશૌચ કહેવાય.

સંયમ-સમ+યમ્ વર્તમાનકાળની વૃત્તિઓનો વળાંક... વૃત્તિનો મોહનીયના ક્ષયોયશમ તરફ વળાંક થાય તો શુભ વૃત્તિને શુભમાં વાળવી.

આત્મભાવમાં વર્તવું તે સંયમ. ભરત બાહુબલી ભયંકર લડાઈ કરતાં હતા છતાં આત્મભાવમાં વર્તતા હતા.

તીવ્રરૌદ્રધ્યાન (દ્રવ્યધ્યાન હતું) સમ્યગ્રદર્શનનો પ્રકાશ હતો. એનો પાવર હતો. આર્ત- રૌદ્રધ્યાન ન હતું. ભાવથી રૌદ્ર ૧ લે ગુણઠાણે હોય. દ્રવ્ય-રૌદ્રધ્યાન તો છટ્ઠે પણ હોય. પુણ્યનાં પ્રબળ પુન્યોદયથી (ભોગવલીથી) પ્રેરાયેલા એઓ ભયંકર લડાઈ કરે. સાંજે માફી માંગે. ક્ષત્રિય પણાની લાજ આડી આવતી માટે. લડાઈ કરતાં. સવારે ફરીથી લડાઈ કરતાં.... આપણે તો એમને દંભી જ કહીએ. આજ્ઞા રહિત પણે હોય તો દંભ આજ્ઞા સહિત પણે હોય તો જયણા આ કરવા જેવું નથી એવું એમના હૈયામાં હતું. માટે જ પગમાં પડી ક્ષમા માંગતા! રડતાં હતા. ક્ષયોપશમ ભાવ કામ કરતો હતો...!

અંતરંગ આત્મશકિતનું વલણ કઈ બાજુ છે એ વિચારવું તે વૃત્તિ કઈ વૃત્તિ કઈ બાજુ છે એને કેવળી જ પારખી શકે. કેવળીની વૃત્તિ સંવરમાં હોય. વૃત્તિમાં ખળભળાટ ન હોય. કેમકે મોહનીયનો ક્ષયોપશમ થયો છે. જિનાજ્ઞા-શાસ્ત્ર-ગુર્વાજ્ઞાના ખીલે બંધાઈ જવું તો વૃત્તિ કાબુમાં રહે.

પ્રશ્ન:- કેવળીને પ્રતિક્રમણ હોય ? ના ન હોય...!

દોષ મોહથી પોષાય છે એમનો મોહ ક્ષય થયો છે. ભાવથી જેના મનમાં મોહનો ઉદય ન વર્તે તેને ૨ લાખનો બંગલો મળે તો પણ સમભાવ....! અને લીંપણવાળું મકાન મલે તો ય સમભાવ...! દ્રવ્યથી વસ્તુ ન મલતા આપણે અકિંચન દ્રવ્યે પણ ભાવથી અકિંચન નથી થતા....! આત્મ સ્વરૂપમાં રમવું તે બ્રહ્મચર્ય. વિભાવ દશામાં ન રમે. અધ્યાત્મસારમાં કહ્યું કે - સંસારી ભવાભિનંદી જીવને સારા પદાર્થો જોઈ જીભમાં રસ ટપકે. જ્ઞાનીને આંખમાંથી આંસુ ટપકે.

ઉપવાસ ઘરનું ઘર. સંસારી જીવને જેમ સુંદર મિષ્ટાન્ન વિષયુક્ત હોય તો ન લે. તેવો વિવેક / આયંબિલ એ મિત્રનું ઘર સાધુને જોઈએ. વિગઈવાળો આહાર તે પ્રણીતાહાર છે. આથી વિગઈ શત્રુનું ઘર છે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૧૩

સર્વવિરતિ જીવનને પામેલા આત્માઓને સંયમની મર્યાદા બતાવવા માર્મિક હિતશિક્ષા દશવૈકાલિકમાં આપી છે. આનું પાલન થાય તો પંચમકાળમાં પણ અધ્યયનની શુધ્ધિનું ફળ મેળવી શકાય છે.

નિમિત્તોને આધીન ન થવું તે મહત્ત્વની બાબત છે. અશુભ નિમિત્તમાં સંકડાયેલ આત્મા સમયે-સમયે અશુભ કર્મનો બંધ કરે છે. સંસારી આત્મા નિમિત્તમાં ફસાય છે. સંયમી આત્મા નિમિત્તથી પર બની ગુર્વાજ્ઞાને આધીન બની નિમિત્તને નિષ્ફળ કરે છે. જેમ કે સ્થુલભદ્રજી...!

કર્મનો ઉદય છે, એમ કંરવાથી પરમાત્માના શાસનનું અવમૂલ્યન થાય છે. નિમિત્તની મહત્તા અઘાતી કર્મમાં છે - ઘાતીમાં નહિ....! ઘાતીમાં તો ઉપાદાનની મહત્તા છે. ગુર્વાજ્ઞા સંયમને વળગી રહે તો નિમિત્ત નિષ્ફળ જાય. નિમિત્તની જ મહત્તા આંકીએ તો - પરમાત્માની આજ્ઞાની-તત્પરતા ઓછી છે. હજી સંસારી નિમિત્તને આગળ કહીએ છીએ. પુરુષાર્થને ગૌણ કરે. કેમકે દેશવિરતિમાં આરંભ સમારંભ છે. પણ... કંચન-કામીની નામ-ગામ વિગેરેને બદલાવ્યા. હવે તો પુરુષાર્થના ઘણા ખરા ખુલી ગયા છે. હવે તો વધુ સત્ત્વ જોઈએ. બહારથી ત્યાગ કરે પણ અંતરથી ઉપભોગ કરે તો સાધુજીવનની ભૂમિકા પર ટકે નહિ. વત્થ-ગંધ વિગેરેને ઈચ્છા રહિત પણે ત્યાગે. (છંદ-ઈચ્છા) વિવેક-વૈરાગ્ય=સંયમ. ગુરુકુલવાસ આ

ચાર દ્વારા સંયમમાં ટકે. સુબંધુનું દ્રષ્ટાંત બતાવે છે. વ્યવહારથી કાંઈ ખાતો-પીતો નથી. સાધુવ્રત જીવન જીવે છે. છતાં અકામ નિર્જરા...! સુબંધુએ ઈન્દ્રિયોના વિષયો ભોગવ્યા નહી. છતાં કર્મબંધ થયો. કારણ એ ભોગોને સારા માન્યા હતા. માત્ર... મૃત્યુના ભયથી એ ભોગ ભોગવતો ન હતો. ઈચ્છાથી રખડે ન મળે છતાં ય બંધ. નિમિત્તોની અવહેલના કરવાથી જ કર્મભારથી બચાય. (વનમા નંદે એને કાઢી મૂક્યો.) ચાણક્ય મંત્રીની પ્રેરણાથી ચંદ્રગુપ્તે એને સુનંદને કાઢી મૂક્યો. પ્રાચીનકાળમાં રાજધર્મની મર્યાદાપૂર્વક લડતાં હતાં. નંદ એની પાસે ધર્મહાર માંગ્યું. કે લડવાની તૈયારી ન હોય તો ધન-મિલ્કત છોડીને ચાલ્યા (જાવ) જવું...!

નંદીસૂત્ર-અનુયોગ દ્વાર, આવશ્યકના ચાર ભાગ... મલયગિરિના ત્રણ ભાગ આ નવ આગમ વાંચ્યા હોય તો આગમ સરલતાથી વાંચી શકાય છે. એની રૂપરેખા વિગેરે બીજા આગમમાં આવે. આવશ્યકાદિ થયેલ હોય તો... આગળના આગમ ક્રમિક વિકાસ થાય. નંદીના પદાર્થો જ ભગવતી પન્નવણામાં આવે.

નવમા નંદની છોકરીની ચંદ્રગુપ્ત પર દ્રષ્ટિ હતી. એને બાલ્યવયથી અફીણ ખવરાવેલ એટલા માટે કે કોઈ એના પર મોહિત થાય તો લગ્ન કરી દેવા. એના સ્પર્શથી એ ખતમ થાય. પૂર્વે આવી રાજનીતિ સાથે કૂટનીતિ પણ ચાલતી હતી. નંદી એની ભવિતવ્યતાના યોગે લગ્ન કર્યા. ચાણક્ય વિશિષ્ટ કોટિનો-વૈદ્ય એથી એના ઝેરની અસર ન થાય. પણ એક મર્યાદા કે સાથે જમવું નહીં. એ નસ દ્વારા ઝેર આવે લાળમાં આવે. આથી આ નિયમ હતો. એકવાર જમણવારમાં સાથે બેઠા. ચંદ્રગુપ્ત વિગેરે બંને બેઠા. ત્યાં ચાણક્ય આવ્યો. પેટ ચીરી ગર્ભ કાઢે. છોકરી મરી જાય. મસ્તકમાં ઝેરનું બિંદુ રહી જવાથી બિંદુસાર નામ આપ્યું. રાજા થયો. ચાણક્યના ઔષધથી સ્પર્શથી એને અસર ન થઈ. બીજાને તો સ્પર્શથી પણ મૃત્યુ થાય. સુબુધ્ધિ મંત્રીને કાલાન્તરે દ્વેષ થયો. એની નબળી કડી શોધી..

બિંદુસારને કહે-તમારી માતાને ચાણક્યે મારી નાંખી છે. ધાવમાતાને પૂછે તે હા કહે-રાજા ક્રોધિત થયો. ચાણક્ય સમજી ગયો. કે મારા પર દ્વેષ થયો છે. પૈસો પૌત્રાદિને વહેંચી દીધો. વૈદ્યકનો જાણકાર હોઈ તેને વનસ્પતિમાં ગંધચૂર્ણ તૈયાર કર્યું. એ ચૂર્ણમાં એક ચિટ્ઠી મૂકી કે આ ચૂર્ણની આવી અસર થાય. એને ચાર પેટીમાં મૂકી તાળું મારી અને તે જંગલમાં ગયો.

અણસણના ત્રણ પ્રકાર :

(૧) ભક્ત પરિજ્ઞા : ચાર આહારનાં પચ્ચક્ખાણ, શરીર શુશ્રુષા કરાવે.૬૪ સાધુ સેવા કરે.

(૨) ઈંગિની મરણ : ચારેય આહારના પચ્ચક્ખાણ શરીર સુશ્રુષા હાલે-ચાલે ખરા પણ બોલે નહીં....

(૩) પાદપોપગમન : પડી જાય તો, ઊભા પણ ન થવાય........! જો અને તો હોય તો આગારી અણસણ છે. આ ચાણક્ય ઈંગીની અણસણ કરે. ધાવમાતાને પૂછવાથી સુબંધુને સાચી માહિતી મળી. જંગલમાં ખમાવવા જાય.. બકરીની લીંડીની વચ્ચે ચાણક્યો હતો. ખમાવે ઈંગીની મરણ હતું માટે બોલે કે મેં સર્વથા ત્યાગ કર્યો છે. માટે હું રાજ્યમાં નહીં ચંદ્રગુપ્તના સમયમાં આ ષડયંત્ર રચાયું. સુબંધુ સેવા કરવા રહે. બકરીની લીંડી સળગાવે તે અગ્નિ ચાણક્યને લાગે છે. તે સંબધ ચાલ્યો ગયો. અને ચાણક્યની મિલ્કત માંગે છે તાળા-ખીલા વાળા રૂમમાં જાય, કમાડ તોડે પટારો જુએ ખોલે. ચાર પેટી ખોલે, આની ઉત્સુક્તા વધી. ડબ્બાઓ ખોલે સુગંધી આવે. ચિટ્ઠી વાંચી આ જે સુગંધી ચૂર્ણ છે. સુંઘે તે નહાય, ટાપટીપ કરે, અલંકાર પહેરે તો મરી જાય, સંગીત સાંભળે તો મરી જાય.

પાંચેય ઈન્દ્રિયોના કોઈપણ વિષયો ભોગવે તો મરી જાય. જો

સાધુ જેમ રહે તો જીવે. ખાત્રી માટે તેણે બીજાને સુંઘાડ્યું તરત મૃત્યુ... આ સુબંધી ક્યાં અકામ ઈચ્છાપણે તે ત્યાગ કરીને રહ્યો.

સંસારના પદાર્થો સંસારમાં રખડાવનાર છે. એમ સમજી દૂર રહે. ઈચ્છા હોય ન મળે. માત્ર રોટલી જ વાપરે તોય કર્મબંધ. વિવેકના બળે નિમિત્તને નિશ્ચળ બનાવે. સાધુની જેમ રહેવા છતાં સુબંધુ સાધુ ન કહેવાય. વિશિષ્ટ પ્રકારના પાંચે ઈન્દ્રિયોના વિષયો મળે છતાં સ્વેચ્છાએ ત્યાગ કરે તો જ ત્યાગી. "જે અ કંતે" સુંદર-મનોહર-પ્રિય આવા ભોગો મળે છતાં પીઠ ફરે, ઈચ્છાપૂર્વક ત્યાગ કરે તો જ ત્યાગી....!

# શ્રી દશવૈકાલિક વાચના - ૧૪

સંયમજીવન કર્મના ઉદયથી નિષ્ફળ ન બને માટે જ દશ વૈકાલિકની રચના પૂજ્યશ્રીએ કરી. વિશિષ્ટ પ્રકારની મર્યાદા અને તેની વફાદારીના આધારરૂપ આ સૂત્ર છે. જે મળે તે ભોગવવું તેની મહત્તા નથી. પણ ખપતી ચીજ લઈ બાકીનો ત્યાગ કરવો એ જ મહત્ત્વનું છે. મળેલી ચીજ સર્વ ભોગવવી તે સંસાર. મળેલી ચીજ જરૂર પૂરતી લઈ જ્ઞાનપૂર્વક ત્યાગ કરવો તે સંયમ.....!

અહીં 'ય' શબ્દ અવધારણ અર્થમાં નથી પણ અવધારણા અર્થમાં છે. 'કંતે' સુંદર-મસ્ત-પ્રિય ઘણા આત્માને કાંત ન હોવા છતાં પ્રિય હોય તો લે.

રાજાને ગમતી રાણી છાણા વીણતી આણી......! ઘણાને કારેલા કડવા હોવા છતાં જાંમફળ જેવા મીઠા લાગે. પદાર્થ કાંત હોવા છતાં તાવ આવતો હોય તો પ્રિય લાગે નહીં. અહીં કાંત-પ્રિય બંને હોય. સુંદર હોય છતાં ચાર કારણે તે અપ્રિય લાગે.

રોસ પ્રતિ નિવેષિત તે છતાં ગુણોનો અપલાપ, હઠાગ્રહ કૃતજ્ઞતા ન હોય. દુનિયાના પદાર્થમાં વિશિષ્ટતાને પારખવાની તાકાત ન હોય.

મિથ્યાત્વનો કારમો ઉદય આભિનિવેષિક આમ કાંત હોય પણ પ્રિય ન હોય. મિથ્યાત્વનો ઉદય હોય તો સારી ન લાગે. વસ્તુ સારી હોય પણ પકડ રહે. તો લાભ ઉઠાવી શકે નહીં.

પાંચે ઈન્દ્રિયોના વિષયો તે ભોગ..........!

પાંચે ઈન્દ્રિયોના વિષયોને ભોગવવાથી મિથ્યાત્વના ઉદયથી તેમાં તૃપ્તિ થાય તે ભોગ. આવી ચીજ સાધુ ભ. ની સામે આવે છતાં ન મળે તો અથવા મંડળી સ્થવિરને આપી દેવી પડે. તો, પોતાને ન પણ મળે તે. "ઉપનતઃ" એટલે પોતાને મળે, પોતાને તાબે ચીજ આવી જાય તે. વિગેરે. પિટ્ઠી.... એટલે ત્યાગ કરે અને વિ એટલે અશુચિ આદિ ભાવના ભાવે. વિગઈથી કર્મબંધ..... સંસાર વધે છે. એમ માની સારી ચીજનો આગ્રહ ન રાખે. પણ નિર્દોષ ચીજનો જ આગ્રહ રાખે.

મંડળી સ્થવીર જે ગોચરી આપે તેમાં ઉપરની ભાવના ચિંત્વન કરે. જમવું जिम् ધાતુ સ્વાદુ અર્થમાં 'વાપરવું.' વિ + आ + પૃ ધાતુ ખાડો પૂરવાના અર્થમાં થાય છે.

મોક્ષનું સાધન - રત્નત્રયી : અને તેના હેતુભૂત શરીર તેને ટકાવવા માટે વાપરે. સમાચારીમાં ઢીલાશ ન આવવા દે. ખાડો પૂરવામાં હીરા-પન્ના વિગેરે ન હોય. તેમાં તો પત્થરાદિ હોય. તેમ સુંદર વિગઈથી ખાડો ન પૂરાય. પણ અંત પ્રાંત ગોચરી લેવી. અનાદિના સંસ્કારોને કાબુમાં લેવા માટે મર્યાદાપૂર્વક વાપરવું. સમાચારીના પાલન માટે જ વાપરવાનું છે.

ગોચરી લેવાની પદ્ધતિ સુંદર ન હોય તો શાસનની ભૂમિકા ઉપર આવેલ આત્મા પડી જાય. પાત્ર એટલે ઉત્તમ. જ્ઞાન-દર્શન-ચારિત્ર એ પાત્રમાં પોતાની રત્નત્રયીનો ભાવ કેળવવો પડે. તો જ એ ગોચરી ગૃહસ્થના ઉપકાર માટે થાય. વિકારી વાસનાને કાબુમાં લેવા જ્ઞાન વૈરાગ્ય ભાવના વિગેરે અનેક માર્ગો છે. ગોચરી વખતે સંપૂર્ણ મૌન જાળવવું. ૫૦ ઠાણા ગોચરી વાપરતા હોય તો પણ બહાર ઊભેલ વ્યક્તિને ખ્યાલ પણ ન આવવો જોઈએ કદાચ ત્યાગ હોય તો પણ ઈશારાથી ના કહે અથવા ગોચરી જતા પહેલાં મંડળી સ્થવિરને કહી દે. પણ ગોચરી વખતે બોલે તો નહીં જ. જો એક સામાન્ય હા-

ના કહે તો બીજા સાધુ-સાધ્વી પણ બોલવા માંડે. માટે સંપૂર્ણ મૌન.......! રાખવું.

"ઉપનત" ગોચરીથી પણ અન્યની ભક્તિ કરે. ત્યાગ બે રીતે. (૧) સ્વેચ્છાએ (૨) બંધનથી. મળવાનાં સંજોગ હોય અને ત્યાગ કરે તો પ્રોષિત કહેવાય. ન ત્યાગ કરે અને મળે પછી મનમાં પસ્તાવો કરે તો લાભ પૂર્ણ ન મળે.

સ્વેચ્છાએ મળે. પરાયત હોય પોતે સ્વાધીન હોય મીન્સ-નવકારશી કરે. પણ ગોચરીમાં સુંદર ન મળે તો ચીજ સ્વાધીન ન કહેવાય. પણ પોતે સ્વાધીન અને પાતરામાં ચીજ પણ સ્વાધીન હોય છતાં ત્યાગ કરે તેજ ત્યાગી કહેવાય.

"લબ્ધે વિ પીટ્ઠી કુવ્વઈ" માં ત્યાગ કર્યો* પછી "चयइ" શબ્દ શા માટે ? ત્યાગની ભાવના દ્રઢ રીતે.... કેળવવાની છે. આવ્યા પછી એની ભાવના દ્રઢ થવા માટે. આવ્યા પછી મમ્મણ જેવું થવું ન જોઈએ. મળતા ભોગો તથા ઉપનત ભોગોનો ત્યાગ કરવા માટે ભોગ શબ્દ બે વખત કહ્યો. સ્વાધીન ભોગોનો સ્વેચ્છાપૂર્વક ત્યાગ કરવો તે જ ત્યાગ.....! સ્વાધીન ભોગોનો ત્યાગ એજ સાધુપણું છે. માંડલી સ્થવિર કદાચ મોળી ગોચરી આપે તો અમારા આત્માનો ઉપકારી છે એમ વિચારે. પણ એમની ભૂલ ન જુવે. વાદી શંકા કરે કે જંબુ વિગેરેએ જે ભોગોનો ત્યાગ તે જ ખરેખર ત્યાગી છે. પણ ભિખારી વિગેરે ઉપદેશ શ્રવણથી સંયમ-અહિંસા પાળે તે ત્યાગી ન કહેવાય. જવાબ :- તેણે પણ ત્રણ કરોડ રત્નનો ત્યાગ કર્યો છે. એક ક્રોડનું ૧ રત્ન છે. શાસનની મર્યાદાપૂર્વક એણે ત્યાગ કર્યો હોય તો સમજવાની જરૂર છે. સંસારનો પાયો અગ્નિ, સ્ત્રી અને કાચાપાણીનો ત્યાગ કર્યો ૩ કરોડ આપતાં પણ ૩ ચીજ ત્યાગવી દુષ્કર છે.

શાસનની ઉત્પત્તિથી માંડીને શાસનના અંત સુધી રહે તે મૂળસુત્ર. સંકડાયેલું હોય તે મૂળસુત્ર.

દુપ્પહસૂરીજી મહારાજ ચાર મૂળસુત્રના જ્ઞાની છતાં પણ શ્રુતકેવળી જેવા એઓ આરાધક પાંચ ભરત, પાંચ ઐરાવતમાં આ આગમોનો નાશ થશે. ચૌદપૂર્વ દ્વાદશાંગીમાં જે વર્ણન છે તેનો સાર સાધુજીવનની મર્યાદા આ ચાર મૂળસુત્રમાં આવે.

ધૃતિ-સંયમની, લક્ષની જાગૃતિ એમાંથી સ્થિરતા આવે. લક્ષની જાગૃતિપૂર્વક મળેલા ભોગોનો ત્યાગ કરે એ જ ત્યાગ કહેવાય. વાદીએ પૂર્વે શંકા કરી એના જવાબમાં કહ્યું કે ૩ ક્રોડથી પ્રાપ્ત ન થાય. એવી ત્રણ ચીજ સ્ત્રી, પાણી, અગ્નિ એને દરેક સંયમી આત્મા ત્યાગ કરે જ.

એક કોઈ કઠિયારાએ દીક્ષા લીધી. દીક્ષા પછી ભિક્ષા વખતે લોકો ટીકા કરે કે ખાવાનું ન મળવાથી દીક્ષા લીધી. એ આ કઠિયારા છે. આ નવદીક્ષિતની પરિણામની ધારા ટકી ન શકી. મનમાં દુઃખ થાય. ગુરુ મ. કહે છે (જે કોઈ ભાવના, વૃત્તિ, વિચાર, લાગણી, ઉત્પન્ન થાય તે ગુરુ મહારાજને કહેવી જેથી આર્તધ્યાનની પરંપરા આગળ ન વધે.) નવદીક્ષિત માટે આ ખાસ જરૂરી છે. પરિપક્વ થાય પછી જાતે-પોતે પાછા વળી શકે પણ વેશ પરિવર્તન થવાથી વિચારો વૃત્તિ અટકી જતી નથી.

મુકામમાં ગુરુ મહારાજને કહે મને અન્યત્ર મોકલો. ગુરુ મહારાજ અભયકુમારને કહે અમે આ કારણે વિહાર કરીએ છીએ. અભય કહે કેમ ? આ ક્ષેત્ર માસકલ્પને યોગ્ય નથી ? કે તમે બીજે જાવ છો ? ગુરુ મ. કહે કે સંયમની આરાધના કરનારને મહાનિશીથના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે - પરહિત માટે પછી છે પ્રથમ આત્મહિત છે. પોતાની પરિણતિ નેવે મુકીને, ખીંટીયે ચડાવીને આચાર નેવે મુકીને પરહિતની વાત અહીં નથી. પરહિત કરે પણ સ્વહિત સાચવીને.....! આત્મહિતની ભુમિકા સ્થિર થઈ હોય તો ભલે પર કલ્યાણ કરે. આત્માને આશ્રવના માર્ગમાંથી પાછો વાળવો. સંયમમાં આગળ વધવું. આમાં પરિપક્વ થયેલ ભલે પરહિત કરે.

આની કુંચી ન મળી હોય અને પર કલ્યાણ....!

છેદસુત્રમાં છે કે "अप्पहिअं एवं कायव्वं" કરે તો દોષ છે. પ્રકલ્પ સાધુ વ્યાખ્યાન આપી શકે. પ્રકલ્પના બે અર્થ...... કલ્પ અને સમર્થ. વિશેષે કરીને સમર્થશાસ્ત્રના પાના હાથમાં લઈને વ્યાખ્યાન પદ્ધતિ. આજે તે લુપ્ત થઈ છે. આજે જનરંજન લક્ષમાં છે.

જે "चत्तारी परमंगाणि" આમાં શબ્દે-શબ્દનો અર્થ પરમ કોને કહેવાય ? પરમંગાણિ કોને કહેવાય ? એની વ્યાખ્યા કરે. પરમાત્માની આજ્ઞાની વફાદારીપૂર્વક પ્રવચન કહે. અનુયોગ અનુ=પાછળ યોગ=જોડવું. સૂત્રને અર્થની પાછળ જોડવું તે અનુયોગ.

આશ્રવ છોડવા લાયક, સંયમ સ્વીકારવા લાયક, આનો અર્થ દરેક શબ્દમાંથી કાઢવો. અર્થની પાછળ એટલે કે પરમાત્માની વાણી પાછળ સૂત્રને લઈ જવો. વાણી શું......? સર્વથા વાણીની પાછળ સૂત્રને લઈ જવો જોઈએ. આશ્રવ સર્વથા હેય... છે..!

બાર વર્ષ સુધી સૂત્ર પોરસી કરે.

બાર વર્ષ સુધી અર્થ પોરસી કરે.

સામાન્ય અર્થ કરે. અનુગમ નય-નિક્ષેપ વિગેરે કરે. કુશળતા મુજબ એને તે-તે વિષયમાં કહે.

પરમાત્માની વાણીને ઝીલવાની સામર્થ્યતા ન હોઈને પહેલા ગણધર ભ. ની વાણીનો સ્વાધ્યાય. તે પછી તે દ્વારા મોહનીયનો ક્ષયોપશમ કરી અર્થ પોરસી કરે.

"जीण वाणीए अणुओगो पकप्पं जयणाए कहो अत्थो" વિશેષે કરીને સમર્થ એટલે પ્રકલ્પ=આચારમાં પ્રકર્ષે સમર્થ હોય તે. આચારની મર્યાદા રૂઢ થઈ હોય તે. (૨) પ્રકલ્પ એટલે આચારાંગના બે વિભાગ=પમી ચૂલિકા નિશિથ અધ્યયન છે. બીજું નામ પ્રકલ્પાઈ વચન છે. જેનાથી આત્મા આચાર નિષ્પાત બની શકે તે. નિશી=રાત્રી

- એ અધ્યાય અપરિણતને ન અપાય. એ ભણાવવા અપરિક્ષ્ય કે અપરિણતને છેદ કરે.

**એકલા અપવાદને પકડે તે અપરિણત.** } નિશીથમાં અપવાદનું
**એકલા ઉત્સર્ગને પકડે તે અપરિણત.** } ઘણું વિવેચન છે.

એક ગુરુના ત્રણ શિષ્ય એમને આજ્ઞા કરી કે ગાઠેલા વાળી કરી લાવવા. એક પરિણતે વિવેકથી પૂછયું અપરિણત મશ્કરી કરતો ગયો. અપરિણત જ લઈ આવ્યા, તિરસ્કાર કર્યો કે શું આવું લવાતું હશે ? પરિણતે વિવેકથી પૂછયું. જરૂર પડ્યે પૂછીને કરે તે પરિણત.

ગુર્વાજ્ઞાથી ઉત્સર્ગમાર્ગના ટેકા માટે. (૨) કારણે (૪) સીમિત હોય - રાજર્માગને અપવાદ બનાવે તે.

આ પ્રકલ્પાઈવચન ગંભીર યોગ્ય સાધુને અઈવિરાતે ગુરુ કાનમાં સંભળાવે. બીજા પ્રહરમાં 'ગુરુ મ. સૂરીમંત્રાદિનો જાપ કરી છેદ ઉડાડીને ભણાવે.

અતિપરિણત-અપરિણતનો છેદ ઉડાડવો માટે જ આનું નામ છેદસૂત્ર છે. અત્યંત ગંભીર છે માટે આનું નામ નિશીથ સૂત્ર.

માત્ર ગૃહસ્થને ચાબકા મારવા તેમ નહીં પણ..... સાયકોલોજી પદ્ધતિથી મીઠા શબ્દોથી સમજાવે. તે ઉપદેશ કહેવાય. દીક્ષા લીધી એ દિવસથી વ્યાખ્યાન આપવાથી "परोपदेशे पांडित्यं" જેવું થઈ જાય છે. પદ્ધતિપૂર્વક શાસ્ત્રનો ઉપદેશ.... હળવો આપવો. તે દરેક આપી શકે પણ અનુયોગ તો પ્રકલ્પમુનિ જ આપે.

પ્રશ્ન : ગૃહસ્થ ઉપદેશ આપે ? ના... અષ્ટપ્રવચન માતાના મીન્સ જઘન્ય ચારિત્રના વિકાસ વિના ઉપદેશ ન અપાય. સાધુ જ આપી શકે.

ગુરુ મહારાજે વાત કરી. અભયકુમારે બે દિવસ રહેવા કહ્યું. એમણે સભામાં ત્રણ રત્નોના ઢગલાં કર્યાં. અભયકુમાર દાન આપે

છે. એમ ઢંઢેરો પીટાયો. લોકો આવે છે શરત મૂકે છે કે - "અગ્નિ-પાણી-સ્ત્રી" આ ત્રણનો ત્યાગ કરે એને આ ઢગલાઓ મળે. લોકો કહે વિષયવાસના આના વિના પોષાય જ ક્યાંથી ? આ ત્રણ વિના સંસાર જ કેમ ચાલે ? પછી કઠિયારાની વાત કરી, લોકોને કહે કે એણે સંસાર સાથે બધો ત્યાગ કર્યો તો શા માટે તમે એની નિંદા કરો છો? આમ લોકોને નિંદાથી અટકાવ્યા. ભલે દરિદ્ર હોય છતાં આ ત્રણનો ત્યાગી ખરેખર ત્યાગી છે.

આત્મહિતની પરિપક્વતા ન હોય તો પરહિતમાં પ્રવૃત્ત થવું નહિ. તો પરહિત કરતાં સ્વઅહિત થઈ જવા સંભવ છે.

સંયમ માટે ધૃતિ એટલે લક્ષની જાગૃતિ રાખવી જરૂરી છે. વાસનાઓને સંયમ-ત્યાગ દ્વારા કાબુમાં લેવાની છે અને આત્મિક વિકાસની ભૂમિકા ઉપર આગળ વધવાનું છે. સ્વાધીન ભોગોને જાગૃતિપૂર્વક ત્યાગ કરે છે. બહારના વાતાવરણનાં નિમિત્તની અસર થાય તો એમાંથી બચવા માટે "समाइ" ૪થી ગાથા બતાવે છે. પ્રેક્ષ્યતે અનયા=પ્રેક્ષા". દ્રષ્ટિ તથા પ્રક્ષાયા (સમયા) સમદ્રષ્ટિ વડે. બીજાનું નુકસાન કરવામાં મને સંકલેશ થવાથી મને જ નુકસાન છે. બીજાના વિકાસમાં લાભમાં મને વિશુદ્ધિ થવાથી મને જ લાભ છે.

પરિસમન્તાત્ (ત્રણે કાળનો વિચાર ભૂતનું અસંયમનું ફળ કેવું હોય ? વર્તમાનની ભવિષ્યની વિચારણાપૂર્વક) व्रजतः गच्छतः સંયમમાં મોહના સંસ્કારો પલટાવવામાં આગળ વધવું તે સંયમ યાત્રા.

"परिव्रजतः" ગુરુ ઉપદેશાદિથી સંયમયોગોમાં વર્તમાનસ્ય એ અર્થ થયો. સાધુનું વિશેષણ છે ષષ્ઠીમાં.....! સ્યાત્ કર્મમતિ અપિજય હોવાથી ક્યારેક મન બહિર્ધા નીકળે છે. बहिर्धा=ચોથા વ્રતનું ખંડન કરવું એ અર્થ बहिद्धा दाणाओ वेरमणं. આદાન મૂર્ચ્છાભાવથી લેવું. बहिद्धा=ચોથું અને પાંચમું વ્રત-તેનાથી વિરમવું. बहिद्धा એ

પારિભાષિક શબ્દ છે. "संयम गेहाद् बहिः" આમાં મુખ્યપણે ચોથાની વાત છે. તેના ટેકા માટે બીજું પણ લેવું... (लोलक, लुडक, लुंटनारा) चिक्स लोलक વડે = ચીકણી માટીની ગોળી વડે.

સંયમમાંથી મન બહાર જાય તો પ્રશસ્ત પરિણામ વડે તે અશુભ છીદ્રને ચારિત્રજળનાં રક્ષણ માટે ઢાંકવું જોઈએ.

તે મારી નથી હું તેનો નથી એમ તત્ત્વદર્શીઓ ત્યાંથી સ્ત્રીથી રાગ ખસેડે છે. अवधावन - નીચે દોડવું, અને સંયમ છોડવું. ઓહાણુ પેહી =અવધાવન-અનુપ્રેક્ષા-નિપાનતટ-પાણીયારું, નવાણના તટ=કૂવાના કિનારે. उदवजामि=ઉત્પવ્વયામિ=દીક્ષા છોડું. અણુસિટ્ઠો-શિક્ષા અપાયો. સાહારે તવ્વો=ધારયિ તવ્ય.

જો પાપ મોહનીય કર્મ ન હોય તો તે પાપસ્થાનક ન કહેવાય. મૃષાવાદ એ પાપનું સ્થાન છે. જે મોહનું.... પોષક હોય છે. ૧૮ પાપની આલોચના પણ પાપસ્થાનકની આલોચના નહીં. કેમકે સમ્યગ્દર્શન દ્વારા મોહનો ક્ષયોપશમ થાય એટલે એનું પાપ દ્રવ્ય-પાપમાં જાય. જો આલોચનાદિ ન કરે. સારું થયું એમ કહે તો ભાવ પાપ થાય. અતંરગ=મનનિગ્રહ, બાહ્ય મન નિગ્રહ વગર ન થઈ શકે. માટે બાહ્ય વિધિ પાંચમી ગાથાંમાં બતાવશે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૧૫

અંતરંગ રીતે જેને મનમાં કાબુમાં રાખ્યું હોય તેને મળી આવેલા પદાર્થો છોડવા યોગ્ય લાગે છે. (આગળ પાંચમી ગાથામાં) કહેવાતા પુરુષાર્થથી મોહના સંસ્કારો પાતળા પાડી શકાય. (૧) આતાપના લેવી - સ્વેચ્છાએ દેહદમન... કરવું એનાથી અચાનક પ્રવૃત્તિઓ આવે તો અકળાય નહીં....! તે ક્યારે આવે ?

(૨) સુકુમાળના ત્યાગથી. (૩) ઈચ્છાઓને દબાવવી : વૈરાગ્યના બળે ઈચ્છાઓને દબાવવા છતાં ન દબાય તો ગુરુ મહારાજ પાસે જઈને કહેવું. (૪) ઈચ્છાઓ દબાવવાથી દુઃખ દબાયું. (૫) દોષને-દ્વેષને-ગુસ્સો-સ્થુલ સ્વરૂપ-અંતરંગ મનમાં અણગમો. અરૂચિનો ભાવ એ દ્વેષનું સુક્ષ્મ સ્વરૂપ છે. કાપવો-અણગમો ન આવે તો દ્વેષ ન પ્રગટે. તે માટે રાગને કાપવો. રાગવૃત્તિના કેન્દ્રને ઢીલું પાડવું. તેથી તુ "સંપરાય" એટલે કે સંસારમાં કે ભવિષ્યમાં તું સુખી થઈશ.

આર્તધ્યાન ક્યારે થાય ? સાધુનો સંપર્ક અને જ્ઞાનીની નિશ્રા છોડી તેથી નંદમણિયારને આર્તધ્યાન થયું. જો જ્ઞાનીની નિશ્રા હોય તો તૃષાના ઉદયમાં આટલું એનું મન ચકડોળે ચડે ?

સમ્યગ્ દૃષ્ટિને શરીરની પીડામાં આનંદ થાય કે કર્મ ખપાવવાનો અવસર પ્રાપ્ત થયો છે. મનની અંદર આવે કે મને આ ક્યાં થયું એમ વિચારી મનથી આર્તધ્યાન અજ્ઞાની કરે. ભાવથી

આર્તધ્યાન થાય તો ચારિત્ર મોહનીય બંધાય. આગળ વધીને દર્શન મોહનીય પણ બંધાય.

શ્રીયકને શરીરની પીડા હતી તેથી દ્રવ્યથી શારીરિક પીડાનું આર્તધ્યાન હતું. પણ મનમાં ધર્મની અનુમોદના હતી. ભાવ આર્તધ્યાન ન હતું.

જ્યાં ધર્મની આરાધના કરીએ ત્યારે મનમાં દ્રવ્ય...... આર્તધ્યાન થાય.

દ્રવ્યભૂખ શરીરની અને મનની ભૂખ આ આટલા વાગ્યે મળવું જોઈએ. મારૂં ધન્યભાગ્ય છે કે મને પોરસી આદિનો લાભ મળ્યો. દ્રવ્ય ભુખનો છેડો છે. ભાવભુખનો... છેડો નથી. આપણા આત્માએ માતાનું ધાવણ કેટલું પીધું ? તે ધાવણની આગળ સ્વયંભૂરમણનું પાણી ગૌણ થઈ જાય.

દ્રવ્ય આર્તધ્યાનથી ગભરાવવું નહીં. કારણ કે ઉપર ચઢવામાં જોર પડે. કઠીનતા-કસોટીમાં શરીરને મુશ્કેલી પડે. તેથી દ્રવ્ય-આર્તધ્યાન. (શારીરિક દુઃખ) થાય.

નંદમણીયાર પોતાનું મન ઠેકાણે રાખી શક્યો નહીં તેથી ચારિત્ર મોહનીય બંધાયું..

કેવળીને દ્રવ્ય આશાતનાનું દુઃખ હોય પણ તેમાં દ્રવ્ય મન ન ભળવાથી ભાવ આશાતનાનું દુઃખ ન હોય !

પોતાની શક્તિ પ્રમાણે આતાપના લેવી. આતાપભાવ એ તપ કાયકલેશનો ભેદ છે. માટે ઉણોદરી આતાપો લઈ લેવા. તપશ્ચર્યાથી અંતરંગના વિકારો ઉત્પન્ન ન થાય.

શરીરનો રાગ સુકુમાળતાનો ત્યાગ કરવાથી સ્વથીપરથી ઉત્પન્ન થતાં દોષનો ત્યાગ થાય. સૌકુમાર્યથી... (શરીરની પલોજણ-મોહમાયાથી) કામેચ્છા પ્રવર્તે. તેને જોવાથી સ્ત્રીઓને પ્રાર્થનીય થાય. એ બેનાં સેવનથી કર્મોને.. ઉલ્લંઘી જાય. કામ ઉલ્લંઘી જવાથી દુઃખ

પણ ઉલ્લંઘી જાય (દુઃખ કામ નિબંધનવાળું છે.)

સમ્યગ્ જ્ઞાન બળે તેમજ વિપાકાલોચનાદિ વડે, કામોમાં રાગને કાપી નાખે. સ + પરા + ઙ્ = જવું. જે સમ્યક્ પ્રકારે અનેક ગતિમાં ભ્રમણ કરવું. એનું નામ સંપરાય. સંપરાયે=પરિષહ-ઉપસર્ગ સંગ્રામમાં સુખી થઈશ.

ધૃતિ=લક્ષમાં ધીરજ એ સાધુપણાનું કારણ છે. સંયમમાંથી મન ચાલ્યું ન જાય તે માટે આતાપના લેવી. તે માટે... સુકુમાળતાનો ત્યાગ કરવાનો. તે માટે ઈચ્છાઓનો ત્યાગ... તે માટે રાગ-દ્વેષનું દમન કરવું !

ઈચ્છાઓને અનુકૂળ ન થવું. તાબે ન થવું. તે આતાપના. ગરમ પાણી પીવું તે પણ આતાપના. ઠંડુ પાણી ન મળતા કેટલો કકળાટ થાય છે. જો આતાપનાથી જીવન કેળવ્યું હોય તો આવું ન થાય.

મનની ઈચ્છાઓને તપાસવાનો પ્રયત્ન તે આતાપના. તે ક્યારે બને શરીરની સુકુમાળતા છોડે તો....!

(૧) આતાપના (૨) સુકુમાળતાનો ત્યાગ (૩) ઈચ્છાનું દમન

| | |
|---|---|
| (૪) રાગ (૫) દ્વેષનો ત્યાગ કરવો. | પ્રતિકૂળતાના સંયોગમાં |
| ઈચ્છામાં મિથ્યાત્વ ભળે ત્યારે રાગ | આપણી વૃત્તિઓને તાબે |
| ક્રોધ + માન + મિથ્યાત્વ ભળે ત્યારે દ્વેષ | ન થતાં તેને કાબુમાં |
| માયા + લોભ + મિથ્યાત્વ ભળે ત્યારે રાગ. | લેવી. |

ઈચ્છા પૂર્ણ થવાની અણી પર હોય અને કોઈ ડખલ કરે તો મનમાં ધમાલ થાય એની સામે દ્વેષ થાય તો સમજવું કે એમાં મિથ્યાત્વ ભળ્યું....!

રાગ અને ઈચ્છામાં શો ફેર ? ઈચ્છા સામાન્ય શબ્દ છે. ઈચ્છાને ખોટી માને છોડવા તૈયાર થાય છુટી જાય તો સારી માને. તો એ ઈચ્છા. ઈચ્છા છે. રાગ નથી. બાહુબળીમાં.... ચારિત્ર

મોહનીય હતું.... પણ મિથ્યાત્વ નહોતું. તે પિતા ભાઈ તરીકે નમવા તૈયાર હતા.. પણ ચક્રવર્તી તરીકે નહીં...

ભરત મહારાજાને હતું કે આ બાહુબળી મને હાથ ન જોડે ત્યાં સુધી ચક્ર ન પેસે. આ વાતની પૂર્તિ માટે જ તેઓ લડાઈ કરવા તૈયાર થયા. રાજ્ય માટે નહીં. બંનેને ચારિત્ર મોહનીયનો ઉદય હતો મિથ્યાત્વનો નહીં....!

૧૨-૧૨ વર્ષ સુધી ભયંકર લડાઈ કરી, રાત્રે રોજ ક્ષમા માંગે, પગમાં પડે, સમ્યક્ત્વનો દીપક કેવો ઝળહળતો હતો કે આવી ભુમિકામાં આવી નમ્રતા હતી.

ઉભયનું આ જ રીતનું પુન્ય હતું કે આને વૈભવ મળે છે. આને બળ મળ્યું. પાંચે યુદ્ધમાં બાહુબલીએ ભરતચક્રીને હરાવ્યા. સમ્યક્ત્વ દીવો ઝાંખો પડ્યો. કે હું ચક્રવર્તી નહી ? ચક્ર આવ્યું સામે મૂક્યુ. ચક્ર પાછું આવ્યું. બાહુબલીનો દીવો ઝાંખો પડ્યો ? આ અન્યાય કેમ? તરત મૂઠી ઉપાડી.... જાગૃતિ આવી. લોચ....! એકબીજા લડવામામાં જ કાયરતા પ્રગટ થતી હતી. નાક કપાતું હતું. માટે એણે યુદ્ધ ખેલ્યું. પછી ચમરેન્દ્રના કહેવાથી એમણે આપસમાં યુદ્ધ કર્યું. ૧૦-દસ આશ્ચર્ય પૈકી ભરતને હરાવ્યા.. તે પણ આશ્ચર્ય છે. ત્યારે સહેજ સમકિતનો દીવો ઝાંખો થયો. પણ વિવેકની બોર્ડર પર આવીને બાહુબલીએ વિચાર્યું. એ ભૂલ કરે મારે શા માટે કરવી ? લોચ કરે દીક્ષા લે. ખમાવે.. પગમાં પડે.. રડે.... એકવાર સામું જુઓ.... એમ કરગરે....!

સ્વદોષનું દર્શન કરે તે સમકિતની નિશાની... બીજાના પહાડ જેવા દોષોને ગૌણ કરે. પોતાના નાનકડા દોષને પ્રગટ કરે તે.. સમ્યગ્ દર્શનની નિશાની છે.

ઈચ્છા ચારિત્રમોહનીયના ઉદયથી થાય.. એમાં વિશ્વાસ ભળે તો રાગ કહેવાય. સમ્યગ્દર્શન પાપને પાપ જાણ્યા પછી છોડે નહીં. તો સમ્યક્દર્શન હશે કે કેમ તે નિર્ણય ન થાય. વિરતિ વગરનું સમ્યગ્

દર્શન કેવળી વિના કોઈ પારખી ન શકે.

પાપને પાપ તરીકે જાણીને છોડે તો જ સાચું સ. દર્શન. પાપને પાપ તરીકે જાણીને છોડે નહીં હું સમ્યગ્ દર્શનવાળો છું એમ કહેનારને દંભપણું હોય. અવિરતિ ગમે જ નહીં ખુંચે. સંયમનું લક્ષ્ય રાખવા આ જ કહ્યું.

(ભરતને અપ્રત્યાખ્યાનીય-અનંતાનુબંધી જેવો કહેવાય.)

'छिंदाइ दोसं' માં પ્રથમ રાગ કેમ નહીં ? નિગ્રહ કરવામાં પ્રથમ દ્વેષ કાઢવાનું કહ્યું.

પેલા લોભ, વસ્તુ મેળવવા-માયા, મળ્યા પછી માન વસ્તુ જાય તો.....! ક્રોધ.....!

ઉત્પતિ ક્રમમાં પ્રથમ રાગ પછી દ્વેષ !

નિગ્રહ ક્રમમાં પ્રથમ દ્વેષ પછી રાગ !

**મૈત્રી ભાવમાં સર્વજીવ પ્રત્યે આત્મતુલ્ય ભાવ જોઈએ.** પ્રથમ ક્રોધ પછી માન-માયા પછી લોભને જીતવો. દ્વેષ છોડવો સહેલો છે. પણ રાગને છોડવો કઠીન છે. પ્રશસ્ત રાગ આગળ વધારવામાં ભય પછી એની મેળે છુટી જાય છે.

ગાથા-૬, अधि + अव + सो ધાતુ અધ્યવસ્યન્તિ કબુલ કરી લે.

दुःखेवन असाह्य ते अभिमूयते इति दुरासहः तम् दुरितभवम् (એની શક્તિથી અસર ન થવા દેવી એનો પરાભવ કરવો.)

"दुरासयं" દુઃખે કરીને સહન કરી શકાય તેવો પ્રબળ અગ્નિ.

સાપ કરડ્યા પછી અવળો ન થાય તો એનું ઝેર ન ચડે. સાપ ઊંધો થાય તો એની ઝેરની કોથળીમાંથઈ (દાઢ પાછળ રહેલી) ઝેર કરડનારને ચઢે છે.

"પંડીતોડત્યર્થં મુહયતે" આ ન ગમ્યું. હડતાલ=બંધ કરવું ચેકો મારવો એવી પૂર્વ ચીજ હડતાલ નામે વાપરતાં.. કાલે આ ચેકી નાંખશું. વ્યાસ મુનિ સ્નાન કરીને આવ્યા.

જ્ઞાન જેમ-જેમ વધે તેમ-તેમ જ્ઞાનનાં-મોહનાં સંસ્કારોનો ક્ષયોપશમ થાય... નમ્રતા આવે... અન્યથા અહંકાર આવે. પલાસદ મુનિમાં મોહના સંસ્કારોનો અભાવ ન હતો. થોડું અભિમાન આવ્યું. વ્યાસ સમજ્યા કે આના આવરણો હજી ખસ્યા નથી.

નિમિત્તની અસર ન થાય એવા એક માત્ર પરમાત્મા! સ્થુલિભદ્રજી તો અચ્છેરા રૂપ ગણાય. એમણે વિશિષ્ટ કોટીની આજ્ઞા પાલન કરેલ એના બળે એઓને અસર ન થાય. પલાસદ મુનિ કહે બધું બરોબર છે પણ પંડીત હોય તે મોહ પામે તો પંડીત શાના?

થોડો વિખવાદ પણ થયો રવાના થયા. વ્યાસમુનિને થયું કે આને અભિમાનનો કીડો કેવો ફોલી ખાય છે. આને ઠેકાણે તો લાવવો પડે. સાંજે ઘનઘોર વાદળા મુશળધાર... વરસાદ...! પલાસદને થયું આ શું ? તેઓ પોતાની ઝુંપડીમાં બેઠા. રાત્રે ૧૬ વર્ષની યુવતી "બચાવો-બચાવો" કરતી ઘોડા ઉપર આવે. પલાસદ એમને બચાવે સ્વસ્થ કરે, એમને પૂછે, કહે હું અમુક રાજાની પુત્રી છું... ઘોડો બેફામ બનવાથી મને અહીં લાવ્યો. રાત્રે મર્યાદાનો ભંગ કરીને પણ સુવે. માયાનું નાટક હતું. પલંગ પર સુએ, યુવતી પગ દબાવે. અમુક અંગોના સ્પર્શથી એ ઢીલા થયા.... માંગણી કરી. ત્યાંજ વીજળીનો કડાકો થયો. પ્રકાશમાં વ્યાસમુનિને જોયા. પલાસદ મુનિ શરમાઈ ગયા. માફી માંગી. પંડીત એ જ કે મોહનો ક્ષયોપશમ કર્યો હોય. એ મર્યાદાનું પાલન કર્યા વિના રહે જ નહીં.

નિશીથસૂત્રમાં સાધુ મ. ને સાધ્વીજી ભગવંત વંદન કરવા ક્યારે જાય? તે કહ્યું છે.

કાલચારિણી-વ્યાખ્યાન વખતે જ આવે તે.....!

અકાલચારિણી-ઈચ્છા મુજબ ઉપાશ્રયમાં આવે તે.....!

એના માટે ઉગ્ર પ્રાયશ્ચિત છે. એનું ચારિત્ર પણ નિરર્થક છે. દરેક સાધુનું ચારિત્ર મોહનીય વ્રજલેપ જેવું જ હોય એવું નથી.

રુકમી સાધ્વી એક જ વારની દ્રષ્ટિ કુશીલતાને કારણે કેટલા ભવો ભટકી. શ્રાવકોએ પણ આ મર્યાદાનો લોપ કર્યો છે. દુનિયાનાં અમલદારોને મળવા એપોઈમેન્ટ લઈને જાય. વકીલને મળવું હોય તો પહેલા પૂછાવે અને કેટલી મહેનત કરે અને સાધુને મળવા ગમે ત્યારે જવાય ?

અકાલચારિણી સાધ્વી માટે કેટલું પ્રાયશ્ચિત છે ? એ ઉપર તો કેટલા શ્લોક છે. યુવાન આચાર્ય હોય તો સ્થવીર સાધુને સાથે રાખે. મહાનિશીથનાં જોગ કર્યા હોય અને વળી સ્થવીર હોય તેની પાસે જ જોગની ક્રિયા કરાવે. સાધ્વીની સાથે જ્યાં વાતચીત વધુ હોય તેને ગચ્છ ન કહેવાય.

નુપૂર પંડીતાનું દ્રષ્ટાંત :-

વસંતપુર નગર.... એક શેઠીયાની પુત્રવધુ નદીએ સ્નાન કરવા જાય. ત્યાં એક તરૂણને તે પુત્રવધુએ જોઈને પુછયું... કે આ નદીને વૃક્ષો તારા સ્નાનની શાતા પૂછે છે. હું તારા પગમાં પડું છું.....!

જે નદી અમારી સુખશાતા પૂછે છે તેનું કલ્યાણ થાઓ. વૃક્ષ પણ ઘણું જીવો. પેલો સમજી ગયો કે આની ઈચ્છા છે પણ ઘર વિ. જાણતી નથી. બાળકોને પુછયું રાત્રે ગયા...... વિ. દ્રષ્ટાંત જાણવું...... આત્મા પડવાની અવસ્થામાં પહોંચે છતાં જો જ્ઞાન-ધ્યાનમાં રહે તો પુનઃ સ્થિર થાય.

બુદ્ધિનો યોગ્ય વિકાસ કર્યો હોય તો સંબુદ્ધ કહેવાય. મોહનીયનો-જ્ઞાનનો ક્ષયોપશમ કર્યો હોય તો સંબુદ્ધા કહેવાય. વિષયોના સ્વરૂપને જાણ્યાં તેને સંબુદ્ધ કહેવાય. પંડીત સમ્યગ્જ્ઞાન હોય તે.... દર્શન તો હોય જ પણ જ્ઞાન હોય. વિચક્ષણ કોણ ?

धिरत्थु "धिक्" શબ્દ નિંદા અર્થમાં છે. તમારા પુરુષાર્થને ધિક્કાર થાઓ. એમ રાજુલ ટોણું મારે છે. યશની ઈચ્છાવાળો તું આવું કરે છે.

અયશોકામિ :- એમ પણ વ્યાકરણમાં નિયમ પ્રમાણેની વાત છે. સંયમી-અસંયમી... ભગવાને મને વમેલી છે. એવી મને તું ઈચ્છે છે. તે એના કરતાં મૂર્ખ શ્રેયઃ છે. અહીંયા આ સંયમી નથી. પણ દેશવિરતિ સંયમની વાત છે. આમ બોધ આપી દીક્ષા લીધી. એકવાર રહનેમી ગોચરી લઈને આવતા હતા. વરસાદના કારણે ગુફામાં રહ્યાં. ત્યાં જ ગોચરી કરી. વસ્ત્ર સુકવ્યા. નગ્નભાવે રહેલ તેમને જુવે....! ઈંગિતાકારને જોવા માટે સહેજ તો અજવાળું હતું....! ત્યારે રાજીમતી રહનેમીને ઉદ્દેશીને કહે છે "अहं च" ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલ આપણે ગંધન કુળના ન થઈએ. પણ અગંધન કુળના સર્પ જેવા થઈએ. "સંયમ" સર્વ દુઃખનું નિવારક છે. ક્રિયા કલાપને (निभॉंतः चरः) વિકારી વાસનાના ખેંચાણમાંથી તારી જાતને ખેંચી નિભૃત અવ્યાક્ષિપ્ત સંયમ કરે.

વ્યાક્ષેપ- તે-તે વિકારી વાસનાનું ખેંચાણ તે વ્યાક્ષેપ. 'હડ' નામની વનસ્પતિને મૂળ ન હોવાથી પવન આવવાથી અસ્થિર થાય છે. સકલ દુઃખના ક્ષયના કારણભૂત એવા સંયમથી ચલિત થાય તો વિકારી વાસનાના સમુહમાં પડે છે. પાંચ પ્રકારના પ્રમાદ પૈકી મુખ્ય વિષય-કષાય બે છે. પ્રમાદના પવનથી ખેંચાયેલ આત્મા આમથી તેમ ખેંચાય છે. આ ચાર ગાથામાં સંબંધ સાધ્વીપણાનો છે.

પ્રથમ જણાવેલ પ્રસંગ પંચકલ્પભાષ્યમાંથી સંસારી જીવનનો છે અંકુશની જેમ હાથીનું દ્રષ્ટાંત આપે છે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૧૬

બાલજીવોને અત્યંત આવશ્યક આ શ્રી દશવૈકાલિક સુત્ર છે. પોતે ધૃતિ ગુણમાં સ્થિર હોય, સંયમની મર્યાદામાં એકચ્યુલ હોય તો બીજા પડતાં આત્માને પણ બચાવી શકે. રાજીમતીએ ધૃતિનું બળ કેળવેલું હતું. તેથી તેઓએ રહનેમીને માર્મિક-વચન દ્વારા-ટકોર દ્વારા સ્થિર કર્યા.

અંકુશ હાથીને કેવી રીતે કંટ્રોલમાં લાવે છે ? એ બતાવે છે. નિમિત્ત એ ઉપાદાન સહકાર આપે. કુંભાર-ચાક વિગેરે નિમિત્ત કારણ મુખ્ય વસ્તુ શું છે ? માટી, ઉપાદાન કારણ માટી છે. બધું હોવા છતા માટી ન હોય તો ઘડો ન થાય. નિમિત્તથી ઉપાદાન ઉદ્‌ભૂત થાય. ઉદયમાં, ક્ષયમાં, ક્ષયોપશમમાં નિર્જરામાં, દ્રવ્ય-ક્ષેત્ર,-કાળ-ભાવ ભવ નિમિત્ત બને છે.

સવા લાખ શ્લોકના રચયિતા વ્યાસે કહ્યું છે કે - પોતાની માતા, બહેન, પુત્રી સાથે પણ એકાંતમાં બેસવું નહી....! નિમિત્ત આપણને ક્યારે પલટાવે એ ખબર નથી. ઈન્દ્રિયોનો સમુહ બળવાન છે. મહાભારતના રચયિતા વ્યાસ મુનિ આ શ્લોક રચીને નહાવા-ધોવાં વિગેરે કાર્ય કરવા ગયા. ત્યાં 'પલાસદ' મળવા આવ્યા. નૈષ્ટિક બ્રહ્મચારી કૃત્રિમ ભગવાનના અંશ તરીકે વ્યાસ મુનિને માનતા. નહાવા ગયેલા એથી મળ્યા નહીં. પલાસદ મુનિ બેઠા પોથી જોઈ. છેલ્લો શ્લોક વાંચ્યો. પેલું, બીજું, ત્રીજું પાદ ગમ્યું. પણ પંડીતે

"સાપ ખાયને મુખડું થોથું એહ ઉખાણો ન્યાય હો!" કુંથુંજીન... એનો અર્થ ઉપરોક્ત છે.

સર્પની બે જાત ગંધન-અગંધન....! ગંધન સાપ પ્રાયોગિક ઉપાયથી મંત્રથી તે પોતાનું ઝેર પાછું ચૂસવા પ્રયત્ન કરે. પણ વમેળું ઝેર ચૂસવા તૈયાર જ ન થાય તે અગંધન કુલના....!

એક હજામ ૧૯૫૬-૧૯૫૭માં ચલાણામાં ૧૦૦૦ દરબારને ત્યાં દૂધ પહોંચાડવાનું કામ કરતો હતો. દરબારને ત્યાં મહેમાન હોવાથી વહેલો ૩-૩ા વાગે ઉઠી રાત્રિના સમયે ત્યાં જઈ દૂધ માંગ્યું. તેની સ્ત્રીએ કહ્યું થોડી વાર રહો. તે હજામ જાજરૂ ગયો સર્પ ઉપર આવ્યો. કરડ્યો... બૂમ પાડી ભરવાડો આવ્યા, એમણે ભૂવો બોલાવ્યો, સવારે દરબાર આવ્યા. "મારા કારણે એ મરે નહીં. કોઈપણ ઉપાયે બચાવવો." ભુવાઓએ તૈયારી કરી. પણ કાલોતરો સાપ હોવાથી ન ઉતર્યો. ૭ માઈલ દુર સાંઢડી મોકલી. પૂજારીને લાવ્યા તે કહે કાલોતરો સર્પ ન ઉતરે. વિધિ કરી ચારે દિશામાં કાંકરી નાંખી. જે દિશામાં કરડ્યો હોય..... ત્યાંથી તે કાંકરી લઈ ફણા ઉપર (પોતાની) લઈને આવે. સર્પ પશ્ચિમમાંથી કાંકરી લઈને આવ્યો. એની શક્તિએ હજામના શરીરમાં પ્રવેશ કર્યો. કહે કે વિના વાંકે મને કરડ્યો છે માટે હું ઝેર નહીં ચુસુ.... પછી પૂજારીએ કપડાના બે કકડા કર્યા અને નાગના બે ટુકડા થયા અને અગ્નિમાં પડી ગયો અને મરી ગયો.

રાજા કહે તારી મંત્ર શક્તિ જબરી છે. જેના કારણે આણે સર્પ જીવન ખતમ કર્યું...!

જવાહર મોહરો પત્થર ઘસીને ડંખ પર મૂક્યોને એણે ઝેર ચૂસ્યું. હજામ બચી ગયો. જવાહર મોહરો સાપના ઝેરમાંથી જ બને એ વિંધ્યાચલ પર્વત વિગેરેમાંથી મળે. ૧૯૫૬માં મુંબઈના કિસ્મત છાપામાં આવેલી આ વાત છે. મંત્રથી ખેંચાયેલ તે સાપ પોતાનું ઝેર ચુસે તે ગંધન સર્પ. મરણ સ્વીકારે પણ સાપ પોતાનું ઝેર ન ચુસે તે

અગંધન સર્પ.

ઉપનય માત્ર અભિમાનથી જ તિર્યંચ પણ પોતાનું ઝેર ન ચૂસે. તો પરમાત્માની આજ્ઞાને જાણનાર એવો હું વમેલા ભોગોને કેમ ઈચ્છું......?

સંયમી આત્માને વિવેક બુદ્ધિનો વિકાસ ન થયો હોય તો મોહના સંપરાય પોષાય જ ને દ્રવ્યની કક્ષામાં સાધુપણું ન ચાલ્યું જાય માટે શ્રી દશવૈકાલિકમાં સાધુજીવનની રૂપરેખા છે. ઉપરોક્ત ઉપાયો છતાં ભોગથી ન વિરમે તો દ્રષ્ટાંતો દ્વારા આત્માને પાછો વાળે. જો કે તિર્યંચ ગતિમાં રહેલા. અગંધન કુલાદિના સર્પની અનુમોદના કરવાની નથી. એની પાછળ તો એને ચારિત્ર મોહનીયનો ઉદય છે. પણ એકદેશીય દ્રષ્ટાંત સમજવાનું છે.

પંચકલ્પ ભાષ્યની ગાથા આ ટીકામાં છે. પૂર્ણસંબંધ મેળવવા માટે આ ગાથા છે.

જ્યારે અરિષ્ટનેમિ ભ. દીક્ષા લીધા પછી એમના જ્યેષ્ઠ બંધુ રહનેમિ મોટા હતા. તીર્થંકર ભ. પછી અન્ય આત્માનો જન્મ ન થાય માટે રહનેમી મોટા હતા. એ પરમાત્માનો અતિશય છે. (યોનિ સંકોચાઈ જવાથી અન્યને જન્મ ન આપે માટે તેઓ મોટા હતા.) કથા વાર્તામાં અનેક મતાંતર હોય છે માટે વિખવાદ ન કરવો. કથા પરંપરામાં એ સંબંધ જુદો છે. રહનેમી રાજીમતીની સેવા કરતા હતા. એમને હતું કે આની સેવા કરવાથી કદાચ તે મોહિત થાય. એકવાર રાજીમતીએ સુંદર રાબ પીધી રહનેમી આવ્યા, મદનફળ-મીંઢળનું ચૂર્ણ ખાધું - વમન કર્યું અને પીવા માટે કહે. રહનેમી કહે આ કેમ પીવાય ? તે કહે કે ના એ ન પીવાય તો - હું મારા સ્વામીને વરેલી છું અને એમની વમેલી છું - હું તમને કેમ ખપું ? રહનેમિ ગુફામાં હતા અને રાજુલ આવ્યા - વિષયમાં પ્રશ્ન ઉઠે કે એવા અંધારામાં ક્યાંથી જોઈ શકાય ? પણ એય અસંગત ન કરાય ?

ચારિત્રવાન હોય તે પાપથી પોતાની જાતને પાછી વાળી શકે તે વિચક્ષણ....!

दर्शन साहचर्येपा बुद्धा - संबुद्धा विदित विषय स्वभावाः

"सम्यग् द्रष्टयः મતાંતર સામાન્યથી બુદ્ધિવાળા તે સંબુદ્ધા.

પંડીત-વમેલા ભોગ ભોગવવાથી કેટલું પાપ લાગે તે સમજનારા.

प्रविचक्षणाः-अर्वधभीरवः ઈચ્છા થઈ છતાં પ્રવૃત્તિ ન કરે તે પુરુષોત્તમઃ અનેક પ્રકારના યોગોથી પોતાની..... જાતને પાછી વાળે. અનાદિના સંબંધથી પીડાય છતાં મોહનીયનો ક્ષયોપશમ કરી પોતાની જાતને પાછી વાળે. કોની જેમ ? રહનેમીની જેમ. રહનેમી પુરુષોત્તમ કેમ ? જેઓ ઢીલા થયા. એ જ ઉત્તમ છે કે જેમને ઈચ્છા થઈ છતાં પ્રવૃત્તિ ન જ કરી. કાયર પુરૂષ તો ઈચ્છા મુજબ પ્રવૃત્તિ કરે જ....!

શ્રુતજ્ઞાન બે પ્રકારે નિયત-અનિયત. દરેક પરમાત્માના શાસનમાં જે શ્રુત હોય તે નિયતશ્રુત......!

દરેક પરમાત્માના શાસનમાં હોય યા ન પણ હોય તે અનિયત શ્રુત....!

જ્ઞાતા ઈત્યાદિ વચનનાં દ્રષ્ટાંતો પયન્ના વિ. અનિયત. પયન્ના હોય જ પણ આ જ હોય તેવું નહીં. જ્ઞાતા ધર્મકથા હોય પણ મેઘકુમારનું દ્રષ્ટાંત જ હોય તેવું નહીં. અન્ય પણ હોય. દશવૈકાલિક નિયત છે. તો રહનેમી હોય એમ શાથી કહેવાય ? તો નવું દ્રષ્ટાંત આ કેમ ઘટે ? એમ વાદી શંકા કરે છે. પૂ. હરિભદ્રસૂરિ મ. કહે છે કે ટીકામાં આ દ્રષ્ટાંત ઘટાડ્યું છે. એ સમયે બીજા કોઈ હોય. "उसन्न" પ્રાયઃ કરીને શ્રી દશવૈકાલિક નિયત છતાં આવા દ્રષ્ટાંતથી અનિયત પ્રાયેઃ હોય. આચારાંગો વિગેરે નિયત અર્થથી અનિયત જ્ઞાતાસૂત્ર તો અર્થથી અનિયત છે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૧૭

ત્રીજું અધ્યયન - ક્ષુલ્લકાચાર અધ્યયન

પ્રથમ અધ્યયનમાં બતાવ્યા મુજબ ધર્મનો.... સ્વીકાર કર્યા પછી ધૃત્તિ-સંયમની-લક્ષની-જાગૃતિની વાત કરવી પણ આ જાગૃતિ શેમાં કરી શકે ? આચારમાં-આચારમાં ધૃતિ કરનાર આત્મા જ પોતાને સંયમમાં સ્થિર કરી શકે. તે જ સંયમી છે કે જે સદાચારમાં (સંયમી રહી શકે) સ્થિર રહી શકે. આ સંબંધી આ અધ્યયનમાં કહ્યું છે.

(૧) ઉપક્રમ (૨) નિક્ષેપ (૩) અનુગમ (૪) નય

આના નિક્ષેપ કહે. (૧) ક્ષુલ્લક (૨) આચાર (૩) કથા આ ત્રણના અંહીં નિક્ષેપ કરે છે. મોટાની અપેક્ષાએ નાનું ક્ષુલ્લક કહેવાય. ક્ષુલ્લક સમજવા માટે મોટું સમજવું પડે. મહાન શબ્દ સમજવા માટેના સ્થાન-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ વિગેરે નિક્ષેપા એના જ પ્રતિપક્ષી-ક્ષુલ્લકના નિક્ષેપા કહેશે.

અનંતકાળમાં પ્રાપ્ત થયેલ એવા મનુષ્ય જીવનમાં પ્રાપ્ત થયેલા ચારિત્રને સફળ ક્યારે બનાવાય ? સુંદર આચાર આ રીતે યુક્ત હોય તો.....! સુંદર આચાર પાળવાની ભાવના હોય ન પળાય તો ડંખ હોય એવા સુંદર આચારો આ ૭૦૦ ગાથાના નાનકડા સૂત્રમાં સુંદર રીતે સંકલના કરી છે.

પ્રથમ અધ્યાયમાં સાધુ ભ્રમર જેવા હોય.... કોઈનો પ્રતિબંધ ન

બનેલ... ભુખ-તૃષા સહન કરે ફળો ખાય છે. ઝુંપડી મળી... રસ્તો શોધી ગામમાં આવ્યો. જંગલના ફળ કડવા મીઠા કસાયેલા હોવા છતાં જીવન ટકાવવાં ખાધા. પણ વિપરીત થવાથી વૈદ્યને બોલાવી દવા લે પણ પરેજી ન પાળવાથી ઉલ્ટીઓ થઈ બીજીવાર વિપરીત થયું. પ્રધાને દેશકાંક્ષા રાજાએ સર્વકાંક્ષા... આથી નુકસાન....!

અન્ય ધર્મની પ્રશંસા દેશકાંક્ષા... કરવાથી મોહનું જોર ન ઘટે. વીતરાગના શાસનની શ્રદ્ધાનું બળ ન ટકે.

(૧) વિચિકિત્સ-ફળેચ્છા (૨) જુગુપ્સા વિચિકિત્સાનું અપભ્રંશ દુગંછા થાય. મતિભ્રમ શંકા થાય કે આ આરાધનાનું ફળ મળશે કે કેમ ?

વિકલ્પ વગેરેનો ઉપાય, ઉપેયને પ્રાપ્ત કરાવે નહીં એવું નહીં ડામાડોળ રહિત સ્થિતિ ઉપેયને પ્રાપ્ત કરાવે જ. શાસન સાચું છે પણ મારા ધર્મનું ફળ મળશે કે કેમ ? આમ ઉપાયમાં શંકા નથી પણ ઉપેયમાં શંકા છે....

દ્રષ્ટાંત-વિદ્યાસાધક સ્મશાનમાંથી ચોરને છોડાવે. કાળી ચૌદશે એક શ્રાવક વિદ્યા સાધે. ત્યારે ચોર આવે અને સીકામાં બાંધી ચારેય બાજુથી પકડી આકાશમાં ઉડે. આમ એ તો નિશ્ચયથી શ્રદ્ધા કરી. આવશ્યકથી આ દ્રષ્ટાંત જાણ્યું.

નગરની કન્યાના લગ્ન એ વખતે ગુરુમહારાજનું આગમન પકવાન વિગેરેનું પડિલાભવું એ વખતે સાધુના અંગની દુર્ગંધ આવી આ કન્યાથી ખમાઈ નહી અને વિચારે કે સાધુ પ્રાસુક પાણીથી પણ શુદ્ધિ કરતાં હોય તો....! આ વખતે અશુભ બંધ અને દુર્ગંધા નારી તરીકે ઉત્પન્ન થઈ !

બાહ્ય શૌચ-શ્રાવકને અમુક વિધિ વિહિત છે. કેમકે ધર્મની મુડીનું તત્ત્વ ઓછું છે. આરંભ-સમારંભ વધુ છે. એને ન્હાવાની વિધિ વિગેરે છે. પણ સાધુને ચોખલીયા વિધિ ન શોભે.-આશ્રવના દ્વારો

બંધ કર્યા છે. વિરતિનો પાવર જોરદાર છે. માટે એને સ્નાનની જરૂર નથી. વિરતિના પરિણામ વધુ છે માટે એને સાધુને બાહ્ય શૌચની જરૂર નથી. આજ્ઞાનું પાલન એ ભાવશુદ્ધિ....! વ્યવહાર સૂત્રના છેદસૂત્રમાં કહ્યું છે કે - અષ્ટ પ્રવચન માતાનું પાલન જિનાજ્ઞાપૂર્વક કરતો હોય ૪૨-બેંતાલીસ દોષ રહિત ગોચરી પાણી... અઢાર હજાર શીલાંગ રથના પાલનપૂર્વક લાવેલ પાણી એક "વર્તુલીકા" એટલે એક કાચલી પાણી મેલ કાઢવા પગનો કાપ કાઢવા ધોવા માટે વાપરે તો અનંત સંસારી થાય.

સો દોષની અપેક્ષાએ એંશી મળે તો ય આરાધક....! ૮૦ ન મળે અને સાંઈઠ મળે તો ય આરાધક ! તે તો શુદ્ધ ન મળે તો ય ૪૦ મળે તોય આરાધક.....! પંચ-પંચ પરિહાણીએ કરે. આ પણ આરાધક છે. ખાસ પાણી ઉકળાવે તો દોષ એંશી ટકા છે. પણ આયંબિલ ખાતાના પાણીમાં તો સો ટકા અશુદ્ધ છે. દોષ છે. અમુક દ્રષ્ટિ બાળ-તપસ્વીના તપ કષ્ટ વિગેરે જોઈને જેની દ્રષ્ટિ મુંઝાઈ નથી ગઈ તે. સ્વરૂપથી ચલાયમાન ન થાય.

અંબડ દ્વારા સુલસાને પરમાત્મા ભવ્ય જીવોના હીત માટે સુખશાતા પૂછાવે. અંબડને થયું કે આ પુણ્યશાળી સુલસા છે. પરિવ્રાજકનો વેશ લઈ ઘેર વહોરવા જાય. પણ સુલસાએ ન વહોરાવ્યું. બહુરૂપો કરે પણ સુલસા ન મુંઝાઈ.

આમ કુતીર્થીકોની પ્રશંસામાં અંજાવું નહીં...

આ ચાર આચાર ગુણી પ્રધાન છે.

હવેના ચાર આચાર ગુણ પ્રધાન છે.

જાઈનું ફૂલ પ્રતીત્ય ક્ષુલ્લક પૂર્વવત્.

અચિત્ત-વન.

મિશ્ર-અનુત્તર વિમાનના દેવતા પલંગમાં સૂતા હોય તે.

ક્ષાયિક ભાવ સૌથી નાનો કેમકે જીવો થોડા હોય તેથી......!

આચારનાં નિક્ષેપા કહે તેમાં લૌકિક દ્રવ્યાચાર છે. એનાથી સંસાર વધે છતાં મર્યાદાપૂર્વક કરવું. નમાવવું તે દ્રવ્યાચાર. આચાર તો કહેવાય ટીકામાં-દ્રવ્યનું પરિણામ થાય તેથી દ્રવ્યાચાર.

મોહનીયના ક્ષયોપશમનો ભાવ અસર જેના હોય તે ભાવાચાર.

દર્શનાચાર આદિ પાંચમાં 'આચાર' જોડી દેવો. દર્શન મોહનીયનાં ક્ષપોપશમરૂપ દર્શન.

ભાવ એટલે ક્ષયોપશમ. એમાં મોહનીયનો ક્ષયોપશમ જાણવો. દર્શનાચારનાં ૮ પ્રકાર એ આચારના ભેદ કે આ આઠ રીતે દર્શનાચાર જાળવી શકાય. સમ્યગ્ દર્શનનું રક્ષણ મોહનીયનો ક્ષયોપશમ દર્શનને વધારવા ટકાવવા આ આઠ ભેદ છે.

૧ શંકા ભેદ - ૨ પ્રકાર દેશશંકા - સર્વ શંકા

દેશશંકા - જીવ દેશે કે કેમ ભવ્યાભવ્ય.

સર્વશંકા - સર્વથા શંકા - આગમ કાલ્પનીક છે.

તર્કથી સાબિત થાય તે હેતુ માધ્યમ. (નિગોદ જીવો એમાં કોઈ હેતુ ન અપાય એ શ્રદ્ધાગમ્ય છે. એમાં હેતુ નથી એમ નથી પણ પ્રકૃષ્ટ જ્ઞાન ગમ્ય છે. સર્વ ભાષાઓ પ્રાકૃતમાથી જ થયેલી છે.

૧. દ્રષ્ટ - ચાલુ વ્યવહારમાં જ અનુકૂળ

૨. ઈષ્ટ - આત્મ કલ્યાણી

૩. અવિરૂદ્ધ - સરળ, હાલ કઠીન છે. એ સંસ્કાર ટકાવવાના પ્રયત્નના અભાવ છે.

દર્શનાચારમાં આચરણ કરે તો સમ્યગ્ દર્શન કહેવાય.... જાણવાની ઉહાપોહ કરવાની શક્તિ હોય છતાં ન જાણે તો તે અંધશ્રદ્ધા કહેવાય. વડીલ બિમાર હોય અને ડોક્ટર પાસે જાય તો અંધશ્રદ્ધા કહેવાય.

સર્વકાંક્ષામાં સર્વધર્મ સારા ગોળ-ખોળ સરખો. વિશ્લેષણ ન કરે.

દેશકાંક્ષામાં અન્યધર્મના કાંઈક એક અનુષ્ઠાનની આકાંક્ષા રાખે તે દેશકાંક્ષામાં ગણાય.

આ વિષયમાં ભાવાચારની વાત ચાલે છે. आ=મર્યાદાપૂર્વક चर=ચાલવું. પણ ભાવ એટલે તીર્થંકર ભગવંતે જે વસ્તુ જેના માટે નિર્દેશ્ય કરી હોય તે પ્રમાણે કરવું જેમકે અનુકૂળ શક્તિ ધરાવતો ઘર.

ભાવાચારથી મોહનીયનો ઘટાડો, દર્શનમોહનીયની વિશુદ્ધિ મોહનીયના ક્ષયોપશમ કરનારા આત્માની શુદ્ધિનો.... ઘટાડો તે ભાવાચાર.

નવી માતા જુનીના અને પોતાના પુત્રોને સરખી રીતે સંભાળે છે તથા સાચવે છે. પરંતુ જુનીના છોકરાને કોઈએ ઈર્ષ્યા બુદ્ધિથી વહેમ ભરાવ્યો છે કે તને તારી આ સાવકી મા બરાબર સાચવતી નથી. એના મનમાં વહેમ ભરાયો સ્કુલે જતાં પૂર્વ આપેલ અડદની રાબડીના કારણે કાળા ફોતરા જોઈને માખીની શંકા રાખી. પીએ તો ખરો પણ બહાર જઈને ઉલટી કરી નાંખે આથી દુર્લભ અને રોગ વાળો થયો. આવી રીતે ખોટી શંકા કરી શંકાથી નુકશાન થયુ અને તેના પુત્રને તેની મા ઉપર વિશ્વાસ હોવાથી એજ અડદની રાબડી પીતા તે રુષ્ટ પુત્ર થયો માટે શંકા ન કરવી.

(નવી માતાના બે પુત્રો-અડદના દાણાના....દ્રષ્ટાંતથી... શંકા ન કરવી.)

રાજા-પ્રધાન જંગલમાં શિકારને માટે ગયા. ઘોડો.. બેકાબુ

હોય... બીજા અધ્યાયમાં સાધુપણાના કારણ કહ્યા છે. જેનાં આધારે સંયમ ટકે.

ધૃતિ-લક્ષની જાગૃતિ. વિચારો આગળ વધવા ન દે. અનાચારના માર્ગે ન જાય તે માટે ધૃતિને કેળવે. ઈચ્છાપૂર્વક-સ્વેચ્છાએ ભોગોનો ત્યાગ કરે. ત્યાગનું લક્ષ ન હોય અને સહેલાઈથી મળતાં ભોગોને ભોગવે કાલે કદાચ ભોગો ન મળે તો ગમે તેમ કરીને પણ મેળવે જ છુટકો, વાસનાના કારણે.

જેમ સર્પ વમેલા ઝેરને ચુસે નહીં તો સાધુ ત્યાગી થયા પછી ચારિત્ર મોહનીયના ઉદયના આધીન કેમ બને ?

**શાસ્ત્રનો અભ્યાસ અને વિવેક બુદ્ધિનો પ્રકાશ અને તત્વજ્ઞાનમાં પોતાના મનને કેળવીને પ્રયત્ન કરે.**

આ ત્રીજા અધ્યયનમાં ૫૨ (બાવન) વસ્તુનો ત્યાગ કરવા બતાવે છે. એથી વાસનાનું જોર ઘટે. એથી પાંચ મહાવ્રત આવે. એથી વાસનાનું જોર ઘટે. એથી પાંચ મહાવ્રત આવે. જેમ અનાજ વાવવા પહેલાં ખેડૂતો ખેતર સાફ કરે. તેમ વિકારી વાસનાનો ત્યાગ કરવા માટે બાવન ચીજનો ત્યાગ કરવો. અન્યથા પાંચ મહાવ્રતાદિ નિષ્ફળ જતાં વાર ન લાગે.

ક્ષુલ્લક આચાર અને કથાના નિક્ષેપા નિશ્ચે કરીને સ્થાપના કરવું તે નિક્ષેપ. મહત્‌ના ૮-આંઠ નિક્ષેપ કહે. નાનું સાપેક્ષ છે નાનું સમજે તો મોટું સમજતા વાર ન લાગે. અહીં મહત્‌ ના નિક્ષેપા કરે.

નામ મહત્‌ - કોઈનું નામ.

સ્થાપના મહત્‌ - મોટું - એની કોઈ સ્થાપના.

દ્રવ્ય મહત્‌ - અનંત પ્રદેશી - અચિત્ત મહાસ્કંધ-વૈતાઢ્ય-મેરુ હિમવંત વિ. ના નિષ્કટકમાં છે.

જ્યાં કોઈની અસર ન થાય તેમાંથી પુદ્‌ગલના ફુવારાનો સમૂહ

ઊડે. એ કેવળી સમુદ્ઘાતની જેમ હોય. ૮ સમયમાંથી ૪ સમયમાં આ કરે. અને ૪ સમયમાં આ લોકવ્યાપી બને. જ્યાં મનુષ્યની અવર-જવર ન હોય ત્યાં આ અચિત્ત મહાસ્કંધ હોય.

ક્ષેત્ર મહત્ - લોકાલોક એનાથી મોટું કોઈ ક્ષેત્ર નહીં.

કાળ મહત્ - અનાગત વિ. ત્રણેય કાળ એવાથી મોટું કોઈ કાળ નહીં.

પ્રધાન મહત્ - ત્રણ પ્રકારે સચિત્ત - અચિત્ત - મિશ્ર.

દ્વિપદમાં સૌથી મોટા કોણ ? તીર્થંકર ભગવંત.....!

ચતુષ્પદમાં સૌથી મોટું કોણ ? હાથી.

અપદમાં ? વનસ્પતિ-ફણસ

અચિત્તમાં ? વૈડુર્ય રત્ન.

મિશ્રમાં તીર્થંકર પ્રભુ વૈડુર્ય રત્નથી ભૂષિત હોય તે જાણવું...

પ્રતીત્ય મહત્ - અપેક્ષીત્ આંબળા એથી કોઠું એથી શ્રીફળ.

ભાવ મહત્ -ક્ષાયિક ભાવ કારણ કે મોક્ષનું અનંતરા-ભાવ કારણ ક્ષાયિક ભાવ છે.

ભાવમાં કાળથી આશ્રયથી મહત્ શું ? પરિણામ ભાવ !

ભાવ મહત્ આશ્રયથી મહત્ શું ? ઔદયિક ભાવ !

ઘણા જીવો સંસારી જીવોને ઔદયિક ભાવ છે.

આ મહત્થી વિરોધી ૮ ક્ષુલ્લકનાં સમજવા. ક્ષુલ્લક નપુંસક છે.

કાળનાં સ્થાન સરળ છે.

દ્રવ્ય તે ક્ષુલ્લક કર્મધારય સમાસ.

પ્રધાન ક્ષુલ્લકમાં ૩ સચિત્ત-અચિત્ત-મિશ્ર.

સચિત્ત-ચતુષ્પદમાં સિંહ-દ્વિપદમાં-અનુત્તર દેવ-અપદમાં-નાનું

# શ્રી દશવૈકાલિક વાચના - ૧૮

હવે ગુણો બતાવે.....! ગુણપ્રધાન બતાવે. **કોઈના થોડા પણ ગુણોની અનુમોદના કરી એનો ઉલ્લાસ વધારે....!** સમાનધર્મી તે સધર્મી... કોઈ ધર્મમાં ઢીલા થયા હોય સીદાતા હોય તેને સ્થિર કરવો.... તે સ્થિરીકરણ.

રાજગૃહીમાં શ્રેણિકની પ્રશંસા સૌધર્મેન્દ્રે કરી. તેમાંથી તેની અસર એક દેવને થઈ. ગર્ભવતી સાધ્વીનું રૂપ...! પ્રસૂતિકર્મ પોતે શ્રેણિક કરે. કેમકે નોકર પાસે કરાવે તો તો નિંદા થાય. આમ એણે ઉપબૃંહણા કરી પણ ઉતારી તો પાડ્યા. (**अनिमीष=માછલા**) આર્ય આષાઢા મુનિ કાળ કરતાં... સાધુને સૂચન કરે કે તમારે મને દેવમાંથી આવી પ્રતિબોધ કરવો. પણ કોઈ આવતા નથી. એથી દેવલોક છે કે કેમ ? એ શંકા... એથી પ્રવૃત્તિમાં અસ્થિરતા આવી.....! છેલ્લા સાધુને ખાસ કહે છે કે - ભાઈ...! તું આવજે ! આની પ્રવૃત્તિમાં અસ્થિર થવાથી બીજા સાધુ શ્રદ્ધાથી ચલિત થાય છે. દેવરૂપે આવે.. નાટક બતાવે.... **વાત્સલ્ય - એટલે દુઃખમાં ઉપકાર કરે એ નહીં પણ પ્રેમ-પ્રીતિપૂર્વક વૈયાવચ્ચ કરે.**

વજસ્વામીનું ઉદાહરણ દુર્ભિક્ષમાં વાત્સલ્ય ભક્તિ કરી સંઘના વિઘ્નનું નિવારણ કર્યું. વિગેરે વજસ્વામીનું દ્રષ્ટાંત બૌદ્ધરાજાને પ્રતિબોધવા હુતાસન અગ્નિશિખ નામના બગીચામાંથી સુક્ષ્મકાયી એટલે ફુલો લાવી ભક્તિ કરી. એ પ્રમાણે સાધુઓએ સુહુમકાયી=ફુલ

સર્વ પ્રયત્નથી શાસન પ્રભાવના કરી. કુલો દેવો લઈને આવેલ. પ્રભાવના એટલે શું.....? 'ભૂ' ધાતુ સત્તાવસ્થામાં છે. ત્રણે કાળમાં ટકી રહેવું.. ષટ્દ્રવ્યનું જાણવું. જગતના પંચાસ્તિકાયની વિરાધના જેના હૃદયમાં ટકી રહે તે જેનાથી પ્રભાવક. સાધુ એટલે છ જીવ નિકાયના રક્ષક. એની ભાવના સામાના હૈયે થાય. ઝુકી પડે. રથયાત્રા અદ્ભુત પ્રભાવનાનું સાધન છે. ત્રીજા ભવનું વર્ણન.... શાસન સ્થાપના વિ. નું ચિંતન કરીએ તો પરમાત્મા પ્રત્યે ભાવ ઉત્પન્ન થાય.

વિશેષે કરીને સંસારની અસારતાને જાણે. છ જીવ નિકાયનો ત્યાગ કરવા યોગ્ય છે. આવી હૈયામાં પ્રભાવના થાય.

શાસનનો અર્થ - શાસ્ ધાતુ - અનુશાસન, કાબુ લેવાના અર્થમાં છે. **જેના દ્વારા વિષય-વાસના કાબુમાં લેવાય તે શાસન.** આત્માને અહિત કરનાર તત્વ કાબુંમાં રહે તે શાસન ! અહંકાર, મિથ્યા, રાગ, દ્વેષ તે બાહ્ય-અભ્યંતર ડાકુ અને દુષ્ટ માણસોને કામવા-ડામવા તે બાહ્ય શાસન ! એ શાસન.... આજ્ઞારૂપ છે.

**પ્રવચન એ આજ્ઞા છે. આશ્રવ હેય છે. સંવર ઉપાદેય છે. શાસન એટલે આજ્ઞા. આજ્ઞાના બંધારણ.... ઉપર જે ધર્મ તે શાસન.** ત્રિકાલાબાધિત પદાર્થોની સત્તા ઉત્પન્ન થાય તે પ્રભાવના. એનું મહત્ત્વ સમજાય તે ભાવના. એને સ્પષ્ટ કરવા માટે શાસન શબ્દ છે.

આશ્રવ સર્વથા હેય, ઉપાદેય=સંવર. તે આજ્ઞા આકાલ છે. આશ્રવ સર્વથા હેય પણ સર્વથા ઉપાદેય સંવર નથી. ચોથેથી પાંચમે આવે તો પ્રવૃત્તિ જુદી. ઉપાદેય છતાં આગળ વધે ત્યારે તે-તે ક્રિયા છોડે....! સંવરમાં ફેરફાર થાય છે સાપેક્ષ રીતે. ઉપાદેય પણ ક્યાં સુધી ? જે આશ્રય છોડવો છે એ છુટી જાય, પછી એ ઉપાદેયને પણ છોડી દે.

સ્વર અને છંદથી વધતા હોવાથી વર્ધમાન સ્તુતિ કહેવાય છે.

પુરુષને "નમોડસ્તુ" હોય અને સાધ્વીને સંસાર દાવા હોય. પહેલી સ્તુતિ કરતાં બીજીમાં સ્વર-છંદ વધે છે. બીજી કરતાં ત્રીજીમાં વધારે હોય છે. માટે વર્ધમાન સ્તુતિ કહેવાય છે.

**प्र + व्रज् ધાતુ પ્રકર્ષે કરીને લોકોત્તર માર્ગે જવું તે પ્રવ્રજ્યા.**

પખ્ખીસૂત્ર વાણી 'कढमि' હું સ્મૃતિમાંથી પખ્ખીસૂત્ર વાણી ખેંચું છું.

**સ્વરૂપહિંસા એ ભાવહિંસા છે.** પરમાત્માએ ક્યાંય આજ્ઞા આપી નથી. **સંપૂર્ણ શાસનનો આધાર આજ્ઞા પર છે.** બીજાના જીવનમાં પણ આજ્ઞાની છાપ પડે એ માટે આજ્ઞાનું પાલન કરવું. આજ્ઞાનું પાલન પ્રેક્ટીકલ ઉતરે તો અસર થાય. જેમ માણસ મરી જાય તો એની સ્મશાન યાત્રામાં લોકો કેવા ગમગીન બની જાય છે. ભલે પછી સ્મશાનીયો વૈરાગ્ય હોય. પણ ત્યારે તો બધા ગમગીન બની જાય છે. તેમ પ્રેક્ટીકલમાં હોય તો અસર થાય જ.....!

**સ્વકલ્યાણની મર્યાદામાં સ્થિર થવું પછી પરકલ્યાણ તો આપોઆપ થશે જ...!** પ્રથમના ચાર ગુણીપ્રધાન કેમ....? શંકા વિનાનો વ્યક્તિ છે. એમાં અભેદ બતાવવા માટે ગુણ-ગુણી બીજા ચાર વચ્ચે એકાંત અભેદ છે. ભેદ બતાવવા એકાંત અભેદ માને તો સમ્યગ્દર્શનની અસર ન થાય. એકાંત ભેદ માને તો ગુણનો નાશ થાય.

દર્શનાચારમાં છેલ્લે પ્રવચન પ્રભાવના છે. પ્રકર્ષ-વચન=પ્રવચન. ક્ષાયિકભાવની ભૂમિકા ઉપર પરમાત્માએ જે વાણી કહી તે તેને ગણધર ભગવંત ગુંથે. પ્રકર્ષવાણી તો પ્રભુની જ કહેવાય.

દેવલોકમાં માત્ર દેવતાની સ્થિતિનાં જ વર્ણ નિયુક્ત ગ્રંથો હોય.

**દર્શનાચાર પ્રવચન-પ્રભાવનાથી જિનનામકર્મ બંધાય છે.**

પ્રવચન=પ્રભુની વાણી.

પ્રવચન=સંઘ.

પ્રવચન=દ્વાદશાંગી.

પ્રવચન=શાસન.

પ્રવચન=આજ્ઞા

શાસનની પ્રભાવના મહત્ત્વની છે. એથી લોકો શાસનના રસીયા બને. અને એથી જિનનામકર્મ બાંધી આઠ પ્રભાવક અતીશયી, લબ્ધીધારી, ૮ (વસ્ત્રોસ્ત્રરી, ઝાડો-પેશાબ પણ પ્રાપ્તિ) ચક્રવર્તી દીક્ષા લે તે પણ પ્રભાવક. ધર્મકથીક, ક્ષયક, નિમિત્તક, શાસનનું સંચાલન કરવાની સફળ શક્તિ હોય તે. આચાર્ય પ્રભાવક. **જગતના આત્માને ધર્મ તરફ વાળવા જે કાર્ય કરે તે પ્રભાવક.** પોતાના રાગી કરવા દોરા-ધાગા કરે તે પ્રભાવક નહીં.

અંગુલના ત્રણ પ્રકાર - આત્માંગુલ (સૂચી) , ઉત્સેધાંગુલ (પ્રતર), પ્રમાણાંગુલ.... તેમાં જે કાળે જે ઉત્તમ મનુષ્યો હોય તેના પોતાનાં અગુંલ તે આત્માગુણ. આ ઉપરથી કાળની ભિન્નતાને લઈને આત્માંગુલની ભિન્નતા સમજી શકાય છે. પરંતુ પ્રજ્ઞાપના સૂત્રની વૃત્તિમાં તો જે કાળમાં જે મનુષ્ય હોય તેની ઊંચાઈનો એકસો આઠમો ભાગ ને આત્માંગુલ કહેવાય અને તે અનિયમિત છે. (ભરતચક્રીનો આત્માંગુલ તે પ્રમાણાંગુલ પ્રમાણ છે.) ૪૦૦ ઉત્સેધાંગુલનો ૧ સૂચિ પ્રમાણાંગુલ થાય. વાવ, કૂવા, તળાવ, નગર, દુર્ગધર, વસ્ત્ર, પાત્ર, આભૂષણ, શય્યા, શસ્ત્ર વિગેરે..... કૃત્રિમ પદાર્થો પ્રમાણાંગુલ વડે મપાય છે. અને જીવોનાં શરીર ઉત્સેધાંગુલથી મપાય છે.

ઉત્સેધાંગુલ-શાસ્ત્રકારે-પરમાણુના ૧ સૂક્ષ્મ (નૈશ્ચયીક) વ્યવહારીક એમ બે પ્રકારે કહ્યા.

વ્યવહાર પરમાણુ નિશ્ચય નય પ્રમાણે પરમાણુ કહેવાય નહી.

કેમ કે તે અનંત સૂક્ષ્મ પરમાણુ મળવાથી થયેલ છે બનેલો છે. એટલે તેને સ્કંધ કહેવાય. પણ ગણત્રી કરવામાં આ વ્યવહાર પરમાણુ કામ લાગે. આ પરમાણુના શસ્ત્ર વડે બે ભાગ થઈ શકતા નથી. બે ભાગ થઈ શકતા ન હોવાથી અગ્નિ વડે બળી શકે નહીં. છિદ્ર પડે નહીં. તેમ હોવાથી વ્યવહાર નય તેને પરમાણુ ગણે છે. આવા અનંત પરમાણુ એકઠા મળવાથી એક ઉત્ત =

શ્લક્ષણ શ્લક્ષણિકા થાય. ૮ ઉત-શ્લક્ષણ-શ્લણિકા મળીને ૧ શ્લક્ષણ શ્લક્ષણિકા થાય.

૮ શ્લક્ષણ શ્લક્ષણિકા મળીને ૧ ઉર્ધ્વરેણુ થાય. ૮ ઉર્ધ્વરેણુનો ૧ ત્રસરેણુ થાય.

૮ ત્રસરેણુનો ૧ રથેરેણુ થાય. ૮ રથરેણુનો ૧ દેવકુરુ-ઉત્તરકુરુના મનુષ્યનો કેશાગ્ર થાય.'

૮ કેશાગ્ર મળી હરિવર્ષ-રમ્યક્ ક્ષેત્રના મનુષ્યનો કેશાગ્ર થાય. આવા ૮ કેશાગ્રો મળી પૂર્વ-પશ્ચિમ મહાવિદેહ વાસી મનુષ્યનો કેશાગ્ર થાય. આવા ૮ કેશાગ્રો મળી ભરત-ઐરાવતના મનુષ્યનો કેશાગ્ર થાય. આવા ૮ કેશાગ્રથી એક લીખ થાય. ૮ લીખ મળી એક 'જુ' થાય. ૮ 'જુ' મળી એક 'યવ' નો મધ્યભાગ થાય. આવા ૮ મધ્યભાગ મળી એક ઉત્સેધાંગુલ થાય.

૧૨ પર્ષદાઓમાંથી સાધુઓ ઉત્કટીક આસને બેસે. ત્યારે સાધ્વીઓ અને વૈમાનિક દેવીઓ ઉભા રહીને અને બાકીની નવ પર્ષદા બેઠાં-બેઠાં પ્રભુની દેશનાનું શ્રવણ કરે છે. સમવસરણ પ્રકરણ વૃત્તિમાં ચારે પ્રકારની દેવીઓ અને સાધ્વીઓએ પાંચ પર્ષદા ઉભા રહીને પ્રભુની દેશનાનું શ્રવણ કરે છે. બાકીની સાત પર્ષદા બેઠા-બેઠા સાંભળે.

ધનુષ્ય કોષનું માપ આત્માંગુલથી, અરિહંતના દેહનું માપ

ઉત્સેધાંગુલથી જાણવું.

**મંત્ર સાધનાની સિદ્ધ થાય.**

**વિદ્યા એમને એમ સિદ્ધ થાય.**

અધિષ્ઠાયક દેવ હોય તો મંત્ર. જેની દેવી હોય તે વિદ્યા.

**સમવસરણનું સ્વરૂપ**

જ્યાં પરમાત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યાં દેવતાઓ સમવસરણ રચે છે. ત્યાં પ્રથમ વાયુકાયના દેવો સમવસરણને માટે ૧ યોજન પર્યંત પૃથ્વીનું માર્જન કરે છે. મેઘકુમાર દેવો સુગંધી જળની વૃષ્ટિ કરે છે. અને ૧ યોજન ભૂમિમાં સિંચન કરે છે. પછી વાણ વ્યંતર દેવો સુવર્ણ-માણિક્ય-રત્નો વડે ભૂમિતલ બાંધે છે. તેના ઉપર વ્યંતર દેવો અધોમુખ ડીંટવાળા સવળા પચરંગી અને સુવાસિત પુષ્પો વેરે છે. અને ચારે દિશામાં રત્ન-સુવર્ણ-માણિક્યના તોરણો બાંધે છે.

ત્રણ ગઢ :- ઉપર ભૂમીતલ ઉપર ત્રણ વર્તુળાકાર વપ્રો યાને ગઢો બનાવવામાં આવે છે. તેમાં સૌથી બહારનો ગઢ રૂપાનો તેની ઉપર સુવર્ણમય વિશાળ કાયોશીર્ષક-કાંગરા બનાવવામાં આવે છે. આ ભવનપતિઓનું કાર્ય છે. સમવસરણમાં આવતાં દરેકનાં વાહનો આ ગઢમાં રહે છે. જેમ જમીનથી પીઠ બંધ-(ભૂમિ-તળ) ઉપર આવવાને માટે દશ હજાર પગથિયા ચડવા પડે છે. દરેક પગથિયું એક હાથ પહોળું અને દરવાજાની પહોળાઈ જેટલું લાંબુ અને એક-એકથી એકેક હાથ ઊંચું છે. ત્યારબાદ ૫૦ ધનુષ્ય જેટલું સમતલ ચાલવું પડે છે.

૨૪ આંગળ = ૧ હાથ, ૪ હાથ = ૧ ધનુષ્ય

૨૦૦૦ ધનુષ્ય = ૧ કોસ, ૪ કોસ = ૧ યોજન

તેમ આ ગઢથી આ પછીના ગઢમાં જવા માટે પણ ૫ હજાર પગથિયા ચડવા પડે છે ત્યારપછી ૫૦ ધનુષ્ય પ્રમાણ અંતર કાપવું પડે છે.

આ બીજા યાને મધ્યગઢની રચના જ્યોતિષ્કો કરે છે. અને તે સુવર્ણમય હોય છે. અને તેના ઉપર રત્નના કાંગરા હોય છે. આ જાણે... અસુરોને અબળાઓને પોતાનું મુખ જોવાને માટે રત્નમય આદર્શો ન હોય તેમ શોભે છે. વિશેષમાં આ ગઢના ઈશાન ખુણામાં દેવચ્છંદ રચવામાં આવે છે. અને તેમાં દેશના આપ્યા પછી પરમાત્માં ત્યાં વિશ્રામ લે છે. વળી ભગવંતની દેશના સાંભળવા આવેલા તિર્યંચો આ ગઢમાં બેસે છે.

આ ગઢ પછી અંદરનો ત્રીજો ગઢ રત્નમય આવે છે. ત્યાં જવા માટે ૫૦૦ પગથિયા ચડવા પડે છે. આ રત્નમય ગઢ વિમાનપતિઓની કૃતિ છે. અને તેને વિવિધ જાતનાં મણિઓનાં કાંગરાઓથી વિભૂષિત કરવામાં આવે છે. આથી કરીને તો ગગનમંડલ જાણે રંગબેરંગી વસ્ત્રોવાળું હોય તેવો દેખાવ થઈ રહ્યો છે. વિશેષમાં આ ગોળાકાર અભ્યંતર ગઢના મધ્યબિન્દુથી આ ગઢની અંદર દિવાલનું અંતર ૧૩૦૦ ધનુષ્ય પ્રમાણ છે. આ પ્રમાણે દરેક ગઢ એક-એકથી ઊંચો છે.

અને એકંદર રીતે ત્રીજા ગઢની ભૂમિ તો જમીનથી ૧૦૦૦૦ + ૫૦૦૦ + ૫૦૦૦ = ૨૦૦૦૦ હાથ જેટલી એટલે કે અઢી કોશ. આ ગઢની કેટલી ઊંચાઈ છે તે જાણવામાં નથી આવ્યું. પરંતુ બીજા બે ગઢની જેમ ૫૦૦૦ હાથ જેટલી તો તેની ઊંચાઈ હશે. એમ લાગે છે આ અભ્યંતર ગઢમાંના મધ્યભાગમાં રચેલા સિંહાસન ઉપર બેસીને તીર્થંકરો દેશના આપે છે. અને મનુષ્યોને દેવો ત્યાં રહીને દેશના શ્રવણ કરે છે.

વર્તુળાકાર સમવસરણનો વિષ્કંભ એક યોજન છે. કેમકે અભ્યંતર ગઢની અંદર દિવાલ સમવસરણનાં મધ્યબિંદુથી ૧૩૦૦ ધનુષ્ય જેટલી દૂર છે. આ દિવાલ ૩૩ ધનુષ્ય અને ૩૨ આંગુલ અર્થાત્ ૩૩ ૧/૩ ધનુષ્ય જેટલી બાકી છે. આ દિવાલથી બીજા ગઢની દિવાલની વચ્ચે ૧૩૦૦ ધનુષ્ય અંતર છે.

આમ કહેવાનું કારણ એ છે કે એક ગઢથી બીજા ગઢ ઉપર એક-એક હાથ પહોળી આવાં ૫૦૦૦ પગથિયા ચડયા બાદ ૫૦ ધનુષ્ય ચાલ્યા પછી જઈ શકાય છે. વળી ૫૦૦૦ પગથિયાની ૫ હજાર હાથ-યાને ૧૨૫૦ ધનુષ્ય છે. આથી તેમાં ૫૦ ધનુષ્ય ઉમેરતાં ૧૩૦૦ ધનુષ્ય થાય છે. વળી આ ગઢની દિવાલ પણ ૩૩ ૧/૩ ધનુષ્ય જેટલી બાકી છે. આ દિવાલને અને સૌથી બહારના ગઢની દિવાલ વચ્ચે ૧૩૦૦ ધનુષ્ય અંતર છે. આ છેવટના ગઢની દિવાલ પણ ૩૩૧/૩ ધનુષ્ય બાકી છે એટલે સમવસરણનાં મધ્યબિંદુથી સૌથી બહારના ગઢની ૩ બહારની દિવાલનું અંતર ૧૩૦૦+૩૩૧/૩+૧૩૦૦+૩૩૧/૩+૧૩૦૦+૩૩૧/૩=૪૦૦૦ ધનુષ્ય જેટલું છે. એટલે ગોળ સમવસરણની ત્રિજ્યા અડધા યોજનની છે. એથી કરીને તેનો વિષ્કંભ એક યોજન કહેવો. વ્યાજબી છે.

ચતુષ્કોણાકાર સમવસરણ અત્રે એ ઉમેરવું આવશ્યક નહીં ગણાય કે વર્તુળાકાર સમવસરણની જેમ ચતુરસ્ર સમવસરણ પણ હોય છે. આવા સમવસરણના દરેક ગઢની દિવાલ ૧૦૦ ધનુષ્ય પ્રમાણ જાડી હોય છે. સૌથી બહારના ગઢની અંદરની દિવાલ અને મધ્ય ગઢની બહારની દિવાલ વચ્ચે ૧૦૦૦ ધનુષ્ય પ્રમાણનું અંતર છે. જ્યારે મધ્યગઢની અંદરની દિવાલ અને અભ્યંતર ગઢની બહારની દિવાલ વચ્ચે ૧૫૦૦ ધનુષ્યનું અંતર છે. અંદરના ગઢની ચારે દિવાલો સમવસરણનાં મધ્યબિંદુથી ૧૩૦૦ ધનુષ્યને અંતરે આવેલી છે. આથી કરીને સમવસરણ ૧ યોજન લાંબુ અને ૧ યોજન પહોળું છે. પરંતુ એ ધ્યાનમાં રાખવું કે આ ગણત્રીમાં સૌથી બહારના ગઢની દિવાલની જાડાઈ ગણવામાં આવી નથી. ૧૦૦૦ + ૧૦૦ +૧૫૦૦ +૧૦૦ + ૧૩૦૦ + ૧૦૦ + ૧૫૦૦+૧૦૦ + ૧૦૦૦ + ૬૦૦૦ ધનુષ્યો =૧ યોજન. વિશેષમાં ચતુષ્કોણાકારે સમવસરણમાં દરેક ખુણે બબ્બે વાવડીઓ હોય છે. જ્યારે વર્તુળાકાર સમવસરણમાં એક-એક હોય છે.

જ્યાં જવા માટે કેડી હોય જ નહીં. તે અટવી જ ગિરિરાજનાં મોટા ૧૬ ઉદ્ધારોમાંથી પ્રથમ ઉદ્ધાર ભરતે કરાવ્યો હતો. ત્યાં અહીં કાંઈ ન હતું. યુગલીયા કાળમાં તેમજ છઠ્ઠા આરામાં ભગવંતના પ્રતિમાજી દેવતા દેવલોકમાં લઈ જાય.

દરેક ગઢને એક-એક દિશામાં એક-એક એમ ચાર દ્વારો હોય છે. તે જાણે ચતુર્વિધ સંઘને ક્રીડા કરવાના ગોખ ન હોય તેમ ભાસે છે. દરેક દ્વારે ચાર-ચાર દ્વારવાળી તેમજ સુવર્ણનાં કમળવાળી વાપિકા ઉપરાંત દરેક દ્વારે તોરણો અને વાવટાઓથી વિભૂષિત કરવામાં આવે છે. અને તેની નીચે અષ્ટમંગલો વિશેષમાં વ્યંતરો ધૂપના પાત્રો પણ મુકે છે. આ ઉપરાંત દરેક દ્વાર ઉપર અનુપમ કાંતિવાળું સ્ફટીક રત્નનું એક-એક ધર્મચક્ર સુવર્ણના કમળમાં રાખવામાં આવે છે. સૌથી અંદરના ગઢના દરેક દ્વારમાં દ્વારપાળો હોય છે. જેમકે પૂર્વ દ્વારમાં વૈમાનિકો, દક્ષિણમાં બે વ્યંતરો.... પશ્ચિમમમાં બે જ્યોતિષ્કો, ઉત્તરમાં બે ભવનપતિ હોય છે. મધ્ય ગઢના દ્વાર આગળ અનુક્રમે અભય પાશ, અંકુશ અને મુદ્‌ગરને ધારણ કરનારી જયા વિજયા અજિતા-અપરાજિતા બે-બે પ્રતિહાર તરીકે ઉભી રહે છે. બહારના ગઢના દ્વાર આગળ, દરેક દ્વાર આગળ દરેક દ્વારે એક-એક તુંબરું-ખટવાંગધારી, મનુષ્ય મસ્તક માલાધારી અને જટામુકુટ મંડિત એ નામે ચાર દ્વારપાળ તરીકે હાજર રહે છે.

આમાં મતાંતર સેનપ્રશ્ન શાંતિનાથ ચરિત્ર-હૈમવીર-ચરિત્રમાં જુઓ ૨૦૦ ધનુષ્ય જેટલી લંબાઈ તેમજ પહોળાઈવાળા અને તીર્થંકરના દેહની જેટલી ઊંચાઈવાળા એવા ત્રણ-ત્રણ પગથિયાવાળા-ચાર દ્વારવાળા તેમજ સમવસરણની બરાબર મધ્યમાં વ્યંતરે રચેલા મણિપીઠનાં ઉપર અશોકવૃક્ષ રચવામાં આવે છે. આની ઉંચાઈ જિનેશ્વર ભ. ના દેહ કરતાં બાર ગણી ઉપરનો ઘેરાવો ૧ યોજનથી કાંઈક અધીકી હોય છે. વળી આ અશોકવૃક્ષનાં ઉપર ચૈત્યવૃક્ષ હોય છે. જે વૃક્ષ નીચે તીર્થંકરને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય તે ચૈત્યવૃક્ષ

કહેવાય.....!

સમવસરણના પૂર્વ દ્વારથી પ્રવેશ કરીને તીર્થંકર ભગવંત આ ચૈત્યવૃક્ષની પ્રદક્ષિણા કરે છે. નમો તિત્થસ્સ કરીને પૂર્વ સિંહાસન ઉપર આરૂઢ થાય છે.

| | |
|---|---|
| પૂર્વમાં ધર્મધ્વજ<br>પશ્ચિમમાં મીનધ્વજ<br>ઉત્તરમાં ગજધ્વજ<br>દક્ષિણમાં સિંહધ્વજ | આ પ્રત્યેક ધ્વજાના દંડ<br>૧૦૦૦ યોજન<br>ઊંચા હોય છે. |

પર્ષદા :- દેવ-મનુષ્યનાં ૧૨ વિભાગ પડે. તિર્યંચો પણ આવે પણ તેઓ બહારના ગઢમાં બેસે. ગણધરો પ્રમુખ સાધુ - વૈમાનિક - દેવી - સાધ્વી - જ્યોતિષી - દેવી - વ્યંતર દેવી - ભુવનપતિ દેવી - જ્યોતિષી દેવોની - વ્યંતરદેવોની - ભુવનપતિ દેવો - વૈમાનિક દેવો અને નર અને નારી એ ત્રણ પર્ષદાઓ પૂર્વ બાજુથી પ્રવેશ કરી અગ્નિકોણમાં ભવનપતિ - વ્યંતર - જ્યોતિષીની ત્રણ નિકાયની દેવીઓ દક્ષિણ બાજુથી દાખલ થઈ, નૈઋત્ય કોણમાં ભવનપતિ - વ્યંતર - જ્યોતિષી - દેવો પશ્ચિમ તરફથી આવી વાયવ્ય કોણમાં અને ઈન્દ્ર પ્રમુખ વૈમાનિક - દેવો નૃપતિ પ્રમુખ, મનુષ્ય સ્ત્રીવર્ગ ઉત્તરથી આવી ઈશાન કોણમાં ઉપસ્થિત થાય છે. એકેકી દિશામાં ૩-૩ સંનિવિષ્ટ હોય. પ્રથમ અને અંતિમ દિશામાં સ્ત્રી-પુરુષ બંને હોય. બાકીના બે દિશામાં અનુક્રમે સ્ત્રી-વર્ગ અને પુરુષવર્ગ હોય છે.

**સમવસરણનું સ્વરૂપ સમાપ્ત**

મુરુન્ડ રાજા એને જૈન સાદુ ગંદા છે એમ કહ્યું. અને એના પ્રત્યે ભારે અપ્રીતિ થઈ. એકવાર એને ભયંકર માથાનો દુખાવો થાય. રાજાને પ્રતિબોધ કરવા શ્રાવકો આવે. અને શ્રાવકોને જોઈ નાક મચકોડ્યું પણ પ્રતિબોધ કરવો હતો માટે મહારાજનો (ઉપદેશ)

પ્રભાવ કહેવા જાય. મહારાજ ઉપાશ્રયમાં રહ્યા. ગોઠણ પર ત્રણ વાર હાથ ફેરવતાં તે રાજા નિરોગી થયો. એ ધર્મરાગી થાય. આમ **કપુરાચાર્યે** શાસન પ્રભાવના કરી.

દાન શ્રાદ્ધ અને જ્યારે જે સાધુને જેની જરૂર હોય તે પુરૂં પાડે તે શ્રાવક **દાન શ્રાદ્ધ** કહેવાય. પણ ભાવમાં ફેર ન પડે.

પ્ર. વાદિ કહે શાસન તો **સ્વતઃ પ્રકાશક** છે. પછી પ્રભાવનાની જરૂર શું ?

જવાબ : એમાં ક્યાંય અંતરાય આવે તો દૂર કરવા આમ અહીં પ્રભાવના સિંહકારી કારણ છે. જગતના જીવોને શાસન ઓળખાવવા માટે પણ **પ્રભાવના** છે.

પ્રભાવના એટલે શું ?

પ્રભાવના=ભૂ=સત્તા, ત્રણ કાળમાં ટકવું, ષટ્દ્રવ્યનું હૈયામાં સ્થિર થાય તે ભાવના. તે પ્રકર્ષે અન્યમાં સ્થિર કરવું તે પ્રભાવના. સાધુ છ કાયની જયણા પાળે છે; દયાળુ છે આદિ દ્વારા છ કાયની શ્રદ્ધા તેમજ શાસન લોકોના હૈયામાં વસે. એના દ્વારા આત્માઓ સર્વવિરતિ-દેશવિરતિ તરફ વળે તે પ્રભાવના. પ્રભુના ગુણો સાંભળી ગુણી પ્રભુ પ્રત્યે બહુમાન કરાવવું તે **પ્રભાવના.**

શાસન એટલે આજ્ઞા.......! નંદીસૂત્રમાં કહ્યું છે કે આજ્ઞા મહત્ત્વની છે. આશ્રય હેય છે. સંયમ આજ્ઞા છે. સંયમ જ ઉદ્ધાર કરનાર છે. એમ હૈયામાં લાગે. તેવું જીવોમાં આવે. તે શાસન પ્રભાવના છે.

**વિભાવદશામાંથી નીકળી સ્વભાવ દશામાં જવું પુરુષાર્થ તે શાસન પ્રભાવના છે.**

દ્રવ્યપૂજામાં ગૃહસ્થને થતી સ્વરૂપહિંસા એ ભાવ અહિંસાનું

કારણ છે. ભગવાનની આજ્ઞા વિરુદ્ધ પ્રવર્તવાથી જે આવે તે આશ્વ. ક્ષાયિક જ્ઞાનાદિ ચાર ગુણો વ્યક્તિ પરત્વે લીધા તેથી ગુણ અને ગુણીનો કથંચિત્ ભેદ બતાવવા માટે છે. એકાંત અભેદ હોય તો ગુણની નિવૃત્તિ થયે છતે ગુણીની પણે નિવૃત્તિ થવાથી શુન્યાપતિ થાય છે. પ્રકર્ષે (ક્ષાયિકભાવની ભૂમિકાએ પહોંચી) જે પ્રભુએ ઉચ્ચર્યું તે **પ્રવચન** પ્રવચન-સંઘ-દ્વાદશાંગ તે બધા પર્યાયવાચી છે..........!

# શ્રી દશવૈકાલિક વાચના - ૧૯

અનંત ઉપકારી પરમાત્માના શાસનમાં સાધુજીવનની મર્યાદા જાળવવા દશવૈકાલિકની સંકલના કરી છે. શાસનની સ્થાપનામાં બે મહત્ત્વનું છે. તે મૂળસુત્ર છે. સમગ્ર સંયમનું મહત્વ ચૌદ પૂર્વમાંથી જે લીધેલ તે આ દશવૈકાલિકમાં છે. શ્રાવકજીવનનું મહત્ત્વ ઉપાસક દશાંક સૂત્રમાંથી લીધું... ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, છ છેદસૂત્રનો નાશ થાય પણ. પૂ. દુપ્પહસૂરીને આ ચાર મૂળસુત્ર કંઠસ્થ હશે. આમ શાસનની સ્થાપનાથી માંડીને અંત સુધી હશે તે મૂળસુત્ર. ભાવાચારના પાંચ ભેદમાં દર્શનાચારનું વર્ણન કર્યું. હવે જ્ઞાનાચારનું વર્ણન.... કાળે શ્રુતજ્ઞાન ભણવા માટે સમય નિયત કરવો જોઈએ.

કાલિક પહેલા અને ચોથા પ્રહરે ભણાય. યોગ કરવા પડે. ઉત્કાલિક-કાળ સમયનો ત્યાગ કરીને ગમે તે સમયે ભણાય. દશવૈકાલિક એ ઉત્કાલિક છે. ૪ કાળવેળાએ ભણાંય નહીં. બપોરે ૧૨ થી ૧, સવારે સૂર્યોદય પહેલાં બે ઘડી તેમજ મધ્યરાત્રિએ ૧૨ થી ૧ સુધી એ સમયે નવકારનો જાપ. સ્તવન-સજ્ઝાય-ઈવન છાપાના વાંચન પણ નહીં.....! વ્યાખ્યાન પણ ન જ લખાય. પંચ પરમેષ્ઠી એ જીવનનો પ્રાણ......! એમના આધારે જ જીવન છે. સવારે ૨ બપોરે એક અને સાંજે ૨ એમ પાંચ નવકારવાળી ગણવાની આજ્ઞા છે.

અપવાદે નાના નુકસાનને ગૌણ કરી અશુચિમાં નવકાર

સંભળાવી શકાય. માટે જ જન્મતાં જ એ.... બાળકનાં કાને પડવાથી શ્રાવક કુલ ઉત્તમોત્તમ, મૃત્યુ સમયે અન્ય નુકસાન મીન્સ અશુચિ આદિ ગૌણ કરી નવકાર સંભળાવે.

દિવસ પ્રત્યે ૪ વાર સજ્ઝાય કરી નથી એટલે ? ચાર વાર સ્વાધ્યાય કરવાનો છે. **સ્વાધ્યાયથી વૈરાગ્યનો રંગ વધે. તીવ્ર કર્મની નિર્જરા.... અને સંયમની સ્થિરતા થાય.** સ્વાધ્યાયથી આશ્રવ ત્યાગ થાય. સંવર વધે. આજ્ઞાનું પાલન બહુમાન થાય. **જ્ઞાન સહિતની ક્રિયાથી નિર્જરા છે.** જે જ્ઞાન ક્રિયા રૂપે ન પરિણમે તે જ્ઞાન-જ્ઞાન નથી. જે જ્ઞાન ક્રિયા રૂપે ન પરિણમે તે જ્ઞાન-જ્ઞાન નથી. એ જ્ઞાનગજ સ્નાન તુલ્ય છે. જ્ઞાન-ક્રિયા અભેદ છે. સાપ જોતાં જ ભાગીએ, ઝેર જોતાં જ ભાગીએ, ઝેર જોતાં જ હાથ ધ્રુજે. ક્રિયામાં જોડાયેલું જ્ઞાન આવે તેથી ઉપયોગ શુદ્ધિ પ્રભુ બહુમાન આશ્રવ ત્યાગ સંવર-ક્રિયાત્મક ઉપયોગ તે જ્ઞાન જ્ઞાનીથી આજ્ઞાની આરાધના આવે તેથી વિકાસ થાય.

ભગવાને કહેલી ક્રિયાઓ કરે પરંતુ જ્ઞાનનો ઉપયોગ ન રાખે તે જીવન દેશ આરાધક પણ એમાં મોહના ક્ષયોપશમપૂર્વક જ્ઞાનના ઉપયોગપૂર્વક થતી ક્રિયા તે સર્વ આરાધક. **સંવરભાવની વૃદ્ધિ આશ્રવનો ઘટાડો એ જ જ્ઞાન સર્વારાધક બને.** અંગપ્રવિષ્ટ સૂત્રના સ્વાધ્યાયનો જે કાળ કહ્યો છે. તે કાળે સ્વાધ્યાય કરે. સ્વાધ્યાય પંચવિધ-પાંચ પ્રકારનો વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા. વાચનાદિ ચારથી મજબુત થયા પછી જ ધર્મકથા......! ગુરુ પાસેથી વાચનાદિ કરે પછી જ ધર્મકથા. એમાં ૪ અનુયોગ આવે. ધર્મકથા એટલે પાઠ મેળવે, શંકા પૂછે, પછી ફીટ કરે, પછી ચિંતન કરે....! પછી એ માલ જગત સામે રજુ કરે તે ધર્મકથા !

અસજ્ઝાય પાળવી એ આજ્ઞા છે તેમાં કોઈ વિકલ્પ કરાય જ નહીં. અસજ્ઝાય એ ગરમીમાંથી ઠંડી, ઠંડીમાંથી ગરમી એમ વિકૃત સમય હોવાથી સજ્ઝાય ન જ થાય. હા..... અનુપ્રેક્ષા થાય વાચનાદિ

ચાર તો ન જ થાય.

विसंकलित पदार्थानाम् अनुप्रेक्षा वि. संकलित એટલે છુટા-છુટા પદાર્થો અન્ય વિચારો ઘર કરી ન જાય માટે મંત્ર-આગમ પદાર્થનું ચિંતન. આથી આજ્ઞાનું બહુમાન.....! ધારાબદ્ધ પરાવર્તના ન થાય......!

विसंकलित पदार्थानाम् अनुप्रेक्षा = જેમકે નિગોદનું સ્વરૂપ, સિદ્ધિનું સ્વરૂપ આમ પદાર્થો ફર્યા કરે. ધારાબદ્ધ ન થાય. ગ્રંથનું આલંબન ન લેવાય. ક્ષયોપશમ મુજબ ઉપરોક્ત અનુપ્રેક્ષા વિચારે.....! ચિંતનાત્મક છે શબ્દાત્મક નથી. अनु=પાછળ, સૂત્રની પાછળ પ્રેક્ષા કરવી તે અનુપ્રેક્ષા કરે. ખેતી આદિ કાળે-સમયે જ કરે તો ફળે. તેમ **જ્ઞાનનું ફળ મોહનીયનો ક્ષયોપશમ મેળવવાનો છે.** માત્ર જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ માટે જ્ઞાન ભણે તો મિથ્યાત્વ. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ માટે ઉપવાસ ન કરે. કેવલજ્ઞાન કરે. મોહનીયના ક્ષયોપશમ માટે કાઉસ્સગ્ગ કરનાર કેટલા..... ? ચારિત્ર મોહનીયને કાપવા આરાધના કરનાર કેટલા ?

**માત્ર જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ સંસારમાં ડુબાડે પણ મોહનીય પછી જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ સંસારથી તારે.** મુખ્ય ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ કરવાનો છે.

જ્ઞાનીએ સાધુને તપ-ત્યાગ-સ્વાધ્યાય વિગેરે... ચારિત્ર મોહનીયના ક્ષયોપશમ માટે બતાવ્યા છે. દેવવંદન પણ પરંપરાએ ચારિત્ર-મોહનીયના ક્ષયોપશમ માટે છે....! **તીર્થયાત્રા ચારિત્રની શુદ્ધિ માટે છે** અંધારે કરે... અથવા યાત્રા કરીને પ્રતિક્રમણમાં ગોટાળા કરે તો યાત્રા નહીં.... ચારિત્રને સાચવીને યાત્રા ન કરે તો ય પ્રાયશ્ચિત્ત આવે.

રસ્તામાં આવતાં દેરાસરના દર્શન ન કરે તોય છટ્ઠ આવે. છેવટે શિખરને પણ નમો જિણાણં કરી અભિમુખતા બતાવવી. ઓઘ નિર્યુક્તિ-પંચવસ્તુ વિગેરેમાં.... સંયમયાત્રા જ મુખ્ય કહી છે....! *ચારિત્રને ગૌણ કરીને યાત્રા કરવાની ના જ છે.* ***તીર્થયાત્રા કરતાં***

**ચારિત્ર મુખ્ય છે.** સંયમમાં તીર્થયાત્રાનું લક્ષ નથી.... હા....! આપણે શુદ્ધ સંયમી નથી અને યાત્રાદિ કરીએ એ વાત જુદી છે.

૫૦૦ શિષ્યો ગુર્વાજ્ઞાથી યાત્રાએ નીકળે ! ગુરુની ના છતાં યાત્રા કરવા ગયા.....! મહાનિશીથમાં તેનો અધિકાર વાંચવાથી રૂંવાડા ખડાં થઈ જાય....! એ કેવા વિરાધક ભાવ પામી સંસારમાં રખડ્યા....!

શ્રાવક પણ કહે - "સંયમ યાત્રા નિર્વહોછોજી ?" એમ પૂછે છે. ૪ ડીગ્રી તાવમાં સંયમની નિરાબાધતા પૂછે છે. તીર્થયાત્રાની વાત સાધુને માટે નથી. ગાડાંના પૈંડાનો સંબંધ નાભિના પૈંડા સાથે અધિક છે તેમ બધો આધાર સંયમ પર છે.

જય તળેટીમાં - આગળનો ભાગ જે સિદ્ધશિલારૂપે ઓળખાય છે. એ સંપૂર્ણ... ગિરિરાજની પવિત્રતા હૈયામાં અંકિત થાય છે માટે જિતકલ્પમાં નક્કી કર્યો છે. એની સ્પર્શના નાહ્યા વિના શ્રાવક પણ ન જ કરી શકે તો સાધુ તો ન જ કરી શકે....!

**ચરણ-કરનાણુયોગ એ પ્રભુની વાણીનો પ્રાણ છે.** પ્રધાન સુર છે પણ જીવો ત્રણ પ્રકારનાં છે.

(૧) બાળ જીવો માટે - ધર્મકથાનુયોગ.

(૨) મધ્યમ જીવો માટે - ગણિતાનુયોગ.

અહો પ્રભુનુ કેવું સૂક્ષ્મજ્ઞાન ? તેના બહુમાનથી આશ્રવ ત્યાગ... સંવર સ્વીકાર... આ ત્રણ ચરણકરણાનુયોગમાં જાય.

(૩) ઉત્તમ જીવો માટે દ્રવ્યાનુયોગ....

કર્મનું સ્વરૂપ, જીવનું સ્વરૂપ, આશ્રવથી સંસાર.... તેને ટાળવા માટે સંવર, ધર્મની આરાધનાનો ઝોક ચરણ-કરણાનુ યોગ છે.....!

આ સૂત્ર પૂ. શય્યંભવસૂરી મહારાજે મનક માટે પૂર્વોમાંથી ૭૦૦ ગાથાઓનું સંકલન છુટક-છુટક વિચારણા અનુપ્રેક્ષા દ્વારા કરી.

પછીના આચાર્યોએ એને કેમ રાખ્યું....? ભાવિ જીવોના હિત માટે જાળવી રાખ્યું. ૧૪૭૭ માં પૂજ્ય મહેન્દ્રસૂરિજી મ. એ ૪૫ આગમોની ગુંથણીમાં મૂળ ચાર ગ્રંથો તરીકે એનું વર્ણન આવ્યું છે. દશવૈકાલિક સૂત્ર છે. પાંચમા આરાના અંત સુધી રહેશે. દેવર્દ્ધિગણિએ ૮૪ આગમો લખાવ્યા. આજે ૪૫ આગમોની સંખ્યા નિશ્ચિત કરેલ છે. પાંચમું છેદસૂત્ર નથી મળતું પરંતુ તેનું પંચકલ્પભાષ્ય મળે છે. છેલ્લે ચાર મૂળસુત્ર રહેશે.

પૂ. દુપ્પહસૂરી યુગપ્રધાન છે. એ યુગના પ્રધાન છે......! **આગમિક જ્ઞાન જેને હોય તે યુગપ્રધાન કહેવાય.**

દર્શન મોહનીય, ચારિત્ર મોહનીય ને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી તત્ત્વોને જીવનમાં પચાવી શકે. આ કડવી દવા પાય તેમ ત્યાગનો ઉપદેશ ન ગમે. તો શું ત્યાગનો ઉપદેશ ન અપાય ? શરીરમાં તાવની અસર હોય તો પકવાન ન ગમે તો તે તાવને દૂર કરવો જોઈએ. તેમ આ મિથ્યાત્વના તાવને દૂર કરવો જોઈએ.

આગમ એટલે आ= મર્યાદાપૂર્વક ગમ=મેળવવું. આ આગમો મળ્યા પછી તારવણી દ્વારા આશ્રવને કાઢવો. સંવરને સેવવો.....! આગમની પકડ હોવાથી યુગપ્રધાનની રૂબરૂમાં અંતરની સૂઝદ્વારા એવી સમજ પાડે કે સામે અન્યમતનો આવે તો પણ એની સમજનો સ્વીકાર કરે. ભગવતી સૂત્રમાં કહ્યું છે કે ૨૧૦૦૦ વર્ષ પછી ભગવાનનું શાસન વિચ્છેદ થઈ જશે. તે વચન અન્યથા ન કરાય. યુગપ્રધાન પછી ગીતાર્થો આગમ ચલાવે.

**અશુભ સંસ્કારોમાંથી જાતને મુક્ત કરવા દશવૈકાલિક સૂત્ર છે.** એમાં ગોચરી ૧લા અધ્યયનમાં ગોચરી શુદ્ધિની વાત છે. બીજા અધ્યયનમાં અનાદિકાળના સંસ્કારોને કાબુમાં ન લે તો સંયમ કેવી રીતે પાળે....? તેની વાત છે. રહનેમીજીનું દ્રષ્ટાંત આવ્યું છે. ત્રીજા અધ્યયનમાં લઘુ આચાર તથા બાવન અનાચીર્ણ વસ્તુ બતાવી છે.

આચારમાં ભાવ આચારમાં પંચાચારનું સ્વરૂપ ચાલે. કાળ નામનો આચાર ચાલુ છે. અકાળે ખેતીથી લાભ ન થાય. તેમ કાર્ય સિદ્ધિ માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની શુદ્ધિ જરૂરી છે.

સ્વ-સ્વસ્મિન્, અધિ=અંદર, આય=લાભ આવવું. **બહિરાત્મ ભાવ છોડી અંતરાત્મ ભાવમાં આવવું તે સ્વાધ્યાય.** વિશેષ ન સમજાય તો તીર્થંકર દેવે મોહનીયના સંસ્કારોથી છુટવા સ્વાધ્યાય કહ્યો છે.

કર્મબંધ-ઉદય-ઉદીરણા-સંક્રમણ એમાં નિમિત્ત કારણ તરીકે દ્રવ્ય છે. જ્ઞાન દ્વારા નિર્જરા ક્યારે થાય ? દ્રવ્યથી શબ્દરૂપી ભાષાવર્ગણાના પુદ્‌ગલો, ક્ષેત્રથી શુભ વસતિ તે ભાવની વિશુદ્ધિ બને. તેથી નિર્જરાનો લાભ વિશેષ મળે.

(૧) કાળ (૨) વિકાળ (૩) અસજ્ઝાય (૪) ચાર કાળવેળા તે અસ્વાધ્યાય કાળ કહેવાય. તેને વર્જીને સ્વાધ્યાય કરવો. **યોગ્ય કાળે :- સ્વાધ્યાય કરે તો વિશિષ્ટ નિર્જરા થઈ શકે.** કાળ અરૂપી છે. પણ તેના પરિણમનની દ્રવ્ય ઉપર અસર થાય છે.

વ્યવહાર દ્રષ્ટિએ પુદ્‌ગલ પર્યાયાનાં પરિણમનમાં કાળ દ્રવ્યની અસર છે. આયુષ્ય આદિ નિમિત્ત છે. પણ બાલાદિ આમાં અચરમાવર્ત એ ધર્મ માટે અયોગ્ય કાળ છે. કાળ પહેલાં અકાળે જો દવા શમનીય ઔષધકાળે આપે. અકાળે ઉપબૃંહણ શાંતિ રહે. એ માટે સામાન્ય ઔષધ આપે.

**સંસાર પ્રત્યે નફરત અને પ્રભુ પ્રત્યે આદર..... અચરમાર્વતમાં ન આવે.**

**જ્ઞાની ભગવંતોની આજ્ઞા મર્યાદા પ્રમાણે અનુષ્ઠાન કરવાથી સ્વચ્છંદતાનો નિરોધ થાય.** સ્વચ્છંદ પ્રમાણે ધર્મ કરે તે બરાબર નથી. જેનું ધર્મમાં અને ભગવાનની આજ્ઞામાં મન છે તેને દેવો પણ નમે છે. જેના મનમાં ભગવાનની આજ્ઞા છે તેને દેવો પણ નમે છે.

મનમાં પુણ્ય રૂપ ધર્મ છે પણ મનમાં ધર્મ નથી. સાધુને પુણ્ય ઉપાદેય નથી. નિશીથમાં કહ્યું છે કે - પ્રચ્છન્ન ભોજી, પ્રચ્છન્ન નિહાર ન કરો તો દુર્લભબોધિ થાય. પુણ્યબંધ માટે એકપણ ક્રિયા નહીં. દ્રવ્યપૂજા, દ્રવ્યદાન, દ્રવ્યતપશ્ચર્યા નહી કરવાની સાધુને ભાવની મહત્તા છે.....!

નિશીથમાં આવે છે કે એક ગચ્છને ચૌદસ દિવસે મોટું ગામ આવતું નથી તેથી તેરસના દિવસે નાના ગામમાં પક્ખીનો ઉપવાસ કરે. આજ્ઞા પ્રમાણે સ્વચ્છંદતાનો નિરોધ કરવાપૂર્વક સ્વાધ્યાયયાદિ કરવો.

જે પર્યાયથી ગુણો પ્રગટે તે પર્યાય સાચા કહેવાય.....! સાચા પંચાચારના પાલન માટે મનુષ્ય આદિ પર્યાયો આ જીવનમાં પૂરા મળ્યા છે. મનુષ્યભવમો પર્યાય ગુણો પ્રગટાવવા માટે મહત્ત્વના ગુણો છે. જ્ઞાનાવરણીય હટાવવા જ્ઞાનાચાર.

દર્શનાવરણીય હટાવવા દર્શનાચાર

ચારિત્ર મોહનીય હટાવવા ચારિત્રાચાર.

આહાર સંજ્ઞાને હટાવવા માટે તપાચાર.

ધર્મમાં વીર્ય ફોરવવા માટે વીર્યાચાર.

કાળવેળા છોડીને સ્વાધ્યાય ન કરે તો અતિચાર. જેમ અયોગ્ય કાળે ભોજન કરે તો નુકસાન થાય....!

# શ્રી દશવૈકાલિક વાચના - ૨૦

જ્ઞાન ભણવા દ્વારા મોહનીયનો ક્ષયોપશમ કરવાનો છે. બીજાને સમજાવી શકાય તે અવાંતર ફળ છે. જેમ ખેતી કરનારને ઘાસ અવાંતર ફળ છે. **જ્ઞાનનું બળ વધે. તેમ કુસંસ્કાર કર્મો વિકારી ભાવનાઓ નબળી પડે.** સ્થાપના દીપકની જેમ અંધકાર નાશ ન થાય. તેમ સ્થાપનાજ્ઞાન ભણવારૂપ દ્રવ્યજ્ઞાનથી... કાર્ય સિદ્ધ ન થાય. પણ ભાવ જ્ઞાન જ મોહનો ક્ષયોપશમ કરાવતું સફળ છે. (૨) **બાળ-વૃદ્ધ માટે જ્ઞાનીની નિશ્રા તે પણ જ્ઞાન છે.**

વિહરામિ-વિશેષ કરીને કર્મના બંધનોને તોડવા પ્રયત્ન કરે તે જ્ઞાની. **વિહરવું એટલે સ્વ-આત્મભાવમાં રમવું.** ભગવાનના શાસનની મર્યાદામાં રહી સંયમમાં ઉદ્યમ કરવો. વિહારનો અર્થ આજ્ઞા પ્રમાણે શાસનની ક્રિયાઓમાં રમણતા કરવી. (૧) ગીતાર્થ વિહાર-શ્રુત દ્વાદશાંગીનો અર્થ તીર્થંકરોએ... બાળજીવો માટે કહ્યો છે. ગણધરોએ સૂત્રની રચના કરી. પ્રથમ સૂત્ર પોરિસી છે. યોગ્યતા વિના (કોઠો સાંફ કર્યા વિના ગંધક રસાયણ ન અપાય.) અર્થ ન અપાય. અર્થને ઊંડાણથી પકડવાની શક્તિ ન હોય તેને માટે સૂત્ર જ અપાય.

**નિશીથ સૂત્રને જાણ્યું હોય તો જઘન્યથી ગીતાર્થ કહેવાય.** આ સૂત્રનો આવો-આમ અર્થ છે એમ શબ્દ ઉપરથી અર્થ નથી કરવાનો પણ અર્થ જે બાજુ હોય તે બાજુ સૂત્ર લઈ જાય. (૧) શબ્દાર્થ (૨) વાક્યાર્થ (૩) મહાવાક્યાર્થ (૪) ઐદમ્પર્યાર્થ તાત્પર્યાર્થ

એમ પછી પછીના બળવતર છે. જેના હૈયામાં તાત્પર્યાર્થ પકડી શકવાની તાકાત છે તે ગીતાર્થ છે. તે શબ્દોનાં અર્થ માત્ર જ ગ્રહણ કરે. તે શાસનને નુકસાન ન કરે. નવા તાવને અટકાવો તો નુકસાન કરે. તે આયુર્વેદિક સંહિતા છે. પ્રથમ તાવને પકડીને પછી દવા આપે. ઔષધનું તાત્પર્યાર્થ શરીરમાં પેસી ગયેલા પોઈઝનને પકાવવા કુદરતે જે પ્રક્રિયા કરી છે તેમાં દવા દ્વારા મદદ કરવી. એલોપેથી પાસે કેન્સર શાથી થાય ? તેનું કારણ શોધાયું નથી. જમીને એક પ્રહર સુધી ન ખવાય. તેમ આર્યુવેદ કહે છે.

હોજરીના આમાશયની પ્રક્રિયાનો ખ્યાલ નથી. આંતરડામાં ખોરાકના પ્રોસેસ ત્રણ કલાક થાય. મુખમાં લેટરબોક્ષની જેમ જે આવે તે નાખ્યા કરે તે બરાબર નથી.

ગૃહસ્થને બિયાસણું, સાધુને એકાસણું....! સૂર્યોદય પછી (૪૫° સૂર્ય હોય તો) એક પ્રહર-પછી નંખાય. ને સાંજે ૪ ઘડી પહેલાં ખોરાક લેવાય. જે ખોરાક પચી જાય તો આગળ જાય અને ન પચે એટલે તેના અંશો આંતરડામાં ચોંટી જાય ને પછી લોહીમાં ભળે ને પછી ગમે ત્યાં શરીરમાં ભેગો થાય તે કેન્સર થાય.

ચોમાસામાં અને

શિયાળામાં ૨ ભાગ ખોરાક ૧ ભાગ પાણી ૧ ભાગ વાયુ

ઉનાળામાં ૧ ભાગ ખોરાક ૧ ભાગ પાણી ૨ ભાગ વાયુ માટે રાખવાના.

જે સાધુ સાધ્વી ભાવ રોગને કાઢવા' સમર્થ છે.

જગતમાં જીવોની મનોભાવરૂપી નાડી પકડે તે સાધુ-સાધ્વીની નાડ વૈદ્યો પકડે ? તે શરમજનક છે. સાધુને મોટે ભાગે રોગ આવે નહીં. આવે તો તેની તે સરલ પ્રક્રિયા છે. સાધુને ૬ કારણે આહાર નહીં લેવો. રોગમાં એકાસણું કરતાં હોય તો આયંબિલ કરે તેથી

કર્મનિર્જરા થાય.

શરીરના મળને કાઢવા માટે ૪ દ્વાર. (૧) શ્વાસોશ્વાસ (૨) પરસેવો (૩) પેશાબ (૪) મળ.

ખોરાકને આમાશયમાં પચ્યા પછી ૩ કલાક હોજરી ખાલી થતી નથી પણ આમાશયમાં જઠરમાં કચરા જામ્યો હોય તેથી ભૂખ ન લાગે.

શિયાળો પોષણ માટે, ઉનાળો શોધન માટે, અને **ચોમાસું તપ આદિ દ્વારા સંવર માટે છે.** ત્રણ કલાક પછી આમાશયમાં વિસલ લાગે. ઓડકાર આવે પછી આહાર લેવો. આમાશયથી દોષ ન નીકળ્યો તેથી ભૂખ ન લાગે.

**ખોરાકના સંયમથી શક્તિ વધુ આવે.** વધુ ખોરાકથી શક્તિ આવે નહીં. ઉપવાસ કરવો હોય તો ચોથ ભક્ત કરો. એમ મર્યાદા પ્રમાણે કરીએ તો ક્યાંય રોગ આવે નહીં.... **પંચપરમેષ્ઠિની અનંત શક્તિ જગતમાં રેલાયેલી છે.** આપણા અંતરનો પ્લગ એની સાથે જોડીએ તો અંતરમાંથી આપણી શક્તિ પ્રગટ થાય....

આમાશયનો દોષ પગમાં ભરાયો હોય તેથી ઢીંચણનો વા થાય. વૈદ્યો સુંઠ અને દીવેલનો ઉકાળો આપે અને ખોરાકમાં પણ પ્રવાહી આપે. તેથી જઠરનું બીજું પચાવવાનું કામ ન હોય. એટલે શરીરના ભાગમાં એકઠા થયેલા મળને કાઢી નાંખે.

અમેરીકામાં ૩૦૦૦૦ નેચરોપેથી સેન્ટર છે. તેમાં પહેલામાં ઉકાળેલું પાણી. બીજામાં કાળી માટી, ત્રીજામાં સૂર્યનો પ્રકાશ, ચોથામાં ખુલ્લી હવા. એ ચારે કુદરતી ઉપયોગ લેવાનાં છે. સુંઠ કચરાને પકાવે દીવેલ કચરાને દૂર કરે. તેથી રોગ દૂર થાય. ભૂતકાળની કેપ્સુલો (ટીકડીઓ) ભાતના જાડા ઓસામણથી બનતી હતી. પણ અલ્પ ટાઈમ ટકતી હતી. આજે ચરબી અને માંસના વચ્ચેના અભક્ષ્ય પડમાંથી જીલોટીનમાંથી કેપ્સુલો બને છે. ગ્લુકોઝ

પહેલાં મકાઈમાંથી બનતો હતો. પણ તેનું વાવેતર ઘટવાથી સુરણમાંથી બને છે. વળી તે સસ્તું અને પચવામાં સહેલું છે. તે અનંતકાયમાંથી બનતું હોવાથી ગ્લુકોઝ કરતાં સાકરનું પાણી લેવાની સલાહ ડૉક્ટર ઝવેરી આપે છે.

અત્યાર સુધી કર્મબંધને દૂર કરવામાં સક્રિય પ્રયત્ન નથી થયો. તે પ્રયત્ન પરમાત્માનાં શાસનમાં આશ્રવનો નિરોધ, સંવરનો સ્વીકાર કરવા માટે બતાવ્યો. ક્રિયા એ કર્મ તો શાસનની ક્રિયા વિહાર, પ્રતિક્રમણ, પડિલેહણથી શું કર્મબંધ ન થાય ? એ જનરલ વાક્ય છે. કઈ ક્રિયાથી નિર્જરા અને કઈ ક્રિયાથી બંધ એ જ્ઞાનીના ચરણોમાં બેસીને વિચારવું પડે. **આજ્ઞાની મહત્તાપૂર્વકની ક્રિયા કર્મની નિર્જરા કરાવે.**

**આજ્ઞાની ગૌણતાપૂર્વકની ક્રિયા કર્મનો બંધ કરાવે.**

ભવ્યની ક્રિયા આજ્ઞાના પાલનપૂર્વકની છે.

અભવ્યની ક્રિયા પણ આજ્ઞાના પાલનપૂર્વકની છે પણ એને મુક્તિ પ્રત્યેનો રાગ નથી. કેન્દ્રીય સંસારનો પૌદ્ગલિક રાગ વ્યક્ત કે અવ્યક્તપણે ગુંજતો હોય છે. ત્યારે ચરમાવર્તમાં આવેલ ભવ્યને "એ રાગ હેય છે" એવું નક્કી હોય છે. અભવ્ય-ભવ્ય બંનેને યથાવત્ આજ્ઞાનું પાલન છે પણ અભવ્યને આધારશીલા નથી. આધાર શીલા શું ?

**આશ્રવને અટકાવવાનું લક્ષ હોય તે ક્રિયા, તે ક્રિયાથી નિર્જરા થાય.**

**આશ્રવને અટકાવવાનું લક્ષ ન હોય તે ક્રિયાથી બંધ થાય.**

૯૯ યાત્રાનું મહત્ત્વ આરંભ-સમારંભમાં બેઠેલ ગૃહસ્થને છે. સંસારના ત્યાગી સાધુને આશ્રવ દ્વારો બંધ કરવાનું લક્ષ હોવું જરૂરી છે. તો જ તે ક્રિયા કર્મના બંધથી છુટવા માટે ઉપયોગી થાય. (જેના અર્થની તારવણી આશ્રવના ઘટાડામાં હોય અને સંવરના વધારામાં

હોય તે ગીતાર્થ....)

**જ્ઞાનીની આજ્ઞા મુજબ ચાલવું તે સંવર......!**

મન મરજી મુજબ ભણવાનું મહત્ત્વ નથી પણ ભગવાનની આજ્ઞા મુજબ ભણવાનું મહત્ત્વ છે. ભણવા બેસે પણ કાળાકાળનો વિચાર ન હોય તો જ્ઞાનાવરણીય કર્મ અને મોહનીય કર્મ બંધાય.....!

એકેન્દ્રિયાદિમાં કર્મની સ્થિતિ ઓછી બંધાય. ત્યાં સમ્યગ્દર્શનની લગામ નથી. **આશ્રવના દ્વારોને અટકાવવા એજ જ્ઞાનાચારનું મહત્ત્વ છે.** આશ્રવના દ્વારોને અટકાવવા માટે એજ જ્ઞાનાચારનું... મહત્ત્વ છે. આ-શ્રવ=કર્મના પ્રવાહોનું આવવું તે આશ્રવ. આશ્રવના દ્વારો અટકાવવા એટલે ? આજ્ઞાની વિરુદ્ધ ચાલે, મનને પ્રધાન બનાવે, તો આશ્રવ આવે. આજ્ઞા મેઈન હોય અને મનમુખી ન થાય તો આશ્રવ અટકે. આ વ્યાખ્યા સાધુ સંબંધી છે ગૃહસ્થ સંબંધી નહીં. આજ્ઞા રહિતપણે શુભ અનુષ્ઠાન પણ અશુભમાં ખતવાય છે. પાંચ ઈન્દ્રિય અને મન પૃથ્વીકાય વિગેરે છ એનો રાજા મન છે. મનને ઊંધું કરો તો નમ. **શાસનની વફાદારી આજ્ઞાનું મહત્ત્વ એટલે જ નમ.** ઈન્દ્રિય પર કાબુ કોનો છે ? મનનો છે. એની જગ્યાએ આજ્ઞાને મુકવાની છે.

જ્ઞાનાચારના ૮ ભેદ. કાળની મર્યાદા પાલન ન કરે તો વિપરીત-વિપર્યય. એટલે ઉંધુ થાય. જ્ઞાન ભણે જ્ઞાનાવરણીય ખપાવવા પણ બાંધે જ્ઞાનાવરણીય કર્મ, જ્ઞાન ભણે છે મોહને કાપવા બાંધે મોહનીય કર્મ. કાળ વિગેરે ન સાચવે તો જ્ઞાન ભણવાનો ઉદ્દેશ બર ન આવે.

ચાલુ સ્કુલની ચોપડી કરતાં આપણાં પુસ્તકોનું બહુમાન શા માટે ? આમાં અર્થનું પ્રકાશન છે માટે સૂત્રને અર્થ પાછળ જોડવું પડે છે.

જે સૂત્રના અર્થની તારવણી આશ્રવના ઘટાડામાં અને સંવરના વધારામાં થાય તે ગીતાર્થ......!

પૂ. હરિભદ્રસૂરી મહારાજાએ એક પદમાં, શબ્દાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ.. ઐદપર્યાર્થ નિર્દેશેલ છે. हरि शरणं मम। હરિ એટલે ઘોડો થાય એ હરિનો અર્થ અહીં ઘોડો ન કરાય... વાક્ય ઉપરથી શબ્દનો અર્થ કાઢવો. શબ્દનો અર્થ વાક્યાર્થ ઉપર છે. વાક્યાર્થનો અર્થ મહાવાક્યાર્થ પર છે.....!

ઐદંપર્યાર્થ-જ્ઞાન ભણીને કરવાનું શું ? **સંવરની દિશામાં લઈ જાય આશ્રવને ઘટાડે તો જ જ્ઞાની.** સંવર વધારે નહીં અને આશ્રવ ઘટાડે નહીં તો ગમે તેવો પ્રખર જ્ઞાની..... મિથ્યાત્વી જ કહેવાય. જ્ઞાનનો ઉદ્દેશ શબ્દજ્ઞાન મેળવવા માટે નથી. પણ ભાવ જ્ઞાના સમર્થનમાં માટે છે દ્રવ્ય જ્ઞાન.... ઉપયોગી છે. પણ તેનું તેટલું મહત્ત્વ નથી. આવડી જવું એ જ્ઞાનનું ફળ નથી. તો જ્ઞાનનું ફળ શું.....?

आपतित्तं-એનું પ્રાકૃત आवडीयं-સ્મૃતિમાંથી બહાર પડવું તે 'आवडीयं' કહેવાય. કંઠસ્થ કરવું તે આવડ્યું ન કહેવાય. અંતરની પરિણતિમાં વસી જાય. ગમે તે ગોખવાથી આવડી તો જાય. એનું ફળ શું ? **આવડે એ ફળ નથી પણ પરિણતિમાં કેળવણી એ એનું ફળ છે.** પ્રયત્ન કરવાથી ક્ષયોપશમ થયો આ અંતરમાંથી બહાર આવે તે आपतितं. જેના પરિણામે હેય-ઉપાદેયનો વિવેક આજ્ઞાનું મહત્ત્વ વધે.

આશ્રવ ખુંચે સંવર અપનાવે તો એ જ્ઞાનનું ફળ કહેવાય. નિશ્ચય નયથી પરમાત્માની આજ્ઞાની વફાદારીમાં ફીટ હોય... તેજ્ઞાની.! મયણા અને સુરસુંદરી એમાં.... સુરસુંદરીમાં પોપટીયું જ્ઞાન હતું પણ વિવેક ન હતો.

**સંસ્કારોની દિશા પલટી નાંખે તે જ્ઞાનનું ફળ.** બેંકનો મેનેજર હોય પણ ત્યાં મારા પણું ન આવે. ઘરની તિજોરીમાં ૪૦૦૦ રૂપિયા હોય છતાં મારા પણું આવે.

આપણા પૂર્વજોએ જ્ઞાન ભણવા માટે યોગોદ્વહન.. ચારિત્ર પર્યાયાદિની મહત્તા બતાવી. પૂ. દેવર્ધ્ધિગણિ ક્ષમાશ્રમણ પહેલાના સમયની વાત છે.

સ્વ જ્ઞાનવત્ રુઢ થાય તે પરિચીત જ્ઞાન થાય.

વાસક્ષેપ નંખાવવો એટલે શાસનમાં દસ્તાવેજ લખાવવો. કે **આ ધર્મ જ સંસારથી પાર ઉતારનાર છે.** એમાં "તહત્તિ" કહીને સહી કરવાની છે.... કે "નિત્થારગ-પારગાહોહ" સંસારથી પાર ઉતારનાર. ધર્મનો સ્વીકાર કરનાર થાઓ. એમ આવતા વિઘ્ન અવરોધ દૂર થાઓ. એ પણ એમાંથી ગર્ભિત રીતે નીકળે છે.

પ્રાચીનકાળમાં પૂ. દેવર્ધ્ધિગણિ પહેલાં સાધુને જોગ ચાલતાં હતાં. તે સૂત્રનો ઉદેશ ચાલતો હતો. ઉદેશ એટલે મુળપાઠ આપતાં હતા. સૂત્રને અર્થ સાથે... અનુસંધાન કરવો. સૂત્ર આવડયા પછી એને ચિત્ત પરિચિત કરજો. સ્વનામરુઢવત્ પરિચિત કરે. તેની વાત સમુદેશામાં છે. અનુજ્ઞામાં સમ્યક્ પ્રકારે ધારણ કરે જે આત્માના જ્ઞાનનો પ્રકાશ ધારી રાખજે. રાગ-દ્વેષની ટાળવા. - પ્રપદ્યે - **प्रवज्जामि** બીજાને રાગ-દ્વેષને પરિણતિમાં શિથિલ કરવા આત્મ જાગૃતિ માટે તૈયાર કરજો: "નિત્થારગ-પારગાહો (મોક્ષને) નિશ્ચે તારનાર ધર્મનો શાસનમાં પારગામી થાવ. જે ધર્મની ભૂમિકા પર હો તેમાં ટકયા રહો. આધિ-વ્યાધિ-ઉપાધિમાં પણ સમાધિ પૂર્વક રહેવા પૂર્વક આગળ વધો. કોઈ મુશ્કેલી આવે તો ધર્મથી પતિત ન પામો. દેવ-ગુરુ પાસે રોદણાં રોવાય નહીં. પણ સમાધિની માગણી કરવાની છે. માત્ર સુખ માટે જ વાસક્ષેપ નંખાવો તો લોકોત્તર મિથ્યાત્વ લાગે.

બાળ જીવોને એકદમ ધક્કો ન જ મરાય. જો ધક્કો મારે તો એ અન્યત્ર જઈ મિથ્યાત્વની વૃધ્ધિ કરશે. પૂર્ણ કર્મક્ષય કરવાની તાકાત અરિહંતમાં જ છે. એ એની તાકાત વાસક્ષેપ દ્વારા મેળવવાની છે.

**ધર્મ સિવાય કર્મની સત્તા હરાવનાર કોઇજ નથી.** વિવેક પૂર્વક ધર્મ ન હોય તો ધર્મ-અધર્મ રૂપ થાય છે. ધર્મશાસનમાં માત્ર પૈસાનું મહત્ત્વ નથી ત્યાગનું મહત્ત્વ છે.

કર્મનો ઉદય કયાંથી ? અજ્ઞાન અવસ્થાથી એ ઉદયને હટાવવા પ્રભુભક્તિ-ગુરુભક્તિ વિ. પધ્ધતિ બતાવે. **અજ્ઞાનદશાથી બાંધેલું કર્મ જ્ઞાન દશાથી તૂટે.** એ કર્મ તૂટવાનો પ્રોસેસ બતાવવો જોઈએ.

**ક્ષયોપશમ ક્ષાયિકભાવનું લક્ષ્ય તે સમ્યક્ત્વ.**

**ઔદાયિક ભાવનું લક્ષ્યને મિથ્યાત્વ.**

લોકોત્તર મિથ્યાત્વમાં પહેલું ગુણઠાણું આવી જાય. ઔદાયિક ભાવનું પોષણ તે પણ મિથ્યાત્વ છે. માટે પ્રભુ પાસે ઔદયિક ભાવના મનોજ્ઞ પદાર્થો અલ્પ પણ ન મંગાય.

પરમાત્માના શાસનને પામેલા શ્રાવકના હૈયે એટલું તો નક્કી હોય કે - "જે જિનભક્તે નવિ થયું તે બીજાથી નવિ થાય." **ધર્મ પુરુષાર્થ કરતાં આવેલી મુશ્કેલી ધર્મની આરાધનાથી દૂર થાય છે...!**

શ્રુતજ્ઞાનનો આ કિનારો=શબ્દજ્ઞાન...!

શ્રુતજ્ઞાનનો સામો કિનારો=ભાવજ્ઞાન...!

**આશ્રવ છોડવા લાયક, સંવર આચરવા લાયક.... એવું જ્ઞાન તે ભાવજ્ઞાન.**

નિત્થારગ = શ્રુતજ્ઞાનનો સામો કિનારો પામો. પુણ્ય ઉપાદેય નથી જ. એ શુભ આશ્રવ જ છે. નવા જીવોને મોક્ષની વ્યાખ્યા સમજાવવી, મોક્ષના સુખની વાત કહેવી. પુણ્ય મોક્ષની નજીક લઈ જાય. પણ.... છેવટે હેય જ છે! પુણ્યમાર્ગનો અવાંતર ઉપદેશ... અપાય-સીધો ન અપાય.

જ્ઞાનનું ફળ વિદ્વતા - જનરંજન પ્રસિધ્ધિ નહીં. મિથ્યાભિમાન નહીં. એ તો વિપરિણામ છે.

ખોરાકનું ફળ- પુષ્ટિ - સ્ફૂર્તિ છે. અજીર્ણ-ઝાડા એ તો ભોજનનું વિપરીત ફળ છે. તેથી **જ્ઞાનનું ફળ મોહના ક્ષયમાં છે.**

પૂર્વે ગુરુગમથી જ પાઠ લેતાં કાલગ્રહણ લેવું પડતું."કાલસ્ય ગ્રહણ"=કાળનું ગ્રહણ. પૂર્વે સંયમી આત્મા ઘડીયાળ નહોતા રાખતાં. પ્રતિક્રમણ કરી સૂત્ર પોરસી - કાલિક સૂત્રનો પાઠ લેતાં. પહેલા અને છેલ્લા પ્રહરે ભણાય તે કાલીક એ દ્વારા કાલનું નક્કી કરે.... પૂર્વે સાધુઓ નક્ષત્ર જોઈને કાળ નક્કી કરતાં હતા....!

# શ્રી દશવૈકાલિક વાચના - ૨૧

અલગ - અલગ પૂર્વોમાંથી એકજ સૂત્રમાં સાધુજીવનની મર્યાદા સંકલીત કરી છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ સામાયિકથી પણ છેદોપસ્થાપનીય આદિ ચારિત્રથી શાસન ચાલે છે. એની સર્વ પ્રાપ્તિ-મર્યાદા આ સૂત્રમાં છે. આ ન હોય તો સ્વચ્છંદતા આવે. આજ્ઞા પ્રધાન લક્ષ્ય દૂર થાય છે **સમગ્ર જિનશાસનનો પાયો દ્વાદશાંગીનો પ્રાણ આ દશવૈકાલિકસૂત્ર છે.** સમગ્ર આચારનું વર્ણન તથા નિષેધાત્મક વાતો આમાં કહી, ન કરવા લાયક કરે તો આગળ ન વધી શકે. અહીં ટુંકમાં.... આચારનું વર્ણન છે. માટે ૩જા અધ્યયનમાં ક્ષુલ્લકાચાર અને છઠ્ઠા અધ્યયન મહાચાર કથામાં વિસ્તારથી કહેશે.

જ્ઞાન માટે પ્રયત્ન કરવો તે જ્ઞાનીના જ્ઞાનોમાં યુક્ત-ઉચિત નથી. જ્ઞાનાચાર માટે જ જ્ઞાન ભણું છું આ વાત સાધુ જીવનમાટે છે. એને જ્ઞાનાચાર જ જરૂરી છે.

આરાધક ભાવનો પ્રાણ... ભ.ની આજ્ઞાને પ્રાણથી વધારે સમજી હૈયમાં ટકાવી. સક્રિય પ્રયત્ન કરે તે આરાધક ભાવના પ્રાણ છે. પણ પરમાત્માના શાસનમાં હૈયામાં ઉમળકા અને ઉમંગ થાય. એવું બાળ જીવોને શકય નથી. પરંતુ શ્રધ્ધાપૂર્વક પરમાત્માના શાસનને અંતરથી અપનાવે.

જેલમાં રહેલ કેદી પરાણે ભયંકર મજુરી કરે પણ આ શાસન જ મારા કર્મના બંધનો તોડાવનાર છે એવું વસી જાય. શાસન હૈયે

વસી જાય તો આજ્ઞા પ્રત્યે મન ઝૂકી જાય. શરૂઆતમાં ભલે દ્વિધા ચાલે. તો એને દંભ ન કહેવાય. આત્મા અને મન એક થઈ જાય એને માન કહેવાય. લોભ-મોહનીયનો ઉદય ભલે અહીં ઘર્ષણ ચાલે. વલોણું ચાલે ત્યારે...ધમ્મર..ધમ્મર...અવાજ આવે. ત્યારે જ માખણ બહાર આવે. અને અનાદિ ના સંબંધનો ખળભળાટ ભલે થાય. પણ પછી સંસ્કારો નો વિજય થાય....

આત્મા અને મનમાં ફેર શું ?

મનને ચલાવનાર આત્મા છે. પેલીવાર ચોરી કરનાર ચોરને ભય કેટલો? તેમ...આધાકર્મી આહાર વાપરનારને ભય હોવો જોઈએ. ભલે કદાચ દોષ સેવે તો એક - બે વાર તો પાછા હટે જ. એ વખતે અધ્યાત્મસાર વિ. ગ્રંથોનો સ્વાધ્યાય કરવો જોઈએ. અંતરાત્મા એટલે જેના આત્મામાં સમયે-સમયે જ્ઞાની પ્રભુની આજ્ઞાની વફાદારી શરૂ થાય તે.

સંસારનો વળવાડ જેમણે છોડયો છે એ સાધુ કદી શબ્દજ્ઞાનનો સહારો આશરો લે જ નહિ ત્યાં ૫૦ ઈન્કમ મળવાની બદલે ૨ની ઈન્કમ લે. હા...! દ્રવ્યજ્ઞાનનું મહત્ત્વ શ્રાવકને ભલે હોય. સંપૂર્ણ આશ્રવ તો સાધુજ છોડી શકે માટેં એને ભાવ જ્ઞાન છે.

જીતકલ્પમાં ગિહિજોગનાં ભંગનું પ્રાયશ્ચિત આવે. ગૃહસ્થના વળગાડ છુટી ગયા પછી એ શબ્દ ન બોલાય હા...! વહોરવા જાય ત્યાં બોલાય. સાધુને ભાવજ્ઞાનનું મહત્ત્વ છે.

જ્ઞાનની અસર અને જ્ઞાન શા માટે મેળવવું...? ઉદ્દેશ શો ? એ સમજવું. શ્રાવકને ભણવાનું શા માટે ? સંસાર છોડવા માટે આશ્રવ છોડવા માટે. "પ્રતિક્રમણ કરતાં આવડે માટે ભણું છું.." એમાં આચરણાનો આશય....ખ્યાલ બહાર ન જવો જોઈએ. પંડિત કે વિદ્વાન થવા માટે ન ભણે પણ સંસાર છોડવા ભણવાનું છે.

જે સંયમ લીધું છે તેમાં વિશુધ્ધિ થાય અને આજ્ઞા પ્રમાણે

મોહનીયનો ક્ષયોપશમ કરવાનું બળ મળે માટે સાધુને ભણવાનું છે. સાધુને સીધું (ડાયરેકટ) બળ મળે. શ્રાવકને ઈન્ડાયરેકટ બળ મળે. **મોહનીયનો ક્ષયોપશમ યા ક્ષય માટે જ સાધુ ભણે.** મોહનીયના... ક્ષયોપશમના ધ્યેયથી જ બધી ક્રિયા સાધુની હોય. કેવળજ્ઞાનની ભૂમિકાએ લઈ જાય એવો મોહનીયનો ક્ષયોપશમ ક્રિયા દ્વારા સાધુ મેળવે. અનુપમાદેવીએ ક્ષયોપશમની વિશિષ્ટતા એવી મેળવી કે બીજા ભવે મોક્ષ મળશે. મોહનીયનો ક્ષયોપશમ શ્રાવકને સીધોન મલે. એને આશ્રવમાંથી છુટવા માટે ક્રિયા છે. માટે... વાયા..વાયા..છે! સાધુને સંસારનો વળગાડ છુટી ગયો છે. વળગાડમાંથી છુટયા વિના આશ્રવ છુટે પણ પ્રમાણસર કારણ કે પૌષધ કરશે તો ૧ દિવસ કરશે. ૬૪ પ્રહરી કરશે તો ૮ દિવસ કરશે. પછી તો એને આશ્રવમાં જવું જ પડે.

પ્રશ્નઃ- કોઈ કાયમ પૌષધ કરે તો....?,

જવાબઃ- ના, કાયમ પૌષધ કરવાની પાછળ સેવા ન કરવી વિહાર ન કરવો એવો આશય હોય છે. ના..... બીજું કાંઈ કારણ હોય તો ? બસ-બીજું કારણ એજ વળગાડ છે.

સર્વવિરતિ - ચારિત્રનું લક્ષ ન હોય તો પાંચમું ગુણઠાણું ટકે જ નહીં. એમ લલિત વિસ્તારમાં પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજાએ કહ્યું છે.

રોજના પૌષધ કરનાર સંસારના મૂળ ન તોડી શકે ઉત્તરોત્તર બંધનમાંથી છુટવાની જરૂર છે. સાધુને જ્ઞાનની મહત્તા નથી જ્ઞાનાચારનું મહત્ત્વ છે.

પ્રશ્નઃ- 'પઢમં નાણં તઓ દયા' એ સૂત્રમાં એની ટીકા વાંચવા જેવી છે. મહાનિશીથમાં પઢમં નો અર્થ ઐશ્વર્ય, શ્રેષ્ઠ, પ્રધાન એ છે જેમાંથી દયા ન આવે એ જ્ઞાન નથી. ત્યાં 'તઓ' એ તસ્માત્ અર્થમાં છે. એટલે એ જ્ઞાનમાંથી દયા છે. જ્ઞાન પ્રધાન છે શ્રેષ્ઠ છે કેમ -

તેમાંથી દયા આવે છે.

પ્રાચીનકાળમાં કાલગ્રહણ લેતા - પ્રાદોષિક - સંધ્યાવેળા એ વખતે કાલગ્રહણ લેવાંનું. રાત્રીના પહેલા પ્રહરની ચાર ઘડી બાકી રહે ત્યારે પ્રદોષકાળ કહેવાય. સૂર્યાસ્તની ? ઘડ઼ી બાકી રહે ત્યારે પ્રદોષકાળ શરૂ થાય છે.

અન્યદર્શનીમાં પ્રાદોષવત્ છે. (પ્રદોષકાળ એજ વાઘાઈકાળ)વ્યાઘાતિ- વ્યાઘાત થવાનો સંભવ હોય તે. નક્ષત્રની અમુક ભૂમિકા હોવી જરૂરી છે. એમાં છીંક વિગેરે થાય તો વ્યાઘાત થાય. પૂર્વે આમ કાલગ્રહણ લઈને જ સ્વાધ્યાય કરતાં હતાં. એના ભગ્નાવશેષ ચિન્હ/૨ - સ્થિતિ/૧ આજે જોગમાં રહેલા છે. દાંડો લઈને બે સાધુ બહાર જાય.

એક દિશામાં ૬ એમ ૪ દિશામાં ૨૪ માંડલા હતા. પ્રાચીનકાળમાં ત્રસજીવો રહિત ભૂમિકા જોઈને ૩ ભૂમિ જુએ. ઉત્કૃષ્ટ ૧૦૦ ડગલા મધ્યમ ૫૦ થી ૧૦૦ વચ્ચે. જઘન્ય ઉપાશ્રયની બહાર. પ્રાચીનકાળમાં દાંડો લઈને બહાર-જતાં એ વખતે ભૂમિ જુએ. પણ એક-દોઢ કલાક પછી કોઈ અશુધ્ધિ તો નથી ને...? નથી થઈ ને ? એ જોવા નાક-ભૂમિને અડાડે. પછી કાન અડાડે આમ નાક સુંઘે પછી કાન સાંભળે. નાકથી સુંઘે તેમાં ઘી-તેલ વાળી ભૂમિ હોય તો ત્યાં કીડી વિગેરે આવવાની સંભાવના છે. માટે બીજે ક્રિયા કરે. અને અંદર ભૂમિમાં ભમરી વિગેરે હોય તો બીજે ક્રિયા કરે.

નક્ષત્ર-ચંદ્ર-સૂર્ય વિગેરને આપણે આમ પધ્ધતિ પૂર્વક જોતાં જમણો ઢીંચણ ઊભો કરે એની પર એક વેંત મૂકે પછી જે છાયા પડે એનો ૧૨૦ થી ભાગાકાર કરે. એ પરથી સમયમાન કરે. પૂર્વકાળની સેન્સ (બુધ્ધી) આજે નાશ પામી છે. અને ઘડીયાળથી કામ કરીએ છીએ. સમયે-સમયે સ્વાધ્યાય આરાધનાં કરનારને વળી ઘડીયાળની જરુરેય શી ? પ્રતિક્રમણ કરીને સૂઈ જઈએ. અને વાતો કરતાં ૧૨

વાગે. સ્વાધ્યાય કે આરાધનાની ક્યાં પડી જ છે.

પરાવર્તનશીલ આત્માને માને તો હિન્દુ-હિળ્ડતી- ઇતિ-હિન્દુ. જૈન જેવા હિન્દુ જગતમાં કયાંય નથી. **૮૪ લાખ જીવાયોનિમાં ભ્રમણ વિગેરેની સૂક્ષ્મ વ્યાખ્યા માત્ર જૈન દર્શનમાં જ છે.** ભાગવતમાં ૮૪ લાખ જીવયોનિની વ્યાખ્યા છે. પણ મનુષ્ય ભવ છેલ્લો ભવ છે એમ માને છે. રાત્રે બગાસું કે છીંક ખાવાની મનાઇ છે તો..... એલાર્મ વાળા ઘડીયાળથી દોષો કેટલા ?

કાચો મળ મગજમાં જમા થાય તો છીંક આવે ગેસ થાય તો બગાસા આવે. આયુર્વેદમાં બધી વાતો વ્યવસ્થિત છે. કાચો મળ જામી જાય તો કફ થાય.

ખાવાથી શક્તિ ન આવે. ખાધેલા ખોરકનો રસ થાય પચે તો શક્તિ ન આવે. ઉધરસ કે બગાસું ખાય તો પ્રાયશ્ચિત બતાવ્યું છે. થાળી વિગેરેનો ખખડાટ થાય અને ગિરોળી જાગે તો હિંસાનું પાપ સાધુને લાગે. ત્રણ ધસરકે બગાસું ન ખવાય તો બીજો અવાજ થાય જ કયાંથી ?

પચાસ સાધુ મુકામમાં હોય તો પણ કોઈને ખબર ન પડે. આજની આપણી પધ્ધતિ કેટલી અનુચિત છે ? સંયમની સાધના છે કે શરીરની ?

ગૌમુત્રિકા પધ્ધતિથી સાધુ માંડલીમાં બેસે પ્રતિક્રમણ કરે. **સવારમાં સંસારથી તારનાર ઓઘાને પગે લાગે.** પછી એ ઓઘાને આપનાર ગુરૂમહારાજને પગે લાગે. પછી કામળી ઓઢી માત્રું કરવા જાય.

સવારમાં ઉઠીને માત્રું કરવા ન જાય તો જીતકલ્પમાં પ્રાયશ્ચિત છે. સવારમાં માત્રું કરવા ન જાય તો ઝેર થાય. હોજરીમાં બગાડ થાય અનેક રોગો થાય. સવારે મંદસ્વરે આદેશ લે. અને સવારે

સ્વતંત્ર પણ માંડલીમાં જ પ્રતિક્રમણ કરે. સૌ પોતાની રીતે કરે. હા...બાલ-ગ્લાન વિગેરેને કરાવે. આદેશ સૌ-સૌનાં જુદા માંગે. પણ કરે સાથે. ગુરુમહારાજનાં ઈરિયાવહિયા ચાલતા હોય અને આપણે પૂરા કરી લઈએ તો ૫ ૩૩ આશાતના પૈકી આશાતના છે. ગુરુ મહારાજ કરતાં વધુ સ્પીડ હોય તો બ્રેક મારવી પડે. પ્રતિક્રમણ-પડિલેહણની અનંતર ક્રિયા છે. એવો સ્પષ્ટ પાઠ છે. સ્વાધ્યાય તો પહેલાં જ કરે, સવારે બે ઘડી પહેલાં પ્રતિક્રમણ પછી તુરત જ પડિલેહણ કરે.

સંથારા પોરસી છ ઘડી રાત જાય પછી જ ભણાવે. પરમાત્માની આજ્ઞાના સક્રિય પાલન માટે જ કાલગ્રહણ લેવાના છે. પહેલા અને છેલ્લા પ્રહરમાં ઉતરાધ્યયન કાલિક વિગેરે ભણાય.

# શ્રી દશવૈકાલિક વાચના - ૨૨

## શાસન સ્થાપના દિન

અનાદિ કાળથી આપણા આત્મામાં કૌરવ-પાંડવોનું યુધ્ધ ચાલુ છે. આત્મા પાંડવ પક્ષમાં છે. અને કર્મ કૌરવ પક્ષમાં છે. જેમ-જેમ ઇન્દ્રિયો મળી તેમ-તેમ તોફાન વધ્યું. એમાં ય મન મળતાં એ તોફાન બેફામ થયું. **અપેક્ષાએ ચાર ગતિનું સર્જન મનથી જ થયું... એ ગતિઓનું** વિસર્જન માત્ર પરમાત્માની શાસનથી જ થાય. બાકી ત્રણ ગતિ નિષ્ફળ ભલે અમુક કાર્ય દેવો કરે. પણ... સર્વાધિકારી તો મનુષ્ય જ..! તેમાં ય સાધુ-સાધ્વી...! મનને જીતનાર સાધુ-સાધ્વી જ. એ માટે મહાવ્રતો અને આજ્ઞાનું પાલન. આમ કરવાથી મનની હાર થાય. આત્માની જીત થાય. તે ગુણસ્થાનકોમાં તે-તે આજ્ઞા બતાવાથી એજ શાસન છે.

મનનો જય કરવા મનને સ્વાધીન કરી મોહનો પરાજય કરવાનો છે. બળાત્કારથી મનનો જય કરવાથી પાંચે ઇન્દ્રિયની પરાધીનતા ઘટે. આજ્ઞાની વફાદારી વધે તો મોહ ઘટે.

**સાધુજીવનમાં આવતી મંદતાને દૂર કરી આજ્ઞામાં સ્થિર થવું.**

"નિવ્વુઇ પહ સાસણયં

પૂ. આચાર્ય શ્રી દેવર્ધ્ધિ ગણી ક્ષમાશ્રમણે ઉપરાઉપરી પડેલ ૧૨ વર્ષના ચાર દુકાળમાં આગમનાં વારસાને ટકાવવા એમને ભગીરથ પુરુષાર્થ કર્યો છે. એ વખતે અનેક ગ્રંથો પૈકી જિનશાસનને

સમજાવનાર આ શ્લોક છે. ભ. કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તરત જ સમવસરણની રચના કરે..... દેશનામાં સન્માર્ગનો ઉપદેશ દે પણ એમાં એ દિવસે શાસનની સ્થાપના કરે પણ મહાવીર પ્રભુની પ્રથમ દિવસે.... દેશના સફળ ન થઈ. કલ્પ પુરતી બે ઘડી દેશના આપી... અને મહસેન વનમાં પધાર્યા.

બીજે દિવસે उपमेइवा - विगमेइवा - धुवेइवा દ્વારા શાસનની દ્વાદશાંગીની રચના કરી. આમ કહેવાય શાસનની સ્થાપના થઈ. મર્યાદિત બંધારણ તે શાસન. સનાતન-સત્યાદિ તે ધર્મ વ્રતો-મહાવ્રતો-સમ્યક્ત્વ તે ય ધર્મ છે.

યુગલીયાના સમયમાં પ્રભુએ નીતિ બતાવી. બીજા ભગવાનની પેલા ૫૦ લાખ સાગરોપમનું અંતર પડયું. પછી અંતર ઘટી ગયું. પછી પાર્શ્વ-વીર વચ્ચે માત્ર ૨૫૦ વર્ષ . તો શાસનની સ્થાપના શા માટે કરી ? તે સ્વશક્તિ ખલાસ થઈ છે તેમાં પુનઃ તેજ પુરવા માટે શાસનની સ્થાપના કરી. મોક્ષ આપવાની શક્તિ ક્ષીણ થઈ તે શક્તિ પૂરી કરી.

**ધર્મ એ શરીર**

**શાસન એ પ્રાણ.**

**ધર્મ એ ખોળીયું**

**શાસન એ પ્રાણ.**

**મનને પોતાને સ્વાધીન કરી મોહને જીતવો એ જિનેશ્વરનું શાસન છે.** આપણે કેવી રીતે જીવન જીવવું તેનાં કાયદા તેનું નામ શાસન છે.

ધર્મ અને શાસન એક નથી. શાસન જુદુ છે. નિવૃત્તિપથનું શાસન કરે તે શાસન. કર્મના બંધનો તોડી શકે તે શાસન...! મોક્ષ મેળવી આપે તે શાસન રાગ-દ્વેષની ભૂમિકા ઘટાડે તે શાસન.

ધર્મક્રિયા એ ઔષધ છે. શાસન એ પરેજી છે. પાળ્યા વિના રોગ દૂર થાય ? એ પુણ્ય હોય તો થાય. નહિતર ન થાય. સુશ્રુત ગ્રંથમાં વૈધકારે કહ્યું છે કે પથ્ય જ પાળે તો.... દવાની શી જરુર ...? પથ્ય ન પાળે તો દવા શું કરે ?

શાસનથી અનાદિના ઈન્દ્રિયોના તોફાન શાંત થાય. જેનાથી અનાદિકાલીન વાસના કાબુમાં આવે તે શાસન. જેનાથી ઈન્દ્રિયોના તોફાન કાબુમાં આવે ને શાસન...!

શાસન બે પ્રકારે મોહનું અને આત્માનું...! આ બંને શાસન સમાંતર ચાલે છે. રોગો થવાના ચાર કારણ... વાત, પિત્ત, કફ અને પ્રજ્ઞોપરાધ તેમાં પ્રજ્ઞાપરાધ એટલે જાણી જાઈને ઈન્દ્રિયનાં ગુલામ થવું તે.

પ્રજ્ઞાપરાધમાં - રાગ-દ્વેષ અને, મોહ ના કારણ છતી શક્તિએ શાસનને સમજીયે નહીં. આચરીયે નહીં. આથી વીર્યા-તરાય બંધાય. એથી દર્શનાવરણીય - જ્ઞાનાવરણીય બંધાય. આ પેલા રાગ-દ્વેષ-મોહ ભયંકર છે. તેનાથી સંસાર છે. આપણી કોઈપણ પ્રવૃત્તિ જિનાજ્ઞા વિરુધ્ધ ન હોવી જોઈએ. આપણા જીવનમાંથી શાસનનું મહત્ત્વ ઘટી ગયું છે. આજ્ઞા એજ પ્રાણ બને. દુનિયામાં પ્રેરાઈ ન જઈએ. એજ મહત્ત્વનું છે. જ્યારે આત્મા સંસ્કારને આધીન બને ત્યારે મોહનાં શાસનમાં આવે. અને જ્યારે આજ્ઞાને આધીન બનીએ ત્યારે પોતાના અહંનું અસ્તિત્વ મટી જવાથી પ્રભુના શાસનમાં આવે.

પરમાત્માના ૩૩ વિશેષણોમાં "તિત્થયરાણં" જેનાથી રાગ-દ્વેષ-મોહ છુટે. **જન્મ-મરણનાં દુ:ખથી ટાળનાર હોય તે તીર્થંકર.** 'જો' અને 'તો' મુખ્ય છે. જો શાસનની આજ્ઞાના બંધારણને કરે તો મોક્ષ થાય. તીર્થને કરનાર તીર્થંકર...! યોગ શાસ્ત્રમાં કહયું છે કે જીવ નિગોદમાંથી નીકળી અને ૧૩મા ગુણસ્થાનક સુધીના ગુણો પાંમી તે સિધ્ધના ગુણોથી આગળ વધી શકે છે. ધર્મમાં નવું કરવા પણું કંઈજ

નથી. ધર્મનો અનાદિનો સત્ય સનાતન છે જ પણ... મહાવ્રતો એટલેકે સર્વથા પ્રાણાતિપાત વિરમણ ઈત્યાદિ મહાવ્રતોનો આદર કરવો જોઈએ.

ઉપધાનાદિ ધર્મમાં આજ્ઞાનું મહત્ત્વ કેટલું ? અહંભાવનું વિસર્જન કેટલું....?

પુણ્યપાળરાજાને કાર્તિક વદ - તેરસના ૮ સ્વપ્ન આવે છે એનું ફળ પ્રભુને પૂછે. રાજાનો અહંભાવ નહોતો શાસનને મારું માનતા, તરણ-તારણ માનતાં આ.... સ્વપ્નથી શાસનને શું ધક્કો પહોંચશે ? એ જાણવા માટે પૂછે. મારું શાસન આમ બોલતાં પોતાનું મન ઈન્દ્રિય વિગેરેનું જોર ઢીલું પડે.

મોહનું શાસન અને મહાવીરનું શાસન સમાંતર છે. **આજ્ઞાની આધીનતાથી ચાલે તે મહાવીરનું શાસન.. મનની આધિનતાથી ચાલે તે મોહનું શાસન (શાસ-કંટ્રોલ)** ગમે તેવા યુધ્ધમાં પણ કવચ પહેરેલો સૈનિક તેનાં પર શસ્ત્રોની વૃષ્ટિ થતી હોય તો પણ તે ગભરાય નહીં તેને આધારની જરૂર ન રહે, તેમ **શાસન જિનાજ્ઞાનું કવચ હોય તો મોહના તોફાન દૂર થાય.**

ચાલુ કારમાંથી એકજ સ્ક્રૂ નીકળી જાય તો એને ખટારે બાંધવાથી એ મોટર દોડી જાય. તેમ આપણે-આપણું અસ્તિત્વ ખલાસ કરીએ અને આજ્ઞારૂપી દોરડે બંધાઈએ તો આપણી મતિ સત્ બની જાય.

ઈશ્વર કર્તૃત્વ એ આપણે માન્ય નથી પણજે આત્મ વિકાસ કરે, પુરુષાર્થ કરે તે જ સિધ્ધ થાય. તે માટે આપણે-આપણું અસ્તિત્વ મટાવી દેવું જોઈશે. એ માટે અહીં વિશિષ્ટ તૈયારી કરવાની છે. આજ્ઞાનું મહત્ત્વ - આજ્ઞાનું સારીતા એજ શાસન.

આપણે ક્યાં છીએ ? કઈ સ્થિતિમાં છીએ...?

સિધ્ધક્ષેત્રનું વાયુ મંડલજ એવું છે કે થોડું કરવાથી ઘણો લાભ મલે. ધર્મની, તપની, ક્રિયાની મહત્તા વધી, પણ આજ્ઞા છે ? એ વિચારવું.

તપ પછી ઓચ્છવ કરાવવા એ અહંભાવનું પોષણ છે.

ધર્મસંગ્રહનો બીજો ભાગ, પંચવસ્તુ, ઓઘનિર્યુક્તિ શ્રી દશવૈકાલિક એ સાધુ સમાચારી માટે જરૂરી છે. એના આધારે કરેલ વિશિષ્ટ આરાધના મોક્ષ તરફ આગળ વધવામાં સહાયક બને છે.

સેંકડો વર્ષ થવા છતાં પરમાત્માનું શાસન...એક છત્રીય ચાલી રહયું છે. એનું મજબૂત કારણ આગમો છે. નોળવેલની સુગંધથી નોળીયો ભયંકર સર્પને હરાવી દે છે. એમ **પ્રભુના આગમથી મોહનીયનું ઝેર ઉતારવાનું છે. કર્મ વિષને ઉતારવા સૂત્રએ મંત્ર છે.** ધર્મએ માર્ગ છે. શાસન એ દિશા છે. દિશા નક્કી કર્યા પછી જ માર્ગે ચાલવા નક્કી કરવું જોઈએ.

ચિત્તપ્રસાદ, ચિત્તપ્રસન્નતા એજ તેજો લેશ્યા છે. રત્નાકરની પાસે જવા માત્રથી કે પ્રાર્થના કરવાથી રત્નો પ્રાપ્ત ન થાય. માત્ર છીપલા મળે. એને વટાવવાથી કેટલી કિંમત મળે ? **યત્કિંચિત્** મોતી કયારે મળે ? મરજીવા બને, ઊંડા ઉતરે તો. પ્રભુમહાવીરની ૧૨॥ વર્ષ સુધી કેટલી ભવ્ય અપ્રમત્તતા હતી. ત્યારે એ મોતી પાકયા અને મળ્યા આવું રૂડું શાસન પામીને આપણે કંઈક કરીએ તો જ લાભ છે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૨૩

અનંત ઉપકારી તીર્થંકર પરમાત્માએ જગતના જીવોને કર્મના બંધનમાંથી શાસનની સ્થાપના કરી તેમાં સર્વવિરતિ બતાવી આશ્રવ ન અટકે ત્યાં સુધી લાભ નથી. **ચાર મૂળસૂત્રમાં સંયમ જીવનની મર્યાદા છે.** આચાર - મર્યાદા પૂર્વક ચાલવું, **જ્ઞાની ભગવાનની આજ્ઞા પ્રધાન પ્રવૃત્તિ થાય તો સંવર વધે. આશ્રવ ઘટે.** જ્ઞાની ભગવંતની આજ્ઞાપ્રધાન પ્રવૃત્તિ જ કહેવાય. એમાં જ્ઞાનાચારનું સ્વરૂપ ચાલે છે. જ્ઞાન કરતાં જ્ઞાનાચારની મહત્તા છે. જ્ઞાનથી પ્રકાશ થાય હેય-ઉપાદેયનો વિવેક ન થાય તો બકરીના ગળે લટકતાં આંચળ જેવું જ્ઞાન કહેવાય. ૮ પ્રકારનાં આચાર અપનાવાય તો જ એ જ્ઞાનાચાર. અને એથી જ આશ્રવ ઘટે.

**"खणे खणे कुणह सज्झायं"** ખણ એટલે ક્ષણ નહિ પણ આહાર વિહાર-પડિલહેણઆદિ આવશ્યક ક્રિયા સિવાયના અવસરોચિત્ત સ્વાધ્યાય કરે. કાળ એ જ્ઞાનાચારનો ભેદ છે. સમગ્ર સાધુજીવનની દૈનિક ક્રિયામાં સ્વાધ્યાયની કેટલી મહત્તા છે? પહેલા-છેલ્લા પ્રહરમાં ભણાય તે કાલિક યા જેના કાલગ્રહણ લેવા પડે તે કાલિક.

જેના કાલગ્રહણ લેવા ન પડે તે ઉત્કાલિક પ્રતિક્રમણ પછી ઘણા વ્યાઘાત થવાનો સંભવ છે. તેથી તે વ્યાઘાતિક કાલગ્રહણ છે. સૂર્યાસ્ત પછી સવા કલાક ઉત્કૃષ્ટ પ્રાદોષિક કાળ કહ્યો છે. તેમાં પ્રાદોષિક કાલ

ઉત્કૃષ્ટ પ્રાદોષિક કાળ કહયો છે. તેમાં પ્રાદોષિક કાલ છે વ્યાઘાત.=છીંક વિગેરે આવવાનો સંભવ છે. તે વાઘાઈ કાલગ્રહણ કરે. એક સાધુ કાલગ્રહણ લઈ સ્વાધ્યાય કરે. પણ પેલો પ્રહર પૂર્ણ થયા પછી પણ ઉપયોગ ન રહેવાથી સ્વાધ્યાય કરે છે. બાજુમાં રહેલ સમ્યગ્દ્રષ્ટિ દેવીનું આકર્ષણ થાય છે. એમનું જીવન ત્યાગ તપોમય હતું.... કદાચિત્ ઉપયોગ રહિત પણે.. એમની ભૂલ થાય તો સમ્યગ્દ્રષ્ટિ દેવો એમનું ધ્યાન ખેંચે. હલકા-મિથ્યાત્વી-ક્ષુદ્રદેવતાઓ આવા કારણે ભૂલનો લાભ લે છે. માટે નિર્દોષપણે ઉપયોગ પૂર્વક તત્પરતા કેળવવી. સંયમીને વળગાડ થાય. એની પાછળ સંયમનું બળ ઓછું છે માટે ભૂઆ વિગેરેનું શરણ લેવું પડે છે. સુંદર આજ્ઞાનિષ્ઠ હોઈએ તો ક્યારેક શરતચૂક થાય તો સમ્યગ્દ્રષ્ટિ દેવો ભૂલ સુધારે. વૈમાનિક દેવો પણ સાધુની તીવ્ર તપ સાધના ન ખમી શકે. તો મિથ્યાદ્રષ્ટિ દેવોની વાત કયાં....?

**મંત્ર દ્વારા વાયરનું કનેકશન મેળવવું અને સંયમનો પાવર મેળવવો.** આયંબિલની વિશુધ્ધિ દ્વારા એજ મંત્ર વિશેષ લાભ કરે.

પેલા સાધુને જાગ્રત કરવા દેવી "છાશપીઓ વિગેરે કહે. આથી સાધુને સ્વાધ્યાયમાં સ્ખલના થઈ અને કહે છે કે અત્યારે છાશ વેચવાનો સમય છે ? દેવી કહે તો શું કાલિક સૂત્રના સ્વાધ્યાયનો કાળ છે ? સાધુ જાગૃત થયા તો ઓહો... આ તો બીજો પ્રહર થઈ ગયો. 'મિચ્છામિ દુક્કડમ્' માગે. ચારે વિકાળ વેળાનો ત્યાગ કરી સ્વાધ્યાય કરવો એ જ્ઞાની ભ.ની આજ્ઞા છે. મધ્યરાત્રિએ સાધુ માત્રુ કરવા જાય તો આવીને તરત સૂઈ ન જાય. 'किं मे कडं' વિચારે સ્વચ્છ થયેલ મગજમાં આ વિચારણા કરે. આકુળ વ્યાકુળ મગજ ન હોય તો આ વિચારી શકે.

ઝાડની આજુબાજુમાં કયારી હોય છે. તેમાં સમયે સમયે પાણી નાંખવું પડે. પછી એના મૂળીયા બંધાય પછી પાણીની જરૂર નથી. તેમ અમુક પર્યાય ન થાય ત્યાં સુધી અમુક છેદસૂત્ર.- નિશીથસૂત્રની

પાંચમી ચૂલિકાનો સ્વાધ્યાય ચાર વેળાએ કરે. અનુપ્રેક્ષા કરે આશ્રવ ઘટે, સંવરવધે એજ એનું ફળ છે. એમાં તો આશય ફરી જાય તો મોહનીયનો ઉદય છે. ઉદ્દેશ ફરી ન જાય તે માટે અધ્યાત્મસાર, તત્વાર્થની અંતકારીકા, જ્ઞાનસાર વિગેરે દ્વારા, વૈરાગ્યને સ્થિર કરે. **જેના દ્વારા આત્મા પોતાના ઉપયોગમાં જઇ શકે તે સ્વાધ્યાય.** ઉપરોકત સ્વાધ્યાય સીધી રીતે અસર કરી શકે. શબ્દમાં જ એવી જરૂર તાકાત છે કે મોહનીયને ધક્કો લાગે જ. વૈરાગ્ય પ્રધાન, સંયમપ્રધાન ગ્રંથોનું માંથન કરે. પછી ગમે તેવા સુંદર ગોચરીના..... પદાર્થો, સુંદર વસ્ત્રો આવે તો પણ તે જરૂરી જ લે બાકીનો ત્યાગ કરે.

આ ભક્તિ સંયમની છે મારામાં યોગ્યતા છે કે નહીં ? એનો વિચાર કરે. પ્રાચીનકાળમાં અનુયોગ હતો. સૂત્રને અર્થની પાછળ જોડવા તે અનુયોગ. હા.... એનો લાભ ગૃહસ્થ લઇ જાય તે વાત જુદી પણ ગૃહસ્થ માટે ઉપદેશ છે. **આશ્રવ - સંવર - નય- નિક્ષેપા દ્વારા તાત્ત્વિક ભૂમિકા કેળવે. તો અનાદિનાં સંસ્કારોનો ક્ષય થાય.** વિક્રમસંવત ૧૯૭૧ થી ૭૭ સુધીની સાલમાં પૂ. આગમોધ્ધારક શ્રીએ સેંકડો સાધુ-સાધ્વીને આગમીનીવાચના આપેલ, આગમિક અભ્યાસમાં આવેલ મંદતાને પૂજ્યશ્રીએ જાગૃતિ લાવી હતી. એમાં કાળક્રમે મંદતા આવી અને સાધુ ઓચ્છવ - ઉજમણામાં પડી ગયા. માટે વ્યાખ્યાન આપતા થઇ ગયા. પણ એ બરોબર નથી. સામે શાસ્ત્ર રાખીને જ વ્યાખ્યાન આપવું જેથી શાસ્ત્રની બહાર ન જવાય. અને છાપાનો નવો સહારો ન લેવો પડે.

આગમના માધ્યમથી વ્યાખ્યાન-વાચના થાય તો ભગવંત પર બહુમાન ભાવ જાગે છે. બગીચાની કયારીમાં ફુલ-ઝાડ વાવે તો શરૂઆતમાં વારે-વારે પાણી પાવું પડે છે. પછી થડ બંધાઇ જાય તો મૂળીયાં દ્વારા પાણી ગમે ત્યાંથી ખેંચી લે છે...... તેમ **નવદીક્ષિતને રોજ વૈરાગ્ય પોષક ગ્રંથનો સ્વાધ્યાય કરાવવો જોઇએ.** મૌલિક વાણીનો સ્વાધ્યાય કરવો જોઇએ. આવશ્યક, દશવૈકાલિકનો વારંવાર

સ્વાધ્યાય થાય તો મોહનીયના સંબંધ ઢીલાં પડે. વડી દીક્ષા ન થાય ત્યાં સુધી રોજે મૂળ દશવૈકાલિક સાંભળવું. એના શબ્દમાંજ તાકાત છે કે મોહનીયનું ઝેર ઢીલું થાય છે. પછી એના અર્થનું પારાયણ કરવું. **સંયમનું બળ આ સ્વાધ્યાયમાંથી જ મળે છે.** રોજ એનો સ્વાધ્યાય કરવો. એ ન થાય તો વૃધ્ધિવિજયજી કૃત ઢાળોનું પારાયણ કરે. હેલા ૪,૫,૬,૮,૧૦ મું અધ્યયન અને તેની ચૂલિકાનો સ્વાધ્યાય થાય તો ય સંયમનું અપૂર્વ કોટિનું બળ મળે છે.

**વૈરાગ્ય રૂપી વૃક્ષને મજબૂત કરવા સ્વાધ્યાયએ પાણી છે.**

વિણએ-જેણે શ્રુતજ્ઞાન મેળવવું છે તેણે.. ગુરુનો વિનય કરવો જોઈએ.

ગુરુનો વિનય બહારથી આવે તો પગ ધૂએ યા રજ લુ છે. ધાવનના અર્થ- બે ખરડાયેલ હોય તો પાણીથી દૂર કરે. રજ હોય તો વસ્ત્રથી દૂર કરે. **વિનય વિના વિવેક ન આવે.** અવિનયથી જ્ઞાન ભણે તો દોષનો નાશ ગુણની પ્રાપ્તિ વિગેરે ન થાય. અવિનયથી ભણેલાને જ્ઞાન ન થાય. કદાચ વકીલ-ડોકટર થાય તો એનામાં અભિમાન-અક્કડતાં-સ્વચ્છંદતા જ હોય.

જ્ઞાન ભણે તો ફળ શું ? વિનય...! આવડવું એ તો અવાંતર ફળ છે. શ્રેણિક-ચેલણાનું દ્રષ્ટાંત..... અવનામિની- ઉન્નામિની વિદ્યાના બળથી ચંડાળ કેરી લાવે. અભય એને પકડે છે. શ્રેણિક પાસે લાવે છે. એ કહે આજે વિદ્યાના બળથી કેરી લાવ્યો કાલે તો રાજ્યમાં ચોરી કરશે. એને ફાંસીની સજા કરો. અભય કહે પિતાજી! એની વિદ્યા જ લઈ લો. શ્રેણિક એમ કરે પણ વિનય વિના વિદ્યા આવડે નહી. અભય એમને વિનય વિના અક્કડાઈ - અભિમાન- સ્વચ્છંદતા પ્રગટે. **ખેતીનું ફળ અનાજ છે. ઘાસ નહીં. તેમ જ્ઞાનનું ફળ મોહનીયનો ક્ષયોપશમ છે.** જ્ઞાન આવડે એ અવાંતર ફળ છે. મોહના સંસ્કારોની લઘુતા થવી જોઈએ.

# શ્રી દશવૈકાલિક વાચના - ૨૪

થોડી વાતો તે આલાપ....!

ઘણી વતો તે સંલાય......!

વગર બોલાયે બોલે તે ઉલ્લાય...!

શ્રુત ગ્રહગણના ઉદ્યતે ! ગુરુનું બહુમાન કરવું.

આ મારા તરણ-તારણ છે. એ રીતે ભાવ પ્રતિબંધ અંતરંગ પક્કડ હોય છે. જેને આ બહુમાન હોય છે.

તેને અધિક ફળવાળું શ્રુત થાય છે.

(૧) એકને વિનય હોય પણ બહુમાન ન હોય.

(૨) બીજાને વિનય ન હોય પણ બહુમાન હોય.

(૩) ત્રીજાને વિનય હોય અને બહુમાન હોય.

(૪) ચોથાને વિનય ન હોય અને બહુમાન ન હોય.

પહેલાનું ઉદાહરણ એક ગિરિકંદરમાં શિવ છે. બ્રાહ્મણને ભીલ બંને પૂજે છે. બ્રાહ્મણ વિધિપૂર્વક ઉપલેપન સમાર્જન કરે છે. પવિત્ર થઈને વિનયયુક્ત સ્તુતિ કરે છે. પણ બહુમાન નથી. જ્યારે ભીલના હૈયામાં..... બહુમાન ભાવ પ્રતિબધ્ધ, બીજી સામગ્રીના અભાવમાં માત્ર પાણી ભરીને ભીલ સ્નાન કરાવે. એ શીવ એની સાથે આલાપ - સંલાપ વડે રહે છે. એક વખત બ્રાહ્મણ વડે ઉલ્લાપ સંભળાયો.

બ્રાહ્મણે કહ્યું તું હલકો દેવ છે.. જેથી આવાં એંઠા સાથે વાતો કરે છે. તે મને બહુમાને છે. તું એવો નથી. એક વખત શીવે આંખ કાઢી નાખી. બ્રાહ્મણ આવ્યો. જોયું, રડીને શાંત થયો. ભીલ આવ્યો. શીવની આંખ ન જોઈ. તરત પોતાની આંખ ઉખાડી શીવને લગાવી. બ્રાહ્મણને વિશ્વાસ ઉત્પન્ન કરાયો. જ્ઞાનવાનને વિષે વિનય તથા બહુમાન કરવું. જ્ઞાનની શ્રુતગ્રહણની ઈચ્છાવાળાએ ઉપધાનાદિ યોગ કરે કરાવે તપથી વિશુધ્ધિ દ્વારા જ્ઞાનાદિનાં નજીક જવાય છે. તે ઉપધાન-યોગ વહન કરવાપૂર્વક જ્ઞાન ગ્રહણ કરવું તપ અને સંયમની આરાધના દ્વારા જ્ઞાનનો વિકાસ કરે છે. ત્યાં ઉદાહરણ - એક આચાર્ય તે વાચનામાં થાકેલા.... પરિશ્રાન્ત થયેલા. સજઝાયમાં પણ અસજઝાયની ઘોષણા કરવા લાગ્યા. જ્ઞાનાન્તરાય બાંધી કાળ કરીને દેવ થયા. ત્યાંથી આયુ ક્ષયે ચ્યવીને ભરવાડ કુળે ભરવાડ થયા. સંસારના ભોગ-ભોગવાંતા એક પુત્રી થઈ. તે રૂપાળી હતી. ગાડા લઈને જતા હતા. છોકરી ગાડામાં આગળ બેઠી. તેના રૂપમાં આસક્ત યુવાનો બીજા ગાડા સામા ડરી ચાલવા લાગ્યા. તેઓ વડે ગાડાઓ ઉત્પર્થમાં પડયા. વિરોધમાં પડેલાં છતાં મગ્ન થયા. લોકોએ તેનું નામ અસગડ પાડયું. બાદ અસગડ પિતા અન્ય લોકો રૂપમાં આસકત થતાં જોઈ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. ઉત્તરાધ્યયનનાં જથા અધ્યયનની ૧૪ ગાથાઓ ચડતી ન હતી. મૂળ ભણે છે. જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું. ભણે છે પણ ચડતું નથી. આચાર્યો કહે છે કે છઠ્ઠવડે તારી અનુજ્ઞા કરાય છે. તેણે પૂછયું કે આ તો ત્યાગ કેવો છે ? જ્યાં સુધી ન આવડે ત્યાંસુધી આયંબિલ કરવા જોઈએ. તે પ્રમાણે તેઓ ભણ્યા તેમ ભણતાં ૪ અધ્યયન ૧૨ વર્ષે ભણાયુ. આયંબિલ કરાયા. જ્ઞાનાવરણીય કર્મ ક્ષય થયું. કેવલજ્ઞાન પામ્યા. જે જેની પાસે ભણ્યા હોય તેનો નિહ્નવ ન કરવો. તેથી ચિત્તની કલુષિતતા થાય છે. એક હજામની પેટી વિદ્યાના સામર્થ્યની આકાશમાં રહેતી. વિદ્યાસાધકે વિનયપૂર્વક હજામ પાસેથી વિદ્યા લીધી. તેનું ત્રિદંડક આકાશમાં ચાલે છે. રાજાએ પૂછયું કે પરિવ્રાજક! આ તપ કે વિદ્યાતિશય! છે ? જ.

વિદ્યાતિશય છે. કોની પાસેથી ગ્રહણ કરાણ ? જ. હિમવંતમાં ફલાહારી ઋષિ પાસેથી ભણાઇ આ કહ્યે છતે સંકલેશથી દુષ્ટતાથી તે ત્રિદંડડં ખડ...ડ.. કરીને પડયું. ગુરુ અલ્પાગમ હોય તો હું અન્ય પાસેથી ભણ્યો છું એમ કહેતાં વિદ્યા પરલોકમાં સુખાકારી થતી નથી.

અશકય પિતાવડે જેમ આગાઢ યોગ અનુપાલન કરાયો. તેમ અનુપાલન કરવા યોગ્ય છે. સૂત્ર-જ્ઞાનમાં પ્રવર્તાએ સૂત્ર-અર્થનો ભેદ ન કરવો.

આગમના સૂત્રોનું સમશ્લોકોનું ભાષાંતર ન કરાય. ત્યાં વ્યંજન ભેદ ધમ્મો મંગલમુક્કીઠ તેના બદલે पुव्वं कल्लाण मुक्कोसं અર્થભેદ आवन्ति केयावन्ती लोगाए = વિપરામુતાન્તિ યાવન્ત=કેચન પાખંડી લોગ વિપરામુશન્તિ ત્યાં અર્થની બદલે અવાન્તિ જનપદમાં કેયા રજ્જુવાન્તા પતિતા લોકા પરામૃશન્તિ કુવે એમ કહે છે.

ઊભય ભેદ-ધમ્મો મંડગલ મૃતકૃષ્ટઃ-અહિંસા પર્વત મસ્તકે ઇત્યાદિ. ઉદાહરણ - કુમાર અધિયતાં કુમારઃ अंधियतांकुमारः એમાં અનુસ્વાર વધારે લખવાથી કુમારને ભણવાને બદલે અંધ કરવાનો અર્થ થવાથી સંપ્રતિ રાજાના પિતાની આંખ ગઇ. વ્યંજન ભેદે અર્થ ભેદ - ક્રિયાભેદે મોક્ષ અભાવ. તેથી દીક્ષા નિરર્થક છે. એમ વાદી શંકા કરે છે..

# શ્રી દશવૈકાલિક વાચના - ૨૫

પ્રણિધાન એટલે લક્ષ્યની જાગૃતિ.

લક્ષ્યની જાગૃતિ એટલે કર્મના બંધનમાંથી છોડાવાની જાગૃતિ.

આત્મલક્ષી યોગો प्रणिधानं चेतः स्वास्थ्यंतत्प्रधानाः योगाः व्यापाराः तैः युक्ताः=

પ્રણિધાન યોગયુક્તઃ/તેવો તો સમ્યગ્દષ્ટિ હોય.

તેનાથી જુદો પાડવા સમિતિ-ગુપ્તિયુક્ત લીધું. અથવા પાંચસમિતિ, ત્રણ ગુપ્તિમાં પ્રણિધાનયોગથી યુક્ત આત્મલક્ષી કહેવાય.

પાંચ આચાર અને આચારવાન્ કથંચિત્ અભિન્ન હોવાથી શુભમાં પ્રવિચાર=પ્રવૃત્તિ થવા દેવી. અશુભમાં અપ્રવિચાર=પ્રવૃત્તિ ન થવા દેવી.

તપાચારઃ- બાર પ્રકારનાં તપમાં **कुशल दृष्टेः**=તીર્થંકરે બતાવેલા **તપમાં** अग्लान्या=રાજાની વેઠની જેમ નહીં यथाशक्ति=શક્તિ ગોપવ્યા વિના, अनाजीवित=નિઃસ્પૃહ એવી રીતે તપ કરવો.

વીર્યાચાર=બાહ્ય-અભ્યંતર સામર્થ્યવાળો. ૩૬ પ્રકારનાં આચારમાં पराक्रमते-**चेष्टते** ! ગ્રહણ વખતે વીર્ય ફોરવે. ત્યારબાદ **यथास्थाम** યથાશક્તિ ૩૬ પ્રકારનાં આચારને પ્રવર્તાવે.

કથા ચારભેદે-વિદ્યાદિ અર્થ પ્રધાન(ભૌતિક પદાર્થો મેળવવા માટે) કથા તે અર્થકથા કહેવાય. કામસંબંધી તે કામકથા કહેવાય.

ધર્મસંબંધી કથા તે ધર્મકથા કહેવાય અને ત્રણેથી મિશ્ર તે મિશ્રકથા કહેવાય.

વિદ્યા-શિલ્પ-ઉપાય-સાધન-અનિર્વેદ (કંટાળે નહિ)-સંચય-દક્ષાત્વ-શામ-દંડ-ભેદે ઉપપ્રદાન=લાંચરૂશ્વત..... આ અર્થકથાનાં કારણો છે. અર્થ પ્રધાન હોવાથી અર્થકથા કહેવાય. જે વિદ્યાર્થી અર્થનું ઉપાર્જન કરે. જેમ એક વિદ્યાની સાધના કરી પાંચ સોનામહોર રોજ મેળવે. તે વિદ્યા આઠથી અર્થકથા કહેવાય. તેમાં સત્યકીનું પણ દષ્ટાંત છે.

શિલ્પ દ્વારા અર્થ મેળવે. તેમાં કોકાશનું દષ્ટાંત છે. ઉપાય=પૈસા મેળવવા ઉપાય કર્યો. તથા ચાણકયે ચંદ્રગુપ્તનાં ભંડાર ભરવા ઉપાયો કર્યા.

અનિર્વેદ=સંચય કરવામાં કંટાળે નહિ. તેમાં મમ્મણશેઠનું દષ્ટાંત છે. દક્ષત્વં = સાર્થવાહનાં પુત્રની હોંશિયારીનું ફળ પાંચ રૂપિયા અને શ્રેષ્ઠિપુત્રનાં સૌન્દર્યનું ફળ સો રૂપિયા, મંત્રીપુત્રની બુદ્ધિનું ફળ હજાર રૂપિયા, રાજપુત્રને પુણ્યથી લાખોનું ફળ.

ચાર મિત્રો હતાં.

(૧) રાજપુત્ર કહે હું પુણ્યથી જીવું છું.

(૨) અમાત્યપુત્ર કહે હું બુદ્ધિથી જીવું છું.

(૩) શેઠનો પુત્ર કહે હું રૂપથી જીવું છું.

(૪) સાર્થવાહનો પુત્ર કહે હું દક્ષપણાથી જીવું છું.

ચારે મિત્રો બીજા ગામમાં ગયાં. પહેલા દિવસે સાર્થવાહપુત્રે શેઠની દુકાને જઇ પડીકાં બાંધી, બહુ ઘરાક હોવાથી-શેઠને સારી કમાણી કરાવી...... એક દિવસનું ભોજન પોતાનાં દક્ષપણાથી પ્રાપ્ત કરાવ્યું.

બીજા દિવસે વણિકપુત્ર વેશ્યાને ત્યાં ગયા. વેશ્યાની પુત્રી

પુરુષદ્વેષિણી હતી. તે વણિકપુત્રને જોઇ રાગી થઇ. તેથી વેશ્યાએ ચારે મિત્રોને બોલાવી ભોજનાદિ કરાવ્યું. રૂા. ૧૦૦ નો દ્રવ્યવ્યય થયો.

ત્રીજા દિવસે બુદ્ધિમાન્ અમાત્યપુત્ર કચેરીમાં ગયો. ત્યાં બે શોકયોને પુત્રસંબંધી ઝઘડો થતો હતો. ઉકેલ નહોતો આવતા. મંત્રીપુત્રએ કહયું.,"હું ઝઘડો દૂર કરું." પુત્રનાં તેમજ પૈસાના બે ભાગ કરી માતાને એક-એક ભાગ આપવા કહયું. સાચી માતાએ એમ કરવાની ના પાડી. ત્યાં ઝઘડો ઉકલી જવાથી ૧૦૦૦રૂા. નો લાભ થયો.

ચોથે દિવસે રાજપુત્રનો વારો આવ્યો. તે ત્યાંથી નીકળી ઉદ્યાનમાં ગયો. રાજા અપુત્ર મર્યો હતો. ઘોડો અધિવાસિત કરાયો. રાજપુત્ર જ્યાં બેઠો હતો ત્યાં છાયા પડતી ન હતી. ત્યારબાદ અશ્વ વડે તેની ઉપર હેષારવ કરાયો. તે રાજા બન્યો.

આ રીતે તે રાજપુત્રને લાખોની સમૃદ્ધિ મળી આ પ્રમાણે અર્થ ઉત્પત્તિ થઇ.

દક્ષપણાનું દ્વાર સંપૂર્ણ થયું.

# શ્રી દશવૈકાલિક વાચના - ૨૬

કથાના નિક્ષેપા પૈકી દ્રવ્ય કક્ષાનો ભેદ ચાલે છે. એક વસ્તુના નિરૂપણમાંથી વાતો અન્યના ટેકામાં આવી જાય છે.

સમજાવટ કરવાથી પૈસા મલે. સામાનો ઉપયોગ કરવાથી અર્થ મલ્યો એમ કહેવાય.

એક શિયાળ વડે હાથી મારેલો દેખાયો તે ત્યાં બેઠા ત્યાં સિંહ આવ્યો. સિંહને કહ્યું કે વાઘે આ હાથીને માર્યો છે. સિંહે વિચાર્યું કે નીચ જાતિથી મારેલાને કેમ ખાઉં ? એમ કહી ચાલ્યો ગયો. તે સામ કહેવાય વાઘ આવ્યો. વાઘને કહે કે સિંહે આને મારેલો છે. તે પાણી પીવા ગયો છે. વાઘ નાસી ગયો તે ભેદ કહેવાય. પછી કાગડો આવ્યો શિયાળે વિચાર્યું કે જો આને નહીં આપું તો કા...કા.. કરીને બધાને બોલાવશે. તે કાગડાના શબ્દથી શિયાળાદિ આવશે. ત્યારે તેનો હાથીનો ખંડ કરી આપ્યો. કાઢીને આપ્યો. તે ગ્રહણ કરીને ગયા પછી શિયાળ આવ્યો. એની દ્રઢથી વારણા કરી ભૃકુટી કરીને વેગ આવ્યો. શિયાળ નાસી ગયો. આમ સમાનને પરાક્રમથી હઠાવે તે દંડ કહેવાય.

જેના કારણે કામની ઈચ્છા થાય તેવી સ્ત્રીનાં રૂપ વય-વેષ દક્ષત્વં એ કામુક્તા વધારનાર છે.

વસુદેવનું દષ્ટાંત : એનું રૂપ ચક્રી કરતાં પણ વધૂ અદ્ભૂત હોય. તેને સ્ત્રી ૧ લાખ ૭૨ હજાર હોય. પૂર્વ ભવમાં સાધૂની વૈયાવચ્ચ કરી હતી. ભોગાવલીનાં ક્ષયોપશમથી આ વૈભવ મળ્યો હતો. યુવાનીમાં કુરૂપ પણ સુરૂપ થાય જેમ લીંબોળી આમ કડવી હોય પણ યુવાનીમાં મીઠી હોય છે. ભરહેસરની સજઝાયમાં આવતું મૂલદેવનું દ્રષ્ટાંત : તે વેશ્યમાં રક્તહતો પણ ધનનો અભાવ હતો એ જ ગામમાં અચલ શેઠ હતો વેશ્યાએ પરિક્રમા કરી અંને કહે મારે શેરડી ખાવી છે અચલ શેઠ ધનવાન હોઈ શેરડીનું ગાડુ મોકલે જ્યારે મૂળદેવે શેરડીના ટૂકડા કરી રકાબી ભરી ઉપર સુગંધી મસાલો છાંટી મોકલી. આ હલનું દષ્ટાંત

રૂપનું દ્રષ્ટાંત ટીકાના આધારે જાણવું.

શ્રુતનું દ્રષ્ટાંત પણ ટીકાના આધારે જાણવું.

સંસ્તવ - પરચિયમાં તરંગવતીનું દ્રષ્ટાંત જાણવું.

એકવાર દર્શન પછી પ્રેમ, પછી રતિ, પછી વિશ્વાસ અને પછી પ્રણય આમ પાંચ પ્રકારે કામ વધે છે.

અર્થકથા અને કામકથા કરી. હવે ધર્મકથાના ૪ ભેદ કહે છે. ધી = બુધ્ધિ. કેવળજ્ઞાનથી શોભિત એવા તીર્થંકરો અને એમની વાણી ઝીલનાર ગણધર ભગવંત આ બંને અહીં ધીર કહ્યા.

જેનાથી સંવેગ અને સંસારનો કંટાળો થાય. તે સંવેગીની-નિર્વેદિની. આ-ક્ષેપ મર્યાદાપૂર્વક શાસનની મર્યાદા તરફ ખેંચે તે આક્ષેપિણી... આચાર નિરૂપણ લોચાદિ કરીને લોકોને શાસન તરફ ખેંચે તે આચાર. પ્રાયશ્ચિતની પ્રધાનતા બતાવે. સંશય દૂર કરવા દ્વારા ખેંચે તે આચાર. સૂક્ષ્મતાથી જીવાદિનું સ્વરૂપ બતાવે. આમાં મુખ્ય

ચાર ભેદ કહ્યા પણ ઘણા ભેદ છે.

કથા કહેનારની પધ્ધતિથી એ આક્ષેપિણી કથા કહેવાય. સામા માણસની રુચિ - ઉમંગ જોઈ વાત કહેવાની કુશળતા હોય તે પ્રજ્ઞાપક કહેવાય. એને વાત ગળે ઉતરી જાય એ રીતે કહેવાય.

મોહમાંથી ધર્મ તત્ત્વ તરફ ખેંચે તે 'ક્ષેપ' કહેવાય.

મોહમાંથી તત્ત્વ તરફ આજ્ઞા તરફ ખેંચવાનો જે પ્રયત્ન તે આક્ષેપિણી કથા કહેવાય.

આ કથાનું ફળ - ભાવાર્થ શં ? જ્ઞાનની ભૂમિકાનો વિકાસ - અત્યંત ઉપકારી ધર્મ પ્રતિ સદ્ ભાવ, તેમજ ચારિત્ર - મોહનીયના ઉદયનો નાશ. એનાથી સર્વ વિરતિ ચારિત્રનો ઉઘાડ બાહ્ય-અભ્યંતર તપ પ્રાપ્ત થાય. (સાંભળનારને આ થાય તો રસ પડ્યો કહેવાય.) **કર્મ શત્રુને હઠાવવા વીર્યનો પુરુષાર્થ કરે.**

હવે વિક્ષેપિણી = વિશેષે કરીને ક્ષેપ = દૂર કરવા. એની માન્યતાને દૂર કરે. પેલા સ્વસમય - જૈન દર્શનની વાત કરે. પછી પર સમયની વાત કરે. અથવા પેલા અન્ય સમય-દર્શનની વાત કરે પછી સ્વસમયની વાંત કરે.

**સમ્યગ્વાદ કહી મિથ્યાવાદ કહે.**

**મિથ્યાવાદ કહી સમ્યગ્વાદ કહે.**

**નય સાપેક્ષ તે સમ્યકત્વવાદ**

**નય નિરપેક્ષ તે મિથ્યાત્વ વાદ.**

પ્ર. સન્માર્ગથી કુમાર્ગમાં લઈ જાય તેને ધર્મકથા કેમ કહેવોય?

જ. આ તો કથાના ભેદ જ કહ્યા.

સન્માર્ગથી કુમાર્ગમાં લઈ જાય તે પાપ કથા... પેલા સ્વસમય કહે એના ગુણો કહે પછી પર સમય કહે દોષો કહે - આત્મા માને છે પણ એકાંત નિત્ય માને છે. એમ કહે. એથી એની શ્રદ્ધા ન બેસે. પેલા પરસમયની વાત કહે. અને એની અપૂર્ણતા બતાવે. પછી સ્વસમયની વાત કહે. અને એની પૂર્ણતા બતાવે. એથી એ શ્રધ્ધામાં... સ્થિર થાય. આ આક્ષેપિણી ધર્મકથા કહેવાય.

"જિણ પડિય ભાવ સરિસા" જે વાત હોય તે ધૃણાક્ષર ન્યાયે મેળવે. લાકડામાં કીડા હોય તે ચાલે. એથી એમાં અક્ષર પડી જાય. એથી એની કાંઈ અક્ષર પાડવાની ભાવના નથી તેમ અન્યદર્શનીની વાત કરે. સાહજિક કરીને ધૃણાક્ષર ન્યાયે અન્યદર્શનીનાં સિધ્ધાંત છે એમ સમજાવે.

(૨) મિથ્યાત્વવાદ - નાસ્તિકવાદી - નિરપેક્ષ કહેવાય.

સમ્યક્ત્વ વાદ - આસ્તિકવાદી - સાપેક્ષ કહેવાય.

(૩) એમાં પેલા સારાની વાત કહે. પછી અન્ય દર્શનીએ કઈ વાત નથી કહી અને એથી કેવી ખામી પડી છે ? એ બતાવી... શ્રોતાની પકડ ઢીલી પાડે.

હવે ધર્મકથા બીજી રીતે કહે છે. જેમાં શાસનની વાત ન હોય. વિધિ પ્રતિષેધની વાત ન હોય. હેય - ઉપાદેયની વાત ન હોય. તે ધર્મકથા ન હોય. જનરલ રીતે સ્વસમય સિવાય કાંઈ છે જ નહીં. લોક=રામાયણ, વેદ=ઋગ્વેદ. જેમ વિધિ પ્રતિબધ્ધ ન હોય તો રામાયણ વિગેરે સન્માર્ગમાંથી કુમાર્ગમાં આવે. અથવા બધી વાત જ કરવાથી. સ્વ સમય કહી પછી પરસમય કહે. નહીંતર એને એવી છાપ પડે કે આ તો નિંદા કરે છે. **પેલા અહિંસા વિના ધર્મ નથી.** એમ કહી સમાનતા બતાવી, પછી અપૂર્ણતા બતાવે. પછી આત્મા

એકાંત નિત્ય-અપરિણામી છે એમ એ માને છે. તો એકાંત નિત્યમાં અહિંસા નશ્વરે ઈત્યાદિ અપૂર્ણતા બતાવે.

શ્રોતાને ચારે બાજુથી શાસન તરફ ખેંચાણ થાય તે આક્ષેપણી. કુદેવાદિની જે શ્રધ્ધા બેઠી છે તે એની અપૂર્ણ કહી પકડ ઢીલી થાય તે વિક્ષેપીણી.. (આક્ષેપિણી-પોઝીટીવ-વિક્ષેપીણી-નેગેટીવ). સંવેગની - सं + विज = પ્રસકતાભાવે જુદા પાડવાના અર્થમાં... દુનિયાની પકડમાંથી છુટા થવું તે. સમ્યગ્ પ્રકારે આત્મા મોહના પડદામાંથી છુટા પડે તે... સંવેગની.....=મોક્ષના રસિક બને એના ચાર ભેદ કહ્યા છે.

આત્મ શરીર સંવેગ ભાવ

પર શરીર સંવેગ ભાવ

ઈહલોક શરીર સંવેગ ભાવ

પરલોક શરીર સંવેગ ભાવ.

(૧) શરીર-શુક્ર-શોણિત માંસ- લોહી નસ, હાડકાં, આંતરડાનાં સમૂહથી બનેલ છે. વળી અંદર શું...? વિષ્ટા, મૂત્ર, અશુચિ ૯/૧૨ દ્વારથી અને બહાર નીકળે છે. એમ કહી શ્રોતાને.... સંવેગ ભાવ કરે.

(૨) પર શરીરી - બીજા પર રાગ હોય તો એનું શરીર પણ આવું જ અશુચિમય છે. અથવા તો એની અંતરંગ દશાનું વર્ણન કરે.

(૩) સંસારની અસારતા- કદલી સ્તંભ સમાન સંસાર.

(૪) નારકી-તિર્યંચ- નિગોદના દુઃખનું વર્ણન કરી દેવના પણ દુઃખો ક્રોધ- માન- ઈર્ષ્યા વિગેરે કહે. ત્યાં પણ દુઃખો ક્રોધ-માન-ઈર્ષ્યા વિગેરે કહે. ત્યાં પણ દુઃખ હોય તો નારકીમાં હોય એમાં શી નવાઈ?

હવે રસ કહે છે... પેલી કથા સાંભળી પરિણામ કેવા હોય તે બતાવે છે. સંવેગની કથાથી તપ કરવાનો ઉલ્લાસ વધે. તેથી લબ્ધિ ઉત્પન્ન થાય. જ્ઞાન સાથે ઋધ્ધિ થાય તે કેવી રીતે ? શ્રી ભગવતી સૂત્રમાં કહયું છે કે- એક ઘડામાંથી હજારોઘડા, એક વસ્ત્રમાંથી હજારો વસ્ત્ર બનાવી શકે.(ચૌદપૂર્વીને વૈક્રિયલબ્ધિ હોય છે.)

**અજ્ઞાની ક્રોડ વર્ષે જે કર્મ ખપાવે તે જ્ઞાની ત્રણગુપ્તિથી ગુપ્ત ચારિત્રવાન આત્મા ક્ષણમાં ખપાવે. આ પણ જ્ઞાનર્દ્ધિ છે.**

હવે દર્શન ઋધ્ધિ -સમ્યગ્ દર્શનનો પ્રભાવ શું ? ઋધ્ધિ શું ? સમ - સંવેગ - નિર્વેદી, અનુકંપા, આસ્તિકય આ સમ્યગ્દર્શન. એની હાજરીમાં વૈમાનિકનું જ આયુષ્ય બાંધે.

જો પૂર્વે ન બાંધ્યું હોય તો. પાપ પ્રતિ અરૂચિ હોય ને સંસાર પ્રત્યે કંટાળો આવે તે નિર્વેદિની કહેવાયા

પરલોકના કર્મ ઈહલોકમાં આવે.

ઈહલોકના કર્મ પરલોકમાં આવે.

પરલોકના કર્મ ઈહલોકમાં આવે.

પરલોકના કર્મ પરલોકમાં આવે.

**મોક્ષની રુચી કયારે થાય ? સંસારથી કંટાળો આવે તો.**

(૧) આલોકના આલોકમાં ઉદય આવે તે ચોરી વિગેરે.

(૨) આલોકમાં આચરેલ પરલોકમાં ઉદય આવે નારકી ગયા ભવે બાંધેલું અહીં આવે.

(૩) પરલોકમાં બાંધેલું કર્મ પરલોકમાં ઉદય આવે જેમકે સંડાસા સાણસી જેવું મુખ છે તુડં-ચાંચ એવા પક્ષીના ભવમાં થઈ

અને નારકીમાં જાય.

(૪) પરલોકના આલોકમાં જેમકે કોઢ વિગેરે દરિદ્રના વિગેરે.

હવે નિર્વેદિની કથાને રસ પરિણામ કહે છે. પ્રમાદથી થોડું પણ કર્મ ઘણા તીવ્ર ફળ-રસવાળું થાય. જેમકે યશોધર રાજાને લોટનો કુકડો મારવાથી પણ સંસાર ભ્રમણ થયું.

સંવેગ અને નિર્વેદ-સંવેગ ભાવ ઉત્પન્ન થવાથી દેવ-ભવની-તેમજ મનુષ્યભવની પ્રાપ્તિની ઈચ્છા ન થાય. પરંતુ મોક્ષફલની ઈચ્છા પ્રાપ્ત થાય.

હવે ચાર કક્ષાના અધિકારી - વિનયથી ચાલે તે વૈનયિકી. શાસનની મહત્તા સમજાય. પક્કડ આવી જાય એવી કથા શિષ્યને કહે. પછી વિક્ષેપીણી કહે. પરદર્શનની અપૂર્ણતા સમજાવે.

પહેલેથી આક્ષેપિણી ન કહીયે તો કદાચ મિથ્યાત્વની પકડ ઢીલી પણ પડે નહીં. એને થાય કે આ તો નિંદા જ કરે છે. વિક્ષેપીણીથી મિથ્યાત્વની પક્કડ થાય યા ન થાય. તે ભજના. એને થાય કે મહારાજ તો નિંદાજ કરે છે આનું મુખ ન જોવું એમ કહી ભાગી જાય તો મિથ્યાત્વ ની પકડ તીવ્ર થાય.

## શ્રી દશવૈકાલિક વાચના - ૨૭

આચાર બે પ્રકારે. (૧) વિધેયાત્મક (૨) નિષેધાત્મક. ત્રીજા અધ્યયનમાં પર-બાવન વસ્તુ અનાચીર્ણ છે **સંસારના રાગભાવથી મુક્ત થઇ પ્રભુના શાસનમાં સ્થિર થાય તે ધર્મકથા કહેવાય.** હવે મિશ્રકથા કહે છે. જેમાં ધર્મ-અર્થ-કામ ત્રણેય ની વાત હોય. તો આજ્ઞા પ્રમાણે યોગોનું પ્રવર્તન તે ધર્મ અર્થ-વિદ્યાદિ, કામ-ઇચ્છાદિ તે રુપ કહેવાય.

હવે કથાથી વિપક્ષ તે વિકથા બતાવે છે. તે ચાર પ્રકારે..... કથામાં ટકવા માટે વિકથાનો ત્યાગ જરૂરી છે. અને તે જાણવી જરૂરી છે. દ્રાવિડ વિગેરે દેશની સ્ત્રીકથા. ડાંગરાદિની વાત કથા તે ભકત કથા. રાજકથામાં એના વૈભવની વાત જાણવી. વૈભવની સાથે ત્યાગ પણ સંકળાયેલો છે. એમ કહેવું નહિતર અન્યાય થાય.

ચૌરજનપદ કથા - જલ્લકથા =દોરડા ઉપર ચાલનાર, મલ્લકથા વિગેરે તે - મુષ્ટિથી યુધ્ધ વિગેરે કરનાર. આ કથાથી સંસારનો રાગ વધે છે માટે ત્યાજય છે.

પ્રજ્ઞાપક = સમજાવનાર...!

પ્રરુપક = કહેનાર...!

નિર્દેશક = સમજતો હતો ને પ્રરૂપણા કરે તે !

શ્રોતાની ભૂમિકા સમજીને કથા કરે.

અકથા કોને કહેવાય ? મિથ્યાત્વ મોહનીયને વિપાકથી ભોગવે તે અજ્ઞાની કથા કહે તે અકથા કહેવાય. મિથ્યાત્વ મોહનીયનો ઉદય હોવાથી એ સમજે નહીં કે આનું પરિણામ કેવું થશે ? એ કેમ સુધરશે ? કથાનું સ્વરૂપ જાણે છતાં દ્રષ્ટિ મિથ્યાત્વી છે માટે અજ્ઞાની કહયો.

મિથ્યાદ્રષ્ટિ કહયા પછી અજ્ઞાની કહેવાની જરૂર શી ? મિથ્યાદ્રષ્ટિ હોય એ અજ્ઞાની હોય જ એવું નથી. પ્રદેશોદયથી મિથ્યાત્વી હોય પણ વિપાકોદયથી ન હોય તો તે સમકીતી કહેવાય. કેવળ વેષધારી હોય અંગાર મર્દક આચાર્યની જેમ મિથ્યાત્વના *ઉદયથી સારી વાત પણ ખોટી છે.*

(જે મિથ્યાત્વનાં પ્રદેશોદયથી વેદકને અજ્ઞાની વેદકને અજ્ઞાની ન કહેવાય. જો રસોદયથી વેદક હોય - તે અજ્ઞાની કહેવાય.)

ગૃહસ્થ પ્રરૂપક ન કહેવાય. ભાષક. ગૃહસ્થ અનધિકારી છે. સાધ્વીજી ઉપદેશ આપી શકે. પ્રરૂપણા ન કરી શકે. શ્રાવક શાસનની.... શાસ્ત્રની મર્યાદામાં ન રહી શકે માટે ભાષક. તપશુધ્ધિથી આત્માની શુધ્ધિને ધારણ કરનારા ચારિત્રમાં રકત ચારિત્રની પકડ જોઈએ. અન્યત્ર આગ્રહ ન હોય, ફલાશંસા ન હોય. શકય એટલું પાલન કરે જ...!

વ્યવહારથી થોડા જીવોને બચાવી અનંત જીવોનો ઘાત થાય તેવો ઉપદેશ ન આપે. સર્વ જીવને હિતકારી ઉપદેશ આપે. આવા ઉપદેશકને પોતાને નિર્જરા થાય અને સાંભળનારને વિશિષ્ટ ક્ષયોપશમ એટલે કે કુશળ પરિણામ થાય.

જે સાધુ રાગાદિમાં આધીન હોય, માધ્યસ્થ ન હોય. ભાવ દયા ન હોય. એવા જે કાંઈ બોલે તે વિકથા છે. કારણ...? રત્નત્રયીની આરાધનાને બદલે સંસારવૃધ્ધિ કહે છે. એમ ધીર પુરુષ કહે છે.

વૈરાગ્યથી સંયમી થાય એ જ ખાત્રી. એમાં ભજનાએ અભવ્યને આશ્રયીને જાણવું...

**અભવ્યને આશ્રયીને જાણવું....**

**સંસારનો રાગ વધે તે વિકથા...કહેવાય**

**સંસારનો રાગ ઘટે તે ધર્મકથા...કહેવાય !**

જેનાથી આત્મા આશ્રવથી અટકે. એવું જેનાથી ન આવે તેથી અકથા કહેવાય.

તપ-સંયમ ગુણોને ધારણ કરનાર-ચરણ રત્તા... અનિદાન આદિ વડે સદ્ભાવ = પરમાર્થને સર્વજગત હિતકારી કહે તે કથા તે ધર્મકથા કહેવાય !

જે કથાથી મોહનો ઉદય થાય તેવી કથા ન કરવી. તેનાથી અકુશલ ભાવ - મોહના ઉદય રૂપી પરિણામનાં ભાંવ થાય છે.

કેવા પ્રકારની કથા કહેવી ?

૧૨ પ્રકારનો તપ, ૧૨ પ્રકારની વિરતિ, મહાવ્રતની વાત વિરાગ સહિત કરે. રાગથી કે નિયાણા પૂર્વક ન કરે. જેનાથી શ્રોતાં સંવેગ- નિર્વેદ પામે. એવી કથા કહે.... સાંભળનારને ક્લેશ ન થાય. ગુંચવણ ન થાય તેમ કહે. મોટા વિસ્તારથી ન કહે કેમકે મૂળ વાતનો નિર્દેશ ભૂલી જવાય. કથા કરતાં ચાર બાબતનું ધ્યાન રાખવું. ભૌત - તપાસ યા બૌધ્ધ એ જયાં હોય એવા ક્ષેત્રમાં ન કહે. કાળને ઉદ્દેશીને કહે. વીર્યોલ્લાસને અનુકૂળ કાળ જોઇએ. પારિણામિક રૂપ પુરુષ છે કે નહીં ? પોતાનું સામર્થ્ય જોઇને સાધુ અનવદ્ય (નિર્દોષ) કથા કરે. પાપનો અનુબંધ ન હોય તો અનવદ્ય કહેવાય.

અહીં નામ નિક્ષેપો પૂર્ણ થયો. હવે સૂત્રનો ઉચ્ચાર કેમ કરવો તે બતાવે છે.

૧ સંજમે (ક્ષુણ્ણ - સરળ)

આગમની મર્યાદા પ્રમાણે જેનો આત્મા સ્થિર થયો હોય તેમના આ વિશેષણો છે. સંયમમાં સ્થિર... વિપ્પમુક્કાણં = વિ = વિશેષ

પ્રકારે મૂકાયેલા, બ્રાહ્ય... અભ્યંતર પરિગ્રહથી મૂકાયેલા..... ત્રાયન્તે =આત્માનં પરંમુનિયં ચેતિ ત્રાતારા - સ્વપરને તારે તે તાઈણં - સ્વનું કલ્યાણ કરનાર પ્રત્યેક એમને બાવન ચીજ કલ્પ નથી.

ઋ ધાતુ જવા અર્થમાં છે. સર્વવિરતિનું પાલન કરનાર માટે મહર્ષિ.... પ્રાકૃતમાં મહેરિસં - મોટી વસ્તુને ગવેષણા કરનાર. મોટી વસ્તુ કઈ ? આજ્ઞા....! **આજ્ઞાનું ગવેષણ કરવાનો સ્વભાવ છે જેનો તે મહરિસં.**

પહેલાં....પહેલાંના ગુણોની પ્રાપ્તિનું કારણ છે માટે આ બધા વિશેષણ છે.

સંયમમાં સુસ્થિત હોય તે જ ત્રાતાર હોઈ શકે છે. અન્ય આચાર્ય પશ્ચાનુપૂર્વી કહે છે. મહેસીયાં કોણ ? નિગ્રંથ હોય તે. નિગ્રંથ કોણ ? ત્રાતાર હોય તે. એમ સમજવું. હવે અકરણીય બાવન (૫૨) બાબતો કહે છે.

જે આચરવા લાયક નથી તે અનાચીર્ણ. ઉદેશીયં-ઉત-ઉત્કર્ષે કરીને નિર્દેશ કરવો. સાધુ નિમિત્તે બનાવેલી સાધુને કલ્પીને જે બનાવે તે ઉદ્દેશીયં.

કિયગંડ = ક્રીત સાધુ માટે વેચાણથી લાવે તે.

નિયાંગં =આમંત્રણ કરીને સાધુને લાવે તે. સાધુને ભ્રમર-વત્-આજ્ઞા તુલ્ય કહ્યા છે. સાધુને માટે કાંઈ વિશેષ કર્યું હોય તો જ એ બોલાવવા આવે માટે સાધુએ જવું નહીં. ત્યાં આસક્તિ વિગેરે થાય માટે દોષ. પગલા કરવા એ સંવિગ્ન સાધુ માટે ઊચિત નથી. હા...! સંઘ આવે તો બરોબર છે.

તપસ્યા કર્યા પછી ગૃહસ્થને તેડાવવા એ.... જિતકલ્પની મર્યાદામાં નથી.

ચોમાસું કર્યા પછી ય માઈલની અંદરનું અઢીમાસ સુધી કામળી વિગેરે કોઈ ચીજ ખપે જ નહીં..... આ શાસ્ત્રાસા છે. કાર્તિક પૂનમે

વહોરવું એ ય દોષ છે. અનામંત્રીત ગોચરી જાય. પોતે ૭ પ્રકારની પિણ્ડેષણા પ્રમાણે જાય. આપણને અનામંત્રીત રીતે જવું તે પિણ્ડેષણા છે. જ્યારે આપણને એ રીતે શરમ આવે છે. એ ઉચિત નથી. કુપણને ત્યાંથી જરૂરી ચીજ માગવી પણ અપ્રીતિ થાય તો નહીં.

**हडाणी**-સામે લાવેલ, વરસાદમાં, ગ્લાનાદિને કારણે ઉપયોગવંત શ્રાવક સામે લાવીને વહોરવે. પણ (નિશિત-એકાંત) राइभत्ते- યોગ શાસ્ત્રમાં ઉજા પ્રકાશમાં દિવસ પહેલા ૨ ઘડી અને છેલ્લી બે ઘડા વાપરે તો ય દોષ. ગૃહસ્થને માટે આવી મર્યાદા હોય તો સાધુ માટે કેવી સ્થિરપણે મર્યાદા જોઈએ. છેક સૂર્યાસ્ત સુધી વાપરવું એ પણ રાત્રિ ભોજન નો દોષ લાગે. પૂજ્યપાદ માણિકય સાગર સૂરિશ્વરજી કહેતા હતા કે બે ઘડી પહેલાં પચ્ચક્ખાણ કરવું એ વિશિષ્ટ મર્યાદા છે. ૫-૧૦ મિનિટ પહેલાં પણ પચ્ચક્ખાણ કરવું જોઈએ.

થાળીમાંયા પાત્રમાં સાઈડમાં રૂપિયો હોવા છતાં વચમાં જ દેખાય છે. તેમ સૂર્યાસ્ત માટે છે. સૂર્યાસ્ત થયાં પછી પણ નથી થયો એવો ભાસ થાય છે. માટે બે ઘડી પહેલાં.... પચ્ચક્ખાણ કરવું. જોઈએ દવાવિગેરે વાપરવી તે દિવસે લીધેલ દિવસે વાપરવું એ ભાંગામાં જાય પણ સૂર્યોદય પહેલાની ગોચરી સૂર્યાસ્ત સુધી વાપરે તે રાતે લીધેલ રાતે વાપરવાના ભાંગામાં જાય છે....!

સ્નાન=દેશ સ્નાન, સ્થંડીલ જવા પુરતું જે પાણી વાપરે તે ન ગણાય વિશિષ્ઠ અનુષ્ઠાનની છુટ. બાકી આંખની પાંપણ માટે પણ પાણી વાપરે તે દેશ સ્નાન્ ગણાય. પૂર્વે.... સાધુઓ માત્રુપણ છુટામાં જ જતાં કુંડીએ અપવાદે હતી. આપણો અને ગૃહસ્થનો ધર્મ જુદો છે. માટે કુંડી લીધા પછી હાથ ધોવાની જરૂર નથી. પુસ્તકાદિને અડી શકાય.

ગંધમલ્લેયઃ- કોઇ ઉંચી જાતનું અત્તર પુટાદિ..... વાંસીત... કરે.

સમનિ-પંખો ચાલતો હોયને નીચે ચાલીએ તો પ્રાયશ્ચિત. અને સમ્યક્ પ્રકારે નિશ્ચય કરીને... 'સમ+નિ+વિ.= સમનિ ધી. ધારણ કરાય. તે સંનિધિ કહેવાય.

**જેનાથી આત્મા નિશ્ચય કરીને દુર્ગતિમાં ધારણ કરાય તે. સંનિધિ.**

૪ પ્રકારે પિણ્ડ - વસ્ત્ર - પાત્ર - ગોચરી - વસતિ...તેમાં ગોચરી પાણીમાં સંનિધિ ભાંગો છે. માટે જ ગોચરી પાણીમાં પૂર્વે યોગની જેમ જીવન કેળવતાં આજે તો સ્પેશ્યલ જોગની રસોઈ થાય છે.

**પ્રાચીન કાળના સુંદર સાધુ જીવનની ઝાંખી કરવા માટે જોગ છે.** પ્રાચીન કાળની મર્યાદાનું પાલન જોગમાં કરવાનું છે. એમાં ખુટે તો 'સંઘટ્ટો' લઈને બીજી વાર ન જવાય. આખો દિવસ સંઘટ્ટો ન રખાય. ઠીક છે, ન જવાય. આખો દિવસ સંઘટ્ટો ન રખાય. ઠીક છે, ન કરે એ દ્રષ્ટિએ શ્રુતજ્ઞાનની આરાધના કરે છે. એ સારું છે. ખોરાક નિયમિત હોય તો નિહાર નિયમિત થાય્ જ. કાળદોષ થી સ્થંડીલ પુરતુ પાણી લાવે એ ઠીક પણ તપેલા ભરી - ભરીને ન જ રખાય.

(**બોલપેનમાં જે લીકવીડ બને છે એ યંત્રવાદથી બને છે. એમાં ફેશન અને પૌદ્ગલિક ભાવની વૃદ્ધિ થાય છે.** માટે પેન્સીલથી ચલાવવું.)

પાણીમાં સંનિધિ ત્રસજીવોની વિરાધના થાય છે. માટે તાજું પાણી લાવવું. વળી ગૃહસ્થો ચુનો નાખીને પાણી વહોરાવે છે એમાં ચુનો બરાબર ન થાય. ઉપયોગ ન રહે. માટે તાજું પાણી લાવીને જ કાપ કાઢવો.

"ગૃહસ્થનું ભાજન ભાંજે" એ દોષ-અપવાદે લેવાનો છે. એ ફુટી જાય તો દોષ છે. બાકી ગૃહસ્થનું ભાજન અકલપ્ય જ છે. આજે ગૃહસ્થના ભાજન તરીકે આપણે પણ તપેલા, ડોલ, પવાલી વિગેરે રાખીએ. આ અનાદિના સંસ્કારની પરવશતા છે. આથી જ ગામડાં

વિગેરેમાં ડોલ તપેલા ન હોય ત્યારે ક્રોધ થાય છે. પણ સાધુ જીવનની મર્યાદામાં સ્થિર હોય તો આવું ન બને. ધીમે-ધીમે ઉત્સર્ગ માર્ગને મૂકીને અપવાદ માર્ગમાં આપણે ફેંકાઈ ગયા છીએ. ૧૮ બાબતમાંથી કોઈપણ બાબતનો ભંગ કરે તો નિર્ગ્રંથપણાથી ભ્રષ્ટ થાય છે.......

"निग्गथं ताउ मस्सइ"

**પોતાના સંયમને ગૌણ કરીને જાતિ વિગેરેથી આહાર મેળવવો, જ્યોતિષ વિગેરેનું કહેવું તે દોષ છે.** ત્રણ ઉકાળા વિનાનું પાણી પહેલા ઉકાળે સચિત્ત, બીજા ઉકાળે મિશ્ર, ત્રીજા ઉકાળે અચિત્ત...! ઉકાળ્યા વિનાના પાણીને અડાય નહિ. ગૃહસ્થ જીવનની વાતો કરવી તે અનાચીર્ણ મનમાં સ્મરણ કરે તો ય મોહનીયનો ઉદય હોય. બીજાને પણ આવું નિમિત્ત મળે. અથવા રાગદ્વેષ અર્થે મોહની પ્રવૃત્તિ વધારે હોય એવાને આશ્રય આપે. તે પણ અનાચીર્ણ છે.

અપરિણત ચીજો અનાચીર્ણ : શેરડીના કકડા પણ અપરિણત, ફળમાં કાકડી વિગેરે. બીજમાં તલ વિગેરે. બલવણમાં સૈંધવ વિગેરે કાચા હોય ને અચિત્ત નથી. સૈંધવ પણ સચિત્ત છે. સંચળ પણ સચિત્ત છે. સફેદ સૈન્ધવ અચિત્ત છે. ધૂમાડો પીવો, અધિષ્ઠાનના વિરેચન ચડાવવું - થૂલાબ લેવો. (દંતી નામે કોઈ વનસ્પતિ છે.) વિભૂષા કરે. આ બાવન (૫૨) વસ્તુ સર્વથા અનાચીર્ણ છે **केषाम्** ? નિગ્રંથ સાધુઓને - તેના વિશેષણ કહે છે સંયમથી અને ક થી તપમાં જે પ્રયત્ન કરે છે. વાયુવત્ અપ્રતિબધ્ધ હોય સાધુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના પ્રતિબધ્ધથી રહિત હોય.

સાધુ પંચાશ્રવથી રહિત હોય. પંચાશ્રવની પરિજ્ઞા વાળા, પરિજ્ઞા સહિત, અપરિજ્ઞા, પ્રત્યાખ્યાન પરિજ્ઞા, આશ્રવને હેય માનનાર, પરિજ્ઞાવાળા હોય છે.

પાંચ આશ્રવનો ત્યાગ છે માટે ત્રણ ગુપ્તિવાળા વળી સંયતો એટલે છ જીવનિકાયના રક્ષણ ઈત્યાદિનો નિગ્રહ કરનાર ધીર

=બુધ્ધિશાળી યા સ્થિર.! ऋजु =સરળ માર્ગ કેવો ? મોક્ષે જવા સંયમ એ મોક્ષનો રસ્તો છે.

"मोक्ष प्रतिं ऋजुत्वात् संयमः"

ઉનાળામાં ઉભારહી આતાપના કરે. ઉર્ધ્વસ્થાન એટલે ઉભા રહેવું એવો અર્થ કરવો. સુસંયતા જ્ઞાનાદિમાં પ્રયત્ન કરનારા, પરિષહ રૂપી દુશ્મનને કાબુમાં લેનારા. વિક્ષિપ્ત મોહા=મોહને હરાવનાર, શબ્દાદિ વિષયમાં જિતેન્દ્રિયઆ કારણ છે. નિગ્રહ કરે તે કાર્ય છે. આમ દુ:ખો સહીને દેવગલીમાં અને કેટલાંક સિધ્ધ થાય છે. આઠેય કર્મથી સહિતપણે તો એકેન્દ્રિય પણ સિધ્ધશિલામાં જાય છે. પણ તેઓ નિ:રજસ્કા થઈને. સિધ્ધશિલામાં જાય છે.

આમ પરંપરાએ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે. મીન્સ આ ભવમાં સંયમની આરાધના દ્વારા સમ્યકત્વ દરેક ભવમાં પ્રાપ્તિ કરી સિધ્ધિ થાય છે.

તૃતિયાધ્યયનમ્ સમાપ્ત.

# શ્રી દશવૈકાલિક વાચના - ૨૮

धर्मप्रज्ञप्ति छज्जीवणियज्झयणम्

चतुर्थ अध्ययनम्

संसरणम्- સમ્યક્ પ્રકારે સરકે તે સંસાર આમથી આમ જાય તે જીવ છે. એ નો એ જ જીવ નરક-તિર્યંચમાં જાય છે. માટે શાશ્વત, માટે જ નિત્ય, પ્રત્યભિજ્ઞાનથી આત્મા નિત્ય, પ્રત્યભિજ્ઞાનથી આત્મા નિત્ય છે. બૌદ્ધોમાં શૂન્યવાદી, ક્ષણિક વિગેરે ચાર ભેદે છે. નિરવદ્ય ક્ષણિક એ પરમાર્થ નથી. આત્મા પ્રકૃતિ પણ નથી. વિકૃતિ પણ નથી. પ્રકૃતિ એ મૂળકારણ છે. એમાંથી ઉત્પન્ન થાય તે વિકૃતિ. એમ સાંખ્ય અને બૌધ્ધો માને છે. આ બરાબર નથી. જો એકજ સ્વભાવવાળો આત્મા હોય તો સંસરણ કેમ થાય ? માટે વિભાસ યા ભજનાથી... સ્થાત્ - નિત્ય છે. સ્યાત્ અનિત્ય છે. દ્રવ્યથી નિત્ય પર્યાયથી અનિત્ય છે. જો એમ ન મનાય તો સંસારાવોચન વિ. સર્વ ઘટી શકે નહીં....

ગુળ પર્યાયવત્ દ્રવ્યમ્- દ્રવ્યાર્થક નયથી આત્મા નિત્ય છે. કારણ વિભાગનો અભાવ હોવાથી વસ્તુ નિત્ય છે. કારણનો વિનાશ ન થતો હોવાથી વસ્તુ નિત્ય છે. કાર્ય કારણનો વિભાગ ન થાય. આત્માના કારણ સાથે વિભાગ ન હોવાથી નિત્ય છે. કારણ વિના કાર્ય નથી. પટમાં કારણને વિભાસા કારણનો નાશ દેખાય છે. ને વિનાશ પણ છે. વર્ણ-ગંધ-રસ સ્પર્શ હોય તે મૂર્ત આમાં અપૌદ્ગલિક ભાવ

મુખ્ય રાખીને વાત થાય. આત્માનો આકાર છે પણ વર્ણાદિ નથી.

(પ્રત્યયકારણ-પ્રતીતિ)

**ધર્મપ્રજ્ઞપ્તિ-ધર્મના સ્વરૂપની જાણકારી જેમાં છે તે ધર્મપ્રજ્ઞપ્તિ.** હકીકતમાં સર્વવિરતિ ધર્મ જ લાભદાયી છે.... એ પણ છ કાય જીવોનું રક્ષણ કરે તો જ સફળ થાય.

જ્ઞાનાવરણીયનું પુદ્ગલોનો આત્માની સાથે સંબંધ થવો તે બંધ. પણ એને નાશવાન માનીએ તો બંધ ઘટી શકે નહીં. ઉત્પન્ન થતાંની સાથે નાશ માને તો એને મિથ્યાત્વાદિ લાગે જ નહીં. જો ઘટ ઉત્પન્ન થતાંની સાથે નાશ પામે તો તેમાં પાણી ભરવું વિગેરે ક્રિયા નહીં ઘટે માટે બૌધ્ધના મતે બંધાદિ નહીં ઘટે.

આત્મા અવિનાશી છે. વિકાર નહીં દેખાતો હોવાથી આકાશની જેમ વિનાશી ઘડો નાશ પામે તો તેના ટુકડા વિગેરે દેખાય છે. તેમ આત્મામાં નથી. જો આત્મામાં નિરન્વય નાશ હોય તો હું પહેલા રોગી હતો હવે નિરોગી થયો એમ કથન ન ઘટે.

મૂળ સ્વરૂપથી કાયમ રહે તે નિત્ય. પર્યાયની અવસ્થા ગૌણ કરી દ્રવ્યની અવસ્થા નિત્ય રાખે તે શાશ્વત. મેરૂપર્વત શાશ્વત છે. દ્રવ્યાર્થિક નયથી...મૂળ સ્વરૂપે નિત્ય છે. તેમાં પર્યાયાર્થિક નયથી અપેક્ષા રાખીને નિત્યનું લક્ષણ બંધાય છે. "તદભાવિવ્યયં નિત્યમ્" ઉત્પાદ-વ્યય-ધ્રુવપણે હોય. તે સત્ ને ભાવથી અવ્યય નિત્ય છે. બાળાવસ્થાનું સ્મરણ વૃધ્ધાવસ્થામાં થાય છે. માટે આત્મા નિત્ય છે. છીપમાં ચાંદીનો ભ્રમ થયા પછી તેમાં બાધ થાય છે. જ્યારે આ જ્ઞાનમાં બાધ નથી. જો બાળ અને વૃધ્ધમાં કાર્ય-કારણભાવ માનો તો નિરન્વય ક્ષણના વિનાશમાં આ ઘટશે નહીં કર્મની ક્રિયા કાળને.... ફળને કાળ જુદો છે. જો બંનેમાં એક આત્મા ન હોય તો એકાદિ કરણ કેવી રીતે ઘટે ?

જો આત્મા નિત્ય માનો તો કૃતશાશ, અકૃતાગમ આદિ દોષો

આવશે. આત્મા અવસ્થિત છે. પોતે કરેલા કર્મ ફળને વેદવાથી ખેડૂતની જેમ બૌધ્ધો ઐકેન્દ્રિયને અતિન્દ્રિય જ્ઞાન સ્વીકારે છે.

તે જ દિવસના જન્મેલા બાળકને પ્રથમવાર અભિલાષ (સ્તનપાન) અભિલાષાન્તર પૂર્વક છે. અભિલાષ હોવાથી...

આત્મા ગુણવાન છે અને ગુણોનો આધાર જોઈએ. ''गुणीत्वे सति अतिन्द्रित्वात्'' (આકાશની જેમ.)

જાતિસ્મરણ ન થવામાં કર્મ પ્રતિબન્ધ છે તથા દ્રઢાનુભવનો અભાવ છે.

સંયમરૂપી મહેલમાં પાયારૂપ હોઈને આ મૂળસૂત્ર છે. બીજો અર્થ=શાસનના અંતસુધી રહેશે માટે પણ મૂળસૂત્ર. **શ્રી દશવૈકાલિકમાં સમગ્ર સાધુ સામાચારી છે.**

**જેમા દ્વારા આત્મા પોતાના જીવને કર્મના કિચ્ચડમાં પડતો બચાવે તે ધર્મ.** રોગનું આમય એવું નામ છે. રોગી માંથી પણ અરોગી થાય એ પણ એક અવસ્થા છે માટે આત્મા નિત્ય છે.

તથા બાળ અવસ્થાનું પણ સ્મરણ થાય છે. વળી બાંધેલા કર્મ બીજા ભવમાં ઉદયમાં આવે છે. (માટે આત્મા નિત્ય છે. એમ બધે ક્રિયાપદનો ઉપયોગ કરવો. વિધિ પ્રતિષેધથી પદાર્થનું - સાંધ્યનું અભિધાન છે.) પૂર્વે..... પંચેન્દ્રિય અવસ્થામાં સ્તનપાનથી આહાર સંજ્ઞા ભોગવી છે.

આત્મા નિત્ય છે એમ સર્વજ્ઞ ભગવંતે કહયું છે. એઓ રાગ-દ્વેષ-મોહથી પર છે. વળી અવિતથ મૃષાવાદથી રહીત છે ! એમના વચનો પરસ્પર વિરોધાભાસી નથી. માટે ઉહાપોહ કરવાની બુધ્ધિવાળો "કસ છેદના તાપથી" આ સર્વજ્ઞનું વાકય છે. એમ નક્કી કરે. સામાની બુધ્ધિમાંજ એમની સર્વજ્ઞતાનો પ્રભાવ પડી શકે. જેમ ઈન્દ્રભૂતિ...!

બી.એ.ની ડીગ્રીવાળાના પેપર પણ મેટ્રીકવાળો. ગુણાંક વિગેરે

જોઈ શકે છે. "મૂર્તિ" જૈન ધર્મનો પારિ ભાષિક શબ્દ છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ સહીત.... "અનિયત્વં સંસ્થાનં" મૂર્તિ એટલે રૂપ અને વર્ણાદિ સહીત છે. છતાં ઈન્દ્રિય ગ્રાહય નથી. બધા વિષયો ઈન્દ્રિય ગ્રાહય જ હોય એવું નથી પોતાના કર્મનો ભોગવનાર હોઈ આત્મા કર્તા છે. ઘણા દર્શની આત્માને અંગુષ્ટ જેટલો માને છે. પણ **સર્વજ્ઞ ભગવંત આત્માને દેહવ્યાપી માને છે.** હાથીમાં હાથી જેવડો આવ્યાં કીડીમાં કીડી જેવડો આત્મા હોય છે. ઉષ્ણ એ અગ્નિનું લિંગ છે. ઉષ્ણત્વ એ અગ્નિમાંજ છે. એવી રીતે ચેતનત્વ નામનો ધર્મ સચેતન શરીરમાં જ છે. સુખ-દુઃખ શરીરમાં જ થાય છે અન્યત નહીં.

હવે ગુણીનું દ્વાર બતાવે છે. ગુણથી ગુણી થાય. પણ તેના વ્યતિરેકથી નહીં. ગુણથી ગુણી ઓળખી શકાય છે. જેવી રીતે તુંબડું ઉપર જવાના સ્વભાવવાળું છતાં માટીનાં લેપથી નીચે જાય છે. માટી દૂર થાય ઉપર આવે છે. એરંડનું - અગ્નિનું પણ દ્રષ્ટાંત અહીં જાણવું. આત્મા અમર છે એ બતાવે છે. અકરણ વ્યાપી યથા આકાશવત્.... માટીથી ઉત્પન્ન થયેલો ઘડો તે મૃણમય - (ચીન્મય) આ વિકારમાં તંતુમય ઘટઃ પણ આત્મા નહીં.

આત્મા નિત્ય છે, એ પરિણામી નિત્ય છે. પણ ક્ષણીક નથી તો... કર્તા ભોકતા ભાવ..ઘટી શકે.

જીવનું પરિણામ- વિસ્તાર પરિણામ- કેવળી સમુદ્‌ઘાત કરે ત્યારે. સૂક્ષ્મ પરિણામ- અવગાહના વિતત... એક-એક સમય રૂપ.

લોક પ્રમાણ મોટો પાલો બનાવીએ. અને એમાં બધા જીવો ભરી અસત્ કલ્પનાએ બીજે નાંખો....તો એવા અનંતા લોકાકાશ પ્રમાણ પાલા ભરાય....

# શ્રી દશવૈકાલિક વાચના - ૨૯

જીવરક્ષા-જિનઆજ્ઞા એ પડિલેહણનો હેતુ છે. મન મર્કટને નિયંત્રણ કરવા માટે ચિંતના શુધ્ધિનું બળ વધે... માટે 'બોલ' બોલવા પૂર્વક પડિલેહણ કરવું.

વસ્ત્રનું ઓઘાનું પડિલેહણ... તેમાં મુહપત્તિના ૨૫ બોલ અને એજ પ્રમાણે વસ્ત્રનાં ૨૫.....

દ્રષ્ટિ પડિલેહણમાં એક ડાબે પહેલાં ત્રણ...

જમણે પહેલાં ત્રણ...

બહારનાં ભાગમાં ત્રણ

અંદરના ભાગમાં ત્રણ.

સ્થાપનાચાર્યનું અકૃત્રિમ પડિલેહણ....

પંચપરમેષ્ઠિના પ્રતિકરૂપે સ્થાપનાચાર્ય છે. પાંચનો ક્રમ.... પ્રથમ અરિહંત જમણી બાજુ, સિધ્ધ ડાબીબાજુ, આચાર્ય -ઉપાધ્યાય - સાધુ...... ઠવણીને ૧૦ બોલ બોલે.

(સ્વ સમાચારી મુજબ ૨૫ બોલ)

એકી - ત્રિક વિગેરે આવર્ત માત્ર ચંદણકમાંજ મળી શકે. અન્યમાં નહીં. શંખ અને ચંદણક જુદી વસ્તુ છે. શંખ તો ઘણા મોટા હોય છે.

સવારે-મુહપત્તિ-રજોહરણ (નિષેધીયાને જ આસન પૂર્વે માનતા) કંદોરો -કપડો-ચોલપટ્ટો - ગુરુનું અને બાળમુનિનું પડિલેહણ પછી છેલ્લા બે આદેશ-લેવા. પછી ઈરિયાવહિયા કરી કામળીનો કપડો પછી ચાલુ કપડો પછી સંથારીયું અને ઉત્તરપટ્ટો આદિ દાંડો પછી કાજો. પછી ઈરિયા-વહિયા પછી સજઝાય - બે પોરસી સ્વાધ્યાય-દર્શન-(ઓઘો મુહપત્તિનું પડિલેહણ થયા પછી ઉપગૃહિત-ઉપકરણનું પડિલેહણ કરે. જેમાં વધારે ચોલપટ્ટો-ખેરીયું, વધારાંના વસ્ત્ર, સંયમને ટેકો આપનાર ઓઘ ઉપધિ.... પડિલેહણ પહેલાં કરે...!)

નિકાયની વ્યાખ્યા કરે છે. કાય=સમૂહ પર્યાયકાય બે ભેદે છે. જીવપર્યાય કાય=જ્ઞાનાદિ સમુદાય (૨) અજીવ પર્યાપકાય=રુપાદિ સમુદાય, સંગ્રહકાય=ત્રિફળા ભારકાય જેમ કે કાવડ વાર્તા.... એક કાયના બે ભાગ થયા. એક રહે છે એક મરાયો. એક પખાળી કાવડમાં બે ઘડા ભરી લઈ જાય છે. અપકાય નાં બે ભાગ થાય. કારણ બે ઘડા થયા. રસ્તામાં એક ઘડો પડી ગયો...! પાણી ઢળી ગયું. એટલે એક હાય મરી ગયો. હાવડ નમીને પડી જવાથી બીજો ભાગ પડી ગયો ને મરેલા એક બીજાને માર્યો.

ભાવકાય-ઔદયિકાદિ-ભાવ સમુદાય છે.

અહીંયા જીવનિકાય જીવપર્યાય કાયનો અધિકાર છે.

(૧) ઉપોદ્‌ઘાત - નિર્યુકિત અનુગમ (૨) સૂત્ર સ્પર્શિકનિર્યુક્ત અનુગમ. ઉપોદ્‌ઘાત =પ્રસ્તાવના-તેના ૨૦ દ્વાર છે. શા માટે બતાવ્યું. ઈત્યાદિ ૨૦ દ્વારા માટે આવશ્યક સૂત્રમાંથી જોઈ લેવું.

**ગુરુના ચરણોમાં રહેવાથી પાત્રતા પૂર્વક જ્ઞાન મેળવાય છે.** જ્ઞાન-દર્શનમાં સ્થિર થાય છે. **ગુરુ-ચરણોનો વાસ છોડતા નથી... તે જીવો ધન્ય છે.** અથવા આમૃષ એટલે વિનયની પ્રતિ-પ્રતિ કહે છે.

**અસ્થાને કરેલો વિનય અનંત સંસાર માટે થાય છે...!**

**સ્થાને કરેલો વિનય સંસારના નાશ માટે થાય છે.**

આ છ જીવનિકાયની પ્રરૂપણા કોના વડે કહેવાઈ છે. મહાતપસ્વી સમગ્ર ઐશ્વર્યાદિ ગુણો સહિત પરમાત્મા વડે કહેવાઈ છે. મહા વિક્રાન્ત મોટા વીર્યોલ્લાસવાળા વીરના મહા અર્થ... (૧) કર્મને વિદારણ કરે. (૨) તપથી શોભે છે. (૩) તપથી યુકત છે. "કાશ્યપ સગોત્રેણ" એમાં સ = સહીત સપ્ ધાતુ આચરણનાં અર્થમાં છે. સારી રીતે આસેવન કરનારા અહીં સપ્ ધાતુનો અર્થ ઉપરોકત જાણવો.

પથ્યંહિતં - આ જીવ નિકાયનું અધ્યયન અને આચરણ મને હિતકારી છે. ભણવું - વિચારવું... અને એ રીતે અમલ કરવો એ હિતકારી છે. (છાન્દ્રસત્વાત્)

અજ્ઞાની ક્રોડો વર્ષે જે કર્મ ખપાવે તે કર્મ - જ્ઞાની ત્રણ ગુપ્તિએ ગુપ્ત ચારિત્રવાન આત્મા ક્ષીણમાં આવે છે.

अधि = અંદર અધ્યવસાયને અંદર લઈ જવા માટે ત્રણ પ્રકાર પઠન-પાઠન અને ભાવન છે. **એટલે જ સર્વવિરતિ રૂપ ધર્મ-છ જીવ નિકાયનો સંયમ છે.** એનું જેમાં વર્ણન છે તે ધર્મ પ્રજ્ઞપ્તિ કહેવાય.

(નિમિત્ત કારણ હેતુ શબ્દનો પ્રયોગ છે. ત્યાં ગમે તે વિભક્તિ લાગી શકે.) **આત્માના સંસ્કારને ક્ષીણ કરી-અંતરાત્મામાં સ્થિર થવામાં ઉપયોગી આ અધ્યયન થાય છે.** ધર્મપ્રજ્ઞપ્તિ એ અધ્યયન રૂપ છે. ચિત્રની વિશુધ્ધિ કરાવનાર હોઈને આનું અધ્યયન મારે માટે શ્રેય છે.

ભાવવાચી નામ એ છ જીવનિકાય છે. મૂળનામ ધર્મપ્રજ્ઞપ્તિ છે.

**અભિમાનનો ત્યાગ કરીને સંવિજ્ઞ સાધુ બધું જ ગુરુમહારાજને પૂછે.** છઠ્ઠે ગુણઠાણે રહેલાને મોક્ષની તીવ્ર અભિલાષા હોય. **સમ્યક્ પ્રકારે જે ગુણદોષોનું પૃથ્થકરણ કરે તે સંવિગ્ન.** આ અર્થ છેદસૂત્રમાં છે. સંવિજ્ઞ =ઉદ્યત વિહારી પણ થાય.

ગરમી ઠંડીથી જે ત્રાસ પામે તે ત્રસ કહેવાય

જે હાલે ચાલે તે ત્રસ કહેવાય...!

પરમાત્માના શાસનની આરાધના વ્યવસ્થિત થવા માટે આત્મતુલ્ય ભાવથી જીવોની જયણા બતાવી છે. તેનું પાલન એજ શાસન મર્યાદા છે ! શાસનની સ્થાપના સમયે મુખ્યતયાએ જીવરક્ષાનો જ ઉપાય ફરમાવ્યો છે. **હિંસામાંથી નિવૃત્તિ એજ શાસનનો સાર છે!**

સાધુપણું બે પ્રકારે દ્રવ્યથી અને ભાવથી

દ્રવ્યથી - વેશપલટો.

ભાવથી - અનાદિકાળની વાસનાનો ક્ષય કરવો. રાગ-દ્વેષ વિષય કષાયના પડલનો ક્ષય કરવો. છ કાયનું પાલન... પંચ મહાવ્રતનું પાલન કરવું.

**દશવૈકાલિક સૂત્રમાં ૧૪ પૂર્વનો સાર છે તથા સકલ આગમનો સાર છે.**

શાસનની ઓળખાણ અને સમજણ પછી જ એની આરાધના થાય.

**છુટક પદાર્થોની વિચારણા અનુપ્રેક્ષા........!**

**સળંગ પદાર્થની આરાધના તે પરાવર્તના.......!** શાસન એટલે ભગવાનની આજ્ઞા. નવકોટીના પચ્ચક્ખાણ (કરવું-કરાવવું-અનુમોદવું) એનો અધિકાર પણ એજ છે. ચોથા અધ્યયનનું નામ ધર્મપ્રજ્ઞપ્તિ... = **ધર્મના સ્વરૂપની જાણકારી અને સંપૂર્ણપણે પાલન સર્વવિરતિ સિવાય કદી પણ થાય નહીં.** મૂળ નામ ધર્મપ્રજ્ઞપ્તિ. ભાવવાચક નામ છે અને બીજું ષડ્જીવનિકાય અધ્યયન ગુણવાચક નામ છે.

જીવ શબ્દના નિક્ષેપા ભાવજીવની સમજ વાટે ૭ દ્વાર છે. આત્માનું સ્વરૂપ સમજવા માટે જીવ નિત્યાનિત્ય છે.

અનુગમ-ઉપોદ્‌ઘાત-નિર્યુક્તિ (૨) નિક્ષેપ નિર્યુક્તિ (૩) સૂત્ર નિર્યુક્તિ.

ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ=પ્રસ્તાવના કોણે કરી ? શા માટે કરી ? દરેક આગમનું લગભગ સરખું ૨૦ દ્વારનું વર્ણન ૭૦૦ ગાથામાં છે.

ઔદયિક ભાવને ટેકે ક્ષાયિક ભાવ માટે ગણધર ભગવાને રચેલ છે.

નિક્ષેપ નિર્યુક્તિ - નિક્ષેપાની વ્યાખ્યા કરવી તે છે.

સૂત્ર નિર્યુક્તિ - સૂત્રની વ્યાખ્યા કરવી. મૂળસૂત્રની શરૂઆત.

શ્રૂયતે તદ્ ઇતિ શ્રૂતમ્ - જે સંભળાય તે શ્રુત... વિશિષ્ટ પ્રકારનો અર્થ સમજાય એવા વચનયોગમાંથી ગ્રહણ કરવાનો પ્રયત્ન તે શ્રુત કહેવાય.

**પરમાત્માએ છોડેલા જે દ્રવ્ય શ્રુતના શબ્દો તે શ્રુતજ્ઞાન કહેવાય.**

વ્યક્તિને કેવલજ્ઞાન હોય તો ક્ષાયિક ભાવે અને ૪ જ્ઞાન ઉપશમ ભાવે હોય.

સમવસરણમાં દેશના આપે. નિશ્ચયનયની અપેક્ષા દિગંબરોમાં વધારે હોય છે.

મન-વચન-કાયાની દ્રવ્યપ્રવૃત્તિ તે દ્રવ્યોપયોગ (અઢી યોજન સમવસરણની ઊંચાઈ) ભગવાનને વચનયોગ ન હોય તે માટે બોલે નહી પણ એમના માથામાંથી એવા પ્રકારનો ધ્વનિ નીકળે તે ગુણ કરે એમ નિશ્ચયનયના ભાવની અપેક્ષાએ છે.

દિગંબરોના મતે કેવલજ્ઞાન થયા પછી કેવલી તીર્થંકર અઢી કોશ ઊંચા અધર થઈ જાય. ભગવાન તો સમજી શકે કેવળ જ્ઞાન થયા પછી તેઓ જમીનને અડીને ન બેસે માટે ઊંચા સ્થિર બેસે એમ.

**ભગવાનના કહેલા શબ્દોથી ક્ષયોપશમ ભાવ ઉત્પન્ન થાય માટે તે શ્રુતજ્ઞાનનું કારણ છે.** તીર્થંકરને દ્રવ્ય શ્રુતજ્ઞાન હોય. શ્રુતમ્-અવધૃતમ. અવગૃહિતમ્ પર્યાયવાચી શબ્દો છે. આયુષ્ય જેને છે તે આયુષ્યમાન્ ! તેમ ભગવાન-સમગ્ર ઐશ્વર્ય રૂપ યશને ધારણ કરે તે ભગવાન્ !

કેવલજ્ઞાનની મર્યાદાથી જાણીને અહીં ષડ્જીવનિકાય અધ્યયન બતાવ્યું.

આયુષ્યમાન-પ્રશસ્ત વિરતિના પરિણામને ધારણ કરીને જેને જીવન સફળ બનાવ્યું તે આયુષ્યમાન્. અયોગ્યને શાસન ન આપે. એમાં પણ અનુકંપા અને ભાવદયા છે. જેમ કાચા ઘડામાં પાણી નાખવાથી ઘડાનો જ નાશ થાય. માટે ગંભીરતા ન હોય તેને જ્ઞાન-શાસ્ત્ર ન આપે. જે ધર્મના સાચા સ્વરૂપને સમજ્યો નથી તે બીજાને ઉપદેશ આપી ન શકે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૩૦

ધર્મ = **આશ્રવ દ્વારથી પાછો ફેરવે તે ધર્મ કહેવાય. પરમાત્માના શાસનની આજ્ઞામાં સ્થિર કરે તે ધર્મ......!** પ્રજ્ઞપ્તિ=પ્ર=પ્રકર્ષે કરીને, જ્ઞ=સાક્ષાત્ સર્વજ્ઞ વિ. નું જેમાં નિરુપણ ઝીણવટથી કરેલું હોય તેને પ્રજ્ઞપ્તિ કહેવાય. (૧૩૮મું પાનું ૫મી લીટીમાં દશવૈકાલિકની પ્રતમાં) છ ક્ષયનો ક્રમ છે તે પણ ઘણો મહત્ત્વનો છે.

(૧) સર્વ પ્રાણીઓને સર્વભૂતનો આધારભૂત હોવાથી પ્રથમ પૃથ્વીકાય છે !

(૨) અપકાય સર્વ કરતાં બહુલતાએ વધારે છે. પૃથ્વી ઉપર ત્રણ ભાગ પાણી છે. માટે એનું મહત્ત્વ બીજા નંબરે છે.

(૩) પાણીએ અગ્નિનો વિરોધી છે તેનો તિરસ્કાર બતાવવા માટે ત્રીજા નંબરે તેઉકાય છે.

(૪) અગ્નિને પ્રજ્જવલિત કરનાર વાયુ છે. અગ્નિ સાથે વાયુનો સંબંધ હોવાથી ચોથા નંબરે વાયુકાય છે.

(૫) વનસ્પતિકાય - વાયુની પ્રતીતિ (જાણ) કરવા માટે વનસ્પતિ ઝાડના પાંદડા વિગેરે હલવાથી ખબર પડે કે વાયુ છે માટે પાંચમા નંબરે વનસ્પતિકાય છે.

(૬) વનસ્પતિ પ્રસ જીવોને ઉપકાર, મદન, સહકાર કરનાર છે. માટે પછી ત્રસકાય. **વનસ્પતિને અકામ નિર્જરા દ્વારા પુણ્ય બંધાય.** કારણ તેને ભાવ ન હોય કે હું સર્વજીવોને સુખ આપું શાંતિ આપું માટે અનિચ્છાએ અકામ નિર્જરા થાય સ્વેચ્છાએ સકામ નિર્જરા થાય!

પૃથ્વી ચિત્ત = જ્ઞાન-જ્ઞાનનું સ્વરૂપ જેમાં રહેલું છે તે ચેતના શક્તિ જેમાં રહેલી છે તે ચિત્ર.....!

સચિત્ત = વિકાસરૂપ શક્તિ.

ચૈતન્ય=વિકાસરૂપ શક્તિ.

ચિત્ત-અવ્યક્ત શક્તિ.

ચિતમંત મક્ખાયા ના બદલે ચિત્તમત મકરવાયા લખ્યું હોત તો શું વાંધો હતો ?

મત્ત=માત્ર, ઈન્દ્રિયોની શક્તિ જેટલી વધારે તેટલી વેદના શક્તિ વધારે.

વેદન એ આત્માનો ધર્મ છે. **સિદ્ધિગતિના આત્માને પણ સુખનું સંવેદન અનુભવતો છે જ.** ઈન્દ્રિયોને વાસનાને અનુકુળ મળે તે સુખ અને પ્રતિકૂળ મળે તે દુઃખ !

સુખ-દુઃખની વ્યાખ્યા સંયોગજન્ય છે. અશાતા વેદનીય ઉદયથી દુઃખ આવે છે.

એકેન્દ્રિયની ચૈતન્ય શક્તિ જઘન્ય છે, માટે વેદના પણ જઘન્ય હોય છે.

**ચારિત્ર મોહનીયના ઉદયથી સ્વરૂપભાવનું અટકાવ થાય. અને દર્શન મોહનીયના ઉદયથી પુદ્‌ગલ પ્રત્યે રાગ-દ્વેષ થાય.**

આત્માની ઉન્નતિને રોકનાર ચારિત્રમોહનીય છે. અંતરંગ આત્માના અનુભૂતિનો દ્વાર બંધ કરનાર, આત્મસુખને રોકનાર દર્શન મોહનીય કર્મ છે.

વેદાંતી માને છે આત્મા જુદો-જુદો તે એક જ પરમાત્મા છે. આકાશમાં ચંદ્ર એક જ છે પણ જુદા-જુદા કુંડામાં જોઈએ તો એક જ ચંદ્રનું પ્રતિબિંબ દેખાય. એટલે આલોકો અનેક જીવો માનવા છતાં સ્વરૂપ એક જ માને છે.

**પોતાના આત્માને શક્તિની પ્રતીતિ જ્યારે ૧૦ મા ગુણસ્થાનકે ચારિત્ર મોહનીયનો ક્ષય થાય ત્યારે અનુભવ થાય.**

પ્રતીતિ અટકાવે તે દર્શન મોહનીય. પ્રયત્ન અટકાવે તે ચારિત્ર મોહનીય. **દોષને દોષ રૂપે ન સ્વીકારવાથી સમ્યક્ત્વ જાય.**

આપણા જીવનમાં વેદન-સંવેદન સાથે થાય...

પ્રતીતિ-વિશ્વાસ, વેદન-જાણવું, સંવેદન=અશાતૉમોહ=સંવેદન. આપણને વેદન સંવેદન સાથે થાય, શાતા વેદનીયથી સામે આવે. ઇન્દ્રિયથી અનુભવ થાય. પછી મોહનીય કર્મથી સારા-ખોટાની પરિણતી થાય.

દ્રવ્યથી સારાપણું જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થાય. જેમ પડોશીનો છોકરો સારો છે તેને જેમ છે તેમ કહેવું તે. અને ભાવથી સારા પણું મોહનીયનો ક્ષયોપશમ. જેમ પોતાનો છોકરો કાણો-કૂબડો હોવા છતાં તેને વખાણવું વિગેરે...

મોહનીયનો ક્ષયોપશમ.

(ઇન્દ્રિયોના અનુકૂળ પદાર્થો પ્રાસુક એષણીય હોય પણ તેમાં મોહનીય કર્મનો ઉદય ન થવા દે. મોહનીય કર્મના નિમિત્તોને નિષ્ફલ

બનાવે, મોહનીય કર્મનો ઉપશમ કરે. **અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં સમતા ન છોડે. રાગમાં ફસાય નહીં, દ્વેષમાં તિરસ્કાર ન કરે. માટે ચારિત્ર ખાંડાની ધાર છે.** એમ કહ્યું છે.

કથન=કહેવું, ભાષણ=બોલી જવું, આખ્યાત=કેવલજ્ઞાનની મર્યાદા પૂર્વક જોઈને લગતા જીવો માટે સ્પષ્ટ પણે અનુભવ થયેલ હોય તે પ્રમાણે બોલવું તે.

ચોથું ગુણસ્થાનક આત્મસુખ સાથે સંકળાયેલું છે. **જેટલો દર્શન મોહનીયનો ક્ષયોપશમ તેટલો આત્મા આત્મસુખ તરફ વધુ આગળ વધે.**

# શ્રી દશવૈકાલિક વાચના - ૩૧

પ્રશ્ન :- પૃથ્વી સચિત્ત છે, જીવમય છે તો પછી તેમાં જીવોની વિરાધનાનો સંભવ છે તો સાધુને સ્થંડીલ માત્રુ પરઠવવા જવું તો પડે છતાં સાધુ અહિંસક કેમ ઘટે ?

ઉત્તર :- પૃથ્વી સ્વકાય શસ્ત્ર, પરકાય શસ્ત્ર અને ઉભયકાય શસ્ત્રથી અચિત્ત બને છે. સ્વકાય શસ્ત્ર-પૃથ્વીના ભેદ લાલ-પીળી-કાળી માટી વિગેરે.. ગામ તણે પઈસારે નિસારે પગ પડિલેહણ કરવાનું... કારણ કે ગામની અંદર માટીના પરમાણુ અચિત્ત હોય તેમજ ગામ બહાર કેડી પ્રમાણે જ ચાલીએ તો તે અચિત્ત હોવાથી... પૃથ્વીના જીવોની વિરાધના ન થાય. પણ જ્યારે કેડી વગરની પૃથ્વી ઉપર ચાલવાનું થાય તો સચિત્ત... અને અચિત્ત પૃથ્વીના પરમાણુ ભેગા થવાથી સચિત્ત પૃથ્વીના જીવોને અચિત્તના પરમાણુ દ્વારા કિલામણા થાય... એ સ્વકાય શસ્ત્ર માટે ગામમાં પેસતાં-નિસરતા દંડાસણથી પગ પડિલેહવા. હાલમાં જે ખાલી વિધિ થાય તેમ નહી પણ દંડાસણ કાઢીને ઉપયોગ પૂર્વક પડિલેહવા. કોઈ ગૃહસ્થ બેઠા હોય તેમની સામે ન પલેવવા.. કારણ તેમને શંકા થાય કે આ કોઈ કામણ કરે છે માટે...!

પરકાય શસ્ત્ર :- પૃથ્વીકાય સિવાયના જીવો દ્વારા જેછેદન-ભેદન થાય તે. જોરદારપવન ચાલે તે વાયુ વનસ્પતિનો રસ ઝરે, અગ્નિના જીવો ભેગા થાય, અપકાય વરસે આદી જીવો દ્વારા જે વિરાધના...તે પરકાય શસ્ત્ર કહેવાય.

ઉભયકાય શસ્ત્ર :- પૃથ્વીકાય અને બીજી કાય ભેગી થાયતે... ઉભયકાય. જેમ... કાદવમાં પૃથ્વીકાય અને અપકાય ભેગી થાય તે... ઉભયકાય.

પૃથ્વી બધી સચિત્ત છે એમ નથી પણ શસ્ત્રથી પરિણત થયેલી પૃથ્વી અચિત્ત છે.

શસ્ત્ર બે પ્રકારે-દ્રવ્ય-ભાવ, દ્રવ્યશસ્ત્ર-તલવાર વિગેરે હથિયાર, અગ્નિ, ઝેર, ખટાશ, ક્ષાર, લવણ, આદિ શબ્દથી દ્રવ્ય શસ્ત્ર જાણવા.

(૨) ભાવશસ્ત્ર :- જેનાથી આત્મા અધ્યવસાય મેળવીને કર્મથી બંધાય અને અવિરતિમય થાય તે ભાવશસ્ત્ર અવિરતિમન-વચન-કાયાની અમર્યાદિત પ્રવૃત્તિ તે ભાવશસ્ત્ર અહીં વર્તમાનકાળનો જ અધિકાર છે.

મનનો દુરૂપયોગ તે ભાવઅવિરતિ છે. છકાયમાં જે પ્રવૃત્તિ તે અવિરતિ. ભગવાનની આજ્ઞામાં સ્થિરીકરણ તે વિરતિ છે. ઈર્ષ્યા, અસુયા, ક્રોધ, માન, માયા, લોભ તે મનનો દુરૂપયોગ...

હિંસક-કઠોર ભાષા તે વચનનો દુરૂપયોગ દોડવું, હિંસાના કાર્યો કરવા, ઉપયોગ ન રાખવો તે...કાયાનો દુરૂપયોગ. કર્મબંધનના કારણ હોવાથી ભાવશસ્ત્ર...!

દ્રવ્ય શસ્ત્રનો અધિકાર ત્રણ પ્રકારે :-

જેમ પૃથ્વી, અપ, તેઉ વિગેરેને પરશસ્ત્ર બની જાય.

તેમ પાણીમાં માટીનું ઢેફું પડે તો પાણીના જીવો મટી જાય. તે પરશસ્ત્ર..!

ભાવશસ્ત્ર :- અસંયમ, પુંજવા-પ્રમાર્જવામાં ઉપયોગ ન રાખે તે. ભાવ શસ્ત્ર કહેવાય.

અચિત્ત પૃથ્વી ઉપર ચાલવાથી વિરાધના ન થાય માટે અહિંસક પણું છે.

છેલ્લી કોટીનો માર્ગ ખેતરનો તેમાં વધુમાં વધુ દોષ છે. તેનાથી સારો માર્ગ કેડીનો તેમાં અલ્પ દોષ, તેનાથી સારો માર્ગ ગાડાનો. તેથી સારો માર્ગ સડક વિનાનો તેનાથી સારો માર્ગ કાચી સડકનો. તેનાથી સારો ડામર રોડનો અલ્પ-દોષની અપેક્ષાએ જાણવું...

| | | | | |
|---|---|---|---|---|
| ઈંટ ભુંજવાની | ભૂમિ | ૧૦૨ | આંગળ | અચિત્ત |
| ચુલાની | ભૂમિ | ૩૨ | આંગળ | અચિત્ત |
| મળમૂત્રની | ભૂમિ | ૧૫ | આંગળ | અચિત્ત |
| શેરીની | ભૂમિ | ૭ | આંગળ | અચિત્ત |
| નિંભાડાની | ભૂમિ | ૭૨ | આંગળ | અચિત્ત |
| ઢોરબાંધવાની | ભૂમિ | ૨૧ | આંગળ | અચિત્ત |
| ઘરની | ભૂમિ | ૧૦ | આંગળ | અચિત્ત |
| રાજમાર્ગની | ભૂમિ | ૫ | આંગળ | અચિત્ત |

પછી સચિત્ત...!

પૃથ્વી સચિત્ત છે. એમાં આગમનું પ્રમાણ અને અનુમાન પણ છે. સાત પ્રકારે પૃથ્વીકાય છે. ફલિહ, મણિ... આ સાત પ્રકાર છે. જેમ ધુમથી અગ્નિની સાબિતી થાય તેમ આ ગાથાથી - "ફલિહ મણિ.." પૃથ્વીની સાબિતી થાય. જે પદાર્થો ઈન્દ્રિયગમ્ય નથી એ જાણવા માટે સંપૂર્ણ જ્ઞાન મેળવવા માટે બે કારણ છે.

(૧) શ્રધ્ધાના બળે (૨) ક્રિયાના આધારે.

દલીલો અનુમાન દ્વારા પણ સાબિતી થઈ શકે છે. આગમ = **આપ્ત પુરુષોના વચનો તે આગમ કહેવાય.** દોષોનો ક્ષય કરી ક્ષાયિકભાવે ૧૩મા ગુણઠાણે પહોંચેલા તે આપ્ત પુરુષોના વચનો છે. તે આગમ..! તેઓ કદી મૃષાભાષણ કરે નહીં કારણ તેમના રાગદ્વેષ નષ્ટ થયેલા છે. રાગ-દ્વેષ-મોહ એ અસત્યના કારણ રૂપ છે.

જેટલા અંશે મોહનીય ઘટે તેટલા અંશે વીતરાગની વાણીની પ્રતીતિ થાય. પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ સચિત્ત છે. પૃથ્વી ખોદતા સ્વાભાવિક રીતે પાણી નીકળે માટે તે અચિત્ત છે.

અગ્નિ આહારથી (લાકડાદિના ખોરાકથી) વધે. જેમ બાળકનું આહારથી શરીર વધે. તેમ અગ્નિ પણ સાત્મક છે. પવન સચિત્ત છે. કોઈની પ્રેરણા વિના તિર્છું અનિયમિત ગમન થાય. એ જ સચિત્તપણાનું લક્ષણ છે.

ગતિ બે પ્રકારે.... (૧) પોતાની ઈચ્છાથી (૨) બીજાની પ્રેરણાથી....

વનસ્પતિ સચિત્ત આહાર મળે તો વધે. નહીં તો સુકાઈ જાય. એની છાલ કાઢીને છુટી મૂકીએ તો સુકાઈ જાય. વૃધ્ધિ ન પામે. એ જ સચિત્તપણાનું લક્ષણ છે. જેમ ગધેડાની ચામડી કાઢવામાં આવે તો મરી જાય.. તેનું ચૈતન્યપણું નાશ પામે તેમ છાલ એ ઝાડનું રક્ષણ છે.

સફરજન આદીની છાલ સચિત્ત કહેવાય કારણ એ ફળથી જુદી પડતી નથી. પણ કાઢવી પડે. છાલ વાળા ફ્રુટ સચિત્ત કહેવાય વપરાય નહીં. છાલ વગરના ફ્રુટ બે ઘડી પછી અચિત્ત થાય છે. દ્રાક્ષની છાલ સચિત્ત ન ગણાય. એ છાલ તરીકે નથી પણ અવયવ તરીકે છે. કેળાની છાલ અચિત્ત છે. તે એકદમ છુટી પડી જાય...

| | | |
|---|---|---|
| अग्र बीजं येषाम् ते | = | अग्रबीजाः कोरंटकादयः |
| पर्व बीजं येषाम् ते | = | पर्व बीजाः इक्ष्वादयः |
| बीजानि रोहन्तीइति | = | बीज रुहाः शलयादयः |
| मुलं बीजं येषाम् ते | = | मुलबीजाः उत्पलकंदादयः |
| स्कंधः बीजं येषाम् ते | = | स्कंधबीजाः शल्लकयादयः |

સમૂર્ચ્છિન્તિ ઈતિ સમૂર્ચ્છિમા - પૃથ્વી - અગ્નિ - વર્ષા વિગેરેથી

ઉત્પન્ન થાય તે સમૂર્ચ્છિમ. ખેતરની માટી બળી ગઈ હોય તો પણ વરસાદના સંયોગથી સમુર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થાય. તૃણ-ઘાસ-વેલડી વનસ્પતિના પેટા ભેદના ગ્રહણ માટે છે. સૂક્ષ્મ બાદરના ગ્રહણ માટે વનસ્પતિનું ગ્રહણ છે.

શર્કરા માટી-કાંકરા-યુગલીયાના કાળમાં છેલ્લા આરામાં આ માટીના કાંકરામાં ઘણી મધુરતા હતી....! અવસર્પિણીના ત્રીજા આરામાં મધુરતા ઘટતી-ઘટતી એકદમ બંધ થઈ ગઈ. માટે કાંકરા કહેવાય.

રત્નપ્રભાના ૧૬૦૦ યોજનમાં રત્નોના કાંડ છે માટે રત્ન પ્રભા કહેવાય.

સર્વ વિરતિધર્મનું સંક્ષેપ વર્ણન કરનાર આશ્રી દશ વૈકાલીક સૂત્ર છે અહીં વનસ્પતીકાયનો અધિકાર ચાલે છે.

પ્રશ્ન :- બીજનો જીવ જ મૂળમાં ઉત્પન્ન થાય કે બીજા જીવ ચ્યવીને ઉત્પન્ન થાય છે ?

જવાબ :- યોનિભૂત ઉત્પન્ન થવાથી યોગ્યતાવાળું બીજ ઉગવા માટે સમર્થ તે બીજ.

અયોનિભૂત ઉત્પન્ન થવાથી અયોગ્યતાવાળું બીજ ઉગવા માટે અસમર્થ તે યોનીભૂત - બે પ્રકારે. સચેતન - અચેતન...

બીજનો જ જીવ મૂળમાં આવે એવો એકાંત નથી.

કિસલયમાં નિયમા અનંતા જીવ હોય. પણ...

અંતર્મૂહૂર્ત પછી ફક્ત એક જીવ રહે બાકી બધા જીવ ચ્યવી જાય. પછી મૂળનો જીવ પોતાનું શરીર માનીને તેનું પોષણ કરે. કંદથી માનીને બીજ સુધી એક જ જીવ હોય તેવો નિયમ નથી. કોરડું મગની યોનિ સચિત્ત છે. તેને વાપરવાથી પરિણામ નિર્ધ્વંસ થાય માટે... વપરાય નહીં.

જીવાભિગમ વનસ્પતિ સિવાયના પાંચ કાયની વ્યાખ્યા કરે છે. કારણ વનસ્પતિ કાયનું વર્ણન વિસ્તારથી આવી ગયું છે માટે પાંચનું ગ્રહણ છે. અન્યથા છ કાય જ છે.

ત્રસકાય :- ત્રસ્યન્તિ ઈતિ ત્રસાઃ । ઉચ્છ્વાસાદી પ્રાણ ધારણ કરે માટે પ્રાણીન્ કીધું... છે. ત્રસના પ્રકાર.... અંડયા - પોયયા વિગેરે...!

**અશાતાના ઉદયથી જેઓ ત્રાસ પામી એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય તે ત્રસ કહેવાય...**

અણ્ડાત્ જાતા ઈતિ અંડજા - અંબુજા.

પક્ષીગૃહી કોકીલાદયઃ

વસ્ત્રની જેમ શુધ્ધ જાતિ તે પોત જ પોતાવ जायते इति पोतज - હાથી - ચામાચીડીયા.

રસાત્ जातः इति रसजाः। ૨ ઘડી પછી એંઠી વસ્તુમાં ઉત્પન્ન થાય. બોળ અથાણામાં વિગેરે

સંસ્વેદાત્ जातः इति-संस्वेदाजाः। પરસેવામાં ઉત્પન્ન થાય તે. માંકડ - જૂ વિગેરે.

जरायु वेष्टिता जायन्ते इति जरायुजाः। ગાય ભેંસ મનુષ્ય આદિ.

સંમૂર્ચ્છનાત્ जाताः इति समूर्च्छनजा। શલભ-કીડીઓ. માખી વિગેરે.

उद्भेदात् जन्म येषाम् ते इति उद्भेडजः। એકદમ ઉત્પન્ન થાય તે પતંગીયા વિગેરે.

उपपातात् जाताः उपपाते भवा = उपपातजाः।

औपपातिका देवा - नारकाश्च

जेसिं केसिं च पाणाणं अभिककंतं अभिक्रांतम्।

प्रतिक्रान्तं -

संकुचितं - શરીરને સંકોચે.

प्रसारितं - શરીરના અવયવ પ્રસારે.

रुतं - *શબ્દ કરે, અવાજ કરે.*

भ्रंतं = ભ્રમણં - અહીંથી ત્યાં ગમન કરે. દુ:ખોના ઉદ્‌ભવથી દોડનારા.

पलायनं - पलायितं - ક્યાંહી પણ દોડનારા. એ પ્રમાણે પૂર્વાપરનું જ્ઞાન જેને હોય તે ત્રસ. ગતિ-આગતિ જાણનાર તે ત્રસકાય કહેવાય.

**હેતુવાદોપદેશીક સંજ્ઞાવડે સુખમાં પ્રવૃત્તિ કરનાર દુ:ખમાં નિવૃત્તિ કરનાર... તે ત્રસ કહેવાય.**

વેલડી વિ. ભીંત ઉપર ચઢે છે તેમની પ્રવૃત્તિ ઓઘ સંજ્ઞાથી થાય. માત્ર સુખ-દુ:ખને જાણી પ્રવૃત્તિ-નિવૃત્તિં થતી નથી.

સર્વનું ગ્રહણ કેમ ? સવ્વે देवताः। ભવનઆદિ દેવો ગ્રહણ માટે. सव्वे नारकाः। રત્નપ્રભાદિ નારકીના ગ્રહણ માટે તેમના પેટા ભેદોના ગ્રહણ માટે સર્વનું ગ્રહણ કર્યું છે. અજીવ - બે પ્રકારે (૧) પુદ્‌ગલ (૨) નો પુદ્‌ગલ.

પુદ્‌ગલના ૬ ભેદ.

(૧) સૂક્ષ્મ સૂક્ષ્મ (૪) બાદર સૂક્ષ્મ - વાયુવાય તે કોઈને ગમ્ય નથી.

(૨) સૂક્ષ્મ (૫) બાદર - બરફ વિગેરે.

(૩) સૂક્ષ્મ બાદર - ગંધ પુદ્‌ગલ (૬) બાદર-બાદર-તેઉ-વનસ્પતિકાય.

પુદ્‌ગલના ૪ ભેદ સ્કંધ - દેશ - પ્રદેશ - પરમાણુ

નો પુદ્ગલના ત્રણ ભેદ.

(૧) ધર્માસ્તિકાય (૨) અધર્મસ્તકાય (૩) આકાશસ્તિકાય છે.

નો પુદ્ગલમાં પુદ્ગલાસ્તિકાય કેટલાક એચતન્ય વગેરે લક્ષણ ગ્રહણ કરવું... ચારિત્ર ધર્મના પાલન માટે જીવોનું સ્વરૂપ જાણવાની જરૂર છે. તેમ.. અજીવનું સ્વરૂપ જાણવાની જરૂર છે.

**પુદ્ગલમાં રાગદ્વેષ ન કરી આત્માને કર્મથી બચાવવોએ પણ સંયમ છે એથી અજીવકાય બતાવ્યો છે.**

જીવાભિગમ = જીવોનો અભિગમ. દરેક જીવો.... સુખના અભિલાષી છે.

દંડ = સંઘટ્ટો પરિતાપ ઉપદ્રવ કરવો નહીં, કરાવવો નહીં, કરતાને અનુમોદવો નહીં..!

**દ્રવ્ય પ્રાણને ધારણ કરે તે જીવ..!**

દંડના ૩ ભેદ. (૧) કૃત (૨) કારિત (૩) અનુમોદિત. આ ત્રણ પ્રકારનો દંડ ત્રિકરણથી એટલે મન-વચન-કાયા વડે કરવું નહીં. ભૂતકાળનું પ્રતિક્રમણ કરવું તે એને અનાગતસ્ય = ભવિષ્યના પચ્ચક્ખાણ કરવા તે **વ્રતનો સ્વીકાર ગુરુ સાક્ષીએ જ થાય. તેથી વ્રતમાં જલ્દી ભાંગો ન આવે.** માટે ભંતે શબ્દનો પ્રયોગ છે. ભદંત - પૂજ્ય, ભયાંત - ભયનો અંત, ભવાંત = ભવનો અંત પ્રાકૃતમાં 'ભંતે' રુપ થાય છે.

આત્માના ત્રણ ભેદ...

**(૧) બહિરાત્મા..!**

**(૨) અંતરાત્મા..!**

**(૩) પરમાત્મા..!**

**(૧) પાપ પ્રત્યે આત્માની પ્રવૃત્તિ તે બહિરાત્મા તેને વોસિરાવું છું.**

**(૨) જ્ઞાન-દર્શન-ચારિત્ર સહિત જે આત્મા તે અંતરાત્મા..!**

**(૩) રાગ-દ્વેષ રહિત તે પરમાત્મા કહેવાય.**

પ્રશ્ન :- અતીત કાળના કરેલા પાપનું પ્રતિક્રમણ કરું તો અનાગત અને વર્તમાન કાળ કેવી રીતે ઘટે ?

જવાબ :- વર્તમાન કાળનું સંવર ભૂતનું પ્રતિક્રમણ અનાગતનું પચ્ચક્ખાણ આ ત્રણ રીતે સમજવાનું છે. માટે ત્રણનું પ્રતિક્રમણ થઈ જાય.

દંડ બે પ્રકારે - (૧) સામાન્ય દંડ - છજીવનિકાયની હિંસા (૨) વિશેષ દંડ - અહિંસાના સાધન રૂપ પાંચ મહાવ્રત અને રાત્રીભોજનનો ત્યાગ એ રીતે ગર્ભિત રીતે પાંચ મહાવ્રત જાણવા.

महाच्च तद् व्रतं च महाव्रतं।

પચ્ચક્ખાણનાં ૧૪૭ ભાંગા જાણે તેજ પચ્ચક્ખાણમાં કુશળ કહેવાય. અનુવ્રતોની અપેક્ષાએ જે મહત્ત્વના જે વ્રતો તે મહાવ્રતો પ્રાણાતિપાતાદિ વિરમણં વિગેરે. પ્રાણા - ઇન્દ્રિયાદયઃ તેષામ્ અતિપાત પ્રાણાતિપાત - **સામાન્ય રીતે મન દુખાવવું એ પણ હિંસા જ છે.** તેથી સમ્યક્ જ્ઞાન શ્રધ્ધાન પૂર્વકં વિરમવું તે વિરમણં । પ્રત્યાખ્યાન - નિષેધ કહેવાય.

અંતરંગ સ્વરૂપની જાણકારી હોય અને દોષોનો પરિહાર કરે તે વડીદિક્ષાને યોગ્ય છે.

પાંચ મહાવ્રત છઠ્ઠું રાત્રિભોજનના અર્થને જે જાણે તે જ વડી દીક્ષાને લાયક કહેવાય.

पचक्खाई - प्रत्यारव्याति પ્રતિ=પાછા ફરવું आ =મર્યાદાપૂર્વક રવ્યતિ =જાહેર કરવું, કથન કરવું.

મારા આત્માને સંવરમાં રાખી હવે ફરી આવું કાર્ય ન કરું માટે પચ્ચક્ખાણ છે (તે સંબંધી પ્રતિજ્ઞા કરું છું)

જેમ કપડું મેલું હોય તો તેના ઉપર રંગ ન ચઢે. તેમ છ જીવ નિકાયની જયણાને જાણ્યા વિના તેના ઉપયોગ વગર સંયમ જીવનમાં પાંચ મહાવ્રત રૂપી રંગ ન ચઢે. જેમ મહેલનો પાયો કાચો પૂરાય તો આખો મહેલ ખસી પડે અને તેનો પૂર્ણ વિશ્વાસ ન હોય તેમ છ જીવનિકાયાદિનું જ્ઞાન મેળવ્યા વગર સંયમ જીવનનો મહેલ ખસી પડે.

જેમ આતુર - રોગી માણસને પેટ સાફ કર્યા વિના રસાયણ ન અપાય. તેમ અહીં છ જીવનિકાયનું જ્ઞાન કોઠાને સાફ કરવા રૂપ છે. અને પાંચ મહાવ્રત રસાયણ રૂપ છે. અને તેમજ સંયમીને ચાર અધ્યયનના અર્થ કરાવ્યા બાદ તે અર્થ હ્દય- સ્પર્શી થયા કે નહીં.... તેની પરીક્ષા કર્યા બાદ પાસ ન થાય ત્યાં સુધી વડી-દીક્ષા ન અપાય. નીચેના ચાર પ્રકારે પ્રથમ પાઠ આપવો જોઈએ...!

પઠિત - શબ્દથી, કથીત-અર્થથી, અધિગત-અંતરંગભાવથી પરીક્ષા માટે - ગુરુમહારાજ કયાંય બહાર જતાં શિષ્યને વિરાધનાના રસ્તે લઈ જાય. અને ત્યાં ઊભા રહી તેના અંતરના પરિણામોને તપાસે અને તેના અંતરથી નીકળતા' વચનોને સાંભળીને પૂજ્ય ગુરુ મહારાજ તેને પાસ કરે અને તેના આંતરીક ભાવોને જાણીને તેનામાં લાયકાત દેખાય તો વડીદીક્ષા આપે નહિ તો થોડો ટાઈમ લંબાવીને તેને ફરીથી સંયમ જીવન પ્રત્યે પ્રેમ ઉપજાવીને અને છ જીવનિકાયનું સંપૂર્ણ જ્ઞાન હૃદય -સ્પર્શી કરાવીને પછી વડીદિક્ષા કરાવવી જોઈએ. જો પરીક્ષામાં ઉત્તીર્ણ થયા વગર કરાવે તો ગુરુમહારાજ દોષિત થાય. પણ જો પૂર્ણ જ્ઞાન આપ્યા પછી અને પરીક્ષામાં પાસ થયા પછી વડીદીક્ષા કરાવે અને **જો મોહનીય કર્મના સંસ્કારે ઊંધા માર્ગે ચઢે તો તે શિષ્યનો દોષ....** ગણાય.

છ જીવનિકાયનું સ્વરૂપ જાણે અને ત્યાગ કરે તે શાસ્ત્રપરિજ્ઞા. અસંયમ-અવિરતિ એ ભાવશાસ્ત્ર પરિજ્ઞ કહેવાય.

આચારાંગનું પહેલું અધ્યયન શાસ્ત્રપરિજ્ઞ છે. **શ્રી દશવૈકાલિકમાં સાધુ સમાચારીનું સંક્ષેપમાં પ્રરૂપણ કરેલું છે.** નવદીક્ષિતોને ઓછામાં ઓછા વડીદીક્ષા પહેલાં ચાર અધ્યયન કરાવવા જોઈએ. જો એટલો સમય ન હોય તો તેને અક્ષરશઃ ચાર અધ્યયનના અર્થનું જ્ઞાન તો કરાવવું જ જોઈએ.

જેટલી પાયામાં કચાશ તેટલી જીવનમાં ઢીલાશ આવે.....! હાલમાં સાધુજીવનમાં જે કચાશ દેખાય છે તેનું મુખ્ય કારણ મૂળમાં પાયામાં કચાશ છે.

વડીદીક્ષા પહેલાં પાંચમું અધ્યયન ન થાય. પણ.... યોગ પૂરા થઈ ગયા હોય અને વડી દીક્ષા બાકી હોય તો પણ શ્રી દશવૈકાલિક સૂત્ર ભણી શકાય.

સચિત્તનો ત્યાગી... સંથારે સૂનાર..... મુમુક્ષુ શ્રી દશવૈકાલીકના ચાર અધ્યયન સંસારી પણામાં કરી શકે.

વિનય ચાર પ્રકારે - જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, ઔપચાર વિનય.

ઔપચાર વિનય સાપેક્ષપણે કરાંય તે. જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે વડીલોનો વિનય કરવાથી નિર્જરા થાય. મોહનીય કર્મના ક્ષય માટે જે વિનય કરે તે ઔપચારિક વિનય. **વિનય મેળવવા માટે મોહનીય કર્મના પડલોને ઘણા ખસેડવા પડે છે.**

વિનય ધર્મ સાધુ જીવનમાં પ્રથમ છે તો અધ્યયનમાં તેનો નવમોક્રમ કેમ રખાયો...? **૧ અધ્યયન અહિંસા- સંયમ- તપ એ મૂળ પાયો છે. ૨ અધ્યયનમાં શ્રામણ્ય જીવન ૩ અધ્યયન સંક્ષેપથી અતિચાર, ૪ અધ્યયનમાં છજીવનિકાયની.... વિરાધનાનો ત્યાગ, ૫ ગોચરીનો આચાર..... ૬ મોટા આચારોનું વર્ણન, ૭ ભાષાનું જ્ઞાન. ૮ અધ્યયનમાં સાધુના આચારનું જ્ઞાન મેળવીને આ સર્વ**

**સૂત્રોનું મનન કરે. અર્થની વિચારણા કરે. તેથી મોહનીય કર્મનો ક્ષય થાય. અને વ્યાવર્ત વિનયને પાત્ર બને. માટે વિનયના અધ્યયનનો નવમો નંબર છે. ૯ અધ્યયનમાં કહેલી દરેક બાબતો પાકે, પકાવે, અનુમોદે તે સાધુ કહેવાય. માટે એ સભિક્ખુ - ૧૦ અધ્યયન છે. પહેલી-બીજી ચૂલિકા સાધુજીવન માટે ઉપયોગી છે. જ્ઞાન-જ્ઞાની, દર્શન-દર્શની, ચારિત્ર-ચારિત્રી નો વિનય કરે, નમ્રતા રાખે, તે ખાસ વિનયી...!**

આ સૂત્રોનું મનન કરે, અર્થની વિચારણા કરે. જેથી મોહનીયનાં ક્ષય થાય અને વિનયને પાત્ર બને

ચૂલિકા પણ સાધૂજીવનને ઉપકારી છે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૩૨

પઢમે મંતે =પ્રાણાતિપાત, સૂક્ષ્મ-બાદર, ત્રસ-સ્થાવર....!

સૂક્ષ્મ=અલ્પ પરિગૃહ્યતે = નાના જીવો લેવાના છે. પણ જે સૂક્ષ્મ નામ કર્મના ઉદયથી ચૌદ રાજલોકમાં ભરેલા છે. તેઓની હિંસા થતી જ નથી. તે જીવોની શસ્ત્રથી હિંસા થાય નહીં, અગ્નિથી બળે નહી. પણ નાના જીવો કુંથુંવા વિગેરે જાણવા. તે સૂક્ષ્મ....! બાદર-ગાય-ભેંસ-પક્ષી વિગેરે. હવે એક-એકના બે-બે પ્રકાર.

સુક્ષ્મ ત્રસ-કુંથુવાદિ   સૂક્ષ્મ સ્થાવર-વનસ્પતિ આદિ નિગોદાદિ

બાદર ત્રસ-ગવાદિ   બાદર-સ્થાવર- પૃથ્વીકાયાદિ.

એ ચારનું ગ્રહણ કરેલું છે પણ એકના ગ્રહણથી સર્વ જાતિનું ગ્રહણ થઈ જાય માટે.

દ્રવ્ય - છજીવનિકાયને વિષે...

ક્ષેત્ર - સર્વલોકને વિષે....

કાળથી દિવસે કે રાત્રે...

ભાવથી રાગથી કે દ્વેષથી...

ચતુર્ભંગી : -

દ્રવ્યથી પ્રાણાતિપાત હોય ભાવથી નહીં.·. સમ્યક્દ્રષ્ટિને.

ભાવથી પ્રાણાતિપાત હોય દ્રવ્યથી નહીં.... તંદુલીયમત્સ્યને દ્રવ્યથી હોય અને ભાવથી પણ હોય..... કસાઇ - મચ્છીમાર દ્રવ્યથી નહિ અને ભાવથી પણ નહિ... સાધુને પઢમે મંતે - પ્રાણાતિપાતનો ત્યાગ કરવાના નજીકમાં ઊભો છું.... ગુરુ મહારાજની આજ્ઞા વિના કંઈપણ ન કરવું.... કરાવવું. અને કર્યું હોય તો નિવેદન કરવું તે જ આરાધક કહેવાય.

બીજાું મહાવ્રત હે ભગવાન્ બીજા મહાવ્રતથી અટકું છું. તે ચાર પ્રકારે.... ક્રોધથી, ભયથી, લોભથી, હાસ્યથી. ક્રોધ-લોભથી માયા-માનનું ગ્રહણ થાય અને હાસ્ય-ભય હાસ્ય ષટકનું ગ્રહણ થાય....

બીજી રીતે સદ્ભાવ પ્રતિષેધ જે વસ્તુ હોય તેનું નિષેધ કરવું તે. જે વસ્તુ જે રીતે ન હોય એ રીતે રજાુઆત કરવી તે.

દ્રવ્યથી સર્વદ્રવ્યને વિષે

ક્ષેત્રથી લોક-અલોક વિષયની જે અસદ્ભાવની પ્રરૂપણા કરે તે.

કાળથી દિવસે અથવા રાત્રે...

ભાવથી... રાગ-દ્વેષથી...

ખોટું બોલવાનું ભાવ નહીં પણ દયાના પરિણામથી બોલે તે...?

ચતુર્ભંગી :-

દ્રવ્યથી મૃષાવાદ ભાવથી નહીં.

ભાવથી મૃષાવાદ દ્રવ્યથી નહીં.

ભાવથી મૃષાવાદ દ્રવ્યથી મૃષાવાદ ચોરને દ્રવ્ય ભાવથી ખોટું બોલનાર

ભાવથી નહીં દ્રવ્યથી નહીં.

ખોટું બોલું નહીં, બોલાવું નહીં, બોલતાને અનુમોદુ નહીં

પ્રતીજ્ઞા પૂર્વવત્.

ત્રીજું મહાવ્રત :- હે ભગવાન્ સર્વ પ્રકારના....

અદત્તનો ત્યાગ કરું છું....

તે કેટલા પ્રકારે બતાવે છે. ગ્રામ, નગર, અરણ્ય, અલ્પ, બહુ, સચિત્ત, અચિત્ત.

(૧) ગ્રામ - ગ્રસ્ ધાતુ ઉપરથી બને છે. (ઉણાદિમાં મન્ નિપાતન પ્રત્યય લાગે.) બુધ્ધિ આદિ ગુણોનો ગ્રાસ કરી જાય તે ગ્રામ. કોઈ પ્રકારનું નહીં આપેલું ગ્રહણ ન કરે.

(૨) નગર-જ્યાં કોઈ જાતનો ટેકસ ન હોય તે. કોઈ પ્રકારનું નહીં આપેલું ગ્રહણ ન કરે.

(૩) અલ્પ-અલ્પ પૈસાવાળું એરંડીયાદિ કોઈ પ્રકારનું નહિ આપેલું. ગ્રહણ ન કરે.

(૪) બહુ - ઘણો પૈસાવાળું હીરા, રત્ન વિગેરે. કોઈ પ્રકારનું નહીં આપેલું ગ્રહણ ન કરે.

(૫) સચિત્ત - જીવ સહિત ગ્રહણ ન કરો.

૪૮, મિનિટ વગરનું અચિત્ત વહોરે તો પણ અદત્ત લાગે.

(૬) અચિત્ત-જીવરહિત-વગરનું (જડ) ગ્રહણ ન કરે. તણખલું વિગેરે.

દ્રવ્ય- થોડું કે ઘણું

ક્ષેત્ર- ગામ- નગર- જંગલ

કાળ - રાત્રે કે દિવસે

ભાવ - રાગથી કે દ્વેષથી

ચતુર્ભંગી -

(૧) દ્રવ્યથી અદત્ત ગ્રહણ કરે પણ ભાવથી નહીં - રાગદ્વેષ રહિત સાધુ ભગવંત જરૂર પડે તો અણુજાણહ જસ્સુગહો કરી તણખલું ગ્રહણ કરે તે.

(૨) ભાવથી હોય પણ દ્રવ્યથી નહીં,- ચોરીનો ભાવ હોય પણ સંયોગો નહીં મળવાથી કરે નહીં તે.

(૩) દ્રવ્યથી હોય અને ભાવથી હોય - ચોરીનો ભાવ હોય અને સંયોગો મળે ચોરી કરે તે.

(૪) દ્રવ્યથી નહી અને ભાવથી નહીં - ચોરીનો ભાવ નથી અને સંયોગો ન મળે ચોરી ન કરે તે....

ચોથું મહાવ્રત :- હે ભગવાન્ સર્વ પ્રકારના મૈથુનનો ત્યાગ કરું છું.... દેવ-મનુષ્ય- તિર્યંચ સંબંધી.... આભુષણ રહિત શરીર તેજ સાચું રૂપ - નિર્જીવ પ્રતિમા - ફોટા, પિકચર વિગેરે તે રૂપ કહેવાય.

આભુષણ સહિત શરીર તે રુપસહ કહેવાય.

મૈથુન ચાર પ્રકારે ત્યાગ. દ્રવ્ય-દેવ-મનુષ્ય તિર્યંચ સંબંધી. ક્ષેત્ર - ત્રણ લોક સંબંધી, કાળ-રાત્રે-દિવસે, ભાવ-રાગ-દ્વેષ સંબંધી.

**રાગ વગર ચોથા વ્રતનું સેવન થઇ ન શકે માટે તેમાં અપવાદ નથી.** બીજા વ્રતોમાં દ્વેષાદિવડે પણ હિંસા, જાુઠ, ચોરીની પ્રવૃત્તિ થઇ શકે પણ મૈથુન સેવનમાં રાગની મુખ્યતા છે. કદાચ કોઇ ભગવાનના શાસનનો દ્વેષી દેવ વૈક્રિય શરીરાદિ વડે મૈથુન સેવે માટે દ્વેષ છે. પણ શારીરિક સંબંધતો રાગથી જ થાય. દ્વેષથી નહીં. બીજા વ્રતોમાં જાણતાં - અજાણતા થતી ભૂલોનું પ્રાયશ્ચિત હોય પણ ચોથા વ્રતનું પ્રાયશ્ચિત ન હોય. એથી ભયંકર કર્મ બંધાય. વિસ્તારથી વર્ણન ઉપદેશ પ્રસાદના પહેલા અધ્યયનમાં છે.

ચતુર્ભંગી : ~

દ્રવ્યથી સેવે પણ ભાવથી નહીં- કોઈ સ્ત્રી ઉપર બળાત્કાર હોય તો સ્ત્રીને ઘટે. ભાવથી સેવે પણ દ્રવ્યથી નહીં- રાવણ

દ્રવ્યથી સેવે ભાવથી સેવે - સંસારી

દ્રવ્યથી નહિ અને ભાવથી નહિ - સીતા (લંકામાં) સાધુ પુરુષ વિષય વાસનામાં અને સ્ત્રી કોઈપણ વાસનાને આધીન થાય તો ચોથા વ્રતનું ખંડન થાય. વાસનાને જ્યાંસુધી કાબુમાં ન લેવાય ત્યાંસુધી ચોથા વ્રતનું ખંડન થાય. અનુમોદુ નહં તેથી હું વિરમું છું...

વાસનાને અને આત્માને સંબંધ થાય તો પણ સૂક્ષ્મ રીતે મૈથુન ખંડણ થાય.

મુકામમાં કામ કરતાં થાકી જવાથી બહાર જવાની ઈચ્છા - બહાર ફરવાની ઈચ્છા તે મૈથુન ખંડન થાય.

પાંચમું પરિગ્રહ વિરમણ વ્રત :- પરિ = ચારે બાજુથી - ગ્રહ= પકડવું **પદાર્થોને અંતરના રાગદ્વેષના સંસ્કારોથી ચારેબાજુથી પકડવું તે...!** પરિગ્રહ - મૂર્ચ્છા.

અલ્પ = થોડા પૈસાવાળું.

બહુ = ઘણા પૈસાવાળું

થોડું = પદાર્થ થોડો

ઘણું = ઘણો પદાર્થ.

સચિત્ત = જીવવાળું

અચિત્ત = જડ

પરિગ્રહ=૪ પ્રકારે. દ્રવ્ય=સર્વદ્રવ્ય. સચિત્ત-અચિત્ત પરિગ્રહ.

ક્ષેત્ર = લોકાકાશ. કાળથી રાત્રે દિવસે.

ભાવ - અપગ્ધે - મહગ્ધે રાગથી દ્વેષથી....

કોઈ આપણી વસ્તુ લે અને તેના ઉપર દ્વેષ કરીએ તો પરિગ્રહનો દોષ લાંગે માટે દ્વેષનું ગ્રહણ.

ચતુર્ભંગીઃ ~

દ્રવ્યથી હોય ભાવથી નહીં - સાધુ ભગવંતોને

ભાવથી હોય દ્રવ્યથી નહીં - ભિખારીને

ભાવથી હોય દ્રવ્યથી હોય - ગૃહસ્થોને

દ્રવ્યથી નહી - ભાવથી નહીં - સિધ્ધભગવંતોને આવા પ્રકારના પરિગ્રહથી મન-વચન-કાયાથી વિરમું છું. કરવું, કરાવવું, અનુમોદવું થી અટકું છું...!

છઠ્ઠું રાત્રિભોજન :-

પહેલા મહાવ્રતના પેટાભેદમાં છઠ્ઠું વ્રત ગણાય. ખવાય તે - અશન - પાન - ખાદિમ - સ્વાદિમ. પીવાય તે પાન, સ્વાદિમ - ખાયમં. ખજુરાદિ- સ્વાદિમ - મુખવાસ વિગેરે.

ભક્ષાલક્ષ્યનું વર્ણન પંચાગીમાં છે. જેટલું પાંચ મહાવ્રતનું મહત્ત્વ છે એટલું જ આ વ્રતનું મહત્ત્વ છે.

અઢીદ્વીપની બહાર સૂર્ય-ચંદ્રની ચાલવાની વ્યવસ્થા ન હોવાથી ભોજનનો સમય-બહાર-અંદર બતાવ્યો છે. અઢીદ્વીપની બહાલ તિર્યંચોને દોષાદિની વિવેક બુધ્ધિ ન હોય માટે તેમને રાતદિવસનો કે દોષનો પ્રશ્ન ન હોય.

કાળથી -રાત્રિમાં , ભાવથી-તિકત, કડવા, કસાયેલો આમ્લ, મધુર, ખાર, રાગ-દ્વેષથી...

ચતુભંગી :-

દ્રવ્યથી રાત્રિભોજન કરે ભાવથી નહી - ઈચ્છા કે લાલસા નહીં

ભૂલથી તે વહોરે - ઉપયોગ રાખે જયણાપૂર્વક વહોરે....

ભાવથી રાત્રિભોજન કરે દ્રવ્યથી નહીં.

ભાવથી રાત્રિભોજન કરે ભાવથી કરે

ભાવથી રાત્રિભોજન ન કરે દ્રવ્યથી નહીં - સાધુ બે ઘડી પહેલાં પચ્ચક્ખાણ લે ખાવાના...

સૂર્યોદય થયા પહેલાંની અને સૂર્યાસ્ત પહેલાંની બે ઘડીમાં વાપરે તો રાત્રિભોજનનો દોષ લાગે. આ... સમયને રાત્રિનો વિકાર કહેવાય છે.

સાધુ ભગવંત પોતોના જીવનમાં સૂર્યોદય સમયમાં લાવેલું દિવસે વાપરે અને સાંજે લગભગ વેળામાં... લાવીને વાપરે તો રાત્રિભોજનનો દોષ લાગે. યોગ શાસ્ત્રમાં કહ્યું છે કે - સાધુ ભગવંતે નવકારશીયે વહોરવા ન જવું જોઈએ.

સૂર્યાસ્ત થયા પછી પણ ૨-૪ મિનિટ... તેનું પ્રતિબિંબ દેખાય વાસ્તવિક જોતાં સૂર્ય અસ્ત થયેલો હોય તો પણ અજ્ઞાની માણસો સૂર્ય માનીને વાપરે માટે બનતા સુધી ૪૮ મિનિટ પહેલાં પણ કરવું જ જોઈએ. સૂર્યની હાજરીમાં વપરાય પણ તેના... પડછાયામાં વાપરે તો અતિચાર. ઉદય થતી વખતે પણ પ્રથમ પડછાયો આવે પછી ઉદય થાય.

સંનિધિની વસ્તુ આપણી પાસે રાખે અને દિવસે વહોરે અને વાપરે તો પણ રાત્રીએ આપણી પાસે રહેવાથી રાત્રિભોજનનો દોષ લાગે.

ભાવપૂર્વક ઉપયોગની મંદતાએ રાત્રે વહોરવું ને રાત્રીભોજનનો દોષ લાગે.

પહેલા-તીર્થંકરના વારામાં મોહનીયનો ક્ષયોપશમ હોવાથી અને

૨૨ તીર્થંકરના ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી તેઓ રાત્રિભોજનથી બચી શકે છે. માટે તેઓ રાત્રિભોજનથી બચી શકે. માટે તેઓને ઉત્તર ગુણમાં બતાવ્યું છે. અને મહાવીર પરમાત્માના સાધુઓ વક્ર-જડ હોવાથી છઠ્ઠું રાત્રિભોજન વ્રત બતાવ્યું છે.

રાત્રિભોજનની ચતુર્ભંગી : ~

રાત્રે ગ્રહણ કરે રાત્રે વાપરે.

દિવસે ગ્રહણ કરે રાત્રે વાપરે.

રાત્રે ગ્રહણ કરે દિવસે વાપરે.

દિવસે ગ્રહણ કરે દિવસે વાપરે.... શુધ્ધ ભાંગો ભોજનનો. ઉપયોગ રાખે. જયણાપૂર્વક કરવાની ભાવના છે. લાલસા કે ઈચ્છા નથી પણ સૂર્ય ઉગ્યો છે અથવા અસ્ત થયો નથી એમ માનીને વહોરે તે દ્રવ્યથી, કારણ ભાવ નથી. પણ ભાવ છે રાત્રે વહોરવું અને ઉપયોગની મંદતાયે વહોરે તો ભાવ છે રાત્રે વહોરવું અને ઉપયોગની મંદતાયે વહોરે તો ભાવ રાત્રીભોજનનો દોષ લાગે.

પાંચમા ગુણઠાણના ત્રણભાગ જઘન્ય - મધ્યમ - ઉત્કૃષ્ટ. પૂ. રત્નશેખરસૂરી મહારાજે જઘન્યથી ગુણસ્થાનક ક્રમારોહમાં કહ્યું છે. - નવકારમંત્રનું સ્મરણ, સંકલ્પ હિંસા અભક્ષ્યનો ત્યાગ, રાત્રિભોજનનો ત્યાગ હોય તો જ પાંચમું ગુણઠાણું સ્પર્શ્યું કહેવાય.

જઘન્ય શ્રાવકની મર્યાદા રાત્રિભોજનનો ત્યાગ અને કંદમૂળનો ત્યાગ સાથે સંકળાયેલી છે. રાત્રે ૧૨ વાગ્યા સુધી દેવસી પ્રતિક્રમણની મર્યાદા છે. **રાત્રિભોજન અને અભક્ષ્યના ત્યાગથી જીભ ઉપર કાબુ આવે.** એથી શ્રાવકપણાની ભૂમિકા બંધાય મુઠ્ઠિસહીઅં અને ધારણા પચ્ચક્ખાણએ સાંકેતિક પચ્ચક્ખાણ છે. નવકારશીના પચ્ચક્ખાણ સાંકેતિક નથી...

બે ઘડી માટે સાવદ્યયોગનું દ્વિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ થતું હોવાથી ચાલતી ગાડીમાં સામાયિક ન લેવાય... કારણ તે દેશવિરતિ શિક્ષાવ્રત કહેવાય છે. પણ ઉચ્ચર્યા વગર ત્રણ નવકાર ગણીને સામાયિક માફક કરે તે શ્રુત સામાયિક..... કહેવાય. કદાચ ચાલતી ટ્રેઈનમાં સામાયિક ઉચર્યું હોય તો પ્રાયશ્ચિત કરવું. ચાલતી ટ્રેઈનમાં એકાસણું. બિયાસણું, પ્રતિક્રમણ ન થાય. એકાસણા-બિયાસણા- ના પચ્ચક્ખાણ સાથે નવકારશીને સંબંધ છે. સાંજે દિવસ ચરિમંના પચ્ચક્ખાણમાં સવારના બે ઘડિ સુધી (ત્રણ નવકાર ગણીને ન પાળે) ત્યાં સુધી નવકારશીનું પચ્ચક્ખાણ હોય જ. પણ પૂર્વના પચ્ચક્ખાણના સ્મરણ માટે નવકારશીનું પચ્ચક્ખાણ કરવાનું છે.

આજે નવકારશીની પ્રથા સાધુઓમાં વધી ગઈ છે પણ નવકારશી તો બાલ-વૃધ્ધ, ગ્લાન, તપસ્વી માટે પડદો રાખીને કરવાની છે. કારણ નવદીક્ષિતોના ભાવ પડવાનો સંભવ રહે. નવકારશીમાં પ્રવાહી વપરાય જ નહીં નવી ગોચરી પણ ન વપરાય. પણ પેટ પૂર્તિ માટે સૂકો આહાર જ વપરાય.

# શ્રી દશવૈકાલિક વાચના - ૩૩

ઇચ્ચેયાઈ - પાંચ મહાવ્રત, છટ્ઠું રાત્રિભોજન એ છ વ્રતનું આત્મહિત અને મોક્ષ માટે ગ્રહણ કરું છું, પણ જો દુર્ગતિથી છુટવા માટે પરભવે સુખ પ્રાપ્ત કરવા માટે જો સંસાર છોડવો હોય તો તે તાત્ત્વિક નથી. પણ પરંપરાએ મોક્ષ પામવા માટે સંસારથી નિવૃત્ત થવા માટે, કર્મ નિર્જરા માટે આ છ વ્રતનો સ્વીકાર થાય છે. મોક્ષ સિવાય જો સદ્‌ગતિની પ્રાપ્તિ કરે તો ફરીથી સંસાર ભટકવાનું બાકી જ રહે. માટે મોક્ષની અભિલાષાથી ગ્રહણ કરાય. પાંચમહાવ્રતનો સ્વીકાર તીર્થંકર ભ. ની આજ્ઞાથી અને અંતરના ઉલ્લાસથી કરવાનો છે.

ઉદ્યતવિહારી, શીથિલવિહારીની પ્રવૃત્તિ કરવાથી આત્મા કર્મબંધન કરે. વિશેષે કરીને કર્મના.... સંસ્કારને હરણ કરવાનું જે કાર્ય તે વિહાર. સાધુજીની દરેક ક્રિયા વિહાર જ કહેવાય. કારણ, સર્વ ક્રિયા કર્મક્ષય માટે જ છે.

જેને પચ્ચક્‌ખાણના ૧૪૭ ભાંગા જાણ્યા હોય તેજ સાચો નિપુણ અને કુશલ હોય. ત્રણે કાળના કરેલા પાપોની આશ્રવની પ્રવૃત્તિથી અટકવું તે... પચ્ચક્‌ખાણ મન-વચન-કાયાથી કરવું. કરાવવું... અનુમોદવું નહીં. એમ ૯ - નવ એ પ્રમાણે ૧૪૭ ભાંગા થાય.

પચ્ચક્ખાણના ૧૪૭ ભાંગા બતાવે છે. એને જાણે તે કુશલ બાકી અકુશલ.

(૧) મન, વચન, કાયા - આ ત્રણથી કરવું નહિ, કરાવવું નહિ, અનુમોદવું નહિ.

(૨) મન, વચન, કાયા - આ ત્રણથી કરવું નહિ, કરાવવું નહિ.

(૩) મન, વચન, કાયા - આ ત્રણથી કરાવવું નહિ, અનુમોદવું નહિ.

(૪) મન, વચન, કાયા - આ ત્રણથી કરવું નહિ, અનુમોદવું નહિ.

(૫) મન, વચન, કાયા - આ ત્રણથી કરવું નહિ.

(૬) મન, વચન, કાયા - આ ત્રણથી કરાવવું નહિ.

(૭) મન, વચન, કાયા - આ ત્રણથી અનુમોદવું નહિ.

(૮) મન, વચન - એ બેથી કરવું નહિ, કરાવવું નહિ, અનુમોદવું નહિ.

(૯) મન, વચન - એ બેથી કરવું નહિ, કરાવવું નહિ.

(૧૦) મન, વચન - એ બેથી કરાવવું નહિ, અનુમોદવું નહિ.

(૧૧) મન, વચન - એ બેથી કરવું નહિ, અનુમોદવું નહિ.

(૧૨) મન, વચન - એ બેથી કરવું નહિ.

(૧૩) મન, વચન - એ બેથી કરાવવું નહિ.

(૧૪) મન, વચન - એ બેથી અનુમોદવું નહિ.

(૧૫) મન, કાયા - એ બે થી કરવું નહિ, કરાવવું નહિ, અનુમોદવું નહિ.

(૧૬) મન, કાયા - એ બેથી કરવું નહિ, કરાવવું નહિ.

(૧૭) મન, કાયા - એ બેથી કરાવવું નહિ, અનુમોદવું નહિ.

(૧૮) મન, કાયા - એ બેથી કરવું નહિ, અનુમોદવું નહિ.

(૧૯) મન, કાયા - એ બેથી કરવું નહિ.

(૨૦) મન, કાયા - એ બેથી કરાવવું નહિ.

(૨૧) મન, કાયા - એ બેથી અનુમોદવું નહિ.

(૨૨) કાયા, વચન - એ બેથી કરવું નહિ, કરાવવું નહિ, અનુમોદવું નહિ.

(૨૩) કાયા, વચન - એ બેથી કરવું નહિ, કરાવવું નહિ.

(૨૪) કાયા, વચન - એ બેથી કરાવવું નહિ, અનુમોદવું નહિ.

(૨૫) કાયા, વચન - એ બેથી કરવું નહિ, અનુમોદવું નહિ.

(૨૬) કાયા, વચન - એ બેથી કરવું નહિ.

(૨૭) કાયા, વચન - એ બેથી કરાવવું નહિ.

(૨૮) કાયા, વચન - એ બેથી અનુમોદવું નહિ.

(૨૯) મનથી કરવું નહિ, કરાવવું નહિ, અનુમોદવું નહિ.

(૩૦) મનથી કરવું નહિ, કરાવવું નહિ.

(૩૧) મનથી કરાવનું નહિ, અનુમોદનું નહિ.

(૩૨) મનથી કરવું નહિ, અનુમોદવું નહિ.

(૩૩) મનથી કરવું નહિ.

(૩૪) મનથી કરાવવું નહિ.

(૩૫) મનથી અનુમોદવું નહિ.

(૩૬) વચનથી કરવું નહિ, કરાવવું નહિ, અનુમોદવું નહિ.

(૩૭) વચનથી કરવું નહિ, કરાવવું નહિ.

(૩૮) વચનથી કરવું નહિ, અનુમોદવું નહિ.

(૩૯) વચનથી કરવું નહિ, અનુમોદવું નહિ.

(૪૦) વચનથી કરવું નહિ.

(૪૧) વચનથી કરાવવું નહિ.

(૪૨) વચનથી અનુમોદવું નહિ.

(૪૩) કાયાથી કરવું નહિ, કરાવવું નહિ, અનુમોદવું નહિ.

(૪૪) કાયાથી કરવું નહિ, કરાવવું નહિ.

(૪૫) કાયાથી કરાવવું નહિ, અનુમોદવું નહિ.

(૪૬) કાયાથી કરવું નહિ, અનુમોદવું નહિ.

(૪૭) કાયાથી કરવું નહિ.

(૪૮) કાયાથી કરાવવું નહિ.

(૪૯) કાયાથી અનુમોદવું નહિ.

આ ૪૯ ભાંગાને ત્રણ કાળ વડે ગુણવાથી ૧૪૭ ભાંગા થાય. ૪૯ ભાંગાને ૩ કાળ વડે ગુણતાં ભૂતકાળની ગર્હા, વર્તમાનકાળથી અટકવું, ભવિષ્યના પચ્ચક્ખાણ એમ ૧૪૭ ભાંગા થાય.

અઢાર વિરાધનાના સ્થાનો :-

**वयछक्कं कायछक्कं, अकप्पो गिहिभायणं ।**

**पलियंक निसिज्जा य, सिणाणं सोहवज्जणं ॥**

દશવૈ. અ.- છઠ્ઠુ - ગા. નં.-૮

છ વ્રતોની વિરાધના કરવી, છ કાયજીવનોની હિંસા કરવી (૧૩) અકલ્પ્ય એવા આહાર, વસ્ત્ર, પાત્ર અને વસતિને ગ્રહણ કરવા (૧૪) ગૃહસ્થના ભાજનો-થાળ, કથરોટ વિગેરે વાપરવા. (૧૫) પલંગ વિગેરે સુવાના સાધનો, પાછળ પીઠવાળા આસનો, આરામખુરશી વિગેરે વાપરવા. (૧૬) ગૃહસ્થનાં ઘરમાં બેસવું-રહેવું. (૧૭) દેશતઃ અથવા સર્વતઃ સ્નાન કરવું, (૧૮) શરીરની કે પાત્ર-ઉપકરણાદિની શોભા કરવી.

આ અઢાર સ્થાનોમાંથી કોઈ પણ એક સ્થાનને આચરવાથી સાધુ નિર્ગ્રન્થપણાથી ભ્રષ્ટ થાય છે.

**બાવન અનાચીર્ણ :-**

(૧) સાધુને ઉદ્દેશીને કર્યું હોય તે ઔદ્દેશિક. (૨) સાધુને ઉદ્દેશીને ખરીદ્યુ હોય તે ક્રીત. (૩) મારે ઘેર નિત્ય આવવું એ પ્રમાણે આમંત્રણ કરનાર અમુકના ઘરનો પિંડ પ્રતિદિન લેવો તે નિત્યપિંડ. (૪) સ્વગ્રામ કે પરગ્રામથી દાન દેવા માટે સામે લાવેલા અભ્યાહૃતપિંડ. (૫) દિવસે ગ્રહણ કરેલું દિવસે વાપરવું... દિવસે ગ્રહણ કરેલું રાત્રે વાપરવું... રાત્રે ગ્રહણ કરેલું દિવસે વાપરવું... રાત્રે ગ્રહણ કરેલું રાત્રે વાપરવું વિગેરે ચાર ભાંગામાં થી છેલ્લા ત્રણ તે રાત્રિભોજન. (૬) દેશથી સ્નાન કરવું (હાથ-પગ કે આંખની પાંપણ માત્ર ધોવી) કે સર્વથી સ્નાન કરવું (૭) સુગંધી ચૂર્ણો • તેલ - અત્તરો સુંઘવા. (૮) સુકોમલ સ્પર્શની ઈચ્છાએ ગૂંથેલા કે નહિ ગૂંથેલા પુષ્પોનો ઉપભોગ કરવો. (૯) વીંઝણા કે બીજા કોઈપણ સાધનથી પવનનો ઉપભોગ કરવો. (૧૦) ઘી. ગોળ વિગેરેનો સંયમ કરવો. (૧૧) ગૃહસ્થના ભાજનો વાપરવા. (૧૨) રાજાની માલિકીવાળો પિંડ લેવો. (૧૩) શું જોઈએ છે-એમ પૂછીને ઈચ્છિત વસ્તુ આપનાર રાજા કે ગૃહસ્થ - કોઈનો પણ પિંડ લેવો. (૧૪) શરીરનાં અવયવો

દબાવવા. ચાંપવા દબાવવા, ચાંપવા, ચંપાવવા વિગેરે (૧૫) અંગુલી કે બીજા કોઈપણ સાધનથી દાંત, મુખ આદિનું પ્રક્ષાલન કરવું, (૧૬) ગૃહસ્થને સાવદ્ય પાપ બંધાય તેવું કે પોતાના મહત્ત્વને માટે હું કેવો છું ? વિગેરે પૂછવું. (૧૭) અરિસાદિમાં મુખ-શરીરાદિ જોવાં, (૧૮) જુગાર રમવું અથવા ગૃહસ્થને અર્થ મેળવવાનાં નિમિત્તો કહેવા. (૧૯) દ્યુતમાં વિજય માટે નાલિકાનો ઉપયોગ કરવો. (૨૦) પોતાને કે બીજાને (ગ્લાનત્વાદિ અગાઢ કારણ વિના) (૨૧) (રોગનાં પ્રતિકાર માટે) ઔષધ લેવું. (૨૨) (આપત્તિના પ્રસંગ વિના) પગમાં પગરખાં પહેરવા. (૨૩) અગ્નિનો આરંભ કરવો. (૨૪) શય્યાતરનો પિંડ લેવો. (૨૫) (લોકપ્રસિદ્ધ માંચો-ડોબી) આસનો વાપરવા. (૨૬) પલ્યંક (અર્થાત્ પલંગ, ખાટ, ખાટલા, પથારી....) નો ઉપયોગ કરવો. (૨૭) (ગૃહસ્થના વાસવાળા ઘરમાં કે કોઈ બીજા) ઘરોની વચ્ચે રહેવું-બેસવું ઇત્યાદિ (૨૮) શરીરનાં ગાત્રોનું (અવયવોનું) ઉદ્વર્તન (અર્થાત્ મેલ ઉતારવા માટે પીઠી આદિ ચોળવું-ચોળાવવું). (૨૯) (અન્નવસ્રાદિ આપવા - અપાવવાદિરૂપ) ગૃહસ્થની વૈયાવચ્ચ કરવી. (૩૦) (પોતાની શિલ્પકલા, ઉચ્ચ-નીચાદિ જાતિ-કુલ-ગણ ઇત્યાદિનાં બળે) (૩૧) માત્ર તપેલું-ત્રણ ઉકાળાથી પૂર્ણ ઉકાળવા વિનાનું મિશ્ર પાણ લેવું, વાપરવું, પીવું ઇત્યાદિ, (૩૨) ક્ષુધાદિની પીડાથી આર્ત્તધ્યાનને વશ થઈ પૂર્વે ભોગવેલા આહારાદિનું સ્મરણ કરવું. ઇચ્છા કરવી. (૩૩) લોકપ્રસિધ્ધ મૂળો (૩૪) લીલું આદુ(૩૫) અચિત્ત નહિ થયેલા શેરડીનાં ટુકડાં (૩૬) (૩૭) સચિત્ત કંદો અને મૂળિયાં (૩૮) (૩૯) અચિત્ત નહિ થયેલા આમ્રાદિ ફળો તથા ઘઉં આદિના કણીયરૂપ વનસ્પતિના બીજો (૪૦) સંચર (૪૧) સિંધવ (૪૨) સંબારજાતિનું લવણ (૪૩) રૂમા લવણ એ પ્રત્યેક ક્ષારો કાચાં.

(૪૪) - (૪૫) - (૪૬) કાચું સમુદ્રમાં પકવાતું બૂણ પાંશુખાર (ખુડીઓ ખારો) અને (સિંધવાની એક જાતિનું) કાળુ લૂણ (૪૭) (વસ્ત્રાદિને સુગંધાર્થે) ધૂપ દેવો અથવા ધુમ્રપાન કરવું (૪૮) (મીંઢળ વગેરેના પ્રયોગથી) વમન કરવું. (૪૯) પીચકારી વગેરેથી સાબુનું પાણી કે કોઈ ઔષધ ચઢાવવું (એનીમા લેવો) (૫૦) ત્રિફળા, હરડે, હીમજ કે અન્ય ઔષધિ દ્વારા રેચ લેવો. (૫૧) નેત્રોમાં અંજન આંજવુ (૫૨) દાંતણથી મુખશુધ્ધિ કરવી (૫૩) શરીરનાં ગાત્રોને તેલાદિથી ચોળવું, ચોળાવવું (૫૪) અલંકારાદિથી શરીરની વિભૂષા કરવી.

આ ચોપ્પનં અનાચીર્ણ કહ્યા છે. નં. ૧૨- રાજપિંડ અને નં. ૧૩ કિમિચ્છકપિંડ આ બંનેને એક ગણતા તથા નં.૧૮ જુગાર રમવો તથા નં.૧૯ નાલિકાનો પ્રયોગ કરવો - આ બંનેને એક ગણતા બાવન અનાચીર્ણ છે.

છત્ર :- (અગાઢ ગ્લાનાદિ કારણને મૂકીને) કામવીના કાળ સિવાય સાધુને માથે કામળી ઓઢાય પણ નહીં. દેરાસરમાં માથેથી કાઢી નાંખવી જોઈએ.

'छत्तस्स धारणं अणट्ठाय' -એમ છે.

વ્યાધિની પ્રતિક્રિયા અનાચીર્ણ છે. અપવાદ કરવી પડે તથા પગમાં ઉપાનહ, ચંપલ, મોજાં વિગેરે અનાચીર્ણ છે. આપત્તિ કાળે જે ઉપગ્રહરૂપે પગનું તળીયું દોરાથી બાંધે. (કલ્પ) આચાર પ્રમાણે બાંધે તે અનાચીર્ણ નથી.

તંદુલીયા મત્સ્યને મનથી કરવું - કરાવવુ - અનુમોદવું.

વચનથી કરવું - કરાવવું- અનુમોદવું

કાયાથી કરવું - કરાવવું - અનુમોદવું

એમ નવ ભાંગા લાગે કારણ હાયથી કુદાકુદ કરે. અને વચનથી બોલે કે આ વત્સ મોટો કેવો..... બધા માછલા ખાલી જવા દે જો હું હોત તો...! એમ વચનથી બોલે. અને મનમાં વિચારે... મનના પરિણામ અને આત્માના તીવ્ર રૌદ્રધ્યાનના અધ્યવસાય થવાથી કષાય જન્ય પરિણામ તેમાં જે આત્માનો સંકલેશ તે મનનો ભાંગો એમ નવ ભાંગા થાય.

તંદુલીયો મત્સ પૂર્વે ભવે ૬૬ સાગરોપમનું (આયુ) તીવ્ર દુઃખ ભોગવવાનું અશાતા વેદનીય કર્મ ઉપાર્જન કરેલું હોય તેથી પ્રથમ સાતમી નરકે ૩૩ સાગરોપમનું આયુષ્ય ભોગવી ઈન્ટરવેલ પાડવા માટે અને પાછું નરકનું આયુ બાંધવા માટે તંદુલીયા મત્સા તરીકે ઉત્પન્ન થાય છે. ત્યાં મન-વચન-કાયાના તીવ્ર કિલષ્ટ પરિણામથી ૩૩ સાગરોપમનું સાતમી નરકનું આયુષ્ય બાંધી અંતમૂહૂર્ત આયુ પૂર્ણ કરી નરકે જાય છે. કારણ નારકી મરીને નરકે ન જાય.. માટે તેથી ૬૬ સાગરોપમનું અશાતા વેદનીય પૂર્ણ ભોગવે.

જયણા-યતના એટલે શું ? યત્ =પ્રયત્ન "છકાયની વિરાધનાથી બચવાનો પ્રયત્ન તે." જ્ઞાની ભગવંતની આજ્ઞાને જાળવવી, પાલન કરવું તે જયણા.

ભિક્ષુ - આરંભનો ત્યાગ કરે - ધર્મ ક્રિયાના પાલન માટે કોઈ પણ જીવોને દુઃખ ન થાય તે રીતે પેટ પૂર્તિ માટે આહાર મેળવે તે ભિક્ષુ..!

(૨) સથ = ભેદવું ક્ષુ =ક્ષુધા.... ક્ષુધા વેદનીયને ભેદે તે ભિક્ષુ...! અષ્ટકર્મને છેદે તે ભિક્ષા..! શાસનમાં પુરુષ પ્રધાન હોવાથી પ્રથમ ભિક્ષુ અને પછી ભિખુણી બોલાય.

સંયત=સમ્ + યમ્ = સમ્યક્ પ્રકારે પ્રયત્ન + ત =સંયત.

**૧૭ પ્રકારનો સંયમ તેને ટકાવવા ૧૨ પ્રકારના તપમાં આસક્ત તે સંયત.**

વિરત- બાર પ્રકારનાં તપમાં વિશેષે કરીને રકત તે વિરત.

પ્રતિહત - દર્શન મોહનીય કર્મના તીવ્ર રસને ઘટાડી ને કર્મની સ્થિતિનો ગ્રંથીભેદ કરીને હાસ કર્યો હોય અને જે એક કોડાકોડીની સ્થિતિ છે તેના પણ પચ્ચક્ખાણ છે તે પ્રતિહત. સ્થિતિબંધમાં મતાંતર છે પણ રસબંધમાં નથી.

**બંધ કરતાં અનુબંધ આત્માને વધારે રખડાવે છે.** પાપકર્મ- અમુક પ્રકારના વિશિષ્ટ કોટીના પાપ. તીવ્ર મોહનીય કર્મ જેમણે પ્રતિહત કર્યો તે....! પાપ શબ્દથી કર્મ લેવાનાં શુભ કર્મ પણ હેય જ છે. પ્રત્યારવ્યાત - વર્તમાન આત્માને અવિરતિ આદિ કારણોથી અળગો રાખે. કર્મ ન બાંધે. કારણવશાત્ કાર્ય કરવું પડે તો પણ બળના હૃદયે તેથી અનુબંધ ન પડે.

આ પ્રમાણે સંયત, વિરત, પ્રતિહત, પ્રત્યાખ્યાત, પાપકર્મા સર્વ વિશેષણો સાધ્વીજીના પણ જાણવા...!

**જેની પરંપરા ચાલે તે અનુબંધ.** બંધમાં એવો તીવ્રરસ નાખે કે તે કર્મની પરંપરાને વધારે. પુનઃ પ્રભુનું શાસન મળે ત્યારે જ અનુબંધને તોડી શકે.

ઈષત્ સ્પૃષ્ટ- ચોમાસામાં કાદવવાળા પગ પગલુંછણીયાથી લુંછાય નહીં, જો લુછીએ તો છ કાયની વિરાધના થાય. માટે પગને સુકાવા દેવા જેથી પોષક તત્ત્વ પાણી સુકાઇ જવાથી માટી વ્યવહારથી અચિત્ત થાય.

# શ્રી દશવૈકાલિક વાચના - ૩૪

અનંત ઉપકારી તીર્થંકર પરમાત્મા તીર્થ સ્થાપના કરીને ત્રિપદી આપે. ગણધર ભગવંત દ્વાદશાંગી રચે. એ સંઘની મર્યાદાઓનું વ્યવસ્થિત પાલન ફરમાવે. સર્વવિરતિ - દેશવિરતિ ધર્મ ફરમાવે. ચતુર્વિધ સંઘની સ્થાપના કરે. તેમાં સાધુ-સાધ્વીજી ભગવંત તો મુખ્ય સ્થાપના કરે. તેમાં સાધુ-સાધ્વીજી ભગવંત તો મુખ્ય છે. સાધુજીવનની સંકલના ઓતપ્રોત થવા માટે અને પાંચમા આરાના બાળજીવો માટે સુધર્મા સ્વામીની પાટે જંબુ- પ્રભવ તેમની પાટે શય્યંભવસૂરી મનકને દીક્ષા આપ્યા પછી પૂર્વમાંથી ઉધ્ધરીને આત્મ કલ્યાણ સાધવા માટે શ્રી દશવૈકાલિક સૂત્ર કર્યું છે. (વિકાલવેળા) સાંજે સંકલન કર્યું હોવાથી અને ૧૦ અધ્યયન હોવાથી દશવૈકાલિક કહેવાય.

**ભગવાનની આજ્ઞાને જીવનભર પાલન કરવું તે ભાવ નમસ્કાર. સર્વવિરતિએ ચૌદ પૂર્વનો સાર છે.** નવકાર એ પાયો છે. દશવૈકાલિક સૂત્રએ ચૌદ પૂર્વનો સાર છે. અહિંસા-તપ-સંયમની મહત્તા બાલજીવો સમજી શકે માટે પહેલી પાંચ ગાથા..... અને **ભમરાની જેમ કિલામણા કર્યા વગર ૪૨ દોષ રહીત ગૌચરી લેવી એ સાધુ જીવનનો સાર છે.** તે... પહેલાં અધ્યયનમાં બતાવ્યું છે. બીજા અધ્યયનમાં પાંચ મહાવ્રત, પાંચ સમિતિ જ્ઞાન ધ્યાનથી ટકે પણ તે સર્વનું મુખ્ય કારણ શું ? સંયમ શા માટે લીધું ?=ભૌતિક પદાર્થોની

માયા મૂકીને આત્માને શાસનમાં રકત કરવા સાધુજીવનનું પાલન છે. મળેલા પદાર્થોનો સ્વેચ્છાએ ત્યાગ કરે તે સાચો સાધુ - સાચો ત્યાગી...!

વિચારોના ચકડોળે ચડેલો કયારે પણ.... સાધુપણું ન પાળી શકે.

સુકોમલપણાનો ત્યાગ કરવો, જંગલમાં જવું, અગ્નિમાં ઊભા રહેવું, તડકા સહેવા એ આતાપના તો છે જ....! પણ.... સ્વેચ્છાપૂર્વક ઇન્દ્રિયોનું દમન કરવું એ પણ આતાપના છે. સામે ઠંડુ અને ગરમ પાણી હોય તો પણ ઠંડા પાણીથી બીજાની ભક્તિ કરે પોતે ગરમ પાણી જ વાપરે... તે પણ આતાપના કહેવાય.

સાધુજીવન....“ક્યારે સુકા ચણા... અને ક્યારે ઘી ઘણા” તેમાં સમતા રાખે તો...” એજ આતાપના...!

ઇન્દ્રિયોની પારધીનતા મનની ચંચળતા ઓછી થાય તો જ આતાપના લઇ શકાય.

રહનેમિના જીવનનો વિચાર કરતાં મોહરાજાએ રહનેમિને કેવી કામવાસનાની થપ્પડ મારી.... માટે ઇન્દ્રિયોનું દમન અતિ આવશ્યક છે.

મર્યાદા ભંગનું લક્ષ્ય ચૂકાઇ ગયું તેથી સંયમ ઉપર પાણી ફરી વળ્યું...!

રાજીમતીઓ પોતાની જાતને કાબુમાં રાખી અને રહનેમિને સંયમ માર્ગમાં સ્થિર કર્યા.

અગંધન કુળના નાગ ધગધગતા અગ્નિમાં પ્રવેશ કરે પણ વમેલા વિષને કદી ચૂસતા નથી. એમ.... રાજીમતી રહનેમિને સંયમમાં સ્થિર કરે છે. અને જાગૃત કરવા છે.

તીર્થંકર પરમાત્માને માતા ખવડાવે પણ તેના મોંઢાની ક્રિયા દેખાય નહીં.

રાજુલ રહનેમિને કહે - "દેવરીયા મુનિવર..." પણી તીર્થંકર ભગવંતની માતા તીર્થંકર ભ. ને જન્મ આપ્યા પછી બીજાને જન્મ ન આપે. રહનેમિ..... ઓરમના ભાઈ હતા.

પહેલાં પચ્ચક્ખાણ પારીને ગોચરી વહોરવા ન જવાય. કારણ કોઈ વખતે મળે અથવા કોઈ વાર ન પણ મળે તો તપોવૃધ્ધિનો લાભ મળે માટે પારીને જવાય નહીં.

ઢંઢણમુનિ રોજ એકાસણાનું પચ્ચક્ખાણ લઈ ગૌચરી સમયે વહોરવા જાય અને ન મળવાથી ઉપવાસનું પચ્ચક્ખાણ કરે. (તપોવૃધ્ધિ)

પૂર્વભવમાં ઢંઢણ કોઈ રાજાના મુખ્ય સેવક હતા. ત્યારે ખેતરનું કામ સોંપેલું. ૫૦૦ હળ ખેતરમાં ચાલે. બળદોને છુટવાનો સમય થયા પછી પણ એક-એક ચાસ વધુ ફેરવવાનો ઓર્ડર કરે. એમ સમયસર ન છોડવાથી પશુઓના ખાવાના સમયમાં અંતરાય કરવાથી અંતરાય કર્મ બંધાયા. ચાસ એટલે એક આંટો ફેરવવો તે. તે અંતરાય કર્મ નડવાથી છ મહિનાના અંતરાય પડયા.

ઓઘ નિર્યુક્તિમાં લખ્યું છે કે - ગૌચરી આવ્યા પછી ૫૦૦ સ્વાધ્યાય કરીને પચ્ચક્ખાણ પારે પછી ઘટતા ૨૫૦ અને તેથી- ઘટતા- ઘટતા હવે જિત્ કલ્પમાં ૧૭ ગાથા રહી છે. તે પણ બ્રાહ્મણની જેમ હરતા-ફરતાં ગણવાની રીતિ ચાલે છે. પણ તે..... અર્થ વિચારણા સાથે ગણવાથી સંયમમાં પુષ્ટિ થાય.

સ્વઆત્મામાં વિચારણા કરે કે સંસાર છોડયા વાસનાને ઘટાડી પણ આ વાપરવાનું હજી બાકી રહયું. **વિચારણા કરવાથી આસક્તિ ઘટે.** ૧૭ ગાથા અર્થ સાથે ન ગણાય તો પણ ધીમે-ધીમે તો ગણવી.

શ્રી દશવૈકાલિકનું અબહુમાન મોહનીયકર્મ ગાઢ બંધાવે. બીજા અધ્યયનમાં સાધુ જીવનની રૂપરેખા છે. દ્રવ્યથી પેટ પૂર્તિ માટે વાપરે પણ ભાવથી વિચારણા મારે આ કયારે છુટશે ..?... શરીરના બંધારણમાં..,. ફસાયેલો છું.... માટે વાપરવું પડે છે. એમ વિચારે

ત્રીજા અધ્યયનમાં સાધુથી શું કરાય..? ૧ લી ગાથામાં ભૂમિકા.... પરપદાર્થો અનાચરણીય નિષેધાત્મક બતાવ્યા છે. સંક્ષેપમાં સાધુજીવનની.... રૂપરેખા છે. શક્તિશાળી આત્માએ ચાર અધ્યયન મૂળ-અર્થ સાથે સમજી જીવનમાં ઉતારે પછી વડી-દીક્ષા યોગ્ય થાય. કદાચ મૂળથી ન થઈ શકે તો ૪ અધ્યયનના અર્થનું જ્ઞાન આપવું જોઈએ. ૧૭ ગાથામાં સાધૂજીવનતો સાર આવી જાય છે. જેનો..... અર્થ ગહન છે.

પૂ. ધર્મસાગરજી મ. સા. ૧૭ ગાથાની ખાસ વાચના આપતા. શ્રી દશવૈકાલિક મૂળ પાયો છે. પાયો મજબૂત હોય તો સાધુ જીવન સફળ બને. સંસ્કૃત પ્રાકૃતનું જ્ઞાન એની પાસે ગૌણ છે.

ચૌથા અધ્યયનનું નામ ધર્મપ્રજ્ઞપ્તિ છે. બીજું નામ ષટ્ જીવનિકાય ધર્મ સંયમ ધર્મની... પ્રરૂપણાં. ચારિત્ર બે પ્રકારે ...(૧) પ્રવૃત્તિરૂપ ચારિત્ર. છઠ્ઠું રાત્રિભોજનનો ત્યાગ તે. (૨) નિવૃત્તિરૂપ ચારિત્ર છે. (૩) જયણા રૂપ ચારિત્ર - જયણા - ઉપયોગની જાગૃતિ. ઉપ =પાસે,. યોગ=મન-વચન-કાયાના યોગ=ઉપયોગ એ આત્માની ચીજ છે. મન-વાચન-કાયાનો આત્મા- પાસે લાવવું તે ઉપયોગ...! આત્મજાગૃતિ તે ઉપયોગ. **કર્મબંધનથી છોડાવનાર છ કાયની રક્ષા એ ચારિત્રનો પ્રાણ છે.**

પૂ. હરિભદ્રસૂરી મહારાજે શ્રી દશવૈકાલિક ઉપર શિષ્ય હિતા નામની ટીકા બનાવી. સે = નિર્દેશ.... **પાંચ મહાવ્રતનું પાલન કરનાર સાધુ.... જયણાશીલ અને ભગવાનની આજ્ઞાનું પાલન કરનાર હોય. છ કાયને આત્મતુલ્ય માનવાના છે.**

अत्तसमे मन्निज्ज छप्पिकाए એમ સૂયગડાંગ સૂત્રમાં કહ્યું છે જેમ મને સુખ પ્રિય છે તેમ સર્વજીવને સુખ પ્રિય છે. માટે એવું જીવન જીવવું કોઈ જીવને દુઃખ ન થાય.

આપણે ગુમડું થાય ને દુઃખ અનુભવાય તે સર્વજીવો પ્રત્યે જાણી જયણા રાખવી.

ભિકખુ વા ભિકખુણી વા..! શબ્દો દુનિયાના દ્રષ્ટીએ સામાન્ય છે. છતાં ય શ્રી દશવૈકાલિકમાં કેમ મૂકયા....? સારા શબ્દો શ્રમણ - શ્રમણી વિગેરે....... કેમ ન મૂકયા ?

આગમોને સમજવા માટે ભાષ્ટા-ચૂર્ણિ-વૃત્તિ-ટીકા સમજવાની જરૂર છે. આરંભનો જેને મન-વચન- કાયાથી કરવું, કરાવવું અનુમોદવું નો ત્યાગ એમ નવકોટીના પચ્ચક્ખાણ જેને કર્યા તે ભિક્ષુ..... ભિખારી નહીં...!

સાધુનું શરીર ધર્મકાય અને સંસારીનું શરીર ભોગકાય છે. શરીરને ટકાવવા જ્ઞાન - ધ્યાનની આરાધના કરવા આહારની ગવેષણા કરીને આહાર લાવે તે....ભિકખુ..!

બૌધ્ધો પણ ગવેષણા કરતાં પણ મર્યાદા જુદી હતી. આપણા શાસનમાં ગવેષણાની રુપરેખા જુદી જ છે. વિચારણીય છે. એક જગ્યાથી પાત્રું ભરે તે ભિક્ષુક નહીં પણ ભ્રમરવૃત્તિથી ગવેષણા રુપરેખા જુદી જ છે. વિચારણીય છે. એક જગ્યાથી પાત્રું ભરે તે ભિક્ષુક નહીં પણ ભ્રમરવૃત્તિથી ગવેષણાની કરનાર સાધુ. ભિક્ષુ કહેવાય.

અહીંયા ભિકખુ-ભિકખુણી લખવાનું કારણ કાળમાં ગૌચરી પાણીની ગવેષણાના માટે. એટલે શ્રમણ-શ્રમણી વિગેરે શબ્દો ન રાખ્યા. ગૌચરી પાણીની ગવેષણા ન હોય તો સાધુજીવન નિરસ બની જાય છે. હવે તો પાણીની ગવેષણા બીલકુલ બંધ થઈ ગઈ છે.

વિવેકી શ્રાવકો ગૌચરીની વ્યવસ્થા રાખે પણ પાણીની નહીં.

**અનાદિ કાળના મોહનીયના સંસ્કારોને કાઢવા માટે પુણ્યવાન્ આત્માએ ભિકખુ- ભિકખુણી શબ્દનો અર્થ ધ્યાનમાં રાખી જીવન જીવવું.**

ભિ-ભેદવું, ક્ષુ - ક્ષુધાવેદનીય કર્મ. આ કર્મને ભેદવા કરતો જે પુરુષાર્થ તે ભિક્ષુક. અશાતાવેદનીય કર્મના ઉદયે આવેલા પરિષહ - ઉપસર્ગને સહન કરવા સામી છાતીએ તૈયાર થાય. અશાતા વેદનીય કર્મનો ઉદય થાય ત્યારે સ્વાગત (વેલકમ) થવું જોઈએ. કર્મ ખપાવવા સાધુપણું લીધું છે.

વિચારણા - તો ડરવાનું શું કામ...? સામે આવતા મહેમાનને આદર સત્કાર ન આપો તો તે ફરીથી તમારા બારણે પગ ન મૂકે. તેમ....વેદનીય કર્મ આપણો દુશ્મન છે. અને તેના આદર સત્કાર માટે બામ-વીકસ વાપરીએ તપાદિમાં વૃધ્ધિ ન પામતાં એ બીજા વિગેરે માં નીચે ઉત્તરીએ તે સાધુજીવન માટે બીલકુલ શોભતું નથી. અયોગ્ય છે વેદનીય કર્મને આવો - આવો, બેસો-બેસો.... આદર આપીએ એટલે જ વધુ વદનીય કર્મ ઉદયમાં આવે. એને પંપાળવાથી ઘર કરીને બેસી જાય છે. એમ કરીએ તો સાધુ અને સંસારીમાં.... ફેર શો..?

આપણા પૂર્વે બાંધેલા અશાતા વેદનીય કર્મ જ ઉદયમાં આવે તેની સરભંરા કરતાં અથવા હાયવોય કરતાં વધુ બંધાય માટે સમતાભાવે સહન કરી કર્મના વિપાકને સમજી કર્મ નિર્જરા કરવી જેથી નવા ન બંધાય.

# શ્રી દશવૈકાલિક વાચના - ૩૫

અનંત ઉપકારી ભગવાન મહાવીર પરમાત્માનું શાસનનું સંચાલન સાધુ-સાધ્વી ચતુર્વિધ સંઘને સોંપ્યુ છે. શાસનની જવાબદારી સાધુ-સાધ્વી જેટલી જીવનમાં રાખી શકે. તેટલી શ્રાવક-શ્રાવિકાઓ રાખી ન શકે. કારણ છ કાયના કુટ્ટામાં ખુંચવાયેલા હોય. અનિચ્છાએ પણ હિંસાદિ પ્રવૃત્તિ કરવી પડે. શાસનની મર્યાદા પ્રમાણે સાધુ-સાધ્વી જીવનને ઘડી શકે. સંસાર છોડયો પણ દ્રવ્ય-ચારિત્રની મર્યાદા ન જળવાય તો ભાવ ચારિત્ર ક્યાંથી આવે ? માટે શાસનની મર્યાદાનું જ્ઞાન બરાબર હોવું જરૂરી છે. નહીં તો "કયાં ગયા શું લાવ્યા? કઈ નહીં તેવું થાય. **દ્રવ્ય ચારિત્ર ટકાવવા ભાવ ચારિત્રની જરૂરી છે.** તેને પણ ટકાવવા ગીતાર્થોની ગીતાર્થની ગેરહાજરીમાં અને પૂર્ણ શિક્ષા ન પામવાથી સંયમ ઢીલું થતું જાય છે.

પાંચમા આરાના છેડા સુધી પૂ. દુપ્પસહસૂરી મહારાજ ભગવાનના શાસનના છેડા સુધી રહેશે આવશ્યક, દશવૈકાલિક, ઓઘ નિર્યુકિત, પિંડ નિર્યુકિત ૪ આગમ અને ઉત્તરાધ્યયન મતાંતરે એમ ૪ આગમનો આધાર લઈ પૂ. દુપ્પપહસૂરી મહારાજ સમજાવશે. શ્રી દશવૈકાલિકમાં સાધુજીવનની રૂપરેખા સંક્ષેપમાં છે.

કાળબળથી સાધુ-સાધ્વીજીમાં જે તત્ત્વ ઘટે છે તેનું બળ લાવવા માટે શ્રી દશવૈકાલિક સૂત્ર છે.

ચારિત્ર બે પ્રકારે.... પ્રવૃતિરૂપ ચારિત્ર અને નિવૃત્તિરૂપ ચારિત્ર.

સ્વાધ્યાય, પાંચમહાવ્રતનું પાલન, પાંચ સમિતિ... જ્ઞાન ધ્યાન તે પ્રવૃત્તિરૂપ ચારિત્ર છે.

છ કાયની વિરાધના ન કરવી, પ્રમાદ ન કરવો તે સંયમમાં કરવા રૂપ ચારિત્ર તે નિવૃત્તિ હિંસાદિપાયન કરવારૂપ તે નિવૃત્તિરૂપ ચારિત્ર છે.

આગમને પંચાગી દ્વારા સમજવાની જરૂર છે. કર્મને છેદવા માટે કરાતો પુરુષાર્થ તે ભિક્ખુ...!

સાધુજીવનમાં ગૌચારી એ મહત્ત્વનું અંગ છે. શ્રાવકોને ધર્મ પમાડવાના બે પ્રકાર..... ઉપદેશ અને ગૌચરી. ઉપદેશ તો ઉપાશ્રયે આવનારને જ થાય અને જેને વકતૃત્વ કળા હોય તે જ કરી શકે.

સાધુ ઘરે ગૌચરીની ગવેષણાએ જાય. ધર્મલાભ આપતાં ભાવોલ્લાસ વધી જાય. કારણ આવા ફેશનના કાળમાં પણ કેવું કઠણ જીવન જીવે છે.

દ્રષ્ટાંતઃ- વારતકને જૈન ધર્મ પ્રત્યે રૂચિ નથી. બપોરે જમીને બહારના ઝરૂખામાં મિત્રની સાથે બેઠા. સામેથી એક સાધુ આવ્યા. પહેલા ઉંચા કુળમાં ગોચરી વહોરવવા જતા હતા. સાધુ વિચરતા બ્રાહ્મણના ઘરે આવ્યા.... ધર્મલાભ.... બ્રાહ્મણીએ સત્કાર કર્યો....પધારો...! લાપસી કડછામાં લઈ વહોરવે. જૈન પધ્ધતિમાં ગૌચરી વહોરવવાની પધ્ધતિ આદર્શરૂપ છે. મર્યાદા એવી હોય..... સાધુ ભ. વહોરવા પધારે. ત્યારે બહુમાન કરવા રૂપ.... સાધુનું નહીં.... પણ સંર્વવિરતિ ચારિત્રનું બહુમાન કરવા માટે પાટલો અને થાળીને મૂકે. બીજું કદાચ છાંટો પડે તો થાળીમાંજ પડે. અને તે સાફ કરી શકાય, વિરાધના ન થાય.એક છાંટો નીચે પડે તો માખી, ગિરોળી, બિલાડી, કૂતરા... વધતાં માલિક વિગેરે આવે. ઘમસાણ યુધ્ધ જામે.

તે બ્રાહ્મણીએ વહોરાવ્યું.....ઘીનો છાંટો પડયો ત્યાં માખી વિગેરે આવી ઘમસાણ યુધ્ધ જામ્યું. તે જોઈ વારતક વિચારે.. મહારાજને પૂછયું.... કેમ તરત બહાર આવી ગયા ? છાંટો પડવાનું વાત જાણી થયું કે કેવો દયામય જિનધર્મ છે.

ખરેખર જિનધર્મ સર્વજ્ઞનો છે તે ખોટું નથી....? **ગૌચરી એટલે સંસારી જીવોને ધર્મ પમાડવાનું મોટામાં મોટું સાધન છે.**

ઈલાચી કુમાર પણ ચોથી વખત ઉપર ચઢયા. ત્યારે રૂપવંતી એવી સ્ત્રી સાધુ મ.ને સિંહ કેસરીયા લાડુ વહોરવે પણ મહારાજ ના પાડે. એ જોઈને આપવાવાળા હોવા છતાં ના પાડે ગ્રહણ ન કરે. તેની અનુમોદના કરતાં-કરતાં કેવળજ્ઞાન પામ્યા.

ગવેષણા કરી ગોચરી વહોરવાની છે. એક ઘરથી પાત્રા ન ભરાય. ભગવાનની આજ્ઞા છે એ પ્રમાણે વાર્તાલાપ કરતાં ઈલાચી જુએ છે. સોળ શણગાર સજેલી સ્ત્રીની સામે ઊંચી નજર પણ કરતાં નથી. કેટલો ત્યાગ.... વિચાર કરતાં ચારિત્ર મોહનીયનો પડદો ખસી ગયો અને કેવળજ્ઞાન પામ્યા...!

**ધર્મ પમાડવા માટે ધર્મ આરાધનાનો બાહ્ય વ્યવહાર સરસ હોવો જોઇએ. કે અનુમોદના થાય.** સંયમ-સમ્યક્ પ્રકારે બાંધવું તે. જેમણે પાપકર્મના પચ્ચક્ખાણ કર્યા તે. સંયત, વિરત, પ્રતિહત, પ્રત્યાખ્યાત.

સંયત = સમ + યમ્ - સમ્યક્ પ્રકારે પ્રયત્ન કરવો તે. સાધુની બધી પ્રવૃત્તિ ૫ સમિતિ, ત્રણ ગુપ્તિ દ્વારા સંકળાયેલી છે. તે જ રહી શકે જે વિરત હોય તે. વિરત ૧૨ પ્રકારનાં તપમાં વિશેષ પ્રકારે રકત તે વિરત. પાપકર્મથી પાછા ફરેલા તે. વિવિધ રત = ઈતિ વિરત...! વિરત હોય તો જ સંયમ ટકે. **પાપ કર્મનો પ્રતિઘાત કરે તો વિરતિ.** પાપકર્મને તોડી નાખવાની વિચારણા, પાપ કરતાં આનંદ ઉલ્લાસ થાય તે ઘટાડવું તે પ્રતિહત પાપકર્મના ઉદયને નિષ્ફળ કરવાનો પ્રયત્ન

તે પ્રતિહક કહેવાય.

પાપકર્મોના હેતુઓના નાશ માટે સાધુજીવનની ૪ જવાબદારી છે.

(૧) સંયમ (૨) વિરતિ (૩) કષાયનો ઘટાડો (૪) વાતાવરણશુધ્ધિ.

પ્રતિહત = પાપકર્મની સ્થિતિ ઘટાડે. આત્મામાં કષાયના આસહિતની ગાંઠને ઘટાડે, મમતાના પાયા ઢીલા કરે. સંયમની જાગૃતિ રહે. તેને સંસારની પરાધીનતા ખુંચે તેથી વધારો કરવાની વિચારણા ન લાગે..પાપ હેતુઓથી જુદો રહે.

**પાપ = જ્ઞાનાવરણીયાદિ કર્મ માત્ર પાપ છે.** કર્મ આત્માને નુકશાન કરનાર છે. પાપ વિકાસને અટકાવે. તીર્થંકર-ચક્રવર્તીઓ પણ શાતાવેદનીય ઉદયથી વિરતિ વિ. પ્રવૃત્તિ કરી ન શકે. ૮ કર્મ શુભ કે અશુભ આત્મ વિકાસને અટકાવનારા છે. **સાધુને કર્મ નિર્જરા માટે જ પ્રયત્ન કરવાનો છે.** શુભ કર્મબંધ માટે પણ નહીં. શુભકર્મ માટે પ્રયત્ન ગૃહસ્થને હોઇ શકે.

ગૃહસ્થને પોતાના જીવનમાં ૧૨ અવિરતિ માંથી ૧ અવિરતિનો જ ત્યાગ કરી શકે. ૧૧ નો નહીં...! પાંચ ઈન્દ્રિય, મન અને પૃથ્વીકાયાદિ ૫ આમ ૧૧ અવિરતિનો ત્યાગ ન થાય. માત્ર ત્રસકાય અવિરતિનો ત્યાગ કરી શકે. ગૃહસ્થના પચ્ચક્ખાણ મર્યાદિત હોય. રાત્રે-દિવસે સરખા પચ્ચક્ખાણ અને જાગૃતિ ન હોય પમ સાધુને રાત્રે-દિવસે સરખા પચ્ચક્ખામ અને જાગૃતિ હોય તેમાં ફેરફાર નહીં. કારણ સુતાવસ્થામાં પણ સંયમ વિરતિ જયણા-અપ્રમત અવસ્થા હોય.

દ્રષ્ટાંત :- પૂ. દેવસૂરી મહારાજે દિગંબરી સાધુને વાદવિવાદમાં સ્યાદ્વાદથી હરાવ્યા. તેથી તેઓ ક્રોધાયમાન થયા.

એકાંતવાદને સ્યાદ્વાદથી જીતવાથી બે મારાઓને બોલાવ્યા. એક

હજાર સોનામહોર આપવાનું કબુલ કરાવી ઝેર પાયેલી કટાર લઈ મારવા ગયા. વિચારે છે આ પણ સાધુ હોવા છતાં મારવાનો આદેશ સોનામહોરની લાલચે મોહનીય કર્મના વશ થઈ ઉપાશ્રય તરફ જવા લાગ્યા. તીર્થંકર પરમાત્માના શાસનમાં મર્યાદા પ્રમાણે વર્તનાર સાધુના બારણા ઉઘાડા હોય. રાત્રે પ્રથમ પહોરમાં સાધુ, બીજા પહોરમાં ગીતાર્થ, ત્રીજા પહોરે આચાર્ય ચોથા પહોરે સર્વ સાધુ જાગી. પૂજ્ય આચાર્ય મહારાજ સાહેબને ઉઠવાનો સમય ૧૨ાા થી ૧ માં હોય. તે પ્રમાણે પૂજ્યશ્રીની ઊંઘ ઊડી અને નાકના શ્વાસોચ્છ્વાસ ચાલતા હોય ઉઠતા ઓઘો લઈ શરીરની પ્રમાર્જના કરતાં પડખું ફેરવે છે. આવી ઊંઘમાં પણ સૂક્ષ્મ જયણા જોઈ તે મારાઓ ચમક્યા.... આવા મહાત્માનો વધ કરી મહાપાપી એવો હું ક્યાં છુટીશ ? વિચારી મહારાજના પગમાં પડી ચાલ્યા ગયા. માટે સાધુની પ્રવૃત્તિ રાત્રે-દિવસે જયણાપૂર્વકની અને ધર્મ પમાડનારી જ હોય.

કોઈ દેખતું હોય ત્યારે પ્રવૃત્તિ પ્રસંશનીય અને કોઈ ન દેખતું હોય ત્યારે પ્રવૃત્તિ ગપગોળાવાળી સાધુની પ્રવૃત્તિ ન હોય.

શીવભૂતિ.... સાત વ્યસની.... રોજ રાત્રે બે વાગે.... રોજ પત્ની જાગૃત રહે.... ૧ વખત સાસુના કહેવાથી પતિ નિદ્રાધીન થઈ રાત્રે બે વાગ્યે આવ્યો.... માતાએ ફટકાર્યો ... જાઓ જ્યાં બારણા ખુલ્લા હોય ત્યાં ...... સાધુના બારણા ઉઘાડા જોઈ દીક્ષા ગ્રહણ કરી.

## શ્રી દશવૈકાલિક વાચના - ૩૬

અનંત ઉપકારી પરમાત્માના શાસનમાં ઓછામાં ઓછી પાળવાલાયક સમાચારીનો અધિકાર શ્રી દશવૈકાલિક સૂત્રમાં બતાવ્યો છે. કાળભેદે વિચારોમાં ખળભળાટ થાય.. પણ ભગવાનની આજ્ઞાને અનુસારે તેને શાંત પાડવા માટે શ્રી દશવૈકાલિક સૂત્ર બતાવ્યું છે.

**પ્રવૃત્તિરૂપ ચારિત્રની સફળતા જયણારૂપ ચારિત્ર દ્વારા થાય છે...** જયણારૂપ ચારિત્રને પાળનાર મન-વચન-કાયાના ઉપયોગની જાગૃતિ રાખે બેદરકારી અને અસાવધાનીનો ત્યાગ કરે.

છ કાયની વિરાધનાનો અધિકાર ચાલે છે.

પહેલું પૃથ્વીકાયતા છ પ્રકાર - વિરાધનાના ૪ પ્રકાર.

(૧) પૃથ્વી - ઢેફું વિગેરે જે હોય તે - જેના ઉપર સંચાર ન થયો હોય તે સચિત્ત.

(૨) ભિત્તિ- નદીના કિનારાની બે ભેખડ હોય તે.

(૩) સિલંવા - શિલા - પર્વતોમાં મોટી શિલા હોય તે.

(૪) લેલુંવા - લેષ્ટં વા - માટીનું ઢેફું ખેતરમાં હળ ફેરવ્વાથી નીકળેલા ઢેફા તે સચિત્ત પણ તડકા વિગેરેનો પ્રહાર થવાથી અચિત્ત થાય.

(૫) સસરક્ખં વા વા - જંગલની ધૂળ- જે માટીનો ભૂક્કો કે

પાવડર સંચાર વગરનો હોય તે સચિત્ત જયાં ગાડાં ફરતા હોવાથી તે અચિત્ત છે.

(૬) કાય ससरक्खं वा - વિહાર કરતાં વંટોળીયો ઉડયો હોય અને તે ધૂળથી આપણું શરીર ભરાઇ ગયું હોય તો તે હાથથી દૂર ન કરાય. તે વસ્ત્રથી પણ ખંખેરાય નહી...ન आलिहीज्जा -....૪ પ્રકાર... તેનું આલેખન, વિલેખન, સંઘટ્ટન, ભેદન ન કરે તેનું હાથથી - પગથી અથવા તાંબાના - લોખંડના સળીથી, કાષ્ટથી ન કરે..... પ્રાચીનકાળમાં તાંબાની સળીથી રજને સાફ કરતાં હતા. પણ કરાય નહીં. આ +लेखन =આલેખન, એક વખત ખોતરવું, ૧ વાર ઉખેડવું, કંઈક ઉખેડવુ...!

વિલેખન - વિશેષરીતે ઉખેડવું, વારંવાર ખોતરવું...ઘણીવાર ઉખેડવું.

**સાધુ પોતે સ્વયં પૃથ્વીની વિરાધના ન કરે....** ખોતરે નહીં. સંઘટ્ટ કરે નહીં, ભેદે નહીં, બીજા પાસે પણ ન કરાવે, કોઈ પોતાની મેળે કરતો હોય તો અનુમોદના ન કરે. પોતાના શરીર ઉપરથી જો શ્રાવક પોતાના મેળે ૪ પ્રકારે વિરાધના કરે અને તેને ન અટકાવીએ તો અનુમોદનાનો દોષ લાગે. સાધુ ન વિરાધના કરે.... ન કરાવે, ન અનુમોદે અને ભાવિમાં જાવજજીવની પ્રતિજ્ઞા કરે.

અપકાય :- ચાતુર્માસમાં વરસાદ આવતો હોય તો ત્યારે શી રીતે બચવું કેવો ઉપયોગ રાખવો તે બતાવે છે. સાધુને નવ કોટીના પચ્ચક્ખાણ હોય. એમાં મનથી કરવું - કરાવવું - અનુમોદવું.

વચનથી કરવું- કરાવવું - અનુમોદવું....

કાયાથી કરવું - કરાવવું.. અનુમોદવું.... એક પણ પ્રકારનું ખંડન કરે તો આખું મહાવ્રત જાય. શ્રાવકના પચ્ચક્ખાણમાં અનેક પ્રકારના ભાંગા-અપવાદ છુટ હોઈ શકે. કારણ સંસારમાં હોવાથી

યથાશક્તિ કરી શકે પણ સાધુજીવનમાં જે વિરતિ - સંયમ સ્વીકારવાનો છે તે છુટછાટ વિના અથવા ઉપસર્ગ સહેવા પડે તો પણ ગીતાર્થની આજ્ઞા સિવાય સ્વચ્છંદી પણાથી છુટ ન લેવાય. **૬ કાયની જયણા અને પાંચ મહાવ્રતની મર્યાદા નવ પ્રકારના પચ્ચક્ખાણ સાથે સંપૂર્ણ રીતે પાળવાની છે.** અત્યાર સુધીની જેટલી પ્રવૃત્તિ કરી છે તેમાં કરવાની ઓછી તેથી વધારે કરાવવાની. અને તેથી વધારે અનુમોદવાની હોય.

જ્ઞાનીઓ કહે પૃથ્વીકાયની વિરાધનાનો વિચાર અને મનથી પણ આરંભ... સમારંભની પ્રવૃત્તિનો વિચાર ન હોવો જોઈએ. એ જ્ઞાનીઓના વચનનો મર્મ છે. પાપની પ્રવૃત્તિ મારા આત્માએ ભૂતકાળમાં જે કરી હોય તેના પચ્ચક્ખાણ કરું છું....

પચ્ચક્ખાણને ટકાવવા માટે ૪ ભૂમિકા છે. પ્રતિક્રમણ, નિંદ્રા. ગર્હા અને આત્માને વોસિરાવું પ્રતિક્રમણ-પોતાની જાતને અજ્ઞાનપણાથી અવળા માર્ગે લઈ ગયો હોય તો એકરાર પૂર્વક પાછા ફરવાનો વિચાર તે પ્રતિક્રમણ...!

નિંદા :- ભગવાનની આજ્ઞાનું પાલન થયું નથી તેથી પોતાની જાતને દોષવાળી તથા ગુન્હેગાર માનવું.... તેનો આત્મસાક્ષીએ પ્રશ્ચાતાપ તે નિંદા. પ્રતિક્રમણ કર્યા પછી જો નિંદાનો પછી ગર્હા = એકરારની જાહેરાત...! આત્મસાક્ષીએ પાપોનું આલોચન કરવુ તે નિંદા...! અને ગુરુ સાક્ષીએ પાપોનું આલોચન કરવું તે ગર્હા...! જો ગર્હા કરવામાં ન આવે તો અભિમાન થઈ શકે.

જેમ લક્ષ્મણાને પોતાના પાપની આલોચના કરવાનો વિચાર આવ્યો. અને આત્મનિંદા કરીને આલોચના લેવા તૈયાર થયા. આગળ વધ્યા... પગમાં બાવળનો કાંટો વાગ્યો (અપશુકનનું સૂચક) વિચારણા બદલાવી હું સૌથી મોટી સાધ્વી - સાધુ આટલા બધાની આગળ મારું પાપ શી રીતે કહીશ ? તેમાં મારી હલકાઇ થશે. માન કષાય વધ્યો

નિંદા હોવા છતાં ગુરુ સાક્ષીએ ગર્હા ન કરી. સંયમ જીવનતો હારી ગયા પણ સાથે ભવભ્રમણ કેટલું વધી ગયું. આ ત્રણ ભૂમિકા પછી ભૂલ થાય જ નહીં. એવી સ્થિતિ આવી જાય. અન્નત્થમાં 'અપ્પાણં વોસિરામિ.' 'વોસિરામિ' પ્રસિધ્ધ છે. કોઈપણ વસ્તુનો સંબંધ જુદો કરવો હોય ત્યારે વોસિરે, વોસિરે કહીએ છીએ.

પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ થયા પછી આત્માને વોસિરાવવો સહેલો છે. ભગવાનનું શાસન નય-સાપેક્ષ અનેક પ્રકારે ભરપૂર છે. સ્યાદ્વાદમાં સારી વસ્તુ ખોટી અને ખોટી વસ્તુ સારી થાય છે. આત્મા વોસિરાવવા જેવો નથી પણ અમુક આત્મા વોસિરાવવા જેવો છે. "યોગશાસ્ત્રમાં - પ્રશમરતિમાં" આત્માના ૮ અને ત્રણ ભેદ છે.

(૧) બહિરાત્મા

(૨) અંતરાત્મા

(૩) પરમાત્મા....

અંતરાત્મા અને પરમાત્મા ભાઈ-ભાઈ છે. પણ..... બહિરાત્માની કેડી સંસાર તરફ છે.

બહિરાત્મા- શરીરની મૂર્ચ્છા, ઇન્દ્રિયોની વાસના, મનની મલિનતા. રાગ-દ્વેષ અશુભ, પ્રવૃત્તિ ભળે તે બહિરાત્મા. આંખથી જોવું, ખાવું, પીવું, બધું જ આત્મા કરે છે. તેમાં પોતાની જાતનું ભાન ભૂલી જવાથી બાહ્યવસ્તુમાં લંપટ બની જીવે છે. મારે એ પ્રમાણે જીવવું અયોગ્ય છે. તેથી ભવભ્રમણ વધે છે. એમ શુભ ભાવે વિચારવું તેથી અંતરાત્મ ભાવ જાગે. જેમ-જેમ જ્ઞાનીઓની. આજ્ઞાનુસારે ચાલતો જાય, તપ-જ્ઞાન-ધ્યાનમાં લીન..... બનતો જાય તેમ-તેમ અંતરાત્મ ભાવમાં લીન થાય. અને તેથી શુભધારામાં વધતા પરમાત્મ દશાને પામે.

अप्पाणं वोसिरामि બહિરાત્માને વોસિરાવવું. જેનાથી આપણી ઇન્દ્રિયો ચકડોળે ચઢી છે. વાસના વધે છે તેને કાબુમાં લેવા અપ્પાણં વોસિરામિ... જયાં સુધી મન-વચન-કાયાના યોગ છે ત્યાં સુધી.... પ્રવૃત્તિ તો રહેવાની જ પણ તેનું સમર્થન ન કરવું... પણ ત્યાગ કરવો જોઈએ.

નિંદા પોતાની પાપનો જીવનમાં જે એકરાર કરે અને માને કે મેં આ ભૂલ કરી છે તેની નિખાલસ ભાવે ગુરુ આગળ ગર્હા કરે પછી અપ્પાણં વોસિરામિ, ખાસ મુખ્યત્વે અપ્પાણં વોસિરામિ છે.

પાપની આલોચના કરીને બહિરાત્મ ભાવને ઘટાડવાનો છે.

**અંતરાત્મભાવ સમકિત પ્રગટ થયા પછી આવે અને તપ-ત્યાગ-ગુરૂનિશ્રાથી અંતરાત્મ ભાવ વધે અને ૧૩માં ગુણઠાણે પહોંચે એટલે પરમાત્વભાવ પામે.**

અરણીકા પુત્ર આચાર્ય પાપના ઉદયથી જે નાવમાં બેસે તે નાવ ડુબી જાય..... લોકોને ગુસ્સો ચડયો નદીમાં નાખવા જાય.... વ્યંતરદેવી પણ ત્રાસ દેવા ત્રિશુલ શરીરમાં આરપાર ભોંકે છે.... લોહીનો પ્રવાહ... અસહ્યવેદના થાય પણ જયણાની પ્રબળતાથી વિચારે મારા લોહીના ટીપાથી પરકાય શસ્ત્ર દ્વારા પાણીના કેટલા જીવો હણાશે. મિચ્છામિ દુક્કડમ્ પાણીના જીવો ને મિચ્છામિ દુક્કડમ્ કહે છે. જંઘાબળ ક્ષીણ થઈ ગયું છે. પાપની આલોચના કરતાં કેવળજ્ઞાન મળ્યું. !

# શ્રી દશવૈકાલિક વાચના - ૩૭

અનંત ઉપકારી પરમાત્મા મહાવીર સ્વામી ભગવાનના શાસનને શોભાવતા પૂજય શય્યંભવ સૂરી મહારાજા સાધુ ધર્મના અધિકારમાં ચારિત્રના બે ભેદ બતાવે છે. (૧) જયણારૂપ ચાસ્ત્રિ (૨) પ્રવૃત્તિરૂપ ચારિત્ર. જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે જીવનની પ્રવૃત્તિ તે પ્રવૃત્તિરૂપ ચારત્રિ (૧) ઉપયોગની જાગૃતિ તે જયણારૂપ ચારિત્ર.

છકાયની હિંસાના પ્રકારો કયા છે ? તે કેવી રીતે થાય ? એનું જ્ઞાન જો આત્માને થઇ જાય. તો તેમાંથી બચવા માટે પુણ્યવાન આત્મા પ્રયત્ન કરી શકે.

અપકાય- (વિરાધના ૮ પ્રકારે થાય.) અપ્‌કાયના છ પ્રકાર છે.

(૧) उदगं -કુવામાં જે સેર કુટે તેમાંથી પાણી નીકળે તે ઉદગં

(૨) ओसं-ધુમ્મસ-ઝાકળ. (૩) હીમં-થીજી ગયેલું પાણી, બરફ (૪) महिअं-કરાપડે તે.

(૫) हरतणुगं-ઘાસના ઉપર પાણીના બિંદુ હોય તે.

(૬) शुध्धोदगं-શુધ્ધ પાણી - આકાશમાંથી વરસે તે પાણી

આ છ પ્રકારના પાણીને શાસનની મર્યાદા પ્રમાણે ચાલનાર સાધુ સ્પર્શ ન કરે.

उदउल्लंवा कायं - વરસાદના પાણીથી અથવા છ એ પ્રકારના

પાણીથી શરીર અથવા उदउल्लंवा वत्थं -વસ્ત્ર- વરસાદના પાણી ટપકતું હોય અથવા સસિણિદ્ધં વા કાયં - સસિણિદ્ધં વત્થં - પાણીની ફર-ફર લાગી હોય, બિંદુ રહિત સામાન્ય પાણીના છાંટા લાગ્યા હોય તો શરીર કે વસ્ત્ર છએ પ્રકારના પાણીથી પલળ્યો હોય તો સાધુ નીચેના આઠ પ્રકારે વિરાધના ન કરે.

વિરોધનાના આઠ પ્રકાર

(૧) न अमुसिज्जा -નામૃષેત્ - સ્પર્શ ન કરવો એકવાર અથવા કંઈકવાર ન અડવું.

(૨) न संकुसिज्जा -ન સંસ્પૃશેત્-વારંવાર અથવા ઘણીવાર સ્પર્શ ન કરવું.

(૩) न अवीलिज्जा -ના પીડયેત્- એકવાર ના પીડાવું

(૪) न पोंविलिज्जा-પ્રપીડયેત્ - વારંવાર ના પીડાવું

(૫) न अकखोडिज्जा-ના સ્ફોટયેત્ - એક વાર ઝાપટ મારવી

(૬) न पक्खोडिज्जा -ના તાપયેત્ - વારંવાર ઝાપટ મારવી

(૭) न आयाविज्जा -ના તાપયેત્ - એકવાર તડકામાં સુકવવું.

(૮) न पयाविज्जा -ન પ્રતાપયેત્-વારંવાર તડકામાં સુકવવું.

આ આઠ પ્રકારે સાધુ પોતે વિરાધના ન કરે. બીજા પાસે ન કરાવે. કરતાં ને અનુમોદે નહીં. આપણા કપડાં ને પણ પણ જો ગૃહસ્થ ઉપરના આઠ પ્રકારમાંથી કોઈપણ જાતની વિરાધના કરતો હોય તેને ન વારે તો અનુમોદનાનું પાપ લાગે. ગૃહસ્થ ઉપરનાં આઠ પ્રકારમાંથી કોઈપણ જાતની વિજ્ઞાનના કરતો હોય તેને ન વારે તો અનુમોદનાનું જ નહીં કારણ તેને યતનાનો ખ્યાલ ન હોય.

વિહારનો સમય વર્ષાદ આવે ત્યાં સુધી જેઠ વૈશાખમાં જ્યાં સ્થાન યોગ્ય લાગે ત્યાં સ્થિરતા કરવી જોઈએ. પછી વિરાધનાનો

સંભવ હોય.

લાઈટમાં આગાઢ કારણે જ સ્થંડીલ-માત્રુનાં કારણે જ બહાર જવાય. જે ઉપાશ્રયમાં લાઈટનો પ્રકાશ આવતો હોય તેવા ઉપાશ્રયમાં રહેવાય જ નહીં. **તેઉ-અપ અને ૪થાવ્રતમાં ઢીલાશ આવે તો તેની વિરાધના કરાવીએ તો બોધિ દુર્લભ થાય.**

મહાનિશીથમાં કહ્યું છે- તેઉકાય- અપકાયની વિરાધના કરનાર અને ચોથા વ્રતનું ખંડન કરનાર.... આ ત્રણ બાબતોની મર્યાદાના ભંગ કરનારને બીજા ભાવે બોધિ દુર્લભ થાય છે.

લાઈટમાં ભયંકર વિરાધના થાય. જ્યાં લાઈટની ઉત્પતિ થાય ત્યાંના ભયંકર વિરાધનાના દોષ લાગે.

પાંચ મહાવ્રતનું ખંડન કરનાર આ પ્રમાણે દુઃખોને ભોગવે.

હિંસા કરવાથી - અલ્પાયુ પામે.

મૃષાવાદ કરવાથી - જીહ્‌વા છેદ.

અદત્તાદાન કરવાથી - દરિદ્રપણું પામે.

મૈથુન સેવનથી - નપુંસકપણું પામે.

પરિગ્રહ કરવાથી - દુઃખ પામે.

પ્લાસ્ટિક ઓઢીને વિહાર ન થાય. હવે આડબંર વધી જવાથી ઉપધાન- ઉજમણા- દિક્ષા - પ્રતિષ્ઠા હોય તો જ વિહાર કરીએ એ **સાધુને ગ્રામાનગામ વિચરવાની પ્રથા ક્ષેત્રમા વિચરીને ધર્મ...સમજાવવાની અને ધર્મ કરાવવાની શાસ્ત્ર વિધિ છે.** તે તો સાવ ભૂલાઇ ગઇ છે.

પાણીનો ઉપયોગ જે ઘીની જેમ કરવાનો હતો તે બદલાઈને ઉપયોગ વગર પડતું પાણી...વપરાય છે. હિટરનું પાણી ન વપરાય...

(૧) એક ઉકાળાવાળું પાણી સચિત્ત

બે ઉકાળવાળું પાણી મિશ્ર

ત્રણ ઉકાળાવાળું પાણી અચિત્ત...!

જ્ઞાનીઓ કહે - અપ - તેઉ અને ચોથા વ્રતની વિરાધનામાં અપવાદ માર્ગ નથી. જેમ વરસાદથી બચવા માટે રેઈનકોટ પહેર્યો હોય અને શરીર સંકોચીને ચાલીયે તેમ તેઉકાયમાં અથવા કાળ વખતે, અગાઢ કારણે ન છુટકે ફરવું પડે તો બળતા હૃદયે આખું શરીર.... ઢાંકીને જવું જોઇએ. કાંબળીથી આખું શરીર ઢાંકવું જોઈએ. મહારાષ્ટ્રી સાડીની જેમ છેડા ઉપર નાખીને ન ચલાય. ફેશનમાં માથું ઉઘાડું ન રખાય લાંઈટનો ઉપયોગ કરો અથવા જયણા કરો એ સાધુની ભાષા છે. 'બંધ કરો' એ આરંભ - સમારંભની ભાષા છે. માટે ન બોલાય. સાધુથી ટપાલ લખાય નહીં લખે તો.... પ્રાયશ્ચિત. ટપાલ આપણી જાતે લેટર બોક્ષમાં ન નંખાય કારણ સ્વયં પ્રવર્તનાનો દોષ લાગે. માટે બીજા પાસે... નંખાવવી.

જ્ઞાનીઓ કહે છે - તપસ્વી આત્મા જો જીવનમાં તપ વધારે તો સ્થંડીલ - માત્રું ઓછું જવું પડે તો અપ્કાયની વિરાધનાથી બચી શકાય. બાહ્ય પ્રવૃત્તિથી બચવાથી લીલોત્તરી, નિગોદ, અપકાયની વિરાધનાથી બચી શકાય. માટે આત્મબળ કેળવવાની જરૂર છે.

આજકાલ માણસ અને ફાનસની પ્રથા ઘણી વધી છે. પુણ્યવાન્ શ્રાવકો પોતાનું બળ ઘટાવતા ગયા તેથી આ પ્રથા નીકળી છે.

શ્રાવકો પોતાના શ્રાવક જીવનની મર્યાદા જાળવતા ન હોય તો સાધુને શી રીતે કહી શકે ? ભૂલ કાઢી શકે ? શ્રાવક-શ્રાવિકાને ઠાણાંગસૂત્ર માં સાધુના માતા-પિતા ભાઇ સમાન કહ્યા છે. કારણ માતા-પિતા બાળકની નાની પણ ભૂલ ચલાવે નહીં તેમ વગોવે પણ નહીં તેમ શુધ્ધ સમાચારીના પાલન કરનાર શ્રાવકો-શ્રાવિકા સાધુની

ભૂલ થતી હોય તો સમજાવી શકે. માટે માતા પિતા સમાન કહ્યા છે. પણ આજના શ્રાવકો માતા પિતાની ફરજ ભૂલીને કહે તે જોયા હવે સાધુ કેવા છે ? ચાર જણ વચ્ચે વગોવે. આજે શ્રાવકની ફરજ ભૂલાય છે.

ચોથુવ્રત એટલે સ્ત્રીઓનો સંયોગ થાય તે જ નહીં પણ તેની નવવાડો સાચવવાની છે...! સ્ત્રી-પુરુષ નપુંસકની વસતિમાં રહેવાય જ નહીં - આજકાલ ધર્મશાળામાં સાધુ-સાધ્વીના ઉતારા હોય નવ વાડો શી રીતે જળવાય ?

લાછલદે માતાએ જ એક સ્થુલિભદ્રને જન્મ આપ્યો કે જે મોહક રંગમહેલમાં પૂર્વની રાગી વેશ્યાને ઘેર રહેવા છતાં ચોથા વ્રતને મન-વચન-કાયાથી અડગ રીતે સાચવી રાખ્યા. જેનું નામ ચોરાશી ચોવીશી સુધી રહેશે, અને ૮૪ ચોવીશી સુધી કોઈ થશે પણ નહીં...... બાકી તો માટીના ઘડા અને કાચના પ્યાલા જેવા છે. ભલે કાયાથી કે વચનથી નહીં પણ મનથી ચોથા વ્રતનું ખંડન થઈ જાય.

કાચું પાણી ઢળ્યું હોય તો સાધુથી તે ઉપર ન ચલાય તો શું લાઈટના પ્રકાશમાં પુદ્ગલો ચલાય ? લાઈટનો પ્રકાશ જ તેઉકાયના સચિત્ત પુદ્ગલો છે. તેમાં હરવા-ફરવાથી તેઉકાયના જીવોની વિરાધના થાય. પ્રકાશમાં ગૌચરી વહોરાય નહીં કારણકે સચિત્ત પ્રકાશના કારણે સચિત્ત થઈ જાય. લાઈટમાં ગૌચરી વહોરાવનારને અને વહોરનારને ઘણો દોષ લાગે.

તેઉકાયમાં આજે ફોટોગ્રાફી ઘણી વધી છે. કર્યા કરતાં દેખાડવાની વૃત્તિ વધારે એજ પ્રબલ મોહનીય કર્મનો ઉદય ઉપરથી પાછો મૃષપાદ કે અમે અનુમોદના માટે પડાવીએ છીએ. તેમાં અનુમોદનાનો ભાવ બે ટકા પણ અહં ૯૮ ટકા છે. અહંભાવ પોષાય છે. અમે આવી રીતે ઉપધાન - સંઘ કઢાવ્યા તે બતાવવા આદીથી મોહનીય કર્મ બંધાય.

સૂર્યોદય પછી તેના પ્રકાશના અભાવે લાઈટની ઉજેહી પડે. સૂર્યના પ્રકાશની લાઈટના પ્રકાશનો પ્રતિઘાત થતો હોય તો ઉજેહી નહીં અને રાત્રે પણ ચંદ્રનો ફુલ પ્રકાશ હોય લાઈટ ઓછી પાવરની હોય તેથી ચંદ્રનો ફુલ પ્રકાશથી પ્રતિઘાત થવાથી ઉજેહી ન ગણાય. પણ જો સુર્યનો પ્રકાશ સંપૂર્ણરીતે આવતો ન હોય અને લાઈટ ચાલુ હોય તો તેના જીવોનો પ્રતિઘાત ન થવાથી લાઈટની ચાલુ હોય તો તેના જીવોનો... પ્રતિઘાત ન થવાથી લાઈટની ઉજેહી દિવસે પણ પડે. રાત્રે ચંદ્રનો આછો પ્રકાશ હોય અને ૫૦૦ ફુલ પાવરની લાઈટ-ટયુબલાઈટ હોઈ તેથી ચંદ્રના પ્રકાશનો પ્રતિઘાત. દિવસે દેરાસરમાં લાઈટ હોય ત્યાં સુર્યનો પ્રકાશ ન આવતો હોય તો ઉજેહી પડે. દેરાસરમાં લાઈટ ન પડે એ માન્યતા ખોટી છે.

સાધુ-સાધ્વીજી ભગવંતોએ માથે કાંબળી રાખીને દર્શન ન કરવા જોઈએ. તીર્થંકર પરમાત્માના બહુમાન સાચવવા કાંબળી ઉતારવાની છે. આ વિનયનો પ્રકાર છે. રાજા-મહારાજા પણ દેરાસર જાય ત્યારે મુકુટ ઉતારીને જાય તેમ...!

સવારે અથવા સાંજે દેરાસરમાં લાઈટ ચાલું હોય તો દેરાસર ન જવાય. તેઉકાયની વિરાધના થાય. આજકાલ સાધુ-સાધ્વીજી મહારાજ સાંજે લાઈટ થયા પછી ભગવાનની આંગીના દર્શન કરવા જાય....આ.... સંસારીવૃત્તિ છે!

શ્રાવકોનો વૈરાગ્યભાવ કેળવવા માટે ઓ...હો...હો....! કેવા રાજવૈભવનો ત્યાગ કર્યો. કેવી રાજઋધ્ધિને લાત મારી સંયમ ગ્રહણ કર્યો મારો પણ એવો દિવસ ક્યારે આવશે. કે આ સંસારનો ત્યાગ કરી સંયમગ્રહણ કરું ભગવાનની ઋધ્ધિ સામે મારી પાસે તો ઘાસનું તણખલું પણ નથી તે હું ક્યારે ત્યાગ કરીશ.

લાઈટ થયા પછી દેરાસર જઈએ તો ઘણું પાપ લાગે. દેરાસરમાં લાઈટ સચિત્ત હોય, તેઉકાયનો જે સચિત્ત જીવોનો ફુવારો

ઉડે છે. વાદળા છવાયા હોય અને દીવો મૂક્યો હોય તેનો પડછાયો જે સચિત્ત જીવોનો ફુવારો ઉડે છે. વાદળા છવાયા હોય અને દીવો મૂક્યો હોય તેનો પડછાયો પડે તો પણ ઉજેહી પડે....

જ્ઞાનીઓ કહે છે સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાં સાધુથી બહાર નીકળાય ન નહીં એમ મહાનિશીથસૂત્રમાં લખ્યું છે....!

સાધુઓ સુર્યનું બિંબ અર્ધું ડૂબ્યું હોય ત્યારે માંડલા કરવાની વિધિ છે. સ્થંડીલ જવાની ભૂમિ અને માત્રું પરઠવવા જવાની ભૂમિ માંડલા પહેલાં જોવી જોઈએ. અને માંડલા સમયે સર્વ સાધુ ભગવંત ભેગા થાય ત્યારે કહી દેવું જોઈએ. માંડલા ચાર બાજુ ઓઘો ફેરવવાનો નથી. પણ સ્થંડીલ ભૂમિની ગવેષણા કરવાની છે.

સવારે સૂર્યોદય સમયે અર્ધું બિંલ બહાર નીકળે ત્યારે સજઝાય કરાય. દેરાસરમાં કાંબળી વગર ન બેસાય.

દેરાસરમાં ગરમીના દિવસોમાં આખી કામળી ઉતારીને ન બેસાય. પણ બહુમાન માટે માત્ર માથા ઉપરથી જ ઉતારવાની છે. પરમાત્માની સમક્ષ ફુલયુનિફોર્મમાં ઉપસ્થિત થવાય. કાંમળી વિના ન જવાય. ગમે તેવો તાવ હોય તો પણ કામળી ખીંટીએ ટીંગાડાય નહિ.

## શ્રી દશવૈકાલિક વાચના - ૩૮

અનંત ઉપકારી પરમાત્માના શાસનને શોભાવતા પરમપૂજ્ય શય્યંભવ સૂરી મહારાજા બાલજીવોના હિતાર્થે......ફરમાવે છે. બાલજીવોની અપેક્ષાએ જે ચાર મૂળસૂત્ર છે તે વિશિષ્ટ પ્રકારની આત્મ શુધ્ધિ માટે છે. મૂળપાયો=શાસ્ત્રનો પાયો. **શાસન સમ્યક્ જ્ઞાન-દર્શનથી ચાલતું નથી પણ ચારિત્રથી ચાલે છે.** જ્ઞાન-દર્શન ટેકારૂપ છે. ચારિત્રનું આજ્ઞા પ્રમાણે પાલન સિવાય સ્વચ્છંદતાએ પાળે તે ચારિત્રનો રાગી ન કહેવાય. વીરવિજય મહારાજની પૂજામાં બતાવ્યું છે શાસનની આદિથી માંડીને અંત સુધી રહે તે મૂળસૂત્ર. એમ શાસનની ઉત્પત્તિ થઇ ત્યારથી માંડીને પૂ. દુપ્પહસૂરી મહારાજના પાંચમાં આરાના છેડા સુધી રહેવાના છે. ચારે - (ચતુર્વિધ સંઘ) આરાધના કરી સ્વર્ગવાસ પામશે..... ત્યાં સુધી ઓઘ- નિર્યુક્તિ- આચારાંગ-દશવૈકાલિક; પિંડાનિર્યુકિત અને ઉત્તરાધ્યયન વિકલ્પે એમ ચાર સૂત્રો રહેવાના છે.

**જેના દ્વારા આત્મા દુર્ગતિમાં પડતો અટકે તે ધર્મ.....! વિષય-કષાયની વાસના એ દુર્ગતિ છે....** એ નિશ્ચયનયથી..! અને તિર્યંચગતિ અને નરકગતિ વ્યવહારનયથી દુર્ગતિ કહેવાય. વિષય-કષાયના કારણથી બચાવે તે સર્વવિરતિ ચારિત્ર. **ચારિત્રનું બીજું નામ જયણાધર્મ... !** જયણા એ પ્રવૃત્તિધર્મને ટકાવનાર છે. વિરાધનાથી બચવા માટે આત્માએ શું-શું કરવું જોઇએ ? એક બાજુ વિરતિના પચ્ચક્ખાણ અને બીજી બાજુ અજયણાની પ્રવૃત્તિ....હોય તો લેખે ન

લાગે. **પ્રવૃત્તિરૂપ ચારિત્રની સફળતા જયણારુપ ચારિત્ર દ્વારા છે.** પાંચ મહાવ્રત ઉચર્યા પણ વિરાધનાના કાર્યમાં બે-દરકારી કરીએ તો ચારિત્ર ખોવા રૂપ થઇ જાય. તેઉકાયનો અધિકાર :- છ એ કાયની અપેક્ષાએ વિચારી એ તો સૌથી વધારે તેઉકાયની હિંસા થાય. **તેઉકાયની વિરાધનાએ છએ કાયની વિરાધનાનો સંભવ છે.**

**કાચુ પાણી-અગ્નિ - સ્ત્રી એ ત્રણે સંસારને ટકાવનારા અને વાસનાને પોષનારા તત્ત્વો છે.** ઘડો બનાવે તેમાં પૃથ્વીકાયની વિરાધના. પાણી પૃથ્વીમાંથી નીકળે માટે અપકાયની વિરાધના પાણીમાંથી જ અગ્નિ ઉત્પન્ન થાય. પાણીને ઠંડું કરવામાં વાઉકાયની વિરાધના. તેમાં ત્રસ જીવો કીડી વિગેરે મરે તે ત્રસની વિરાધના.

સંસારના બંધનોથી છુટવું એ સાધુપણાનો મૂળ પાયો છે. કર્મોને ભેદી નાખવાની તત્પરતા તે ભિક્ખુ.... આધિ-વ્યાધિ-ઉપાધિથી ગ્રસ્ત થતાં એવો હું તેનાથી છુટવા માટે સંયમ લેવાની તત્પરતા..... હોય તે ભિક્ષુ.

(૧) સંયમ (૨) વિરતિ (૩) પ્રતિઘાત - (૪) પ્રત્યાખ્યાન.

આ ચાર વસ્તુની મહત્તા સાધુજીવનમાં હોય.

અશુભ આશ્રવના દ્વારમાંથી પાછો ફરે, લક્ષ્યની જાગૃતિ રાખે. ઉત્પન્ન થયેલા સંયોગોને અટકાવે તે પ્રતિઘાત. ભાવિના આશ્રવોને અટકાવવાનો પ્રયત્ન તે પચ્ચક્ખાણ કહેવાય.

કાળ ક્ષેત્રની મર્યાદાથી માણસ ઘણી વખત પોતાના પાપોને ઢાંકવાનો પ્રયત્ન કરે... **વિવેકની પ્રતિષ્ઠામાં ઢીલાશ કરે તે સાધુ જીવનમાં શોભે નહીં.** પ્રતિજ્ઞા કોની સામે કરી છે...? અરિહંત-સિધ્ધની સાક્ષીએ.... તેમના કેવલજ્ઞાનથી કઇ વસ્તુ છુપાવાય ? સાધુ એકલા હોય કે પર્ષદામાં હોય, સૂતા હોય કે જાગતા હોય અંતરંગ આત્મશુધ્ધિના વિચારો હોય.

સાધુ જીવનની આશયશુધ્ધિ હોય પણ જો લક્ષ કે વિચારમાં

ખામી આવે તો આચારમાં ઢીલાશ આવે. લક્ષ શું હોવું જોઈએ ? **કર્મના બંધનથી છુટવા માટે સાધુપણું લીધુ છે.** બાહ્યવ્યવહાર આત્મોપયોગી નથી. બાહ્યવ્યવહારમાં આંધળી પ્રવૃત્તિ કરે તો ખ્યાલ ન રહે.

તેઉકાયના આઠ પ્રકાર

(૧) अगणिं - અગ્નિ-લોઢાના ગોળામાં રહેલો તે...!

(૨) इंगालं - અંગાર - જવાલા રહિત હોય તે દેવતા (ઈસ્તુ)

(૩) मुम्मुर - જેમાં અગ્નિના કણિયા હોય તે.

(૪) अच्चिं - મૂળ અગ્નિ સાથે સંબંધ ન હોય માત્ર ઉપર જ જે જવાલા હોય તે.

(૫) जालं - મૂળ અગ્નિ સાથે સંબંધ ન હોય તે જવાબા.

(૬) अलायं - અલાતં- ઉલ્મુકં

(૭) सुध्दागणि - લાકડાં બળી ગયા પછી ઝગતો અગ્નિતે. નિરિન્ધનઃ શુદ્ધોડગ્નિઃ

(૮) उक्कं - ઉલકા - ગગનાગ્નિ - આકાશમાં અમુક પ્રકારના પરિણામથી પત્થરા થાય. તેમાં વેગ આવે.... વાતાવરણના ઘસારાથી અગ્નિ ઉત્પન્ન થાય તે અહીંથી ૧૦-૩૦-૬૦-૯૦-૧૦૦-૩૦૦-૪૦૦ માઈલની અસર અહીં અનુભવીએ છીએ.

આ આઠ પ્રકારના અગ્નિની વિરાધના ચાર પ્રકારે થાય.

(૧) न उंजेज्जा - नोत्सिञ्जयेत् ચાર પ્રકારની.... અગ્નિને વધારે નહીં.

(૨) न घटेज्जा – न घट्टयेत् - ઘટ્ટનં - સજાતીયાદિના ચાલનં-

(૩) न उज्जालेज्जा – नोज्वालयेत् – उज्वालनं – व्यंजनादि - ભિઃ વૃધ્ધાપાદનં - સળગતું હોય તો પંખાદિથી વધારે નહીં.

(૪) न निव्वावेज्ञा न निर्वापयेत् - निर्वायणं - विध्यापनं - તેમ ઠારે પણ નહીં.

આ ચાર પ્રકારે સાધુ પોતે વિરાધના ન કરે બીજા પાસે ન કરાવે. તેમજ કરતાંને ન અનુમોદે. જીવજ્જીવ સુધી મન-વચન.... કાયાથી કરવું, કરાવવું, અનુમોદવું દ્વારા પચ્ચક્ખાણ કરું છું..... કર્યું હોય તો નિંદુ છું. ગુરુ સાક્ષીએ ગર્હા અને તે પાપોથી બચવા આત્માને વોસિરાવું છું....!

આ ચારે પ્રકારને સાધુ-સાધ્વીજી ભગવંતને જાતે કરવાનું પ્રયોજન ઓછું હોય.... પણ કરાવવાનું અને અનુમોદવાનો પ્રસંગ વધારે આવે.

તીર્થંકર પરમાત્માના શાસનની મર્યાદા પ્રમાણે ચાલનાર આત્માઓએ તેઉકાયની સ્પષ્ટ વિરાધના દેખાતી કંડીલ (ફાનસ) નો તેમજ લાઈટનો ઉપયોગ કરવો તે સ્પષ્ટ વિરાધના છે... દેખાય છે.

તમસ્કાય પાંચમા દેવલોક સુધી રહે છે. ઝાડ નીચે કામળી કાઢીને પણ બેસી ન શકાય.... કારણકે તે ભેદીને પણ આવી શકે.

કામળીના કાળમાં ફેરફાર કેમ...?

સૂર્યની ગરમી આવ્યા પછી તે તમસ્કાયના જીવો વચ્ચે ચ્યવી જાય છે. નીચે પડતાં નથી. કાળમાં ફેરફાર છે.

ચોમાસામાં છ ઘડી.

શિયાળામાં ચાર ઘડી.

ઉનાળામાં બે ઘડીનો કાળ છે.

અનાચારની ભૂમિકાને ઘટાડવાની છે. "વીજ દીવા તણી ઉજેહી હુઈ" વીજ=વીજળી દીવા=ફાનસ વિગેરે ઈલેકટ્રીકનો ઉત્પત્તિનો પ્રવાહ એવો હોય કે તેમાં છએ કાયની વિરાધના થાય.... ચાલુ હવા બધાને અનુકૂળ હોય પણ ઈલેકટ્રીકને અનુકૂળ હોય પણ ઈલેકટ્રીકને

અનુકૂળ ન હોવાથી અમુક પ્રકારે વ્યાકુમ કરી જ્યારે બલ્બ બનાવાય છે ત્યારે અમુક વાયુનો ભાગ અંદર લઈને બનાવાય છે. વાયુના જોરે જ ઈલેક્ટ્રીક ચાલે. તેમાં તેઉકાયના જીવો ન હોય આ વાત ખોટી છે. અનાચારનો ત્યાગ કરવા અતિચારને જાળવવાના છે. રાજમાર્ગ વચ્ચે હોય તો ઉજેહી ક્યારે ન પડે ?

જયારે રાજમાર્ગ ઉપર વાહનો ઉપરાઉપર ચાલતા.... હોય અને લાઈટ પણ સામાન્ય ૪૦-૫૦ની હોય... તેના પ્રકાશને પ્રતિઘાત થતો હોય તો ઉજેહી ન પડે. પણ જો ઘણા વાહનો ચાલતા ન હોય તો ઉજેહી પડે.

તેથી રાજમાર્ગ સાથે કાંઈ સંબંધ નથી.... મુખ્યાતાએ પ્રકાશનો પ્રતિઘાત થવો જોઈએ...! રાજમાર્ગમાં ઉજેહી ન પડે એ માન્યતા ખોટી છે. **આજ્ઞામાં સાપેક્ષતા વિચારવાની જરૂર છે.**

આવશ્યક સૂત્રમાં કહયું છે જો કાઉસગ્ગમાં હોઈએ અને અર્ધો થયો હોય ને ત્યાંથી કોઈ દીવો લઈને નીકળતો હોય તેની ઉજેહી પડતી હોય તો.... અર્ધા કાઉસગ્ગમાં કામળી ઓઢવી જોઈએ. બાકીનો કાઉસગ્ગ પછી પૂરો કરવો.

હાલમાં ગોચરીની ગવેષણા છે પણ પાણીની નથી.... તેઉકાયની વિરાધનાની ભયંકરતા આપણામાં સ્પર્શી નથી. આપણે વ્યવહાર દુષિત, મર્યાદા હીન બની ગયા. વિવેકી શ્રાવિકા જે જયણાથી પાણી ઉકાળે તેવી રીતે વિધિપૂર્વક જૈનેતર પગારથી કામ કરનાર આયંબિલ શાળામાં ન ઉકાળે.

ઉપાશ્રયની બહાર અવગ્રહની બહાર દાંડો-કામળી વગર જવાય જ નહીં. ગોચરી-પાણી અને અણાહારી દવાઓ પણ દાંડો-કામળી વગર વહોરાય નહીં....!

# શ્રી દશવૈકાલિક વાચના - ૩૯

અનંત ઉપકારી ચરમ તીર્થાધિપતિ પરમાત્માના શાસનને શોભાવનાર ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી. ચતુર્વિધસંઘની સ્થાપના કરી. તેમાં.... મુખ્ય સાધુ-સાધ્વીજી કારણ તેઓજ આચાર સર્વથા મૂકી શકે. ગૃહસ્થો સાચાને સાચું મનથી માની શકે પણ સર્વથા અમલમાં મૂકી ન શકે.

સાધુ ભગવંતોના જીવનના ઉધ્ધારમાટે, મનક મુનિના ઉધ્ધાર માટે પૂ. સ્વયંભવસૂરિ મહારાજાએ દશવૈકાલિક સૂત્રની રચના કરી. નાનામાં નાનો બાળક પણ સમજીને પોતાની જાતને શાસન તરફ વાળી શકે. માટે શ્રી દશવૈકાલિકની રચના કરી!

ચારિત્ર બે પ્રકારે -

પ્રવૃત્તિ રૂપ ચારિત્ર- પાંચ મહાવ્રત, રાત્રિભોજનનો ત્યાગ, ૧૦ યતિધર્મ વિગેરે.

તે પાંચમહાવ્રતને ટકાવવા માટે છ કાયના આરંભનો ત્યાગ કરવામાં આવે તો જ પાંચ મહાવ્રતનું પાલન થાય. પાંચ મહાવ્રતમાં મુખ્યતા પહેલા વ્રતની છે. જયણાથી મહાવ્રતો ટકે. જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ઉપયોગતા પૂર્વક કરાતું આરંભ - સમારંભનું કાર્ય તે જયણા....!

પાંચ મહાવ્રતના હેતુઓ બતાવ્યા પછી છ કાયના આરંભનો

ત્યાગ બતાવે છે. તે છ કાયના આરંભનો ત્યાગ બતાવે છે. તે છ કાયમાં ત્રસજીવોને જ જીવ માનવા તૈયાર છે પણ પહેલાં પાંચને જીવ તરીકે માનવાવાળા ઓછા છે. કદાચ વાયુ સિવાયની ચાર કાયમાં જીવ માને પણ વાયુમાં નહીં. તેની શ્રધ્ધા કેવલજ્ઞાનીના વચનમાં શ્રધ્ધા સિવાય માની શકાય નહીં. તેનો અધિકાર ચાલે છે.

(૧) પૃથ્વી - ખોદવાથી, (૨) પાણી- ઢોકવાથી, (૩) તેઉકાય - સળગાવવાથી, (૪) વનસ્પતિ - છેદન - ભેદનથી, (૫) ત્રસજીવોને હલાવવા - ચલાવવામાં વિરાધના થાય પણ (૬) વાઉકાયમાં શી રીતે થાય ? તે તો કુદરતી છે. વાયુનું પાપ કાંઇ સામાન્ય નથી. પૃથ્વી - અપ્‌ની વિરાધનાથી જે પાપ લાગે તે જ પ્રમાણે પાપ લાગે. વાઉકાયને ભલે જાણી જોઇને ઉત્પન્ન કરતાં નથી., હિંસાની વૃત્તિથી વિરાધના કરતા નથી પણ કુદરતી રીતે થતી વાઉની પ્રવૃત્તિથી બચવાનો.... અનુપયોગ હોય તો પણ વિરાધના થાય તેથી બચવાનો સક્રિય પ્રયત્ન તે યતના. જ્ઞાનીઓ બતાવે છે વિચારોમાં સાપેક્ષભાવ ઓછા થાય ત્યારે કર્મબંધનની તીવ્રતા આવી જાય. પવન તો વાય એમાં શું ? એમ વિચારવાથી.... જિનશાસનના ટકા.થાય, બહુમાન ઘટે, કર્મબંધ થાય.

ચૌદ રાજલોકમાં છ કાયના સૂક્ષ્મ ઠાંસી - ઠાંસીને ભરેલા છે. આપણે જે જોઇએ છીએ તે બાદર છે.

અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના હોય તે સૂક્ષ્મ. કાજળની ડબ્બીમાં કાજળ જેમ ઠસાઠસ હોય તેમ ચૌદ રાજલોકમાં સૂક્ષ્મજીવો ઠસાઠસ ભરેલા છે તે જીવો શસ્ત્રોથી છેદાતા નથી ભેદ્યા-ભેદાતા નથી. અગ્નિથી બળે નહીં, પાણીથી.... ભીંજાય નહીં. તેઓની હિંસા કામયોગથી ન થાય. પણ તે જીવોની હિંસા થવાના પ્રયત્નોને જો અટકાવવાની આપણી પ્રવૃત્તિ ન હોય તો તેની હિંસા આપણને પણ લાગે.

વાયુના-વાઉના જીવો કુદરતી ભલે વાય તેમાં આનંદ માનીએ, હાશ અનુભવીએ કેવો ઠંડો પવન આવ્યો...તો તેથી આપણા ઔદારિક શરીરને સ્પર્શીને તે જીવો આયુષ્ય પુરું કરે તેથી થતી વિરાધનાના હિંસાનું પાપ આપણા માથે ચોંટે. હિંસાના ભાવ ન હોવા છતાં તેમાં આનંદ માનવાથી વિરાધના થાય. હિંસા લાગે.

"અવિરતિને જગાડવાથી સ્થંડિલ - માત્રું જાય એટલું જ નહીં પણ આખા દિવસમાં કરાતા સર્વ પાપોનું ભયંકર પાપ જગાડનાર પણ અવિરતિને તો જગાડાય જ નહીં ગરોળી જાગી જાય. હિંસા કરે માટે રાઈ પ્રતિક્રમણ મંદસ્વરે કરવું.....

મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમને આધારે તીર્થંકર પરમાત્માની આજ્ઞાને આચરણાને સમજેકે તીર્થંકર પરમાત્માની આજ્ઞાને આચરણાને સમજે કે તીર્થંકર પરમાત્માને ખોટું પ્રરુપણ કરવાની શી જરૂર ? તે તો સર્વના ભાવ કારુણિક છે. તે તો સર્વના ભાવ કારુણિક છે. તે તો સર્વના પરમોપકારી છે. કદાચ હું અલ્પમતિથી સમજી ન શકું...?

વાઉમાં જીવ-અસ્તિત્વ (બતાવ્યા પછી) જૈન દર્શન સિવાય કોઈએ બતાવ્યું નથી. માટે જ્ઞાનીના વચનો સમ્યક્ રીતે સમજીએ તો જ શ્રધ્ધા થાય.

વાઉકાય - ૧૨ પ્રકારે

(૧) सिण्ण = सितं = ચામરં = ચામરવડે. ગરમી લાગે ત્યારે અથવા મચ્છર ઉડાડવાં પ્રયોગ કરાય ત્યારે બાદર વાયુની વિરાધના થાય. બાદરવાયુની વિરાધના દ્વારા જ શ્વાસોચ્છ્વાસ લેવાય છે પણ તે સિવાય આપણે જીવી ન શકીએ.

(૨) विहुणेण = વિધુવનેન - પંખાથી....

(૩) तालियंटेण = તાલવૃન્તેન - તાડના પાંદડા હલાવવાથી બે પડવાળા પાંદડા દબાવવાથી.

(૪) पत्तेण = પત્રેળ - કમળના પાંદડા હલાવવાથી

(૫) पत्तभंगेण = કમળનું પાંદડું ભાંગીને હલાવવાથી

(૬) साहाए = શાખાયા - વૃક્ષની ડાળી હલાવવાથી

(૭) साहाभंगेण = શારાવભંગેન = વૃક્ષની ડાળીનો એક ભાગ

(૮) पिहुणेण = પિહુણેણ = મોરના પીંછા વડે

(૯) पिहुणहत्थेण = પેહુણ હસ્તેન = મોરના પીંછાના સમૂહ વડે

(૧૦) चेलेण = ચેલેણ = વસ્ત્રવડે

(૧૧) चेलकन्नेण = चेलकर्ण = વસ્ત્રના ટુકડા વડે.

(૧૨) हत्थेण = હસ્તેન = હાથથી

(૧૩) मुखेण = મોંઢાથી ફુંકે નહીં કે વીંજેં નહીં તે......

આટલા પ્રકારે પોતાના શરીર માટે કે બીજાના શરીર માટે વિરાધના બે પ્રકારે-

૧. न फुमेज्जा = મુખથી ફુંકવાવડે અને

૨ न विएज्जा = ઉપરના બાર પ્રકારે ચામરાદિવડે વીંઝવાથી વાયુની વિરાધના થાય. પોતાની જાતે વિરાધે વીંઝવાથી વાયુની વિરાધના થાય. પોતાની જાતે વિરાધે નહીં બીજા પાસેથી પ્રયોગ કરાવે કરતાં ન અનુમોદે પહેલાંની જેમ....!

ગરમીમાં પવનવાય એવી બારી આગળ બેસવું સાધુપણાને યોગ્ય નથી. ગરમીમાં પવન વાય એવી બારી આગળ સંથારો કરવો તે સાધુ સમાચારી વિરુધ્ધ છે. જ્યારે દાહજ્વર થઈ ગયો હોય ત્યારે 'ઉપયોગ પૂર્વક પ્રયોગ કરી પ્રાયશ્ચિત કરવું જોઈએ.

પણ કાયાની સુકોમળતાના કારણે જો પવન માટે સાધુ જો ગૃહસ્થની જેમ ફાં....ફાં.... મારે તે શોભાસ્પદ નથી. તે સમાચારી

વિરુધ્ધ છે.

વિચારોમાં વિવેકનો પ્રકાશ ફેલાયેલો ન હોય તો અનાદિકાળના મોહનીયના સંસ્કારોને કારણે આત્મા ફુંકે-વીંઝે પણ જ્યારે વિવેક જાગે ત્યારે તે સંસ્કારોને કાબુમાં રાખવાનો વિચાર કરે. સાધુજીવનમાં ભલે હવા ન ખાઈએ પણ જો મોટો પવન વાતો હોય ત્યારે તેમાં જો આપણા કપડાં ફડફડતાં હોય તો ઉપયોગ રાખવો તે સૂક્ષ્મતાથી સમજવું

જીવ પ્રત્યેની સમજણ જ્ઞાનીઓ બતાવે છે. પોતાની મેળે આવતા કર્મોને જો રોકવામાં ન આવે તો આપણી મન-વચન- કાયની પ્રવૃત્તિ કરવું, કરાવવું અનુમોદવું દ્વારા કર્મબંધ કરે.

કાયાથી વિંઝીએ નહી, ફુંકીએ નહી, વચન દ્વારા ઓર્ડર ન કરીએ પણ કુદરતી જ્યારે પવન વાયં ત્યારે હાશ....! સારું થયું એમ વિચારી એ તો અનુમોદનાના દ્વારા વિરાધના થાય! પણ શું કરીએ કુદરતી પવન વાય છે એમ નિર્ધ્વંસ પરિણામ ન થવા જોઈએ.

**અંતરમાં આત્માનો ઉપયોગ વિવેક્ના પ્રકાશ પૂર્વક ભળે તો જ જયણા સહેલાઈથી પાળી શકાય.**

# શ્રી દશવૈકાલિક વાચના - ૪૦

વનસ્પતિ કાય :- છ કાયમાં સહુથી વધારે કાયસ્થિતિ... વનસ્પતિની છે. તેનું આચારાંગમાં બીજું નામ દીર્ઘલોક છે. વનસ્પતિની અવગાહના સાધિક ૧ હજાર યોજન છે. લવણસમુદ્રની ઊંડાઇ હજારયોજન છે તેમાં ઉગેલા કમળ પાણીની ઉપર રહે.

કમળ સ્વભાવ કેવો છે ?

કમળ ઉગે કિચડમાં, જીવે પાણીથી પણ પછી તે બંનેથી અલિપ્ત રહે. લવણ સમુદ્ર જેટલી ઊંડાઇ બીજા સમુદ્રની નથી.

ત્રસકાયમાં મનુષ્યની ઊંચાઇ ૩ ગાઉની છે.

તિર્યંચની ઊંચાઇ ૬ ગાઉની છે.

વનસ્પતિ સિવાય પાંચની કાયસ્થિતિ ઓછી છે. વનસ્પતિની કાયસ્થિતિ સહુથી વધારે છે. વનસ્પતિની સંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી-અનંત ઉત્સર્પિણી - અવસર્પિણી કાળ સુધી રહે છે. કાયસ્થિતિ લાંબી છે માટે દીર્ઘલોક કહેવાય. એવા વનસ્પતિકાયથી વિરાધનાથી કેવી રીતે બચવું તે બતાવે છે. વનસ્પતિ કાયના ઘણા પ્રકાર છે. પન્નવણા સૂત્રમાં પાનાના પાના ભર્યા છે. તેમાંથી થોડા અહીં બતાવે છે.

વનસ્પતિકાયના પ્રકાર - ૧૨

(१) **बीएसु वा बीजेषु** - બીજ શાલી વિગેરે.

(२) **बीयपइछिएसु वा वीजप्रतीष्टीतेषु** - બીજ ઉપર રહેલી વસ્તુને આહાર- શયન આદીને અડીએ તો પણ પરંપરાએ સંઘટ્ટો થાય.

(૩) **रुढेसु - रुढेषु** - અંકુરા ફુટયા હોય તેવા બીજ ઉપર પગ આવે.

(४) **रुढपइट्ठिएसु वा - रुढप्रतिष्ठीतेषु** - ઉગેલી કુંપ ઉપર પાટલો આદી મૂકેલુ હોય તો પણ પરંપરાએ વિરાધના થાય.

**વિરાધનાથી બચવા માટે સાધુ ભગવંતો ચોમાસામાં તપશ્ચર્યા વધારે કરે.** વિરાધના થાય માટે દેરાસર કે તળેટી નથી જવું તેમ ન વિચારાય. માર્ગનો ભંગ ન કરાય. ચૈત્યપરિપાટીનું કર્તવ્ય આવે તેને અમલમાં ન મૂકે. તો વધારે દોષિત થવાય. લીલોત્તરીમાં ચાલવું પડે તો સાચવીને ચાલતા માર્ગ ઊભો રાખવો જોઈએ.

(५) **जाएषु - जातेषु - जातानि स्तम्बीमूतानि**-ધાન્યાદિના છોડવા ઉપર કે

(६) **जातप्रतिष्ठितेषु** - તેના ઉપરની વસ્તુઓ ઉપર

(७) **हरिएसु -हरिलानि दुर्वादिनी** - લીલા ઘાસ ઉપરકે

(૮) હરિત પ્રતિષ્ઠિતેષુ - તેના ઉપર રહેલા આસનાદિ ઉપર.

(૯) છીન્નેસુ- કુડાડા વિગેરેથી વૃક્ષ કાપી નાખ્યા હોય પણ હજુ અચિત્ત ન થાય હોય તેના સાત અંગ ફળ-ફુલ વિગેરેને પણ અડાય નહીં.

(१०) **छीन्नपईढसु** - તેના ઉપર મૂકેલી વસ્તુને પણ ન અડાય.

(११) **सचितेषु** - સંજીવ ઈંડા વિગેરે ઉપર.

(१२) **सचित्तकोल पडिनिस्सिएसु** - જે કાષ્ટમાં ધુણ નામના કીડા વિ. આશ્રય લઈને રહયા હોય તેવા ઉપર....

ઉપરોક્ત વનસ્પતિની વિરાધના ચાર પ્રકારે થાય. न गच्छेज्जा - ચાલવું નહીં, न चिट्ठेज्जा - ઊભો ન રહે न निसिएज्जा - બેસે નહીં, न तुयट्टिज्जा - સુવે નહીં. પોતે ઉપર પ્રમાણે સચિત્ત વનસ્પતિની વિરાધના ન કરે. બીજા પાસેથી ન કરાવે. કરતાંને અનુમોદન ન કરે. પૂર્વવત્.

**પ્રવૃત્તિરૂપ ચારિત્રને ટકાવવા માટે આ વિરાધનાથી બચવું આવશ્યક છે.** અન્ય શાસનમાં ઘણા માને કે જે હાલે-ચાલે તે જીવ પણ... તે આપણા શાસનમાં નથી. વ્યવહારમાં હલન-ચલન લકવાના કારણે કે ઘણીજ અશક્તિના કારણે ઉંમરના કારણે ન કરી શકે તો તેમાં જીવ નથી એમ ન મનાય.

નેટ્રોન અને પ્રોટોન એવા સર્કલમાં ઘુમ્યા કરે છે. કે તેમાં શકિત ઉત્પન્ન થાય ઘસાય પછી નાશ પામે તે સમજવા માટે માઈકાસ્કોપ દ્વારા ગમે તે પદાર્થ જોવાનો પ્રયોગ કરીએ તે..... મશીન પાટલા આદિ ઉપર મૂકો તો પણ નોટ્રોન-પ્રોટોન કર્યા જ કરે.

પુદ્‌ગલમાં ગતિ છે ક્રિયા છે આપણે જે બોલીએ તે ભાષા વર્ગણાના પુદ્‌ગલો ચાર સમયમાં લોકના છેડા સુધી પહોંચે.

આંખ મીંચીને ઉઘાડીએ તેમાં અસંખ્યાત સમય થઈ જાય છે ભાષામાં ગતિ છે એ ગતિ કાંઈ જીવનું લક્ષણ નથી.

સમજણ પૂર્વક ગતિ તે ચૈતન્ય કહેવાય. પાંચકાયમાં જીવત્વની સાબિતી પરમાત્માના શાસનના આજ્ઞાની પ્રધાનપણાથી જ કહી શકે.

હવે ત્રસકાયની વિરાધના શી રીતે થાય તે કહે છે. જેને અન્ય દર્શનકારો પણ જીવરૂપ માને છે.

વનસ્પતિના અંડક=વનસ્પતિના ઉત્પત્તિના સ્થાન....જેમ લીલફુલ સુકાઈ ગયેલી હોય તેના ઉપર પાણી પડવાથી પાણીનો સંયોગ થવાથી સચિત્ત થાય છે તે અંડક.

# શ્રી દશવૈકાલિક વાચના - ૪૧

આશ્રવનો સંપૂર્ણ ત્યાગ કરનાર સાધુ-સાધ્વી માટે શ્રી દશવૈકાલિક સૂત્રમાં ચોથા અધ્યયન - ધર્મપ્રજ્ઞપ્તિ - ધર્મનું પ્રકર્ષે કરીને સ્વરૂપ બતાવ્યું છે. **દુર્ગતિની પરંપરાથી બચાવનાર આ સર્વવિરતિ ધર્મ છે.** આ સૂત્રમાં બતાવવામાં આવ્યું તે પ્રમાણે.... જયણાનું પાલન કરનાર સાધુ વિરાધનાથી અટકે છે. હવે છઠ્ઠા આલાવામાં ત્રસકાયની વિરાધનાથી શી રીતે બચવું તે બતાવે છે. ભિક્ષુક કે ભિક્ષુણી - દિવસે અથવા રાત્રે પર્ષદામાં હોય કે એકલો હોય તો પણ ત્રસની વિરાધના ન કરે.

ત્રસ= જે જીવ સુખ-દુઃખમાંથી સુખ તરફ તડકાથી છાંયડા તરફ વળવાની શક્તિ ધરાવે તે ત્રસ...!

પવન પણ એકસ્થાનથી બીજા સ્થાને જાય પણ સમજણ પૂર્વક નહીં તેથી ત્રસ ન કહેવાય. અને કોઈને લક્વાના કારણે સમજણ પૂર્વક હોવા છતાં સ્થાન ન બદલી શકે. તો તેને સ્થાવર ન કહેવાય. કારણ.... તેને સમજણ છે પણ અશાતાનો વેદનીયનો ઉદય થવાથી - હોવાથી શકિત ફોરવી ન શકે.

હવે ત્રસના પ્રકાર બતાવે છે.

से कीडं वा – कीटं वा - બેઈન્દ્રિય - અલસીયા વિગેરે.

પયંગં વા - પતંગ - પતંગીયા વિગેરે કુથું - કુંથુંવા વિગેરે.

पिपीलीयं - પિપિલીકાં - કીડી વિગેર. હાથ ઉપર, પગ ઉપર ભુલા ઉપર, સાથળ ઉપર, પેટ ઉપર, મસ્તક ઉપર, કપડાં ઉપર, પાત્ર-ઉપર, ઓઘા ઉપર, कांबली ઉપર, गोच्छगंसिवा ઉપરના કાણાવાળા ગુચ્છા ઉપર. डंडगंसिवा -દોરીવાળા નીચેના ગુચ્છા ઉપર. दंडगंसि व =દાંડા ઉપર, पीढगंसि वा - પાટલા ઉપર फलगंसि वा - પાટીયા ઉપર, सेजगंसी वा - શય્યા ઉપર, संस्कृतअथीर = સંથારાઉપર, अन्नयरंसि वा तहप्पगारे - અન્ય કોઈ તેવા પ્રકારના ઉપકરણો ઉપર, ચઢયા હોય તેને ત્યાંથી સમ્યક્ યતનાપૂર્વક... એટલે એકાંતે અનુપદ્રવ સ્થાન કે પરસ્પર પીડાય નહી ત્રાસ ન પામે તે પ્રમાણે पमज्जिय -पमज्जिय પ્રતિલેખ પૂર્વક એકાંત... સ્થળે મૂકે. પણ તેનો ઢગલો ન કરે. ન કરાવે, કરતાંનું અનુમોદન ન કરે. તેની ત્રિવિધે - ત્રિવિધે પ્રતિજ્ઞા જાવજજીવ. સુધી કરું છું..

શય્યા અને સંથારો બંનેનો અર્થ માત્ર એકજ છે પણ.... સ્વરૂપમાં થોડો ફેર પડે છે. इति शय्या જેમાં આરામથી સુંવુ જેમાં પાથરણા વિગેરે વધારે પાથરેલા હોય શરીરની સુકોમલતાને પોષણ સમ્યક્પ્રકારે પાથરવું. તે શય્યા સંસ્તારક= **જયણાપૂર્વક માત્ર સંથારો અને ઉત્તરપટ્ટો પાથરવો તે સંથારો...!** સંથારો અઢી હાથનો પાથરવાનો હોય કારણ સાધુ હંમેશા कुकुडी पाया प्रसारेण પ્રમાણ પગ સંકોચીને સુઈ જાય. તે સંથારો કહેવાય. શરીરને લાંબુ-પહોળું કરીને આરામથી ઊંઘે તે શય્યા કહેવાય.

અહીં સંથારો શબ્દ રુઢાર્થમાં નથી પણ વ્યુત્પત્તિ વાચક છે. સંથારો એક હાથ વાળવો અને ડાબે પડકે ભુજાનું ઓશીકું કરવું...તે સંથારો.

અહીં સંથારો અને શય્યા બે ય કેમ બતાવ્યા ?

કોઈ બાલક, વૃધ્ધ, રાજકુમાર, શેઠીયાનો છોકરો, કોઈએ દીક્ષા લીધી હોય તેમને નવનીત પણામાં ૩ા હાથની શય્યા કરાવવી પડે.

કારણ સુકોમલ પણામાં ઉછરેલા હોવાથી જો સીધું અઢી હાથનું પ્રતિબંધ કરીએ તો પરિણામ ઢીલા પડે- ઢીલા થઈ જાય. દીક્ષા મૂકીને ઘરે જવાનું મન થાય. માટે સાડા ત્રણ હાથનો સંથારો કરે. જરૂર પડે તો તેમાં કાંબળી વિગેરે પાથરે. પછી ધીમે-ધીમે સમજાવીને તેની પરિણાતિ કેળવાય. ત્યાંસુધી ગીતાર્થો છુટ આપે. 'શય્યા' એ અપવાદ છે. સંથારો રોજ કરવા જેવો છે. આબાલ-વૃધ્ધને કરવા જેવો છે. અજ્ઞાન જીવોને સંયમ તરફ વાળીને સ્થિર કરવા સંથારો અને શય્યાનું બેનું વિધાન છે.

શય્યાનો બીજો અર્થ-ત્રસાદિ જીવોની કેવી રીતે જયણા કરવી તે. સાધુજીવનમાં ઉપર બતાવેલ ચાર પ્રકારના.... જીવોની વિરાધનાનો સંભવ વધારે. હોય.

પુંજીને-પુંજીને..... બે વાર કેમ ? વિશેષ પ્રકારે.... જયણાનું મહત્ત્વ....! **સમ્યક્ રીતે જીવોને કિલામણા ઓછી થાય તે પ્રમાણે ઉપયોગ પૂર્વક પ્રવૃત્તિ કરે.**

શ્રમણસૂત્રમાં "छप्पइया संघट्टणाए" પાઠ આવે છે. સાધુ-સાધ્વીજી ભગવંતોને શરીરના કારણે જૂંઓ થાય છે. એ માન્યતા બરાબર નથી. આયુર્વેદ જ ના પાડે છે. જો કેવલજ્ઞાનમાં એવું દેખાતું હોત તો ત્રણ-ત્રણ દિવસે કાપ કાઢવાની કે નહાવાની છુટ આપી દેત. માત્ર ચોમાસું બેસતાં પહેલાં કપડાં પાણીમાં ખંખેરી નાખવા જો જરૂર પડે તો ક્ષારનો ઉપયોગ કરવો. વરસમાં એક વખત જ બોળવાના હોય. મેલથી 'જૂ' ઓ થાય તે વાત ખોટી છે. ખાધેલો ખોરાક પચે નહીં, રસના વિકારથી 'જૂ' ઓ થાય. સાધુજીવનમાં પેટની ખરાબી (ચોખલીયા વૃત્તિ) એથી જ જીવોત્પત્તિ થાયછે. પાણી અડવાથી જીવોત્પત્તિ થાય એ સ્વાભાવિક છે. **જીવને ચોખ્ખાઈનો સ્વભાવ તે મોહનીય કર્મનો ઉદય છે !** પેટની ખરાબીના કારણે આંતરડામાં સડી રહેલા મેલના સંયોગે 'જૂ' ઓ થાય. કેટલીક વખત જૂઓ થઈ જાય

તો પ્રાયશ્ચિત કરવું પડે. માથાની જૂ હોય તો હાથ અડાડ્યા વગર કપડાથી અધર હાથે પકડી વાળમાં અને કપડાંની જૂ હોય તો કપડામાં સમાધિપૂર્વક રહેલું આયુષ્ય પુરૂં કરે તે માટે સાચવીને મૂકવી. જૂને અથવા કોઈપણ જીવાતને ઔદારિક શરીરનો સ્પર્શ ન કરવો કારણ આપણા સ્પર્શથી કારમી કિલામણા થાય માટે તેને કપડું હાથમાં રાખી જયણાપૂર્વક પકડવી. હાથથી પકડવાથી કિલામણા પહોંચી હોય માટે શ્રમણસૂત્રમાં छप्पइया संघट्टणाए પાઠ છે. જૂ કે માંકડ વિગેરે ત્રસજીવોને એક સાથે ભેગા ન કરે એક બીજાના સ્પર્શથી તે જીવોને પીડા થાય. તો શું એક-એક જૂને મૂકવા ઊભું થવું ? હાં..... જ્ઞાનીઓ કહે કે - પ્રથમ જીવોની વિરાધનાનું કિલામણાનું ધ્યાન રાખવાનું છે. મોટું કપડું હોય તો તેમાં જુદી-જુદી... રખાય પણ ભેગી ન થવી જોઈએ. સામા જીવને કિલામણા ન પહોંચે તે પ્રમાણે ઉપયોગ કરવો. તડકામાં કે વરસાદનાં પાણીમાં કીલામણા ન પહોંચે તે પ્રમાણે ઉપયોગ કરે. **દરેક જીવોની વેદના-તકલીફ અંતરથી ઓળખી તે જીવોને ઈજા ન થાય તેમ કરવું તે જયણા કહેવાય !**

ચોમાસામાં પાટમાં માંકડ થાય રોજ બપોરે કાચના પ્યાલામાં કે ગમે તેમાં પકડે. તેમાં તે જીવો છુટકારા માટે ચઢે અને ઘડી-ઘડીયે પડી કેટલી વેદના થાય ! આપણા કરતાં તે જીવોને કેટલી કિલામણા થાય? અનંત વેદના થાય.

માંકડને લાકડામાં જ ઉપયોગ પૂર્વક મૂકવા અને જૂને એવી જગ્યાએ મૂકવી કે પવનથી કપડું ઉડી ન જાય. પાણીથી ભીંજાય નહીં, તડકામાં તપે નહીં, તેમ છાંયડામાં ચારેબાજુ પત્થર વિગેરે ગોઠવીને મૂકવી. બે-ત્રણ કલાકે તેનું ઘડી-ઘડી પડિલેહણ કરવું. અને બે-ત્રણ દિવસે આયુ પૂર્ણ થાય ત્યારે તે કપડું પાછું લઈને આવવું. આપણી નાની પણ વસ્તુ કે વસ્ત્ર ક્યાંય રહી જાય તો તેને દુરૂપયોગ થાય તો ભયંકર પાપ લાગે. કોઈ ઉપયોગ કરે કે ન કરે પણ **પાપની સંભાવનાથી આત્મા કર્મબંધન કરે.** જેમ કોઈ ચીલમ (ચલમ) પીવા

બેસે ત્યારે અગ્નિમાં તે કપડાંનો ઉપયોગ કરે અથવા પવનથી ઉડે તો વાયુકાયની વિરાધના થાય માટે કપડું ઉપયોગ પૂર્વક લાવવું...

**સાધુપણું ઘણું સૂક્ષ્મ છે જેટલું સરળ આપણે કરી દીધું છે તેટલું સરળ નથી.**

તળેલું, ખાટું, બફાયેલું વાપરવાથી આપણા પરસેવાથી માંકડાદિ સમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થાય એમ આયુર્વેદ કહે છે. તેલને જ્યારે અગ્નિનો સ્પર્શ થાય ત્યારે ઘી કરતાં પણ ભારે થાય તે પચવામાં પણ વધુ ભારે હોય અને તેનો પરસેવો પણ હવા દ્વારા ફેલાય. પાટને સ્પર્શે લાકડાનો સંયોગ થવાથી માંકડાદિ સમુર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થાય.

જીવોત્પત્તિના કારણરૂપ ખાવામાં વધુ ખ્યાલ રાખી બચવું જોઈએ. ઉંદક-સ્થંડિલ જે ભૂમિ કુદરતી અચિત્ત થઈ ગયેલી હોય તે સ્થંડિલ ભૂમિ. પ્રાસુકભૂમિ તે અચિત્ત. હાલમાં અશુચિ ભાષામાં ઠલ્લે કહીએ તે કરતાં સાધુની પરિભાષામાં જ્યારે શરીરની શંકા થાય ત્યારે સ્થંડિલ ભૂમિએ જવું અથવા બાહિર ભૂમિએ જવું એમ કહેવું. જેમ વ્યવહારમાં હંગવા અથવા મૂતરવા શોભે નહી તેમ સાધુજીવનમાં પણ ન શોભે માટે લઘુશંકા કરવા અથવા માત્રુ કરવા જવું બોલાય પેશાબ કરવા જવું એમ ન બોલાય. માત્રક=વાટકો, તે ઉપરથી માત્રુ શબ્દ બન્યો છે. માત્રુ પરઠવતી વખતે હલાવીને પરઠવવું તેથી અશુદ્ધ પરમાણુઓ સાફ થઈ જાય અને બે ઘડીમાં સૂકાઈ જાય.

શય્યા=સંસ્તારિકા=પથારી. ગૃહસ્થની પથારીની જેમ સાધુઓમાં પણ આચાર્ય-રાજપુત્ર-તપસ્વી ગ્લાન વૃદ્ધની પથારી-ધાબળો-કાંબળી વિ. પાથરીને કરવામાં આવે છે.

સંથારો-રા હાથનો-જ્યાં ટુટીંયા વાળીને સુવાય તે સંથારો.

શય્યા ૩ાા હાથની જ્યાં આરામથી સુવાય તે શય્યા !

દ્રવ્યવેદના સૌથી વધારે એકેન્દ્રિયને.

દ્રવ્યવેદના તેથી ઓછી બેઈન્દ્રિયને.

દ્રવ્યવેદના તેથી ઓછી તેઈન્દ્રિયને.

દ્રવ્યવેદના તેથી ઓછી ચઉરિન્દ્રિયને.

દ્રવ્યવેદના તેથી ઓછી પંચેન્દ્રિયને.

ભાવવેદના સૌથી વધુ પંચેન્દ્રિયને.

ભાવવેદના સૌથી ઓછી ચઉરિન્દ્રિયને.

ભાવવેદના તેથી ઓછી ચઉરિન્દ્રિયને.

ભાવવેદના તેથી ઓછી તેઈન્દ્રિયને.

ભાવવેદના તેથી ઓછી બેઈન્દ્રિયને.

ભાવવેદના તેથી ઓછી એકેન્દ્રિયને.

સાધુજીવનને ટકાવવાના બે અંગ :-

(૧) પ્રવૃત્તિરૂપ ચારિત્ર (૨) જયણારૂપ ચારિત્ર.

**વિવેકપૂર્વકની પ્રવૃત્તિ તે જયણા. એથી જ પ્રવૃત્તિરૂપ ચારિત્ર ટકે.** ભગવાનના શાસનને ટકાવવા માટે મર્યાદા પ્રમાણે મારા આત્માને છ કાયના આરંભમાંથી બચાવવાનો પ્રયત્ન ન થાય તો મારા પાંચ મહાવ્રત ટકે શી રીતે ? જયણાનું મહત્ત્વ વધુ ખ્યાલમાં લાવવા માટે અને જયણા દ્વારા મોક્ષ સુધી શી રીતે પહોંચાય તે બતાવે છે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૪૨

अजयं चरमाणो ३..........

**ઉપદેશ હંમેશા સર્વવિરતિનો પ્રથમ અપાય. તે ન આચરી શકે તો દેશવિરતિ. ને તે પણ ન આચરી શકે તો સમ્યક્ત્વતો અપાય.** જેથી સંસારના વાતાવરણથી છુટી શકાય ચારિત્રની સીમા અને મર્યાદાનું પાલન કરી શકે. સર્વવિરતિ ચારિત્ર સ્વીકાર્યા પછી તેને ટકાવવા માટે સાધુજીવનનો સંક્ષિપ્ત અધિકાર સમજાવવાના દ્રષ્ટિકોણનું પૂ.આ. શય્યંભવસૂરીમહારાજાએ શ્રી દશવૈકાલિકનું સંકલન કર્યું. **આત્માન સ્વભાવ દશામાં સ્થિર કરે તે ધર્મ....!** સર્વવિરતિ ચારિત્ર શિવાય આત્માને સ્વભાવ દશામાં સ્થિર કરી ન શકે.

ચાર દ્વાર આગળ કહેવાઈ ગયા. હવે પાંચમો ઉપદેશ દ્વાર ચાલે છે. ઉપદેશ **ભગવાનના શાસનની આરાધનાની પ્રેરણા એ સાધુજીવનનો મૂળ પાયો છે.** છ કાયનો ત્યાગ કરવો એજ છે. તે માટે જયણાની જરૂર છે. જયણા=ભગવાનની આજ્ઞા પ્રમાણે ચાલવાની તત્પરતા. અજયણા દ્વારા આત્માને કેવા દુઃખો ભોગવવા પડે છે તે બતાવે છે.

ભગવાનની આજ્ઞા, ઉપદેશ, મર્યાદા અને શાસ્ત્રની આજ્ઞાને ધ્યાનમાં ન રાખવામાં આવે તો અજયણા......! સ્વચ્છંદભાવ તે

અજયણા......! ભગવાનની આજ્ઞાને ગૌણ ખરી પોતાની ઈચ્છા પ્રમાણે વર્તવું તે અજયણા.....! સ્વચ્છંદતા પ્રથમ જ્યારે પાંગરે ત્યારે પહેલાં શરીરની મમતા વધે અને પોતાની બુદ્ધિથી ચાલવું. આ બુદ્ધિથી પહેલાં તો ગુરુમહારાજની આજ્ઞાને જ અવગણે. આ જ સ્વચ્છંદ ભાવનો મૂળ પાયો પ્રથમ ગુરુમહારાજનો અવિશ્વાસ અને પછી મોહનીયના ઉદયથી પણ મહારાજની આજ્ઞાને પણ જાણે અજાણે પણ કલંક લગાડવાની વૃત્તિ....! માર્ગદર્શન તીર્થંકર પરમાત્માનું, આદેશ ગુરુ મહારાજનો..... શાસ્ત્રની વફાદારી નહીં અને ગુર્વાજ્ઞાની અવગણના તે સ્વચ્છંદભાવ.

પહેલી પોરસીમાં સૂત્ર પોરસી

બીજી પોરસીમાં અર્થ પોરસી

ત્રીજી પોરસીમાં આહાર, વિહાર, નિહાર.

આ પ્રમાણે શાસ્ત્રકારોએ કહ્યું છે. પણ **ગુરુ મહારાજની આજ્ઞા પ્રમાણે ચાલવું તે જયણા....!** ગુરુ મહારાજની આજ્ઞા સહુથી મોટી આજ્ઞા છે. **ગુરુ મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર તીર્થંકર પરમાત્માની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે.** જે ગુર્વાજ્ઞાને ન માને તે તીર્થંકરની આજ્ઞાને ન માને. **અનાદિ કાળના સંસ્કારોને કાઢવા જાતને ગુરુમહારાજના ચરણોમાં સમર્પણ કરવું એ જિનાજ્ઞા છે.** આપણને અનુકૂળ આવે તે માન્ય અને બીજી વાતોની.... અવગણના એ સમર્પણ ન કહેવાય.

જો ઈરિયાસમિતિ ઉપયોગ, મર્યાદા, ગુર્વાજ્ઞાને બરોબર પાળે તે સમર્પણ ભાવ કહેવાય.

પ્રાણ=બેઈન્દ્રિય, ભૂત=એકેન્દ્રિય, પ્રમાદ=આળસ-સુસ્તી કરવા લાયક કામમાં છતી શક્તિએ પણ પ્રવૃત્તિ ન કરવી તે પ્રમાદ......! **પોતે કરવા લાયક કામમાં છતી શક્તિએ પણ પ્રવૃત્તિ ન કરવી અને**

**બીજાની આશા રાખવી તે પ્રમાદ !**

**વિષય-કષાયની વાસના અને ઉદયમાં આવેલા કષાયોની હાજરીમાં શક્ય સંયોગ હોવા છતાં સારી તકનો લાભ ન લે તે પ્રમાદ......!** અનાભોગ=પ્રમાદ, ઉપયોગ ન રહે તે દ્રવ્ય પ્રમાદ......! સમજણ શક્તિ - માનસિક વિચારો હોવા છતાં ભૂલ થાય તે જ્ઞાનાવરણીયના ઉદયથી થાય તે દ્રવ્ય પ્રમાદ. પણ **મોહના સંસ્કારના ઉદયથી ભગવાનની આજ્ઞાની વિરાધના કરે, તપ-ધ્યાન પ્રવૃત્તિ ન કરે તે ભાવ પ્રમાદ.....!**

જ્ઞાનાવરણીયના ક્ષયોપશમની ખામી જેટલી આત્માને થંભાવતી નથી તેટલી મોહનીયના ક્ષયોપશમની ખામી જેટલી આત્માને વિકાસથી અટકાવે.

મોહનીયનો ઉદય હોય તો, ક્ષયોપશમ ન હોય તો માણસ પતન તરફ જાય.

પ્રાણી + ભૂતની હિંસા તે હિંસા બે પ્રકારે. દ્રવ્ય-ભાવ. પ્રમત્ત એવા મન-વચન-કાયાના યોગથી જે દુષ્પ્રવૃત્તિ તે હિંસાનું કારણ. અનાભોગથી જ્ઞાનાવરણનો ક્ષયોપશમ ન હોય તે ઉદય હોય અને અજ્ઞાનપણાથી લીલફૂગ ઉપર ચાલે પણ કોઈના કહેવાથી ભૂલનો સ્વીકાર કરી મિચ્છામિ દુક્કડમ્ કહે તે દ્રવ્ય હિંસા.... દ્રવ્ય પ્રમાદ. પણ મોહનીય કર્મનો ઉદય હોય તો ભૂલને ભૂલ તરીકે ન સ્વીકારવાથી પતનના માર્ગે જાય તે ભાવ હિંસા......!

અંગાર મર્દક આચાર્ય ૫૦૦ શિષ્યોના ગુરુ વિહાર કરતાં જે ગામમાં એક બીજા આચાર્ય બિરાજમાન હતા. ત્યાં જ પધારવાના હતા. તે જ દિવસે તે આચાર્ય બિરાજમાન હતા. ત્યાં જ પધારવાના હતા. તે જ દિવસે તે આચાર્ય મહારાજને સ્વપ્નું આવ્યું કે....., ૫૦૦ હાથીનું ટોળાંનો સુવર માલિક છે. સ્વપ્નનો વિચાર કરતાં તેમને

નિર્ણય થયો કે ૫૦૦ સાધુ મહારાજ પધારશે પણ તેમના ગુરુ આચાર્ય મહારાજ અભવિ હશે. શાસ્ત્રમાં ભવ્યના પ્રતિબોધેલા મોક્ષે જાય તે કરતાં અનંતા અભવિના પ્રતિબોધેલા મોક્ષે જાય. કારણ ભવી આત્મા કર્મ ખપાવી મોક્ષે ગયા બાદ કોઈને પ્રતિબોધ કરવાનો નથી. પણ અભવી તો કોઈ કાળે મોક્ષે જવાનો નથી. તેથી અનંતીવાર જન્મ પામીને શાસન મેળવશે. દિપક સમકિત પામીને અનંતા જીવોને પ્રતિબોધી મોક્ષે પહોંચાડે તેથી અભવીના પ્રતિબોધેલા વધુ આત્મા મોક્ષે જાય. કારણ સમ્યકૃત્વ દિપક સમ્યકૃત્વ અભવીને હોય તેને મિથ્યાત્વનો ઉદય ચાલુ હોય પણ ત્યાં મિથ્યાત્વનો ઉદયનો રસ એટલો મંદ થઈ જાય કે કોઈ પારખી ન શકે.

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો એટલો વિશિષ્ટ પ્રકારનો હોય કે આટલું સરસ નિરુપણ કરે કે સામેલાને આરપાર ઉતરી જાય. આકરામાં આકરા કમ્મપયડીના ભાંગા, નિગોદનું સ્વરૂપ, મોક્ષના સુખો, ધર્મનું સ્વરૂપ, હથેળીમાં બતાવે છે. તે બધું જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય. પણ પોતાને શ્રદ્ધા ન હોય. તે ઉપદેશ આપીને અન્યને ધર્મનિષ્ઠ બનાવી મોક્ષ સુધી પહોંચાડે. જેમ દિપક અન્યને પ્રકાશ આપે પણ પોતાની નીચે અંધારૂં હોય તેમ બીજાને મોક્ષે મોકલે પણ પોતે તો રખડે જ....!

**દ્રવ્યપ્રમાદનું પ્રાયશ્ચિત લેવા તૈયાર ન થાય તો ભાવપ્રમાદ પેસી જાય.**

અંગાર મર્દક આચાર્ય ૫૦૦ સાધુ સાથે પધાર્યા... મિષ્ટાન અને વિષ્ટા મુકવામાં આવે તો જેમ સુવર વિષ્ટાને જ પસંદ કરે તેમ આત્મિક પદાર્થોની ઉત્કૃષ્ટ કોટીની સમજણ હોવા છતાં સુવરની જેમ અભવિ આત્માને શ્રદ્ધા જ ન થાય.

ગોવિંદાચાર્ય બ્રાહ્મણ ચુસ્ત, સનાતન, વેદના ભણનારા આ બાજુ બૌદ્ધનો સૂરજ ચઢતી કળાએ ખીલતો હતો. તેઓ એક જ ચેલેંજ

ફેંકતા હતા કે કાં તો અમારૂં સમજો નહીતર અમને સમજાવો. આ ચેલેંજથી કેટલા સામાન્ય જીવોને બૌદ્ધ બનાવી દીધા. એક વખત ગોવિંદાચાર્યને પણ સમજાવી બૌદ્ધ બનાવ્યા. તે બૌદ્ધ મતના શ્રદ્ધાવાળો થયો. તેથી કહેવાય છે કે - 'વિહાયેલી બ્રાહ્મણી તણખલા કરતાં ભુંડી." આ વટલાયેલો બૌદ્ધ અન્યને પણ વટલાવવા પ્રયત્ન કરતો અને કહેતો કે બૌદ્ધે કહ્યું તે સાચું છે. "सर्व दुःखम्-सर्व दुःखम्" "सर्व क्षणिकम् सर्व क्षणिकम्" એવી રીતે સર્વેને સમજાવતા, અને ઘણા માનવા લાગ્યા.

હડફેટમાં જૈન સાધુ આવ્યા. વ્યાખ્યાનમાં ગયો અને પ્રશ્ન કર્યો જૈન શાસનની નીતિ પ્રમાણે જે માણસ જે નય માનતો હોય તેની સામે તેના પ્રતિપક્ષી નય મૂકે. વાદીને ચૂપ કરવો. આં ગોવિંદાચાર્ય ચૂપ થઈ ગયા. તે હાર જાણી જિનશાસનને સ્વીકારવાની ઈચ્છા નથી. પણ જિનશાસનનો અભ્યાસ કરી ભગવાનની ક્યા-ક્યા ભૂલો છે તે ભૂલો કાઢું ને સામે થાવું. "ઘરમાં પેસીને ઘર ખોદું" એમ વિચારીને આશ્ચર્ય....! સાધુઓને ગૃહસ્થ સાથે મર્યાદિત વાતો થાય. કારણ આગમાદિકની વાતો તો વસરે જ થાય. તેથી તેનો ઉમળકો પૂરો ન થયો. સર્વ આગમોનો જથ્થો સાધુ પાસે હોય છે. પણ કહેવું શી રીતે? એમ વિચારી એક દિવસ કહ્યું આચારાંગ સાંભળવું છે. ગુરૂ કહે અત્યારે નહી વિહાર છે. ચોમાસામાં અવસરે સંભળાવશું.

હવે તે વિચારે જૈનધર્મની પોલો જાણીને બૌદ્ધ ધર્મનો ઝંડો ફરકાવવા હું દીક્ષા જ લઈ લઉં. જેથી મને બધું જાણવા મળશે. એમ વિચારી દીક્ષા ગ્રહણ કરી. કટ્ટર સનાતનની બૌદ્ધ થયો અને પૂજ્યની સામે બોબડી ચૂપ થવાથી દ્રવ્યથી દીક્ષા ગ્રહણ કરી. જૈન ધર્મનો દ્વેષી બૌદ્ધનો ઝંડો ફરકાવવા સાધુ બન્યો. ક્રમથી બધા આગમો ભણ્યો. વીશ વર્ષે દ્રષ્ટિવાદ મળ્યું.

ચૌદપૂર્વમાં દ્રષ્ટિવાદી - જાતજાતની દ્રષ્ટિ, નયો ભણે પણ આનું

તો મગજ ચક્કર ખાઈ ગયું.... ખરેખર......! આશ્રવમાંથી બચવા માટે કેટલું લખ્યું છે. હવે થોડો-થોડો શ્રદ્ધાનો અંકુરો જાગૃત થયો. પણ હજુ બૌદ્ધનો પૂર્ણ રાગ ગયો ન હતો. તેથી પન્નવણાદિ સૂત્રો મારી મતિથી થોડું ખોટું ગ્રહણ કરી ખોટી દલીલ દ્વારા અર્થને અનર્થમાં ફેરવી કોઈ જૈન સાધુને પરાસ્ત કરવાની ભાવના જાગી છે. ત્રીશ વર્ષ પછી ગુર્વાજ્ઞા લઈ એક વખત ઝાડ નીચે સ્વાધ્યાય કરવા બેઠા.

સ્વાધ્યાય પાંચ પ્રકારે - વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા... સૌથી વધારે નિર્જરા કરાવનાર અનુપ્રેક્ષા સ્વાધ્યાય છે. અનુ=પાછળ, પ્રેક્ષા=જોવું અંતર ચક્ષુથી જોવું. **વાચના-પૃચ્છનાથી નિર્જરા થાય પણ અનુપ્રેક્ષાથી અનંતી નિર્જરા થાય.** આ ગોવિંદ સાધુ અનુપ્રેક્ષામાં ઉતરી ગયા.....!

જીવતત્ત્વ, અજીવ તત્ત્વ, કર્મ વિચારણા, નિગોદનું સ્વરૂપ, દંડક ઉપર જીવતત્ત્વ ઘટાડે વિગેરેની વિચારણા સૂત્ર-અર્થ પોરસી વીતી ગઈ છતાં ખબર ન પડે પછી જોડેના સાધુ કહે સાહેબ ટાઈમ થઈ ગયો. **અનુપ્રેક્ષા દ્વારા જિનશાસનનો દ્વેષ ઓગળી ગયો,** અને એકદમ પશ્ચાતાપ અ..રે...રે... જિનશાસનની કેટલી વિરાધના કરી હું કેવો દુષ્ટ....! કેવો નીચ....! કેવો દંભી.....! રડે છે. પેલા સાધુ મહારાજ - ગુરુ મહારાજને કહે છે. ગુરુમહારાજ કહે ભલે એને ભાવના ભાવવા દો. રડતાં-રડતાં વિચારે છે કે આ બધી ભૂલની ક્ષમા ગુરુ મહારાજના ચરણમાં જઈને માગું ? જિનશાસનના પાયા હલાવી નાખવા કેવો મેં નિર્ણય કર્યો....? અરેરે......! દ્રવ્યથી આ સાધુપણું પાળું છું હું પંચમહાવ્રત માટે લાયક નથી. ગુરુ મહારાજ પાસે જઈ આલોચના કરૂં અને કહું કે હું પંચમહાવ્રત માટે લાયક નથી. મારા સ્પર્શથી આ ઓઘો પણ અભડાઈ ગયો છે - જાય છે. એમ વિચારી પાપના એકરાર કરવા ઉઠે ભલે ગમે તેટલા સાધુઓ બેઠા હશે,

દુનિયા મને ધુત્કારે, ફીટકારે....! હું તે માટે જ યોગ્ય છું ખરેખર...! તીર્થંકર પરમાત્માના શાસનની કેવી અવહેલના કરી છે. જઈને ગુરુમહારાજના ચરણોમાં પડ્યો અને સંવેગ ભાવમાં ચઢતો કહેવા લાગ્યો ''पतितोऽहं'' ''पाप्योऽहं'' પશ્ચાતાપ કરે ગુરુમહારાજ કહે કેમ ? આ દુનિયામાં મારા જેવો દંભી અવિશ્વાસી, વિશ્વાસઘાતી કોઈ નથી. વીંછીના ડંખ કરતાં પણ વધુ મને આ ડંખે છે મારી પાપની ચાદર કાળી જ નહીં પણ ડામરના લેપ થયેલી છે. **ભારે પશ્ચાતાપ અને આજના અનુપ્રેક્ષા સ્વાધ્યાયથી મારૂં માન ઓગળી ગયું.** મારી ભૂલો મને સમજાયી પાપનો અધિકારી એવો આપના ચરણોમાં આવ્યો છું. આ ઓઘો અભડાય છે. જો કરૂણાભાવ હોય તો આ ઓઘો ફરીને મને આપો.

ગુરુમહારાજ પણ તેના પાપના એકરારને જોઈ કહે છે. તારો સંવેગભાવ કેવો તીવ્ર છે. તારી આ પાપની આલોચનાની નિખાલસતા અનુમોદનીય છે. દિવસો જતાં ગોવિંદ પૂર્વધારી બને છે. આગમો પર કેટલી નિર્યુક્તિઓ પણ લખી છે. ઓઘનિર્યુક્તિમાં પણ ભદ્રબાહુસ્વામીએ યાદ કર્યા છે.

**કોક જ આત્માને જિનશાસન પામ્યા પછી પરિણત ન થાય એવું ન બને.** ભલભલા પાપીના પાપના છક્કા ઊડી જાય છે. **દુનિયામાં પાપ કરવું સહેલું છે પણ આલોચના કરવી મુશ્કેલ છે.**

**જ્ઞાનાવરણીયના ઉદયથી થનારી ભૂલને જો અટકાવવામાં ન આવે તો નિષ્ઠુર વધતી જાય છે અને પરિણામે મોહનીયને ખેંચી લાવે છે.** દ્રષ્ટાંતનો મૂળ મુદ્દો - દ્રવ્ય ધર્મ પણ ભાવધર્મને ખેંચવામાં કારણભૂત બને. ભગવાનના શાસનમાં એવી તાકાત છે કે ભલભલાના મોહનીય કર્મના છક્કા છુટી જાય.

અંગારમર્દકના શિષ્યોને ખબર નથી કે ગુરુમહારાજ અભવિ

છે. અંગારમર્દક શિષ્યો સાથે માર્ગમાં આવ્યા. સ્થાયી આચાર્ય મહારાજે તેમનો સત્કાર કર્યો. અભવિનું ચારિત્ર એટલું સુંદર હોય કે તે અભિજ્ઞાન સિવાય પરખાય નહીં. સાંજે માંડલા પહેલાં સાધુ મહારાજ સ્થંડીલ ભૂમિની વસ્તી જોઈને આવ્યા પછી માંડલા કર્યા. સ્થાયી આચાર્ય મહારાજે અભવીની પરીક્ષા કરવા માટે કોલસાની ભુક્કી પથરાવી. માંડલા=મંડલ, સ્થાનની સીમા-ઉપાશ્રય ઉપાશ્રયની બહાર ૧૦૦ ડગલાથી વધુ ન જવાય.

આસન્ન=સંથારા પાસે, મજ્ઝે-ઉપાશ્રયના દ્વાર, દૂરે=૧૦૦ ડગલામાં આજકાલ વસ્તી જોવાની સમાચારી ભૂલાઈ ગઈ છે.

**સવારનું પ્રતિક્રમણ અને પડિલેહણ સંયુક્ત ક્રિયા છે.** વચ્ચે માત્રું કરવા પણ ન જવાય. **સાંજે માંડલા અને પ્રતિક્રમણ એ સંયુક્ત ક્રિયા છે.** વચ્ચે માત્રું કરવા પણ ન જવાય. સૂર્યાસ્ત થતો હોય તે સમયે માંડલા કરી પ્રતિક્રમણ કરવું. સવારે પ્રતિક્રમણ કરી પડિલેહણ કરી સૂર્યોદય થાય તે સમયે કાજો લેવાય તે પ્રમાણે કરવું...

**પરમાત્માનું શાસન હૈયામાં વસ્યું છે એની ખાતરી શી ? જયણા !**

તે શિષ્યો રાત્રે લઘુશંકા ટાળવા ઉઠે. કોલસાની ભુક્કી કચ-કચ થાય. પગમાં આવે.

દેરાસરમાં અને ઉપાશ્રયમાં હિંસા-અવિવેક, અજયણના સાધનો હોય જ નહીં. તેમાં ઉપાશ્રયમાં તો હોય જ નહીં. જેમ મસ્જીદમાં દીવો ન હોય તેમ ઉપાશ્રયમાં પણ ન જ હોય. દીવો હોય તો પ્રાયશ્ચિત...! સાધુ દંડાસનથી પૂંજીને ચાલે પણ કચ-કચ અવાજ આવ્યા જ કરે......! શું જીવોત્પત્તિ થઈ હશે ? પણ પરઠવ્યા વગર છુટકો નહીં. મિચ્છામિ દુક્કડમ્...... મિચ્છામિ દુક્કડમ્ બોલતા હૃદયે.... પરઠવવા જાય....

ભાવ પ્રમાદને અટકાવવાનો પ્રયત્ન હોવો જોઈએ. એ પર જ સાધુપણું છે. દ્રવ્યપ્રમાદ એ સાધુને અટકાવવાનું સાધન નથી. **ભાવ પ્રમાદને અટકાવવા અંતરનો ઉપયોગ જાગૃત જોઈએ. જ્ઞાનાવરણીયના ઉદયથી દ્રવ્ય પ્રમાદ આવે!**

**મોહનીયના ઉદયથી ભાવ પ્રમાદ આવે !**

ભાવ પ્રમાદ આત્માના વિકાસને અટકાવે છે. જ્ઞાની અજ્ઞાનીની સાપેક્ષતા નથી માટે વધુ ખતરનાક ભાવ પ્રમાદ છે. જીવ મરી જાય પણ તેમાંથી બચવાની તત્પરતા હોય તો દ્રવ્ય પ્રમાદ. તેની શુદ્ધિ ઈરિયાવહિયાથી થાય.

તે જ રાત્રિમાં આચાર્યને લઘુશંકા કરવા ઉઠવું પડ્યું. આચાર્યની સેવામાં સામાન્યથી સાધુઓ હોય જ પણ આચાર્ય મહારાજ એકદમ અપ્રમાદી હતા શા માટે સાધુની ઊંઘ બગાડવી. માટે પોતે જ માત્રું પરઠવવા જાય પેલા સ્થાયી આચાર્ય મહારાજેં આખા દિવસમાં તે આચાર્યની એવી કોઈ પ્રવૃત્તિ ન દેખી તેથી વિચારે કે મેં સ્વપ્નમાં જોયું તે સાચું છે. કે ખોટું ? શું હશે પણ રાત્રે સજાગ રહી પારખું કરું....! એમ વિચારી છૂપી રીતે તે આચાર્ય મહારાજની પ્રવૃત્તિ જુએ છે.

અંગારક આચાર્યને જીવતત્ત્વની શ્રદ્ધા નથી. તેથી પગમાં કચ-કચ થાય છે. તેને નિર્દય પણ કહે કે આ મહાવીરના જીવડાં ચૂં....ચૂં..... કરે છે. એમ વિચારતા તે ઉપરથી નિર્ધ્વંસ પરિણામે ચાલ્યા ગયા. એથી સ્થાયી આચાર્ય મહારાજે અભવિની પરીક્ષા કરી. હિંસા બે પ્રકારે દ્રવ્ય-ભાવ, દ્રવ્યપ્રમાદથી થનારી હિંસા તે દ્રવ્યહિંસા. ભાવ પ્રમાદથી થનારી હિંસા તે ભાવહિંસા. ચારિત્ર ભાવ પ્રમાદને મહત્ત્વ આપે છે.

**દ્રવ્યપ્રમાદને અટકાવવાનો પ્રયત્ન કર્યા પછી ભાવપ્રમાદથી પાછા ફરતા ચોક્કસ બેડો પાર થાય જ.** ત્રણ કાળમાં પણ એવું ન બને કે તે નિસ્તાર ન પામે.

ઊભા થતાં ચરવળાનો ઉપયોગ શા માટે ? બેસતાં ૧૭ સંડાસા પુંજવા, ખબર હોવા છતાં ઉપયોગ નહીં તે દ્રવ્યપ્રમાદ.... અને કોઈ કહે ત્યારે ગુસ્સે થવું તે ભાવપ્રમાદ ! દ્રવ્ય-ભાવ પ્રમાદ આપણા જીવનમાં પરમાત્માની આજ્ઞાને અમલમાં મૂકવામાં આડખીલી રૂપ છે. પરમાત્માના શાસનની ગંભીરતા ન સમજાય તો પરિણામ કેવું આવે તેનો અધિકાર હવે બતાવશે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૪૩

અનંત ઉપકારી મહાવીર પરમાત્માના શાસનમાં આત્માઓને અનંત પુણ્યોદયે સંયમ-જીવનની આરાધનાની તક મળ્યા પછી જીવનભર પરમાત્માના શાસનની બિનવફાદારી ન કરે માટે જ્ઞાનીઓએ સંયમની મર્યાદાઓ બતાવી છે. મર્યાદા બે પ્રકારે. ફરજિયાત-મરજિયાત. જે કર્યા વિના કાર્ય કદી સિદ્ધિની ભૂમિકા પર ન આવે તે ફરજિયાત. **જે કાર્ય કર્યા પછી કાર્યમાં શોભા વધે તે મરજિયાત.....!**

**વિકારી વાસનાને કાબુમાં લેવાનો પ્રયત્ન તે સંયમ....!** હકીકતમાં આત્મા સંયમ ક્યારે સ્વીકારે ? જ્યારે વાસના કાબુમાં આવે ત્યારે **પાંચ મહાવ્રત, ૩ ગુપ્તિ, પાંચ સમિતિ પાલનથી સાધુપણું ટકે. વધે.....!** પરંપરાએ મોક્ષ માટે એ ફરજિયાત છે. પ્રતિમા વહન વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન, તપ વિગેરે મરજિયાત છે. શરીરમાં પ્રાણ પ્રથમ જોઈએ તેમ સંયમનો પ્રાણ પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ. પાંચમા આરાના છેડા સુધી સંયમ ટકાવવા માટે જરૂરી મર્યાદા કઈ ? તેનો સંક્ષેપ સંગ્રહ મનક મુનિના હિત માટે શ્રી દશવૈકાલિક કરેલું છે. યથાશક્તિ અમલમાં મૂકી શકે. પણ યથાશક્તિ અમલમાં મૂકવાના વિચારોમાં ન ચાલે. તે અમારી નબળાઈ છે. **સંયમના પ્રવાહની સાથે આત્માનો પુરુષાર્થ નથી કે સંયમ વીતરાગ પરમાત્માની આજ્ઞા પ્રમાણે સર્વથા પાળી શકીએ.** પણ પાળવા જેવું

તો આ જ છે. એમ વિચારમાં તીવ્રતા હોવી જોઈએ.

**મહાજુગપ્પહાણ આગમે** એવું વિશેષણ પૂજ્ય દુપ્પહસૂરી માટે મૂક્યું છે. ૪૧ આગમોનો વિચ્છેદ થશે. માત્ર પાંચમા આરાના છેડે ચાર આગમો રહેશે.

પૂ. દુપ્પહસૂરી મહારાજા બોલ્યા તે ભગવાનનું જ વાક્ય.....! પૂ. દુપ્પહસૂરી વાક્ય સર્વજ્ઞ જેવું છે.

**બધા સૂત્રોનું એસંસ ૪ મૂળસૂત્રમાં આવી ગયું,** ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ, આવશ્યક સૂત્ર, દશવૈકાલિક સૂત્ર અને વિકલ્પે ઉત્તરાધ્યયન રહેશે તેમાં આચારાંગ, સૂયગડાંગનું બધું આવી ગયું.

બોલવું, ચાલવું, ખાવું, પીવું, સુવું વિગેરે પ્રવૃત્તિ શરીર સાથે સંકળાયેલી હોવાથી સાહજિક છે. તે ગૃહસ્થને પણ કરવાની હોય પણ સાધુને વિશેષતાપૂર્વક વાસનાની તાબેદારી લીધા વગર કરવાની છે.

અજયણાથી ચાલતો પુન્યાત્મા એકેન્દ્રિયાદિની હિંસા કરે તેથી પાપ બાંધે. કડવું ફલ ભોગવે. જયણા બે પ્રકારે દ્રવ્ય અને ભાવ આંતરિક ઉપયોગ, **ચાલતા ઈરિયાસમિતિનું પાલન કરે.** રાત્રે પૂંજ્યા વિના કાંઈ પ્રવૃત્તિ ન કરે. સમિતિ-ગુપ્તિનું યોગ્ય રીતે પાલન કરે. તે દ્રવ્ય જયણા. શાસ્ત્રની મર્યાદા જ્ઞાનીની નિશ્રા તે ભાવજયણા. શાસ્ત્રની મર્યાદા જો કેળવાઈ હોય તો આત્મામાં દ્રવ્ય જયણાની મર્યાદા જળવાય જ.....!

ઉપદેશ પ્રાસાદ ગ્રંથમાં પૂજ્ય હરિભદ્રસૂરી મહારાજાએ દ્રવ્યજયણાનું પ્રધાન્વ બતાવ્યું. જ્ઞાનીની નિશ્રા ન હોય તો શાસ્ત્રની મર્યાદા ન હોય. તો કરાતી યતના એ જયણા ન કહેવાય. ઉપદેશ પ્રાસાદમાં એક વાત આવે છે કે :-

એક શિકારી પક્ષીઓને જાળમાં ફસાવીને ગુજરાન ચલાવે છે. ગામની આજુબાજુમાં કેટલા મળે ? માટે જંગલમાં મોટું મેદાન જોયું..

તથા ઘઉં-જારના દાણા નાખી જાલ પાથરી તેનો છેડો હાથમાં પકડી. ઝાડ આડે છૂપી રીતે રહ્યો. આકાશમાંથી ઉડનારા પક્ષીઓ તે દાણા જોઈ નીચે ઉતરે છે. ભેગા થયા પણ હજુ જાળ ખેંચતો નથી. વધારે લાલસા છે. વધુ આવે તો વધુ મળે માટે....! ત્યાં બાજુના રસ્તા પરથી એક વ્યક્તિ ખડખડ અવાજ કરતો પસાર થાય. અ..રે...રે.. અવાજ ન કરો પક્ષીઓ ઘણા ચણે છે. બધા ઊડી જશે આઘા જાઓ. એથી સામેલા પર છાપ પડે કે કેવો પુન્યાત્મા છે કે જંગલમાં પણ ઉપકાર કરે છે.

**ભાવજયણા વગરની દ્રવ્ય જયણા પાપકર્મ બંધાવે...! સ્વચ્છંદભાવથી મોહનીયનું પોષણ થાય છે.** સ્વચ્છંદતાથી વિચરનાર બોલે ત્યારે મુહપત્તિનો ઉપયોગ રાખે. પાંચ મહાવ્રતનું શુદ્ધ પાલન કરે, ક્રિયા શુદ્ધિ જાળવે. પણ મૂળ પાયામાં ખોટ સ્વચ્છંદ ભાવ હોવાથી મોહનીય કર્મ બંધાય......! શા માટે એકલો ફરે ? શાસ્ત્રાજ્ઞા સાથે જ્ઞાનીની નિશ્રાની જરૂર છે. **જ્ઞાનીની નિશ્રામાં નથી માટે મોહનીય કર્મ બંધાય.**

एसो पंच नमुक्कारो=પંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર.....! પાપ=જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરે તે પાપ......!

મૂળમાંથી પાપનો નાશ કરે છે. નવકાર ગણવાથી પાપ ચાલ્યા જાય એ સામાન્ય માન્યતા છે.

આપણે સમજીએ કે ચોરી કરે, જુઠું બોલે, હિંસા કરે તે પાપ. પાપ=અશુભ ક્રિયાને સમજીએ છીએ .પણ જો એની પાછળ મોહનીયનો ક્ષયોપશમ હોય તો તે ક્રિયા પણ નિર્જરા કરાવનારી થાય છે.

મહારાજને ગુંમડું થાય ડોકટર પાસે ચેકો દેવરાવે... મહારાજ અરિહંત... અરિહંત કરે, ચીસો પાડે તો પણ શ્રાવકને નિર્જરા થાય કારણ કે.. શુભાશય છે !

ભગવાનના કાનમાં ગોવાળીયાએ ખીલા ઠોકયા, સવાર્થે કાઢયા. ભગવાનને જઘન્યમાં ઉત્કૃષ્ટ - કટપુતલીનો ઉપસર્ગ ભગવાનને મધ્યમમાં ઉત્કૃષ્ટ સંગમનું કાલચક્ર ભગવાનને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઉપસર્ગ કાનમાંથી ખીલા કાઢવાનો હતો.

ભગવાનને પહેલું સંઘયણ સહન કરવાની શક્તિ...! ખીલા ઠોકેલા સહન થયા. પણ તે અંદર ગયા પછી માંસ, લોહી જામી ગયું. કાનમાં પ્રાયઃ એક-બે મહિના રહ્યા તે જામ થઈ ગયા. કુદરત કોઈપણ બહારની ચીજને શરીરમાં ટકવા ન દે. જેમા પગમાં કાંટો વાગેને તરત કાઢવામાં આવે તો ઓછી વેદના પણ જો કઢાય નહી તો ડૉકટરને બોલાવીને નસ્તર કરવું પડે. ઓપરેશન રૂમમાં લઈ જાય ચામડી બહેરી કરે જોરથી ખેંચે ને કાઢે તો કેટલી વેદના...! અનુભવી પડે તેમ ખીલા કાનમાં જામ થઈ જવાથી જ્યારે લોખંડના સાણસાવડે વૈદ્યે ખેંચ્યા. ત્યારે પગના અંગુઠાવડે મેરૂ કંપાવનારા ભગવાનનો આત્મા ધર્મધ્યાનમાં લીન... એવા પરમાત્માના મોંઢેથી ચીસ અરેરાટી...! પડી આનું નામ ભાવ જયણા...!

ખીલા ઠોકનાર - સાતમી નરકે ગયો ભાવમાં ફેર છે. ઉપદ્રવ કરવાનો ભાવ છે.

ખીલા કાઢનાર - ૧૨ મા દેવલોક ગયો. કાઢતાં વધુ ત્રાસ છતાં શાતા ઉપજાવવા નો ભાવ હતો.

**ભાવ જયણા હૈયામાં હોય તો અશુભક્રિયા કરતા સાપેક્ષ ભાવ હોય તો પણ નિર્જરા થાય. પણ જો જ્ઞાની આજ્ઞા અને ગુરૂ મહારાજની નિશ્રા ન હોય તો શુભ કાર્ય કરતાં પણ મોહનીય કર્મ બંધાય.** આપણે મોહનીય કર્મને યાદ જ કરતાં નથી... સત્તર પાપ એ પાપ સ્થાનક છે. મિથ્યાત્વની હાજરીમાં પ્રાણાતિપાપ - મૃષાવાદ આદી પાપ કહેવાય પણ સમ્યક્ત્વની હાજરીમાં ચક્રવર્તી આદિ રાજપાટ ભોગવે તીર્થંકર પરમાત્મા ઘરવાસ ભોગવે પણ અંતરથી

નિર્લેપ હોવાથી નિર્જરા કરે. નહીં તો ભરત મહારાજાને આરીસા ભુવનમાં કેવળજ્ઞાન ન થાત. ગુફા ભયંકર નથી પણ અંદર રહેલો સિંહ - નાગ વિગેરે ભયંકર છે... **મિથ્યાત્વ ભયંકર છે.**

પુદ્ગલનો મોહ કર્યો, રાગ કર્યો, કષાયનો ધમધમાટ કર્યો એની આલોચના કોણે લીધી? ખાસ તો આલોચના એની જ લેવાની છે. કીડી મરી ગઈ, પચ્ચક્ખાણ ભાંગ્યા, છોકરો અડી ગયો આ દ્રવ્ય આલોચના છે પણ ભાવથી.... મોહનીયના સંસ્કારની સંસ્કારોની આલોચના કેટલી થઈ?

અજયણા-ભાવજયણાનો અભાવ. દ્રવ્ય જયણાનો નહીં, **જેમાં મોહરાજા બેઠો છે તે દ્રવ્યજયણા.** તે પારધીને અબોલા પંખીને મારીને વ્યવહાર ચલાવવાની ક્રિયા તે દ્રવ્ય જયણા.

**જીતકલ્પની મર્યાદાને વફાદાર ન રહેવું. ગુરુની નિશ્રા વગર કરાતી શુભક્રિયાઓ પણ મોહનીયને ઉપાર્જન કરે છે.**

વૈરાગ્ય રતિ ગ્રંથમાં કહ્યું છે કે **દ્રવ્ય વૈરાગ્ય જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી આવે.** શાસ્ત્રો વાંચ્યા-સાંભળ્યા.. મનમાં થયું કે દેવલોકમાં.... વિશિષ્ટ પ્રકારનાં સુખો છે. મહેનત વગર મળી જાય સંસારનો ત્યાગ કરી દીક્ષા લે, લાડવા મળે રોટલીનો ત્યાગ. સારી વસ્તુ સામે હલકીનો ત્યાગ એ સાચો ત્યાગ નથી.. દ્રવ્ય વૈરાગ્ય છે. મોહનીયના ક્ષયોપશમ મુખ્યત્વે છે.

ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ બે પ્રકારે - સાનુબંધ, નિરનુબંધ દર્શન મોહનીયના હાજરીમાં પણ અંતરાય કર્મનો ઉદય તેમાં ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ કે ઉદય પણ થાય.

વૈદ્યે મને ભારે ખોરાક ના પાડી છે... તે ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ પણ જો વિચારે કે જો આયંબિલ જ કરું તો... તે દર્શન મોહનીયનો ક્ષયોપશમ. દર્શન મોહનીયનો ક્ષયોપશમ ન હોય ચારિત્ર

મોહનીય ક્ષયોપશમ શરીરને ટકાવવા માટે કરે તો પરંપરાએ નિર્જરાના કારણને બદલે અશાતા અને અંતરાય કર્મ બંધાય. **દ્રવ્ય જયણામાં ભાવજયણા અત્યંત આવશ્યક છે.** ભાવ જયણામાં દ્રવ્યજયણાનો સમાવેશ થાય જ ! દ્રવ્ય જયણામાં ભાવજયણાની ભજના હોય. **દુનિયાના લોકોને શાસન તરફ વાળવાનો પ્રયત્ન કરે તેમાં ભાવ જયણા છે.** કારણ શાસ્ત્ર મર્યાદા પ્રમાણે કરે. कहंचरे વિગેરે છ ગાથામાં ચાલવાની, ઊભા રહેવાની, બેસવાની, સુવાની ખાવાની તેમજ બોલવાની વાત બતાવી છે.

પાપનો ઉદય અઘાતી કર્મમાં લઈ જાય. પાપ કરીએ તો સારું ખાવા ન મળે, પહેરવાં ન મળે, એમ માનીએ તે પાપ નહી પણ.... આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરવાની શક્તિ જેમાં છે તે પાપ. वहाया ज्ञानावरणादिको.... બીજાને દુઃખ આપી એ તો આપણને મળે, પણ જો આત્મતુલ્ય ભાવ ન જાગે તો મોહનીય કર્મ બંધાય. અશાતા વેદનીય કર્મ બંધાય.

**અજયણાથી દ્રવ્ય હિંસા થાય અશુભ પ્રવૃત્તિથી મોહનીય કર્મ બંધાય.** ઈરિયાવહિયાથી બધું વિખરાઈ જાય. તે આત્માને ભોગવવું ન પડે. પણ જોં તેમાં ભાવહિંસા ભળે તો મોહનીય કર્મ બંધાય. તેથી કડવાફળ ભોગવવાં પડે.

શિષ્ય ગભરાઈ ગયો..... હે ભગવાન્ ! આપે તો ઉપરની છએ વાતોમાં પાપ બતાવો છો. તો કેવી રીતે कहंचरे, कहं चिट्ठे ચાલવું - બેસવું વિગેરે... ત્યારે ભગવાન કહે.... जयंचरे, जयंचिट्ठे પાંચ સમિતિના ઉપયોગ પૂર્વક જે આત્મા પોતાના શરીરથી ક્રિયા કરે. **અંતરંગમાં જ્ઞાનની જાગૃતિ છે. તેથી મોહનીય કર્મ ન બંધાય.** મોહનીય કર્મ ન બંધાય માટે વિશિષ્ટ પ્રકારની.. આલોચના જોઈએ.

આ ભૂમિકાનો મોક્ષ સાથે (સુધીનો) સંબંધ છે. તે કેવી રીતે તે આગળ વધાવશે...!

# શ્રી દશવૈકાલિક વાચના - ૪૪

અનંત ઉપકારી ચરમ તીર્થાધિપતિ શાસનને શોભાવનાર પૂ. સચ્યં ભવ સૂરી મહારાજ હીતને માટે દ્વાદશાંગીનો સાર-જયણાનું સ્વરૂપ, બાલ જીવોને સમજાવવાને માટે દશવૈકાલિક સૂત્રની સંકલના કરી. ચોથા અધ્યયનમાં પાંચ મહાવ્રત અને રાત્રિ-ભોજનનું સમજાવ્યા પછી છ કાયનું સ્વરૂપ બતાવ્યા પછી મહત્ત્વનો ઉપદેશ આપે છે. **સંયમ ટકાવવા જયણાને વધુ વિકસિત બનાવવાની છે.** સાવચેતી ન હોય તો ઈષ્ટ વસ્તુને મેળવી ન શકે.

સાવચેતી બે પ્રકારે - દ્રવ્ય સાવચેતી - ભાવ સાવચેતી. દ્રવ્ય સાવચેતી - પોતાના શરીરને નુકસાન ન થાય તે રીતે જાગૃત રહેવું તે દ્રવ્ય સાવચેતી.

ભાવ સાવચેતી :- ભગવાનનું શાસન મળ્યા પછી નવા કર્મો ન બાંધે ઉદયમાં આવે તે સમ્યક્ પ્રકારે ભોગવે અને સત્તામાં રહેલા કર્મોને ભગવાનની આજ્ઞા પ્રમાણે બાળવાનો પ્રયત્ન કરે તે ભાવ સાવચેતી...! ભાવ સાવચેતી દ્વારા ભાવમાં શુભ શુધ્ધ પરિણામ આવે. પાંચ મહાવ્રત, છ કાયનો ત્યાગ શેના ઉપર... આધાર રાખે, કોના આધારે ટકે?

**જયણાએ ધર્મની માતા છે ઉપયોગ પિતા છે....! ઉપયોગ અને જયણા જ્યારે ભળે ત્યારે નિર્જરા દાયક ધર્મ થાય. ઉપયોગ એટલે આત્મામાં સતત જાગૃતિ હોય.**

**જયણા = વિધિપૂર્વક સમાચારીના પાલન પૂર્વક પ્રવૃત્તિ...** મન-વચન-કાયાની વિશુધ્ધિને...! જેના જીવનમાં જયણા નથી તે કડવા-પાપના ફળને ભોગવે છે. બીજું આરંભ-સમારંભાદિ પ્રવૃત્તિનો ત્યાગ સાધુ જીવનમાં થઈ શકે પણ શરીરના ધર્મે ખાવું, પીવું, સુવુ વિગેરેના કારણે વિશિષ્ટ પ્રકારની ઊચ્ચ કક્ષા ન મેળવી શકે. ત્યાં સુધી શારીરિક ક્રિયા તો રહેવાની જ. તેરમા ગુણઠાણા સુધી રહે જ. પણ ચૌદમે અયોગી અવસ્થા હોવાથી મન-વચન-કાયાની પણ ક્રિયા ન થાય.

સાધુ મહારાજના જીવનમાં જો ઉપયોગ જયણા ન હોય તો સાધુને ગૃહસ્થમાં ફેર શો ?

સંસારી જીવો **પુદ્ગલને કેન્દ્રમાં રાખી વિષય-કષાયની પ્રવૃત્તિ કરે.. તે સંસારી...! સંયમી આત્મા ભગવાનની આજ્ઞાને કેન્દ્રમાં રાખી યોગ્ય પ્રવૃત્તિ કરે તે સંયમી.** વિવેકી જ્ઞાની-સંયમી સાધુ ભગવંતની આજ્ઞાને કેન્દ્રમાં રાખે ન કરવા યોગ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરે અને કરવા યોગ્યનો સ્વીકાર કરી આત્માને જાગૃત બનાવે.

- ભગવાનના શાસનની ક્રિયાનું મહત્ત્વ-સંવર નિર્જરાને ટેકો આપનારી હોય છે. પણ તે ક્યારે ટકે ? જયણાને ઉપયોગ હોય તો.

દુનિયાના જીવો ઘણા પ્રકારે છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, ભૂત=એકેન્દ્રિય - જેની ચેતના બીલકુલ અવ્યક્ત અસ્પષ્ટ છે. આપણને ઔદારિક શરીર જેવા પ્રકારનું મળ્યું છે તેમ એકેન્દ્રિયાદિને મળ્યું છે. તે જીવોને આપણા સ્પર્શથી અનંતગણી વેદના થાય. કિલામણા-દુ:ખ થાય. આ જગતના સર્વજીવોને સમ્યક્ પ્રકારે જેવું-અંતરચક્ષુથી નિહાળે, જેમ પોતાને સુખ-દુ:ખની લાગણી થાય તેમ એ સર્વે જીવોને પણ થાય. એમ વિચારવાથી આશ્રવનો ત્યાગ થાય. આપણને સંકલેશ કે દુ:ખ થાય તે કરતાં બીજા સર્વ જીવોને અનંતગણો સંકલેશ અને દુ:ખ થાય. કેવું

ભગવાનનું શાસન સૂક્ષ્મ છે. નરકના દુ:ખોથી બચવાના ભાવપૂર્વક કીડી મારવી તે બચાવવાનો ભાવ તે આર્તધ્યાન-ઈષ્ટનો સંયોગ, અનિષ્ટનો વિયોગ એ આર્તધ્યાનના બે પાયા છે.

ભગવાનના શાસનમાં ફરમાવે છે - **સર્વજીવો મારા આત્મ તુલ્ય છે.** સામા જીવના હિંસાના કારણ-નિમિત્ત હું બનું તેથી તેનો વિકાસ અટકે. બીજા આત્માની કરણીમાં જો અંતરાય કરે તો મોહનીય કર્મ બાંધે અને અધ્યવસાય દ્વારા મહામોહનીય કર્મ બાંધે. આપણે ઉપયોગ ન રાખ્યો તેથી તે એકેન્દ્રિય જીવોની વિરાધના થઈ એકેન્દ્રિય જીવો અકામ નિર્જરા બળે આત્મવિકાસ સાધી રહ્યા છે. એ પગ નીચે કચડાય તો સંકલેશ થાય. એકેન્દ્રિયાદિ જીવો આપણને કહી ન શકે પણ તેને સંકલેશ થવાથી આપણે વેરોનુબંધ પણ બંધાય. તેથી આપણો પણ વિકાસ અટકે. માટે પ્રતિક્રમણમાં રોજ સાત લાખ બોલાય છે. દેવો-નારકીને જોયા નથી પણ પૂર્વભવે અથવા બીજાં કોઈ ભવમાં થયેલા વેર-વિરાધનાને વોસિરાવવા મિચ્છામિ દુક્કડમ્ આપવાનું છે. અનાદિકાળના સંસ્કારોએ જો જગ્યા આપી હોય તો જ અંતરમાં જાગૃતિ થાય. જ્યારે માણસની પેઢી તરતી હોય ત્યારે પૂર્વના કર્જો પણ વ્યાજ સહિત આપી શકીએ. તેમ આત્મશુધ્ધિ પૂર્વક મિચ્છામિ દુક્કડમ્ આપવું જોઈએ.

સર્વ પ્રાણીઓને આત્મ-તુલ્ય જોવાના પરિણામે આશ્રવનો ત્યાગ ઉત્પન્ન થાય. આશ્રવને અટકાવવા વિકારી વાસનાને કાબુમાં લેવી પડે....!

**ચાર ભૂમિકા :-**

એવી રીતે ઉપયોગ રાખનારને પાપકર્મ ન બંધાય. જીવને જ્યાં સુધી મન-વચન-કાયાના યોગ ચાલે ત્યાં સુધી સમયે-સમયે હિંસાનું પાપ લાગે.

**ભાવ જયણા વિના પળાતું સંયમ દેવલોક આપે પણ...**

નિર્જરા ન કરાવે...

ભાવ પાપ મોહનીય કર્મ છે - ઘાતીકર્મ છે. તેને ટકાવવા માટે દ્રવ્ય પાપ ખોખું છે. સત્તર પ્રાણાતિપાતાદિમાં મિથ્યાત્વ છે. મુનિ જો જીવનમાં (૧) આશ્રવને-અટકાવવા પ્રયત્ન ન કરે. (૨) સર્વજીવોમાં આત્મતુલ્ય ભાવ (૩) ઈન્દ્રિય દમન (૪) વિષય વાસનાને ન ઘટાડે તો મુનિપણું દ્રવ્ય પુરતું જ છે.

**ભગવાનના શાસનમાં આજ્ઞા પ્રમાણે સૂક્ષ્મ રીતે હિંસા તે અહિંસાનું સ્વરૂપ છે.** શલ્ય મિથ્યાત્વનો પ્રકાર છે. મહાનિશીથ સૂત્રના પહેલા અધ્યયનમાં કહ્યું છે.... **जंच ण दीसइ જે દેખાય નહી પણ અંતરમાં ખટકે તે શલ્ય. જે દેખાય તે તો કાંટો કહેવાય.**

ઉપરી દ્રષ્ટિએ સારા પણ છૂપી રીતે પાપ કરે તે શલ્ય મિથ્યાત્વ ઉપરથી દેખાવ સારો કરે પણ અંદર પુદ્ગલનો ભાવ ભારોભાર બેઠો હોય. પાપ છૂપાવવાની વૃતિ બેઠી હોય... તે મિથ્યાત્વશલ્ય.

**કર્મના સંસ્કારોમાં લઈ જનાર, નીચે પાડનાર અને બધી કર્મપ્રકૃતિને ખેંચી લાવનાર એક મોહનીય જ કર્મ છે.** જ્યાં સુધી જીવ છે ત્યાં સુધી મલિન-આરંભી જીવન જીવે છે. તે દ્રવ્ય પાપ...! પણે એમાં જ્યારે મોહનીય-મિથ્યાત્વ ભળે ત્યારે ભાવપાપ...!

તીર્થંકર પરમાત્મા વિહાર કરે, હાથ-ઊંચો નીચો કરે એમાં હિંસા તો થાય જ પણ પેલા સમયે બાંધે, બીજા સમયે ભોગવે, ત્રીજા સમયે ખલાસ...! ૧૩માં ગુણઠાણે શાતા વેદનીય બાંધે તીર્થંકર પરમાત્માને કર્મ બાંધવાનો ભાવ નથી. મોહનીયનો ક્ષય.. કેવળજ્ઞાનની પ્રાપ્તિ ૧૦ ગુણઠાણાથી જ કર્મબંધ બંધ થઈ જાય. પણ પૂર્વ પ્રયોગથી જ પ્રવૃત્તિ ચાલે ૧૪મે અયોગી કેવલી કહેવાય.

સાધુજીની મર્યાદા વ્યવસ્થીત પાલન કરવા છતાં જો સર્વ જીવો પ્રત્યે આત્મ તુલ્ય ભાવ ન જાગે તે દ્વારા યોગોને અટકાવવાની પ્રવૃત્તિ

ન કરાય તો સમયે-સમયે પાપ કર્મ બાંધે છે. વચનાનુષ્ઠાન હોય ત્યાં સુધી સાહજિક મોક્ષ પ્રાપ્તિની ક્રિયા હોય આપણને મોહનીય કર્મનો સંબંધ અસંગ થઈ ગયો છે. કોઈ ઉપર ગુસ્સો કરવો હોય તો વિચાર કરવો ન પડે. પણ કોઈને ક્ષમા આપવી હોય તો વિચાર કરવો પડે... તીર્થંકર પરમાત્માને ક્ષમા આપવાનો વિચાર ન કરવો પડે. કારણ તે અસંગ ભાવે જ રહેલી છે. છટ્ઠું ગુણઠાણું અસંગ અનુષ્ઠાનનું સળંગ રહે. જતું આવતું રહે પણ સાતમા ગુણઠાણાં અસંગાનુષ્ઠાન જ રહે.

નરકાદી દુ:ખોના ડરથી અથવા પરભવે મારે પણ એવા દુ:ખ ભોગવવા પડશે એવી રીતે જો જીવદયા પાળે તો આર્તધ્યાન: **જેવો મારો આત્મા છે તેવો જ બીજાનો પણ છે એવો આત્મ તુલ્ય ભાવ ભાવવો જોઈએ તે ધર્મધ્યાન.** એ જીવોની હિંસાના નિમિત્તે જે મારા આત્મામાં પરિણામ થયા તે મારા વિકાસને અટકાવે છે. એ પ્રમાણે પોતાના આત્માની પણ દયા રાખવી.

ઉપયોગની અસ્થિરતા, લક્ષ્યની જાગૃતિ ન હોય એ દ્રવ્ય કહેવાય. મારા આત્માનો પરમાત્માના શાસનની આચારની મર્યાદા પ્રમાણે ચાલવાથી જે વિકાસ થાય છે તે બીજા એકેન્દ્રિયાની હિંસા દ્વારા અટકી જશે અને તે જીવો મારા હિંસાથી સંકલેશ પામીને નીચા પટકાશે. અને તેઓનો વિકાસ પણ અટકાશે. તેનો નિમિત્તે હું બનીશ જેટલો વિકાસ આપણા જીવનમાં મહત્ત્વનો છે.... તેટલો જ બીજાના વિકાસ છે માટે પડીલેહણ-પ્રમાર્જના સાધુજીવનમાં મુખ્ય છે. આત્મતુલ્ય ભાવ નહીં ત્યાં સુધી સાધુપણું નહીં...!

**જેવો મારો આત્મા છે એવાજ બધાના આત્મા છે એવો ભાવ થાય તો જ સાધુ પણું ટકે.** બધામાં આત્મત્વની પ્રવૃત્તિ - થાય તો આત્મા ઓળખ્યો કહેવાય.

જ્ઞાનીઓએ કહયું છે માટે માનવાનું એમ નહી પણ પોતાની પરિણતિ દ્વારા ઓળખવાનો પ્રયત્ન કરીએ. ત્યારે સંગ્રહનય સમ્યગ

દર્શન આવે. સર્વ ભૂતાત્મભાવ સમ્યગ દર્શનનો થાયો છે. જો સમ્યગ દર્શન આવે. તો જગતના ગમે તે ગતિના જીવો હોય તો બધા જીવો પ્રત્યે આત્મતુલ્ય પ્રતીતિ થાય. સમ્યગ્ દર્શનનો પાયો ચોથા ગુણઠાણે સર્વથાવિકાસ પામે. મારા આત્મતુલ્ય ભાવ દ્વારા સર્વ જીવોના સુખ-દુઃખનો વિચાર. કરવો હિંસાથી જીવોના સંકલેશ-ભાવનો નિમિત્ત હું બનું... તેનો પ્રયત્ન છટ્ઠે ગુણઠાણે.... તીર્થંકર પરમાત્મા કહે છે કે જો સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય- ભાવની કેળવણી થાય તો મોહનીય કર્મના સંસ્કાર ઓછા થાય. એટલું જ નહી. પણ નવા મોહનીય કર્મ પણ ન બંધાય.

આત્મ તુલ્ય ભાવ - પરસ્ત્રીમાં માતા તુલ્ય ભાવ, પરધનમાં માટીનાં ઢેફાનો ભાવ અને બધા જીવોમાં આત્મ તુલ્ય ભાવ. હોવો જોઈએ. જો આત્મ તુલ્ય ભાવ થાય વિકારી - વાસના અટકી જાય. તો નિર્જરા થવા માંડે તો સર્વપ્રકારે દયા જ પાળવી.

દયા જોઈએ તો જ્ઞાનાભ્યાસથી શી જરૂર ? જ્ઞાની ગુરુના ચરણોમાં બેસીને આગમોના અભ્યાસથી જ દયા પળાય...! દયાના પરિણામનેં ટકાવવા માટે અને એના પરિણામથી જીવન શુધ્ધિનું તત્વ એમાં પૂરક તત્વ જ્ઞાન છે.

સંયમ ટકાવવા માટે જ્ઞાન કેટલું વધુ ઉપયોગી છે. તે બતાવે છે. જ્ઞાન સાધન છે, દર્શન સાધન છે. ચારિત્ર સાધ્ય છે. જ્ઞાનયોગ ભળવાથી ચારિત્રનાં પરિણામ. મોહનીયનો ક્ષય વધે. ચારિત્ર બે પ્રકારે - વ્યવહાર - ક્રિયા સ્વરૂપ ચારિત્ર તે. આત્મામા જે સ્થિરતાનો ભાવ તે ચારિત્ર. એકેક નયના ૧૦૦ ભેદ છે. સાત નયમાં સમ્યગ્દર્શન સમજવાનું છે. નહીં તો નયાભાસ થઈ જાય. ગ્રંથીભેદ થાય ત્યારે સમ્યક્દર્શન પ્રાપ્ત થાય. ત્યારે તેને બધા નયો માન્ય થાય. જેમ જે ડબ્બામાં કેરોસીન ભર્યું હોય તે કેરોસીનનો ડબ્બો કહેવાય. તેમ ભાવપાપ મોહનીય કર્મ તેને ટકાવવાનું ખોખું ૧૭ પાપસ્થાનક છે.

મહાનિશીથમાં जं च न दिसई अत्तो खुडुक्कई-तं सल्लं इति मन्नई । દેખાતો દોષ તે કાંટો, પણ જે ન દેખાય અને ખટકે તે શલ્ય. **અંતરમાં છુપાયેલી પુદ્ગલની આસક્તિ તે મિથ્યાત્વ શલ્ય.** કેવળીને અંતરના ઉપયોગમાં આત્મસ્વભાવની સ્થિરતા છે. તેમને કોઈનો અશાતા કરવાનો ભાવ નથી હોતો. પહેલા સમયે બાંધે, બીજા સમયે ભોગવે ત્રીજા સમયે ખલાસ કરે!

પણ યોગના સ્પંદન નિમિત્તે કર્મ શાતાવેદનીય બંધાયું. આત્માએ પૂર્વ ભરેલા કર્મના ધક્કાને કારણે કેવળીની પ્રવૃત્તિ ચાલે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૪૫

અનંત ઉપકારી ચરમ તીર્થાધિપતિ શાસનની સ્થાપના પછી વ્યવસ્થિત રીતે સમાચારીનું પાલન કરી શકે માટે કેટલીક મર્યાદાઓનું સંકલન પૂ. સ્વયંભવસૂરી મહારાજાએ મનકમુનિના હિતને માટે ૧૪ પૂર્વમાંથી ઉધ્ધરીને દશવૈકાલિક સૂત્રની સંકલના કરી છે.

પાંચ મહાવ્રત, છ કાયની રક્ષા બતાવ્યા પછી જયણા કેટલી મહત્ત્વની વસ્તુ છે તે બતાવે છે.

**જયણા=ભગવાનની આજ્ઞા પ્રમાણે ચાલવાની તત્પરતા !** અસંયમનો ઘટાડો - વિવેક બુદ્ધિની જાગૃતિથી થાય. વિવેક બુદ્ધિની જાગૃતિ માટે જ્ઞાની પુરૂષોની નિશ્રામાં રહીને જ્ઞાન મેળવવામાં આવે તો વિશેષ પ્રકારે જયણા પાળી શકાય. જગતના સર્વ પ્રાણીઓને આત્મ તુલ્ય માને. પોતાને જેવી સુખ-દુઃખની લાગણી થાય તેવી સર્વજીવોને પણ થાય માટે સર્વ પ્રકારે સંયમ પાળે.

આશ્રવ=કર્મને આવવાના દરવાજા મન-વચન-કાયાની પ્રવૃત્તિને છુટી મુકીને પાંચ ઈન્દ્રિયના તાબે રહીને કરાતી પ્રવૃત્તિ તે આશ્રવ.....!

ભાવાશ્રવના મુખ્ય અસંયમ, અવિરતિ બે અંગ છે. સાધુજીવનમાં સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય ભાવ રાખીને... પરમાત્માના શાસનની આજ્ઞા પ્રમાણે ચાલવાથી આશ્રવના દરવાજા

બંધ કર્યા છે.

पढमं नाणं तओ दया: જ્ઞાન એ પ્રથમ છે. કેમકે તેનાથી દયા-જયણા આવે અહીં જ્ઞાનનો અધિકાર નથી. પણ મહાશુદ્ધિનો અધિકાર છે. **જ્ઞાનીની આજ્ઞાનો અમલ કરીને અસંયમની પ્રવૃત્તિથી અટકવું તે જયણા....!** જ્ઞાની ભગવાનની આજ્ઞાનું પાલન સંયમ વિના થઈ જ ન શકે. માટે જ્ઞાનની જરૂર છે. જ્ઞાનનો અધિકાર અહીં મહત્ત્વનો નથી પણ પરમાત્માના શાસનની મર્યાદાને ઉપયોગપૂર્વક વિવેક બુદ્ધિથી અમલમાં મુકવું એજ જ્ઞાનની મહત્તા છે. **જે જ્ઞાન સંસ્કારોને મોહનીય કર્મના અટકાવવામાં ઉપયોગી થાય. તે જ જ્ઞાન શ્રેષ્ઠ છે. તેથી જીવદયાનું બળ આપણામાં ઉત્પન્ન થાય છે.** એ રીતે સર્વવિરતિધારી સાધુજીવનમાં ટકી अन्नाणी किं काही ? - શરૂઆતમાં જ્ઞાન જોઈએ જ્ઞાન વિના જયણા-દયાનો વિકાસ ન થાય. આત્માના ક્ષયોપશમથી જે ચતુરાઈ આવે તે જ્ઞાનની વાત નથી. પણ જીવનું સંરક્ષણ ઉપાયોના ફળવાળું જ્ઞાન પ્રથમ જોઈએ. પાંચ મહાવ્રતની શુદ્ધિ માટે જે જ્ઞાન જરૂરી છે તે અહીં બતાવે છે. એવા જ્ઞાનથી દયા આવે **કોઈ જીવને બચાવીએ તે દ્રવ્યદયા. રાગ-દ્વેષનો ઘટાડો તે ભાવદયા......!** જીવ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પણું પામીને કેવલ પામી મોક્ષે જાય ત્યાંસુધી જીવો પ્રત્યેની જે દયા તે ભાવ દયા કહેવાય.....!

સંયમનું બાહ્ય સ્વરૂપ તે ૧૭ પ્રકારે સંયમ ! પણ અભ્યંતર સંયમ. આત્મતુલ્ય ભાવ....! ઉપાધ્યાય પૂ. વિનયવિજયજી મહારાજ શાંત સુધારસમાં ભાવદયા બતાવે છે. એકેન્દ્રિયાદિમાં રહેલા જીવો ક્યારે પંચેન્દ્રિયપણાને પ્રાપ્ત કરે ? તેમાં મનુષ્યભવમાં શાસનને મેળવી જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરી ભવભ્રમણના ભયમાંથી ક્યારે છુટકારો મેળવે?

પોતાના આત્મા માટે તો ભણવાનું છે જ પણ છટ્ઠા ગુણઠાણે

પહોંચ્યા પછી પ્રાણી માત્ર સાથે એક તુલ્ય ભાવ થવો જ જોઈએ. આપણા ઘરમાં કોઈ માંદો થાય તો તેને સાજો કરવા માટે અનેક પ્રકારે પ્રયત્ન ક્યારે આ સાજો થાય.

અનંતકાળના સંસારમાં ભટકતા-ભટકતા કયો જીવ બાકી છે કે જેની સાથે આપણા અનંતીવાર સંયોગ સંબંધ ન થયા હોય તો ગત જનમના ભાઈ-માતા-પિતા-ભાભી, બહેનોના આદિના સંબંધને આપણે યાદ કરતાં જ નથી તે અજ્ઞાનતા......! પણ જો મમતા પ્રેમ કરવો હોય તો છુટ છે. એમ તો મમતા-પ્રેમ કરવા જેવો નથી જ પણ જો કર્યા વગર રહેવાતું ન હોય તો બધા જીવો પ્રત્યે કરો. કોઈ મારો શત્રુ નથી. બધા મારા ગત ભવના સંબંધી છે. એથી રાગ-દ્વેષની સંપત્તિ નાશ પામે.

**જીવને બચાવવાની જયણા હોય તો તેના ફલ તરીકે સંયમ આવ્યા વગર રહે જ નહીં** ભલે આ જીવો આજે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય તિર્યંચ વિગેરે છે પણ ગતભવે મારા સગા સંબંધી હતા એવું જ્ઞાન થયા પછી સંયમની ભૂમિકાનો વિકાસ થાય તો સર્વ જીવો ઉપર મમતા પ્રેમ કેળવી શકાય.

તદ્ અંને સંયમ એકાંતે ઉપાદેય તરીકે હોઈ શકે. જ્ઞાની ભગવંતની વસ્તુના નિરૂપણમાં સ્યાદ્વાદ હોઈ શકે પણ તેના સ્વરૂપમાં એકાંતવાદ ખરો.... અગ્નિ-ગરમ પાણી ઠંડુ એમાં અગ્નિ ઠંડુને પાણી ગરમ એમ પ્રતિપાદન કરી ન શકાય. પણ વિચાર કરતા કહેવાય કે પાણી અમુક સંસ્કારથી ગરમ અગ્નિ અમુક સમયે ઠંડી નિરૂપણ=વ્યાખ્યા-વિવેચન.

કેવલી ભગવંત સમવસરણમાં દેશના ફરમાવી ત્યારે જગતનું સ્વરૂપ નિહાળ્યું તો દેખાયું કે દુનિયામાં પુદ્ગલોની રમત છે. વસ્તુના સ્વરૂપમાં એકાંતે મિથ્યાત્વ નથી. વસ્તુના સ્વરૂપને સમજાવવા માટે કોઈ વાતનો ઉપયોગ કરે તો સ્યાદ્વાદ. તેમ સંયમ એકાંતે ઉપાદેય છે.

સંસાર એકાંતે હેય છે જ્ઞાન આદિમાં પછી સંયમ એ ક્રિયામાં વીર પરમાત્માના શાસનની મર્યાદાનું જ્ઞાન હોવું જરૂરી છે. તેથી જીવદયાનું સ્વરૂપ સમજાય. જ્યાંસુધી જીવદયાની જાણકારી ન મેળવે ત્યાંસુધી જીવદયાનું ફળ મેળવી ન શકે. દરેક સાધુઓ જયણા સમજીને કર્મબંધનને ઘટાડવા આ જીવન જયણા પાળવાવાળા હોય છે. જ્ઞાની ભ. જીવોની યતના પાળીને આત્માને બચાવે. જ્ઞાન દ્વારા જયણા કરવાની પ્રવૃત્તિ ન હોય તો જયણા આત્માને સ્પર્શતી ન હોય અને માત્ર શબ્દ જ્ઞાન હોય તો જયણા આવે ક્યાંથી ? શબ્દ જ્ઞાન દ્વારા મોહનીયકર્મનો ક્ષયોપશમ ઘણો દુર્લભ છે. શબ્દજ્ઞાનથી અજ્ઞાનને દબાવવાનો પ્રયત્ન કરાતો હોય છે. કારણ કે જ્ઞાન મોહનીયના ક્ષયોપશમવાળું નથી. પરમાત્માના શાસનમાં જ્ઞાનની પ્રવૃત્તિ મોહના સંસ્કારને દબાવનારી હોય તો તે જ્ઞાન વખાણવા લાયક અને પ્રશંસનીય છે. મોહનીયના' ઘરના-મિથ્યાત્વ-અવિરતિ કષાય મન-વચન-કાયાના યોગ કર્મ મન-વચન-કાયાના યોગથી આવે પણ તેની સ્થિતિ અને રસબંધ મોહથી થાય.

સુર્ય ઉગતાંની સાથે ગાઢ વાદળ હોવાથી ઘરમાં સૂતેલાને અજવાળું ન દેખાય ભલે બારી-બારણા ખોલે પણ તે વાદળ ખસ્યા વિના શુદ્ધ પ્રકાશ (ન દેખાય) ન મળે તેમ આત્મા એ સૂર્ય છે. મોહનીય કર્મ એ વાદળ છે. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ એ બારી બારણા છે. બારી બારણા ખોલવાથી જ્ઞાન થાય પણ સાચું જ્ઞાન તો મોહનીય કર્મના વાદળ હટે.. પછી આત્માનું નિર્મળ અજવાળું પથરાય. જ્ઞાની જ્ઞાનથી જીવોનું સ્વરૂપ, જયણાનું સ્વરૂપ અને ફળને જાણીને તે પ્રમાણે પ્રવૃત્તિ કરે તે જ્ઞાન. સાચું છે **ज्ञान भारं क्रिया विना** જ્ઞાન ક્રિયા વગર ભારરૂપ છે. આજકાલ પાંચ માણસ વચ્ચે ઉપદેશ આપીને જીતનારને જ્ઞાની કહેવાય છે. પણ જો આપણી પોતાની જાતને અસંયમમાંથી પાછા કરવામાં ઉપયોગવાળું ન થાય તો

તે જ્ઞાન પ્રશંસનીય નથી.

**अन्नाणी किं काहि** - અજ્ઞાની શું કરશે ? અજ્ઞાની=મૂર્ખ નહીં. જ્ઞાન વગરનો કોઈપણ આત્મા હોય જ નહીં જેનું જ્ઞાન મોહનીય કર્મને ખસેડવાવાળું નથી તે જ્ઞાન વખાણવા લાયક નથી. તે અજ્ઞાન. મારૂં સાધ્ય શું છે ? ફળ શું છે ? તે ન જાણે તે અજ્ઞાન. આપણે અણસમજુ ઓછી બુદ્ધિવાળાને અજ્ઞાની કહીએ અને જે દલીલો દ્વારા પાંચ માણસમાં લેકચર કરનારને જ્ઞાની કહીએ. પણ ભગવાનના શાસનમાં તેને અજ્ઞાની જ કહેવાય. ભલે ૬૦-૭૦ વર્ષની ડોશી હોય ભલે શબ્દજ્ઞાન કશું જ ન હોય પણ મહાવીર પરમાત્માના શાસનમાં અવિહડ શ્રદ્ધા હોય. મોહનીયના સંસ્કારને ઢીલા પાડવાની પ્રવૃત્તિ હોય તેને જિનશાસનમાં જ્ઞાની તરીકે સંબોધ્યા છે. **મોહનીયના સંસ્કારોની ઢીલાશ એ જીવન શુદ્ધિની ચાવી છે !** પરિણતિ આત્મામાં છે કારણ તે મન સાથે સંકળાયેલી છે. વચનમાં નહીં... "सव्वे जीवा वि इच्छंति...." મને જેમ દુઃખ પસંદ નથી જીવવાની ઈચ્છા છે તેમ બધા પ્રાણી માત્રને છે આ ભાવ આવી જાય તો માણસ અસંયમ જાળવે જ નહીં.

ચાલતાં-બેસતાં-ઉઠતાં સંયમ રાખે. અંતરના ઉપયોગપૂર્વક **પરમાત્માના શાસન પ્રમાણે મોહનીયના સંસ્કારોને કાબુમાં લેવાનો પ્રયત્ન તે સાચું સામાયિક.** પરમાત્માના શાસન પ્રમાણે મોહનીયના સંસ્કારોને કાબુમાં લેવાનો પ્રયત્ન નથી તે અજ્ઞાન.....! જયણાના... ઉપાયોની માહિતી નથી ફળ નથી તે અજ્ઞાન કહેવાય !

જેમ આંધળા માણસને રસ્તામાં ખાડા, થાંભલા, પત્થર વિગેરેની ખબર ન પડે તેમ જ્ઞાનની ચક્ષુનો ઉઘાડો ન થયો હોય......! મોહનીયના સંસ્કારોનો ઘટાડો ન થયો હોય... આ કરવા જેવું છે આ ત્યાગવા જેવું છે. એ વિવેકબુદ્ધિ ન જાગે. તે જ્ઞાન આંધળા જેવું છે. મોહનીયના સંસ્કારના ઘટાડાથી કલ્યાણના વિકાસવાળું જ્ઞાન આવે.

જેમ આંખે દેખતો માણસ ખાડા-ખૈયાનો ત્યાગ કરે અને સાચા રસ્તા ઉપર ચાલે તેમ ભગવાનના શાસનના આરાધનાના માર્ગે ચાલનારે પ્રવૃત્તિ ક્યાં કરવી ? જ્યાં આત્માનું કલ્યાણ થાય. જ્યાં કર્મ નિર્જરા હોય ત્યાં પ્રવૃત્તિ અને જ્યાં. આત્માનું કલ્યાણ ન હોય-થાય જ્યાં કર્મબંધન થાય ત્યાં નિવૃત્તિ કરવી.

સારા-ખોટાની વહેંચણી કેવી રીતે કરે ? જગતની વસ્તુથી લાભ-નુકસાન કેટલો છે ? કર્મના આશ્રવનો ઘટાડો તે લાભ....! જે વધારે તે હાનિ......! એ જેને પ્રાપ્ત થઈ હોય તેની નિશ્રા સ્વીકારે. ગાડી રસ્તા વચ્ચે ખોટવાળી થઈ જાય ત્યાંથી બીજી ગાડી નીકળે તો ખોટવાયેલી ગાડીને દોરીથી જોઈન્ટ કરે તો તે પણ ચાલવા માંડે તેમ... **અજ્ઞાની પણ જ્ઞાનીની નિશ્રામાં તરી જાય.....!** બધા જ્ઞાની તરે એવું કાંઈ નથી. જીવનું સ્વરૂપ, જીવનો ઉપયોગ, જીવની જયણા જાણે તે જ્ઞાની. ભગવાનની આજ્ઞા પ્રમાણે ગુરુવચન તહત્તિ, વિનયભાવ, સમર્પણ ભાવ રૂપી દોરડું... જો હાથમાં આવી જાય તો તે જ્ઞાનીની નિશ્રા પામીને અજ્ઞાની પણ મોક્ષ સુધી પહોંચે છે. જેને સાધ્યની-ઉપાદેયની ખબર નથી..... કાર્યના ફળને જાણે નહીં તે અજ્ઞાની કહેવાય...!

=કલ્યાણ, પાપ=ખરાબ. આત્માનું કલ્યાણ અને કર્મબંધન. તે ન જાણે તે શી રીતે છુટી શકે ? દશમી ગાથામાં જ્ઞાનની મહત્તા બતાવે છે પણ તે કયું જ્ઞાન......! જીવોની જયણાવાળું, વિરતિના સંસ્કારના વલણવાળું જે જ્ઞાનનો મોક્ષની સાથે કેવો ઉત્તરોત્તર સંબંધ છે તેવું જ્ઞાન આત્મ કલ્યાણ કરનારું છે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૪૬

અનંત ઉપકારી ચરમ તીર્થાધિપતિ ભગવાન મહાવીર પરમાત્માએ શાસનની સ્થાપના કરી. પછી ઉપદેશ આપે છે. ઉપદેશ હંમેશા પ્રથમ સર્વવિરતિનો અપાય. તે ન આચરી શકે તો દેશવિરતિનો... તે પણ ન આચરી શકે તો સમ્યક્ત્વનો તે પણ ન આચરી શકે તો (ઓછામાં ઓછો) સંસારના માર્ગમાંથી વાતાવરણથી છુટવા માટે માર્ગ બતાવે. **ઓછામાં ઓછો ચારિત્રની સીમા અને મર્યાદા જે પાંચમા આરામાં ટકવાનું છે તે શ્રી દશવૈકાલિક સૂત્ર છે!**

**આત્માના સ્વભાવમાં સ્થિર કરે તે ધર્મ.** સર્વવિરતિ ચારિત્ર સિવાય કોઈ ધર્મ આત્માને સ્વભાવદશામાં સ્થિર કરી ન શકે. છ કાયની જયણા ન કરે તો પાંચ મહાવ્રત ટકી ન શકે. જે જયણાપૂર્વક સંયમની પ્રવૃત્તિ કરતો નથી... અજયણાથી બેસે. ઉઠે... ચાલે.. બોલે.... વાપરે.... એથી અનેક પ્રકારે પાપ કર્મ ઉપાર્જન કરે છે.

**સંયમ પરિણતિની કેળવણી કરી શકે તે જયણા કહેવાય...** માનસિક ઉપયોગ નહીં પણ આત્માને ભગવાનની નજીક રાખવું તે જગતના આત્માઓને જ્ઞાનની પ્રધાનતા બતાવી. અહીં ક્રમ નથી.. બતાવ્યો પણ **જયણાનું મુખ્ય સાધન જ્ઞાન છે.** માટે પ્રથમ જ્ઞાન કલ્યાણકારી શું અને નુકસાન કારક શું ? તે જ્ઞાનથી જ જણાય. આશ્રવ-સંવરનો વિવેક જ્યારે હૈયામાં ઉત્પન્ન થાય ત્યારે જ જયણાથી પ્રવૃત્તિ કરી શકે. આશ્રવને ઉપાદેય સંવરને હેય માને એવો ગોટાળો

જ્ઞાનની પરિણતિના અભાવમાં થાય. કારણ **વિવેક બુદ્ધિનું ઉત્થાન જ્ઞાની પુરુષોના ચરણોમાં બેસીને મેળવ્યું હોય તો જ આત્મા... પરમાત્માની નજીક જઈ શકે.** જ્ઞાન એ સાધન છે. રાગ-દ્વેષને ટાળવા શું કરવું જોઈએ તેની વિચારણા તથા પ્રવૃત્તિ તે જ્ઞાનનું ફળ ચે.

सोच्चा जाणइ कल्लाणं-सोच्चा=શ્રુત્વા. જ્ઞાનીના વચને ગુરુમુખે સાંભળીને-કલ્યાણને જાણવું જોઈએ. સાધુઓને ભણવા-ભણાવવાનો અધિકાર તીર્થંકર પરમાત્માએ આપેલો છે. જે ગીતાર્થોના ચરણોમાં બેસીને પોતે જ્ઞાન-ધ્યાનની પરિણતિ કરી હોય, રાગ-દ્વેષને અટકાવવા માટે સફળ પ્રયત્ન કર્યો હોય, બીજાના રાગ-દ્વેષને અટકાવવામાં કેળવાયા હોય તે જ આત્મા આગમોનું જ્ઞાન આપી શકે. જ્ઞાન આપનાર આત્માનો જે વિકાસ છે તેનો પટ સામેલા પર ચઢી જાય મોહનીયના સંસ્કારોનું આવરણ ખસવાથી વિવેક જાગે છે.

ज्ञानस्य फलं विरति :- **જ્ઞાનનું ફળ વિરતિ છે.** એમ પૂ. ઉમાસ્વાતિ મહારાજે કહ્યું છે. જ્ઞાન એકલું કામ ન કરે બોલનાર આત્માનો વિકાસ થયેલો હોય, જ્ઞાનના ફળ તરીકે વિરતિને ધારણ કરી હોય તો તેના બોલાયેલ શબ્દો સામાના આત્મામાં ગાઢ (ગહરી) અસર કરી શકે.

એક જ વાત સાધુ બોલે અને ગૃહસ્થ બોલે તો સાંભળનાર વિચારે કે સંસારને લાત મારી નીકળનારા પંચ મહાવ્રતધારીના વચનોની (અસર) મારે અનુકરણીય છે. તેની અસર ગુઢ થાય પણ સંસારમાં ગળે ડૂબના વચનોની કાંઈ અસર થતી નથી.

સાધુઓ કલ્યાણને જાણે.......! કલ્યાણ=સારૂં, મંગલકારી... વખાણવા લાયક.....! જીવનમાં આ સારૂં ને આ ખોટું તેમ માનવું તે ભાસ છે. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જાણકારી મળે.

**મોહનીયના ક્ષયોપશમથી ઓળખાય થાય.**

**અંતરના સ્વરૂપનું જ્ઞાન તે ઓળખાણ.**

બહારના સ્વરૂપનું જ્ઞાન તે જાણવું.... અવગમ કરવું.

કલ્ય + = आण=કલ્ય=સ્વસ્થતા. સહેલાઈપૂર્વક જીવન જીવવું તે જગતની દ્રષ્ટિએ સર્વ ઈન્દ્રિયોની પ્રાપ્તિ થયેલી હોય. કલ્ય શાતાવેદનીયનો ઉદય હોય, સર્વપ્રકારની અનુકૂળતા હોય તેને કલ્ય કહેવાય. પણ તે ઔદયિક ભાવનું હોવાથી દ્રવ્ય કલ્યાણ છે. પણ અહીં કર્મ સર્વ ખસી જાય. આત્માનું શુદ્ધ સ્વરૂપ ખબર પડે. અંતરંગ પરિણતિમાં રાગ-દ્વેષ સંકલેશ ન હોય. એવી તે કર્મના ક્ષયથી પ્રાપ્ત થાય (થતી પ્રવૃત્તિ તે ભાવકલ્યાણ)

કર્મનો ઉદય પૂરો થાય ત્યારે ચક્રવર્તી પણ મહાદુઃખી થાય. બ્રહ્મદત્ત ચક્રવર્તી ૧૬ વર્ષ સુધી આર્તધ્યાન કરીને સાતમી નરકે ગયા. બીજાની મહેરબાનીથી થતું કલ્યાણ તે સાચું નહીં....! પણ કર્મનો ક્ષય થાય. મોહનીય કર્મનો અંશ ન રહે. ઘાતી-અઘાતી કર્મનો ક્ષય થાય, કેવલ પામે, અનંતાનંત સુખને પામે એવું જે સુખ તે ભાવકલ્પ.....! कलय मोक्षः अणहिति प्राय इति। - **મોક્ષ તરફ લઈ જાય તે કલ્યાણ.....!** જગતમાં કોઈને સારો ઉપદેશ આપવો મોક્ષ તરફ લઈ જવું તે પરંપરાએ કલ્યાણ......! **જે કર્મના બંધનમાંથી છુટકારો કરાવે તે સીધુ કલ્યાણ....!**

**ઉત્કૃષ્ટ સંયમની આરાધના તે જ ભવમાં કેવલજ્ઞાન અપાવે. મધ્યમ કોટીની આરાધના ત્રીજા ભવમાં કેવલજ્ઞાન અપાવે. જઘન્ય કોટીની સંયમની આરાધના સાત-આઠ ભવમાં કેવલજ્ઞાન અપાવે. મોક્ષે જાય.**

મધ્યમ જઘન્ય કોટીની આરાધના પાંચમા આરા સુધી સતત ચાલે છે. એથી મોક્ષના દ્વાર સુધી પહોંચાય. પછી વાયા-વાયા-મોક્ષે જવાય. **સંયમ શાથી ઓળખાય ? ભગવાનના શાસનના આગમનું શ્રવણ કરવાથી.** શ્રવણ બે પ્રકારે શ્રુ + अण=શ્રવણ. શ્રવ=વહેવું. ભાવમાં अन् પ્રત્યય. **વહેતા પ્રવાહને આપણા કાન સુધી લઈ જવું**

તે શ્રવણ......! એક કાનથી સાંભળવું અને બીજા કાને પ્રવાહની જેમ કાઢી નાખવું તે માત્ર સાંભળવા પુરતું જ છે. તેથી આત્માનું કોઈ ઉત્થાન થતું નથી.

**આત્માના વિવેક બુદ્ધિના પ્રકાશથી મારા આત્માનું હિત શેમાં છે એમ વિચારીને સાંભળવું તે શ્રવણ કહેવાય.**

વ્યાખ્યાનમાં ઊંઘ આવે તો મન અને કાન તેની સાથે જોડાઈ જાય. તે દર્શનાવરણીયનો ઉદય. પત્થર ઉપર પડેલું પાણી થોડી વારે સુકાઈ જાય તેવું સાંભળવા માત્રથી કલ્યાણ નથી. જેનાથી કલ્યાણ માર્ગ ન ઓળખાય તે સાંભળ્યું ન સાંભળ્યું કહેવાય. પણ જે મારા આત્માને કર્મબંધન થાય તેવા કૃત્યોથી ત્યાગની પ્રવૃત્તિ અને કર્મનિર્જરાના કૃત્યોનું કરવું... જેનાથી થાય તે જ સાચું સાંભળવું છે જે સાંભળ્યા પછી હૃદયને, આત્માને સ્પર્શે તે. સાંભળવાનું ફળ તે સંયમની ઓળખાણ. सोच्चा जाणइ पावगं - સંસ્કૃતમાં અગ્નિ થાય पावक=આત્મા. क પ્રત્યય મહત્ત્વનો છે. **સઘળા પાપનો બાપ અવિરતિ છે.** તેમાંથી પાપોની ઉત્પત્તિ થાય. એમાં જો જ્ઞાનનું બળ ભળે તો તે તરફ પ્રવૃત્તિનું મન ન થાય, આંખથી જુએ છે. સામે કૂવો છે, કાંટા છે, માર્ગમાં સાંઢ છે, તો તેવા રસ્તે કોઈ આગળ ન વધે. એમ ગૃહસ્થોને માટે ભાવપાપ=મિથ્યાત્વ. સાધુને માટે ભાવપાપ અવિરતિ છે.

પરમાત્માના શાસનની મર્યાદાને ઉપેક્ષા ભાવને લીધે આજ્ઞાને ઢીલી કરે તે હકીકતમાં અસંયમી છે. પાંચમો આરો છે. બધા એમ જ કરે છે આપણે શું ? એમ બોલવાવાળો અસંયમી પણ હાથ જોડીને પાપનો એકરાર કરે. કરવા જેવું તો આ જ છે પણ અમે પામર છીએ. મનની દુર્બળતાના કારણે ભગવાનની આજ્ઞાનું સંપૂર્ણ રીતે પાલન કરી નથી શકતા. એમ બોલવાવાળો સંયમમાં ઊભો છે ભગવાનની આજ્ઞા વિરૂદ્ધ કરાતી પ્રવૃત્તિ તે અસંયમ ભલે તે પછી

શુભ કે અશુભ આજ્ઞા વિરૂદ્ધ પડિલેહણ-પ્રતિક્રમણ વિગેરે ગમે તે ક્રિયા કરે તો પણ અસંયમ. જગતમાં આરાધના કરનારા ત્રણ વિભાગ છે. ચોથું ગુણસ્થાનક, પાંચમું ગુણસ્થાનક, છટ્ઠું-સાતમું ગુણઠાણું સાતમાથી તો ગાંડી એક્સપ્રેસ... ચાલે, આઠમાથી શ્રેણી માંડીને મોક્ષે પહોંચી જાય.

ચોથા ગુણઠાણાની આરાધના કરનાર અવિરતિ અસંયમી

પાંચમા ગુણઠાણાની આરાધના કરનાર દેશવિરતિ - સંયમાસંયમી

શાસ્ત્રદ્રષ્ટિએ..... દહીં દૂધમાં પગ રાખનારા.

**છટ્ઠા ગુણઠાણે આરાધના કરનાર સંયમી.**

**सोच्चा जाणई कल्लाणं** - છટ્ઠા ગુણઠાણાનો નિર્દેશ.

**सोच्चा जाणई पावणं** - ચોથા ગુણઠાણાનો નિર્દેશ.

**उभयंपि जाणई सोच्चा** - પાંચમા ગુણઠાણાનો નિર્દેશ.

ચોથા ગુણઠાણે સમજે કે હું અસંયમી અવિરતિ છું.. કૃષ્ણ મહારાજ, શ્રેણિક મહારાજ કેટલા અંતરથી ભગવાનના શાસનમાં ઝૂકી જાય. પણ કર્મને વશ થયેલા નવકારશીનું પચ્ચક્ખાણ કરી ન શકે. ભગવાનની આજ્ઞાને માનનાર પણ કેન્દ્રમાં મૂકી ન શકે.

કૃષ્ણ મહારાજા દ્વારીકા નગરીમાં ઢંઢેરો ફેરવ્યો કે જે દીક્ષા લે તેનો મહોત્સવ હું કરૂં. આ ક્યારે થયું ? ભગવાનનું શાસન હૈયામાં વસ્યું ત્યારે....! શ્રેણિક મહારાજાના માણસો રોજે ભગવાન મહાવીર ક્યાં વિચરે છે તે સમાચાર લઈને આવે ત્યારે... શ્રેણિક મહારાજા જે ભગવાનના સમાચાર લઈને આવે તેનું સિંહાસન ઉપરથી ઉઠીને બહુમાન કરે એ ભક્તિરાગ હતો. કારણ મારા ભગવાનના સમાચાર લાવ્યો. અરિહંત પરમાત્માનો અવિહડ રાગ.... સિંહાસન પરથી ઉઠીને જે તરફ ભગવાન વિચરે તે તરફ પગલા ભરીને પાટલો ઢાળીને

૧૦૮ સોનાના જવથી (જવ એ શુકન છે.) સાથિયો કરે. શ્રીફળ મૂકે. ત્રણ ખમાસમણાં આપે.... ત્રણ પ્રદક્ષિણા ફરે. પછી સિંહાસન પર બેસે. જેમ ચોખા શુદ્ધ છે તેમ જવ પણ શુદ્ધ અને મંગલિક છે.

છટ્ઠા ગુણઠાણાવાળો સંયમને ઓળખે. કષાયની ભયંકરતાને વિચારે તેથી સાતમા ગુણઠાણે જવાનો પ્રયત્ન કરે. દેશવિરતિ વિચારે જ્યાંસુધી સર્વથા સંસાર ત્યાગ ન કરું ત્યાંસુધી કાંઈ નથી માટે છટ્ઠા ગુણઠાણા સુધી (જવાનો) પહોંચવાનો પ્રયત્ન કરે. ચોથા ગુણઠાણે અવિરતિના ઉદયમાં જગતના પદાર્થોને પણ છોડી ન શકે. સંસારના મમતાના પદાર્થોને ત્યાગ કરવાનો પ્રયત્ન કરે. શ્રેણિક મહારાજાને બધા જ તીર્થંકર પ્રત્યે ભક્તિ હોય, અવિરતિને સમજીને એનાથી સતત નીકળવાનો પ્રયત્ન હોય તેથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

**જે જ્ઞાન મોહનીય કર્મના સંસ્કારને છોડાવે તે સાચું જ્ઞાન.**

ચોથા ગુણઠાણાવાળો - દેશવિરતિ

પાંચમા ગુણઠાણાવાળો - સર્વવિરતિ

છટ્ઠા ગુણઠાણાવાળો - અપ્રમત્ત સાતમા ગુણઠાણે જવાનું વિચારે તો છેક આગળ વધી શકે.

जो जीवे वि न याणेई - જે આત્મા જીવને જાણતો નથી અજીવને પણ જાણતો નથી. જીવ-અજીવને ન જાણે તે સંયમને કેવી રીતે ટકાવી શકે ? જીવ-અજીવની વિરાધના, કર્મબંધ-નિર્જરાની જાણકારી મેળવવી તે વધુ આવશ્યક છે. જે જીવોની કિલામણા વિરાધના ન જાણે તે સંયમ કેવી રીતે જાણી શકે ?

जो जीवे वि वियाणेइ - જે જીવોને અને અજીવોને પણ જાણે છે. અહિં પણ શબ્દ એકાંગી નથી. अपि શબ્દ એકલા અજીવને જાણે તો કલ્યાણ ન થાય. સાથે જીવને પણ જાણવો જોઈએ. આજકાલનું વિજ્ઞાન અજીવનું જ્ઞાન ઘણું જાણે...

અજીવનું જ્ઞાન શા માટે ? આત્મામાં અજીવ કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ કેવી જાતની અસર કરે તેથી આપણે કેમ ફસીયે તે માટે અજીવને પણ જાણવાનું જરૂરી છે. **ચારિત્રના ટેકામાં જ્ઞાન-દર્શન મહત્ત્વના છે.** શાન-દર્શનની મહત્તા સ્વતંત્રપણે નથી. **અનાદિકાળના સંસ્કારથી દ્રષ્ટિમાં જે મલિનતા આવી ગઈ છે તેને સુધારવા જ્ઞાનની જરૂર છે.**

આત્માનો સ્વભાવ શું છે....? ઔદયિક ભાવની વિકૃતિ થાય. ક્ષયોપશમ ભાવની કેવી પુષ્ટિ થાય તે જાણવા માટે શાનની જરૂર છે. કોઈપણ વસ્તુ સમજવા અંતરનો ઉઘાડ જોઈએ.....! નાના બાળકના હાથમાં હીરો આવે તો તે રમકડું સમજે. બીજાના હાથમાં આવે તો તે હીરો સમજીને કબાટમાં મૂકે અને હીરા પારખના હાથમાં આવે તો કસોટીએ ચઢાવીને તેના અંતરને ઓળખે. સારો હોય તો રાખે, ખરાબ હોય તો ફેંકી દે. **શાસ્ત્રદ્વારા આત્માની માહિતી મેળવે. પણ સાચું જ્ઞાન સમ્યક્‌દર્શનથી થાય.** જ્ઞાનીના ચરણોમાં બેસીને જો મોહનીય કર્મ ઢીલા પાડે તો વિચાર આવે ખબર પડે કે આત્માનો જડ પદાર્થો સાથે સંબંધ બંધાયેલો છે. પણ આ જડ પદાર્થો જીવ વિના રૂપ-રંગ સ્વરૂપમાં આવી ન શકે. ગુલાબનું ફૂલ ખીલેલું કેવું સરસ લાગે. લીલીછમ વનરાજી કેવી સુંદર લાગે ! કોઈની આંખો કમજોર હોય તો લીલીછમ વનરાજી તરફ જોવાનું ડૉક્ટર કહે. એમાં જીવતત્ત્વ રહેલું છે માટે સુંદર લાગે. પણ જ્યારે જીવપણું નાશ પામે, સુકાઈ જાય તો તે સામે જોવાનું પણ મન ન થાય. કરમાઈ ગયેલું ગુલાબનું ફૂલ આંખને આનંદ ન આપે. જીવતત્ત્વ વિકાસ, અજીવતત્ત્વની સુંદરતાનો વિકાસ કરે છુટા-છુટા પડેલા પત્થર, રેત, માટી, સિમેન્ટ કાંઈ શોભાને પામતા નથી પણ જ્યારે સુંદર મહેલ, હાર, હરજી વિગેરે કારીગર જ્યારે સુંદર ચિત્રકામ દ્વારા તેને મનોહર કરી હોય તો જ સુંદર લાગે. નેકલેસ, બંગડી, કંઠી ખાલી પડી હોય તો શોભતી નથી પણ જ્યારે તે યોગ્ય સ્થાને ગોઠવાય ત્યારે જ તે શોભાપાત્ર બને

છે. એકલું અજીવતત્ત્વ સુંદરતાને પામતું નથી પણ જ્યારે તેમાં જીવતત્ત્વનો સંયોગ થાય ત્યારે જ સુંદરતાને પામે છે. જગતમાં જીવનું જ્ઞાન જેટલું જરૂરી છે તેટલું જ અજીવનું પણ જરૂરી છે. આવશ્યક છે.

આત્મા સિદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર છે આ જીવનું જ્ઞાન પણ પીઠ પાછળ શું થાય તેની ખબર પડતી નથી. અનંતજ્ઞાનનો ધણી હોવા છતાં જ્યારે તાવ આવે ત્યારે લડથડિયા ખાય આમ કેમ ? અજીવકર્મના હિસાબે માટે તેને પણ જાણવાની ખાસ જરૂર છે આજના વિજ્ઞાનવાદમાં પહેલી જડની આરાધના છે. તેથી જ આત્મામાં ચેતના શક્તિનો વિકાસ થઈ શકતો નથી.

આ પૂ. સ્વયંભવ સૂરી મહારાજે બતાવ્યું કે પહેલું આત્માનું જ્ઞાન કે પહેલું પુદ્ગલનું જ્ઞાન કલ્યાણકારી થઈ શકતું નથી. પુદ્ગલનું જ્ઞાન આત્મ સાપેક્ષ અને આત્માનું જ્ઞાન પુદ્ગલ સાપેક્ષ હોવું જોઈએ....! બીજામાં જરાક લકવાની અસર થાય તો તે બોલી શકતું નથી. તેનું કારણ અજીવ તત્ત્વ છે. માટે સમજવાની જરૂર છે. **ચતુર્વિધ સંઘની આરાધનાથી ચેતના શક્તિનો વિકાસ થાય. આત્મા કર્મથી હળવો થાય.**

સો તે જીવ-અજીવ, જીવનનું ઘડતર કરવા માટે જીવ-અજીવની ઓળખાણ જરૂરી છે. ૧૩મી ગાથામાં ઉત્તરોત્તર મોક્ષ કેવી રીતે મેળવી શકે તે બતાવશે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૪૭

જીવ-અજીવનું જ્ઞાન અને તેની જયણાના જ્ઞાનથી જો સંયમ જીવ કેળવાય તો મોક્ષ અપનાવે છે તેનો ક્રમ બતાવે છે. જીવ-અજીવનું જ્ઞાન સર્વ ગતિના જીવોના કર્મનું જ્ઞાન કરાવવા માટે છે. અજીવ કર્મ ચોરાશીના ચક્કરમાં કેવી-કેવી ગતિને પ્રાપ્ત કરે તે અજીવના જ્ઞાનથી ખબર પડે. કર્મનો સિદ્ધાંત ખ્યાલમાં આવે. શુભાશુભ પરિણામની ધારાથી કેવી-કેવી, ભિન્ન-ભિન્ન ગતિ પ્રાપ્ત થાય તેની જાણકારી મળે.

દેવને મનુષ્યગતિ મેળવવા કેવો-કેટલો પુણ્યોદય જોઈએ.

તિર્યંચ ને નરકગતિ મેળવવા કેટલો પાપોદય જોઈએ.......!

શાતા વેદનીય કરાવે તે પુણ્ય - એ અર્થ નથી પણ=શુભકર્મ છે. અશાતા વેદનીય કરાવે તે પુણ્ય - એ અર્થ નથી પણ=અશુભ કર્મ છે. એ ઉપરાંત બંધ અને મોક્ષનું જ્ઞાન થાય. આત્માના અધ્યવસાય સુધારીને મોક્ષ કેવી રીતે મેળવે. ભિન્ન-ભિન્ન ગતિનું જ્ઞાન થાય. ત્યારે પુન્ય-પાપ-બંધ-મોક્ષનું જ્ઞાન થાય. જયણામાં જીવ-અજીવનું જ્ઞાન જરૂરી છે. તેથી સંયમ પાલનમાં તેનું મહત્ત્વ છે. **જ્ઞાનનું મહત્ત્વ મોહનીયના સંસ્કાર ઘટાડવા માટે છે.** કર્મ પ્રકૃતિ દુઃખ દેનારી હોય તે જ જ્ઞાનીની નિશ્રામાં સુખ આપનારી થાય છે.

વીતરાગ પરમાત્માની આજ્ઞામાં ચાલવારૂપ જયણા માટે

જીવાજીવના જ્ઞાનનું મહત્ત્વ છે. જ્ઞાનનું મહત્ત્વ શાસનમાં સ્વતંત્ર રીતે નથી. જ્યારે ચાર ગતિનો વિચાર કરે ત્યારે ભલે પુણ્ય શાતાવેદનીયના પદાર્થો લાવી મૂકે તે પુન્યકર્મના ઉદયથી મલનારા દેવતાઈ કે મનુષ્યના ભોગો વાસ્તવિક ભોગો કે સુખ નથી પણ ભયંકર દુઃખની ખાણ છે. તે સુખાભાસમાં ફસાઈને મોહનીય કર્મ બાંધે. તેથી દુઃખની પરંપરા ઊભી રહે. માટે તેને ભોગવવા યોગ્ય ન માને તે સંસારમાં રખડાવનાર માનીને તે તરફ નિર્વેદભાવ કંટાળો કેળવીને ત્યાગ કરે. તાત્કાલિક પરિણામ તરફ ખ્યાલ રાખ્યા સિવાય ભાવિના પરિણામનો વિચાર કરે તે તરફ ખ્યાલ રાખે તે સમજદાર અને જ્ઞાની કહેવાય. **વર્તમાનનો વિચાર કરીને પ્રવૃત્તિ કરનાર અજ્ઞાની....! ભાવિના પરિણામનો વિચાર કરીને પ્રવૃત્તિ કરનાર જ્ઞાની....!** નાનો બાળક દવાની કડવાશનો વિચાર કરીને ત્યાગ કરે પણ ડાહ્યો માણસ તેના ભાવિના પરિણામને ખ્યાલમાં રાખીને રોગને મટાડવા સ્વેચ્છાપૂર્વક... સેવન કરે. પુણ્ય, પાપ, બંધ, મોક્ષનો વિચાર કરતાં આવડે તો વિચારે કે જ્યારે અશુભ પુદ્‌ગલો, પરિણામો પ્રાપ્ત થાય. તો તે દુઃખરૂપે લાગે, ગમે નહી તેમ આજના શુભ પુદ્‌ગલો પરિણામો પ્રાપ્ત થાય તો ભાવિના પરિણામનો વિચાર કરીને પ્રવૃત્તિ કરવી. શુભ પુદ્‌ગલો જો અશક્તિથી ભોગવાય. તો ભાવિમાં અશુભ પરિણામ આવવાનું જ છે.

**वर्तमान योगे न वर्तन्ते स विचक्षणः।** પણ એ ક્યારે જ્યારે વર્તમાન પરિસ્થિતિના કારણે અટકાવવા માટે.. પલટાવવા સમભાવમાં રહેવું. માટે વર્તમાનકાળને જાણીને જીવવાનું કહ્યું છે. ભવિષ્યની બહુ લાંબી કલ્પના ન કરવી. પણ ભાવિમાં શું પરિણામ આવશે એનો વિચાર કરવો જ પડે. બહુ લાંબો ૨૦-૨૫ વર્ષનો વિચાર જેમાં એકલો વિચારનો જ દોર દોડતો હોય. જેમાં આપણાં પ્રયત્ન કારગત ન થાય. જે લાંબા ભાવિના વિચારમાં કાયાથી અથવા વચનથી પહોંચવા શક્તિમાન નથી તેવા વિચારો તે બહુ લાંબા કહેવાય.

પુણ્યના ઉદયે સારા પદાર્થો પ્રાપ્ત થાય. પણ તેમાં થતા રાગ-દ્વેષથી બંધાતા કર્મનો વિચાર કરવો. કારણ એની વિચિત્ર પરિણતિથી સંસાર જ વધે. અશાતાથી તો દરેક પ્રાણીને કંટાળો થાય પણ શુભ પદાર્થોને ભોગવતા ભાવિના પરિણામને વિચારીને નિર્વેદભાવ કેળવવો જોઈએ.

जया निव्विंदये भोये - સંસારના ભોગો વિવેક બુદ્ધિના ગેરહાજરીમાં કર્મના સંસ્કારને વધારે. **દેવતાઈ-મનુષ્યના ભોગો હકીકતમાં સંસારને વધારનાર છે.** એમ માનીને તે તરફ નફરત થાય. તો દુનિયાના મળેલા સંયોગો-ભોગોનો ત્યાગ કરી શકે. જો એને ભોગવવા રહે તો મળેલા બાહ્ય ભોગોનો સાત ક્ષેત્રમાં વિનિયોગ કરે. અને અંતરંગ મન-વચન-કાયાના યોગોનો સુપાત્રમાં ઉપયોગ કરે. જ્ઞાન-ધ્યાન સ્વાધ્યાયમાં ઉપયોગ કરે.

સંયોગો બે પ્રકારના - અભ્યંતર-બાહ્ય....

પુત્ર-ઘર--દુકાન-પૈસા, આભુષણ, મિલ્કત વિગરે બાહ્ય સંયોગો.

અભ્યંતર સંયોગો - રાગ-દ્વેષ, વિષય-કષાય, વાસના, મમત્વની ભાવના એ જ્યારે-જ્યારે પ્રાપ્ત થાય ત્યારે-ત્યારે તેના ઉપાયો અમલમાં મુકવાનો પ્રયત્ન કરે. બાહ્ય-અભ્યંતર સંયોગોનો જો ત્યાગ કરે તો તે સંસારના વ્યવહારમાં જીવન જીવી ન શકે. કારણ છ કાયની વિરાધના ચાલતી જ હોય. માટે તે દ્રવ્યથી માથાનો લોચ અને ભાવથી રાગ-દ્વેષાદિનો લોચ, મોહનીય સંસ્કારનો લોચ કરી બંને પ્રકારે મુંડન થઈ અણગારી અવસ્થામાં આવે. હાસ્યાદિ નવનો કષાય. રાગ-દ્વેષ-મમતા પરિગ્રહ આદિના વાળ ઉગેલા છે તેનો ક્ષય અથવા ક્ષયોપશમ કરવો તે ભાવલોચ....! ક્ષયોપશમ ભાવ દ્વારા લોચ કરાય તો ક્ષાયિકભાવ પ્રગટ થાય. **અંતરમાં ઊગેલી રાગ-દ્વેષની ભાવ ઝાડીને ઉખાડી નાખવી તે ભાવલોચ કહેવાય.....!**

पव्वइये-प्रव्रजेत्-प्र=પ્રકર્ષેણ व्रजेत्=જાય સાધુ થવું એ જુદી વસ્તુ છે અને સાધુપણું એ જુદી વસ્તુ છે. अणगार=ઘર રહીત તે.

ઘર=દ્રવ્યથી ઈંટ, ચૂનો-સીમેન્ટ, રેતથી બંધાયેલુ તે.....!

ભાવઘર-મમત્વને ઉત્પન્ન કરનારા પદાર્થોની બુદ્ધિ... વાસનામાં ન રહે તેનું મુંડણ કરીને અણગાર અવસ્થામાં રહે તે. મમતા-આસક્તિ-રૂચિ. ભાવઘરનો ત્યાગ કરે. સાધુપણાની અવસ્થા તરફ જવાનો પ્રયત્ન ક્યારે ? જ્યારે બાહ્ય-અભ્યંતર સંયોગો નઠારા લાગે. ત્યારે. જો ભાવથી રાગ-દ્વેષનો ત્યાગ ન થાય તો ગમે તેટલા બાહ્ય પદાર્થોનો ત્યાગ કર્યો હોય તો નકામું કારણ ભાવ વિના મુક્તિ મેળવી ન શકે. માટે ભાવથી ત્યાગની જરૂર છે. નહીં તો "ગામકી ઉઠી જંગલમેં ચલી તો ભી લગી જંગલમેં આગ" ઘર-કુંટુંબ-પરિવારનો ત્યાગ કર્યો તો અહીં ભકત-ભકતાણીઓ છે. ઘરમાં પૈસાનો ત્યાગ... અહીં વસ્ત્ર-ઉપધિ-પુસ્તકની મમતા વધારી એક સંસાર છોડ્યો ત્યાં બીજો ઊભો કર્યો. એવું ન થાય માટે.... બાહ્ય-અભ્યંતર ત્યાગ હોવો જોઈએ. અભ્યંતર બાહ્યનો ત્યાગ કર્યો હોય તો મમતા-આસક્તિનો રાગ ન થાય. **ભાવઘરનો છુટકારો થાય ત્યારે બાહ્ય સંસાર ત્યાગની સફળતા છે.**

સંવર=સં=સમ્યક્ પ્રકારે વૃ=વરવું. પરમાત્માની સાથે એકમેક થઈ જવું. **પરમાત્માની આજ્ઞાને પોતાની બનાવી લેવી....! તેમાં તન્મય થઈ જવું... તે સંવર....!**

પ્રાચીન કાળમાં રાજકન્યાઓ સ્વયંવર માટે રાજસભામાં ફુલની માળા લઈને નીકળે દરેકનો પરિચય સાંભળે અને જ્યાં મન ઠરે ત્યાં ફુલની માળા પહેરાવે. વરી જાય=એની થઈ જાય. તેને પોતાનું માને. તેમ આત્મા ભગવાનની આજ્ઞાને પોતાની માને બનાવી લે... તે પ્રમાણે પ્રવૃત્તિ કરે.દ્રવ્ય સંવર = પાંચ મહાવ્રત, અઢાર હજાર સિલાંગનું પાલન પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, નવવાડોનું પાલન તે દ્રવ્ય સંવર...!

ભાવ સંવર :- **ભગવાનની આજ્ઞાને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે, તેમાં તન્મય બને, સ્વભાવમાં રમણતા કરે,** પુદ્‌ગલભાવમાં ન જાંય. આત્મતત્ત્વ સિવાય કોઈપણ વિચારોને આત્મામાં ન લાવે તે ભાવસંવર....!

જ્યારે ભાવસંવર ઉત્કૃષ્ટતાને પામે ત્યારે આશ્રવ ઘટે. તેના પરિણામે કર્મના પરમાણુ પેસવા ન દે.... નિર્જરા કરાવે.

કર્મના પરમાણુમાં આત્માએ રાગ-દ્વેષ ભેળવ્યો ત્યારે કર્મ પોતાની સત્તા ચલાવે છે. કર્મ પાપ કરાવે એમ નહીં પણ અમે અમારા સ્વરૂપને ભૂલ્યા છીએ તેથી પાપ કરીએ છીએ.

ભાવસંવર પાંચમા ગુણસ્થાનકથી શરૂ થાય. પણ જ્યારે સાતમા ગુણઠાણે અપ્રમત્ત દશાનો ઉત્કૃષ્ટ ભાવ સંવર આવે ત્યારે આત્મા સિવાય આખું જગત ભૂલાઈ એવો તન્મય બની જાય કે બે ઘડીમાં કેવલ પામી જાય. આંવો ભાવ સંવર ક્યારે પ્રાપ્ત થાય ? જ્યારે દ્રવ્યસંવર મુંડણ કરીને પ્રવજ્યા લઈએ ત્યારે. સામાન્ય રીતે આશ્રવ અટકે તે દ્રવ્યસંવર. સંસારમાં દ્રવ્યસંવર તે પણ પૂર્ણતાએ નહીં કારણ નવ કોટીના પચ્ચક્ખાણ ન હોય. પણ સાધુજીવનમાં ભાવસંવર પૂર્ણતાયે હોઈ શકે છે.

સંવરનું ફળ કર્મને રોકવું. ૨ થી ૯ જઘન્ય મુહૂર્ત. નવ - (૯) થી ૪૭ મિનિટ સુધી- મધ્યમ અને ૪૮ મિનિટનો ઉત્કૃષ્ટ અંતમુહૂર્ત હોય. ૯ થી ૪૭ મિનિટમાં અસંખ્યાત ભેદ પડે છે. પૂરી બે ઘડી થાય એવું નક્કી નથી માટે કાચી બે ઘડી કહી છે. કોઈ ૪-૮-૧૫-૨૦ મિનિટમાં પણ કેવળ પામી શકે છે. ભગવાનની આજ્ઞા સાથે તદાત્મભાવ કેળવવો તે ભાવસંવર. **ભગવાનની આજ્ઞા હંમેશા અસ્થિર આત્માનો વિકાસ કરનારી છે.** આત્મામાં ભગવાનની આજ્ઞાનું રહસ્ય....... સમજાય જાય તો ભલે મન ઘણીવાર બહાર ભટકતું હોય તો એમ સંઘર્ષ થાય ત્યારે આત્માનો જ વિજય થાય છે.

ઉપયોગની શુધ્ધિમાં, જાગૃતિના બળે ભગવાનની આજ્ઞામાં તદાકાર હોઈએ તો કોઈ વખત મનમાં ખરાબ વિચાર આવે ત્યારે અંતરની જાગૃતિ થાય. અ....રે....રે...! આ શું કરે છે આવા વિચારો કરવા જેવા નથી. એમ બોલવાળો આત્મા કાયાને વચનની પ્રવૃત્તિ કરતાં મનની પ્રવૃત્તિ અતિ સૂક્ષ્મ છે. જ્યારે મનની પ્રવૃત્તિ શુભમાંથી નીકળીને અશુભમાં પ્રવેશે ત્યારે આત્મા જાગ્રત હોય તો.... આર્તધ્યાથી બચી જવાય....!

જ્યારે ભરતે બાહુબલી ઉપર ચક્ર મૂક્યું અને.... બાહુબલીએ રૌદ્રધ્યાનથી મુટ્ઠી ઉપાડી પણ આત્મા જાગૃત હોવાથી ભાવથી રૌદ્રધ્યાન ન થયું. અને તે જ મુષ્ટિથી... માથાનો લોચ કર્યો.

**મન-વચન-કાયાના યોગથી જે ધ્યાન થાય તે દ્રવ્યધ્યાન. આત્માના ઉપયોગ દ્વારા ભગવાનની આજ્ઞામાં એકાકાર થવું તે ભાવ ધ્યાન કહેવાય.....!**

ધ્યાનની ચતુર્ભંગી દ્રવ્યથી ધ્યાન હોય ભાવથી નહીં-બાહુબલીને

ભાવથી ધ્યાન હોય દ્રવ્યથી નહીં.

દ્રવ્યથી ધ્યાન હોય ભાવથી હોય.

ભાવથી ધ્યાન નહીં દ્રવ્યથી નહીં...

બાહુબલીને દ્રવ્યથી રૌદ્ર ધ્યાન પણ ભાવથી નહીં...ભરતને... મારવા મુષ્ટિ ઉપાડી પણ આત્મા જાગૃત હતો. તેથી માથાનો લોચ કર્યો. આત્માની વિચારણા થતી હતી કે આ ખોટું છે આ ખોટું છે. તેથી ભાવથી રૌદ્રધ્યાન નહીં. જ્યારે બાહુબલીએ દીક્ષા લીધી ત્યારે તે જોઈને ભરતને કેટલો પશ્ચાતાપ થાય. જે ભાવથી રૌદ્રધ્યાન હોત તો તેને આટલો પશ્ચતાપ થાત નહીં.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ ઘડીકમાં સાતમી નરકનાં દળીયા ભેગા કર્યા... તરત જ અનુત્તરના દળીયા લઈ બે ઘડીમાં કેવલ પામ્યા....

આત્મા અને મન ભિન્ન છે. ઘણા સૂક્ષ્મ છે. તેને... ઓળખવું ઘણું મુશ્કેલ છે. તેની ભેદરેખા મહાપુરુષોના દ્રષ્ટાંતથી જ જણાય... જ્યારે વિકારોનું તોફાન જાગે તે દ્રવ્યમનની ભૂમિકાનું છે. કે મોહની ભૂમિકાનું છે... કે અંતરાયનું છે. એ જ્યાં સુધી ન ઓળખે ત્યાંસુધી નિર્જરાના ભાવ ન આવે.

**અંતર નિરીક્ષણ કરવા શાસ્ત્રભ્યાસની જરૂર છે !** અંતરનિરીક્ષણ એક ભોમીયો છે. તે માટે શાસ્ત્રની શુધ્ધ સમજણ જોઈએ. તે સમજવા વિશિષ્ટ કોટીનું શ્રુતજ્ઞાન જોઈએ. દ્રવ્ય-ભાવથી મુંડણ થાય ત્યારે ભાવસંવરને સ્પર્શે...! **ભાવસંવર અનુત્તર ધર્મ છે.**

**ચારિત્ર ધર્મનો પ્રાણ સંવર છે. ક્રિયા એ વાડ છે.** પણ ભગવાનની આજ્ઞાની વફાદારી કેટલી ? ગૃહસ્થ કદાચ મનથી ભગવાનની આજ્ઞામાં હોય પણ વ્યવહારથી સંસારનું કાર્ય કરતો હોય તેથી તે બંને પ્રકારના સંવરને ન પામે. પણ સાધુ ભગવંત દ્રવ્ય - ભાવથી બંને પ્રકારે ત્યાગ કરે તે ભાવસંવરને પામે.

ભાવસંવર :- આત્માના ઉપયોગમાં પરમાત્માની આજ્ઞાનું એક સ્વરૂપપણું મનની તન્મયતા નહીં તેઃ અભવિને પણ મન-વચન-કાયાની તન્મયતા હોય તેને અપ્રવિચાર ચારિત્ર હોય. આત્મામાં... મોહનીયકર્મ હોય પણ ક્રિયાનું બળ એટલું જોરદાર હોય કે મોહનીયકર્મ માથું ઊંચુ જ ન કરી શકે. તે ક્રિયાના બળથી ગ્રૈવેયક સુધી પહોંચી શકે છે. છતાં શુધ્ધ ન કહેવાય. તેના કર્મનો વિષ્કંભ થઈ ગયો હોય ભવપ્રત્યયી તેના કર્મ ઉદયમાં ન આવે. /

પૂ. હરિભદ્રસૂરી મહારાજા ઉપદેશ પ્રાસાદગ્રંથમાં.... એક શિકારી પક્ષીઓને મારી ભરણ-પોષણ કરે છે..... ગામમાં પક્ષી ન મળે.... માટે... જંગલમાં..... દાણા વેરે..... જાળ પાથરે... છેડા લઈ બાજુમાં રહે... પક્ષીઓ ચણવા ઉતરે... કોઈ બાજુમાંથી નીકળે તો ધીરે-ધીરે.... ત્યાં મન-વચન-કાયાની પ્રવૃત્તિ કેવી છે ?.... વિચાર

કેવા છે....? તેના આત્માનો ઉપયોગ ખોટો છે.

ઉત્કૃષ્ટકોટીનું ભાવસંવર તે જ ઉત્કૃષ્ટ કોટીનું સાધપણું. ગુરુ મહારાજ પોતાના શિષ્યને સંયમ માર્ગમાં જોડવાનું ધ્યાન અને દેખરેખ રાખે. કોઈ પ્રસંગે ભૂલ કરે તો સારણા, વારણા, ચોયણા કરે તો પણ ન માને તો પડિચોયણા કરે... અહીં કોઈને દંડો મારવાની વાત જ નથી માત્ર વચનયોગની વાત છે.

સારણા ભાઈ શું કરો છો....! આમ ન થાય.

વારણા- એ એવું નહીં કરવાનું...!

ચોયણા - એ શું કરો છો તમને કીધું ન કરાય છતાંય કરો છો.

પડિચોયણા - નાલાયક જેવો છે કેટલીવાર કીધું.....!

પણ.... ગુરુનો આત્મા શુધ્ધ છે. કારણ શિષ્યને સંયમમાં સ્થિર કરવો છે. આત્માના આશયમાં દ્વેષભાવ નહીં..કઠોર શબ્દ વાપરવાથી ભાવ મન તો બગડે. પણ આત્માનો આશય ચોખ્ખો છે ભાવમન=જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ

કોઈ દંભી ઉપરથી મન-વચન-કાયા સારી રાખે. પણ પેટમાં પેસીને પગ પહોળા કરે. તો તેનો આત્મા અશુધ્ધ કહેવાય. **દ્રવ્યક્રિયા વિના ભાવક્રિયા આવે જ નહીં.** ભાવ લાવવા માટે દ્રવ્યક્રિયા ભગવાનની આજ્ઞા પ્રમાણે શાસ્ત્રની મર્યાદા પૂર્વક કરવી જ પડે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૪૮

અનંત ઉપકારી તીર્થાધિપતિ મહાવીર સ્વામી ભગવાને કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી શાસનની સ્થાપના કરી. તેના મૂળ પાયામાં બધા જીવોનું કલ્યાણ થાવ. દુનિયાનો કોઈ પણ જીવ.... કર્મથી પીડિત ન રહે... આવી ભાવનાથી તીર્થંકર નામકર્મ... ઉપાર્જન કર્યું... કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સંયમપાલનનો ઉપદેશ આપ્યો. સંયમ... કોઈ પણ પ્રાણીની મન-વચન-કાયાથી હિંસા ન કરવી. સંયમને નિભાવવો કેવી રીતે ? સંસારમાં ડગલે-પગલે... બીજા જીવની હિંસા થાય છે. તેની વિરાધના કેવી રીતે થાય છે તેનો પણ પ્રકાર જાણવો જોઈએ.

જ્ઞાનીઓએ શ્રી દશવૈકાલિક સૂત્ર બનાવ્યુ... તેમાં સાધુભગવંતે કેવી રીતે બેસવું, ઉઠવું, ચાલવું, વિગેરે બતાવ્યું છે.

ભગવાનની આજ્ઞાને આપણા મગજમાંથી લક્ષ્યમાંથી દૂર નહીં કરવી. જેવો આપણો આત્મા છે એવો જ બધાનો આત્મા છે. આપણને દુઃખ અને મૃત્યુ ગમતું નથી તેવી જ રીતે કોઈને પણ ગમે નહીં. કોઈ જીવ આપણા તરફથી પીડા ન પામે એટલા માટે જ જયણાનું પાલન કરવાનું છે. જીવ-અજીવની જાણકારી હોવી જરૂરી છે.

અજીવ =કર્મનો બંધ કેવી રીતે થાય છે. એ જાણવાથી આત્મા જયણાનું પાલન કરી શકે છે.

જ્ઞાન એ શ્રેષ્ઠ વસ્તુ છે. તેનાથી જયણા, ધ્યાનું પાલન થાય છે. જે જ્ઞાનમાંથી દયા-જયણાનું પાલન થાય છે. તે જ સાચું જ્ઞાન છે. તેના સિવાયનું જ્ઞાન તે અજ્ઞાન જ કહેવાય છે. **જ્ઞાન તે પ્રકાશ રૂપ છે. તેનાથી હેય-સેયની જાણકારી થાય છે.** તેની આગળ જ્યારે મોહનો પડદો આવે છે ત્યારે તે અજ્ઞાન રૂપ થઈ જાય છે. સમયે-સમયે કર્મનો ઉદય બદલાય છે. કર્મોદ્વારા પોતાના જીવનનો સ્પષ્ટપૂર્ણ વિચાર કરવો જોઈએ.

જ્યારે જીવ-અજીવનું જ્ઞાન થાય છે ત્યારે દુનિયાના જેટલા પણ મોહક પદાર્થ હોય છે તેના ઉપર નફરત - તિરસ્કાર થાય છે. આ પદાર્થોની મને કેટલું નુકશાન...? મારું જીવન ખતમ થઈ જાય છે. આવું વિચારવાથી વૈરાગ્ય પ્રાપ્ત થાય છે.

આત્મા - જીવનમાં કષાય-પ્રમાદ-અવિરતિથી મળેલા મન-વચન-કાયાનું પ્રવર્તન.... તેનાથી મળેલી ચેતના તે.... આત્મા...! જીવાત્મા.... જે કર્મથી બંધાયેલો હોય તે જીવાત્મા....! ચેતના શક્તિને આત્મા કહેવાય છે. કર્મના ઉદયથી જ્ઞાન-દર્શન-ચારિત્રની......આવરણ જે છે તે જીવાત્મા...! સંસારના પદાર્થની આધારશીલા કર્મ છે. કર્મ વિના દુનિયાના બધા પદાર્થ આત્માની નજીક આવતા નથી. કર્મનું આવરણ આત્માથી દૂર થાય છે. ચેતના શક્તિ સ્થિર થઈ જાય છે કર્મની તાકાત નથી કે તે આત્માને દબાવી શકે. જ્યારે આત્મા જીવાત્માના સ્વરૂપમાં રહે છે ત્યારે આત્મા સંસારના પદાર્થોનો સંયોગ અને એકઠા કરવાનો મોહ દૂર થઈ જાય છે. તે વિચારે છે મારો આત્મા સિધ્ધ સ્વરૂપી છે.

બહારથી પણ સંયોગ થવા ન દે અને અંદરથી પણ કષાય વિગેરે રાગ-દ્વેષને રોકી લે છે. દુનિયાના પદાર્થોની સાથે મારે કાંઈ સંબંધ નથી. આવું જ્ઞાન થયા બાદ... **तया संवरमुक्किट्ठ**......મારો આત્મા શુધ્ધ સ્વરૂપી અનંત શક્તિ શાલી છે. પુદ્ગલ તો અનિત્ય છે

સડણ-પડણ-નાશ પામવા ના સ્વભાવવાળો છે. દુનિયાના થવાવાળા છે. તેને દૂર કરવાને માટે **જ્ઞાની પુરુષોના ચરણોમાં જઇને જ્ઞાન-દર્શન-ચારિત્ર રત્નત્રયીરૂપ સંયમ ગ્રહણ કર.** કારણકે સંસારમાં રહીને આરંભ-સમારંભનો ત્યાગ હોવો મુશ્કેલ છે. આના માટે માથાના વાળનો લોચ કરીને સંયમ સરળ છે. અને વિષય-કષાયોના જે-જે ભાવો અંદરના જંગલમાં ઉગ્યા છે તેને પણ દૂર કરવાના છે તે ભાવમુંડણ...! વાળને દૂર કરવા તે દ્રવ્યમુંડણ...!

अणगारीयं पव्वेइयं - **સાધુ બનવું તે સરળ છે, માનવ બનવું સરળ છે પણ સાધુ પણું પ્રાપ્ત કરવું તે ઘણું કઠીન છે.** પણ... માનવતા પ્રાપ્ત કરવી ઘણી કઠીન છે. જ્યારે બધા ગુણ એકાકાર થાય ત્યારે અસલ ચીજની પ્રાપ્તિ થાય છે.

સાધુ એટલે સફેદ કપડાં પહેરવા, લોચ-મુંડન થઇ ગયું એનાથી સાધુ થઇ ગયા પણ સાધુતા કયારે આવે છે? જ્યારે વિષય-કષાય-મમતા, આસકિત, પરિગ્રહને દૂર કરવાને માટે વિશિષ્ટ પ્રકારની પ્રવૃત્તિ કરીએ છીએ તે આપણામાં ઘર ન કરી જાય એવા પ્રકારની ભાવના આ સાધુપણાનું પ્રતિક છે. માથાનો લોચ કરવો એ તો સ્વરૂપ છે. અંદરના રાગદ્વેષને કાપવાનું સ્વરૂપ જે ભાવમુંડન ન હોય તો સાધુપણું ઘણું જ દૂર છે. જીવનમાં લક્ષ્ય અને પ્રવૃત્તિ એવી રીતની હોવી જોઇએ. કર્મના ઉદયથી ભાવોમાં ચલ-વિચલતા અથવા ઓછાપણું હોય પણ લક્ષ્ય તો સંપૂર્ણ હોવું જોઇએ.

પ્રવ્રજેત્=પ્ર=વિશેષ કરીને વ્રજેત્ =ચાલી જવું વિશેષ કરીને ચાલ્યા જવું. કયાં જવું છે? ગામમાં અથવા જંગલમાં ....!

જ્ઞાની કહે છે અંદરની આગને ઠંડી કરવા માટે જો પ્રયત્ન નહી કરીએ તો જંગલમાં અથવા વસ્તીમાં કયાંય પણ જાઓ તો પણ મમતા આસકત રાગદ્વેષની ભાવના જણાવવાનું કામ કરશે આમાં વસ્તી અથવા જંગલ કોઇ મુખ્ય કારણ નથી પણ... ચારિત્ર

મોહનીયનો ક્ષયોપશમ મુખ્ય છે. એટલા માટે જ્ઞાનીઓને ભાવકરૂણાથી સમાચારી બનાવી છે. તેનું નામ લોકોત્તર માર્ગ...!

**लोकिक मार्ग :-** દુનિયાના માર્ગનો વિચાર કરવામાં આવે તો ચારિત્ર મોહનીય કર્મને માથે ઉઠાવવાનો ચાન્સ પણ નથી મલતો ઉપાદાનની કોઈ પણ યોગ્યતા પર કારણ સિવાય તેમાં ગતિ નથી થતી. નિમિત્ત વિના કોઈ કર્મ ઉદયમાં નથી આવતું. નિમિત્તનું એટલું સામ્રાજય છે કે નિમિત્ત વગર ઉપાદાન... સફળ નથી કરતું.... નિમિત્તથી ઉપાદાન પણ તેવું બની જાય છે.

ઉપાદાન અશુભ હોવા છતાં પણ શુભમાં પલટાઈ જાય છે.

ઉપાદાન શુભ હોવા છતાં પણ અશુભમાં પલટાઈ જાય છે. નવતત્ત્વમાં કેટલા દ્રવ્ય પરિણામી અને કેટલા અપરિણામી તે બતાવ્યું છે.

નિશ્ચય નયથી કોઈ બદલાતું નથી પણ વ્યવહાર બદલાય છે. નિશ્ચયનયથી બધી વસ્તુ સ્વરૂપમા સ્થિર રહે છે. પરંતુ વ્યવહાર નયથી ફેરફાર થાય છે. સફેદ વસ્ત્ર કલર ચઢાવવાથી કલરીંગ બને છે.-થાય છે.

પરિ=ચારેતરફથી ણામ=નમી જાય ને ચારે બાજુથી જે તૈયાર હોય છે તે પરિણામ. બાહરના પદાર્થોની કાંઈ અસર નથી થતી. એવા અજીવતત્ત્વ - જીવતત્ત્વ બે પદાર્થોના છ દ્રવ્યમાં પરિણામી બતાવ્યા છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ આ ચાર દ્રવ્યોને બાહય નિમિત્તની કોઈ અસર થતી નથી. ધર્માસ્તિકાય ઉપર તલવારથી મારવામાં આવે, પાણી છાંટવામાં આવે, અગ્નિ નાંખવામાં આવે તો પણ તે... ન તો કપાઈ જાય...! ન તો ઠંડીની અસર....! અને ન તો અગ્નિની અસર....! થવાવાળી છે. જ્યાં ધર્માસ્તિકાય ત્યાં અધર્માસ્તિકાય. બહારના પદાર્થોને નિમિત્તથી સ્વરૂપ બદલાતું નથી પોતે-પોતાના સ્વભાવમાં જ રહે છે.

ધર્માસ્તિકાય - ચાલવામાં સહાય.

અધર્માસ્તિકાય - સ્થિર રહેવામાં સહાય.

આકાશાસ્તિકાય - અવગાહન દેવાના સ્વભાવવાળા કાલ =સમય, કોઈ પણ પલટાઈ નહીં. શસ્ત્રોની અસર નહીં. વ્યવહારમાં મહિના, માસ, પક્ષ, દિવસ હોય છે. આ ચારના સિવાય જીવ-અજીવને બાહ્ય નિમિત્તની અસર હોય છે. કારણકે સાથમાં પુદ્‌ગલો છે. એટલા માટે ...! નિશ્ચયનયથી આત્મા પણ અપરિણામી છે. પરંતુ જ્યાંસુધી કર્મના બંધનથી જકડાયેલો છે ત્યાંસુધી કર્મના સહારાથી પરિણામનાં સ્વભાવને મેળવે છે.

શુધ્ધ નિશ્ચયનય - પારમર્થિક કોઈ દ્રવ્ય ક્યારે પણ પલટાય નહીં. તે ખાલી સમજવાને માટે વ્યવહારમાં તેનો કોઈ ઉપયોગ નહીં. જો ઉપયોગ કરવામાં આવે તો બધા પુરુષાર્થથી ઠપ થઈ જાય છે. અનાદિકાળના જે સંસ્કાર એનાથી નિમિત્ત મળવાથી સક્રિય થવાનો મોકો મલી જાય છે. અસલમાં તો..... આત્મા અપરિણામી, સ્થિર છે. એનામાં વિકૃત બનવાની શક્તિ નથી પણ.... પુદ્‌ગલના સ્વભાવથી આત્મામાં વિકૃતિ થાય છે.

કોઈ વ્યક્તિ કંડીલ - (ફાનસ) લઈને જઈ રહ્યો છે. આદમીના ચાલવાથી અંધારામાં પણ કંડીલને ચાલવાની ક્રિયા દેખાય છે. કંડીલ ચાલવાથી અંધારું પણ ચાલી રહયું.... શુધ્ધ નયથી.... આત્મામાં કોઈ પણ રૂપથી પરિણમન નહીં જોઈ શકાતું... આ પ્રમાણે ઉપયોગ કરવામાં આવે અથવા આ પ્રમાણે... વિચારાય તો પુરુષાર્થ વગરનું થઈ જાય છે. એટલા માટે ફકત આ.... મગજમાં જ રાખવાનું છે.

શુધ્ધ નય સમજવાનો જ છે તો એની પ્રરૂપણા કેમ ? આદમી નિમિત્તના સહારાથી થવાવાળા પરિણામમાં લપટાઈ જાય છે તેને પકડવાને માટે શુધ્ધ નયનો સહારો લેવાનો છે જેનાથી શંકા દૂર થઈ જાય છે. રાગ-દ્વેષથી દૂર થવા માટે એનો સહારો લેવાનો છે. પરંતુ

હંમેશા ઉપયોગ નહીં કરવાનો...! અથવા જો હંમેશા તેનો ઉપયોગ થાય તો પ્રશસ્તમાર્ગથી દૂર થવાય છે. આપણે તો અપ્રશસ્તમાર્ગથી દૂર થવાનું છે.

**લૌકીક ધર્મથી લોકોત્તર માર્ગમાં જવું એ દીક્ષા !** લૌકીકધર્મમાં એવા નિમિત્ત છે જેનાથી મોહનીય કર્મ ઉદયમાં આવે છે. અને સંયમમાં આ નિમિત્તોથી દૂર રહેવું જોઈએ. કિનારો.... અપ્રશસ્ત નિમિત્તોથી કરવાનો છે ક્યારેય મુંઝવણમાં ફસાઈ જવાય ત્યારે શુધ્ધનયથી વિચારવાનું છે.

લોકોત્તર = लोकसे ઉત્તર..!

લોકની ઉપર એટલે કે આંખોની ઉપર મસ્તિષ્ક જ્યાં સિધ્ધશીલા આકાર છે. **ચૌદરાજલોકમાં સિધ્ધશીલાનો આદર્શ લક્ષ્યમાં રાખવો.** વર્તમાન કાળમાં જે કર્મોના આવરણથી મારો આત્મા હલંકદોષથી બગડે છે. અરિહંતનો સર્વવિરતિ ચારિત્રનો ઉપદેશ ખ્યાલમાં રાખવો. દરેક પ્રસંગોમાં તીર્થંકર ભગવાનની આજ્ઞાને કેન્દ્રમાં રાખવી તે લોકોત્તર માર્ગ છે. **અનાદિકાળના સંસ્કારોને સૂતા રાખવા, જાગૃત ન થવા દેવા એ લોકોત્તર માર્ગ છે.** સાધુજીવનનો આધાર સ્તંભ છે. ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી એવા ફસાઈ જઈએ છીએ કે લોકોત્તર માર્ગ સુઝતો જ નથી.

બાહ્ય- અભ્યંતર સંસાર ભાવના જ્યારે દૂર થઈ જાય છે ત્યારે દ્રવ્ય લુંચનદ્વારા લોકોત્તર માર્ગમાં આવી જઈએ છીએ. **સાધુ જીવનમાં ભગવાનની આજ્ઞા મુખ્ય છે.**

સંસારી લોકો ભૂખ લાગે ત્યારે ભોજન કરવા બેસે છે. તરસ લાગે ત્યારે પાણી પીએ છે. સંડાસ જવું હોય ત્યારે ચાલ્યા જાય છે. પરંતુ સાધુજીવનમાં લોકથી ઉત્તર જીવન વીતાવવાનું છે. જ્યારે ભૂખ લાગી, તરસ લાગી ત્યારે ખાવા-પીવા બેસતા નથી. કારણકે ભૂખ

લાગી અને ખાવ, અને થોડી વાર પછી ભૂખ લાગીને ખાવ....! આવો ક્રમ તો અનાદિ કાળથી ચાલી રહ્યો છે ક્યારે અંત આવશો ?

જ્યારે ઈચ્છા થાય ત્યારે ગુરુ મહારાજના ચરણોમાં જાય અને તેઓ કહે તે પ્રમાણે કરો....! ગુરુ મહારાજ કહેશે કે ભાઈ....! અત્યારે તમે સ્વાધ્યાય કરો... કાઉસગ્ગ કરો, વૈયાવચ્ચ કરો... ખમાસમણ દો, તેઓ કહે તે પ્રમાણે કરવું... ક્ષુધાવેદનીયનો ઉદય હોય ત્યારે ભૂખ લાગે છે. ભૂખ બે પ્રકારની.... તનની અને.... મનની....!

"તનની ભૂખ તનિક છે. તીન પાવકે શેર.

મનની ભૂખ અનંત છે. નિગલત મેર સુમેર"

ઉંઘ આવે ત્યારે સૂઈ જંવું ભૂખ લાગે ત્યારે ખાવું આ લૌકીક માર્ગ છે. પરંતુ ઊંઘ આવે ત્યારે આંખ ચોળો, પાણીથી ધોવો. પ્રકાશની સામે જુઓ ઊંઘને ઊડાડો આ લોકોત્તર માર્ગ છે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૪૯

અનંત ઉપકારી ચરમ તીર્થાધિપતિ પરમાત્મા મહાવીર પ્રભુના શાસનમાં અધિકારી મહાપુરુષો પોતાના જીવનમાં... મોહના સંસ્કારની ભૂમિકાને કેવી રીતે હટાવી શકે તે માટે વિશિષ્ટ કોટીનું સંયમ જીવન પાળી શકે એવી અપાર કરૂણાના આધારે આ પૂ. સ્વયંભવસૂરી મહારાજાએ આ દશવૈકાલિક સૂત્રનું સંકલન કર્યું છે ધર્મનું સ્વરૂપ સમજવું જોઈએ કે શું વસ્તુ છે. ધર્મના રહસ્યના... મર્મને જાણીયે, સમજીએ, વિચારીએ તો જીવનની ડામાડોળ સ્થિતિ, મનની ચંચળતા, મોહની આધીનતા ખલાસ થઈ જાય.

બીજા અધ્યયનમાં अरति=રમ= રમવું રમમાણ સંયમમાં રમમાણ જેના પ્રતિ એકાકાર થાય તેનો અભાવ તે अरति...! ધર્મના સ્વરૂપની જાણકારી જ્યારે પ્રાપ્ત થાય ત્યારે અનાદિકાળના મોહના સંસ્કારની એવી સ્થિતિ આવી જાય છે કે તેને સંયમ વિના કાંઈ ગમે જ નહીં. તેને **સંયમ એ જ જીવનનો મુદ્રાલેખ થઇ જાય. જેમ બને તેમ સંયમ પ્રાણને બચાવે.**

**સંયમ એટલે આશ્રવ દ્વારો વિરતિ છે.**

ક્રિયા-પ્રતિક્રમણ વિગેરે બાહ્ય સ્વરૂપ છે. "देवा वि तं नमंसंति" આશ્રવ દ્વારને અટકાવનાર પુણ્યશાળીને દેવો પણ નમસ્કાર કરે છે. દેવો પાસે પૌદ્ગલિક પદાર્થો ઋધ્ધિ ઘણી છે. માત્ર આશ્રવના દ્વારને અટકાવવાની શક્તિ ખૂટે છે.

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામીને સૌધર્મેન્દ્ર વાણી સાંભળે તો પણ ઉપયોગમાં પરાવર્તન થયા જ કરે. ઘડીકમાં વાણીમાં આનંદ અને ઘડીકમાં ઉપયોગ દ્વારા નાટકમાં આનંદ માને. મૂળ શરીર દ્વારા દેવો પલંગમાંથી નીચે ઉતરવા જ નથી. વાવડીમાં અથવા ભગવાનના કલ્યાણકો વિગેરેમાં ક્યાંય પણ... જવું હોય તો ઉત્તર વૈક્રિય શરીર દ્વારા જ જાય. ઉત્તર વૈક્રિય શરીર રબ્બર જેવું હોય અનેક રૂપો કરી શકે.

(પ્ર) તો ભરતમહારાજાને સૌધર્મેન્દ્ર મૂળ શરીરે આંગળી કેમ બતાવી....?

જવાબઃ- ભરત મહારાજને સૌધર્મેન્દ્રે આંગળી બતાવી તે મૂળ જેવું જ ઉત્તર વૈક્રિય શરીર પણ બનાવીને બતાવી હતી. દેવોના મૂળ શરીરનું તેજ એટલું હોય કે કોઇ ચર્મચક્ષુથી તેની સામે જોઈ ન શકે. ઉત્તરવૈક્રિય શરીર પણ પોતાની શક્તિ પ્રમાણે જો દેવો બનાવે તો સંસારી જીવો તેના શરીર સામું જોઈ જ ન શકે. પોતાની શક્તિથી અનંતગુણ હીન એવું ઉત્તરવૈક્રિય શરીર બનાવે તેથી આપણે જોઈ શકીએ. કનેકશન મૂળ શરીર સાથે હોય પણ.... ઉપયોગ પરાવર્તન થાય. દેવો પાસે ભૌતિકવાદની સામગ્રી ઘણી છે. મહાવીર સ્વામી ભગવાનને સંગમદેવ ઉપસર્ગ કરવા આવ્યો ત્યારે ઉત્તર વૈક્રિય શરીરથી જ આવે. તેના આવા અકૃત્યો જોઇને સૌધર્મેન્દ્ર રોષાયમાન થઈને તેને ત્યાંથી કાપે છે. ત્યારે તેના મૂળ શરીરને કાઢે છે. તે છ મહિના ઉપસર્ગ કરીને જ્યારે દેવલોકમાં જાય ત્યારે જ સૌધર્મેન્દ્ર તેના ઉત્તર વૈક્રિય શરીર દ્વારા મૂળ શરીરના પુદ્‌ગલો ખેંચી લે. હાલમાં તે મેરુપર્વતની ચૂલિકા ઉપર છે.

**મનુષ્ય મન-વચન-કાયા આત્મા દ્વારા આશ્રવ દ્વારો બંધ કરી શકે પણ દેવો પોતાના જીવનમાં વચન અને કાયાથી જ બંધ કરી શકે.** મન આત્માથી સંવર કરવા યોગ માને પણ બંધ ન કરી શકે.

માટે જ મનુષ્ય જીવનની વિશેષતા છે. દેવોનો એટલો... ઉત્કૃષ્ટ પુન્યોદય છે કે જ્યાં ઈચ્છા થાય ત્યાં તરત જ વસ્તુ હાજર થઈને ભોગવાઈ પણ જાય. પહેલા સમયે ઈચ્છા થાય બીજા સમયે ભોગવાઈ જાય. એ સર્વ અનાભોગથી થાય... આભોગથી તો કોઈક વાર થાય. અનાભોગથી પણ કર્મ બંધાય. મનુષ્યને ઈચ્છા થાય ઓર્ડર કરે. વસ્તુ લાવે, સંસ્કારિત કરે. હાથ દ્વારા મોંઢામાં મૂકે...ચાવે... ત્યારે તે ભોગવાય...! એટલા પુણ્યની ખામી હોય.

ધર્મનું સ્વરૂપ સાક્ષાત્ રીતે આત્માને સમજાઈ જાય તો તેને જીવનમાં અરતિ થાય જ નહીં. અરતિને દૂર કરવાની વાત બીજા અધ્યયનમાં - ત્રીજા અધ્યયનમાં સાધુજીવનમાં બાવન (૫૨) અનાચીર્ણ પદાર્થો બતાવ્યા તેમાં સાધુજીવનની રૂપરેખા બતાવી. અનંતીવાર આત્માએ પર વસ્તુઓનો ત્યાગ કર્યો મેરુપર્વત.... જેટલાં ઓઘા લીધા. પણ તેમાં ખામી છે.

(૧) આરંભ-સમારંભનો ત્યાગ. (૨) પંચ મહાવ્રતનું પાલન (૩) જયણાની પ્રવૃત્તિ. ત્રણ-એક-એકથી ચઢિયાતી છે. આવશ્યક છે. ગૃહસ્થ પણ આરંભ - સમારંભનો ત્યાગ અને જયણા પૂર્વક પ્રવૃત્તિ મન-વચન-કાયા તો કારણ છે. પ્રકૃતિ- સ્થિતિબંધમાં જે પ્રકારે આત્માનો ઉપયોગ હોય તે રીતે કર્મ બંધાય. જેવો આત્માનો... ઉપયોગ તેવો પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ થાય. એક સાથે બંધ - ઉદય - ઉદીરણા - નિર્જરા - આશ્રવ ચાલ્યા કરે છે.

સમવસરણમાં ઈન્દ્રદેશના સાંભળવા આવે પણ આશ્રવ દ્વાર રોકે નહીં તેથી પુણ્યાનુંબંધી પુણ્ય બાંધે અને નિર્જરા અંશે કરે. મન-વચન-કાયાના યોગ સાથે આત્માની ઉપયોગની પ્રધાનતા સમજવાની છે **આત્મા આજ્ઞાને કેન્દ્રમાં રાખીને ચેતના શક્તિનો પ્રવાહ જે દિશામાં લઇ જાય ત્યાં નિર્જરા વધુ થાય.** મન-વચનં-કાયના પરિબળના આધારે આત્માકર્મ બાંધે, કરે. મન-વચન-કાયના

પરિબળના આધારે આત્મા કર્મ નિર્જરા કરે. જ્યારે ભગવાનની આજ્ઞા કેન્દ્રમાં ન હોય અને પૌદ્‌ગલિક ભાવની વૃત્તિ હૈયામાં હોય ત્યારે પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, નવકારના ભાવ ન જાગે, ધર્મક્રિયા પુણ્યબંધ માટે માન સન્માન માટે કરવી છે. એવા ભાવ જાગે. અનાદીકાળના મોહનીયના સંસ્કાર ક્યારે ઓળખાય ? જ્યારે આજ્ઞાને કેન્દ્રમાં રાખી પ્રવૃત્તિ કરે ત્યારે. કર્મબંધમાં મન-વચન-કાયાની સાથે આપણે આત્માના ઉપયોગનો વિચાર કરતા જ નથી. નિર્જરા માટે આત્માના ઉપયોગની મહત્તા છે. યોગથી કર્મ બંધાય. નિર્જરા તો નારકી, દેવો, તિર્યંયવિકલેન્દ્રિય, એકેન્દ્રિય વિગેરે અંશે કરતા હોય છે. તેમાં પણ... સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય શ્રાવક કુલમાં જન્મેલો નથી આગળ વધતા સાધુ-આચાર્ય, ગીતાર્થ વિગેરે જેમ-જેમ ગ્રેડ વધે તેમ-તેમ નિર્જરા વધારે કરે. જો કેન્દ્રમાં ચઢતા ભાવે ઉપયોગ હોય તો અને જો ઉપયોગ ન રહે તો પૌદ્રગલિક ભાવ હોય તો કર્મબંધ વધારે કરે. જયારે દુનિયાના પદાર્થો સાથેનો અભ્યંતર - બાહ્ય સંયોગોનો ત્યાગ કરે ત્યારે તે સાધુપણામાં પહોંચે.

વાળ ઉતારવાનો અર્થ=હું સંસારનો ભાર-મોહ, માયા- મમતા, આસક્તિનેં ઉતારું છું... હકીકતમાં મોહ માયા મમતાના ભારને ઉતારવાનું...! મુંડે મુંડે મતિ ભિન્ના

ગૃહે - ગૃહે ઘટિઃ ભિન્ના ।

એજ સાધુપણાનું પ્રતિક છે. લોચ કરવો તો અંતરના મોહના સંસ્કારોથી ભિન્ન - મુકત થવું. ઔદયિક ભાવ સાથે મારો કોઈ સંબંધ નથી. તીર્થંકર પરમાત્માની આજ્ઞા અને પંચપરમેષ્ઠિ ભગવાન જ મારા છે. પંચસૂત્રમાં પૂ. હરીભદ્ર સૂરી મહારાજે ટીકામાં લખ્યું છે. પંચસૂત્ર કોનું બનાવેલું છે તે ખબર નથી પણ પૂ. હરીભદ્રસૂરી મહારાજે ટીકા લખી ત્યારથી ચિરંતનાચાર્યનું બનાવેલું જણાય છે. ત્રીજા સૂત્રમાં છેલ્લે પ્રવજયાની વ્યાખ્યા લખી છે. ઘણો જ ગંભીર

અર્થ છે.

**सम्म पव्वइया** -સમ્યક્ પ્રકારે પ્રવજ્યા સ્વીકારે લોક ધર્મમાંથી લોકોત્તર ધર્મમાં જવું તે પ્રવજ્યા. વિશિષ્ટ લક્ષની.... પૂર્તિ માટે જીવનનો પ્રવાહ એ બાજુ વહેતો કરવો. અનાદિકાળના મોહના સંસ્કારો જે ડોલી રહયા છે તેને અટકાવી આપણા વહેણને લઈ જવું સાચી ગતિ છે. માટે વ્રજ ધાતુનો ઉપયોગ છે. કર્મબંધનની દિશામાંથી છોડાવીને વિદિશા તરફ લઈ જવું તે પ્રવજયા-દીક્ષા. સંયમ પ્ર=પ્રકર્ષે કરીને વ્રજ=ચાલવું. લૌકીક ધર્મનો ત્યાગ, લોકોત્તર ધર્મનો સ્વીકાર. કરવો સંસારી માણસો જે પોતાના નેચર પ્રમાણે વર્તે તે લૌકીક लोक + उत् + तर = લોકો-તરવું, ત્તર લોકથી ઉત્તર = આપણે લોક ધર્મમાં ડૂબી રહયા છીએ જે ઈચ્છા થાય તે પ્રમાણે... પ્રવૃત્તિ કરીએ. એનો એન્ડ કયારે ? કોઈ દિવસ વિચાર કર્યો નથી. જિનેશ્વર મહાવીર સ્વામી પરમાત્માના શાસનની આરાધના કરવાની તક સંયમજીવનમાં પૂર્ણતયાએ મળે છે. તો શું ક્રીયા કરે ? ક્રિયાથી ઘણી વખત કંટાળો થાય. કારણ ભગવાનની આજ્ઞાનું મહત્ત્વ સમજાયું નથી. અને સમજવા પણ પ્રયત્ન કરતા નથી.

ઉપદેશ પ્રાસાદગ્રંથના બીજા ભાગમાં પૂ. હરીભદ્રસૂરી મહારાજે કહયું-ક્રિયા=સર્જન થવું. **પરમાત્માના શાસનની આજ્ઞા પ્રમાણે મર્યાદાથી, કર્મબંધનથી મુકત થવાં માટે- છુટવા માટે મન-વચન-કાયાની પ્રવૃત્તિ તે ક્રિયા !** બીજી બધી ચેષ્ટા છે.

**ધ્યાન આત્મા વગર થાય જ નહીં ચિંતન મનથી થાય. આપણે મનની ક્રિયાને ધ્યાન માનીએ છીએ.**

ગુરુતત્ત્વ ચિંતન નામના ગ્રંથમાં પૂ. યશોવિજય મહારાજે આઠમી ગાથામાં આત્માના વિકાસને અટકાવનારા બે મળ છે. (૧) ભાવમળ (૨) ક્રિયામળ.

(૧) **ભાવમળ :-** આત્માના અધ્યવસાય પર જે મેલું આવરણ છે કે જેથી આત્મામાં સ્વભાવ રમણતાનો અનુભવ ન થવા દે.

(૨) **ક્રિયામળ :-** જેથી આત્માને વિધિનો ઉપયોગ કંટાળાજનક કંટાળારૂપ લાગે, ગમે તેમ ક્રિયા કરવી તે.

ભાવમાળ=દર્શનમોહનીય, ક્રિયામળ-ચારિત્ર મોહનીય. જગતમાં ભાવમાં અને ક્રિયામાં પણ મળ છે.

ભાવમળ કાઢવો - ઘટાડો થવો સહેલ છે, પણ ક્રિયામળ કાઢવો ઘણો દોહીલો - કઠીન છે. સમ્યક્દર્શન થયા પછી અનંતકાળ વ્યતીત થઈ જાય છે. પણ મોક્ષે જતાં નથી. શ્રેણીક મહારાજ અને સિધ્ધ ભગવંતનું સમ્યક્ત્વ સરખું જ છે. શ્રેણીક મહારાજાને ક્ષાયિક સમ્યગ્દર્શન તો પણ નરકે કેમ ગયા ?

**ક્રિયાપર પ્રેમ થવો ઘણો મુશ્કેલ છે. સમ્યક્દર્શનની સાથે ચારિત્ર આવે.** આશ્રવ અટકે તો ૬,૮,૧૦ ગુણઠાણા સુધી પહોંચાડે. શુષ્ક ક્રિયાનો શો અર્થ ? પોપટીયા પાઠથી મોક્ષ ન મળે. **ભગવાનના શુધ્ધ દ્રવ્ય-ગુણ પર્યાય છે.** મારા અશુધ્ધ કેમ ? તેની વિચારણા સાથે અટકવાનો પ્રયત્ન કરે. તફાવત સમજે તો ઊંચે ચડે.

પ્રવચન પરીક્ષામાં પૂ. ઉપાધ્યાજી મહારાજે સમ્યક્ત્વ આવ્યા પછી જો તે જ ભવમાં વિરતિ ન આવે તો સમ્યક્ત્વ ટકવું મુશ્કેલ છે. વિરતિ ન હોય તો ત્રણ કાળણાં સમ્યક્ત્વ ન ટકે. સમ્યક્ત્વનો વિરતિ સાથે ગાઢ સંબંધ છે. દર્શન અને ચારિત્ર મહત્ત્વનું છે. **જ્ઞાન આત્માના શક્તિનું અવાંતર સાધન છે.** મિથ્યાત્વના પડલથી તે શક્તિ અવરાઈ ગઈ છે. જ્ઞાન આવ્યા પછી વિરતિ આવી જ જોઈએ. એવું સમ્યક્ત્વ આવ્યા પછી ઘણા આત્માને બે ઘડીમાં જ વિરતિ આવી જાય. સમ્યક્ત્વને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ અપૂર્વકરણ કરે. ગ્રંથીભેદ, એનો ઉલ્લાસ વધતાં દેશવિરતિએ પહોંચે પછી તેને સંસાર ન ગમે. શાસ્ત્રની મર્યાદા પૂર્વક વિધિનો ઉપયોગ... રાખવા પૂર્વક ધર્મ

કરણી કરવામાં આવે તો ક્રિયા...!

ચોથા ગુણસ્થાનકે ક્ષાયિક સમ્યક્ત્વ થયા પછી મોક્ષ કેમ નહીં?

**સમ્યગ્દર્શન :-**

આજસુધીના ભવચક્રમાં કયારે પણ આટલો પુરુષાર્થ કર્યો નથી દર્શન મોહનીય કર્મને તોડવા આજસુધી કદી પુરુષાર્થ કર્યો નથી. તે અપૂર્વ વીર્યોલ્લાસ તે અપૂર્વ કરણ....! ૬૩ શલાકા પુરુષો બધા સમ્યક્ત્વ ધારી ૪-૫-૬-૭ ગુણસ્થાનક સુધી આવ્યા આ બધી પૂર્વ તૈયારી કરી. સમ્યક્ત્વ વમ્યા પછી અપૂર્વકરણની જરૂર નથી. ભાવમલને કાઢયો પણ ક્રિયામલને કાઢવા આઠમા ગુણ સ્થાનકે પાછું અપૂર્વ કરણ કરે. ગુણશ્રેણી માંડે. ભાવમલના ક્ષયવાળા ક્રિયા પ્રત્યે નફરત ન કરે. કદાચ ક્રિયા ન પણ કરે. ક્રિયાઓ કરવા જેવી છે. પણ એને કરી શકતા નથી. તે કદી ક્રિયાની વગોવણી ન કરે ક્રિયા શુષ્ક છે... જડ છે એવું પ્રરૂપણ ભાવમલ સંપૂર્ણ ક્ષય થનાર ન કરે.

ભાવાજ્ઞાન :- આત્માના પરિણામની ધારામાં પરમાત્માની સ્વરૂપની જાણકારી થયા પછી તેને અમલમાં મૂકવાની તત્પરતા નથી તે ભાવઅજ્ઞાન...!

**અનાદિ કાળની મમતા તોડવાં બે ઘડીની સમતા કાફી છે.** એવી ક્રિયામાં શક્તિ છે. બે ઘડીમાં મોક્ષ પમાડે.

અનાદિ કાળના મોહના સંસ્કારની ભૂમિકામાં રહેલાને એક વખત એવો નિર્ણય થવો જ જોઈએ. કે **ભગવાનનું શાસન રામબાણ ઔષધ છે. મારા આત્માને મુખ્યતયાએ તારનાર છે.**

સીધું મેટ્રીકમાં ન બેસાય. ધ્યાન-ક્રિયાએ મેટ્રીકનો પાયો છે. તે પહેલા ધર્મધ્યાન-યોગ, ઉપયોગ, આર્તધ્યાન, આશ્રવ, સંવર આત્મા આદિ પ્રાથમિક કક્ષાનો અભ્યાસ કરવો પડે. પછી.... ધ્યાનમાં ઉતરાય.

પરમાત્માની ભક્તિ એટલે શું.....? ભગવાનની બિરૂદાવલી બોલવી, સ્તવન, સ્તુતિ બોલવી એ નહીં...પણ... ભાવભક્તિ.. ભજ્=સેવા=આજ્ઞાપાલન... **જેમાં ભગવાનની આજ્ઞાનું પાલન નહીં તે સેવા અથવા ભક્તિ ન કહેવાય.** આજ્ઞા સિવાય બહુમાન એ બહુમાન નહીં. ઉત્તરાધ્યયનમાં પૂજા ચાર પ્રકારે છે.

(૧) પુષ્પપૂજા, (૨) આમિશ (૩) થય (૪) પડિવત્તી પૂજા. આ પ્રકારો પૂ આનંદઘનજી મહારાજે સુવિધિનાથ ભગવાનના સ્તવનમાં બતાવ્યા છે. પુષ્પપૂજા = જલ- ચંદન- પુષ્પ (૨) આમિશ- નૈવેદ્ય, ધૂપ-દીપ-ફળ (૩) થય = ભગવાનના ગુણગાન સ્તુતિ કરવી. (૪) પડિવત્રીપૂજા આજ્ઞાપાલનમ્ ! ભક્તિ-વિનંતિ :- **પોતાની જાતને સમર્પિત કરવાની તત્પરતા. ભક્તિથી પ્રતિપ્રતિ આવે. ત્રિકાળમાં ભગવાનની આજ્ઞા શાશ્વત છે.** ભગવાન મહાવીર સ્વામી, ઋષભદેવ ભ. સીમધરસ્વામી, અને પદ્મનાભ ભગવાનની સર્વની પણ આજ્ઞા એકજ છે. **આશ્રવ સર્વથા છોડવા લાયક છે સંવર ઉપાદેય છે.**

અહી=સંવરમાં સર્વથા નથી કીધું. જ્યારે માણસ બહાર નીકળે ત્યારે પગમાં પહેરીને નીકળે અને. બહાર મૂકીને અંદર જાય. આશ્રવનો સ્વીકાર અપેક્ષિત છે. એકાંતિક નથી. દ્રવ્ય-સંવર ઉપાદેય છે, ભાવસંવરને મેળવવા માટે..! આશ્રવ બંધ થાય તો સંવર એની મેળે આવે. આશ્રવ નથી તો સંવરની પણ જરૂર નથી. કારણ કેવળજ્ઞાન થયા પછી વિરતિ, ક્રિયા કાંઈ જ ન હોય. કારણ આશ્રવ નથી.

જ્ઞાની ભગવંત તો બતાવે છે કે અનાદિના મોહનીયના સંસ્કારને પલટાવવા ૫-૬-૭ ગુણસ્થાનક ક્રિયામળને અટકાવવા માટે છે તે ક્ષયોપશમ માટે છે. વિશિષ્ટ ભગવાનની આજ્ઞા પ્રમાણે ક્રિયાનું બળ મેળવી શકે માટે.

**વિધિનો ઉપયોગ શાસ્ત્રની મર્યાદા ધર્મનીક્રિયા તે જ ક્રિયા છે.**

पव्वइये - प्रवजेत् -જાય ક્યાં...? **પોતાની જાતને સંસારની ઉપાધિઓમાંથી છોડાવીને લોકોત્તર માર્ગ તરફ જાય તે** प्रवजेत्

લૌકીક ધર્મ - લોકો જેવી રીતે ચાલે તે રીતે ચાલવું તે... લૌકીકધર્મ

લોકોત્તરધર્મ - જેનાથી આત્મા સંસારના પ્રવાહમાં ડૂબે નહીં પણ.... તરીને બહાર નીકળે તે લોકોત્તરધર્મ કહેવાય.

અનાદિકાળના મોહનીયના સંસ્કાર ઉદયમાં આવે ને તે પ્રમાણે ક્રિયા કરે તે લૌકીક ધર્મ.

મોહનીયનો ઉદય હોયતો ક્ષુધા-પિપાસા લાગે. ઘણા સંપ્રદાયમાં - કેવલજ્ઞાનીને વાપરવાની ઈચ્છા ન રહે માટે... કવલાહાર ન કરે.

ઈચ્છા બે પ્રકારે છે.

**(૧) દ્રવ્ય ઇચ્છા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થાય (૨) ભાવઇચ્છા મોહનીયના ક્ષયોપશમથી થાય.** પરમાત્માને કેવલજ્ઞાન થયા પછી દ્રવ્ય કે ભાવ ઈચ્છા ન હોય. માત્ર અનુત્તરવાસી દેવોની શંકાના નિવારણ માટે દ્રવ્યમનનો ઉપયોગ કરે.

**ઘાતીકર્મ-આત્મા ઉપર અસર કરે....!**

**અઘાતી કર્મ - પુદ્ગલ ઉપર અસર કરે...!**

ક્ષુધાવેદનીય ઘાતી છે તેથી પુદ્ગલ ઉપર અસર થાય. જ્યારે મોહનીય ભળે ત્યારે આત્માપર અસર થાય.

સાધુ-સાધ્વીજી ભગવંતોની પણ ટાઈમ થાય તે પહેલાં તરપણી પડિલેહણ થવા માંડે.

એક વખત વાપર્યા પછી ૩ કલાક હોજરીમાં કાંઈ ન નાખવું જોઈએ.

સૂર્યોદય પછી બે પ્રહરે વાપરવું તે લોકોત્તર માર્ગ છેં. બેસણું કરવું તે લૌકીક માર્ગ છે. હોજરીને નાભિકમલની ઉપમા છે. સૂર્યના

કિરણો ૪૫ ડીગ્રી ઉપર ચઢે ત્યારે હોજરી ખુલે.

ભારતવર્ષની સંસ્કૃતિમાં પ્રાચીનકાળમાં સવારે ૧૦ વાગ્યે અને સાંજે ૪ વાગ્યે વાપરતા આજકાલ આ નાસ્તાની પ્રથા નવી નીકળી છે. હોજરી ૧૦ વાગ્યે પૂર્ણ ખુલ્યા પછી પેટમાં નાખવાથી તે પચી શકે અને સાંજે ૪ વાગ્યે વાપરી લઈએ તો તે પચી શકે. કારણકે પછી તે બંધ થવા માંડે. મોડા વાપરવાથી હોજરી બંધ થવાથી ખાધેલ ખોરાક બહાર વેરાયને અજીર્ણ થાય. અપચો વિગેરે રોગોની ઉત્પતિ થાય.

એકાસણું હોય તો કદી રોગો ઉત્પન્ન થાય જ નહીં. સાધુજીવનચર્યામાં.... જેટલો ફેર પડે તેટલું મોહનીયકર્મ ચડી બેસે છે. ઈચ્છા મોહનીયના ઘરની છે. અજીર્ણના ૬ લક્ષણ છે.

સાધુ-સાધ્વીજી ભગવંતોને ભૂખ-તરસ લાગે ત્યારે વપરાય નહીં. માત્રુ-સ્થંડીલની શંકા હોય ત્યારે જવાય નહીં. રોગ લાગે ત્યારે દવા લેવાય નહીં. કારણ કે ઈચ્છાએ મોહનીય કર્મ છે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૫૦

અનંત ઉપકારી ચરમ તીર્થાધિપતિ પરમાત્મા મહાવીરના શાસનમાં પૂર્વ-પુન્યના યોગે મનુષ્ય જીવનમાં સાચી સફળતા રૂપે સર્વવિરતી પ્રાપ્ત થયા પછી નિર્મલ પાલન માટે કાંઈક શાસ્ત્ર મર્યાદા જાણવાની જરૂર છે. મૂળસૂત્રનું જ્ઞાન સાધુજીવનની રૂપરેખાને સમજાવનાર છે. **આખા જીવનનો આધાર મૂળસૂત્ર ઉપર છે.**

સૂત્ર=આગમ- આગમના ભણનારા સ્વાધ્યાય કરનારા સિવાય આગમ શી રીતે ટકી શકે.

ભગવાન મહાવીરના નિર્વાણના ૧૦૦૦ વર્ષ પછી ચાર... મહાદુષ્કાળ પડયા. એમાં કેટલાંક આગમોનો શ્રુતજ્ઞાનનો... વિચ્છેદ થયો. તે સમયે સર્વ જ્ઞાન મૌખિક હતું. પણ જ્યારે તે મોક્ષે સિધાવશે (ત્યારે) પછી સાવ વિચ્છેદ થઈ જશે પણ તે સાવ વિચ્છેદ ન થાય માટે પૂ. દેવર્ધ્ધિગણિ ક્ષમાશ્રમણમહારાજે આ આગમોનું લેખન કર્યું. ૪૪ આગમ મૂળ છે ૪૫મું મૂળ નથી. ભાષ્ય-ચૂર્ણી-ટીકા છે. ખંભાતમાં શાંતિનાથ ભંડારમાં હતું. એમ નોંધ મળે છે. તપાસ કરાવી પણ મળતું નથી. પંચકલ્પ પીસ્તાલીસમું આગમ ૧૬૬૬ સુધી હતું.

લાભના માટે રજુ કરનાર મહાપુરુષોના અભાવે આ ગ્રંથો દિવસે-દિવસે વિચ્છેદ પામે છે. ૪૫મા આગમનું ભાષ્ય ૧૪૦૦ વર્ષ પહેલાંનું છે. સમય જતાં ૪૧ આગમો પાંચમા આરાના છેડા સુધી

નાશ પામશે. માત્ર ચાર આગમો જ રહેશે. ચાર આગમોનું જ્ઞાન હોવા છતાં ગણધર- ગીતાર્થના જેવી જ ગણના પૂ. દુપ્પહસૂરી મહારાજની સૂત્ર ચાલે છે. **જયણાની આચરણા પ્રાપ્ત કરે ત્યારે જ્ઞાન શક્તિનો વિકાસ થાય.**

જ્ઞાનશક્તિ = આત્માના વિકાસનું ઉઘડવું **"જ્ઞાનાવરણીયના ક્ષયોપશમની સાથે મોહનીયનો ક્ષયોપશમ થાય તેથી થતો..... આત્માનો પ્રકાશ તે જ્ઞાનશક્તિ કહેવાય"!**

માણસ અને માણસની શકિતમાં ફેર છે. આત્મતત્ત્વની વાસ્તવિક ભૂમિકા હેયને હેય સમજવા ઉપાદેયને ઉપાદેય... સમજવું એ મોહનીયના ક્ષયોપશમથી આવે. **અનાદિ કાળના.... મોહનીયને હટાવવાની તૈયારી તે જ્ઞાનશક્તિ કહેવાય.**

જયણામાં એકલી સાવચેતી નથી. એકલી જોવાની પ્રવૃત્તિ નથી. પણ જયણાવડે પ્રયત્ન કરે શેનો ? જેનાવડે તીર્થંકર પરમાત્માની આજ્ઞાની નજીક જવાનો પ્રયત્ન તે જ્ઞાનશક્તિ.

સવ્વભુયપ્પ...... **સર્વજીવો પ્રત્યે આત્મતુલ્ય ભાવ એ ભગવાનની આજ્ઞા છે.** જેવો મારો આત્મા છે તેવો જ...... એકેન્દ્રિય, વિકલેન્દ્રિય વિગેરે સર્વજીવોનો છે. 'સર્વભૂતાત્મભાવ' કેળવાઈ જાય તો દરેક જીવોને સમ્યક્ પ્રકારે જોઈ શકે. જોવા - જોવામાં ફેર છે. આ મારો ભાણેજ, ભત્રીજો, બાપ, ભાઈ, બહેન, આ સર્વ મોહનીયનો સંબંધ છે. આ બ્રાહ્મણ, ક્ષત્રિય છે વિગેરે આત્મતત્ત્વથી બધા આત્મા સરખા છે. જ્યારે સંગ્રહ નયથી.. આત્માનું દર્શન કરે. તેમાં એકાકાર બને ત્યારે જ તેને જયણા સહેલ છે. આત્માને આત્મા તરીકે ઓળખીયે, સુખ-દુઃખનું સંવેદન તે સંસારી આત્મા માટે **જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યઆચારનું ચિંત્વન તે વિશિષ્ટ કોટીનું આત્મ ચિંત્વન કહેવાય.**

દ્રવ્ય સાવચેતી અને સાવધાની જ્યારે જ્ઞાનશક્તિ રૂપે પરિણમે મોહનીયના સંસ્કારો ઘટે ત્યારે જ સર્વ પદાર્થોનું... જગતના ભાવોનું જ્ઞાન સ્પષ્ટ થઇ જાય. અમુક મનગમતા પદાર્થોનું જ્ઞાન તે જ્ઞાન. જગતના અર્વ પદાર્થો તેમજ તેની સાથે રહેલા પદોર્થોનું જ્ઞાન તે જ્ઞાનશક્તિ.

જ્યારે જીવ-અજીવના મિશ્રણથી સંસારનું જ્ઞાન થાય ત્યારે પુણ્ય- પાપ- બંધ- મોક્ષના રમતની જાણકારી મળે. તેથી તેને સંસાર ઉપર નિર્વેદ - કંટાળો થાય.

સંસાર બે પ્રકારનો - શુભ - અશુભ.

નિર્વિંદ્રિયે મોયે - નારકી - તિર્યંચના દુઃખોથી કંટાળી જાય તે કંટાળો નથી પણ સારા દેખાતા પદાર્થો પણ મારા આત્માને ડૂબાડનારા એમ વિચારણા તે જ સાચો કંટાળો છે !

જ્યારે દર્શન મોહનીય - ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ હોય તો કંટાળો થાય. દર્શનમોહનીયના ક્ષયોપશમથી સંસારના સર્વ પદાર્થો સામે આવે. તે સર્વ મારા આત્માનું બગાડનાર છે. પેંડામાં જો હલાહલ ઝેર છે એમ જાણકારી થાય તો તે ગમે તેટલી સારી હોય તો પણ તેના ઉપર નફરત જ થાય. કારણ સમજે કે મારી જીવનની ઘટમાળાને અટકાવનાર વસ્તુ તેમાં રહેલી છે. એમ જાણી ત્યાગ કરે. આ જ્ઞાનશક્તિનો પ્રવાહ...!

કોઇ પણ ક્રિયા દુર્લક્ષ - ઉપેક્ષા વિના કરવાની છે. પછી વધેલા સમયમાં ભણવાનું છે.

શક્તિ=આત્માનું જ્ઞાન પુસ્તકી જ્ઞાન આત્માના આવરણને ખસેડીને અંતરના જ્ઞાન સાથે એક થાય ત્યારે તે સાચું જ્ઞાન કહેવાય. ટેપરેકોર્ડીગ જ્ઞાનને બહુ મુલ્ય કે કિંમત શાસ્ત્રકાર ભગવંતોએ આપી નથી.... **જ્ઞાનશક્તિ મોક્ષના દરવાજા સુધી લઇ જાય.** અહીં તેરમી

ગાથામાં જ્ઞાન શક્તિની વાત કરી. અને ૨૫મી ગાથામાં સિધ્ધપદની વાત કરી. જ્ઞાનશક્તિથી સિધ્ધપદની પ્રાપ્તિ થાય. જ્ઞાન પચે ત્યારે આત્માને લાભ થાય. વ્યકિતરૂપ પુસ્તકી જ્ઞાન નહી પણ શક્તિરૂપ જ્ઞાન મોક્ષે લઈ જાય.

**બુધ્ધિને મન ખરડાય ત્યાં સુધી અસર પહોંચે તે વ્યક્તિરૂપ જ્ઞાન આત્માસુધી પહોંચે તે શક્તિરૂપ જ્ઞાન...!**

શકિતકરૂપજ્ઞાન :- જેનામાં અંતરની શકિતઓ પરમાત્માની વફાદારી પૂર્વક સંવરમાં વધવાનો પ્રયત્ન આત્મા..!

આજે આપણે માત્ર સુંદર ફળને જોઈને આકર્ષાઈએ છીએ. પણ તે ક્યાંથી આવ્યું ? તેની વિચારણા ન થાય તો ઉપર ચોટીયા જ્ઞાનથી શું ......?

जो जिवे वि न याणई -જ્ઞાન- જ્ઞાનરૂપે આત્માને એટલું ઉપયોગી થતું નથી. તેટલું મોહનીયના સંસ્કારોને ઘટાડવામાં ઉપયોગી થતું નથી. તેટલું મોહનીયના સંસ્કારોને ઘટાડવામાં ઉપયોગી થાય. તો તે આત્મશકિતરુપ થાય... તેને વ્યવહાર ભાષામાં જ્ઞાન પચ્યું કહેવાય. જ્ઞાન પરિણમ્યુ કહેવાય. જેમ ખાધેલો ખોરાક ત્રણ કલાકમાં પચે પછી એના દ્વારા વધુ.... કસ ખેંચીને લોહી-માંસ-સાત ધાતુરૂપે પરિણમે. **આહાર પચવા માટે આટલી ક્રિયા હોય તો જ્ઞાનને પચાવવા માટે કેટલી ક્રિયા કરવી પડે ?**

જ્ઞાન આવ્યા પછી જયણાની બુધ્ધિ, સંયમની મહત્તા જ્ઞાનીની નિશ્રા ન સમજાય તો સમજવું કે જ્ઞાન પચ્યું નથી. કારણ તે વિષય કષાયના કચરા સહીત છે. જો કચરો સાફ કરવામાં ન આવે તો આંતરડામાં ચોંટી જાય. તેથી ભાવિમાં કેન્સર થાય તેમ..... જ્ઞાનમાંથી કષાય- અભિમાનરૂપી કચરો જો સાફ કરવામાં ન આવે તો ભાવિમાં દુર્ગતિરૂપી રોગો પ્રાપ્ત થાય. **ભણ્યા પછી મનન, ચિંતન,**

**કર્મનિષ્ઠાની જાગૃતિ હોય તો ત્યાગ ઉપાદેયનો આદર થાય. તો તે જ્ઞાન પરિણમ્યું કહેવાય.** એવા પચેલા જ્ઞાનથી સંસાર પર કંટાળો થાય. પછી બાહ્ય-અભ્યંતર સંયોગોનો ત્યાગ થાય ત્યારે મુંડણ કરી અણગારી અવસ્થાને પામે.

શાસ્ત્રીય શબ્દ-પ્રવ્રજેત્ત-એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જવાનું છે. ભગવાનના શાસનમાં જે સંયમી અવસ્થા તે લોકોત્તર.

લૌકીક ભૂમિમાંથી લોકોત્તર ભૂમિકામાં જવું તે સંયમ-દીક્ષા ! દીક્ષા શબ્દના અર્થથી ઘણું જાણવા મળે છે. दि + क्षा = दि = દેવું, क्षा = ક્ષય કરવું. ઉપાધ્યાય પૂ. યશોવિજય મહારાજા દ્વાત્રિંશિકા ગ્રંથમાં છેલ્લી ગાથામાં બતાવે છે. **ગુરુના ચરણોમાં ઈન્દ્રિય-મન-બુધ્ધિ અને આપણી... જાતને સોંપી 'હું' પણાનો ક્ષય કરવો તે દીક્ષા !**

ધોબીના ઘરે નવાં નકોર ઈસ્ત્રી કરેલાં કપડાં ન અપાય પણ મેલા ડાઘા પડેલાં અપાય. પણ મેલા ડાઘા પડેલાં અપાય. તેમ આપણા જીવનમાં આપણે ને ખ્યાલ આવે કે હું રાગ - દ્વેષ - વિષય - કષાયથી ખરડાયેલો છું... હું ગુરુના ચરણે આવ્યો છું અને ગુરુ મહારાજને વિનંતિ કરું કે હે ગુરુદેવ ! હું આ દુઃખોથી કંટાળીને આવ્યો છું. મને આ સંસારમાંથી ઉગારવા આપ જ સમર્થ છો. માટે दि = **પોતાની જાતને ગુરુદેવના ચરણોમાં દાન કરવાનું.** क्षा = **પોતાના અસ્તિત્વનો ક્ષય કરવાનો,** હું નામની ચીજને ખલાસ કરી નાખવાની. જેમ પાણીમાં ખાંડ નાખવામાં આવે ને થોડીવારે તેનું અસ્તિત્વ ન દેખાય પોતાની જાતને ગુરુની આજ્ઞામાં ઓગાળી નાખવી.

**पव्वइये - प्रव्रजेत** - અણગારી પણામાં જાય. ભગવાન જેવા ભગવાનને આ શબ્દ કહેવામાં આવ્યા તે ઉપરથી... બીજાને પણ આ સમજવાનું છે. ભગવાન જાણે છે... પોતે જન્મથી ત્રણ જ્ઞાનના ધણી

હતા. પોતે વૈરાગી છે.... પણ લોકાંતિક દેવો તેમના આચાર પ્રમાણે માત્ર વિનંતિ કરે છે. ભાઈએ (નંદી વર્ધને) ૨ વર્ષ રહેવાનું કહ્યું તે તો નિમિત્ત માત્ર છે પણ તે પોતે જાણતા હતા કે હજુ મારે બે વર્ષ (બાકી છે.) રહેવાનું જ છે. પછી ભાઈને કહે હવે મારો અભિગ્રહ પૂરો થયો. હવે હું સંયમ લેવા ઈચ્છું છું. આ બધી પ્રવૃત્તિ જગતના જીવો માટે છે. ભગવાનને ત્રીજા ભવમાં તીર્થંકર નામકર્મ... નિકાચિત કરે ત્યારે ખબર ન હોય કે હું તીર્થંકરનો આત્મા છું પણ કોઈ તેમને કહે તો જ ખબર પડે. પણ જે ભવે તીર્થંકર થવાના હોય તે ભવે જન્મથી જ ખબર પડી જાય. તીર્થંકર છેલ્લા ભવમાં કલ્પ પ્રમાણે પ્રવૃત્તિ કરે.

પૂ. હરિભદ્રસૂરી મહારાજાએ યોગબિંદુ ગ્રંથમાં આપણા જીવનમાં બે ચક્ર ચાલે છે. તે બતાવ્યા છે.

(૧) ઈચ્છા ચક્ર

(૨) પ્રવૃત્તિ ચક્ર

ઈચ્છા થાય ને પ્રવૃત્તિ થાય આ રોટેશન ચાલ્યા જ કરે. તેથી કર્મ બંધાય અને સંસારમાં રખડવું પડે. તીર્થંકર પરમાત્માને ત્રીજા ભવથી જ ઈચ્છા ચક્ર બંધ... થઈ જાય...!

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમથી જે ઈચ્છા થાય તે કેવલજ્ઞાન સુધી રહે પણ.... મોહનીયના ક્ષયોપશમથી જે ઈચ્છા થાય તે નાશ થઈ જાય. તીર્થંકર પરમાત્માને પોતાના જીવનમાં ઈચ્છા જેવું કાંઈ રહેતું જ નથી. **જગતના સર્વ જીવો પરમાત્માના.... શાસનના રસિયા થાય તેવી ભાવનામાં પોતાના પણ કલ્યાણનો સમાવેશ કરી** દે. તેથી જિનનામકર્મના બંધથી મોહનીયકર્મની ઈચ્છાનો નાશ કરી દે...તેથી ઈચ્છાચક્ર બંધ થઈ જાય.

સ્ટેશન ઉપરથી બે ગાડીઓ રવાના થાય. જંકશન ઉપર બધી

ગાડીઓ રોકાય નાના સ્ટેશન ઉપર અમુક ગાડીઓ જ રોકાય. બધાના સિગ્નલ હોય થ્રુ આઉટ સિગ્નલ હોય તો ગાડી સીધી જાય. 'બે' નંબરનું સિગ્નલ આવે તો ગાડી ધીમી પાડે અને 'એક' નંબરનું સિગ્નલ આપે તો ગાડી ઊભી (રહે.) રાખે.જ્યાં ગાડી ઊભી રાખવાની હોય તેથી ૬ ફર્લોંગ દૂર પિલ્લર હોય તે (સ્ટોપ) **STOP** ચિન્હથી મશીન બંધ કરે અંધારામાં ગાડી નીકળે તો લાલ, કાળા, પીળા રેડીયમ પટ્ટા પાડે... એથી બંધ રાખવાની ખબર પડે. તેમ આપણી ગાડી અનાદિ કાળથી ચાલે છે પણ સ્ટોપેજનું ચિન્હ આવ્યું જ નથી...! **સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યારે 'સ્ટોપેજ'નું ચિન્હ આવે...** હવે આ જીવનની ગાડી અર્ધપુદ્ગલ પરાવર્તન સુધી ચાલે પછી નહી તેમ તીર્થંકર પરમાત્માને 'સવી જીવ કરું શાસન રસી''ના આધારે સમ્યક્ત્વ પામ્યા ત્યારથી જ 'સ્ટોપેજ'નું ચિન્હ થઈ જાય. તેથી અર્ધપુદ્ગલ પરાવર્તન રખડવાનું રહે.'ત્રીજા ભવમાં માત્ર એન્જીન રહે બાકી ભાર ઓછો થઈ જાય.

સામાન્ય વસ્તુની ઈચ્છા થાય તે જ્ઞાનાવરણીય ક્ષયોપશમથી પણ જેમાં મમતાનો આવેશ હોય તો મોહનીયના ઉદયથી... ભગવાન મહાવીર પરમાત્માએ ગર્ભમાં અભિગ્રહ લીધો એ હુંડા અવસર્પિણીનો પ્રભાવ..! આ અભિગ્રહ લેવાનું કારણ દેવાનંદાનું છાતીફાટ રૂદનને વિલાપ હતો. અવધિજ્ઞાનથી જુએ છે દેવાનંદાના સ્વપ્ન ત્રિશલા ક્ષત્રિયાણીએ હરી લીધા. ત્યારથી છાતી કૂટે છે. લગભગ સાતમા મહીને ભગવાને ઉપયોગ મૂક્યો. તીર્થંકર જેવા તીર્થંકરને પણ એવો વિચાર આવ્યો કે મારી માતાને તકલીફ ન થાય. એ મોહનીયની અસર કાળના પ્રભાવે થઈ.

તીર્થંકર પરમાત્માને જ્યારે વરબોધિ (સમ્યક્ત્વ)ની પ્રાપ્તિ થાય ત્યારે જ 'સ્ટોપ' આવી જાય. તીર્થંકર પરમાત્માને પોતાના જીવનમાં કલ્પ પ્રમાણે પ્રવૃત્તિ કરવાની છે.

ભગવાન 'અગાર'માંથી 'અણગારી' અવસ્થામાં જાય એટલે શું..? ઉપાશ્રયો તો અનાદિ કાળનાં છે. ભલે મકાનમાં રહે પણ અણગારી અવસ્થામાં આવે.

જેમ માખી બે પ્રકારે (૧) મધ ઉપર (૨) સાકરના કકડા ઉપર. લીંટ ઉપર બેસેલી માખી, મધનીમાંખી સ્વાદ લે પણ ચોંટી જવાથી પ્રાણ ગુમાવે. અને સાકરના કૂકડા ઉફર બેસનારી માખી સ્વાદ લઈને ઊડી જાય. તેમ સાધુઓ ઉપાશ્રયમાં રહે પણ નિર્લેપ ભાવથી રહે..!

अगाराओ अणगारियं - અણગાર અવસ્થામાં જાય.

**અહં ભાવનો નાશ થાય ત્યારે જાતનું સમર્પણ થાય તે દીક્ષા..!** લોકોત્તર :- જેનાથી આત્મા તરી જાય. આજ્ઞા વડે રાગ-દ્વેષથી બહાર નીકળી જાય તે લોકોત્તર માર્ગ..!

લૌકીક ભાવનું આચરણ કરનારા - મારે ખાવું છે પીવું છે.... એમ બોલવા વાળાને જીતકલ્પમાં એક આયંબીલનું પ્રાયશ્ચિત આપ્યું છે. મારે વાપરવું છે એમ જ બોલાય..! ભૂખ લાગી ખાવું છે. એમ બોલાય જ નહીં...!

**શબ્દના ઝેર તો એવા કાતિલ છે કે તેના ઘા રુઝાતા જ નથી.** પ્રાઈમમિનિસ્ટરને નોકર કહીને બોલાવો તો ન ચાલે...! તે તો પગાર લે છે. ના.. ન ચાલે. (શબ્દ) એકેક શબ્દ અંતરના ભાવોનુંપ્રતિક છે. રોટલી, દાળ, ભાત, શાક, ચમચો એ લૌકીક ભાષા છે. સાધુની ભાષા લોકોત્તર છે.

સંસારી સગાઓને ભાઈ-બા-બાપુજી-કાકા એવી રીતે સંસારી સગપણથી જો બોલાવે તો શરૂઆતમાં એક આયંબીલનું પ્રાયશ્ચિત જેમ-જેમ દીક્ષા પર્યાય વધે તેમ-તેમ પ્રાયશ્ચિત વધતું જાય. એઓને ભાગ્યશાળી - પુણ્યશાળીના નામે સંબોધવું જોઈએ. **મોહનીયના**

**સંસ્કારને નિમિત્ત કારણ ન મળે એવી જાતની ભૂમિકા કેળવવી જોઈએ.** કારણ સંસારી સંબંધે અનાદીના મોહનીયના સંસ્કારો પાછા જીવંતા થઈને મોહ... રૂપી કાળો નાગ-ભુજંગ પોતાનું સ્વરૂપ બતાવીને કરડી ન જાય. ગોટલી વાવી હોય તો જ આંબો થાય... પણ.. જો બાવળીયો વાવે તો આંબો ન થાય. તેમ મૂળમાં જો આજ્ઞા ન હોય તો ઉપર સર્વ આજ્ઞા જ આવે. આજ્ઞા શી ? મોહનીયના... સંસ્કારને દબાવવા દરેક પ્રવૃત્તિ મોહનીયના સંસ્કારને દબાવનારી છે.

જ્યારે સાધુ મહારાજને તરસ લાગે ત્યારે ગુરુ મહારાજને કહે સ્વાધ્યાય કરતાં આવી પરિસ્થિતિ ઊભી થઈ એમ કહે પણ ઈચ્છા વ્યકત ન કરે. કારણ સાધુ જીવન ઈચ્છા ચક્રને રોકવાનું છે. પછી ગુરુ મહારાજ વ્યક્તિ વિશેષને જોઈને વિચારે આ ઈચ્છા ક્ષુધાવેદનીયના ઉદયથી છે અથવા મોહનીયના ઉદયથી છે. પછી તે પ્રમાણે વાપરવાની અથવા સ્વાધ્યાય કરવાની સલાહ આપે. **ગુરુ મહારાજની આજ્ઞાને આધીન હોય તે જ આત્મ કલ્યાણ સાધી શકે.** નહીં તો મેરુ જેટલા ઓઘાના... ઢગલા થયા જ કરે. સાધુ ભગવંતને દીક્ષા એટલે જાતનું સમર્પણ અહંભાવનો નાશ તો ઈચ્છા ક્યાં રહી જ કે મારે પાણી પીવું છે. હૈયામાં આજ્ઞાની-સંયમની ભૂખ જાગે તો.. આજે... પણ એવા આત્માઓ મળે છે.

**ઈચ્છા પ્રધાન જીવવું તે લૌકીક ધર્મ છે.**

**આજ્ઞા પ્રધાન જીવવું તે લોકોત્તર ધર્મ છે.**

# શ્રી દશવૈકાલિક વાચના - ૫૧

અનંત ઉપકારી ચરમ તીર્થાધિપતિ પરમાત્મા મહાવીર દેવ ભગવાન કેવલ પામ્યા પછી સમવસરણમાં બિરાજમાન થઈને કર્મબંધનથી છુટવા માટે માર્ગ બતાવતા સર્વ વિરતિ ચારિત્ર બતાવ્યું. મન-વચન કાયા, કરવું, કરાવવું, અનુમોદવું, બચવું, આજ્ઞામાં રહેવું તે... સર્વવિરતિ ચારિત્ર...! સર્વવિરતિ ધર્મને ટકાવવો શી રીતે...?

પરમાત્માની આજ્ઞાને સમજ્યા વગર આજ્ઞાનું પાલન શી રીતે થાય ? **અનાદીના મોહનીયના સંસ્કારને ઘટાડીને રત્નત્રયીની આરાધના કરવી એ જ ભગવાનની આજ્ઞા...!**

જયણા માટે જ્ઞાનની જરૂર તેથી જીવ-અજીવનું જ્ઞાન થાય. કર્મના પુદ્‌ગલ આત્માને કેવા હેરાન કરે કેવા વિપાકો ભોગવવા પડે તેનું ભાન થયા પછી આત્માને સંસાર તરફ કંટાળો ઉપજે શાતા વેદનીય પણ સંસારમાં રખડાવનારી છે. એ જચે ત્યારે બાહ્ય-અભ્યંતર સંયોગોનો ત્યાગ કરે. તેથી તે સંસારમાં જીવી ન શકે. તેથી મુંડણ થઈ સંયમ સ્વીકારે. **અંતરના કષાયોને મોહનીયના બંધન તોડવા સાધુપણું સ્વીકારું છું...** એમ વિચારીને દીક્ષા લે. અણગાર : દુનિયામાં કોઈ આપણો નથી. હું કોઈનો નથી... પદ્ગલનો વિચાર કરીને **પુદ્‌ગલનો કેન્દ્રમાં ન રાખે પણ આત્માને કેન્દ્રમાં રાખીને જીવે તે અણગાર.** ભગવાનની આજ્ઞાને કેન્દ્રમાં રાખે તે અણગાર અવસ્થા છે !

**વિચારોમાં રાગ-દ્વેષની ભાવનાને હટાવવાનો પ્રયત્ન તે લોકોત્તર...! દુનિયાના લોકો જે પ્રવૃત્તિ કરે તે લૌકીક..!**

ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ આદિ તપ ન કરી શકે માટે દ્રવ્યથી દુનિયાના પદાર્થોનો એટલા પુરતો જ ઉપયોગ કરે. જે ગુમડું થયું હોય તો તેને પરિમિત અને અધર હાથે મલમ લગાડાય છે. તેમ આહાર વિગેરે જોઈએ તે કરતાં ઓછો અને અધર-અધર સારા-ખોટા પદાર્થોનો સ્વાદને લીધા વગર એક દાઢથી બીજી દાઢમાં ફેરવવામાં નિષેધ કર્યો છે. માટે પ્રયત્ન ન કરવો એ પ્રમાણે જ્ઞાની ભગવંતોએ ફરમાવ્યું છે.

ઓગણીશમી ગાથામાં - જ્યારે મુંડ થઈને દુનિયાના પદાર્થોથી અળગા થાય અને અતંરંગ રાગ-દ્વેષ મોહના સંસ્કારથી અળગા થઈને જ્યારે લોકોત્તર અવસ્થા પ્રાપ્ત કરે. ત્યારે ઉત્કૃષ્ટ એવા સંવર જીવનની સ્પર્શતા થાય. સાધુજીવન અને ગૃહસ્થ જીવનમાં તફાવત કેટલો ?

**જેના કેન્દ્રમાં, પાયામાં, ફળમાં આશ્રવ તે ગૃહસ્થજીવન છે..!**

**જેના કેન્દ્રમાં, પાયામાં, ફળમાં સંવર તે સાધુજીવન છે...!**

સંવર સમયે-સમયે મન-વચન-કાયાના દ્વારોથી આવતા પરમાણુઓને અટકાવવાની તૈયારી થાય તે સંવર. ગૃહસ્થ જીવન મન-વચન-કાયાની પ્રવૃત્તિને થંભાવવાનો વિચાર સ્ફુરે તેને ખુંચતો હોય તો પણ થંભાવી ન શકે. કારણ મોહમાયામાં ખુંચેલો છે..!

જગતમાં જીવન જીવવા માટે પ્રયત્ન કરનાર ગ્રહસ્થ સમજે કે જે પ્રવૃત્તિ મન-વચન-કાયાથી થાય છે તે કરવા યોગ્ય નથી. પણ શરીર ટકાવવા કુંટુંબનું ભરણપોષણ કરવું પડે છે. તેને આશ્રવ કરવો જ પડે. સત્તર પ્રકારની સંયમની ભૂમિકા આવ્યા સિવાય સંવર ન આવી શકે.

નવતત્ત્વમાં - દ્રવ્ય સંવર = તાત્કાલિક આવતાં કર્મ પુદ્ગલને

અટકાવવા તે દ્રવ્ય. તે અભવિને પણ હોય. **સમ્યક્દર્શન થાય ત્યારથી (દ્રવ્ય) સંવર શરૂ થઈ જાય.** આવતાં કર્મ પુદ્ગલનો બંધ થઈ જાય જ્યાં સુધી તેનો પાયો ખતમ કરવામાં ન આવે ત્યાં સુધી ભાવ આશ્રવ ચાલ્યા જ કરે.

ભાવસંવર :- **કર્મ એ આત્માને નુકસાન કરનારા છે. માટે કર્મના આશ્રવનું અટકાવવું તે ભાવસંવર.** મિથ્યાત્વીને દ્રવ્ય સંવર હોય પણ ભાવ સંવર નહીં. અશુભ કર્મને આત્માના નુકસાન કારક સમજે પણ... શુભકર્મને ત્યાજ્ય ન સમજે. માટે પાપને અટકાવે પણ પુણ્યને નહીં. તે દ્રવ્યથી.

સમ્યક્ત્વ સાથે ભાવ સંવર સંકળાયેલો છે. શુભ કે અશુભ કર્મ મારા આત્માને અવરોધ કરનારા છે. શુભ કર્મ પરંપરાએ અવરોધ કરનારા અને અશુભ કર્મ તાત્કાલિક અટકાવનારા છે. બંને આત્મશક્તિના ઘાતક છે. માટે ત્યાજ્ય છે. અભવિ-મિથ્યાત્વી દ્રવ્ય સંવર કરે. ભાવસંવર નહીં. મિથ્યાત્વ-મોહનીય કર્મનો ક્ષય થાય રાગ-દ્વેષની ગ્રંથી ભેદાય અનાદીના ભીસમાંથી બહાર આવે તે ભાવસંવર. આવતા કર્મોને અટકાવવા જેવા માનીને અટકાવવાતે ભાવસંવર. દ્રવ્યસંવર કર્મ નિર્જરાનું કારણ તો ખરું પણ તેની નિર્જરા સાથે પુણ્ય પણ બંધાય તે અકામ નિર્જરા સાથે લેખાય.

શુભ-અશુભ કર્મ અનાદીકાળની મારી મોહનીયકર્મના ક્ષયની ભાવનાને અવરોધ કરનાર છે. આ વાત જ્યાં સુધી સમજાય નહીં ત્યાં સુધી સાચો સંવર થાય નહીં. કોઈ માણસ ૫૬ ઇંચી કોટ પહેરીને અપ્ટુડેટ થઈને ૪૨૦ના કામ કરે જો આપણને ખબર પડે તો તેને દુકાનમાં પેસવા ન દઈએ. તેમ કર્મના ભયંકર સ્વરૂપને ઓળખ્યા પછી જ સાચો સંવર થાય. કર્મને પેસવા જ ન દઈએ. દ્રવ્ય-સંવરથી આત્માને અકામ નિર્જરાનો લાભ થાય. અનુત્તર, અનુપમ, શ્રેષ્ઠ ધર્મસ્વરૂપ દ્રવ્ય સંવર-પુણ્ય સ્વરૂપમાં જાય. સમ્યક્ત્વની પ્રાપ્તિમાં

ભાવસંવર થાય. અજ્ઞાની આત્મા શુભકર્મને ભાઈબંધ માનવાની ભ્રમણામાં ફસાઈ જાય છે.. માટે... નવકારમહામંત્રના પ્રથમ પદમાં "નમો અરિહંતાણં" ૩૪ અતિશય, ૩૫ ગુણોથી યુક્ત, એવા અરિહંત પૂજાને યોગ્ય છે. તે અરિહંતને નમસ્કાર કર્યો છે. પણ નિર્યૂક્તિ અર્થ કરવા જઈએ તો અરિ=દુશ્મન. ટુંકી બુધ્ધિવાળો ભડકી જાય. - "મિત્તિમે સવ્વ ભૂએસુ" માં દુશ્મનનો પ્રયોગ જ નથી પણ સર્વજીવોમાં મિત્રતાનો પ્રયોગ છે.

જીનશાસનની આરાધના કરનાર આત્મા કોઈપણ વ્યક્તિને દુશ્મન એ ભારે શબ્દથી ઓળખે કે સંબોધે જ નહીં. નવકાર અનાદીકાળથી ચાલ્યો આવે છે. તેની રચના તીર્થંકરો કે ગણધરોએ કોઈએ પણ કરેલી નથી તે તો શાશ્વત છે.

સમ્યક્દ્રષ્ટિ આત્માને દુશ્મન કહેવું એ જ ગુન્હો છે. એ જ મિથ્યાત્વ છે તો શું એમને નમસ્કાર કરે ? ગુરુમહારાજ કહે દુશ્મન કોણ ? જે આપણું બગાડે તે. આપણે એટલે કોણ ? પુદ્ગલ ભાવ, સંપત્તિ, વેપાર, કુંટુંબ.. અ..રે..રે.. શું કરે છે ? ના આપણે = આત્મા. એમાંથી આ દુનિયાનું સર્જન છે કર્મ દ્વારા મન-બુધ્ધિ, શરીર મળ્યું છે. આ સર્વ કર્મનું તોફાન છે. આત્માનું બગાડે તે દુશ્મન...! કોણ...? કર્મ આત્માનું બગાડે છે. સદ્બુધ્ધિ ન આવવાદે. વાસના ઉત્પન્ન કરાવે. ઈચ્છા પૂર્ણ ન થાય તો ધમધમાટ કરાવે એ કર્મ નો ઉદય છે.

નમો અરિહંતાણંના બદલો નમો કમ્મહંતાણં કરો તો શું વાંધો? કર્મને નાશ કરનાર એથી કર્મ એ ભયંકર છે. દુશ્મન છે. આત્માનું બગાડનાર છે. એનો ઊંડાણથી ખ્યાલ ન આવે. આરે = કર્મ.. જો સીધુ કર્મ કહેવામાં આવે તો જે વાત કહેવી છે તેનો પાયો જામે નહીં. લોકોના મગજમાં બેસે નહીં. કર્મ એ ખરાબ છે દુનિયામાં કર્મ સિવાય કોઈ દુશ્મન જ નથી. અરિ = એ પર્યાયવાચી છે. માણસને

જેમ માણસ... આદમી-નર-ઈન્સાન-મેન કહેવાય. તેમ અરિ એ કર્મનો પર્યાયવાચી છે. કર્મ સિવાય કોઈ દુશ્મન નથી એ વાતને સાબિત કરવા માટે અરિ શબ્દ મૂક્યો છે.

સંવર = સાધુપણાનો પાયો છે.

આશ્રવ = ગૃહસ્થનો પાયો છો.

જેના પાયામાં આશ્રવ હોય તેને સાધુના કપડાં હોય તો પણ... નિશ્ચયથી ગૃહસ્થ જ કહેવાય.

જ્યારે સાધુ ભાવમુંડ અવસ્થાને પામે ત્યારે ઉત્કટ, અનુપમ, અનુત્તર, ધર્મ સ્વરૂપ સંવર એટલે જેનાથી કર્મ નિર્જરા અને કર્મબંધનો ઘટાડો થાય. દ્રવ્ય સંવરમાં કર્મબંધ થાય પણ ભાવ સંવરમાં નહીં. અભવિ આત્મા સાધુપણું માખીની પાંખ જેવું નિર્મલ નિરતિચાર ચારિત્ર પાળે. બગલાની પાંખ સારી કે માખીની પાંખ સારી..? માખીની પાંખ મેલી છે. બગલાની પાંખ સાફ છે છતાંય માખીની પાંખ જેવું ચારિત્ર કેમ કહેવાય ? બધા પશુ-પક્ષી કરતાં માખીને જ એવી સંજ્ઞા છે કે તે નવરી થાય કે કુદરતી બે પગ દ્વારા પાંખોને સાફ કર્યા જ કરે છે. તેને દ્રવ્ય મન નથી ભાવ મન જ છે. ઓઘ સંજ્ઞાથી પાંખોને સહેજ પણ મેલી ન થવા દે. તેની ઓટોમેટીક ક્રિયા ચાલ્યા જ કરે. તેમ અભવીનો આત્મા સમયે સમયે પોતાની જાતને ભગવાનની આજ્ઞા વિરુધ્ધ પ્રવૃત્તિ ન થાય માટે નિરંતર ઉપયોગ રાખે. જાગૃતિ રાખે મને ચારિત્રમાં ક્યાંય દુષણ ન લાગે માટે અભવીને દ્રવ્ય સંવર છે પરંતુ ભાવસંવર નથી ભાવસંજ્ઞા-ચેતના શક્તિ છે. ઓઘસંજ્ઞા ભાવમનનું કારણ છે. માત્ર દ્રવ્યસંવર મિથ્યાત્વીને પણ હોય.

દ્રવ્ય સંવર સાથે ભાવસંવર સમ્યક્ત્વીને જ હોય. મિથ્યાત્વીને ન હોય. કર્મ એ મારા દુશ્મન છે તેને લેવા જેવા જ નથી. એવી માન્યતાના પ્રકાશમાં કર્મને આવતાં અટકાવવાનો પ્રયત્ન તે

ભાવસંવર...!

અણગાર અવસ્થા આવવા સાથે ભાવ સંવરની પ્રાપ્તિ થાય. ભાવ સંવર ઉત્કૃષ્ટ કોટીનુ અને અનુત્તર શ્રેષ્ઠ કોટીનું હોય ત્યારે જ (ભાવ) નિર્જરાનું તત્ત્વ વધે. અશુભ કર્મને અટકાવવાનો પ્રયત્ન તે... દ્રવ્યસંવર. કારણ પરંપરાએ આત્માને રખડાવનારા છે. પણ ભાવ સંવર આત્માને મોક્ષે પહોંચાડનાર છે. અભવિને વિચાર હોય છે. જેટલો દ્રવ્ય સંવર, જેટલો વધારે કરે તેટલા પુણ્યની પ્રાપ્તિ થાય તેથી ઊંચા દેવલોકના સુખ ભોગવું માટે અભવિનું ચારિત્ર નિર્મળ નિરતિચાર હોય છે.

જેમ માખીને પાંખ સાફ કરવાની તત્પરતા હોય તેટલો ઉપયોગ મન-વચન-કાયાથી અભવીને હોય. કારણ વધુને વધુ દેવલોકના સુખ મેળવવા છે માટે દ્રવ્ય ચારિત્રમાં નિર્જરા ગૌણ છે. પુણ્ય વધુ બાંધે.

પાંચમા ગુણઠાણે અસંખ્યાત ગુણ અધિક નિર્જરા છે અને તેથી છટ્ઠા ગુણઠાણે વધુ નિર્જરા છે. સાતમા ગુણઠાણે તેથી વધુ નિર્જરા છે. જેમ-જેમ આગળના ગુણઠાણા સ્પર્શે તેમ-તેમ ભાવ નિર્જરા વધે પરિણામે મોક્ષ જલ્દી મળે. સાતમું પગથીયું ઉત્કૃષ્ટ કોટીનું ભાવ સંવરછે. પછી શું કરે ? ઉત્કૃષ્ટ કોટીનું ભાવસંવર કરે એટલે જે નિર્જરાનું કારણ છે તે ક્ષપક શ્રેણી ઉત્કૃષ્ટ કોટીનું ભાવસંવર છે. કર્મરજને ધુણાવી નાખે. ધર્મ = આત્માને કર્મબંધનમાંથી છોડાવે તે. ધુણાવવું = કુતરું ઊંઘમાંથી જાગે ત્યારે આખું શરીર ધુણાવી મૂકે. જેથી બધી રજ ખરી જાય તેમ આત્મા સંવરના બળે કર્મરજને ધુણાવીને ખેરવી નાખે કર્મ = કષાય જન્ય પરિણામ રસસ્થિતિ બંધ દ્વારા આત્માને વળગેલા પરમાણું પદાર્થો તે કર્મબંધ-યોગજન્ય પ્રવૃત્તિથી જે કર્મ બંધાય તે રજ. યોગના હેતુથી પ્રદેશબંધ થાય. સ્થિતિ અને કર્મ.

કર્મ = કરી શકે...! રજ કાંઈ કરી ન શકે તે. નિંદા - આલોચના દ્વારા ચાલી જાય પણ કર્મ અસર કરે.

अबोहि. कलुसं कडं - કર્મ અબોધિ ભગવાનનું શાસન ન મળવાથી જયણાપૂર્વક પ્રવૃત્તિ નહીં. જ્ઞાનીની આજ્ઞાનો ઉપયોગ ન રાખ્યો. એથી થયેલો જે મોહનીયનો ઉદય તે કર્મ. કર્મની શક્તિ સામે આત્માનું કાંઈ ન ચાલે તે સાચું હોવા છતાં મિથ્યાત્વનું છે. કારણ આત્માની શક્તિ વિરાટ છે.

કર્મને શરમ નથી એ ક્યાં સુધી...? જ્યાં સુધી જિન શાસનને ન પામીએ ત્યાં સુધી.

જિનશાસન=ધર્મસત્તાનું મહાસામ્રાજ્ય છે. કર્મના ટાંટીયા ઢીલા કરવાની શક્તિ ધર્મસત્તાના સામ્રાજ્યમાં છે. પોલીસપાર્ટી.... મિનિસ્ટર સાથે ભાઈબંધી હોય તો એની તાકાત છે એને રોકી શકે તેમ ધર્મસત્તા સામે કર્મસત્તા ધ્રુજી ઉઠે છે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૫૨

શ્રી દશવૈકાલિક સૂત્ર ચોથા અધ્યાયમાં સુંદર વાતો કહે છે કે

જયણા માટે જીવ-અજીવનું જ્ઞાન જોઈએ. એ વિના જયણા ન આવે. જે જીવાજીવને જાણી શકે તે સર્વ પદાર્થોને જીવોને જાણી શકે છે. જે જાણી શકે તે પુણ્ય-પાપ-બંધને મોક્ષને જાણી શકે તેને ચોથી ભૂમિકામાં સંસાર પ્રત્યે નિર્વેદ થાય તે પાંચમી.... ભૂમિકામાં બાહ્યાભ્યતંર સંયોગોનો ત્યાગ કરે. જે ત્યાગ કરે તે છટ્ટી ભૂમિકામાં મુંડ થઈને અણગારી અવસ્થા પામે અણગારી થાય તે સાતમી ભૂમિકામાં તે ધર્મને સ્પર્શીને ઉત્કૃષ્ટ અનુત્તર એવા સંવર ધર્મનું પાલન કરે પછી તે કર્મરજને ધુણાવી નાખે. જે સ્થિતિ રસ કષાય જન્ય છે તેને કર્મ કહેવાય.

પ્રદેશ યોગજન્ય છે. આત્માના ગુણો ઉપર આવરણ કરવાની શક્તિ વધારે આવે જ્યારે સ્થિતિ રસ ભળે ત્યારે.

अबोहि कलुसं નો અર્થ - ટીકામાં મિથ્યાત્વી કર્યો છે. અબોધિની કલુસા રહેલી છે જેમાં કષાયની મલિનતા છે.

બોધિ = સમ્યક્જ્ઞાનનું કાર્ય. **સંસારમાં સમસ્ત પદાર્થોમાંથી મારા આત્માના હિતકારી પદાર્થો કયા તેની તારવણી કરે તે સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્રનો સમન્વય તે જિનશાસન.** જુદી - જુદી હોય તો જિનશાસન ન આવે. જ્યાં સુધી સમ્યક્ત્વ ન આવે ત્યાં સુધી

જિનશાસનની સાચી ઓળખાણ નહીં થાય. બોધિબીજ = જેનાથી આત્માને બોધિની પ્રાપ્તિ થાય તે...! જીવનમાં ઉત્કૃષ્ટ અનુપમ ભાવસંવર આજ સુધી આત્માએ પ્રાપ્ત કર્યો નથી. એવો ભાવસંવર જ્યારે આત્માને પ્રાપ્ત થાય ત્યારે કર્મને ધુણાવી નાખે. પોતાના જીવનમાં કલુષિત પરિણામ થયો હોય તેને નિંદા ગર્હાથી ધુણાવી નાંખે. સંકલેશથી કષાય ટકે લેશ્યા ઉત્પન્ન થાય તેથી તીવ્ર રસવડે સ્થિતિ મોટી બંધાય તેથી આત્મા વિચારે એનાથી મારો સંસાર વધે તેથી સંકલીષ્ટ પરિણામથી પાછો ફરે. વિશુધ્ધમાન પરિણામ તરફ વળે જેથી સ્થિતિરસને ખલાસ થતાં વાર ન થાય પછી કર્મ રજરૂપ બની જાય. એને માત્ર ઝાપટ મારવાની જ જરૂર છે. કપડાંને સામાન્ય રસ ચોંટી જાય તો તેને ઝાપટ મારે એટલે રજ ખરી જાય. ચીકાશ હોય તો સાબુ-સોડા વાપરવા પડે. ચીકાશ જાય એટલે રજ પણ જાય. રજ = ખાલી યોગજન્ય બંધાયેલા કર્મ છે.

સાધુજીવનમાં જયણાને ઉપયોગની પ્રવૃત્તિ કેટલી જરૂર છે. તેમાં જયણા-ઉપયોગની પ્રવૃત્તિમાં જ્ઞાનીની આજ્ઞા ઘણી મહત્ત્વની છે. **સમ્યક્ ચારિત્રને ટકાવનાર સમ્યગ્ દર્શન છે.** સમ્યગ્ જ્ઞાનને દર્શન તે બંનેમાંથી સમ્યક્ દર્શનની ખાસ જરૂર છે. એમાં ચારિત્રની.... ભૂમિકા ગર્ભિત રીતે રહેલી છે. સમ્યક્ જ્ઞાન અને ચારિત્ર તે બંનેમાંથી સમ્યક્ ચારિત્ર મહત્ત્વપૂર્ણ છે. તેને ખાસ સમજવાનું છે. હકીકતમાં ચારિત્ર ક્રિયા છે. ભણવા પાછળ સમાચારી, આજ્ઞા, ક્રિયા બધું ગૌણ થાય એવું ક્યારે બને? જ્યારે આત્મામાં જયણાએ ભગવાનની આજ્ઞા નથી એવું માને આથી ચારિત્રની ભૂમિકા નબળી પડે આથી જયણાના ઉપયોગને કેળવે સમાચારીના પાલનથી મોહનીયકર્મના ભુક્કા બોલાઈ જાય. જેથી જ્ઞાનનું આવરણ નાશ થઈ જાય.

ચારિત્રને ગૌણ કરીને મેળવાતું જ્ઞાન તે ચારિત્રની ભૂમિકા

નબળી પાડે. એ જ્ઞાન માત્ર દુનિયાના જનરંજન કરવા માટે કામ આવે. વિવેક બુધ્ધિની જાગૃતિ ન થાય તો મોહનીયના પુદ્ગલો વધારે છે. એ પગ પર કુહાડા મારવા જેવું છે. જ્ઞાન એ બે ધારી તલવાર એક બાજુ અદ્ભૂત નિર્જરા.... જ્ઞાની શ્વાસોચ્છવાસમાં કરે કર્મનો ઘાત અજ્ઞાની પૂર્વ ક્રોડ વર્ષે કરે કર્મનો ઘાત.

એકલું જ્ઞાન તો માત્ર જનરંજન માટે અને અહંકારને વધારનાર છે. જ્ઞાની = જ્ઞાન જેનામાં પરિણમ્યું છે તે જ્ઞાની કહેવાય પોથીનું અક્ષરનું જ્ઞાન પંડીતનું જ્ઞાન પોથીનું પાંડીત્ય એ જ્ઞાની નહીં પણ જ્ઞાનવાન્ ! ધન કબાટમાં મૂક્યું હોય તો... ધનનો કબાટ કહેવાય. ज्ञानं शीलं अस्य अस्ति - સ્વભાવ અર્થમાં 'इन्' પ્રત્યય થાય છે. જ્ઞાની - ધર્મી જેના સ્વભાવમાં જ્ઞાન-ધર્મ વણાઈ ગયું છે. જ્ઞાનીની દરેક ક્રિયા જયણા પૂર્વકની હોય જે ભગવાનની આજ્ઞાને સામે રાખીને ન ચાલે તે અજ્ઞાની, અજયણા પૂર્વકની પ્રવૃત્તિ હોય તે અજ્ઞાની..! જે બોલે તો... મોંઢામાંથી અંગારા ખરે. ઘોર-કઠોર વચન બોલે તે અજ્ઞાની કહેવાય. બોલતા ફુલ ખરવા જોઈએ. જેથી તેનો આત્મા ઓળખાય. તેનું લક્ષણ જ્ઞાનનું પરિણમન કેટલી ભૂમિકા સુધી પહોંચ્યો છે.

કર્મરજને ધૂણાવી નાખવાની વાત ભાવસંવરથી બતાવી છે. **દીક્ષા લીધી એટલે ઉત્કૃષ્ટ સંવરની પ્રાપ્તિ થઇ.** દુનિયાના આત્મા જે ધર્મ કરે છે તેથી જે નિર્જરા કરે તેથી દીક્ષા પછી તે સાધૂ ઉત્કૃષ્ટ સંવરભાવથી ચૌદ ગુણસ્થાનક સુધી પહોંચી શકે. ગૃહસ્થ નહીં..!

**જ્ઞાનની ભૂમિકાને પચાવીને જગતના સર્વ પદાર્થોનો... અભ્યંતર રીતે ત્યાગ કરીને કર્મને ધૂણાવે તે ઉત્કૃષ્ટ સંવર.**

સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર એ બે વચ્ચે વધારે મહત્ત્વ કોનું? અપેક્ષાએ જ્ઞાનનું છે જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે તફાવત સમજવાની જરૂર છે. પૂ. શિલાંકાચાર્ય ભગવંતે આચારાંગ સૂત્રના પહેલા

શ્રુતસ્કંધના પહેલા અધ્યયનના પહેલા શ્લોકમાં લખ્યું છે. "जं अन्नाणी कम्मं" સંબોધસિત્તરી જે અજ્ઞાની જીવો ક્રોડ વરસમાં કર્મ અપાવે તે જ્ઞાની આત્મા એક શ્વાસોચ્છ્વાસમાં કર્મ ખપાવે. **સમ્યક્ ચારિત્ર સહિતનું જ્ઞાન હોય તે જ્ઞાની...! જ્ઞાન એ આભૂષણ છે અને ચારિત્રએ પ્રાણ છે.** મોહનીયનો ક્ષયોપશમ એનાથી થાય.

. આજે સાધુ જીવનમાં બે ટાઈમ પડીલેહણ - પ્રતિક્રમણ - ગૌચરી વિગેરે ચારિત્ર ક્રિયામાં ચારિત્ર પદને નિરુત્તમાર્થ રીતે જોઈએ તો સમયે - સમયે = ચય કર્મનો ઢગલો અને રિક્ત એટલે ખાલી કરવાની વાત. આજે જીવન ખાલી કરીએ છીએ કે ભરીએ છીએ તે ખાસ વિચારવાનું છે.

**"अन्य-मुद्रा-कृतं पापं साधु-मुद्रया नश्यति।**

**साधु-मुद्रा-कृतं पापं वज्र लेपो भविष्यति॥"**

બીજી મુદ્રામાં કરેલા પાપ સાધુ મુદ્રાવડે નાશ પામે છે. પણ... સાધુ-મુદ્રાવડે કરેલું પાપ વજ્રલેપની જેમ થાય છે.

સાધુપણામાં તપની શરૂઆત અઠ્ઠમથી થાય છે. અંદરના આત્માને સમજાવવાની વાત આવે ત્યારે દેશ-કાળ ખરાબ છે તેમ જણાવે. આ આપણી ટેવ ખોટી છે. જો પોતાના માટે એવો વિચાર કરે તો બોધિ દુર્લભ થાય વિચારવું જોઈએ કે કૂવાકાંઠે આવીને હું તરસ્યો જાઉં છું. **સંયમના સાધનોનો - ઉપકરણોનો યોગ્ય ઉપયોગ ન કરે તો બોધિ દુર્લભ થાય.**

અનાદીના સંસ્કારોથી નાચનારા જિનેશ્વર પ્રભુના આરાધકો ન હોય પણ તેને કાબુમાં રાખનારા જ હોય. **અનાદીના સંસ્કારોને કાબુમાં રાખવા એનું નામ જ ચારિત્ર...!** જો ચારિત્રની ક્રિયા વિગેરે બરાબર કરવામાં આવે તો મોહનીય કર્મ ઊડી જાય.

માષતુષ મુનિ ઉત્તરાધ્યયનના જોગ કરવા લીધા. ઉત્તરાધ્યયનના

જે - જે કાલગ્રહણ તેનો પાઠ પૂરો થાય પછી જ આગળના કાલગ્રહણ લે છે. એ પ્રમાણે ત્રણ અધ્યયન મોંઢે થયા. પહેલા અધ્યયનની ૮૦ ગાથા, બીજાની ૧૦૦ ગાથા ઉપર, ત્રીજાની ૩૦ ગાથા, ચોથાની માત્ર ૧૩ ગાથા. ભૂતકાળના બાંધેલા જ્ઞાનાવરણીય કર્મનો ઉદય તેથી એક ગાથા કરે ને બીજી ભૂલે... બીજી કરે ને પહેલી ભૂલે....! જ્યાં સુધી ગાથા સંપૂર્ણ અધ્યયન ન થાય ત્યાં સુધી આયંબિલ કરવા પડે. ૨, ૩, ૪ આંબીલ થયા ગુરુ મહારાજ વિચારે છે પુરુષાર્થ ઘણો છે પણ થતું નથી... માટે એ ને અનુજ્ઞાની ક્રીયા કરાવી દઈએ. ગુરુમહારાજે બોલાવ્યા ચાલો તમારો પુરુષાર્થ છે પણ થતું નથી તો આગળના જોગની ક્રિયા કરાવું...ના, સાહેબ...! **કર્મની ભૂમિકાને તોડવા માટે જ સાધુપણું છે** આપતો કરૂણાના સાગર છો તેથી મને અનુગ્રહ કરી આપ પૂરા તો કરાવો પણ.... મારે પૂરા કરીને ક્યાં જવું છે..? જો આપની અનુજ્ઞા હોય તો.... જ્યાં સુધી મોંઢે ન થાય ત્યાં સુધી આયંબિલ કરું.. ભગવાનની આજ્ઞાનું પૂર્ણરીતે પાલન કરું ગુરુ મહારાજે તેની તીવ્ર ઈચ્છા જોઈને આજ્ઞા આપી. પાછળનું ભણેલું બધું ભૂલી ગયા માત્ર નવકાર યાદ રહ્યો. પુરુષાર્થ ઘણો કરે છે પણ કર્મરાજા હેરાન કરે છે.ભક્તિ, વિનય, વૈયાવચ્ચ તપની આરાધના ઘણી કરે છે. ગુરુમહારાજ જુએ છે - ભાઈ...! "મા તુષ - મા રુષ", બે શબ્દો ગોખવા આપ્યા તેમાંથી 'માસતુષ' રહી ગયું... ગોખતાં ૧૨ વર્ષ વીતી ગયા. તેથી ઘાતીકર્મ તૂટી ગયું. અને પરિણામે ઝળહળાટ કેવલજ્ઞાન પામ્યા.

**કર્મના બંધનને તોડવાનો પુરુષાર્થ એ જ સાચો પ્રાણ છે.** અનાદિકાળના મોહનીયના સંસ્કારને ઓળખીને તેને તોડવાનો પ્રયત્ન કરે અને શાસન તરફ ચઢતે પરિણામે આગળ વધે તે જ્ઞાની! જ્ઞાની અને ચારિત્રીમાં કોઈ ફેર નથી..! જ્ઞાન અને ચારીત્ર એક... રૂપિયાના બે સિક્કા છે. જ્ઞાનની પરિણતિ ચારિત્ર છે. વિષય-કષાયને ઘટાડીને જ્ઞાન-દર્શન-ચારિત્રની પરિણતિને વધારીને... કેવલજ્ઞાન પામ્યાના

શાસ્ત્રના પાના ઉપર ઘણા દ્રષ્ટાંતો છે.

૧૭મી સદીના ઉત્તરાર્ધમાં પૂજ્ય હીરસૂરી મહારાજ થયા. તેમની પાટે વિજયસેન સૂરી મહારાજ તેમની પાટે વિજય દેવસૂરી મહારાજ.... ૧૮મી સદીના પ્રારંભમાં આવ્યા. જેમના નામથી વિજય દેવસૂર તપાગચ્છ કહેવાયો.. કાળના બળે બે પક્ષ પડ્યા. દેવસૂર...! ને આણસૂર..! તે સમયે વિવેકી શ્રાવકોએ સાધુને સમજાવી મતભેદ દૂર કર્યા પૂ. આણંદસૂરીએ પોતાની વાતને પાછી ખેંચી...! દેવસૂરની આજ્ઞા માની પૂ. દેવસૂરીની આજ્ઞામાં ૩૫૦૦ સાધુઓ હતા. વિચાર્યું.... મારું હવે ઘડપણ છે. હવે શાસનનું કાર્ય પ્રભાવક... સંચાલકને સોંપું...! સૂરીમંત્રનું ધ્યાન કર્યું - શ્રુતજ્ઞાનનો પણ... ઉપયોગ હતો. પૂ. દેવસૂરી મહારાજા પાસે ૭ મહાવાદી ઉપાધ્યાય મહારાજ હતા. તેમજ ગણી-પંન્યાસ પણ ઘણા હતા. મહાવાદી = કોઈથી પણ ગાજ્યા ન જાય. અંતે જિન શાસનનો ડંકો વગાડે જ. એવા હતા છતાં પોતાના બધા સાધુમાં કે અન્ય સમુદાયમાં પણ કોઈ દેખાતું નથી. પછી શ્રાવક ગણમાં તેમાં પણ નહીં. પછી નગરીની બહાર અન્ય દર્શનીઓમાં ઉપયોગ મૂક્યો ત્યારે યજ્ઞ કરતો 'સ્વયંભવ' બ્રાહ્મણ દેખાયો. તેને જઈને પ્રતિબોધ આપે "अहोकष्टं.... अहोकष्टं" વિગેરે. તેમ પૂ. દેવસૂરી મહારાજ શ્રુતબળથી જુએ છે. કોઈમાં આજ્ઞાની ખામી, કોઈમાં અજ્ઞાનતા, કોઈમાં પ્રમાદનો ખોર.., કોઈમાં ગંભીરતાની ખામી. કોઈમાં શાસનની સૂઝ નહીં, કોઈમાં રાગ-દ્વેષની માત્રા વધારે...! પૂ. આચાર્ય મહારાજ તો ગંભીર થઈ ગયા. કોઈ યોગ્ય ન દેખાયો. શાસનની ધુરા કોણ સંભાળી શકે ? **જેના... હૈયામાં શાસન પ્રત્યેનો અવિહડ રાગ હોય. જ્ઞાનને પચાવી શકતો હોય. જેના મોહનીય કર્મ પાતળા પડી ગયા હોય. તે જ શાસનને સંભાળી શકે...** ગંભીર થઈ ગયા...! પાકું પાન છે. ૭૨-૭૫ વર્ષની ઉંમર થઈ. જેને - તેને શાસન સોંપાય નહીં.

સમ્યક્ ચારિત્ર કેટલું મહત્ત્વનું છે. **મોહનીય કર્મને કાટવા માટે કરાતો પુરુષાર્થ તે સમ્યક્ ચારિત્ર છે.** એની સાથે જો જ્ઞાનનું કનેકશન ન હોય તો તેને જ્ઞાનવાળો જ કહેવાય. પણ જ્ઞાની નહીં. જ્ઞાન જેને પરિણમ્યું હોય તે જ જ્ઞાની..!

જે શબ્દજ્ઞાન મેળવે.... શબ્દ પંડિતો તે જ્ઞાનવાળો..! **જે જ્ઞાન આત્મા સાથે ભળી જાય અને આત્મ સ્વરૂપ થઈ જાય તે જ્ઞાની..!** આત્મા અને જ્ઞાનમાં ભેદ રેખા હોય તો તે માત્ર જ્ઞાન જ છે. જ્ઞાનીના શબ્દોમાં એવો રણકાર હોય કે ભલે ગમે તેટલા ગાઢ આવરણ હોય પણ તે એકદમ ફાટી જાય. એવો પ્રભાવ જ્ઞાનીનો છે.

પૂ. દેવસૂરી મહારાજે સૂરીમંત્રનું ધ્યાન કર્યું.. ધર્યું..! અધિષ્ટાયક પ્રગટ થયા. 'મત્થએણ વંદામિ' શાતામાં છો ? ચિંતા ન કરો..! તમારા સમુદાયમાં જ પાત્ર જીવ છે. બહાર શોધવા જવાની જરૂર નથી...! અત્યારે નામ નહીં કહું. તમે મુહૂર્ત કાઢો... સંઘ ભેગો કરો (આખા ભારતવર્ષના સંઘને) પત્રિકા છપાવો. ઓચ્છવ શરૂ કરો નાણ મંડાવો. તમે પાટે બિરાજમાન થાઓ. તેમ બધા સાધુ મહારાજ બિરાજમાન થાય પછી હું તમને ત્યાં કાનમાં કહીશ કે આને સૂરિપદ આપો. ત્યારે તેને બોલાવશો. આચાર્ય મહારાજે ઉપર કહ્યા મુજબ બધું.... કર્યું. સાધુઓને વાત કરી... ચાર મહિનાથી મારી તબિયત ક્ષીણ થતી જાય છે માટે વારસદારની જરૂર છે.

પહેલાં મુહૂર્ત કાઢ્યું... વૈશાખ સુદ સાતમનું મુહૂર્ત કાઢ્યું... કંકોતરી કંકુ છાંટીને લખજો... એ પ્રમાણે સંઘે સ્વહસ્તે કંકોતરીઓ લખી... કારણ પૂર્વે કંકોતરી છપાવતા ન હતા. આખા ભારતવર્ષમાં મોકલાવી. સર્વ સાધુઓને આમંત્રણ આપ્યું. સંઘે ઉત્સાહ પૂર્વક અષ્ટાન્હિકા મહોત્સવ કર્યો. ભગવાનના શાસનની કેવી ગંભીરતા છે. શાસન જેને-તેને ન અપાય.

**વ્યક્તિની પરીક્ષા વક્તૃત્વકલાથી અથવા જ્ઞાનથી ન થાય.**

**જ્ઞાનના મીટરથી ન મપાય. પણ મોહનીયના સંસ્કારો એનામાં કેટલા ઘટ્યા છે એ મીટરથી મપાય...!**

૧૮૦૦ સાધુઓ ભેગા થયા... મુહૂર્તના દિવસે ૧૮૦૦ સાધુ-ભગવંતો સાથે બિરાજમાન થયા. નાણ મંડાયી.... બધા આચાર્ય મહારાજ, મહાવાદી ઉપાધ્યાય મહારાજ ઊંચા-નીચા થયા કરે ગચ્છાધિપતિ થવાની મહા ઉત્કંઠા તેથી લોચ કરી નવા કપડાં પહેરી ઓઘો લઈને હાજર થયા. મોહનીયના સંસ્કારો કેવું નાટક કરે છે. મહાવાદી ઉપાધ્યાય મહારાજ વિચારે છે અમે જિનશાસનનો ડંકો વગાડીએ છીએ માટે અમને મળશે....! આચાર્યો કહે અમે મોટા છીએ માટે અમને મલશે.

લગ્નવેળા થઈ...! ક્રિયાનો સમય આવ્યો. તેમના સમુદાયમાં પૂ. ભાવવિજય મહારાજ હતા. ૧૭ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. ૩૦ વર્ષનો દીક્ષા પર્યાય હતાં. પણ જ્ઞાનનો ક્ષયોપશમ બીલકુલ ઓછો હતો..! જેથી માત્ર સાધુજીવનની ક્રિયાના સૂત્રો જ આવડે. પણ જીવનમાં એક વાત નક્કી થઈ ગઈ કે જ્ઞાનાવરણીય કર્મ કોના આધારે ટકે છે. મોહનીયના આધારે.....! **જ્ઞાનાવરણીયને જીવાડનાર મોહનીય કર્મ છે.**

જે કેવલી, શ્રુતજ્ઞાનીએ જ્ઞાનની આશાતના કરી મોહનીય કર્મ બાંધ્યુ. એથી મોહનીય કર્મ થપ્પડ મારે છે. પછાડે છે. તેને ઘટાડવા તીવ્ર ગુણાનુવાદ.... ભક્તિ, વિનય, વૈયાવચ્ચ કરે છે.

**સાધુપણું શા માટે ? મોહનીયના સંસ્કારને ઘટાડવા માટે જ છે..** એ મંત્ર જીવનમાં ઉતારી લીધો. ઓચ્છવ - મહોત્સવ કરાવા કે વ્યાખ્યાન વાંચવા નહીં, જેટલી બને તેટલી મન-વચન-કાયાને સાધુ ભગવંતની ભક્તિમાં પરોવી રાખે. તેથી મોહનીય કર્મનો ક્ષય થશે.. તો જ્ઞાનાવરણીયનો ક્ષય થશે.... તો કેવલને પામીશ...! આ હીતશિક્ષાને જીવનમાં વણી લીધી... દરેક નાના-મોટાની ભક્તિ કરે.

ગોચરી- પાણી - કાપ વિગેરે એ એક જાતનું આત્મજ્ઞાન થઇ ગયું.... બધા મહારાજ પૂ.ભાવવિજય પોકારે છે. એકનું પુરું ન થાય ત્યાં બીજાનું ઊભું થઈ જાય. જરાય કંટાળો નહીં. ઘણી વખત એકાસણા કરતાં બે વાગી જાય. આખા સમુદાયમાં પ્રશંસા થતી.. પોતાની નાવ ડૂબાવીને બીજાને શી રીતે તારવાના હતા...? દરેકની શારીરીક સેવા ઉલ્લાસ પૂર્વક કરે. આખા સમુદાયમાં પ્રિય છતાં મનમાં ન ફુલાય... પણ વિચારે કે મને આ પુન્યોદયે વૈયાવચ્ચનો અવસર મલ્યો છે. જેથી... મોહનીય કર્મ નિર્જરી જાય. પહેલાં પોતે વાપરી લે અને પછી વૈયાવચ્ચ કરે. તે ઊંચ્ચકોટીની નિર્જરા કઇ રીતે કરી શકે ?

ભગવાનના શાસનમાં મોહનીય કર્મના ક્ષયોપશમની કેટલી મહત્તા છે. વિદ્વતા-વાચાલતાં છતાં શબ્દજ્ઞાનની કિંમત નથી. મહત્તા નથી. મોહનીય કર્મના સંસ્કારોને વિષય-કષાયને ધુણાવી નાખે તે જ્ઞાન-દર્શન કેવું છે ? જ્ઞાન સામેથી આવે. સમ્યગજ્ઞાન મોટું કે ચારિત્ર મોટું ? એના અનુસંધાનમાં દ્રષ્ટાંત ચાલે છે.

આચાર્યો સમજે છે કે અમારો નંબર લાગશે.... મહાવાદીઓ કહે ખસો... ખસો....! હવે તો અમારો જ નંબર લાગશે. તમે તો... આચાર્ય થઇ ગયા છો... અહીં આચાર્ય નહીં પણ ગચ્છાધિપતિની પદવી હતી. કંકોત્રીઓ નામ વગરની હતી.

આચાર્ય મહારાજ પાટ ઉપર પધાર્યા... સૂરીમંત્રનું ધ્યાન કર્યું ઝબકારો થયો.... મુનિ ભાવવિજ્યને આચાર્ય પદવી આપો....! પૂ. આચાર્ય દેવસૂરી મહારાજા ચમકયા... જેને હજુ આવશ્યક ક્રિયા સિવાય કશુંયે આવડતું નથી... તેને ગચ્છાધિપદ શી રીતે આપું ? પણ.... અધિષ્કાયક જે કહે તે યોગ્ય હોય. પોતે પણ શ્રુતજ્ઞાનનો ઉપયોગ મૂકયો. તેનું ભાવિ જુએ છે. ઉજજવલ દેખાય છે.

દેવ એટલે સામાન્ય દેવ નથી.. તે સૂરીમંત્રનો અધિષ્ઠાયક છે. ગણિપીટક દેવ જક્ષરાજ માનુષોત્તર પર્વતમાં જેનો વાસ છે સાત સુંઢ

વાળા હાથી ઉપર જેની સવારી છે. વળી તિહુઅણ સ્વામિણી આ સૂરીમંત્રના અધિષ્ઠાયક સરસ્વતી ત્રિભુવન સ્વામીની - ગૌતમ યક્ષરાજ દ્વાદશાંગીના અધિષ્ઠાયક ગણિપીટક દેવ ! જ્ઞાનીઓ પોતાના જ્ઞાનથી જોઈને બતાવે છે.

પૂ. દેવસૂરી મહારાજા પૂ ભાવવિજ્ય મહારાજનું ભાવિ જુએ છે. બળવાન છે. વૈયાવચ્ચથી મોહનીયને જર્જરી નાખ્યું છે. પણ આટલા બધા સાધુ સામે શી રીતે ભાવવિજયને બોલાવવા...! યુક્તિથી... ખોંખારો ખાધો-કાઢયો. તેથી પૂ ભાવવિજય ઉભા થયા. અ...રે...રે સાહેબને કુંડી જોઈએ છે. 'મિચ્છામિ દુક્કડમ્' સાહેબ ભૂલ થઈ.... તરત કુંડી હાજર કરી-કુંડી લઈને બાજુમાં મૂકી દીધી. અને તેને નવા કપડાં, ઓઘો આપ્યો.. જાઓ પહેરીને આવો 'તહત્તિ' સાહેબ ! તે આવ્યા આખો સંઘ આશ્ચર્યચક્તિ બની ગયો.

મહાવાદીઓ - આચાર્યો તેમજ સર્વે ગણગણવા લાગ્યા. ખળભળાટ ઊભો થયો. મહાવાદીઓ વિચારે છે. હવે ખબર પડશે પદવી પછી નવા આચાર્યને ઉપર બેસાડીને જુના આચાર્ય વંદન કરે.. ઈચ્છકારી ભગવાન્ પસાય કરી હિતશિક્ષા પ્રસાદ કરાવશોજી...! ત્યારે આ ભોટ શું બોલશે ?

મોટી પદવી તેને આપી અને અમોને કહેશે કે તમે બોલો ત્યારે તો અમે તો નથી બોલવાના....ખબર પડશે.... આચાર્ય... મહારાજની....! મોહનીય કર્મ કેટલું જોર કરે છે ?

સર્વ ક્રિયા પતી ગઈ સમાચારી પ્રમાણે નવા આચાર્ય ભગવંતને હિતશિક્ષા ફરમાવવાનું કહયું... જી સાહેબ...!

"ધમ્મો મંગલ............." ઉપર દોઢ કલાક વ્યાખ્યાન આપ્યું. સર્વ મહાવાદી, આચાર્યો, સાધુગણ તથા સંઘતો વ્યાખ્યાન સાંભળીને મોંઢામાં આંગળી નાખી. આશ્ચર્યનો પાર ન રહ્યો. આટલું જ્ઞાન.......! વાસક્ષેપ પડતાં જ મોહનીય કર્મના પડદા ફાટી ગયા.....

આ જ ભાવભક્તિ છે. જેને કોઇ પક્ષપાત વિના નાના મોટાની ભક્તિ હસતે મોંઢે કરી...

**મોહનીય કર્મનો ઘટાડો તે ભગવાનના શાસનનો મુદ્રાલેખ છે. ચારિત્રનો પ્રાણ છે..!** એ જ્યારે આવે ત્યારે જ્ઞાન નમાલું થઇ જાય છે. તેના આવરણને તૂટતાં વાર પણ ન થાય. મોહનીય કર્મને વધારીને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય નહીં. કદાચ થાય તો મોહનીયનો ઉદય + જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ = અજ્ઞાન. માટે કદાચ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો પણ તે પૂ. હરીભદ્રસૂરી મહારાજાએ અજ્ઞાનનો ક્ષયોપશમ કહયો.

પોતાના જીવનમાં હેય-ઉપાદેયનો વિચાર ન કરી શકે. જીવનનું ઉત્થાન ન કરી શકે બીજાનું ન કરાવી શકે તે અજ્ઞાની...! પૂ. ભાવવિજયમહારાજાનું નામ પૂ. વિજંયપ્રભસૂરી મહારાજ રાખવામાં આવ્યું...!

**જયણા એ મોક્ષના દરવાજાને ઉઘાડવાની કુંચી છે.** આજે ભૂલાઇ જવાથી સંયમ ભારરૂપ લાગે છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર ખોખા રૂપ થઇ ગયું છે. પ્રતિક્રમણ કરતાં કેટલો ભાવોલ્લાસ હોય ? કદાચ સારા રાગથી સ્તવન-સજઝાય બોલાતા હોય તો રાગમાં તન્મય બનાય છે. પણ તેમાં પ્રાણ પૂરાતો નથી. તેથી તે જંડ જ રહે છે. જયણાના ૧૪ પગથિયા બતાવ્યા. તેમાં ૧૦ મા પગથીયાનો અધિકાર ચાલે છે.

# શ્રી દશવૈકાલિક વાચના - ૫૩

શ્રી દશવૈકાલિકનું ચૌદ પૂર્વમાંથી ઉધ્ધરણ કર્યું પૂ. સ્વયંભવસૂરી મહારાજા આ ગ્રંથને સમેટવાના હતા... ત્યારે શ્રાવકોએ વિનંતી કરી. સાહેબ આ ગ્રંથ સાધુ-સાધ્વીજી માટે ઉપયોગી છે. રાખો...! જયણા જ્યારે વિચારોમાંથી આત્મામાં આવે ત્યારે ૧૩ પગથીયા સુધી વિકાસ કરે. અને કર્મબંધનથી છુટી મોક્ષની પ્રાપ્તિ કરે...! જયણાએ પહેલું પગથીયું છે ૧૦ પગથીયાની વાત છે. અબોધિ એટલે જિનશાસનથી વિપરીત અને બોધિ એટલે જિનશાસન છે.

પ્રકૃતિને પ્રદેશ એ બંધાયેલા કર્મને જ્યારે વિવેકપૂર્વક વિશિષ્ટ રીતે સંવરથી ધૂણાવી નાંખે ત્યારે લોકાલોકમાં પ્રકાશક એવા..... કેવલજ્ઞાન-કેવલદર્શનની પ્રાપ્તિ થાય.

કર્મરાજાને ધૂણાવવા માટે ઉત્કૃષ્ટ સંવરની ભૂમિકા જોઈએ. જ્ઞાન કાંઈ બહારથી લાવવાનું નથી. તે તો આત્મામાં જ બેઠેલું છે તેના ઉપરના આવરણના ક્ષયોપશમથી તે પ્રકાશ આપે. વિશિષ્ટ ઉત્કૃષ્ટ કોટીનું જ્યારે આત્મામાં થાય ત્યારે જ્ઞાનાવરણીય કર્મ ઓગળીને વિશિષ્ટ પ્રકારનું ઝળહળતું કેવલ જ્ઞાન પામે. સંયમની ક્રિયા સાથે જ્ઞાનનો સંબંધ છે. એવી વિચારણા દ્રઢ રાખવી જોઈએ. ક્રિયાથી પુન્ય બંધાય તેથી સુખ મળે એવી ધારણા-ભ્રમણાથી આત્મા કેટલી વખત સંસારમાં ભટકતો હોય છે પણ સંવર દ્વારા રાગ-દ્વેષ અટકાવવાં આવે મોહનીયકર્મની ઢીલાશથી જ્ઞાનાવરણીય કર્મ પણ

**ખસી જાય. સંવર સર્વ કર્મને ધૂણાવે અને કેવલજ્ઞાન કેવલદર્શન અપાવે છે.**

દરેક પદાર્થના બે સ્વરૂપ હોય છે. (૧) સામાન્ય (૨) વિશેષ લાકડું એ સામાન્ય છે તેમાંથી બનેલી વસ્તુ તે વિશેષ સ્વરૂપ સામાન્ય રીતે જ્ઞાન તે સામાન્ય સ્વરૂપ. કેવલજ્ઞાન તે વિશેષ સ્વરૂપ. કેવલજ્ઞાન તે વિશેષ સ્વરૂપ એકલી ખુરશી જાણવી તે સામાન્ય સ્વરૂપ. પણ તે..... લાકડાની, પ્લાસ્ટીકની, લોઢાની તે વિશેષ રીતે જાણી લે... વિશેષ સ્વરૂપ. છદ્મસ્થને પેલા સામાન્ય જ્ઞાન પછી વિશેષ જ્ઞાન થાય. કેવલીઓને ક્ષાયિકભાવનું જ્ઞાન પહેલાં હોય. પછી સામાન્ય જ્ઞાન (દર્શન) છદ્મસ્થને પહેલાં આ ખુરશી છે તેમ સામાન્યથી દેખાય પછી તે શેની છે ? એની વિશેષ જાણકરી મળે. સૂરજના આડા રહેલા વાદળા ખસ્યા હોય તો રૂમમાં પ્રકાશ આવે, ન ખસ્યા હોય તો બારી-બારણા ઉઘાડવા છતાં પ્રકાશ ન આવે.

જ્ઞાનીઓ કહે છે કે વિશિષ્ટ રીતે પ્રયત્ન કરવાનું કેન્દ્ર કયાં છે? જગતમાં ધર્માચરણા, ક્રિયા શા માટે ?

મોહનીયના સંસ્કાર ખસેડવા માટે. મોહનીયના પડદા ખસ્યા પછી જ્ઞાન આપોઆપ આવી જાય. સુર્યમાં પ્રકાશ છે જ તેમાં નવો ઉત્પન્ન કરવાનો નથી. તેમ 'કેવલ' આત્મસ્વભાવમાં જ છે. તેના આવરણ ખસે કે ઝળહળાટ થઈ જાય. સર્વઘાતી આવરણ ખસ્યા પછી કેવલ થાય. ઈન્દ્રિય-મનથી થતું જ્ઞાન તે મતિજ્ઞાન. શ્રુતના અભ્યાસથી થતું શ્રુતજ્ઞાન...! રૂપી પદાર્થોનું અવધિજ્ઞાન...! મનોવર્ગણાના પુદ્‌ગલોથી સમજાય તે મનઃપર્યવજ્ઞાન...! ૪ પ્રકારે જ્ઞાન છે તે કેવલજ્ઞાનના..... અનંતમા ભાગે છે.

આત્મામાં જૈનદર્શનની થીયરી સ્થિર થયેલી હોય તો જિનેશ્વર ભગવંતના આરાધકો શાના માટે પ્રયત્ન કરે ?

કર્મના આવરણને ખસેડવાના પ્રયત્ન કરે. આવરણ એટલે...

રોકી રાખે, ઢાંકી રાખે. જ્ઞાન મેળવવું નિરાવરણ કરવું. જ્ઞાન બહારથી લાવવાનું નથી. જેટલો ક્રિયાપાલનનો, શુધ્ધિનો આગ્રહ હોય તેટલું મોહનીયકર્મનું આવરણ ખસે. કારણ જ્ઞાનીઓએ શાસનની સ્થાપના મોહનીય કર્મના ક્ષય ઉપર કરી છે. **મોહનીય કર્મનું ધોરણ એ જ આત્માને સંસારમાં રખડાવનાર છે.** રાગ-દ્વેષ-વિષય-કષાયના ક્ષય ઉપર ભગવાનનું શાસન ટકેલું છે. કોઈ ક્રિયા કરીએ તેનો ઘા મોહનીય કર્મ ઉપર થાય. જો આ વાત નિરંતર ખ્યાલમાં રહે તો કોઈ દિવસ ક્રિયા ઉપર અનાદર ન થાય. મારે ભણવું છે હું પાણી ન લાવું - આવી ધારણાનું અસ્તિત્વ રહે જ નહીં.

**ઓઘ - જિનશાસનની દરેક ક્રિયા મોહનીય કર્મના ક્ષય માટે** છે. પુણ્ય બાંધવા માટે નથી. બંધાઈ જાય તે વાત જુદી ક્ષય ન થાય તો ક્ષયોપશમ માટે છે. જ્યારે જયણાપૂર્વક શાસનની ક્રિયા કરે તો શું ફલ મળે ? પામે ? સર્વત્રગામી કેવલજ્ઞાન પામે. એક રૂપિયામાં ૫૦ પૈસા આવી જ જાય. તેમ કેવળજ્ઞાનમાં શ્રુતજ્ઞાન વિગેરે ૪ જ્ઞાન આવી જ જાય.

**જો ભણવાના નામે આવશ્યક ક્રિયા, પડિલેહણ, પ્રતિક્રમણ, એષણીય ગોચરી-પાણીની ગવેષણામાં, વિનય-વૈયાવચ્ચ વિગેરેમાં જો ગોટાળા (વાળે તો) વાળવામાં આવે તો મોહનીય કર્મ બંધાય. મોહનીય કર્મને ખસેડવાનો ભવ્ય પુરુષાર્થ એ જ જિનશાસનનું આરાધના પણું છે....!**

૧૧, ૧૨, ૧૩ પગથીયામાં માત્ર ઘણું સમજવાનું નથી ક્રમ છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય એટલે લોકાલોકનું જ્ઞાન થાય. અનાદિના મોહનીય સંસ્કારને ઘટાડવાની કરાતી ક્રિયા એ જ આત્મ જાગૃતિ....! આત્મલક્ષ છે. જ્યારે સર્વત્રગામી, સંપૂર્ણ નિરાવરણ, અપ્રતિહત, કોઈથી રોકાય નહીં તેવું.... કેવલ જ્ઞાન પામે ત્યારે કેવલી, કેવલ્ = ૧ એક ફકત જેને બીજાની કોઈની સહાય જરૂર નથી... તે....!

મતિજ્ઞાનમાં - ઇંદ્રિયની જરુર. શ્રુતજ્ઞાનમાં શાસ્ત્રની જરૂર. અવધિજ્ઞાન અને મનઃ પર્યવજ્ઞાનમાં ઉપયોગ મૂકવો પડે. મન-આત્માની જરૂર છે. પણ કેવલજ્ઞાનમાં કોઇની જરૂર નહીં. સહજ ભાવે પદાર્થોનું જ્ઞાન ઝળકી ઉઠે ઉપયોગ ન મૂકવો પડે. માત્ર આત્મ સ્વભાવમાં જ સ્થિરતા હોય. પુદ્‌ગલ પ્રત્યેની રૂચિ આકર્ષણ ન હોય. માત્ર જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણામાં સ્થિર હોય. જેમ આરીસો મૂકેલો હોય તેમાં કુતરો-ઘોડા-હાથી દરેક પદાર્થોનું પ્રતિબિંબ સહજ ભાવે દેખાય છે. તેમ જ્ઞાન બીલકુલ નિર્મળ થઇ ગયું છે. પ્રદેશે-પ્રદેશે મોહનીય કર્મની સત્તા નષ્ટ થયેલ છે. એથી આખું જગત પડછાયા રૂપ પ્રકાશિત થાય. પોતે જાણે નહીં પણ જણાઇ જાય. પુદ્‌ગલમાં જોવા જેવું છે જ શું?

જન્મ, મરણ, સ્ફુરણ, નિર્ધ્વંસ, સડણ, પડણ, વિધ્વંસણ છે. સમયે-સમયે વિકારી વાસના ફર્યા કરે છે. જાણવા જેવું તો માત્ર આત્મસ્વરૂપ જ છે. **ઊંડે-ઊંડે વિચારીએ તો અનુત્તર દેવ અને ચક્રવર્તીઓના સુખો પણ ફીક્કા લાગે. જ્યારે આત્માને ક્ષાયિતભાવનું સમ્યક્દર્શન થાય છે. ત્યારે આત્માનું જ્ઞાન થાય.** સમ્યગ્‌દર્શનમાં ખાલી ઝબકારો કારણકે મોહનીયનું આવરણ છે. યથાખ્યાત ચારિત્ર આત્માને ૧૩મા ગુણઠાણે ઝળકે એમાં એને એવી રમણતા થઇ જાય કે દુનિયાના કોઇપણ સુખ કે કોઇપણ ચીજ તે સુખના અનંતમે અંશે પણ ન આવે પૂ યશોવિજય મહારાજા ચોસઠ પ્રકારી પૂજામાં - ગોત્રકર્મની પુજામાં આ વાત સ્પષ્ટ કરી છે કે દેવતા મનુષ્યનું જે સુખ છે તે બધું ભેગું કરીયે બધા અનુત્તરોના નવગ્રૈવેયકના સુખનો ઢગલો કરીએ. માત્ર વર્તમાન કાળનું નહીં પણ ભૂત - ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળનાં સુખનો ઢગલો કરીયે તેને અનંતાથી ગુણાકાર કરીયે. તેનો જે જવાબ આવે તે જવાબથી સિધ્ધ પરમાત્માના સુખો માત્ર વર્તમાનકાળનાં જ લઇએ તો પણ સિધ્ધ પરમાત્માના એક અંશનો

ગુણાકાર કરે તો સિધ્ધ પરમાત્માનાં એક પરમાણુનું સુખ એ.... દૈવી માનવો કરતાં અનંતગણુ થાય. પૌદ્‌ગલીક સુખ એ હકીકતમાં સુખજ નથી. એ તો માત્ર મગફળીના ફોતરાં ખાંડવા જેવું છે.

**કેવલજ્ઞાની આત્માને સ્વરૂપની રમણતામાં હોય.** સંસારમાં ટેલીવીઝન, રેડીયો વસાયેલું હોય એ કાંઈ જ્ઞાનનો પ્રકાર છે....? ટેલીવીઝન વગેરે આધુનિક ઈલેકટ્રોનિક ઉપકરણો કહેવાય. એનો ઉપયોગ કર્યા વિના માણસને ચેન ન પડે. તે મોહનીયના ઉદયનું જ્ઞાન છે. આત્મા વિના કશું જ જોવા જેવું નથી. **કુતૂહૂલવૃત્તિએ... મિથ્યાત્વનો પ્રકાર છે. જેમ-જેમ જ્ઞાન વધે તેમ-તેમ ગંભીરતા વધે.** આજે લોકો હથેળીમાં મોક્ષ બતાવવાનું કહે છે. લોકો અનાદિ કાળથી સંસારમાં રખડે છે. જો પુરુષાર્થ વિના અને મહેનત વિના આચરણ વિના આમ જો હથેળીમાં મોક્ષ મળતો હોત તો.... સંસારની રખડપટ્ટીમાં કોઈ રહયું જ ન હોત....! પરંતુ ઉપરોકત વાત ઉટપુટાંગ છે કે જયાં ભગવાન નહીં, ભગવાનનું શાસન નહીં, શાસ્ત્ર નહીં માનનારા, માથું..... મોઢું નહીં તે...! અજ્ઞાનદશા અને અંતરંગ આત્માની પરિણતિ વચ્ચે કેટલો ફરક તો કહે છે આકાશ-પાતળનો ફેર છે.

**જ્યાં વ્યકિત પૂજા છે ત્યાં જિનશાસન છે જ નહીં....! પૂજા તો ગુણાનુરાગની જ હોય......?**

દા.ત. કોઈ ખેલ કરવા આવ્યા છે તેને કુતુહૂલથી જોવા જવાયને.....? ના..... કેવલજ્ઞાની ભગવાન તો અંતરંગ આત્મદશામાં એટલા લીન હોય કે તેઓને સંસારના પુદ્‌ગલો ગમે જ નહીં. જો પુદ્‌ગલ ગમે તો સમજવું કે જ્ઞાન પચ્યું નહીં... જેમ ખાટો ઓડકાર આવે તો સમજવું કે ખાધેલો ખોરાક પચ્યો નથી...તેમ...! **જ્ઞાન પચે તો વૃત્તિઓ આત્મલક્ષી... સ્વકેન્દ્રીય બને.** પુદ્‌ગલ તરફ વૃત્તિઓ જાય જ નહીં. કાંઈપણ... જોવાની જિજ્ઞાસા કુતુહૂલ જાગે જ નહીં.

આ જ્ઞાન પચ્ચાના લક્ષણો.

કેવલજ્ઞાની આત્મા

૨૩મી ગાથામાં લોક-અલોકને જાણે. આ વ્યવહાર ભાષાનો ઉપયોગ છે. હકીકતમાં તે જાણતા નથી. પણ જણાઈ જાય છે. જાણવું અને જણાઈ જવુ માં ઘણો ફેર છે. જાણવુ માં કતૃત્વભાવ આવે છે. કેવલજ્ઞાન-કેવલદર્શનનો ઉપયોગ જો લોક-અલોક તરફ કરે તો આત્માની સ્વભાવદશા - સ્વરુપતા કયાં રહી ?

જેમ-જેમ જ્ઞાન વધે તેમ-તેમ કુતુહૂલ વૃત્તિ ઘટે. શાસ્ત્રમાં નિયમ છે કે બધી લબ્ધિઓ ૭ મા ગુણસ્થાનકે અથવા આગળ થાય. ૨૮ લબ્ધિઓ કોઈ દિવસ છઠ્ઠા ગુણઠાણે ન હોય. બીજી લબ્ધિઓ હોઈ શકે. લબ્ધિધારી આત્મા જ્યારે લબ્ધિનો ઉપયોગ કરે **છઠ્ઠું ગુણઠાણું આવે આથી ત્યારે ઇરિયા વહિયા કરવી પડે.**

૬ ઠ્ઠ ગુણઠાણું આવે આથી પ્રમત્ત=ભાવપ્રમાદ છે. પુદ્ગલનું આકર્ષણ નહીં તે અપ્રમત....! છઠ્ઠે ગુણઠાણે પુદ્ગલ આકર્ષણ હોય. આહારક શરીર ભગવાનની ઋધ્ધિ જોવા માટે, સીમંધરસ્વામીનું સમવસરણ જોવા માટે....! શંકાના નિવારણ માટે.....! અને જ્યાં પ્રાણીની - જીવજંતુની વિરાધના થતી હોય તો જીવજંતુ રહીત ક્ષેત્ર જોવા માટે.... ત્રણ કારણથી આહારક શરીર બનાવે. શાસનના પ્રયોજન માટે આહારક શરીર, ઉત્તરવૈક્રિય શરીર, આકાશગામિની લબ્ધિનો ઉપયોગ તીર્થયાત્રામાં - શાસન પ્રભાવનામાં સેવા માટે કરે હરવા-ફરવામાં નહીં.

**ભગવાનનું સમવસરણ તે પુદ્ગલભાવનું આકર્ષણ છે.** લબ્ધિ કયારે ઉત્પન્ન થાય ? બધી લબ્ધિઓ અપ્રમત્ત અવસ્થામાં પ્રાપ્ત થાય. **લબ્ધિનો ઉપયોગ પુદ્ગલની વાસના ઘટે ત્યારે થાય. ઉપયોગ પ્રમત્ત અવસ્થામાં થાય.**

વૈક્રિય શરીર ચોથા ગુણઠાણે પ્રાપ્ત થાય તો ભવપ્રત્યયી. ૭મા ગુણઠાણે થાય તો ગુણ પ્રત્યયી.

અંબડશ્રાવક પરિણામની ધારામાં અપ્રમત્ત ગુણઠાણે પહોંચી જાય છે. તે સિવાય લબ્ધિ પ્રાપ્ત ન થાય. જેટલો પુદ્ગલનો રાગ વધારે તેટલું આત્માનું લક્ષ્ય ઓછું...! માટે મોહનીય કર્મની.... નિર્જરા ઓછી...! **પુદગલનો રાગ અને લાલસાનો ઘટાડો થાય.... તો મોહનીય કર્મ ન બંધાય.** કેવલ = જે જ્ઞાનના ઉપયોગમાં માત્ર નિરાવરણ થઈ જાય ત્યારે આત્મા જગતના પદાર્થોને સહજભાવે જાણી શકે. નિશ્ચયથી તો આત્મ સ્વભાવમાં સ્થિરતા થઈ ગઈ પ... વ્યવહારથી કેવલી સર્વ ભાવોને જાણે જુએ છે. કારણ તેમના હૈયામાં સર્વ.... જીવોને તારવાની ભાવના છે જગતના ઉધ્ધારની ભાવના ત્રીજા ભવથી રહેલી છે. તે આત્માની સમજ હેય-ઉપાદેયમાં જણાઈ રહેલા પદાર્થોને જાણ્યા કહેવાય. માટે વ્યવહારમાં જ્યાં સુધી યોગની પ્રવૃત્તિ હોય... ત્યાંસુધી કેવલી સચિત્તફુલને, કાચાપાણીને, સ્ત્રીને અડે નહીં. શા માટે....? તેમને મોહનીય કર્મ તો છે જ નહીં. પણ વ્યકિત ઉપર કેવળજ્ઞાનના લેબલ ને પાટીયા લગાવેલા ન હોય જ્ઞાન થયાની ખબર ન હોવાથી રસ્તે ચાલનાર પૂછે કે તમે કાચાપાણી- સ્ત્રીને અડો. સાધુ અવસ્થામાં રહીને અ...રે...રે..! કાચા પાણી વિગેરેને અડે છે એમ ટીકા કરે. કેવલજ્ઞાન તો આત્મામાંજ હોય એ કાંઈ બીજાને દેખાય નહીં. અન્ય તો એમજ માને કે સાધુજીવનમાં પણ તે....ફુલ વિગેરેને અડે તેથી વ્યવહાર બગડે માટે કેવલીઓ પણ વ્યવહાર મર્યાદાનું ઉલ્લંઘન કરતાં નથી.

મલ્લિનાથ ભગવાનની પરિચર્યામાં ૩૦૦ સાધ્વીઓ હતી. પડિલેહણ વિગેરે સાધ્વીઓ જ કરે. ગણધર ભગવંત તો ૧૩ હાથ દૂર બેસે. અબ્ભુટ્ઠીઓ ખામતાં હાથ ન અડાડે. વ્યવહારની..... મર્યાદા સાચવે. ત્રિપદી-દ્વાદશાંગીની રચના કરે. દેવછંદામાં સાધ્વી સેવા કરે.

પરમાત્મા મહાવીર ભગવાન મગધની તીવ્ર વિહાર કરીને સોવિર દેશના ઉદાયન રાજાને પ્રતિબોધવા ગયા. બે હજાર થી અઢી હજાર માઈલનો વિહાર સાથે હજારો સાધુભગવંતો હતા. જેઠ-વૈશાખ મહિનાની કડકડતી ગરમી - 'લૂ' વાય છે. ભગવાનને પહેલું સંઘયણ.... સોનાના પગ મૂકીને ચાલ્યા કરે અશાતા વેદનીયનો ઉદય ન થાય..... પણ બીજા સાધુનું શું થાય ? લાંબો વિહાર, તીવ્રતાપથી તપી ગયા. ચાલતાં ૧ ખાબોચીયું જોયું... તીવ્ર તાપ હોવાથી તે પાણીના સર્વ જીવો ચાવી ગયા... નવા જીવોની ઉત્પતિ નથી. ઉત્પન્ન થવા માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ યોગ્ય જોઈએ. ભગવાને કેવળજ્ઞાનથી જોયું એમાં એક પણ જીવ નથી. ખેડૂતે એક તલનો ઢગલો કરેલો હતો તેમાંથી સૂર્યના તીવ્ર તાપથી સર્વ જીવો ચ્યવી ગયા..... અચિત્ત થઈ ગયેલા હતા. સાધુઓ તૃષ્ણાથી, ક્ષુધાથી પીડાવા લાગ્યા.

ભગવાનના અતિશયના પ્રભાવે જઘન્યથી કોટી દેવો.... ભગવાનની સાથે સહાયમાં હોય તે નિર્વાણ સુધી સાથે જ રહે. શું........! તેમાંથી કોઈને ઉપયોગ નથી આવ્યો કે વાદળાં કરી દઈએ! શ્રાવકો ભક્તિ કરે તે વિવેકપૂર્વક કરે સાધુ ભગવંતની ક્રિયામાં પંચર પડે એવી આંધળી ભક્તિ ન કરે. ભગવાન જાણે છે. સંયમ મુખ્ય છે. દેવપિંડ ખપે નહીં. દેવો પણ અનુમોદના કરે કેવા ભયંકર બળબળતા તાપમાં ગુર્વાજ્ઞામાં રહે છે. ચાલે છે....! કેવળજ્ઞાની સાથે ૧૪૦૦ સાધુઓ હતા. ૫૦૦ જ હતા એમ નહીં કેટલાંક ગીતાર્થની અનુજ્ઞા લઈને યોગ્ય વ્યવસ્થા કરી હશે. પણ ૫૦૦ સાધુ ચઢતે પરિણામે છે. ચઢતાન ટાંટીયા શા માટે ખેંચવા પડે ? અંતિમ ક્ષણ આવી ગઈ, પ્રાણ છુટવાની તૈયારી, સાથેના બીજા મુનિઓએ આરાધના કરાવી. અંતગડ કેવલી થઈ મોક્ષે ગયા...! પણ ભગવાને તે ખાબોચીયું અને તલનો ઢગલો બતાવ્યા નહીં. કે અચિત્ત ને એષણીય છે...! કારણ...! વ્યવહાર મર્યાદાનું ઉલ્લંઘન થાય. કેવલીઓ પણ વ્યવહાર મર્યાદા

સાચવતા...! આજકાલ આપણે વ્યવહારની ઉપેક્ષા કરવાવાળા થયા છીએ. વ્યહારના ભયથી, લજ્જાથી પણ જો દ્રઢતાનો વિકાસ થતો હોય તો તેને ઉખેડાય નહીં અપલાપ કરાય નહીં. કેવલીને જ્ઞાનનો ઉપયોગ સહજપણે ચાલે છે. સર્વે પદાર્થો ઝળકી ઉઠે. ઉત્કંઠા-ઈચ્છા વિચારણા એ મતિજ્ઞાનથી થાય. જયણાએ કર્મબંધનથી છોડાવનાર કેમ છે તે બતાવી ઉપસંહાર બતાવશે...!

# શ્રી દશવૈકાલિક વાચના - ૫૪

ચોથા અધ્યયનમાં પાંચ મહાવ્રતનું સ્વરૂપ બતાવ્યા પછી આખા સંયમની ચર્યાનો આધાર ભૂત જયણાનો અધિકાર ચાલે છે. ઉત્કૃષ્ટ સંવર ભાવની પ્રાપ્તિ થયા પછી કર્મ નિર્જરા થાય. તેથી મોહનીયનું આવરણ ઘટે. પછી આત્મા સર્વવ્યાપી કેવળ મેળવે છે. અભિગચ્છ = ગચ્છ ધાતુ જવા અર્થમાં અભિ=આ સામે જઈને મેળવે. અનાદિ કાળના મોહનીયના સંસ્કારોનો હ્રાસ થવાથી આત્મામાં કેવલની પ્રાપ્તિ સહજ રૂપે થાય. સામાન્ય છદ્મસ્થ આત્માને દર્શન પછી વિશેષોપયોગ કેવળીને ક્ષયોપશમનું જ્ઞાન પેલા દર્શન પછી વસ્તુમાં અનેક સ્વભાવ છે. - વસ્તુમાં વિશેષ ધર્મો જાણ્યા પછી સામાન્ય ધર્મ જાણે. વિશેષાવશ્યક ભાષ્યમાં પૂ. જિનભદ્ર ક્ષમાશ્રમણ પ્રાચીન આચાર્યના શબ્દો તો આધાર લઈને કહે છે કે શ્રધ્ધા તો એકજ છેક ભગવાને જે ભાળ્યું તે જ સાચું છે. કેવલજ્ઞાનીને વસ્તુના સ્વરૂપનું વિશેષ જ્ઞાન થઈ જાય. પછી સામાન્ય જ્ઞાનની શી જરૂર ? એકમતે સેમ છે - કેવલી કેવલ દર્શનનો ઉપયોગ સ્વીકારતા નથી. અમો અમારા ક્ષયોપશમ પ્રમાણે દલીલ કરીએ પણ સાચું તો કેવલી ગમ્ય.....!

જ્ઞાન આવ્યા પછી દર્શન કેમ ? એક માણસના વિશેષ ગુણધર્મો જાણ્યા પછી સામાન્ય રીતે માણસ છે એમ જાણવાની શી જરૂર ? જગતમાં સર્વ પદાર્થોને હથેળીમાં રહેલા આંગળીની માફક જ્યારે બરાબર જ્ઞાન થઈ જાય તો એમાં દર્શન આવી જ ગયું છે. શાસ્ત્રમાં

લખ્યું છે પેલા જ્ઞાન પછી દર્શન તેનો અપલાપ કરાય જ નહીં. જાણવા માટેની ઉપયોગની પ્રવૃત્તિ કેવલીને ન હોય. જ્ઞાનોપયોગ આત્માને સહજપણે ચાલતો હોય સમયે-સમયે તે-તે પદાર્થોના તે-તે થયેલા પર્યાયો પહેલાં અનાગત રૂપે પછી વર્તમાન રૂપે પછી ભૂત રૂપે જુએ.

જેમ માલગાડીનું એન્જીન દેખાય પછી ડબ્બા પછી છેલ્લો ડબ્બો ગાર્ડનો....! તેમ ભાવિ-વર્તમાન-ભૂતનું જ્ઞાન એ ક્રમ ચાલ્યા જ કરે. જ્ઞાનમાં કોઈ ફેર નથી તે આરીસા રૂપે છે. **પદાર્થોને જાણવાની વૃત્તિ ઇચ્છા થવી એ મોહનીયનો ઉદય છે.** કેવલજ્ઞાનીને મોહનીયનો સર્વથા ક્ષય હોય. જયારથી કેવળ પામે, લોકાલોકનું જ્ઞાન મેળવે તે આયુકર્મ જ્યાં સુધી ભોગવે ત્યાં સુધી ચાલ્યા જ કરે. પેલા મન-વચન-કાયાના યોગનો.... નિરોધ બાદરથી કરે. પછી સૂક્ષ્મ રીતે પણ રોકે. કેવલજ્ઞાની હાથ ઊંચો નીચો કરે, વિહાર કરે એ બાદર કાયયોગ છે ! નાડીના ધબકારા, લોહીનું પરિણમન, ખાધેલા ખોરાકનું પચન, તેમાંથી સાત ધાતુમાં પરિણમવું એ સૂક્ષ્મ કાયયોગ છે.

બાદર કાયયોગ એ તીર્થંકર માટે નિયત છે. બીજામાટે નિયત નથી. બીજા કેવલી ભગવંત તો દેશના આપેજ! એમ નિશ્ચય નથી કેટલાક મૂક કેવલી પણ હોય છે. જે દેશના ન આપે તે મુંગા- તેમને બોલતા નથી આવડતું એવું નથી....! કારણ ક્ષાયિક ભાવે કેવલજ્ઞાન લાભ થતો હોય તો બોલે નહીં તો કોઈપણ જાતનો ઉપદેશ આપ્યા વિના આયુષ્ય પુરું કરે.

બાદર વચન યોગ - સ્થુલ વચન યોગ - વૈખરી

સૂક્ષ્મ વચન યોગ - મધ્યમા, વૈખરી, પરા

**વચનના ૪ પ્રકાર પરા, પશ્યંતિ, મધ્યમ, વૈખરી**

કંઠની ઉપર આપણે જે બોલીએ તે વૈખરી...! એનાથી નીચે

તેને દંતાદી સ્થાનોમાં થી પહોંચી માત્ર હૃદયમાં બોલાય તે મધ્યમા..! નાભિમાં પશ્યંતિ...! તેની નીચે પરા.! વાણી = અંદરની હવા ઉત્પન્ન થાય અને ધીમે-ધીમે આગળ વધે. પશ્યંતિ - ઇંદ્રિયો મન બુધ્ધિથી પર, કોઈથી પણ જાણી ન શકાય, તે... પણ જો યોગમાં આગળ વધ્યા હોય તો ખાલી સ્ફુરણા થાય. ભાષાવર્ગણાના પુદ્ગલો શરીરમાં ભાષાવર્ગણાના પુદ્ગલો લઈને બોલે. **પરા-પશ્યંતિ યોગીઓને હોય. અંતરમાં વ્યવસ્થિત રીતે જાપની ક્રિયા થાય.** જેમાં હોઠ જીભ ન હાલે. પણ હૃદયમાં જ જાપ કરે તે મધ્યમા. ભાષા વર્ગણાની પુદ્ગલની પ્રકીયા ચાલુ હોય તેને છોડવાની ચેષ્ટા તે બીજાને ગ્રાહ્ય ન થાય.

કેવલજ્ઞાની ભગવંતોને સ્થુલ મન ન હોય. માત્ર સૂક્ષ્મ મનયોગ હોય. સામાન્ય કેવલીઓને માત્ર સત્તા રૂપે તીર્થંકર પરમાત્માને વ્યવહાર રૂપે હોય. અનુત્તર વિમાનના દેવાતાઓને જે જાતની તત્ત્વની વિચારણા ચાલતી હોય તેમાં આત્મતત્ત્વ અથવા જીવ તત્ત્વમાં કોઈ શંકા થાય તો ત્યાંથી જ મનોવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે. તેમાં ચિંત્વન કરે. આનું શું થાય ? અને છોડી દે. કેવલજ્ઞાની તીર્થંકર ભગવંત તે પુદ્ગલ જુએ છે. શું છે ? અને તેના અર્થની ચિંતવના કરીને પાછા છોડી દે. તે ગોઠવેલા મનોવર્ગણાના પુદ્ગલોથી..... અનુત્તરવાસી દેવો જવાબ લઈ શકે. અવધિજ્ઞાની સાધુ ભગવંત મનોવર્ગણાના પુદ્ગલોને જુવે પણ તેનો આકાર જોઈને આનો અર્થ એમ થાય તે કદી ન કહી ન શકે. એ મનઃપર્યવનો વિષય છે.

અનુત્તર દેવોનું અવધિજ્ઞાન સંભિન્નલોકનાડી ત્રસનાડીનું હોય છે. ચૌદ રાજલોક ઊંચી એક રાજલોક પહોળી એવી ત્રસનાડી છે. અનુત્તર વિમાનથી ઉપર છાજા સુધી, નીચે સાત નારકી સુધીનું - આખા લોકનું જુએ અને જાણે.

તીર્થંકર પરમાત્મા એનો અર્થ માનસિક ચિંત્વન દ્વારા જે આપે

તે અનુત્તરદેવો સમજી શકે. એ અનુત્તર દેવની ખાસિયત છે. તીર્થંકર પરમાત્મા મહાવીર દેવ જન્મ્યાને તરત મેરુ પર્વત પર લઈ ગયા. ત્યાં ઈન્દ્ર મહારાજ લઈને બેઠા ૧ ક્રોડને સાઠ લાખ કળશોથી જ્યારે અભિષેક કરવાનો હતો. ત્યારે કોઈ વખત નહીં પણ હુંડા અવસર્પિણીના પ્રભાવે ઈન્દ્રમહારાજાને શંકા થઈ તે ભગવાને શી રીતે જાણ્યું...? ભગવાનનું અવધિજ્ઞાન આવું નિર્મળ હોય એવી રીતે અનુત્તર વિમાનના દેવનું અવધિજ્ઞાન હોય છે. અવધિજ્ઞાનથી સામાન્યજ્ઞાન મનોવર્ગણાનું થઈ જાય પણ તેનો વિશેષાત્મક ભાવ મનઃપર્યવજ્ઞાનથી જાણી શકે. અવધિજ્ઞાની મનોવર્ગણાના પુદ્‌ગલો રૂપી હોવાથી સામાન્યથી જુએ છે. પણ વિશેષ ડીટેલથી - વિસ્તારથી મનઃપર્યવી જ જાણી શકે. તેટલું.... અનુત્તરવાસી દેવો જાણી શકે. અનુત્તરવાસી દેવો એક લાખ યોજનમાં રહેલા છે. ધાતકીખંડ અને પુષ્કરાર્ધવર્ત આઘા રહે માટે તે દેવો સીમંધર સ્વામીને જ પૂછી... વિનયનો ભાવ જાળવીને નમ્રતાપૂર્વક નમસ્કાર કરીને પૂછે છે.- સીમંધર સ્વામી ભગવાન આનો શો ઉત્તર છે? વિશિષ્ટ પુણ્યોદય હોવાથી અને કલ્પાતીત હોવાથી ન જાય. **અનુત્તર દેવોને ચૌદ પૂર્વનું જ્ઞાન હોય.** મનઃપર્યવજ્ઞાની અનુમાન કરે. તેની તારવણી કરવા શ્રુતજ્ઞાનનો ઉપયોગ કરી આ પદાર્થ એમ છે, આવો હોવો જોઈએ. આમ સ્પષ્ટ અનુમાન કરે છે. કેવલજ્ઞાનીનું જ્યારે આયુષ્ય પુરું થવાનું હોય ત્યારે ભવોપગ્રાહિભવને ટેકો કરનારા - તેમાં મુખ્ય આયુ જ્યારે પુરું થવા આવે ત્યારે પોતાની યોગજન્ય ક્રિયાને બંધ કરે. (નામ-ગોત્ર-વેદનીય)

આત્માની સ્વરૂપ રમણતા જે ચાલે છે. તેમાં તે મન-વચન-કાયાની યોગજન્ય ક્રિયાને બંધ કરે. તીર્થંકર પરમાત્માને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી આયુષ્યની અવધિ જાળવવી પડે છે. તેમને ઉદીરણા કરવાનો અધિકાર નથી. પણ જો આયુષ્ય કરતાં વેદનીય વધુ હોય તો સમુદ્‌ઘાત કરે. તેમાં ઉદીરણા કરવાનો અધિકાર નથી. પણ ઉદય

આવવામાં સન્મુખ છે. તે સર્વને ખેંચીને સમુદ્‌ઘાત કરીને ભોગવી નાખે. કેવલી ધારે તો કેવળ પામે તે જ વખતે - સમયે આયુષ્ય પુરું કરી શકે. પણ તેમણે ધારવાનું હોય જ નહીં. જે પ્રમાણે જે કાળે જે થવાનું છે એ પ્રમાણે આયુષ્યનો ક્રમ ચાલે છે. ભગવાન મહાવીર પરમાત્માએ છેલ્લે પાવાપુરીમાં હસ્તીપાલ રાજાની સભામાં છેલ્લું ચોમાસું કર્યું. કાર્તિક વદ ૧૪ના દિવસે દેશના આપી. પહેલો પ્રહર પૂરો થયો, તો વિશ્રામ આપવો જોઈએ. સમુદ્‌ઘાત કરી નાખે તો ન ચાલે ? ના...., વેદનીય સિવાય.... સમુદ્‌ઘાત ન કરી શકે. ભાષા વર્ગણાના પુદ્‌ગલો પૂરા કરવા માટે ૧૬ પ્રહર દેશના આપી નથી પણ..... **જિનનામકર્મના પુદ્‌ગલોનો જથ્થો ભોગવવા માટે દેશના આપે છે.**

આવશ્યકમાં ચૌદ પૂર્વધારી પૂ. ભદ્રબાહુ સ્વામી..... **तं च वेईज्जइ अगीलाये ।** જ્ઞાની- દેશના મુખ્ય - અષ્ટપ્રાતિહાર્ય ઉપ વાણીના ગુણ, સવાસો યોજન સુધી મરકી ન આવે. એથી જિનનામકર્મના પુદ્‌ગલો ભોગવાય. ભગવાન ખાસ પહેલા અને છેલ્લા પ્રહરમાં દેશના આપે. ઉનાળામાં પ્રહર મોટો પ્રાયઃ (૩૧) સવા ત્રણકલાકનો, શિયાળામાં નાનો પ્રાયઃ અઢી કલાકનો ભગવાન લગભગ ૬ કલાક રોજ દેશના ગ્લાનિં રહીત આપે. થાકે નહીં.... જિનનામકર્મનો ફોર્સ છે. **સર્વજીવોને સંસારમાંથી બહાર કાઢવાની ભાવનાથી જે જિનનામકર્મ બાંધ્યું** તેનો સક્રિય ફોર્સ છે. દેવછંદામાં ભગવાન આરામ કરવા જાય આપણે બોલીએ છીએ તીર્થંકર પરમાત્માની હાજરીમાં ગણધર ભગવંત દેશના ન આપે. માટે દેવછંદામાં જાય. ભગવાનને અશાતાનો ઉદય હોય જ નહીં તો થાક.... શેનો લાગે ? કેવલીને કદાચ ગજસુકુમાલ - ખંધકને હોઈ શકે પણ તીર્થંકર પરમાત્માને હોય જ નહીં. ભગવાન મહાવીરને છ મહીના ઝાડા થયા તે આશ્ચર્ય છે.

તીર્થંકર પરમાત્માને લોક-અલોકને જાણવાની શક્તિ જ્યારે પ્રાપ્ત

થઈ ત્યારે યોગોનું નિકંદન કરે. રોકે, ગાડી સ્ટોપ કરે. જેવું સિગ્નલ આપે એવી ગાડીઓ ચાલે... થ્રુ આઉટ સિગ્નલ આપે તો ગાડીઓ દોડવા દે. બે નંબરનું આપે તો સિગ્નલથી ત્રણ ફર્લાંગ દૂર અને સ્ટેશનના પાટાથી સાત માઈલ દૂર ત્યાંથી ધીમે-ધીમે બંધ કરે તો ગાડી ઉલટી થઈ જાય. - ઊંધી પડી જાય. આમ તીર્થંકર પરમાત્મા પોતાના જીવનમાં સંસારી ગાડીઓના જે મન-વચન-કાયાના જે ચક્કરો ચાલે છે તેથી આત્મામાં સ્થિરતા આવતી નથી. સ્વરૂપ રમણતા આવી પણ સ્થિરતા આવી નહીં. દર્શન...... સ્વરૂપ રમણતા + સ્વરૂપ સ્થિરતા = ચારિત્ર. ૧૧મા ગુણઠાણાની સ્થિરતા ૨ ઘડી અધ્ધાક્ષય = અંતમુર્હૂતનો ટાઈમ પૂરો કરે તે. ૧૧મા ગુણઠાણાથી ૧૦-૯-૮-૪-૧ થી નિગોદ સુધી પહોંચી શકે. કાલક્ષય = આયુષ્ય પૂર્ણ થયે સીધા અનુત્તર દેવલોકમાં જાય.

**સ્વરૂપ રમણતા એ મનનો વિષય છે. સ્વરૂપ સ્થિરતા એ યોગનો વિષય છે.** કોઈ માણસ આખો દિવસ કામ કરે મગજમાં રમણતા પૈસાની જ હોય.... રેડીયો - T.V - ચાલતું હોય તો સ્થિરતાને રમણતા પૌદ્‌ગલિક ભાવમાં.જ હોય. **આત્મજ્ઞાન વિના સ્થિરતા ન આવે. સ્થિરતા વિના રમણતા ન આવે.** (ટકે) નિશ્ચય નયની અપેક્ષાએ આત્મજ્ઞાન - રમણતા - સ્થિરતા બધા પરસ્પર ગુંથાયેલા છે.

ચારિત્ર મોહનીય ક્ષયથી સ્વરૂપ - સ્થિરતાની પ્રાપ્તિ થઈ પણ આત્માના જે ચાર ઘાતીકર્મ છે તેનું સ્પંદન ચાલુ છે. આત્મા ભાવથી સ્થિર થઈ ગયો. પણ દ્રવ્યથી નામ - ગોત્ર - આયુ - વેદનીય ૪ અઘાતી કર્મના ઉદયથી અનાદીકાલના સંસ્કારોનું જે કંથન થાય છે તે અટકાવવાનું છે. એવંભૂત નયથી ૧૪ ગુણસ્થાનકે ચારીત્ર હોય. નૈગમનયનું ચારિત્ર અપુનર્બંધકથી શરૂ થાય. ૭૦ કોડાકોડીનું મોહનીય કર્મ બાંધવાનું નથી તે પ્રમાણે રસ સ્થિતિ પણ બાંધવાની

નથી. એકની એક વસ્તુ ભિન્ન-ભિન્ન રીતે વિચારવાની પધ્ધતિ જિનશાસનમાં રહેલી છે.

શૈલેશી પડિવજ્જઈ - શૈલેશી = અવસ્થાનું, ભાવનું કરણનું નામ છે. શૈલેશી કરણથી શૈલેશી ભવ, શૈલેશી ભાવથી શૈલેશી અવસ્થા આવે. કરણ=સાધન આત્મામાં વીર્યનો વ્યાપાર તે કરણ. સાધન એ બાહ્ય કરણ.

અંતકરણ=જેને શાસ્ત્રમાં ગુણકરણ કીધું છે. શાસ્ત્રીય શબ્દોમાં બે ભેદ. (૧) યુંજન કરણ (૨) ગુણકરણ. આનંદઘનજી મહારાજે પદ્મપ્રભસ્વામી ભગવાનના સ્તવનમાં કહ્યું છે કે - "યુંજન કરણે હો અંતર તુજ - પડયો ગુણકરણે નિજ અંગ" યુંજન=જોડવું. આત્મા સાથે કરણનું જોડાણ. આત્મા પોતાની શક્તિ અવળી રીતે વાપરે તેથી કર્મબંધ થાય તે યુંજનકરણ. પણ.જો ખ્યાલ આવે કે આ ખોટો કર્મબંધ થાય છે. એજ મન-વચન-કાયાને આત્મસ્વરૂપને પ્રગટ કરવાના હેતુથી - ઉદ્દેશથી તેનું વલણ પલટાવે. ગુણકરણ=ફાયદો, લાભ. **આત્મા સાથે કર્મનું જોડાણ તે યુંજનકરણ...! આત્મશક્તિનો વિકાસ આવરણનો ઘટાડો તે ગુણકરણ.** આવરણનો ઘટાડો થાય એવી જાતના માધ્યમ શક્તિથી મન-વચન-કાયનો પ્રવાહ તે ગુણકરણ. ચોથા ગુણસ્થાનકથી ગુણકરણની શરૂઆત થાય છે. મારે આવરણ ખંખેરવા છે **મારો આત્મા સિધ્ધ પરમાત્મા જેવો છે** મનમાં ધારે, વચનથી બોલે, કાયાથી સામાયિક, પ્રતિક્રમણ, દીક્ષા વિગેરે પ્રવૃત્તિ એ પ્રમાણે મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરવી.

અપૂર્વકરણ થયા પછી આત્માનો ઉઘાડ થઈ જાય. પરમાત્માનું સ્વરૂપ અને મારું આત્મ સ્વરૂપ એક છે. માત્ર તેના ઉપરના આવરણ ખસેડવા છે. એવી નિર્ધાર પ્રવૃત્તિ ૪ થા ગુણસ્થાનકથી થાય. આઠમા **ગુણસ્થાનકથી ગુણકરણમાં સમુદ્રની જેમ એવી ભરતી આવે કે**

**સિધ્ધો તેરમે ગુણઠાણે પહોંચી જાય.** ૧૩ મે જ ગાડી ઊભી રહે. ચારિત્રમોહનીય, ધાંતીકર્મને ખસેડી નાખે પણ અઘાતી કર્મ બાકી રહયા છે. આપણા હૈયામાં પરમાત્માના શાસનની આજ્ઞા જવી નથી. ભયંકર ભુજંલ આવે, અગ્નિ લાગે, તો ગમે તેમ લકવામાં પડયો હોય તો બેઠક ઘસતો પણ દોડે. પણ ત્યાં કર્મમાં હશે એમ થશે. એમ વિચારીને બેસી ન રહે.

ગુણકરણ આવરણને ખસેડે કેવલ પામે એટલે આચાર પ્રમાણે ચાલે **કેવલીને.. પુરુષાર્થની મહત્તા નથી. પણ છદમસ્થને પુરુષાર્થની મહત્તા છે.** ઘાતીકર્મ તોડવા લાયક છે. અઘાતી કર્મ તો એની મેળે પુરું થયા વિના જતા રહે છે. કેવલીઓ ગંભીર હોય છે. તે તો જગતનું કલ્યાણ કરનારા હોય છે. પણ ઉપાદાનની યોગ્યતા પ્રગટયા વિના કેવલીઓ શું કરે ? ગુણકરણ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરાવીને નિવૃત્ત થઇ જાય છે. જ્યારે આયુનો છેડો આવે ત્યારે ફરીથી શરૂ કરે. મન-વચન-કાયાની પ્રવૃત્તિ બંધ કરે. કરવાની વસ્તુ તે ક્રિયા...! યોગને થંભવવાની ક્રિયા એથી શૈલેશભાવ આવે. તેમાંથી શૈલેશી અવસ્થા આવે. શૈલેશ=મેરુપર્વત મેરુપર્વતની જેમ અડોળ થઇ જાય. અડોળ થઇને પ ! શૈલેશસ્ય ભાવઃ ઇતિ શૈલેશ ભાવ, શૈલેશીકરણ શૈલેશી અવસ્થા. શિલ ચારિત્રં તસ્ય ઈશં સ્વામિ યથાખ્યાતં ભાવ ઇતિ શૈલભાવઃ તદ્ભાવ યથાખ્યાત ૧૧ મે શરૂ થયો. પણ ટેમ્પરરી..! ૧૧-૧૨ છે પણ તે અપૂર્ણ ભગવાને જેવું કીધું તે... ચય=રિકત કરે. ચય=ઢગલો કરવો. રિકત કરવું =ખલાસ કરવું. **કર્મના ઢગલાને ખલાસ કરે તે ચારિત્ર.** તેનું કામ ૧૩મે ગુણઠાણે શરૂ થયું. યથાખ્યાત ચારિત્ર ચૌદમે ગુણઠાણે આવે.

સિધ્ધાવસ્થામાં નિર્જરા કરવાનું કાંઇ નથી. પણ ભાવ ટકાવવા માટે છે. હકીકતમાં સિધ્ધોને આ ચારિત્ર નથી. તેમને નો ચારિત્રી

કહ્યા છે. શુકલધ્યાનના પછીના બે ભેદ - શૈલેશીકરણએ આત્મશક્તિનો વીર્યનો પ્રકાર છે. શુક્લધ્યાનનો ત્રીજો પાયો. (૩) વિપરીત ક્રિયા - જેમાં કાયા - વચનની ક્રિયા બંધ થઈ જાય. જેમ ઘડિયાળ બંધ થાય તો તેને ચાવી આપવાથી પાછી ચાલુ થઈ જાય. પણ જો મશીન બગડયું હોય તો ચાલુ ન થાય તેમ... (૪) વિચ્છિન્નક્રિયા - શુકલધ્યાનમાં ત્રીજો-ચોથો પાયો શૈલેશીકરણની પૂર્વ ભૂમિકા છે. મન-વચન-કાયાના યોગોને વિચ્છિન્ન કરી નાખે. શૈલ=પર્વત તસ્યઈશં :=શૈલેશ:=મેરુપર્વત જેવી સ્થિરતા માટે કરાતો પ્રયત્ન તે શૈલેશી ચારિત્ર આવે. ચારિત્રમાં સૌથી ઊંચું ચારિત્ર નું સ્વરૂપ આવે. આ ચારિત્ર આવે એટલે કર્મના ઢગલા બધા ખલાસ થઈ જાય. એક પણ પરમાણુ આત્મામાં ટકયો ન રહે. તે એવંભૂત નયની અપેક્ષા એ છે.!

## શ્રી દશવૈકાલિક વાચના - ૫૫

અનંત ઉપકારી ચરમ તીર્થાધિપતિ ભગવાન મહાવીર દેવ પરમાત્મા જિનનામકર્મના વિપાકરૂપે શાસનની સ્થાપના કરી **અનાદિકાળના મોહની જંજાળમાંથી છુટીને સાધુઓએ વિવેકપૂર્વક સંયમની આરાધના શી રીતે કરવી તે માટે ચોથા અધ્યયનમાં જયણા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.** જ્ઞાનીઓ કહે છે જયણા = સાવધાની - સાવચેતી એટલું જ નહીં પણ ખાડામાં પડી ન જવાય, હાડકાં ન ભાંગે માટે લક્ષ દોરવાનું છે. જો ભગવાનની આજ્ઞા પ્રમાણે જયણાપૂર્વક ન ચાલું, બેસું, સુવું તો જ્ઞાનીની આજ્ઞાનું પાલન ન થાય. કઈ આજ્ઞા...? કર્મબંધનમાંથી છુટવાની: સાધુઓ માટે જે - જે પ્રવૃત્તિ તે સર્વ નિર્જરાના ઉદ્દેશથી કરવાની હોય. સંસારીજીવો નિર્જરાના ઉદ્દેશને મેળવી ન શકે. ગૃહસ્થની ક્રિયા પુણ્ય માટે જ હોય. પણ તેને તે પુણ્યના ઉદ્દેશથી કરવાની નથી. લક્ષમાં તો નિર્જરા જ રાખવી જોઈએ. વ્યવહારમાં લાભ મળશે કહેવાય તેમ કર્મબંધનમાંથી છુટકારો થશે એમ **જો પુણ્યના આશયથી કરણી કરે તો પાપાનુંબંધી પુણ્ય બંધાય...!** અને **નિર્જરાના હેતુથી ક્રિયા કરવામાં આવે અને કારણ વશાત્ છેક સુધી શુભ અધ્યવસાય ટકી ન શકે. તેથી પુણ્ય બંધાય (નિર્જરા ઓછી) તે પુણ્યાનુબંધી પુણ્ય પુન્યથી વાયા** વાયા.... નિર્જરા થઈ શકે. શ્રાવકો નિર્જરા સુધી એકદમ પહોંચી ન શકે. એથી ગર્ભિત પુણ્ય બંધાય. નિર્જરા સુધી પહોંચવું શકય નથી.

તે સાધુપણામાં જ શક્ય બની શકે.

ભાવપુણ્ય નિર્જરામાંથી આવે છે. જેમ-જેમ કર્મની લઘુતા થાયને આત્મશુધ્ધિ વધે તે ભાવપુણ્ય...! જ્ઞાનીના શાસનમાં પ્રધાનતા - અપ્રધાનતા અધિકાર રીતે હોય. શ્રાવકને સંસારની મોહ જાલમાં ફસાયેલા ગૃહસ્થને નિર્જરાના પરિણામ મેળવવા જેવા લાગે પણ તેની સામગ્રી ન હોય તો માત્ર બોલવાથી નિર્જરા ન થાય તેવા પ્રકારની જ્ઞાનીની નિશ્રા, વાતાવરણ, શાસ્ત્રાભ્યાસ, ચારિત્રની પાલના જોઈએ. મારે નિર્જરા કરવી છે એમ બોલીને દુકાને જઈને બેસો તો નિર્જરા ન થાય. તદ યોગ્ય પ્રવૃત્તિ.....હોવી જોઈએ. **અનાદિકાળના સંસ્કારોની ભૂમિકા આત્મબંધન તરફ ખેંચી જાય છે....**

અશુભબંધનથી જાતને બચાવે પણ નિર્જરાનાં ઉદ્દેશથી કરતા પણ શુભ પુણ્યનો બંધ થઈ જાય તો ગૃહસ્થને વાંધો નહીં. પ્રવચન પરીક્ષામાં ઉપાધ્યાય પૂ. ધર્મસાગરજી મહારાજના તેમાં મૂળ શાસન પરંપરામાંથી જેટલા ફાંટાઓ નીકળ્યા તેમાં એકાંતવાદને પકડીને કેવી રીતે જુદા થયા... તે બતાવે છે. તેમાં સ્થાનકવાસીનો અધિકાર આવે છે.

દ્રવ્યસ્તવ - સ્નાત્ર મહોત્સવ કરે તો બે કલાક સુધી પરિણામની ધારા શુધ્ધ રહે. ભાવસ્તવમાં ચૈત્યવંદન પુરતું જ (આવે) રહે છે. દ્રવ્યસ્તવમાં કેટલી સામગ્રી લાવવી પડે, શ્રમ લેવો પડે. અને દ્રવ્ય ઉપરની કેટલી મમતા ઉતારવી પડે. **દ્રવ્યસ્તવ આત્માની શુધ્ધિ માટે કરવાનું છે.** પૂજા-સ્નાત્રાદિ વિગેરે તે ચાંદીનો હાથી સોનાની આંખ હોય એ પ્રમાણે છે. **ભાવસ્તવ પણ આત્માની શુધ્ધિ કરવા માટે જ છે** પણ સોનાનો હાથી અને ચાંદીની આંખ જાણવી. એને સોનું એટલે નિર્જરા અને ચાંદી એટલે પુણ્ય જાણવું.

**સાધુ ભગવંતને નિર્જરાના ઉદ્દેશથી સર્વ ક્રિયા કરવાની છે.** તે સોનાનો હાથીને ચાંદીની આંખ કયાંક પુણ્ય બંધાય જાય (પુણ્ય

માટે ક્રિયા નથી.) દા.ત. બિલાડી કબૂતરને મારે. રહેવાય નહી આ અનુકંપાદાનની પ્રવૃત્તિ સાધુથી કરાય નહીં. પણ દયાના અંકુરાથી થઈ જાય માટે કયાંક પુન્ય બંધાઈ જાય. ભાવપુણ્યએ જીવનમાં નિર્જરાના.... ઉદ્દેશથી બંધાય માટે એ ઉપાદેય છે. દ્રવ્યપુણ્યમાં નિર્જરાનું લક્ષ્ય ભૂલાઈ જવાથી તે હેય છે. પણ....કોઈક વાર દ્રવ્યપુણ્યને નિર્જરાના કારણરૂપ હોવાથી ઉપાદેય કહેવાય છે. પૌદ્ગલિક રાગથી પુદ્ગલના રક્ષણ માટે રખાતી સાવધાની તે દ્રવ્યજયણા. કીચડમાં સાચવી-સાચવીને પગ મૂકે. તે દ્રવ્ય જયણા. પોતે લપસી ન જાય તેથી સાચવીને ચાલવું... તે દ્રવ્ય જયણા. માર્ગમાં જીવોત્પતિ થઈ હોય. વરસાદના કારણે..... મંકોડાદિ જીવોત્પત્તિ થઈ હોય જીવો મરી ન જાય તે માટે જયણાપૂર્વક ચાલે... તે ભાવજયણા છે! પુદ્ગલને કેન્દ્રમાં રાખીને અનર્થમાંથી કર્મના બંધનોમાંથી છુટવા માટે કરતો પ્રયત્ન તે ભાવજયણા...! ભાવજયણાએ પ્રથમ સ્ટેજ મોક્ષએ ૧૪મું સ્ટેજ છે. ૧૨મું સ્ટેજ કેવળજ્ઞાન છે.

"जया जोगे निरुंभित्ता."............ જ્યારે યોગોનો નિરોધ કરીને શૈલેશીકરણ કરે. ત્યારે સર્વ કર્મની નિર્જરા થઈ જાય. નિર્જરા થઈ જાય. નિર્જરા બે પ્રકારે - દેશ નિર્જરા અને સર્વનિર્જરા.

**(૧) દેશનિર્જરા - સમયે-સમયે ચાલુ છે.**

**(૨) સર્વથી નિર્જરા - આત્માથી કર્મોના પુદગલો બધા ખરી જાય તે સર્વ નિર્જરા...!**

આત્માનાં પરિણામોની ધારામાં એવું શુધ્ધિનું તત્ત્વ આવે કે એ કર્મ ફરીથી ભાવથી રસથી બાંધવા ન પડે. એવી આત્મા તરફ યોગ્યતા તે ભાવનિર્જરા. દ્રવ્યનિર્જરા સમયે-સમયે સર્વ કરે. ભાવનિર્જરા અપુનર્બંધક અવસ્થાથી નિશ્ચયનયે થાય. વ્યવહારનયથી શરૂઆત ૪ થા ગુણઠાણાથી અને નિશ્ચયનયથી શ્રેણી માંડે ત્યારથી શરૂઆત થાય છે. સમાપ્તિ ૧૪ ગુણઠાણા સુધી ત્યાં કર્મપુદ્ગલને

ખેરવીને આત્મશુધ્ધિ થઈ જાય. જગતમાં હું આમ કરીશ તો આમ થાય - થઈ જાય એવાં પ્રયત્નો તીર્થંકર પરમાત્મા ન કરે. પણ સાહજિક કરે. આત્મા પોતાની ચેતનાનું પહેલાં આવર્જીકરણ કરે.

આવર્જીકરણ એટલે ચારે બાજુથી ખેંચવાનો પ્રયત્ન. મન-વચન-કાયાના યોગોને રુંધન કરવાનો પ્રયત્ન તે આવર્જીકરણ....! આવર્જીકરણ પછી શૈલેશીકરણ. આ = ચારે બાજુથી વર્જ=છોડી દેવું તે. ચારે બાજુથી આત્માને ખેંચે પછી છોડી દે. પુદ્‌ગલ સાથે આત્માના પરમાણુનું જોડાણ તે.

**આત્મપ્રદેશોનું ભાષાવર્ગણાના પુદ્‌ગલ સાથે જોડાણ તે વચન યોગ...!**

**આત્મપ્રદેશોનું દ્રવ્યમન- ભાવમન સાથે જોડાણ તે.... મનોયોગ....!**

કેવલીને ભાવમન ન હોય પણ દ્રવ્યમન હોય. અનુત્તરદેવોને જવાબ દ્રવ્યમનથી આપતાં હોય છે. મૂક કેવલીને વચનયોગ તો હોય જ પણ તે ઉપદેશ ન આપે. બીજું બોલી શકે. નામકર્મની ખામી હોય. ઘાતી કર્મ ક્ષય થઈ ગયા. પણ અઘાતીનો ઉદય ચાલુ હોય. **દ્રવ્ય ઇન્દ્રિય નામકર્મ થી મળે ભાવ ઇન્દ્રિય = જ્ઞાનાવરણીય ક્ષયોપશમથી મળે.**

# શ્રી દશવૈકાલિક વાચના - ૫૬

પોતાના જીવનમાં નામકર્મની પ્રકૃતિ ક્ષીણ હોય તોય કેવલજ્ઞાન આત્માને થાય દા.ત. કુર્માપુત્ર કુબડાને બે હાથની કાયાની અવસ્થામા કેવલ પામ્યા. - તો પછી કેવલ પામ્યા પછી સીધા ન થઇ જવાય ? **કેવલ પામ્યા પછી આત્માના ગુણોમાં વૃધ્ધિ વિકાસ થાય, કાંઇ દ્રવ્ય શરીરમાં ફેરફાર ન થાય. સાધુજીવનમાં જે જયણાને પ્રાણ રુપ બતાવી છે. તે મોક્ષના લક્ષ્ય સુધી પહોંચાડે છે.**

દ્રવ્ય જયણા - સંસારી માત્રને હોય. પુદ્ગલ કેન્દ્રમાં હોય તે દ્રવ્ય જયણા....! ડૉકટર કહે કે અલ્સર છે તળેલું ન ખાવું વિગેરે તે...! પુદ્ગલ કેન્દ્રમાં રાખીને જયણા રાંખનારને તે પ્રમાણે ચાલનાર ઘણા છે. એથી સંસાર વધે છે.

ભાવજયણા - આત્માને કેન્દ્રમાં રાખીને જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે સાપેક્ષા જીવન જીવવાનો ઉદ્દ્શ તે ભાવ જયણા....! એનું ૧૪મું પગથીયું મોક્ષ છે.

જ્ઞાનીની આજ્ઞા શી ? નિર્જરાનો ઉદ્દેશ તે આજ્ઞા છે "जोगे जोगे जिनशासणम्मि कम्मखया हुंति। ગૃહસ્થને અપેક્ષાએ પુણ્ય ઉપાદેય થઇ જાય છે. જો નિર્જરાનું લક્ષ હોય તો જિનશાસન નિર્દિષ્ટ દરેક યોગમાં કર્મક્ષય મુખ્ય છે. **સાધુને સર્વથી નિર્જરા થાય એ જ લક્ષ હોય અને ભાવનિર્જરા માટે ક્રમે પ્રયત્ન ચાલે.** આ =

મર્યાદાપૂર્વક. વર્જ = છોડવું - ચેતના શક્તિ કાયામાં પૂરાયેલી છે. તેને છોડી દેવી. આત્મા સ્વભાવ રમણતામાં રહેવા ઇચ્છે. એમાંથી શૈલેશીકરણ આવે. શૈલેશીકરણ, શૈલેશીભાવ, શૈલેશી અવસ્થા. બધા યોગોનો નિરોધ થઇ ગયો. આત્મા સાથે ચેતના શક્તિ પરોવાઇ ગઇ. ચૌદમા ગુણસ્થાનકે પાંચ હસ્વાક્ષરનો ટાઈમ. ક્યાંનો ? શરીરમાં રહેવાનો ટાઈમ માત્ર પાંચ હસ્વાક્ષરનો છે બાકી તો સાદી અનંત ભાંગે છે. સ્પંદન સર્વથા બંધ થઇ ગયું. ચૌદ રાજલોકના મધ્યમાં તીર્છાલોક તેના મધ્યમાં મેરુપર્વત ધાતકી ખંડના મેરુની ઊંચાઇ ૮૫ હજાર યોજનની છે જંબુદ્વીપમાં મેરુની ઊંચાઇ ૧ લાખ યોજન છે, તે કદી ડગે નહીં.....

જયણા - ૧ લું - પહેલું પગથીયું.

કેવલ - ૧૨મું ગુણસ્થાનક

યોગનિરોધ - ૧૩મા ગુણસ્થાનક

સર્વથા - ૧૪મા ગુણસ્થાનક

ભગવાન મહાવીર પરમાત્માએ પગવડે મેરુને કંપાવ્યો તે આશ્ચર્ય છે. આત્મા એવો અડોલ થઇ જાય. અત્યારે આપણા આત્માની સ્થિતિ કેવી છે ? નીચે અગ્નિ સળગે અને ગરમી તપેલાંના પાણીને લાગે ત્યારે ઊકળે. તેમ આત્મારૂપી તપેલું પ્રદેશો રૂપી પાણી તેની નીચે અગ્નિ સળગી રહયો છે. કયા અગ્નિ ? યોગ રૂપી અગ્નિ. મિથ્યાત્વ - અવિરતિ - કષાય એ લાકડાં છે. આત્માની શક્તિ મન-વચન- કાયામાં જે જાય છે. તેમાંથી અવિરતિ - મિથ્યાત્વ - કષાય પ્રમાદનું તત્ત્વ કાઢવામાં આવે તો

**કષાય એ કેરોસીન છે....**

**અવિરતિ - ક્રુડઓઇલ છે...**

**મિથ્યાત્વ - પેટ્રોલ છે....**

**યોગ - અગ્નિ છે.**

આત્માની ચેતના શક્તિ અધોગામી થઈ કારણ અનાદિકાળના સંસ્કારના પરિણામનું વહેણ મોકલ્યું માટે નીચે ગયા.

ભટ્ટીના ઉપર મૂકેલા કડકડતાં તેલમાં પૂરી નાંખે. પછીએ સુ....સુ.... કરતાં તેલને ખેંચે. ગરમીથી તળાય. એવીજ રીતે આત્માની ચંચળતાના કારણે જે સમયે સમયે બંધ ચાલુ છે. તેમાં મિથ્યાત્વ - અવિરતિ - કષાયનો રસ વધારે હોય તો તે...... આત્માને ચોંટી જાય. જિનશાસનની પરંપરા પ્રમાણે જ્ઞાનીઓ જે ધ્યાનની વ્યાખ્યા બતાવી તેમાં મહત્ત્વની વાત નિર્દેશ કરે છે.

અન્યદર્શનીમાં વ્યાખ્યા - ચિત્તવૃત્તિ નિરોધ એમાં ધ્યાન કરીને યોગ પ્રત્યયમાં એક તાન થઈ જાય. તે ધ્યાન - ચિત્તવૃત્તિનું એકપણું આ પતંજલીનો મત છે. **પુણ્યવાન્ આપણે ત્યાં પ્રતિક્રમણ, પૂજા, નવકાર, દેવદર્શનની ક્રિયા, બારવ્રત, પાંચ- મહાવ્રતની ક્રિયા ધ્યાન સ્વરૂપ છે** એ સમજાય છે. ખરું ? આપણે તો પલાઠી વાળીને બે આંખો મીંચીને બેસીએ તેને જ ધ્યાન સમજીયે, એકાગ્રચિત્ત તે જ ધ્યાન એમ નહીં.

શ્રેણિક મહારાજની સવારી જઈ રહી હતી. મહાવીર સ્વામી પરમાત્માના સમવસરણમાં... નંદમણિયારનો જીવ પોતાના તળાવમાં દેડકો થયો.... પનિહારીઓ પાણી ભરવા આવી..... અંદર-અંદર વાતો કરે ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે.... જલ્દી પાણી ભરવા.... દેડકો વારંવાર આ નામ સાંભળે. દેડકાં બે જાતના... ગર્ભજ અને સમુચ્છિંમ.... ગર્ભજને મન પણ હોય. નંદમણિયાર બાર વ્રતધારી, આઠમ-ચૌદશે પૌષધ કરનારો અને રાજગૃહીનો છે....

ધર્મ આરાધનાના બે પૈડાં - **વિધિપૂર્વક ક્રિયાનું પાલન....!**

**જ્ઞાનીની નિશ્રા.....!**

**આ બે વિના ધર્મની આરાધના નિર્જરાનું અંગ બની જ ન**

**શકે. સ્વચ્છંદ ભાવે કરતી ક્રિયાની કિંમત કાણી કોડી જેટલી પણ શાસનમાં નથી..** મન ફાવે ત્યારે પૂજા-પ્રતિક્રમણ, વિ. કરવું.... **શાસ્ત્રની આજ્ઞાનો માર્ગ બતાવે તે ગુરુ.** પણ.... પંપાળે, સામેલાને ખોટું ન લાગે માટે જેમ-તેમ કરવા દે તો પણ વિરાધક બને.

નંદમણિયાર અઠ્ઠમને પારણે અઠ્ઠમ કરનાર હતો. નિશ્રાનું કેટલું મહત્ત્વ છે. નંદમણિયાર નિશ્રાનું મહત્ત્વ ચૂકયો. કલ્પનાનો તરંગ આવ્યો. ઘરે પૌષધ કર્યો. અઠ્ઠમના પારણે અઠ્ઠમ... ત્રણ દિવસ ઘણું ખેંચવાનો પ્રયત્ન કરે પણ કાબુમાં લાવી ન શકયો. **જો જ્ઞાનીની નિશ્રામાં હોત તો વિચારોનું ડામાડોળ પણું સ્થિર કરવા જ્ઞાની તરફથી પ્રેરણા મલત....** શું પરિણામ આવ્યું....? ખરો ધર્મ આ જ છે તરસ્યાને પાણી પાવું... એમ વિચારીને દેવપૂજા, સામાયિક ઓછું કરીને પરબો બંધાવી વાવડીઓ ખોદાવી તળાવ ખોદાવ્યા. વિગેરેમાં આગળ વધ્યો. મારા જેવા કેટલા પીડાતા હશે ? **ચારિત્ર મોહનીયનો ઉદય સ્વચ્છંદભાવ પોષાયો.** સુપાત્રદાન - અનુકંપાદાનની.... કંપેરીઝન - (સરખામણી) કરતા તો સોનાની સોના પ્રમાણે કિંમત આપવી જોઈએ. અનુકંપા દાન મહત્ત્વનું છે પણ **સુપાત્રદાનને ગૌણ કરીને કરાતી અનુકંપા.... સંપૂર્ણ ફળ ન આપે.**

ડૉકટર જો વકીલના ચોપડા લઈને બેસે તો તેને કાંઈ જ ગતાગમ ન પડે. ડૉકટર-ડૉકટરનું જ કામ કરી શકે. વકીલ-વકીલનું જ કરી શકે. પાંચમા ગુણઠાણાનો અધિકારી અનુકંપાદાનને આટલું મહત્ત્વ આપે એના પરિણામે નંદમણિયાર મરીને પોતાની બાંધેલી વાવડીમાં દેડકો થયો.....વીર....વીર...! શબ્દ સાંભળી જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વ ભવે પરમાત્માનું શાસન પામ્યા પછી પણ તેની ગંભીરતાને વિચારી ન શકયો. સામાયિક, પ્રતિક્રમણ, પૂજાની પ્રવૃત્તિ ગૌણ કરી દ્રવ્યપ્રમાદમાં મુંઝાયો. ખાસ કરવાનું હતું તેને મૂકીને બીજી પ્રવૃત્તિમાં મશગુલ બન્યો. મનુષ્ય.... જન્મ હારી ગયો. જાઉં... ભગવાન પાસે. આલોચના લઈ.. પ્રાયશ્ચિત કરું... એમ વિચારી વાવડી બહાર નીકળ્યો.

દ્રષ્ટાંત =અદ્રષ્ટ છે અંત જેનો તે.... દ્રષ્ટાંત.

**ધ્યાન એટલે આત્મ પ્રદેશમાં જે પુદ્‌ગલ જન્ય ચંચલતા તેને ઘટાડવાનો પ્રયત્ન તે ધ્યાન છે.** દેડકાને તીર્થંકર પરમાત્માનું ધ્યાન આવ્યું. તેને પશ્ચાતાપ થયો. શ્રેણીક મહારાજાની સવારી નીકળી ઘોડાના પગ નીચે આવી ચગદાઈને શુભધ્યાનથી મરી દુર્દશંક દેવ થયો. **પુદ્‌ગલ જન્ય આત્મપ્રદેશમાં જે સ્પંદન તે અશુભ ધ્યાન. પુદ્‌ગલ જન્ય આત્મપ્રદેશોમાં જે સ્પંદન તેને ઘટાડવું તે શુભધ્યાન....!** આત્માને કેન્દ્રમાં રાખી કરાતી ક્રિયા તે શુકલધ્યાન.....! 'नाणं च दंसणं चेव'..... નવતત્ત્વમાં લક્ષણ..... જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય ઉપયોગ એ લક્ષણ છે. ઉપયોગ ક્રિયાત્મક છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર શકિતરૂપ છે. તે દરેક જીવોમાં સંભવી... વીર્યનો ઉપયોગ પણ સંભવી શકે. તપ-ચારિત્રં શું છે તે કેવી રીતે ઘટે ? **ધર્મધ્યાન આવે તો દેવગતિ, રૌદ્રધ્યાન આવે તો નરકગતિ, આર્તધ્યાન આવે તો તિર્યંચગતિ. શુકલ ધ્યાન આવે તો કેવળ જ્ઞાન થાય.**

# શ્રી દશવૈકાલિક વાચના - ૫૭

અનંત ઉપકારી પરમાત્મા મહાવીર દેવે શાસનની સ્થાપના કરી તેનું પાલન સર્વાંગ રીતે કરનારાઓ માટે શ્રી દશવૈકાલિક સૂત્રનું નિરુપણ કર્યું....! પાંચ મહાવ્રત છઠ્ઠું રાત્રિભોજન, છ ની પ્રતિજ્ઞા, છ કાયની રક્ષા બધાનો આધાર જયણા પર જ છે. **હૈયામાં વિવેક બુધ્ધિનો પ્રકાશ ન પથરાયો હોય તો આત્મા શાસનની વફાદારીને ભૂલી જાય છે.** પણ ઉમળકા સાથે વિવેકપૂર્વક શાસનમાં કરાતી ક્રિયા તે જયણા કહેવાય.

જયણા બે પ્રકારની... દ્રવ્ય જયણા ભાવ જયણા પુદ્ગલ કેન્દ્રમાં રાખીને કરાતી જયણા તે દ્રવ્ય જયણા પણ આજ્ઞાનો ફોર્સ વધવાથી મારા હૈયામાં કષાયનું જોર ઓછું થાય, મારો આત્મા કર્મબંધન ન કરે એવી તકેદારી પૂર્વક.... કરાતી ક્રિયા તે ભાવજયણા...!

શૈલેશી કરણ દ્વારા આત્મા મોક્ષને પામે છે. આત્માના પ્રદેશોમાં ચાલી રહેલું કંપન તેનો ઘટાડો તે પરમાત્માના શાસનની આરાધના છે. આત્મામાં થતાં પ્રદેશોના કંપનને અનુમાનથી જાણી શકાય.

અનુમાન ગમ્ય - અધ્યવસાયમાં, પરમાણુમાં ભગવાનની આજ્ઞાનો વધારો થાય એટલે એટલે આપણે સમજી શકીએ કે મારા આત્માનું કંપન ઓછું થાય છે. કંપન થાય એટલે - મિથ્યાત્વ - અવિરતિ - કષાય ત્રણમાંથી એકનું જોર આત્મામાં રહેલું છે. એથી

મનના પરિણામો સ્વચ્છંદવાદી થઈને પૌદ્ગલિક ભાવમાં ખેંચાય. આત્મિકભાવને ભૂલી જાય છે. આવી જ સ્થિતિ વચન અને કાયાની છે.

આજ્ઞા = **આત્મતત્ત્વને ઉદ્દેશીને આત્મા ઉપર લાગેલા ભારને ઘટાડવાનો સક્રિય પ્રયત્ન તે આજ્ઞા.** યથાપ્રવૃત્તિ કરણમાં યથાભદ્રક ભાવ પામેલો જીવ વ્યવહારથી જિનાજ્ઞા પાલન કરતાં ન દેખાય તો પણ જિનાજ્ઞા પાલનના ભાવને અભિમુખ થતો તે ટુંક સમયમાં આત્મા સમ્યક્ત્વ પામી જાય. જેમકે નયસારના ભવમાં લાકડા કાપવા જાય છે. અને માર્ગાનુસારીના ગુણ તરીકે દાન આપીને ભોજન કરવાનું મન થયું. ને સાધુ ભગવંતને જોઈને ઉલ્લાસ વધે. કારણ પૂર્વભવની આરાધના છે. **અંતરના પરિણામોમાં સમજે છે કે આ સાધુ મહારાજ..., અહિંસક છે.** તેનામાં મોહનીયના પડદા ઘસાયેલા હતા. - તેને શાસ્ત્રમાં યથાભદ્રક પરિણામી કહેલા છે. અવિરતિને કષાય ન ઘટે ત્યાંસુધી આત્માનું કંપન ઘટી ન શકે. અવિરતિના સંસ્કારોને ઘટાડયા પછી જ આત્માનું કંપન ઘટી શકે. છટ્ઠે ગુણઠાણે આવ્યા પછી જો ચઢતા પરિણામ આવે તો સાતમે - ૮-૯-૧૦-૧૨-૧૩-૧૪ મે જાય પછી જો પડતા પરિણામ આવે તો ઉપશમ શ્રેણીમાં ૧૧માં ગુણઠાણેથી પડત ૫-૪-૩-૨-૧ ગુણઠાણે આવે વ્યવહારથી પૂર્વ ક્રોડ વર્ષ છટ્ઠા ગુણઠાણાનો ટાઈમ કહેવાય. પણ એના અધ્યવસાયમાં તો અંતમુર્હૂર્ત ફેર પડે છે. અંતર્મુર્હૂત પછી હાં તો સાતમે ગુણઠાણે જાય. નહીં તો પડતા પરિણામ થાય તો પાંચમે જાય. પ્રમાદ અવિરતિના સંસ્કારોને સાચવીને રાખે છે અને વિરતિના સંસ્કારો જીવનમાં આવવા ન દે.

આત્મપ્રદોશોનું કંપન જેમ-જેમ ઘટે તેમ-તેમ જિનશાસનની આરાધના થઈ કહેવાય. ૧૩મા ગુણઠાણે જવાથી આત્મપ્રદેશોનું કંપન ઘટી જાય. એના યોગે ઝળહળતું કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. ૧૦મા ગુણઠાણે કષાય ગયા પછી પણ એની અસર રહી જાય. જેમ...... ગાડીને બ્રેક માર્યા પછી પણ ગાડી ચાલે. જ્યારે ૭મે ગુણઠાણેથી

આગળના.... પગથીયા ચઢે ત્યારે શુકલ ધ્યાનનો સહારો લે. તેથી તે આગળ જાય છે. ૧૩મે ગુણઠાણે યોગજન્ય માત્ર કંપન ચાલે છે. તેને પણ ૧૪મે ગુણઠાણે આત્મા સ્થિર કરે છે. ૭-૮-૯-૧૦-૧૨-૧૩-૧૪ ગુણઠાણે ઉતરોત્તર ઓછું.... કંપન હોય...! સહુથી વધારે કંપન મિથ્યાત્વીને હોય. ભલે તે ભૂગર્ભમાં બેઠેલો હોય....! ખાડામાં હોય. ૧૫દિવસ કે મહિનો હોય તો પણ કંપન ઓછું થાય જ નહીં. જ્ઞાનીઓ કહે કે અન્યમતના તપાસ વિગેરે કાયાથી એક જગ્યાએ બેસે પણ આત્મ પ્રદેશમાં કંપન ન ઘટાડી શકે. તેઓને ભગવાનની આજ્ઞા પ્રમાણે વિચરનાર સાધુ કરતાં કેટલાંય ગણો બંધ થાય. નિર્જરા ઓછી..... સાધુને નિર્જરા વધારે થાય.

સાતમા ગુણઠાણાથી આગળ વધે ત્યારે શુકલ ધ્યાનનો સહારો લે છે. જૈન- શાસનમાં ધ્યાનને સ્થાન નથી એમ અપેક્ષાએ કહી શકાય. જૈન શાસનમાં ધ્યાનને સ્થાન છે એવું બીજે કયાંય નથી એમ પણ કહી શકાય.

પૂ. રત્નશેખર સૂરી મહારાજે ગુણસ્થાનક ક્રમારોહમાં ૨૩મી ગાથામાં કહયું છે કે જે... આત્મા આવશ્યક ક્રિયાનો ત્યાગ કરી ધ્યાન ધરે. શ્રાવકે - ૧૨-૧૨ કલાકે ૬ આવશ્યક કાર્ય કરવા જોઈએ જો આમાંથી એકપણ ન કરે ને બીજી બાજુ બે-બે કલાક ધ્યાન ધરે તો તેવા ધ્યાનને શાસનમાં કોઈ સ્થાન નથી.

આવશ્યક ક્રિયાનો ત્યાગ કરીને ધ્યાન ધરવું એમ કહેનારને અથવા જેમ-તેમ કરનારને આજ્ઞા વિના સ્વતંત્રપણે કરનારને જ્ઞાનીઓએ શરૂઆતમાં આયંબિલનું પ્રાયશ્ચિત...... બતાવ્યું છે. અને વધતાં-વધતાં ઉઠમણા સુધી બતાવેલ છે. ઉઠમણુ = માંડલીમાં બેઠો હોય અને ઉઠાડી મૂકે. અનાદિ કાળના સંસ્કારોને વશ થયેલો આ આત્મા પોતાના જીવનમાં અન્ય સાધુઓ સાથે આરાધના ન કરી શકે. મોહનીયના સંસ્કારને વશ થઈને સમાચારીને, ક્રિયાનો અપલાપ કરનાર (સમુદાયમાં પ્રતિક્રમણ વિગેરે ન કરે તો) ને છેલ્લું પ્રાયશ્ચિત

ઉઠમણું આવે છે. **આવશ્યક ક્રિયાનો અપલાપ કરીને બીજી કોઇપણ ક્રિયાની કિંમત..... શાસનમાં નથી.** છ આવશ્યક કરનારમાં જ મોહનીયના પડદા ક્ષીણ કરવાની શક્તિ રહેલી છે. એમ કેવલજ્ઞાની ભગવંતે જ્ઞાનમાં જોયું છે.

ઉત્થાપનં = ઉઠમણું, પરમાત્માના શાસનની વિરાધના કરીને આવશ્યક ક્રિયાનો અપલાપ કરીને કોઈપણ ક્રિયા ન થાય. આવશ્યક ક્રિયામાં જ બધો સમાવેશ થાય છે. આવશ્યક ક્રિયા માટે બીજા કોઈ જ્ઞાનની કાંઈ જરૂર નથી. માત્ર સામાચારીનું જ્ઞાન મેળવવાની જ જરૂર છે.

આજે ધ્યાનના નામે આવશ્યક ક્રિયાનો ધક્કો લાગે તેથી સમાચારીનો અપલાપ થાય છે. જયણા, પાંચ મહાવ્રતનું પાલન, આવશ્યક ક્રિયા, ચરણસિત્તરી - કરણસિત્તરીનું પાલન..... વિકથાનો ત્યાગ, ભક્તિ-વિનય, વૈયાવચ્ચ આ સર્વ ધર્મના પાયામાં બેઠેલા છે. એના વિના મોક્ષ ન જ પામે. માત્ર ધ્યાનમાં ઉત્તરી જવાથી શાસનના ધોરી માર્ગને ફટકો લાગે છે જ્ઞાનીના આશયને આપણે પારખી ન શકીએ. આરીસા ભુવનમાં કેવલ પામનાર - પૂર્વ - સમાચારીનું કેવું દ્રઢ પાલન કર્યું હતું. ત્યારે ધ્યાન કરવા નહોતા બેઠા. પલાઠીવાળીને બેસવું અને આવશ્યક ન કરવું એમ માનનાર આરાધનું નથી જ....!

"नाणं च दंसणं चेव - चरित्तं च तवो तहा......" આ છ લક્ષણો બધામાં હોવા જોઈએ. લક્ષણ = જે બધામાં ઘટી શકે. જેમકે ગાયનું લક્ષણ 'સાસ્ના' (ગોદડી) તે દરેક ગાયોને હોય જ. એમ છ લક્ષણ જીવમાત્રને ઘટે તો જ જીવ કહેવાય. નાણ-દર્શન-ચારિત્ર-વીર્ય ચાર લક્ષણો સહેલાઈથી ઘટી શકે. પણ ચારિત્ર અને તપ શી રીતે ઘટી શકે ? એકેન્દ્રિયને ચારિત્ર કયું હોય ? કેવી રીતે હોય ? આજે તો ભણાય છે પણ ઉહાપોહ કરવાની શક્તિ જ નથી. ચારિત્રની વ્યાખ્યા સમજવા જેવી છે. આત્મપ્રદેશમાં રમણતા બે પ્રકારે - (૧) સ્વરૂપ (૨) વિરૂપ. **આત્મપ્રદેશના સ્વરૂપમાં સ્થિરતા તે સ્વરૂપ**

**રમણતા છે. આત્મપ્રદેશોમાં પુદ્ગલની રમણતા તે વિરૂષ રમણતા છે !** તે જ અવિરતિ ચારિત્ર તેને પરલક્ષી રમણતા કહેવાય. તેથી દેવોને પણ ઘટી શકે. અવિરતિ ચારિત્ર = પરલક્ષી ચારિત્રથી અકામ નિર્જરા થાય છે. **સામાન્યથી જીવમાત્રને પરભાવ રમણતાનું ચારિત્ર રહેલું છે. આત્મ સ્વરૂપમાં સ્થિરતા રમણતા આપણે મેળવવાની છે.** અવિરતિ ચારિત્ર એ પારકું ઘર કહેવાય.

તપ કેવી રીતે ઘટે...? તપાવે તે તપ! તપાવે = નિર્જરા કરાવે. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીનો કયો જીવ એવો છે કે તે નિર્જરા નથી કરતો ભલે ને અકામ નિર્જરા કરે.... તે કયારે થાય? તે આત્મા તપે તો જ નિર્જરા કરી શકે. અન્યથા નહીં. અણસણ વિગેરે સર્વ તપ એકેન્દ્રિયને ઘટી શકે. ઉણોદરી, રસત્યાગ, કાયકલેશ, સંલીનતા વિ. બધા જ તપો છે. નિગોદને મન નથી. માટે અવ્યકત દુઃખ છે. આત્મા ઉપર મોહનીયના આવરણ છે માટે તે વ્યકત કરી ન શકે. જ્ઞાનીઓ બતાવે છે તપ એટલે આત્માની અંદર જે ગરમી - પોતાના જીવનમાં જોઈતી વસ્તુ ન મળે તો આત્માને ક્રોધાદિ ગરમી ઉત્પન્ન થાય. તે આર્ત-રૌદ્રધ્યાન એથી અકામ નિર્જરા થાય છે.

આત્મા કેન્દ્રીય આત્મશકિતનો વિકાસનો જે કંપન ઓછું થાય તેથી નિર્જરા થાય. એ ધ્યાનથી કર્મના બંધનો ઘટી જાય. **અભ્યંતર તપના છ ભેદમાં પણ ધ્યાન છેલ્લું બતાવ્યું છે. કર્મનો બંધ સહુથી વધારે આર્ત-રૌદ્ર ધ્યાનથી થાય છે.** સર્વ કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ સંજ્ઞી પંચેન્દ્રિય જ બાંધે.

**શુભ ધ્યાન આવે એટલે કર્મબંધ ઘટે છે....!**

**અશુભ ધ્યાન આવે એટલે કર્મબંધ વધે છે...!**

આત્મપ્રદેશનાં કંપનની સ્થિરતા રૂપ ધ્યાન પરમાત્માના શાસનમાં સ્વતંત્ર નથી જ..!

અવશ્ય ક્રિયાઓ જે કરો તેમાં ધ્યાનને જોઈન્ટ કરી દેવાના છે.

પરંતુ ધ્યાનને સ્વતંત્ર સ્થાન નથી. ભગવાનના શાસનની ક્રિયાનો અપલાપ કરીને જો ક્રિયા કરવામાં આવે તો... મિથ્યાત્વનો ઉદય થયો કહેવાય.

**ધ્યાન = આત્મપ્રદેશના કંપનમાં ઘટાડો તે શુભધ્યાન...!**

**આત્મ પ્રદેશોના કંપનમાં વધારો તે અશુભ ધ્યાન...!**

**નિશ્ચલતા વધારે તે શુભધ્યાન....!**

**અનિશ્ચલતા વધારે તે અશુભ ધ્યાન...!**

ચંચળતા આવે ક્યાંથી ? મિથ્યાત્વ, અવિરતિ-કષાયનું જોર હોય તો પહેલાં થીયરીકલને સમજો. પછી પ્રેકટીકલ સમજાશે પ્રેકટીકલ તો અનાદીકાળથી સમજીએ છીએ. આપણા આત્મપ્રદેશમાં અસ્થિરતા શેનાથી વધે ? મિથ્યાત્વ, અવિરતિ, કષાયથી.

**જેટલા પ્રમાણમાં મિથ્યાત્વ ઘટે તેટલા પ્રમાણમાં અવિરતિ ઘટે.**

**જેટલા પ્રમાણમાં અર્વિરતિ ઘટે તેટલા પ્રમાણમાં કષાય ઘટે.**

**જેટલા પ્રમાણમાં કષાય ઘટે તેટલા પ્રમાણમાં આત્મપ્રદેશોની ચંચલતા ઘટે.**

પણ એ શેનાથી ? પરમાત્માના શાસનની સમાચારીથી જુદું ધ્યાન કરવાની જરૂર જ શી છે ? **પરમાત્માના શાસનની દરેક ક્રિયા ધ્યાન સહિત જ છે.** ગૌચરી વહોરવા જાય તો અસુઝતું નલાવે, ૪૨ દોષ રહિત ગ્રહણ કરે. મને મોક્ષ સુધી પહોંચાડનારી છે એમ માને તે પણ ધ્યાન જ છે. ચાલુ ક્રિયામાં રસ પૂરવાને બદલે નવી દુકાનદારી કરવી. તેમાં શબ્દ ભારે પડી જાય છે. એમાં મિથ્યાત્વનો ઉદય છે.

આપણા શાસનમાં ઓમ ને સ્થાન જ નથી માત્ર પંચ પરમેષ્ઠિઓના આદિ અક્ષરને લઈ ઓમ આવી ધ્વનિં બને છે -

જ્ઞાનીએ ફીક્ષ કરેલા ચોકડામાંથી શા માટે બહાર નીકળવું. તપ વિગેરેમાં ૨૦ નવકારવાળી પરમાત્માએ કહેલી ક્રિયા છે. તેમાં ધ્યાન ધરી શાંતિથી નવકારવાળી ગણવી. પણ નવકારવાળી જેમ-તેમ ગણી સમાધિ લગાડીને બેસવું એ બરોબર નથી. માત્ર સમાધિમાં બેસવું એ સ્થુલ ધ્યાન છે.

ધ્યાન = આત્મપ્રદેશમાં થતો કંપનનો ઘટાડો તે...! એવા ધ્યાનમાં માત્ર "દેહાધ્યાસ કેવલમ્" છે. બીજું કાંઈ નથી. પોતે પૂ. હેમચંદ્રાચાર્ય મહારાજ ધ્યાન ધરતા હતા. એ તો શાસનના પ્રભાવક હતા. પણ એ આપણે બધાને કરવા યોગ્ય નથી જ...!

એક વાદી પૂ. હેમચંદ્રાચાર્યથી હારી ગયો. તે સીધી રીતે પૂ. હેમચંદ્રાચાર્ય અને કુમારપાળને જીતી ન શક્યો. તેથી કેવલ પાંદડાની પાલખી બનાવી કાચા દોરાથી બાંધી તેમાં પોતે... પ્રાણાયામની સાધના સાધી બેઠો અને દોરાથી બાંધી તેમાં પોતે પ્રાણાયામની સાધના સાધી બેઠો. અને ૮-૮ વર્ષના છોકરાંઓ પાસેથી ઉપડાવી સભામાં આવ્યો. કુમારપાલને જોઈને આશ્ચર્ય થયું. જ્યારે વાદી પૂળાની ગાડીમાં બેસીને આવ્યો અને રાજાને... રીઝવવા લાગ્યો, આચાર્ય મહારાજને હરાવવા માટે આવ્યો. ત્યારે પૂ. હેમચંદ્રાચાર્ય મહારાજે વ્યાખ્યાનમાં ઉપરાઉપર ૭ મતાંતરે ૨૧ પાટો ચઢાવી ઉપર બેસી વ્યાખ્યાન વાંચતા હતા. પહેલાં બે બાલમુનિને શીખવાડી રાખ્યું કે વ્યાખ્યાન સમયે આવીને ગાંડાવેડા કરતાં નીચેની એક-એક પાટ કરતાં બધી પાટો ખેંચી નાખવી એમ કરતા.... સઘળી પાટો ખેંચી નાખી પૂ. હેમચંદ્રાચાર્ય મહારાજ આધાર વગર બેઠાને વ્યાખ્યાન વાંચ્યું. તે જોઈને રાજા ઘણો જ આશ્ચર્ય પામ્યો. તે રીતે પ્રાણાયામ દ્વારા શાનની ઘણી પ્રભાવના કરી. પ્રાણાયામનો ઉપયોગ શાસનની પ્રભાવના માટે જ. ગીતાર્થો કરી શકે.

(૧) કોશ્યા વેશ્યાએ સરસવના ઢગલા ઉપર સોય મૂકી તે ઉપર ફુલ ઉપર નાચી. તે પણ પ્રાણાયામની સાધનાથી જ..! સરસવ

= સર લઈને સરી જાય તે સરસવ.

(૨) પેલો માણસ સૂતા-સૂતા બાણથી કેરીઓ લાવી આપી તેથી કાંઈ વેશ્યા રીઝાણી ન હતી. કારણ પોતે જાણતી હતી કે આ સાધના છે કાંઈ નવાઈ નથી.

(૩) ૧૮૫૪ની સાલમાં નવાબનો છોકરો શેરખા સંગીતમાં મસ્ત થઈ ગયો. કેવો.... હોંશિયાર... પગમાં ૩૫ ઘૂઘરી બાંધેલી હોય. પણ એવી કલા શીખેલો કે ૮-૧૦-૧૫-૨૪-૩૪મી ઘૂઘરી વગાડો તો તે વગાડીને બતાવે.

એ જલસો કરવા જાય, મુંજરો કરવા જાય, ત્યાં તબલા વાગે, પગમાં ઠમકો કરે, પણ એવો શ્વાસ રૂંધે કે આપણે કહીએ તે જ ઘૂઘરી બોલે. બીજી સ્થિર રહે આ... સાધના છે. પૂ. હેમચંદ્રાચાર્યે આવી સાધના કરી હતી. પોતાના બ્રહ્મચર્યનું રક્ષણ કરવા માટે પ્રાણાયામની સાધના દ્વારા આખા શરીરના વીર્યને મસ્તકમાં ચઢાવીને શાસનની અપૂર્વ પ્રભાવના કરાવી હતી. કુમારપાળ કેટલી પરીક્ષા કર્યા પછી શાસનના રાગી થયા હતા. બીજાના ચઢાવે ચઢ્યા. બીજા અન્યદર્શનીઓ કહેવા લાગ્યા કે સાધુતો અમારા કહેવાય કે જે વનમાં રહી ફળ-ફુલ, કંદમૂળ, પાંદડા, ખાઈ આજીવિકા કરે. તેઓને... વિકાર ઉત્પન્ન ન થાય. તમારા સાધુ તો ગામમાં રહે માલ-મલીદા ઉડાડે, મીઠાઈ વાપરે ને વળી કહે કે અમે સાધુ.. અમે બ્રહ્મચારી..! તેથી કુમારપાળને થયું કે સાચી વાત છે. પરીક્ષા કરવી જોઈએ. પછી પૂ. હેમચંદ્રાચાર્યને વિનંતિ કરી કે મારે ચર્ચા કરવી છે. માટે આપ રાજમહેલમાં પધારો પૂ. હેમચંદ્રાચાર્ય એક સાધુને લઈને આવ્યા. રાત પડી. થોડીવાર ચર્ચા કરી પછી કુમારપાળ ગયાને ચોકીદારને બહાર ઊભો રાખ્યો. પેલા સાધુ મહારાજ લઘુનીતિ કરવા બહાર ગયા. ચોકીદારે બારણું બંધ કર્યુ....! સંથારો બહાર લઈ આવ્યો. એઓને કારણ બતાવી બહાર બીજી રૂમમાં સંથારો કરવાનું કહ્યું.. કુમારપાળ મહારાજાએ સોળ શણગાર સજેલી વેશ્યાને મોકલી...! પાછળના

બારણેથી પૂ. હેમચંદ્રાચાર્યની રૂમમાં આવી પૂ. હેમચંદ્રાચાર્યે પ્રાણ મસ્તકમાં ચઢાવી દીધા. બંને આંખોની નજર ભ્રૂકુટી ઉપર ચડાવી દીધી. એકદમ સ્થિર થઈ ગયા. વેશ્યાએ ઘણા ચેનચાળા કર્યા ૬ કલાક સુધી તે કરતાં-કરતાં થાકી ગઈ. ૩ વાગ્યે કુમારપાળ મહારાજા આવ્યા. વેશ્યા કહે હું તો થાકી ગઈ છું...!

જેમ-જેમ કક્ષા વધે તેમ-તેમ પાપ વધુ બંધાય. મિથ્યાત્વી કરતા સમકીતીને વધારે.. તે કરતાં દેશવિરતિને.... તે કરતાં સર્વવિરતિને... તેથી વધારે સ્થવિરને... તે કરતાં પંન્યાસને.... તે કરતાં ઉપાધ્યાયને... તે કરતાં આચાર્યને.... તે કરતાં ગચ્છાધિપતિને વધુ..... પ્રાયશ્ચિત આવે. જેમ-જેમ કક્ષા વધે તેમ-તેમ જવાબદારી વધે તે પ્રમાણે ઉપયોગ હોવો જોઈએ. તેમાં ખામી ન આવે તેનો ખ્યાલ રાખવો જોઇએ. પેલી... વેશ્યા તો પરસેવાથી રેબઝેબ થઈ ગઈ. મહારાજ ત્રણ વાગ્યે આવ્યાને પૂછ્યું શું થયું ? આ તો લોખંડી પુરુષ છે. મેં તો મારા બધા ચેનચાળા પૂર્ણ કર્યા. કટાક્ષ કર્યો. રાગીક શબ્દોનો અવાજ કર્યો છેવટે શરીરનો પણ સ્પર્શ કર્યો, અનેક જાતના ચેનચાળા કર્યા... પણ આતો ચલાયમાન થતાં જ નથી. અડગને અડગ જ છે. પછી રાજાએ તેને ઈશારો કર્યો. તે ચાલી ગઈ. પછી રાજાએ પૂ. હેમચંદ્રાચાર્ય મહારાજાના ચરણોમાં માથું મુકયું અને કહ્યું કે મારો અપરાધ થયો છે મને ક્ષમા કરો. હું બીજાના ચઢાવે ચઢ્યો ને આપની પરીક્ષા કરી. અને પછી રાજા રડી પડ્યા. પછી પૂ. આચાર્ય મહારાજ તેના આંસુ જોઈને ધીમે-ધીમે પોતાના પ્રાણ નીચે ઉતારે છે. અને કહે કે આવા પણ પુણ્યવાન.... શ્રાવક જોઈએ કે જે અમને કસોટીએ ચઢાવે તેમાં પાસ થવાથી શાસન પ્રભાવના થાય છે...!

# શ્રી દશવૈકાલિક વાચના - ૫૮

**પરવસ્તુમાં મારા પણાંની કરેલી બુધ્ધિ એ જ મોટું પાપ છે.** મન એ નોકર અને આત્મા એ રાજા છે. એકવાર રાજાએ નોકરને કહ્યું માંગ તે આપું. નોકરે કહ્યું કે એક દિવસ માટે મને રાજસિંહાસન પર બેસવા દો રાજા એકવચની એટલે બેસાડ્યો નોકરને સિંહાસન પર.

**ઉત્તમ વસ્તુ લાયકાત વિના અનર્થકારી બને.** નોકર બેઠો રાજગાદીએ અને પહેલી આજ્ઞા કરી કે રાજાનું ખૂન કરો. કારણ કાયમ રાજગાદી મળી જાય માટે રાજાની પહેલી હત્યા કરી. એવી રીતે મન રૂપી નોકર આત્મારૂપી રાજાની હત્યા કરે છે.

**સાધનાનો માર્ગ ચઢાણવાળો માર્ગ છે.** જો ત્યાં વચ્ચે અટક્યાં તો ગોથાં ખાતાં નીચે પડવાના.

**શાલિભદ્રને ખીરનાં પ્રતાપે ૯૯ પેટી મળી. પરંતુ ખીર છોડવાના પ્રતાપે ૯૯ પેટીનાં ત્યાગની શક્તિ મળી અને સંયમ લીધું.**

ખાવાથી લોહી ન વધે, ખવડાવવાથી લોહી વધે. જેમ ચીજ થોડી હોય તો માતા પુત્રને ખવડાવે, પોતે ન ખાય. પણ પુત્રને ખાતાં જોઈ માતાનું લોહી વધે.

**જેની જીભ લાંબી તેનો સંસાર લાંબો.** પોતે કરેલા સુકૃતો પોતાના જ મુખે ન વખાણવા.

જેની જીભ ટુંકી તેનો સંસાર ટુંકો. **સાગરમાં રત્નો પડ્યા છે.**

**કોઈ દિવસ ગમે તેવી આંધી-તોફાનો આવે તો પણ તે સાગર કચરા અને મડદાં બહાર ફેંકે. પણ રત્નોને ન ફેંકે.**

માટે શાસ્ત્રકાર ભગવંત કહે છે કે- સાગર જેવા થજો. ને દુર્ગુણરૂપી મડદાં-કચરાંને ફેંકી દેજો. પરંતુ સુકૃતરૂપી રત્નોને ક્યારેય બહાર ફેંકી દેતા નહિ. બહાર કાઢતાં નહીં.

**આદર વિનાની ધર્મક્રિયા પાપાનુબંધી પુણ્ય બંધાવે.** આપણે તુચ્છ એવી સંસારની ચીજો મેળવવા અબજો રૂપિયાથી વધારે કિંમતી એવો આત્મા ગિરવે મૂકવા તૈયાર થયા છીએ.

દીવો પવન આવવાથી ઓલવાઈ જાય. તેમાં પવનનો દોષ નથી. કારણ પવનથી તો અગ્નિ પ્રજ્વલિત થાય છે. જેમ આગ લાગે અને પવન આવે તો આગ વધે, પરંતુ નાનો દીવો ઓલવાઈ જાય તેમાં દીવાની નબળાઈ છે.

વિષય-વાસનાના સુખોની સમસ્યા ઘણી છે. તેનું સમાધાન એકજ છે કે હું કોણ છું...? ને ક્યાં છું....? એમ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી વિચાર કરવો.

એક યુવક સંન્યાસ લેવા જાય. સંતે કહ્યું પરીક્ષા આપવી પડશે. શું પરીક્ષા? ૧૦૦ ફુટ લાંબી અને એક ફુટ પહોળી પટ્ટી ઉપર ૧૫ દિવસ ચાલવું પડે. તેમાં શું નવાઈ...? સહેલાઈથી ચાલી શકાય. ૧૪ દિવસ આ રીતે યુવક ચાલ્યો. તે ૧૫મે દિવસે એ જ પટ્ટી, પણ પ્રક્રિયા જુદી. તે જ પટ્ટી ૧૦૦ માળના મકાન ઉપરથી બાજુના એટલા જ ઉંચા મકાનની અગાશી પર પટ્ટી મૂકી. હવે પટ્ટી એ જ છે પરંતુ ચાલવું જોખમી છે.. કારણ સ્થાન બદલાયું છે. પટ્ટી જોખમી નથી.

**પોતાની પત્ની માટે ૧। લાખ સોનામહોરની એક કંબલ લેવા જે શ્રેણિક તૈયાર નથી તે જ શ્રેણિક પ્રભુના સમાચાર આપનારને હંમેશા સોનામહોર આપતા હતા. કારણ ક્ષાયિક સમકિતનો ધણી હતો. પ્રભુનો ભક્ત હતો. પરમાત્માએ જે જે જીવોને બચાવ્યા તેને આપણે બચાવીએ. તો જ શાસન પામ્યાનું સુખ માનજો.**

સાબુ એટલે પૃથ્વીકાય ને પાણી એટલે અપકાય. તે અપકાયનાં જીવને સાબુનો ક્ષાર-પૃથ્વીકાય શસ્ત્ર છે.

**કાગળમાં નાસિકની રીઝર્વ બેંકની છાપ લાગે એટલે એ કાગળ રૂપિયા બની જાય. એવી રીતે પ્રતિમા ભલે પત્થરની હોય પરંતુ પૂજ્ય આચાર્ય મહારાજ તેમાં પ્રાણ પૂરે એટલે પૂજ્ય જ કહેવાય ભગવાન કહેવાય.**

માતા-પિતાની ગેરહાજરીમાં તેમનાં ફોટાંની આકૃતિથી તેમની સ્મૃતિ થઈ હૃદય રડી શકતું હોય અથવા 'જડ' એવાં કપડાંના પડદા ઉપર આવતા 'સિન' થીયેટરમાં બેઠેલા માનવીના હૃદયમાં ઘેરી અસર કરી શકે તો શું જડ પત્થરની પ્રતિમા તેમાં પ્રાણ પૂર્યા પછી શું અસર ન કરી શકે?

તીવ્રરસ બાંધવા મન-વચન-કાયાનો પ્રયત્ન જરૂરી છે. શ્રેણીકે બાણ ફેંક્યું. હરણી અને બચ્ચું બંને જીવ હણાયા. તેના નિમિત્તે સંકલેશ થયો. તેથી નરક ગતિ બાંધી.

ધર્મના ત્રણ પ્રકાર...

(૧) સમ્યગ્દર્શન

(૨) દેશવિરતિ

(૩) સર્વ વિરતિ...

ત્રણ ધર્મની સામે ત્રણ પ્રકારના કૂતરા ભસે તે પહેલાં ડાંગનો ઉપયોગ કરજો.

સમ્યગ્દર્શનરૂપી ધર્મ સામે મિથ્યાત્વ મોહનીય રૂપી કૂતરાં ભસે. તેની સામે ડાંગ "तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं" આ સૂત્ર રૂપી ડાંગ છે. રોજ એક નવકાર વાળી ગણવી.

દેશવિરતિ ધર્મ સામે "નિયમ તો નથી લેવો પણ હું પાલન કરીશ..." એ રૂપી કૂતરાં ભસે છે. પરંતુ જેટલા પ્રભુ થયા એ બધાંએ સંયમ-ગ્રહણ કરતી વખતે કરેમિભંતે કહી સંયમ ઉચ્ચરે છે અને

વડાપ્રધાનને પણ સોગંદવિધિ કરવી પડે છે. તો પછી આપણે નિયમ નહિ? બીજું **દેશવિરતિ શ્રાવકે હંમેશા ગુરૂના સમાગમમાં રહેવું.**

નંદ મણિયાર પ્રભુના પરમભક્ત, પરંતુ કોઈ કારણે વિહારમાં તે માર્ગનો વિચ્છેદ થવાથી તેને ગુરૂનો સંપર્ક તૂટી ગયો. પરિણામે તે વાવડી અને કૂવા કરાવી તેમાં રાચવા લાગ્યા. અને આયુષ્યનો બંધ પડ્યો કે જેથી બીજા ભવમાં તેની જ વાવડીમાં દેડકો થયો... પરંતુ ક્યારેય કરેલ ધર્મ નિષ્ફળ જતો નથી. તેણે ઘણાં છટ્ઠ-અટ્ઠમ કરેલ. તેથી દેડકાના ભવમાં જાતિસ્મરણ જ્ઞાન થયું અને તે ભવમાં પણ છટ્ઠને પારણે છટ્ઠ કરવાં લાગ્યો.

ચંડકૌશિકે પૂર્વ ભવમાં માસક્ષમણને પારણે માસક્ષમણ કરેલ. તેના પ્રભાવે પ્રભુ તેના આ ભવમાં વૈરની સામે વહાલથી મળ્યાં, અને ૮મા દેવલોકમાં મોકલ્યો.

**કરેલો ધર્મ નિષ્ફળ નથી જતો. જેના જીવનમાં શુધ્ધિ મેળવવા વ્યથા ચાલુ હોય અર્થાત્ પ્રાયશ્ચિત્ત કરવા જે વલખા મારતો હોય તેને પ્રાયઃ સમ્યગ્દર્શની કહી શકાય.**

સમ્યગ્દર્શનને ઉડાવવાનું કામ આજે દેશ-કાળનાં નામે ચાલી રહ્યું છે. સમ્યગ્દર્શન ઉડાડવાનું બીજું નિમિત્ત છે કે તમે ધર્મ કરતાં હોય છતાં દુઃખ પડે તો એ વખતે એમ થઈ જાય કે આટલો ધર્મ કરવા છતાં આવું દુઃખ...? ધર્મમાં કોઈ જ શક્તિ નથી...?

બૌધ્ધની સામે પડનાર પણ એનાં સગાં જ હતાં. અને પ્રભુ વીરની સામે પડનાર પણ તેનાં જમાઈ જમાલી જ હતાં. કે જેણે ૫૦૦ રાજકુમાર સાથે દીક્ષા લીધી હતી.

**क्रियमाणं कृतं** જે થઈ રહ્યું હોય તે થઈ ગયું કહેવાય.

જમાલી મુનિ એકવાર માંદા પડ્યા, અન્ય મુનિને કહ્યું કે- મારો ત્યાં સંથારો કરો. મુનિ સંથારો કરે છે, ગુરૂએ કહ્યું : સંથારો થઈ ગયો...? હા..., ગુરૂદેવ ! ગુરૂ ત્યાં પહોંચ્યા. ગુરૂ કહે : ક્યાં થયો છે? હજી તો સંથારો થઈ રહ્યો છે.

શિષ્યોએ કહ્યું કે પ્રભુએ કહ્યું છે કે 'क्रियमाणं कृतं'. ત્યારે જમાલી બોલ્યા કે- પ્રભુએ કહ્યું છે તે આ વાત ખોટી છે. માટે વીર સર્વજ્ઞ નથી. સર્વજ્ઞ હું છું. બસ, સમ્યગ્દર્શન ગયું.

વીરની સામે પડ્યા. મરતાં સુધી ફરી સમ્યક્ત્વ આવ્યું નહીં. અંતે મરીને જમાલી મુનિ હલકી દેવ યોનિમાં કિલ્બિસીયા દેવ બન્યા.

સંસારનો મોહ કેવો...? કે વીરની પુત્રી પ્રિયદર્શના પણ પિતાના પંથે નહીં જતાં પતિના પંથે ગઈ. પછી ભગવાન વીરના કોઈ એક ભક્તે સમજાવ્યું. પછી તે પ્રિયદર્શના સાધ્વી વીરના પંથે આવ્યા.

"પતનનું મૂળ અહં" અર્થાત્ અભિમાન છે.

માસાહસ નામનું પક્ષી માસાહસ... માસાહસ બોલે છે. પરંતુ જ્યારે વાઘ માંસ ખાય છે ત્યારે તેનાં મોંઢામાં આજુબાજુ લાગેલું માંસ ખાવા માટે સાહસ કરે છે, ને વાઘ તેનો જ ભોગ લઈ લે છે.

૩૨ પત્નીનો જે સ્વામી અને એક-એક પત્ની પાસે ૧-૧ કરોડ સોનૈયા અર્થાત્ ૩૨ ક્રોડ સોનૈયાનો સ્વામી થાવચ્ચા પુત્ર નેમનાથ ભગવાનની એકજ દેશના સાંભળીને સંયમી સાધુ બને છે.... આ છે દેવ-ગુરૂના યોગનું ફળ.

**મિથ્યાદૃષ્ટિનો પડછાયો પણ શ્રાવકપણાને અને સમ્યગ્દર્શનને દુષિત કરતાં વાર નં લગાડે......**

હે સાધુ...! તને કોઈ ખરાબ વિચાર આવે ત્યારે તારા વેષને જોઈ લેજે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ સાધુ પોતાના વેષને જોઈ બચી ગયા.

આ છે સાધુ જીવનની ડાંગ.

નંદીષેણને ૧૨ વર્ષ પછી સાધુ બનાવનાર કોણ...? વેષ.

**આ છે સાધુવેષનો પ્રભાવ આ છે પરમાત્માનું શાસન.**

# શ્રી દશવૈકાલિક વાચના - ૫૯

અનંત ઉપકારી ચરમ તીર્થાધિપતિ મહાવીરદેવ પરમાત્મા સાધુ-સાધ્વીજી ભગવંતો પોતાના જીવનમાં સંયમની શુભ આરાધના કરી શકે માટે દ્વાદશાંગીમાં જે જુદી-જુદી હિતશિક્ષા, જુદા-જુદા આગમોમાં બતાવી તેનું સંકલન કરી પૂ. સ્વયંભવસૂરી મહારાજે:... દશવૈકાલિક સૂત્ર રચ્યું છે.

જયણામાં જ્ઞાની ભગવંતોએ જેટલું સાપેક્ષતાનું મહત્ત્વ બતાવ્યું છે તે પ્રમાણે જીવ-અજીવ બધા તત્ત્વોની વિચારણાનું છે. તે જો યોગ્ય રીતે કરવામાં આવે તો આશ્રવ બંધ કરી સંવરની આચરણા થઈ પરિણામે નિર્જરા વધે. બંધ... ઘટવાથી કર્મ નિર્જરા થાય ને આત્મા શાશ્વત સુખોમાં સ્થિર થાય. **સંસ્કારોને પરવશ થયેલો ભવિષ્યના પરિણામોને વિચારી શકતો નથી.** સાધુજીવનમાં પણ ઘણી વખત અનુપયોગથી તત્ત્વજ્ઞાનની ખામીથી અનાદીના સંસ્કારોના પકડમાં આવી જાય ને શાસનના લાભથી વંછીત રહે માટે સારભૂત ચાર ગાથા બતાવે છે.

સુહ સાયગસ્સ સમણસ્સ.......

શ્રી **દશવૈકાલિક સૂત્ર સાધુજીવનના ઉત્થાન માટે પ્રેરક એવા ભરપૂર વાક્યોથી પૂર્ણ છે.** જ્ઞાનીઓની આજ્ઞાને પાલન કરવાની તત્પરતાને બતાવીને ઉપયોગની જાગૃતિ દ્વારા મોક્ષ સુધી પહોંચી શકે. જ્ઞાનીની ઓછામાં ઓછી શી આજ્ઞા છે ? તે બતાવે છે. પહેલાં છોડવા જેવી વાતો બતાવે છે. જો ન છોડવામાં આવે તો સાધુજીવન

નિઃસાર થઈ જાય. માટે ૪ બાબતો બતાવે છે.

સુહસાયગસ્સ...... શ્રમણ = ૧૦ વિધ યતિધર્મનું પાલન કરે તે. શ્રમણમાં ચારિત્ર મોહનીયકર્મના સંસ્કારના પ્રતાપે જો ચાર દોષો પેસી જાય તો સાધુપણાની.... ભૂમિકા નબળી પડે કે સદ્ગતિ પણ મુશ્કીલ થઈ જાય.

સાધુજીવનમાં સુખપૂર્વક સૂવાનો પ્રયત્ન-સંથારા પોરિસી વિગેરે જે સુવાની વિધિ છે તે માત્ર.. જે અંગોપાંગમાં શ્રમ પહોંચ્યો હોય તેના (આરામ) માટે માત્ર બે પ્રહરની ઊંઘ બતાવી છે.

જે પરમાત્માના શાસનની આજ્ઞા તરફ વળવાનો પ્રયત્ન કરે શાસનની મર્યાદાને મહત્ત્વ આપવાને બદલે માત્ર પૌદ્ગલિક સુખોની હંમેશા ચાહના રાખે તે સાધુ પણુ ડહોળી નાખે છે. ગૃહસ્થ અજ્ઞાન દશાથી ભલે સુખ માટે ફાં..ફાં.. મારે પૌદ્ગલિક ભાવોમાં સુખની ઈચ્છા રાખે પણ છઠ્ઠા ગુણઠાણે આવેલાને સમ્યક્ત્વની ભૂમિકામાં જ્યારે નક્કી થઈ જાય કે દુનિયાના પદાર્થોમાં સુખ નથી દુઃખથી ભરેલા છે. એવી વાત જો હૃદયમાં જામી જાય તો સાધુપણામાં તેનો પ્રકાશ કાયમ રહે... પછી પૌદ્ગલિક ભાવની લાલસા ટકે જ નહીં. અજ્ઞાન અને મિથ્યાત્વ જોડીદાર છે. જ્યાં મિથ્યાત્વના પ્રબલતાનો રાગ વધે ત્યાં અજ્ઞાન પણ વધે.

મિથ્યાજ્ઞાન = આત્માને કેન્દ્રમાં રાખીને વિચાર ન કરી શકે. લૌકીક રીતે... ગૃહસ્થની જેમ વિચારણા કરે. મોહનીયના સંસ્કારનું સ્વરૂપ ન પારખે તે અજ્ઞાન..! તેમાં સાધુજીવનનું સુખ ન દેખાય. આઠમા અધ્યયનમાં કહ્યું છે. **સમતા પૂર્વક જેટલું શરીરને કષ્ટ આપવામાં આવે તેટલી.... આત્માને નિર્જરા વધારે થાય.** જ્યારે સુકોમલતા આવે ત્યારે આર્તધ્યાન થવાનો સંભવ છે. શ્રી દશવૈકાલિકના બીજા અધ્યયનમાં - "" સુંદર = મનગમતા પાંચ ઈન્દ્રિયોના સુખોના પુદ્ગલો જો એની મેળે આવી જાય પુણ્યના ઉદયથી પ્રયત્ન વગર પણ પ્રાપ્ત થઈ જાય. પણ... ત્યાગી-ત્યાગની ભાવનામાં રમતા સાધુ સમજે મારા સંયમમાં જે ખપે તે જ લેવું...!

**કેન્દ્રમાં આત્મા હોય...!** શરીર નહીં...! જો શરીરની પાછળ વાસનાનો ભાવ પેસી જાય તો તે ભૌતિકતાના પદાર્થોમાં વળી જવાથી મિથ્યાધારણા દ્વારા પૌદ્ગલિક વાસનામાં ફસાઈ જાય. સાધુજીવનમાં કોઈ લાલચ કે લાલસા માટે પ્રયત્ન ન કરે એ તો દીવા જેવી વાત છે. પણ.... જો જગતની પ્રચુર સામગ્રી આવતી હોય તો વિચારે કે આ સામગ્રી દ્વારા જો... ચારિત્ર મોહનીય કર્મ સુતેલું જ રહે. ભલે તે કર્મ સત્તામાં જ રહ્યું તેનો ઉદય શા માટે કરવો ? ઈન્દ્રિયોને સુખકારી સાધનો આવે તો પણ વિચારીને ત્યાગ કરે.

અનાદીકાળના મોહનીયના સંસ્કારને ખેંચનારી પ્રવૃત્તિ ખરાબ કહેવાય.. પણ.... પ્રયત્ન વગર એકાએક ભોગની સામગ્રી મળી આવે તો તે ભોગવવામાં શો વાંધો ? વહોરવા જાયને બેંતાલીશ દોષ રહીત પકવાન્ન મિઠાઈ મળતી હોય - શરીર અન્ન વિના ટકી શકતું નથી માટે ગૌચરી વહોરવા જવાનું હોય. સંયમને ટકાવવા માટે શરીરને ખોરાક આપવાનો છે. તેથી જો આત્મમાં અંતરનો અવિવેક, પરિણતિ.... વાસના જો ઉદયાગત થઈ જાય તો પરંપરાએ સાધુ જીવન ડોળાઈ જાય. ન મળે ત્યારે તો જગતના આત્માઓ પણ લુખી રોટલીથી ચલાવે છે. પણ સાધુ માટે શ્રાવક ઘીથી લચપચતી રોટલી ચોપડી ભકિત કરવા તૈયાર થાય ત્યારે જિનશાસન તરફ વૃત્તિઓને વાળી....! સાધુ કદી સુખનો લાલચુ ન હોય.... ગૃહસ્થ હોય સાધુ બ્રાહ્ય દુઃખમાંથી છુટવા આંતરીક સુખ મેળવવા પ્રયત્ન કરે. **બાહ્ય પ્રવૃત્તિનું દુઃખ ન ટકે તો સુખ પોતાની મેળે મળી જાય.** તેને મેળવવા કયાંય જવાની કે પ્રયત્ન કરવાની જરૂર નથી.

આપણા શરીરનાં સંપર્કથી કપડું મેલું થઈ જાય પણ જો તેને પાણી સાબુ ઘસવામાં આવે તો કપડું એની મેળે ઉજળુ ઉજ્જવળ થાય તેમ તેમ જ્ઞાનીઓ કહે કે સાધુ માત્ર દુઃખને હટાવવાનો પ્રયત્ન કરે. સુખને મેળવવા માટે નહીં અજ્ઞાની આત્મા પૌદ્ગલીક દુઃખને હટાવવાનો પ્રયત્ન કરે એને પૌદ્ગલિક સુખ મેળવવાનો પ્રયત્ન કરે. હકીકતમાં... દુનિયામાં કયાંય સુખ નામનો - ભૌતિક પદાર્થ જ નથી

માત્ર સુખ ભાસ છે.

**આપણી અજ્ઞાન દશાના વિકારી ભાવોના સંસ્કારોનું, વિકારી વાસનાનો જો પ્રબળ ઉદય ન હોય તો આત્મામાં સુખ છે !** સુવરની સામે વિષ્ટાને મીઠાઈનું કુંડુ મૂકો તો તે વિષ્ટામાં જ મોંઢુ નાખશે. જો મીઠાઈમાં જ સુખ હોત તો તેનું.... વલણ-દ્રષ્ટિ મીઠાઈમાં કેમ નહીં? એટલે દુનિયામાં કોઈ પણ પદાર્થમાં સુખ નથી જ.....!

સાધુ જીવનમાં નિર્દોષ રોટલી અને લાડવા મળતા હોય અને ગૃહસ્થ લાડવા વહોરાવે પણ વિવેકી સાધુ સંયમ કેન્દ્રમાં રાખે. - સાધુ તેને જ કહેવાય છે....! જેના કેન્દ્રમાં સંયમ હોય.....! **વિકારી ભાવો ઘટે તો ઘણું જ સારું પણ ન ઘટે તો વધવા તો ન જ જોઇએ.** સંસારી જીવો પહેલાં લાડવાને પસંદ કરે, સાધુ રોટલીને....!

**જે સુખની લાલસા રાખે એવા સાધુની સદ્‌ગતિ દુર્લભ છે.** સુખ તો કલ્પના છે. કલ્પનામાં રાચે તે સાધુ નહીં. **આંતરીક દુઃખને કાઢવાનો પ્રયત્ન કરે તે સાધુ...!**

સુખની ગવેષણા કરનાર અજ્ઞાની - મિથ્યાત્વી મૂર્ખ કહેવાય. પણ...દુઃખને કાઢે **તેને જ્ઞાની - સમ્યક્‌ત્વી - વિવેકી કહેવાય.** સુખ તો આત્માના પ્રદેશે-પ્રદેશે ભરેલું છે. તેને બહારથી લાવવાની જરૂર નથી. સાધુ જીવન પ્રાપ્ત કર્યાનો જ્યારે સંતોષ માનવાનો વખત આવે ત્યારે આ 'મિંટર' મૂકવાની જરૂર છે. **મળી આવતા માન-સન્માન, લોક પ્રશંસા, પૂજાથી એવા અનાદિકાળના સંસ્કારોથી દૂર રહે...** તે સાધુ...! ઉદયમાં આવતાં અશુભકર્મનો ઉદયને આવકારે તે સાધુ... વધાવી લે તે સાધુ....! શુભકર્મના ઉદયને કાઢી મૂકે તે સાધુ...!

ખંધક મુનિની સજઝાય- "કર્મ ખપાવવા તણો આવો અવસર ફરી-ફરી નહીં મળશે પ્રાણી.....!" અશુભકર્મના ઉદયને હટાવવાનો પ્રયત્ન ગૃહસ્થ કરે. જેના ઘરે ધમધોકાર પેઢી ચાલે ન કોઈ કહે તમારા બાપા ૨૫ રૂપિયા લઈ ગયા છે તો કોઈ તેની વાત પણ ન માને....! તેમ નારક-તિર્યંચમાં જે દુઃખ ભોગવીએ તેના કરતાં મનુષ્ય

ગતિમાં દુઃખ માત્ર ૨૫ રૂપિયા જેવા છે. નરકમાં સાગરોપમના આરે દુઃખ ભોગવવાના છે...! તે સામે મનુષ્ય ભવના દુઃખ કેટલા સામાન્ય છે. શું હિસાબમાં છે ?

**દુઃખ અશુભ કર્મના ઉદયથી આવે છે.** આ વાત સંસારી લોકો સમજતા નથી. તેથી તેઓ કહે આને મને દુઃખ આપ્યું. - સમજદાર કહે કે કર્મના ઉદય સિવાય.... કોઈ મારો વાળ પણ વાંકો કરી શકે નહીં. મારા કર્મના ઉદયથી જ દુઃખ આવે એમ માને કર્મનો ઉદય તો આત્મનિર્મિત છે. બીજા બધા નિમિત્ત માત્ર છે. કોઈનો દોષ નથી.

છેલ્લી ચાર ગાથા યાદ રાખીને જો જીવનનું ઘડતર કરવામાં આવે તો સુખની ઈચ્છા રાખનાર સાધુ નહીં ઈચ્છા, જેથી કર્મ આવ્યા. 'દુઃખ નામની કોઈ ચીજ નથી....!' જો હોત તો સોમીલ બ્રાહ્મણ ગજસુકુમાલ મુનિના માથે અંગારા મૂકયા એને પાલકે ખંધકના ૫૦૦ શિષ્યો ઘાણીમાં પીલ્યા તો પણ કેવળજ્ઞાન કયાંથી પામ્યા ? દુઃખને સુખ રૂપે પલટાવ્યા એ સમજાઈ જાય.

**પૌદ્‌ગલિક દુઃખ એ દુઃખ નથી પણ આત્મ સ્વરૂપને ભુલવું તે મોટામાં મોટું દુઃખ છે. સ્વભાવ રમણતા એ સુખ છે ! વિભાવ રમણતા એ દુઃખ છે !** એ..... સુખ-દુઃખની સચોટ વ્યાખ્યા છે.

"ઈરાણ ભડકે બળે નીલો ફીડલ વગાડે......!"

**"मिहिला अे डज्झमाणिये न मे डज्झई किंचणं......!"**

નમિ રાજર્ષિ કહે મારું કાંઈ બળતું નથી. બળે તે મારું નથી. ભલભલા આત્માને..... પૌદ્‌ગલિક ભાવના નુકસાનની જરાપણ અસર ન થાય. ક્ષાયિક સમ્યક્ત્વી કૃષ્ણમહારાજાએ સોનાની દ્વારીકાનગરીને ૬ મહીના સુધી બળતી જોઈ. **સામાન્ય ચારિત્ર મોહનીયના ઉદયથી આર્તધ્યાન થાય. પણ ઊંડાણથી અંતરમાં દુઃખ ન થાય.** એમાં મારૂં શું બળે ? એની મમતા હું રાખું. માટે મારા હૈયામાં દુઃખ થાય માટે મમતાનો તાર તોડી નાખ્યો. જે પ્રમાણે નેમીનાથ ભગવાને ભાખ્યું છે તે પ્રમાણે થશે.

ભિખારીનું માટીનું ઠીબડું-રામપાત્ર ફુટી જાય તો તે માથે હાથ મૂકીને રડવા બેસે પણ સોનાની દ્વારીકા આખી બળતી હોવા છતાં ક્ષાયિક સમ્યક્ત્વીનો ધણીને અનાદિકાળના સંસ્કારો પંજામાં લઈ ન શકયા. સ્વભાવ રમણતામાં આત્મા નહીં તો વિભાવ- (પરભાવ) રમણતામાં તો છે જ ! માણસ ઘરમાં ન હોય તો બહાર છે જ...!

વિભાવમાં હોય તો અણસમજમાં દુઃખ આવે. માટે તેને જ કાઢવાનો પ્રયત્ન... કરવાનો છે. સૂરજને લાવવાનો નથી... એ તો ટાઈમસર આવે જ છે. પણ.... અષાડ મહીનાના વાદળા ખસેડવાની રાહ જોવાની જરૂર છે. વાદળા ખસી જાય તો ઝળહળતો સૂરજનો પ્રકાશ થાય.

(૧) सुह सायगस्स (२) साया उल्लगस्स (३) निगाम साईस्स (४) उच्छोलणापओअस्स । જેમ ખાટલાના ચાર પાયા છે તેમ આ દુર્ગતિના ૪ પાયા છે....!

(૧) સુખ મેળવે....!

(૨) શાતા વેદનીયના પ્રયત્ન કરે...!

(૩) ઊંઘે....!

(૪) નાવે ધોવે.....!

બાર વ્રત ધારી શ્રાવક ઉપરના ચાર વાનાં કરે છતાં... ય તેની ગતિ ન બગડે.કારણ... તે દેશવિરતીમાં છે. **સાધુએ પોતે જીવનમાં જાવજ્જીવમાટે સાવદ્ય યોગનાં પચ્ચક્ખાણ કર્યા છે.** સાવધ=ભગવાનની આજ્ઞા વિરુધ્ધ કાંઈ પાપન કરે. માટે આ ચારવાના સાધુ ન કરે.

દ્રવ્યપાપ = ૧૭ પાપ સ્થાનક.

ભાવપાપ = મિથ્યાત્વ, જે રીતે જે વસ્તુ છે તે રીતે ન માનવું તે મિથ્યાત્વ. **ભગવાને જે રીતે ભાખ્યું છે તે રીતે ન સમજે માત્ર ટુંકી બુધ્ધિથી જગતના પદાર્થોને જાણે તે મિથ્યાત્વ.**

કેન્દ્રમાં સંયમ રાખવાને બદલે જો વિકાર વાસના - કષાય જો કેન્દ્રમાં આવી જાય....! ગૃહસ્થને ભગવાનની આજ્ઞાપ્રમાણે દેશવિરતિનું પચ્ચક્ખાણ છે. તેના જીવનમાં આવી જાય તો વાંધો નહીં પણ સાધુ ભગવંતે તો એ સર્વ સાવદ્ય યોગના પચ્ચક્ખાણનો ઝંડો લીધો છે...! **ભગવાનની આજ્ઞા વિનાની કોઇ પણ પ્રવૃત્તિ વિચારાય પણ નહીં.** લક્ષ્મણા સાધ્વીએ માત્ર મનથી જ વિચાર કર્યો હતો. ભગવાનની વાસનામાં જ અટવાયેલો હોય તો ભગવાનની શાસનની મર્યાદાનું પાલન શ્રાવક કરતાં સાધુએ વધુરીતે કરવાનું છે...! જો તે સુખની વાસનામાં જ અટવાયેલો હોય તો જગતના જીવોને શી રીતે ઉપદેશ આપી શકે કે **''સુખ એ ભયંકર છે.'' ઝાંઝવાના નીર સમાન છે. સુખ મેળવવા જેવું નથી. આત્માનું બગાડનાર છે.''**. શી રીતે ઉપદેશ કરી શકે.

લક્ષ્મણા સાધ્વીએ મનથી જ વિચાર કર્યો વચનથી કે કાયાથી કાંઈપણ પ્રવૃત્તિ કરી નથી. વિચાર થતાં પશ્ચાતાપ થયો. પ્રાયશ્ચિત લીધું છતાંય કપટ રાખીને આલોચના કરી. તે પણ ગુરુ મહારાજે આપી તે કરતાં પણ સ્વચ્છંદ પણાથી વધુ કરી. તેથી સંસારમાં પરિભ્રમણ કરવાવાળી થઈ. માટે પ્રવૃત્તિ ભગવાનની આજ્ઞા પ્રમાણે જ હોવી જોઈએ. જેટલી કક્ષા ઊંચી તેટલી જવાબદારી વધારે.

આજ્ઞાના સુખને મેળવવા માટે ભગવાનની આજ્ઞાની પ્રધાનતા સંયમની ભૂમિકાનું મહત્ત્વ વિશેષ રીતે મેળવવાની જરૂર છે. આજ્ઞા = ગુરુમહારાજને પૂછવું એ જ નહીં પણ લક્ષ્ય રાખવું. ભગવાનની આજ્ઞા શું છે? જે લક્ષ્ય બતાવ્યું તે પ્રમાણે દેરાસર જવું, વિહાર કરવો, ગૌચારી જવી, ઉપદેશ આપવો. નવકારવાળી ગણવી, વાંચના લેવી **દરેક ક્રિયા માત્ર કર્મબંધનથી છુટવા માટે જ છે. એ જ ભગવાનની આજ્ઞા છે..!**

**કર્મબંધનને તોડવાનો ઉદ્દેશ તે જ આજ્ઞા....!**

છદમસ્થને જ્ઞાનીની નિશ્રામાં રહેવું પડે છે. શ્રાવક સ્વયંબુધ્ધ નથી. શાસ્નની ધુરા...... સંભાલનારા તીર્થંકર પછી ગણધરો હોય.

ગણધર પછી કેવલીઓ હોય. ગુરુ કહે તે સર્વ શાસ્ત્રની મર્યાદાપૂર્વક જ કહે. આગમના પ્રમાણ સાથે જ બોલે. દરેક માણસ (આપણે) કેવલજ્ઞાની નથી. પણ રાગ-દ્વેષના પુતળા છીએ. માટે ગૌચરી વિગેરે..... ગુરુ મહારાજને બતાવવાની હોય. શાસ્ત્રમાં સ્વતંત્ર મતિને કયાંય સ્થાન નથી. જો સ્વતંત્ર મતિને - બુધ્ધિને સ્થાન આપે તો ભૂલ થવાનો સંભવ રહે. એક પણ સૂત્રનો આગમનો અર્થ એવો ન કરાય કે જેથી બીજા આગમો ટકરાય. માટે તેઓને ગીતાર્થ કહેવાય. આગમનો અનુયોગ હોય છે. અનુ=પાછળ, યોગ= જોડીદેવુ. **ભગવાનની આજ્ઞા પાછળ બધા સૂત્રો જોડી દેવા. - જોડવા તે અનુયોગ.** કોઈપણ.... સૂત્રનો વિરોધ ન આવે માટે અર્થ ઘટનમાં કોઈ પણ ભૂલ ન હોવી જોઈએ....! અર્થ ઘટન સ્વ બુધ્ધિથી ન કરવો પરંતુ આમ્નાય અનુસાર કરવો.

અનુયોગ દ્વારા માં કેવી રીતે સૂત્રનો અર્થ કરવો. તેની પણ પધ્ધતિ છે. તે ગુરુપરંપરાથી ચાલતી આવે છે.

આચારાંગમાં શબ્દ પંડિતો કહે કે ભગવાન પણ ગોશાળાનો ઉપસર્ગ હટાવવા માટે માસ ભક્ષણકાર્ય એ પ્રમાણે અર્થ કરે છે. આ ગીતાર્થોની અર્થઘટનની પધ્ધતિને ભૂલવાથી માત્ર શબ્દાર્થને કરવાથી આવો ગોટાળો થાય છે. સર્વથા સાવદ્યનો યાવજજીવ સુધી ત્યાગ કર્યો છે. એવા સાધુઓએ પૌદ્ગલિક ભાવ તથા... દુનિયાના ભાવો આપણામાં ન પેસી જાય માટે જ ખાસ પ્રયત્ન કરવાનો છે.

ગૃહસ્થ ૧૫ આની સંસારમાં અને એક આની શાસન તરફ પ્રયત્ન કરે. સાધુઓ સંપૂર્ણતયા શાસન તરફનો પ્રયત્ન કરે. કદાચ ગૃહસ્થ ન પણ કરે તો પણ તેની ગતિ ન બગડે. પણ સાધુની ગતિ બગડવાનો સંભવ છે.

**કર્મને હટાવવાનો પ્રયત્ન થશે તો આત્માનો અખૂટ ખજાનાનો અનુભવ થશે..!**

જગતના જીવોનો આત્માના અખૂટ સુખોની ઓળખાણ નથી તેથી તે સુખની ભ્રમણાથી ભટકે છે. **જો સાધુ ભક્તમંડળીમાં માન-સન્માન, પૂજા- પ્રતિષ્ઠામાં અટવાય તો કર્મ નિર્જરા ન થતા દુર્ગતિનો મહેમાન થઇ જાય છે.**

**સુગઈ** = સદ્‌ગતિ દેવ-મનુષ્ય - ગતિ.....!

**દુગ્ગઈ** = દુર્ગતિ - નરક - તિર્યંચ એ દુર્ગતિ...!

સાધુને તો સંસાર પરિભ્રમણ ગમતું જ નથી. તેથી દેવ-મનુષ્યગતિની ઈચ્છા રાખે જ નહીં. અહીં કારણમાં કાર્યનો ઉપચાર છે.

ગતિ = આત્માની પરલોકમાં જવાની પ્રવૃત્તિ.

શેના આધારે થાય છે ? કર્મબંધનના કારણે. પણ મોક્ષની ગતિ કોઇ કર્મના ઉદયના આધારે થતી નથી. પણ ક્ષાયિક ભાવે કર્મ ચાલ્યા જાય. પૂર્વ પ્રયોગ, અસંગ, બંધછેદ. એવા કારણોથી જે ઉર્ધ્વ ગતિ થાય તે...મોક્ષગતિ કહેવાય !

ગતિ = જવું. પોતાના આત્મરમણતામાં પહોંચવું તે સિધ્ધિગતિ.

અહીં મોક્ષગતિને સદ્‌ગતિ તરીકે બતાવી છે. તે કોને મળે ? જે ભૌતિક સુખની ગવેષણા ન કરે તેને મોક્ષ સુખ મળે.


**કર્મને હટાવવાનો પ્રયત્ન કરે તે સાધુ.....!**

**સુખની ગવેષણા ન કરે તે સાધુ......!**

પૂ. પાદ આગમ વિશારદ વાચનાદાતા ગુરૂદેવશ્રી અભયસાગરજી મ.સા. દ્વારા અપાયેલ શ્રી દશ વૈકાલીક સૂત્રની વાચના પૈકી ૪ અધ્યયન સુધીની વાચના નોંધ અમોને મળી છે....!

તેના આધારે તૈયાર કરેલ... સંકલન અત્રે પૂર્ણ થાય છે.

સંપાદક :- મુનિ શ્રી મતિચંદ્રસાગર




સંયમનિષ્ઠ પૂ. પાદ પં. ગુરૂદેવ શ્રી અભયસાગરજી મ.સા.



શાસ્ત્રાધારે આગમ વાચના






મુનિની જીવનચર્યામાં પઠન - પાઠન રૂપ મગનતા



પ્રતિ સ
નિર્જરા
પૂ. મુનિ
જીવન





શંકાના સમાધાન માટે શિષ્યને વિનય-બહુમાન જરૂરી છે.

# મુનિને વંદન,



અધ્યાત્મ દેશના દાતા પૂ. મુનિભગવંત.



શ્રાવક મુનિભગવંતને 'ત્રિકાળ' વંદન કરે.



કર્મ
વતી
ંતોની
ા.



પારિષ્ઠાપનિકા વિધિનું
પાલન કરતા કેવલી બની જવાય.








સૂક્ષ્મ મહાવ્રતોનું પાલન કરતા નિર્ભય મુનિવર ( स एस भिक्खु )

ાપ નિકંદન




Kanak Creativity Graphics
0261-2419349 - 98241- 42834